શ્રી માતૃવાણી

ગ્રંથ—૦૮

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૬

શ્રી માતાજી

શ્રી માતૃવાણી

ગ્રંથ ૮

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૬

શ્રી માતાજી

*

અનુવાદક :
શ્રી શાંતિલાલ ઠાકર

પ્રથમ આવૃત્તિ :
શ્રી અરવિંદ સોસાયટી, અમદાવાદ
મે, ૧૯૭૮

પુનર્મુદ્રણઃ
શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા
જૂન, ૨૦૨૩

કિંમત : રૂા. ૩૦૦-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી

પ્રાપ્તિસ્થાન :
શબ્દ, શ્રી અરવિંદ આશ્રમ,
પોંડિચેરી-૬૦૫૦૦૨.

શ્રી માતાજી

શ્રી મા

જન્મ
ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

ભારતમાં આગમન
માર્ચ ૨૯, ૧૯૧૪

મહાસમાધિ
નવેમ્બર ૧૭, ૧૯૭૩

નિવેદન

શ્રી માતૃવાણી શ્રેણીના આ ગ્રંથ ૮ માં શ્રી માતાજીએ ૧૯૫૬માં "બુધવારના વર્ગો"માં આશ્રમના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સાધકો સાથે કરેલા વાર્તાલાપોનો સમાવેશ થાય છે.

વર્ષની શરૂઆતમાં શ્રી માતાજી, પોતે ફ્રેન્ચમાં ભાષાંતર કરેલ શ્રી અરવિંદના પુસ્તક 'ધી સિન્થેસિસ ઑફ યોગ-ભાગ ૧' માંથી, વાચન કરતાં. તા. ૨૧ નવેમ્બરથી તેમણે "થોટ્સ એન્ડ ગ્લિમ્પ્સિસ" માંથી વાચન શરૂ કરેલું. વાચન પૂરું થયા પછી શ્રી માતાજીને એ વાચનના સંદર્ભમાં અથવા તો બીજા કોઈ વિષય ઉપર પ્રશ્નો પૂછવામાં આવતા અને શ્રી માતાજી તેના જવાબો આપતાં. આ પ્રશ્નો કાં તો વાચન સમયે પૂછવામાં આવતા અથવા અગાઉથી શ્રી માતાજીને લેખિત આપવામાં આવતા હતા.

આ વાર્તાલાપ ટેપરેકોર્ડ કરી લેવામાં આવતા. પહેલવહેલા આ વાર્તાલાપો અપૂર્ણરૂપે આશ્રમના ત્રૈમાસિક "બુલેટિન ઑફ શ્રી અરવિંદો ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એજ્યુકેશન" ના ૧૯૫૬ થી ૧૯૬૩ સુધીના જુદા જુદા અંકોમાં પ્રગટ થયા. ત્યારબાદ ૧૯૬૮ માં ફ્રેન્ચ ભાષામાં પુસ્તકઆકારે પ્રગટ થયા. માર્ચ ૧૯૭૦ થી ઑગસ્ટ ૧૯૭૪ દરમિયાન આ વાર્તાલાપોનું નવું, સંપૂર્ણ અને ક્રમબદ્ધ અંગ્રેજી ભાષાંતર થયું અને "મધર ઇન્ડિયા" નામના, આશ્રમમાંથી પ્રસિદ્ધ થતા માસિકમાં તે આવ્યા. ૧૯૭૩ માં "ક્વેશ્ચન્સ એન્ડ એન્સર્સ-૧૯૫૬" એ શીર્ષક નીચે આ વાર્તાલાપો અંગ્રેજીમાં પુસ્તકઆકારે પ્રગટ થયા. આ જ પુસ્તકનું કલેક્ટડ વર્ક્સ ઑફ ધી મધર (સેન્ટેનરી આવૃત્તિ) વોલ્યુમ નં-૮ રૂપે પુનરાવર્તન થયું છે.

શ્રી માતૃવાણીનો આ ગ્રંથ-૮ અંગ્રેજી વોલ્યુમ નં-૮નું સંપૂર્ણ ગુજરાતી ભાષાંતર છે.

જે ફકરાઓ આ પુસ્તકમાં ટેકસ્ટરૂપે લેવામાં આવ્યા છે તે તેના મૂળ અંગ્રેજીમાં શ્રી અરવિંદો બર્થ સેન્ટેનરી લાયબ્રેરી એડિશનના સંદર્ભમાં લેવામાં આવ્યા છે.

અનુક્રમણિકા

		પૃષ્ઠ
વાર્તાલાપ :	**૪ જાન્યુઆરી**	૦૧
નં. ૦૧	ભગવાન વિષે સમગ્ર વિચાર	૦૧
	ભગવાન સર્વ વસ્તુઓને આકર્ષે છે.	૦૪
	(સ્વભાવમાં) ખરાબ વસ્તુઓ : તેમની યોગ્ય જગ્યાએ નહિ	૦૭
	પૂર્ણયોગ	૦૮
	સંચાલક વિચાર-બલ : નાના અને મોટા વિચારો	૦૯
	૧૯૫૬ નો નવીન વર્ષનો સંદેશ : કાંઈ ન કહેવું તે વધારે સારું	૧૦
	આવિર્ભાવનાં પરિણામો	૧૧
	પ્રકૃતિ દ્વારા આત્માનું કાર્ય	૧૨
	ચેતનાનું પરિવર્તન — જગત પોતે બદલાય છે	૧૩
વાર્તાલાપ :	**૧૧ જાન્યુઆરી**	**૧૫**
નં. ૦૨	કામના અને આત્મ-પ્રતારણા	૧૫
	પોતે જે છે અને પોતાની પાસે જે છે તેનું સમર્પણ	૧૫
	દિલની સચ્ચાઈ : સંકલ્પ કરતાં અનંતગણી વધારે શક્તિશાળી	૨૦
	પ્રગતિનો આનંદ	૨૧
	યૌવનની વ્યાખ્યા	૨૨
વાર્તાલાપ :	**૧૮ જાન્યુઆરી**	**૨૪**
નં. ૦૩	વ્યક્તિનું કાર્ય, વિધેયાત્મક અને નિષેધાત્મક બાજુઓ	૨૪
	ખુશ મિજાજ	૨૫
	ભગવાનનું "પસંદ કરાયેલું માનવપાત્ર"	૨૫
	"ભગવાનના પુષ્પનું વિકસવું "	૨૬
	પ્રકાશ માટે છોડોની અભીપ્સા, વૃદ્ધિ માટે બાળકોની અભીપ્સા	૨૬
	છોડોમાં ક્રિયાશીલ ચેતના	૨૮
	ભગવાન વડે પસંદ થવું	૨૯
	સાચો ચઢતો-ઊતરતો ક્રમ	૩૦
	ભગવાન સાથે પરિપૂર્ણ સંબંધ	૩૨
	"ભારત સ્વતંત્ર છે": ૧૯૧૫માં સિદ્ધ થયેલી હકીકત	૩૩
	ભારતના ભાગલા, એ ભવિતવ્યતા નથી	૩૪

વાર્તાલાપ : ૨૫ જાન્યુઆરી ૩૬
નં. ૦૪ "જીવનની દિવ્ય રીત" ૩૬
"ભગવાન"; "અધિ-મનસ્"; "અતિ-મનસ્" ૩૭
ભૌતિક શરીર — ભગવાનની શોધ માટે..... ૩૮
પાંચ માનસ શાસ્ત્રીય પરિપૂર્ણતાઓ ૩૮

વાર્તાલાપ : ૧ ફેબ્રુઆરી ૪૭
નં. ૦૫ જ્ઞાન માર્ગ ૪૭
જીવનમાં ભગવાનની શોધ..... ૪૮
ભગવાન સાથે સંપર્કની શક્તિ ૪૮
ભગવાન સાથે આંશિક અને સમગ્ર તાદાત્મ્ય ૪૮
આવિર્ભાવ અને ચઢતો-ઊતરતો ક્રમ..... ૫૦

વાર્તાલાપ : ૮ ફેબ્રુઆરી..... ૫૫
નં. ૦૬ ઉચ્ચતર સંકલ્પને વ્યક્ત કરતાં પ્રકૃતિનાં બળો ૫૫
જુદી વ્યક્તિતાની ભ્રાન્તિ ૫૮
સર્વ વસ્તુઓને સંચાલિત કરનાર એક શક્તિ..... ૫૯
એક રેખામાં ગતિ કરનાર અને વર્તુળાકાર વિચારણા ૬૦
જીવનનો સર્વ-સાધારણ આદર્શ : સૂક્ષ્મદર્શક યંત્ર જેવું..... ૬૧

વાર્તાલાપ : ૧૫ ફેબ્રુઆરી..... ૬૩
નં. ૦૭ પ્રકૃતિ અને પ્રકૃતિના સ્વામી ૬૩
સચેતન બુદ્ધિ..... ૬૪
ગીતાનો સિદ્ધાંત : સંપૂર્ણ સત્ય નહિ..... ૬૫
ભગવાનને સમર્પણ ૬૮
સ્વભાવનું પરિવર્તન ૬૯

વાર્તાલાપ : ૨૨ ફેબ્રુઆરી ૭૦
નં. ૦૮ "અમર આત્માની બલવાન સ્થિરતા" ૭૦
આત્માની સમતા ૭૨
જે કાંઈ બને છે તે ભગવાનના સંકલ્પની અભિવ્યક્તિ છે
— એ વિચાર ૭૩
કર્મ-ગ્રંથિનો મોક્ષ ૭૪
અતિશયતાઓના આચ્છાદન-રૂપે અનુભૂતિનો ઉપયોગ ૭૬
દિલની સચ્ચાઈ, એક વિરલ સદ્‌ગુણ..... ૭૭

વાર્તાલાપ : ૨૯ ફેબ્રુઆરી ૭૮
નં. ૦૯ બલિદાન : આત્મ-સમર્પણ ૭૮
પદાર્થ-તત્ત્વના હૃદયમાં ભગવાનની હાજરી ૭૯
દિવ્ય એકતા ૭૯
દિવ્ય ચેતના ૮૧
સર્વ એક છે ૮૨
અચેતનમાં રહેલું દિવ્ય તત્ત્વ ભગવાન માટે અભીપ્સા સેવે છે ૮૩

વાર્તાલાપ : ૭ માર્ચ ૮૪
નં. ૧૦ પશુનું બલિદાન ૮૪
વિરોધી બળોને બલિ ૮૫
યજ્ઞ : ચેતનાની માત્રા અનુસાર પ્રાપ્ત કરો ૮૬
"તેજોમય રીતે ખુલ્લા" બનવું ૮૬
પરિપૂર્ણ — સમગ્ર રૂપાંતર ૮૭
ઇન્કારની પીડા : પ્રગતિનો આનંદ ૮૮
આશયની પીઠમાં રહેલો આત્મા ૮૯
આત્મા અને પદાર્થ-તત્ત્વ : ખૂબ સરળ કરાયેલો ભેદ ૯૦

વાર્તાલાપ : ૧૪ માર્ચ ૯૨
નં. ૧૧ ક્રિયાશીલ ધ્યાન : રૂપાંતરનું ધ્યાન ૯૨
સર્વ ભગવાનને કરાયેલા સમર્પણ-રૂપે કરો ૯૪
૨ — ૩ — ૪ — ૫ — ૬નો અર્થ ૯૪
ભગવાનને બોલાવવા માટે એકઠા મળેલા, ૧૨ સદ્‌ભાવવાળા
માણસોની પરંપરા ૯૭

વાર્તાલાપ : ૨૧ માર્ચ ૯૮
નં. ૧૨ ભગવાન સાથે તાદાત્મ્ય કરો ૯૮
ભગવાન જીવનમાં સૌથી વધારે મહત્ત્વની વસ્તુ છે ૯૮

વાર્તાલાપ : ૨૮ માર્ચ ૧૦૦
નં. ૧૩ "આધ્યાત્મિક અનુભૂતિનું પ્રારંભ-બિંદુ" ૧૦૦
"અમર્યાદ સાન્ત" ૧૦૧
કાલાતીત અને કાલ ૧૦૨
માનસિક સમજૂતી પૂરતી નથી ૧૦૩
સમજમાં વૃદ્ધિ : જ્ઞાનને અનુભૂતિમાં પરિવર્તિત કરો ૧૦૫
સત્-ચિત્-તપસૂ-આનંદ ૧૦૬

વાર્તાલાપ : ૪ એપ્રિલ **૧૦૭**
નં. ૧૪ સાક્ષી આત્મા ૧૦૭
ગીતાનો એક ઉત્સાહી ભક્ત ૧૦૯
પ્રચારક ભાવના : ટોલ્સ્ટોયનો પુત્ર ૧૧૦

વાર્તાલાપ : ૧૧ એપ્રિલ **૧૧૩**
નં. ૧૫ આત્મ-સ્રષ્ટા ૧૧૩
દેશ-કાળનો આવિર્ભાવ ૧૧૪
બ્રહ્મ-માયા અને ઈશ્વર-શક્તિ ૧૧૪
અંગત અને બિન-અંગત ૧૧૬

વાર્તાલાપ : ૧૮ એપ્રિલ **૧૧૮**
નં. ૧૬ ઈશ્વર અને શક્તિ : બંને બાજુઓ જોવાની જરૂર ૧૧૮
બિન-અંગતની અને દિવ્ય પુરુષની અનુભૂતિ ૧૧૯
જીવાત્મા : દિવ્ય પુરુષની હાજરી ૧૨૦
બીજાં જગતોમાં જવું; બાહ્યીકરણ; સ્વપ્નો ૧૨૧
"પોતાની જાતને વાર્તાઓ કહેવી"; પ્રાણિક રૂપોના જગતમાં ૧૨૩
સર્જનાત્મક શક્તિ ૧૨૪

વાર્તાલાપ : ૨૫ એપ્રિલ **૧૨૫**
નં. ૧૭ ભગવાન : માનવી ખ્યાલ અને સાચા ભગવાન ૧૨૫
પાર્થિવ અસ્તિત્વની પ્રમાણભૂતતા : પૃથ્વીનો સાક્ષાત્કાર કરવો તે ૧૨૫
આનંદ : દિવ્ય સુખ ૧૨૬
દિવ્ય હાજરી સાથે સંબંધો ૧૨૭
પોતાની જરૂરિયાત માટે ભગવાન પાસે માગણી ૧૨૭
પોતાની જાતને દોરવા માટે ભગવાનને છૂટ આપવી ૧૩૦

વાર્તાલાપ : ૨ મે **૧૩૧**
નં. ૧૮ ત્રિવિધ એકતા ૧૩૧
અતિ-માનસિકનો આવિર્ભાવ ૧૩૨
ભગવાન પાસેથી લાભ ઉઠાવવો ૧૩૪
અતિ-માનસિક શક્તિને ઓળખવી તે ૧૩૭
આરોહણ, અવરોહણ, આવિર્ભાવ ૧૩૯

વાર્તાલાપ : ૯ મે.....૧૪૧
નં. ૧૯ સાચા આધ્યાત્મિક જીવનની શરૂઆત ૧૪૧
આત્મા બધી વસ્તુઓને ગુણવત્તા અર્પે છે. ૧૪૧
અતિ-માનસિક શક્તિની મદદ મેળવવી ૧૪૨

વાર્તાલાપ : ૧૬ મે.....૧૪૬
નં. ૨૦ શરીરની જરૂરિયાતો : જાતે સાચી નથી ૧૪૬
આધ્યાત્મિક અને અતિ-માનસિક નિયમ ૧૪૭
"કલામય નાસ્તિકવાદ" ૧૪૮
નીતિમયતા : સાચા આધ્યાત્મિક પ્રયાસમાં અવરોધ.....૧૪૮
અતિ-માનસિક અવતરણની અસર ૧૫૦
અર્ધ-પ્રકાશો અને અસત્ય પ્રકાશો ૧૫૧

વાર્તાલાપ : ૨૩ મે.....૧૫૩
નં. ૨૧ યોગ અને ધર્મ ૧૫૩
વહાણમાં બેઠેલા બે પાદરીઓની વાત ૧૫૪
બુદ્ધ અને અતિ-માનસિક આવિર્ભાવ ૧૫૭
હીરોગ્લીફસ અને ધ્વનિમય લિપિઓ. ૧૫૮
પ્રાચીન ઈજિપ્તનું દર્શન ૧૫૮
ધ્વનિઓની સ્મૃતિ ૧૫૯

વાર્તાલાપ : ૩૦ મે.....૧૬૪
નં. ૨૨ રૂપો-પીઠમાં રહેલી શક્તિનાં પ્રતીકો ૧૬૪
કલાઓ-કલાકારની ભગવાન સાથેના સંપર્કની અભિવ્યક્તિઓ.....૧૬૪
"અતિ-માનસિક માનસશાસ્ત્રીય પરિપૂર્ણતા" ૧૬૫
કાર્યોનું વિભાગીકરણ ૧૬૬
આશ્રમ : આળસભરેલી મૂર્ખતાઓ ૧૬૮

વાર્તાલાપ : ૬ જૂન.....૧૬૯
નં. ૨૩ પુસ્તકોમાંથી પ્રગટીકરણનું સૂચન અથવા નિશાની ૧૬૯
આધ્યાત્મિકીકરણ પામેલું મન ૧૭૭
સાધનાની અવસ્થાઓ ૧૭૭
ચેતનાને ઉલટાવવી તે ૧૭૮
કેન્દ્રીય હાજરીની આસપાસ અસ્તિત્વની સર્વ ક્રિયાઓનું સંગઠન.....૧૮૦
કંટાળો : સૌથી વધારે સર્વ-સાધારણ માનવી રોગ ૧૮૧

વાર્તાલાપ : ૧૩ જૂન **૧૮૩**
નં. ૨૪ અતિ માનસિક કાર્યની અસરો ૧૮૪
અતિ-મનસ્‌ના સિદ્ધાંતો સાથે સુસંગત કેળવણી ૧૮૬
અજ્ઞાનમય રહેવાનો અધિકાર ૧૮૬
મનની એકાગ્રતા ૧૮૯
તર્ક-બુદ્ધિ : માણસની પરમ શક્તિ નથી ૧૯૦
શારીરિક કેળવણી અને અભ્યાસ-અધ્યયન ૧૯૧
જાતે લાદેલી આંતર શિસ્ત ૧૯૧
શિક્ષકોની સાચી ઉપયોગિતા ૧૯૨

વાર્તાલાપ : ૨૦ જૂન **૧૯૪**
નં. ૨૫ હૃદયનો ગૂઢવાદી પ્રકાશ અને આંતર-દર્શના ૧૯૪
ચૈત્યમય અસ્તિત્વ; ચૈત્યિક સંપર્ક ૧૯૫
"દુન્યવી શીતલીકરણ" : દુન્યવી નીતિમયતા ૧૯૫
મનનો સાચો ભજવવાનો ભાગ ૧૯૬
પ્રેમ દ્વારા ભગવાનનો સાક્ષાત્કાર ૧૯૭
અવસાદ; સુખ; આનંદ ૧૯૭
હૃદય : તેના કાર્યમાં સંમિશ્રણ ૧૯૯
આત્માને અનુસરવું, મનને નહિ ૨૦૧
શારીરિક શક્તિ : પ્રગતિશીલ પ્રયાસ : આરામ ૨૦૨
શ્રી માતાજીને યાદ કરવાં ૨૦૩
સામૂહિક શિસ્ત; આનુવંશિકતાના નિયમો ૨૦૪

વાર્તાલાપ : ૨૭ જૂન **૨૦૬**
નં. ૨૬ જન્મ : શરીરમાં જીવાત્માનો પ્રવેશ ૨૦૬
અતિ-માનસિક જગતના નિર્માણ વિશે શ્રી અરવિંદ ૨૧૧
પ્રગતિ માટે અભીપ્સા ૨૧૨
ખરાબ વિચારો ૨૧૪
જ્ઞાનતંતુઓની ગળણી ૨૧૫
પ્રગતિ અને પ્રતિરોધ ૨૧૫

વાર્તાલાપ : ૪ જુલાઈ **૨૧૭**
નં. ૨૭ ખરતો તારો દેખાય ત્યારે અભીપ્સા ૨૧૭
શરીરને તૈયાર કરવું તે : તે સમજી શકે તેવું બનાવવું ૨૧૮
દુ:ખથી અને પીડાથી મુક્તિ ૨૧૯

ચૈત્યિકનો આવિર્ભાવ : "સુસંગત પ્રકાશ" ૨૨૧

વાર્તાલાપ : ૧૧ જુલાઈ ૨૨૨
નં. ૨૮ સૌંદર્ય : "સનાતન પરમાત્માની સમજૂતીનો પુરોહિત" ૨૨૨
ગૂઢવાદી જગતો : ગૂઢવાદી સત્ત્વો ૨૨૩
મુશ્કેલીઓ અને અતિ-માનસિક શક્તિ ૨૨૬

વાર્તાલાપ : ૧૮ જુલાઈ ૨૨૮
નં. ૨૯ "નહિ જીવાયેલાં સ્વપ્નો".....૨૨૮
રાધા-ચેતના ૨૨૯
વિભક્તતા અને તાદાત્મ્ય ૨૩૨
તાદાત્મ્યનો આનંદ અને મિલનનો આનંદ.....૨૩૩
દિલની સચ્ચાઈ, ધ્યાન અને પ્રાર્થના.....૨૩૪
ભગવાનના વિરોધીઓ ૨૩૬
વિશ્વ પ્રગતિશીલ છે. ૨૩૯

વાર્તાલાપ : ૨૫ જુલાઈ ૨૪૨
નં. ૩૦ "દિવ્ય પ્રેમનું પરિપૂર્ણ કાર્ય" ૨૪૨
કેવી રીતે સાંભળવું ૨૪૩
આશ્રમમાં રમત-ગમતોનો કાર્યક્રમ : છોકરાઓ તથા
છોકરીઓ માટે એક જ ૨૪૮
આશ્રમ-વાસનો લાભ ઉઠાવવા માટે નવીન દર્શનાની
અને સમજની જરૂર.....૨૪૮
"તેમના શરીર વિષે સ્ત્રીઓને" ૨૫૦

વાર્તાલાપ : ૧ ઑગસ્ટ ૨૫૨
નં. ૩૧ પૂજાનું-ભક્તિનું મૂલ્ય ૨૫૨
આધ્યાત્મિક સાક્ષાત્કાર અને પૂર્ણયોગ ૨૫૨
પ્રતીકો : આંતર અનુભૂતિનો શારીરિક રૂપોમાં અનુવાદ.....૨૫૪
દિલની સચ્ચાઈ : પાયાનો સદ્‌ગુણ.....૨૫૭
અભીપ્સાની ઉત્કટતા : વેદના સાથે અને આનંદ સાથે.....૨૫૮
ભગવાનની કૃપા ૨૫૯

વાર્તાલાપ : ૮ ઑગસ્ટ ૨૬૧
નં. ૩૨ ચૈત્યિક અગ્નિને કેવી રીતે પ્રજ્વલિત કરવો, પ્રગતિ માટે સંકલ્પ ૨૬૧
દૂર થી મદદ કરવી : માનસિક રચનાઓ ૨૬૩

પ્રાર્થના અને ભગવાનની કૃપા ૨૬૪
સર્વત્ર કાર્ય કરી રહેલી કૃપા ૨૬૬

વાર્તાલાપ : ૧૫ ઑગસ્ટ ૨૬૮
નં. ૩૩ સંરક્ષણ, વિશુદ્ધિ, ભય ૨૭૦
દર્શન-દિવસો પર આશ્રમનું વાતાવરણ ૨૭૧
દર્શન-સંદેશની મહત્તા : વ્યક્તિગત અને સામૂહિક ગતિઓ.....૨૭૩
પંદરમી ઑગસ્ટના અર્થનું રહસ્ય ૨૭૪
આત્મ-સમર્પણની સ્થિતિ ૨૭૬
ભગવાનની કૃપા : હમેશાં સર્વ-શક્તિમાન છે. ૨૭૭
કુમારિકા મેરીનું દેહ-ધારણ ૨૭૯

પરિશિષ્ટ ૨૮૦
૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટનો શ્રી અરવિંદનો સંદેશ ૨૮૦

વાર્તાલાપ : ૨૨ ઑગસ્ટ.....૨૮૫
નં. ૩૪ "મુકત મનનું સ્વર્ગ" ૨૮૫
સમાધિ ૨૮૫
ક્રમિક શરીરોનો ત્યાગ કરવાની ગૂઢવાદી સાધના.....૨૮૭
પોતાની અનુભૂતિ કરતાં વધારે મહાન હોવું : કૃપાને
સંપૂર્ણ સમર્પણ. ૨૮૭
અસ્તિત્વનું સત્ય; પરમાત્મા સાથે અસાધારણ સંબંધ ૨૮૯

વાર્તાલાપ : ૨૯ ઑગસ્ટ.....૨૯૧
નં. ૩૫ સ્વયંભૂ રીતે જીવવું ૨૯૧
માનસિક રચનાઓ ૨૯૧
પરિપૂર્ણ દિલની સચ્ચાઈ ૨૯૫
સમતુલા, અનિવાર્ય મધ્યમ માર્ગ ૨૯૫
મુશ્કેલીમાં હો, ત્યારે ચેતનાને વિસ્તૃત બનાવો ૨૯૬
પોતાની જાતને ભૂલવાનો સૌથી સહેલો માર્ગ ૨૯૭

વાર્તાલાપ : ૫ સપ્ટેમ્બર ૨૯૮
નં. ૩૬ ભૌતિક જીવન : સાચી રીતે જોવું તે ૨૯૯
અતિ-મનસ્‌ની પૃથ્વી પર અસર ૩૦૦
બાહ્ય ચેતનામાં અતિ-મનસ્‌નું પ્રાગટ્ય ૬૦૧
તે જ ભૂલ-ભરેલી રીતોમાં પાછા સરી પડવું ૩૦૨

વાર્તાલાપ : ૧૨ સપ્ટેમ્બર.....૩૦૫
નં. ૩૭ પ્રશ્નો, અભ્યાસ–સાધના, અને પ્રગતિ ૩૦૫

વાર્તાલાપ : ૧૯ સપ્ટેમ્બર.....૩૦૭
નં. ૩૮ શક્તિ : પ્રાણિક અસ્તિત્વનો પ્રભુત્વશાળી ગુણ ૩૦૭
ભગવાન, ચૈત્યિક અસ્તિત્વ અને અતિ–મનસ્.....૩૦૮
શારીરિક ચેતનામાંથી બહાર કેવી રીતે આવવું ૩૦૯
"જીવનનો મુકાબલો કરો". ૩૧૦
સામાન્ય પ્રેમ દ્વારા પીઠમાં રહેલા દિવ્ય પ્રેમના તત્વ પ્રત્યે જવું ૩૧૦

વાર્તાલાપ : ૨૬ સપ્ટેમ્બર.....૩૧૩
નં. ૩૯ "કામનાનો આત્મા" ૩૧૩
ખુલ્લાપણું : પ્રકૃતિ સાથે સંવાદિતા; દિવ્ય હાજરી સાથે સંબંધ.....૩૧૪
વ્યક્તિતા, મુશ્કેલીઓ અને કામનાનો આત્મા ૩૧૫
માતાજી સાથે અંગત સંપર્કની ઉપયોગિતા; આંતર અભિમુખતા ૩૧૬

વાર્તાલાપ : ૩ ઑક્ટોબર ૩૨૦
નં. ૪૦ માતાજીની બોલવાની ભિન્ન–ભિન્ન રીતો ૩૨૦
નવીન આવિર્ભાવની સમસ્યા પ્રત્યે ગણિત શાસ્ત્રીય રીતે
જોવાનો પ્રકારઃ નવીન તત્ત્વનો પ્રવેશઃ નવીન શક્યતાઓનું
ખૂલી જવું.....૩૨૧
પ્રતિભાશાળી બાળકોની સંખ્યામાં વધારો ૩૨૪
પ્રકૃતિના નિયમો અને અતિ–માનસિક ૩૨૪
અદૃષ્ટનું તર્ક–શાસ્ત્ર ૩૨૫
પ્રતિભાશાળી બાળકો : આઠ વર્ષની બાલિકાનું દૃષ્ટાંત ૩૨૬
સર્જનાત્મક લેખકોનું સ્વતંત્ર માનસિક તત્ત્વ : સંગીતકારોના
વ્યક્તિરૂપ બનેલા હાથ ૩૨૮
પ્રતિભાશાળી બાળકો : પ્રતિભાશાળી માનવો ૩૨૯

વાર્તાલાપ : ૧૦ ઑક્ટોબર ૩૩૦
નં. ૪૧ અતિમાનસિક જાતિનું પ્રાગટય — થોડીક સદીઓમાં
નવીન સાક્ષાત્કાર માટે શરત.....૩૩૦
દરેક જણે પોતાના માર્ગને અનુસરવું જોઈએ ૩૩૨
વધુ ને વધુ દિવ્ય આવિર્ભાવ પ્રત્યે પ્રગતિ ૩૩૪

વાર્તાલાપ : ૧૭ ઑક્ટોબર ૩૩૫
નં. ૪૨ આનંદ : ઉચ્ચતમ સ્થિતિ ૩૩૫
આનંદ અને અનાસક્તિ ૩૩૬
શાન્ત રહેવું ૩૩૭
શાન્તિ — માનસિક અને પ્રાણિક ૩૩૮
શાન્તિ અને બળ ૩૩૮
અનુભૂતિ અને અનુભૂતિની અભિવ્યક્તિ ૩૩૯

વાર્તાલાપ : ૨૪ ઑક્ટોબર ૩૪૧
નં. ૪૩ મૃત્યુ પછીનું જીવન; નવીન દેહનું ધારણ :
ઉપનિષદોમાં વર્ણવાયેલી પ્રક્રિયા.....૩૪૧
માતાજીએ જોયેલાં ભિન્ન-ભિન્ન દેહ-ધારણો ૩૪૩
જીવની શરીરમાંથી વિદાય.....૩૪૫

વાર્તાલાપ : ૩૧ ઑક્ટોબર ૩૪૮
નં. ૪૪ દિવ્ય પ્રેમનો આવિર્ભાવ ૩૪૮
માનવ ચેતના વડે પ્રેમની વિકૃતિ ૩૪૯
અનુભૂતિ, અવલોકન, અને અનુભૂતિની અભિવ્યક્તિ.....૩૫૧

વાર્તાલાપ : ૭ નવેમ્બર ૩૫૩
નં. ૪૫ વૈશ્વિક મનની શક્તિઓ વડે વિચારોનું સર્જન ૩૫૩
"આપણો પોતાનો" વિચાર ૩૫૪
વિચાર : મન કરતાં ઉચ્ચતર ઉદ્‌ગમ-સ્થાન ૩૫૫

વાર્તાલાપ : ૧૪ નવેમ્બર.....૩૫૬
નં. ૪૬ બીજાઓની નજરે સારા દેખાવાની કામનાનો જય.....૩૫૭
આત્મ-સંયમ અને આસપાસના જીવન પર કાબૂ.....૩૫૯
પ્રભુત્વની શક્તિ.....૩૬૦
શીખવવામાં આત્મ-સંયમનું મહત્ત્વ :
મહાન શિક્ષક બનવા માટે માણસે
મહાન યોગી હોવું જોઈએ.....૩૬૨
આશ્રમની શાળાનું સંગઠન.....૩૬૪
નિયમિતતાની પ્રાથમિક શિસ્ત ૩૬૬

વાર્તાલાપ : ૨૧ નવેમ્બર **૩૬૭**
નં. ૪૭ "જાણવાની ક્રિયાઓ" અને જ્ઞાન ૩૬૭
તર્કબુદ્ધિ : માનવની માનસિક ક્રિયાઓનું શિખર ૩૬૭
"સંકલ્પિત વસ્તુઓ" અને સાચો સંકલ્પ ૩૬૯
અંગત પ્રયાસ ૩૬૯
જ્ઞાન માટે પ્રથમ પગલું : "જાણવાની ક્રિયાઓ"ની પરમ
ગુણવત્તાની ભ્રાન્તિને દૂર કરવી ૩૭૦
દાકતરી જ્ઞાનની સાપેક્ષતા ૩૭૨
મનને ચપળ બનાવવા માટે માનસિક વ્યાયામ ૩૭૩
આધ્યાત્મિક જીવન : પરંપરાગત અને આશ્રમમાં ૩૭૪

વાર્તાલાપ : ૨૮ નવેમ્બર **૩૭૬**
નં. ૪૮ કામના, અહંતા, પશુ-સ્વભાવ : અનિવાર્ય—પણ અવરોધ-રૂપ ૩૭૬
ચેતના — એક પ્રગતિશીલ સ્થિતિ ૩૭૮
આનંદ : સુખોપભોગોથી પર, નિષ્કામ સ્થિતિ ૩૯૮
અંગત પ્રયાસ — સ્વેચ્છામય, માનસિક અને સ્વયંભૂ ૩૮૦
તર્ક-બુદ્ધિ : માનસિક ક્રિયાથી પર ગયા પછી જ તેની
અવગણના કરવી એ શક્ય છે ૩૮૧
તર્ક-બુદ્ધિ અને "કારણો" ૩૮૩

વાર્તાલાપ : ૫ ડિસેમ્બર **૩૮૫**
નં. ૪૯ "સમ અને નિર્વિષય આનંદ" ૩૮૫
"પશુનું ધણના હાંકનારમાં રૂપાંતર" ૩૮૬
વ્યક્તિનું વિશ્વ-પુરુષમાં રૂપાંતર ૩૮૭
વિશ્વ-વ્યક્તિનાં ખાસ લક્ષણો ૩૮૮
ચેતનાની વૈશ્વિક સ્થિતિને અભિવ્યક્ત કરતાં વાણી અને કાર્યો ૩૮૯
પોતાના અસ્તિત્વને એકત્રિત કરેલાં માણસનાં આહાર અને નિદ્રા ૩૯૦
"વ્યવસ્થિત આંતર-દર્શના" ૩૯૦

વાર્તાલાપ : ૧૨ ડિસેમ્બર **૩૯૨**
નં. ૫૦ વિરોધોનો ગુણ ૩૯૨
કશું જ અશક્ય નથી ૩૯૩
પ્રગટ થતું વિશ્વ અને સનાતન પરમાત્મા ૩૯૩
ધ્યાન, એકાગ્રતા અને પ્રયાસ દ્વારા સમજ ૩૯૪
વૃદ્ધિ માટેની શક્તિ લગભગ અમર્યાદ ૩૯૬

બધું એક-સરખું શા માટે નથી.....૩૯૬
બહારથી આવતી અસરો, જે "સંકલ્પિત વસ્તુઓ" ને પેદા કરે છે. ૩૯૮
સૂચનો અને રચનાઓ, જે વ્યક્તિ પર કાર્ય કરે છે.....૩૯૯
પ્રાણિક જગતનાં બળો અને સત્ત્વો : વિરોધી સૂચનો.....૪૦૧

વાર્તાલાપ : ૧૯ ડિસેમ્બર.....૪૦૪
નં. ૫૧ પૂર્વ-ગૃહીત માનસિક વિચારો : નિશ્ચિત માનસિક રચનાઓ સર્જનની પ્રક્રિયા.....૪૦૪
ખરાબ વિચારોની વિનાશકારી શક્તિ ૪૦૬
પરિપૂર્ણ રીતે સાચા દિલના બનવું ૪૦૬

વાર્તાલાપ : ૨૬ ડિસેમ્બર.....૪૧૦
નં. ૫૨ "પરાજય પામેલા વિજયો".....૪૧૦
ચેતનાનું પરિવર્તન.....૪૧૨
સ્વયંભૂ અનુભૂતિઓ, જે લેવાના માર્ગને સૂચવે છે ૪૧૩
વિવેક અને પસંદગી ૪૧૫
આવિર્ભાવની વિવિધતા.....૪૧૮

વાર્તાલાપ — ૦૧

૪ જાન્યુઆરી ૧૯૫૬

"જો આપણે પૂર્ણયોગ સિદ્ધ કરવા પ્રયાસ કરવો હશે, તો 'આપણે ભગવાન પોતે પણ પૂર્ણ, સર્વ સમન્વયી છે' — એ વિચારથી પ્રારંભ કરવો પડશે. કોઈ સંકુચિત મર્યાદાઓથી રહિત, વિશાળ સાક્ષાત્કાર માટે હૃદયમાં અભીપ્સા સેવવી પડશે. આપણે માત્ર સાંપ્રદાયિક ધાર્મિક દૃષ્ટિબિંદુને દૂર રાખવું પડશે એટલું જ નહિ, પણ જે એકાંગી તત્વચિંતનીય ખ્યાલો અનિર્વચનીય પરમાત્માને મર્યાદાકારી માનસિક બંધારણમાં પૂરી રાખે છે તેમને પણ દૂર કરવા પડશે".

(શ્રી અરવિંદ, ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૭૬)

મધુર માતાજી, "ભગવાન વિષે સર્વ-સમન્વયી વિચાર" શબ્દોના પ્રયોગોથી શ્રી અરવિંદ શું કહેવા માગે છે?

દરેક જણ, પોતાના અંગત રસ અનુસાર, 'સમજ-શક્તિની શક્યતાઓ અનુસાર, પોતાની પસંદગીઓ અનુસાર, અને પોતાની કામનાઓ અનુસાર પણ, ભગવાન વિશે પોતાનો વિચાર બાંધતો હોય છે. પોતે જે ભગવાનને માગતા હોય, જે ભગવાનને મળવાનું ઇચ્છતા હોય, તેવા ભગવાનનો વિચાર લોકો બાંધતા હોય છે; તેથી સ્વાભાવિક રીતે જ તેઓ પોતાના સાક્ષાત્કારને ખૂબ મર્યાદિત બનાવી દેતા હોય છે.

પણ જો આપણે એમ સમજીએ કે — ભગવાન આપણે તેમનો જે ખ્યાલ બાંધી શકીએ તે છે, અને તેથી પણ અનંત ગણા વધારે છે, તો આપણે સર્વ-સમન્વય પ્રત્યે પ્રગતિ કરવાની શરૂઆત કરીએ છીએ. માનવ ચેતના માત્ર પોતાની જાતને મર્યાદિત બનાવીને જ સભાન થવાની શરૂઆત કરતી હોય છે, અને તેથી સર્વ-સમન્વય, માનવ ચેતના માટે ખૂબ મુશ્કેલ વસ્તુ બની જાય છે. પણ છતાં જે લોકોને માનસિક ક્રિયાઓ સાથે રમત કરતાં આવડતું હોય છે, તેઓ થોડાક પ્રયત્ન વડે સર્વ-સમન્વિત વસ્તુને પ્રાપ્ત કરવા જેટલી પોતાની

જાતને વિશાળ બનાવી શકે છે.

તમે તમારા સ્વભાવને અને ખ્યાલને અનુરૂપ ભગવાન વિષે વિચાર બાંધો છો, નહિ વારુ? એટલે જો તમે સાચી રીતે પૂર્ણયોગ સાધવા માગતા હો અને તમારી જાતથી થોડાક મુક્ત બનવા માગતા હો, તો તમારે સમજવા પ્રયત્ન કરવો જોઈએ કે — હું જે વિચારું છું અથવા અનુભવું છું તેવા જ ભગવાન નથી, પણ બીજા લોકો તેમને વિષે જે વિચારે છે અને અનુભવે છે તેવા પણ ભગવાન છે — વધારામાં, ભગવાન એવા પણ છે કે જેમનો કોઈ પણ માણસ વિચાર કે અનુભવ ન કરી શકે.

જો તમે આ વાત સમજો, તે સર્વ-સમન્વયના માર્ગમાં તમે પહેલું પગલું ભર્યું ગણાય.

વૃત્તિજન્ય રીતે, અભાનપણે, ભગવાન પોતાના ખ્યાલને અનુરૂપ બને — એમ માણસો આગ્રહ સેવતા હોય છે. કારણ કે તદ્દન વિચાર્યા સિવાય, સ્વયંભૂ રીતે જ તેઓ કહેતા હોય છે કે — આ દિવ્ય છે, અને આ દિવ્ય નથી! તેઓ તેને વિષે શું જાણતા હોય છે? એવા પણ લોકો હોય છે, જેમણે આ માર્ગ પર પગ પણ મૂક્યો હોતો નથી, જેઓ અહીં આવે છે, વસ્તુઓને તથા લોકોને જુએ છે, અને તમને કહે છે કે — આ આશ્રમને ભગવાન સાથે કશી લેવા-દેવા નથી, તે જરા પણ દિવ્ય નથી. પણ જો તેમને પૂછવામાં આવે કે — દિવ્ય એટલે શું? તો તેઓ જવાબ આપી શકતા હોતા નથી; તેઓ તેને વિષે કાંઈ જ જાણતા હોતા નથી. આ એક સાચી હકીકત છે કે — માણસ જેમ વધારે અજ્ઞાન, તેમ તે વધારે નિર્ણયો બાંધતો હોય છે. માણસનું જ્ઞાન જેમ જેમ વધતું જાય છે, તેમ તેમ તે વસ્તુઓ વિષે ઓછા ને ઓછા નિર્ણયો બાંધતો હોય છે અને તેમનું કથન કરતો હોય છે.

એક સમય એવો આવે છે કે જ્યારે માણસ માત્ર અવલોકન જ કરતો હોય છે; નિર્ણય બાંધવો તે તેને માટે અશક્ય બની જાય છે. માણસ વસ્તુઓ જોઈ શકે, જેવી છે તેવી, તેમના પરસ્પરના સંબંધોમાં તથા સ્થાનમાં જોઈ શકે, પોતે અત્યારે જ્યાં છે તેનું અને પોતે કયા સ્થાનમાં હોવું જોઈએ તેના ભેદના ભાનપૂર્વક તે વસ્તુઓ જોઈ શકે — કારણ કે જગતમાં આ જ એક મહાન ગેરવ્યવસ્થા હોય છે — પણ તે નિર્ણય નથી બાંધતો, માત્ર અવલોકન જ કરે છે.

એક એવી ક્ષણ આવે છે કે જ્યારે માણસ એમ કહેવા અસમર્થ બની જાય છે કે — આ દિવ્ય છે અને આ દિવ્ય નથી, કારણ કે એક એવો સમય આવે

છે કે જ્યારે માણસ સમગ્ર વિશ્વને સંપૂર્ણ રીતે અને સર્વ-સમાવેશક રીતે જોતો બની જાય છે, અને પરિણામે, સાચું કહીએ તો દરેક વસ્તુને વિક્ષુબ્ધ કર્યા સિવાય વિશ્વમાંથી કોઈ પણ વસ્તુને લઈ લેવી તે અશક્ય બની જાય છે.

એક-બે ડગલાં આગળ જાય તો માણસને નિશ્ચિતતા-પૂર્વક માલૂમ પડે છે કે — આપણને જે વસ્તુ ભગવાનની વિરોધી લાગતી હોય છે અને આઘાત આપતી હોય છે, તે માત્ર યોગ્ય સ્થાને મૂકાયેલી ન હોવાથી તેમ લાગે છે. દરેક વસ્તુ તેને યોગ્ય સ્થાને જ બરાબર હોવી જોઈએ, અને તે એટલી ચપળ અને સ્થિતિ-સ્થાપક હોવી જોઈએ કે — પ્રગટ થયેલા વિશ્વમાં સતત ઉમેરાતાં નવાં તત્ત્વોને તે સંવાદમય પ્રગતિશીલ સંગઠનમાં પ્રવેશ આપી શકે. વિશ્વ, આંતર પુનઃસંગઠનની સતત ગતિમાં રહેલું છે. અને સાથે-સાથે તે વધારે વિશાળ, જટિલ, વધારે પરિપૂર્ણ, સર્વ-સમન્વયી બનતું હોય છે — અને તે પણ અનિશ્ચિત રીતે — જેમ-જેમ ધીમે ધીમે નવીન તત્વો પ્રગટ થાય છે, તેમ તેમ સમગ્ર સંગઠનનું નવીન પાયા પર નવ-નિર્માણ કરવું પડતું હોય છે, જેથી એક ક્ષણ પણ એવી ન હોય કે જ્યારે દરેક વસ્તુ સતત ગતિમાં ન હોય. પણ જો તે ગતિ દિવ્ય નિયમ અનુસાર હોય છે, તો તે એટલી બધી પરિપૂર્ણ રીતે સંવાદમય હોય છે કે તે ભાગ્યે જ દૃષ્ટિગોચર હોઈ શકે, તેને જોવી તે બહુ કઠિન છે.

જો માણસ આ ચેતનામાંથી ફરી વધારે બાહ્ય ચેતનામાં નીચે આવે, તો સ્વાભાવિક રીતે જ તે ચોક્કસ રીતે જોઈ શકે છે — જાણી શકે છે — કે કઈ વસ્તુઓ સત્ય ચેતનાને પ્રાપ્ત કરવામાં મદદરૂપ છે, અને કયી વસ્તુઓ તેને પ્રાપ્ત કરવામાં અવરોધરૂપ છે, માણસને પ્રગતિ કરવામાં પાછો પાડે છે. પરિણામે દૃષ્ટિબિન્દુ બદલાઈ જાય છે, અને માણસને કહેવાની ફરજ પડે છે કે — આ દિવ્ય છે, ભગવાન પ્રત્યે જવામાં આ વસ્તુ મને મદદ-રૂપ છે, અને આ વસ્તુ ભગવાનની વિરોધી છે, તેમની શત્રુરૂપ છે.

પણ આ, કાર્ય માટેનું, ભૌતિક જીવનમાં ગતિ માટેનું દૃષ્ટિબિન્દુ છે, કારણ કે હજી માણસ તેની ઉચ્ચ ચેતનાને પહોંચ્યો હોતો નથી. તેણે હજી તે આંતર પરિપૂર્ણતા પ્રાપ્ત કરી હોતી નથી જેને પ્રાપ્ત કર્યા પછી સંઘર્ષ કરવાનો રહેતો નથી, કારણ કે તે માણસ સંઘર્ષના પ્રદેશથી પર ચાલ્યો ગયો હોય છે. સંઘર્ષના સમયથી પર ચાલ્યો ગયો હોય છે. તેને સંઘર્ષની જરૂર રહેલી હોતી નથી. પણ પોતાની ચેતનામાં અને કાર્યમાં તે સ્થિતિને પ્રાપ્ત કર્યા પહેલાં, સંઘર્ષ જરૂર આવવાનો જ, જ્યાં સંઘર્ષ છે, ત્યાં પસંદગી છે અને પસંદગી માટે વિવેક આવશ્યક છે.

વિવેક માટે સૌથી વધારે નિશ્ચિત સાધન છે પરમાત્માના સંકલ્પ તથા માર્ગદર્શન પ્રત્યે યથાશક્ય પરિપૂર્ણ, સચેતન, રાજીખુશીથી કરાયેલું સમર્પણ — પછી ભૂલ કરવાનું જોખમ, ખોટા પ્રકાશોને સાચા માની લેવાની ભૂલ સંભવતાં નથી.

મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં કહે છે, "પૂર્ણયોગીને અનંત દિવ્ય પ્રેમીનો (પરમાત્માનો) પ્રેમ અને આનંદ પ્રાપ્ત થાય છે, જે પ્રેમી બધી જ વસ્તુઓને તેમને પોત-પોતાને માર્ગે, પોતાની સુખમય એકતા પ્રત્યે આકર્ષતા હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૭૭)

ભગવાન બધી વસ્તુઓને આકર્ષતા હોય છે. શું ભગવાન વિરોધી શક્તિઓને પણ આકર્ષતા હોય છે?

તેનો આધાર તમે તેને જે રીતે જુઓ તેના પર છે, તમે તે કહી શકો તેમ નથી હોતું. એક ગૂઢ, આવરણથી આચ્છાદિત આકર્ષણ હોય છે કે જે વિદ્યમાન છે એમ પણ તમે ન કહી શકો.

પદાર્થ-તત્ત્વ જડ દેખાય છે, પણ તે માત્ર આભાસ છે. તેનામાં પણ ભગવાન માટે આકર્ષણ હોય એ હકીકત નહિ, તો શક્ય તો છે જ — અર્થાત્ તે વિકાસ પામશે, પણ અત્યારે તે આકર્ષણ દૃષ્ટિગોચર થતું હોતું નથી.

એમ કહી શકાય કે — દરેક ચેતનાને ભગવાન પ્રત્યે આકર્ષણ હોય છે — પછી ભલે તે તે આકર્ષણને જાણતી હોય કે ન જાણતી હોય — પણ આ વાતને ખાતરીપૂર્વક કહેવા માટે ચેતના તો પ્રથમ હોવી જ જોઈએ.

માનવો અત્યારે પૃથ્વી પર વધારેમાં વધારે સચેતન છે; તેમાંનો મોટો ભાગ ભગવાન પ્રત્યે સુષુપ્ત રીતે આકર્ષાતો હોય છે, પણ તેનું તેમને જરા પણ ભાન હોતું નથી. કેટલાક લોકો તો વિચાર-પૂર્વક તે આકર્ષણનો ઇન્કાર પણ કરતા હોય છે. કદાચ તેમના ઇન્કારની પાછળ કોઈક વસ્તુ, રાજીખુશીથી અથવા જ્ઞાનપૂર્વક નહિ, તે આકર્ષણ માટે તૈયારી કરતી હોય છે.

(બાળકને ઉદ્દેશીને) તમારા પ્રશ્નનો છેલ્લો ભાગ કયો હતો? પ્રથમ તો તમે કોઈ ખોટી વસ્તુને માની લેતા હો છો, અને પછી તેના પર આધારિત કોઈ પ્રશ્ન પૂછતા હો છો, જે અર્થ-શૂન્ય હોય છે. કારણ કે તમારું પૂર્વ-ગૃહીત જ ખોટું

હતું.

હું એમ કહેવા માગતો હતો કે .....

હા, હા, તમે શું કહેવા માગતા હતા તે હું બરાબર જાણું છું.

હકીકતમાં, દરેક વસ્તુ આખરે તો ભગવાન પ્રત્યે આકર્ષાવાની જ. કેટલાક રસ્તા સીધા હોય છે, જ્યારે કેટલાક આડ-ફંટાતા માર્ગો હોય છે, જેના પર લાંબા સમય સુધી માણસ વધારે ને વધારે દૂર ચાલ્યો જતો હોય છે, અને પછી જ ભગવાનની નજીક આવતો હોય છે. કેટલાક માણસો આડ-ફંટાતા માર્ગને જ પસંદ કરતા હોય છે, અને બની શકે તેટલો લાંબો સમય તે માર્ગ પર રહેવાનો ઇરાદો રાખતા હોય છે. એટલે દેખીતી રીતે, તેઓ ભગવાન સાથે યુદ્ધ કરતા લોકો હોય છે.

તેમનાથી ઉચ્ચતર પ્રકારના લોકો જાણતા હોય છે કે — આ તદ્દન નિરર્થક અને નિરુપયોગી સંઘર્ષ છે. જેનું પરિણામ શૂન્યમાં આવવાનું છે, છતાં પણ તેઓ એમાં આનંદ લેતા હોય છે. તે માર્ગે જતાં તેમનો વિનાશ ભલે થાય, પણ તેમણે તેમ કરવાનો નિશ્ચય કર્યો હોય છે.

કેટલાક માણસો સુરાપાનનું, ભાંગ-ગાંજાનાં ઇન્જેક્સનોનું વ્યસન રાખતા હોય છે, તેઓ જાણતા હોય છે કે — આ વ્યસન અમને વિનાશ પ્રત્યે લઈ જાય છે, મૃત્યુ તરફ દોરી જાય છે, પણ તેઓ જાણીબુજીને તેમ કરવાનું પસંદ કરતા હોય છે.

તેમનો પોતાની જાત પર કાબૂ નથી હોતો.

એક એવી ક્ષણ આવે છે, જ્યારે દરેક જણને આત્મ-સંયમ પ્રાપ્ત થાય છે. તેણે એક વાર તેમાં સંમતિ આપી ન હોત, તે વ્યસન માટેનો નિશ્ચય ન લીધો હોત, તો તેણે તે કામ કર્યું જ ન હોત.

એવો એક પણ માનવ નથી, જેનામાં તેના પર બળજબરીપૂર્વક લાદવામાં આવેલી વસ્તુનો પ્રતિકાર કરવાની શક્તિ ન હોય — જો એને તેમ કરવા સ્વતંત્રતા આપવામાં આવે તો, લોકો તમને કહેતા હોય છે કે — મારાથી તેમ કર્યા સિવાય રહી શકાયું જ ન હતું. તેનું કારણ એ હોય છે કે — હૃદયના ઊંડાણમાં તેમને એમ કરવું ગમતું હોય છે, તેમણે પોતાના વ્યસનના ગુલામ

બનવાનું સ્વીકારી લીધું હોય છે. એવી એક ક્ષણ આવે છે, જ્યારે તે માણસ તે વ્યસનને — દુર્ગુણને સ્વીકારી લેતો હોય છે.

આગળ જઈને હું એમ કહીશ કે એક એવી ક્ષણ પણ આવે છે, જ્યારે માણસ માંદા પડવાનો સ્વીકાર કરતો હોય છે. જો માણસ માંદા પડવાનું ન સ્વીકારે, તો તે માંદો પડે જ નહિ. માત્ર માણસો પોતાની જાતથી અને પોતાની આંતર ગતિઓથી એટલા બધા અચેતન હોય છે, કે પોતે શું કરી રહ્યા છે તેનું તેમને ભાન જ નથી હોતું.

પણ તે બધાનો આધાર માણસના દૃષ્ટિબિન્દુ ઉપર હોય છે. અમુક દૃષ્ટિબિન્દુથી જોતાં, જગતમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે જે તદ્દન નિરુપયોગી હોય. માત્ર અમુક વખતે જે વસ્તુઓ સહ્ય અને પ્રવેશ-યોગ્ય હોય છે, તે બીજે સમયે તેવી રહેલી હોતી નથી. જ્યારે તે વસ્તુઓ પ્રવેશ-યોગ્ય નથી હોતી, ત્યારે લોકો તેમને ખરાબ કહેતા હોય છે, કારણ કે ત્યારે તે વસ્તુઓને દૂર કરવાનો સંકલ્પ તેમનામાં જાગ્રત થયો હોય છે. પણ વિશ્વના ઇતિહાસમાં — સમસ્યાને આપણા નાનકડા ગ્રહ પૂરતી મર્યાદિત બનાવીએ તો, પૃથ્વીના ઇતિહાસમાં — મને લાગે છે કે — દરેક વિદ્યમાન વસ્તુની અમુક ક્ષણે જરૂર હતી, તેનું મહત્ત્વ હતું. માણસ જેમ જેમ પ્રગતિ કરે છે, તેમ તેમ તે ભૂતકાળની વસ્તુઓની જગ્યાએ ભાવિની વસ્તુઓ સ્થાપતો જાય છે. એટલે, અત્યારે જેમની જરૂર રહી નથી તેવી વસ્તુઓ વિષે માણસ કહેતો હોય છે કે — એ ખરાબ છે, કારણ કે તે પોતાની અંદર તેમને ઊંચકીને બહાર ફેંકી દેવા માટે ઉચ્ચાલન બિન્દુ શોધતો હોય છે, તે ટેવને નિર્મૂળ કરવા માગતો હોય છે. પણ ઘણું કરીને, એક સમયે તે વસ્તુઓ ખરાબ ન હતી, પણ બીજી વસ્તુઓ ખરાબ હતી.

જીવવાના, લાગણીના, કાર્ય કરવાના એવા પ્રકારો હોય છે, જેમને તમે લાંબા સમય સુધી તમારામાં નભાવતા હો છો, જે તમને જરા પણ વિક્ષુબ્ધ કરતા હોતા નથી, જે તમને નિરુપયોગી, ખરાબ, અથવા ત્યાજ્ય લાગતા હોતા નથી. પણ પછી એક દિવસે, ઓચિંતું — જેનું કારણ તમે જાણતા હોતા નથી, શું બન્યું તે તમે જાણતા હોતા નથી — તમારું દૃષ્ટિબિન્દુ પલટાઈ જાય છે. તમે વસ્તુઓ પર નજર નાંખો છો અને કહો છો કે — "આ શું? મારામાં આ વસ્તુ છે! શું હું અને મારામાં રાખી રહ્યો હતો? આ વસ્તુ તો અસહ્ય છે. મારે હવે તેને મારામાં ન જોઈએ". અને એકદમ તે વસ્તુ તમને ખરાબ દેખાય છે, કારણ કે — તે વસ્તુઓનો ત્યાગ કરવાનો સમય આવી પહોંચ્યો હોય છે, તે વસ્તુઓ

તમારા અપનાવેલા વલણ સાથે સંવાદમય નથી હોતી, જગતમાં તમે સાધેલી પ્રગતિ સાથે તે સુસંગત નથી હોતી. એ વસ્તુઓ બીજે ક્યાંક હોવી જોઈએ, તે તેમની યોગ્ય જગ્યાએ નથી; તેથી તમને તે ખરાબ લાગતી હોય છે. પણ તમને અત્યારે ખરાબ જણાતી વસ્તુઓ તમારાથી નિમ્નતર ભૂમિકાના લોકોને સુંદર લાગતી હોય.

હંમેશાં માણસને પોતાના કરતાં બીજો કોઈક માણસ વધારે જડ, વધારે અચેતન, વધારે અજ્ઞાની કે ખરાબ લાગતો હોય છે. એટલે જે સ્થિતિ તમારે માટે અસહ્ય, ન રાખવા જેવી બની ગઈ હોય, તે કદાચ તમારાથી નિમ્નતર ભૂમિકા પરના લોકો માટે ખૂબ તેજોમય બનતી હોય, લાગતી હોય. તમે કયા અધિકારથી એવું કહી શકો કે — આ ખરાબ છે? તમે માત્ર એટલું જ કહી શકો કે — "મારે હવે તેની જરૂર નથી. મારા અસ્તિત્વની વર્તમાન સ્થિતિ સાથે તે સુસંગત નથી. હું ત્યાં જવા માગું છું, જ્યાં આ વસ્તુઓ ન હોય. આ વસ્તુઓ તેમને યોગ્ય સ્થાને નથી; તે ભલે બીજે જાય અને પોતાનું સ્થાન શોધી લે!" પણ માણસ નિર્ણય ન બાંધી શકે. આ ખરાબ છે — એમ કહેવું અશક્ય છે. બહુ બહુ તો તે એમ કહી શકે કે 'મારે માટે આ ખરાબ છે. મારી સાથે, તેને માટે યોગ્ય સ્થાન નથી, તેણે અહીંથી જવું જ જોઈએ. બસ એટલું જ, અને તે માણસ તે ચીજને માર્ગમાં મૂકી ચાલતો થાય છે.'

નિરાશામાં બેસીને વિલાપ કરવો કે — "વસ્તુઓ આવી ખરાબ છે, હું કેવો અધમ છું? મારે માથે કેવાં દુઃખ આવી પડ્યાં છે? મારામાં કેટલી બધી ત્રુટિઓ છે? પ્રગતિનો માર્ગ કેટલો બધો મુશ્કેલ, અશક્ય છે?" તેના કરતાં ઉપર વર્ણવેલું વલણ અખત્યાર કરવાથી પ્રગતિ ખૂબ સરળ બની જાય છે. તમારે તો માત્ર એટલું જ કહેવાનું છે કે — "ના, ના, આ વસ્તુઓ અહીં તેમને યોગ્ય સ્થાને નથી. તેઓ ભલે તેમને યોગ્ય સ્થાને જાય, જ્યાં તે સ્વીકાર્ય બને. હું તો પ્રગતિને પંથે આગળ વધી રહ્યો છું, હું એક પગથિયું ઉપર ચઢી રહ્યો છું. હું વધારે વિશુદ્ધ, વધારે સારા, વધારે પરિપૂર્ણ પ્રકાશ પ્રત્યે જઈશ. એટલે અંધકાર-પ્રિય આ વસ્તુઓએ અહીંથી ચાલ્યા જવું જ જોઈએ." બસ, આટલું જ પૂરતું છે.

જ્યારે જ્યારે માણસને પોતામાં કોઈક ખરાબ વસ્તુ, અનિષ્ટ દેખાય છે, ત્યારે તે 'તેણે પ્રગતિ કરી છે' તેની સાબિતી છે. એટલે નિરાશ બનીને વિલાપ કરવા કરતાં, માણસે આનંદિત બનવું જોઈએ, તેણે કહેવું જોઈએ કે — 'આહ, કેવું સરસ, હું પ્રગતિ કરી રહ્યો છું.'

માતાજી, 'બળવાન યોગ' એટલે શું?

બળવાન યોગ? શું 'બળવાન'નો અર્થ તમને ખબર નથી?

પણ અહીં શ્રી અરવિંદ કહે છે — "આ બૌદ્ધિક તૈયારી સાચે જ બળવાન યોગમાં એક પ્રાથમિક અવસ્થા બની શકે, પણ તે અનિવાર્ય નથી."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૭૫)

હા, બળવાન યોગ એટલે ખૂબ પરિપૂર્ણ યોગ, જે અનેક વસ્તુઓનો સમાવેશ કરે છે, ઘણાં તત્ત્વોને અપનાવી લે છે. એટલે બૌદ્ધિક જ્ઞાનનું આ તત્ત્વ યોગને વધારે બળવાન બનાવે છે.

શું તે અને પૂર્ણયોગ એક જ વસ્તુ છે?

તદ્દન એક નહિ. પૂર્ણયોગમાં અસ્તિત્વના સર્વ ભાગોનો, અસ્તિત્વની સર્વ ક્રિયાઓનો સમાવેશ થાય છે. પણ એક અસ્તિત્વની ક્રિયાઓ બીજા અસ્તિત્વની ક્રિયાઓ જેટલી બળવાન નથી હોતી; એક અસ્તિત્વની સમગ્રતા બીજા અસ્તિત્વની સમગ્રતા જેટલી સંપૂર્ણ નથી હોતી. શું તમે નથી સમજી શકતા?

જો તમારું સમગ્ર અસ્તિત્વ યોગમાં ભાગીદાર બને, તો તમારે માટે તે પૂર્ણયોગ બની જાય છે. પણ બીજાની સરખામણીમાં તમે જે ભાગ લેતા હો તે વધારે દરિદ્ર અને સામાન્ય પ્રકારનો હોઈ શકે; બીજા માણસની ચેતનાનાં જેટલાં તત્ત્વો યોગમાં ભાગ લેતાં હોય તેમની સરખામણીમાં તમારી ચેતનાનાં તત્ત્વોની સંખ્યા ઓછી હોય. અને છતાં, તમારે માટે તે યોગ પૂર્ણયોગ છે, અર્થાત તમારા અસ્તિત્વના — સર્વ ભાગોમાં અને તેની સર્વ ક્રિયાઓમાં તે સધાતો હોય છે.

તમે જાણો છો કે — મારી પાસે એક બિલાડી હતી, જે યોગ કરતી હતી. બિલાડીનો યોગ માનવના યોગ જેટલો બળવાન ન હોઈ શકે; અને છતાં તે તદ્દન પરિપૂર્ણ યોગ હતો; બિલાડીનું શરીર પણ યોગમાં ભાગ લેતું હતું. પણ સ્વાભાવિક રીતે જ, તેની યોગ કરવાની રીત માનવના જેવી ન હતી.

માતાજી, 'સંચાલક વિચાર-બળ' એટલે શું?

તે એ વિચાર છે કે જે તમને સંકલ્પ, ઉત્સાહ અને સાક્ષાત્કાર માટે શક્તિ આપે છે. સંચાલક વસ્તુ એ છે કે જે તમને સાક્ષાત્કાર પ્રત્યે લઈ જાય છે, અને તેના પ્રત્યે તમને આવેગ આપે છે.

અહીં શ્રી અરવિંદ લખે છે કે —"પણ જેમ જેમ સમર્પણની પાછળ સંચાલક વિચારબળ વધારે મહાન અને વિશાળતર હોય છે, તેમ તેમ સાધક માટે તે વધારે સારું છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૭૬)

શું તમે કદી નાના અને મોટા, સંકુચિત અને વિશાળ વિચાર વચ્ચેનો તફાવત અનુભવ્યો નથી?

પણ આગળ — પહેલાં શ્રી અરવિંદે કહ્યું છે કે — જો એની સાથે-સાથે આત્મસમર્પણ હોય તો તે બસ છે; પાછળથી તે કહે છે કે —જો તે વિશાળ હોય, તો તે વધારે સારું છે.

સાંભળો. હું તમને એક સઘન અને ભૌતિક દૃષ્ટાંત આપીશ. તમારા પાકીટમાં ત્રણ રૂપિયા છે. તે તમે સમર્પણમાં આપી દો છો, તમારો પાડોશી આખું પાકીટ આપી દે છે, જેમાં ૫૦ રૂપીઆ છે. ૫૦ રૂપીઆનું સમર્પણ ત્રણ રૂપીઆની ભેટ કરતાં વધારે મોટું છે. બસ, એટલું જ.

પણ ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં, જો તમે તમારું સર્વસ્વ અર્પણ કરી દીધું હોય, તો તમે તમારી શક્તિ અનુસાર બધું જ કરી છૂટ્યા છો, પછી તમારી પાસે વધારે કોઈ માગણી ન કરી શકાય — તમે સમજ્યા? તે નૈતિક, કેવળ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી છે, સાક્ષાત્કારના દૃષ્ટિબિંદુથી નહિ. કેવળ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં, તમારા ત્રણ રૂપીઆની ભેટનું મૂલ્ય ૫૦ રૂપીઆની ભેટના મૂલ્ય બરાબર છે. જો ૫૦ રૂપીઆ આપનારે એક પણ રૂપીઓ પોતાની પાસે પાછો રાખ્યો હોય, તો તમારા ત્રણ રૂપીઆની ભેટ કરતાં તેની ૫૦ રૂપીઆની ભેટ ઓછી સંપૂર્ણ અને ઓછી વિશુદ્ધ છે. એટલે તે દૃષ્ટિબિંદુથી તે સમર્પણની વાતને ન જોવી જોઈએ. પણ ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં, એ વાતની ના પાડી શકાય તેમ નથી કે — ૫૦ રૂપીઆ ત્રણ રૂપીઆ કરતાં વધારે છે; આ વાત ગણિત જાણનારો બરાબર જાણી શકે છે!

(મૌન)

માતાજી, આપે આ વર્ષે જે સંદેશ આપ્યો છે તેને જરાક સમજાવશો?[૧]

મારા આ વર્ષના સંદેશમાં તમને શું ના સમજાયું?

શું તે એમ સૂચવે છે કે —આ વર્ષે મહાન વિજયો પ્રાપ્ત થશે?

આ તો બહુ સરળ બાબત છે. વસ્તુઓનું કથન કર્યા સિવાય, તેમને બનવા દેવી તે વધારે સારું છે. વસ્તુ બને ત્યાર પહેલાં તેને વિશે કાંઈ પણ ન કહેવું તે વધારે સારું છે. નહિ તો તે દુંદુભિ-ઘોષ બની જાય છે, જાહેરાત બની જાય છે.

કેટલાક લોકો એવા હોય છે કે જેઓ એવી વાત પૂછતા હોય છે કે, — "તે બનનારી વસ્તુ કેવી હશે?" શું બનશે તે આપણે જોઈશું, જરાક રાહ જુઓ. આપણને કોઈક આશ્ચર્યજનક વસ્તુ પ્રાપ્ત થશે! હું તેમને જવાબ આપું છું કે "તેને વિષે હું કાંઈ જ જાણતી નથી." જે જગતને જાહેર કરવામાં આવે છે કે — અસાધારણ વસ્તુઓ બનવાની છે, તે જગતની ચેતનામાં — અત્યારના જગતની ચેતનામાં હું તરત મારી જાતને મૂકી આપું છું; તે ચેતના જે વસ્તુઓ બનવાની છે તેની કલ્પના કરવા અશક્તિમાન છે, કારણ કે જો તમે તેમની કલ્પના કરી શકો, તો તો તે ત્યાં વિદ્યમાન છે જ. તમે જેની કલ્પના કરો, તે વસ્તુ પહેલાં વિદ્યમાન હોવી જોઈએ, નહિ તો તમે તેની કલ્પના જ ન કરી શકો.

હા, પોતાના ઉચ્ચતર અસ્તિત્વમાં માણસ તેનું ખૂબ સ્પષ્ટ, ચોક્કસ, તેજોમય દર્શન કરી શકે છે. પણ ભૌતિક ચેતનામાં નીચે આવે, તો તે માણસ એમ જ કહે કે — હું તેને વિષે કાંઈ જ જાણતો નથી. જ્યારે તે બનશે, ત્યારે તે વસ્તુ કેવી છે તે હું તમને કહીશ. પણ ત્યારે મારે કહેવાની જરૂર નહિ પડે, કારણ કે તમે પોતે જ તે જોઈ શકશો. હું આશા રાખું છું કે — તેને જોનારા લોકોમાંના તમે એક હશો, કારણ કે ત્યારે પણ કેટલાક લોકો એવા હશે કે જેઓ તેને નહિ જોઈ શકે.

તે વસ્તુ આવી ગઈ છે, તે આ પ્રકારની છે — એમ લોકો પાસે જઈને કહેવાથી શો ફાયદો? અહીં જે નાટક — લીલા ચાલી રહી છે તેમાં તેઓ

---

૧. ૧૯૫૬નો નૂતન વર્ષનો સંદેશ : 'સૌથી મહાન વિજયો ઓછામાં ઓછા અવાજ કરતા હોય છે. નવીન જગતના આવિર્ભાવની ઘોષણા દુંદુભિ-નાદ વડે કરવામાં આવતી નથી.'

જવાબ આપશે કે — પણ હું તો કાંઈ જ જોઈ શકતો નથી! તમને યાદ છે? તે વાત 'લાસેઈજ'માં આવી હતી. તેમાં દૂતે કહ્યું હતું કે — ભગવાન હાજરાહજૂર છે; તે તમારી વાત સાંભળે છે. ત્યારે કોઈકે જવાબ આપ્યો હતો કે — પણ હું ભગવાનને જોતો નથી'. એ તેના જેવી વાત છે.

તે એ લોકોના જેવી વાત છે કે જેઓ આશ્રમની મુલાકાતે આવે છે અને કહે છે કે — 'અહીં આધ્યાત્મિકતા તો નથી!' તે લોકો તેને કેવી રીતે જોઈ શકે? કઈ ઇન્દ્રિયો વડે જોઈ શકે?

પણ છતાં હું એવી આશા રાખું છું કે — જ્યારે કોઈક વસ્તુ પ્રગટ થશે, ત્યારે તમે તે જોઈ શકશો.

સ્વાભાવિક રીતે જ, જો ઓચિતાં તેજોમય સત્ત્વો દેખાય, જો બાહ્ય શારીરિક રૂપો તદ્દન પરિવર્તિત થઈ જાય, તો મને લાગે છે કે — કૂતરો, બિલાડી, અથવા ગમે તે પ્રાણી તેને જોઈ શકે. પણ તેમ થતાં સમય લાગશે, તે હમણાં જ ન બની શકે. તે હજી ખૂબ દૂર છે. તેને બનતાં હજી ઘણો સમય લાગશે. ત્યાર પહેલાં ઘણી મહાન વસ્તુઓ બનશે, જે વધારે મહત્ત્વની હશે. મારા શબ્દો બરાબર સમજો.

કારણ કે તે તો માત્ર ખીલતું પુષ્પ છે. પણ તે ખીલે ત્યાર પહેલાં, યોજનાના મૂળમાં તેના અસ્તિત્વનું તત્ત્વ હોવું જોઈએ.

જો કોઈક આવિર્ભાવ બને, તો તે માત્ર આધ્યાત્મિક જ હશે, અર્થાત્ જે લોકો યોગ કરતા હશે તેઓ જ તેને જોઈ શકશે કે પછી હકીકતોના જગતમાં પણ તેનાં પરિણામો આવશે?

મારા બાળક, તું આ વાતને ભવિષ્ય-કાળમાં કેમ મૂકે છે!

જગતમાં ક્યારનાંય, હજારો વર્ષોથી, અસાધારણ, કલ્પનામય ગણાય તેવાં પરિણામો થઈ ચૂક્યાં છે. પણ તે જોવા માટે, માણસમાં થોડુંક જ્ઞાન હોવું જોઈએ. નહિ તો તે તેને તદ્દન સાધારણ વસ્તુઓ માની લેતો હોય છે, કારણ કે તે કેવી રીતે બને છે તેને જ્ઞાન પણ હોતું નથી.

એટલે કદાચ આ વખતે પણ તેવું બને. સંભવ છે કે મહાન પરિવર્તનો આવે, કલ્પનામય ગણાય તેવાં કાર્યો બને. પણ લોકો કહેશે કે — આ તો સ્વાભાવિક રીતે જ બન્યું છે, કારણ કે તે વસ્તુઓ કેવી રીતે બને છે તે તેઓ જાણતા હોતા નથી.

જગતમાં કાર્ય? તે તો સતત થતું જ રહેતું હોય છે. તે એવું કાંઈક હોય છે કે જે સર્વત્ર પ્રસરી જાય છે, સર્વત્ર કાર્ય કરી રહેતું હોય છે, સર્વત્ર નવીન આવેગો આપતું હોય છે. સર્વત્ર નવીન દૃષ્ટિબિંદુઓ, નવીન વિચારો, સંકલ્પનાં નવીન કાર્યો આપતું હોય છે. પણ તે કેવી રીતે બને છે તે ન જાણતા હોવાને કારણે, લોકો તેને સ્વાભાવિક ગણે છે.

તે તદ્દન સ્વાભાવિક હોય છે, પણ સામાન્ય ભૌતિક પ્રકૃતિ કરતાં તેની સ્વાભાવિકતા ભિન્ન પ્રકારની હોય છે.

એમ કહેવું તે તર્કયુક્ત છે કે — આત્માનું કાર્ય જોઈ શકવા માટે, માણસે આત્માથી સભાન બનવું જોઈએ. જો તમે આત્માથી સભાન નહિ હો, તો તેને કાર્ય કરતો તમે કેવી રીતે જોઈ શકશો? કારણ કે આત્મા જે કાર્ય કરી રહ્યો છે તેનું પરિણામ ભૌતિક જગતમાં ભૌતિક જ હોવાનું, અને તેથી તમે તેને સ્વાભાવિક જ ગણવાના. પ્રકૃતિ જે કાર્ય કરે છે, અને આત્મા જે કાર્ય કરે છે, તેને વિષે તમે શું જાણો છો? શારીરિક પ્રકૃતિ જે કાંઈ કાર્ય કરે છે, તેને વિષે આપણે લગભગ નહિવત્ જાણીએ છીએ, કારણ કે આપણે સતત એવી વસ્તુઓને જાણવી પડતી હોય છે, જે આપણે પહેલાં જાણેલી બધી વસ્તુઓને ઉથલાવી નાંખતી હોય છે. તો પછી પ્રકૃતિ દ્વારા, આપણે પ્રકૃતિનાં કાર્યોની તથા આત્માનાં કાર્યોની વચ્ચેનો તફાવત કેવી રીતે જાણી શકવાના હતા? માણસે તે બેનાં કાર્યો વચ્ચેનો તફાવત જાણવો જોઈએ. જ્યાં સુધી માણસની ચેતના તદ્દન વિશુદ્ધ અને આત્મા માટે ખાતરી-યુક્ત ન બની હોય ત્યાં સુધી તે બે વચ્ચેનો તફાવત તે કેવી રીતે જાણી શકવાનો હતો? આત્માને તથા તેના કાર્યને કેવી રીતે ઓળખવાં? મને આ તદ્દન સરળ તર્ક લાગે છે.

જગત તો ચાલ્યા કરવાનું. વસ્તુઓ બન્યા કરવાની. પણ મૂઠીભર લોકો જ જાણી શકવાના કે — તે વસ્તુઓ કયી રીતે બની હતી. બસ, એટલું જ.

જો આજે કોઈક માણસને, તેનામાં કોઈ પણ ફેરફાર કર્યા સિવાય, ૨૦૦૦ વર્ષ પહેલાંના જગતમાં — અરે, તેનાથી પણ થોડા સમય પહેલાંના જગતમાં — ઓચિંતો મૂકી આપવામાં આવે, તો તેને એવો ગૂંગળાવી દેનારો વિરોધ દેખાશે કે તે તેને સહન નહિ કરી શકે. પણ આ પરિવર્તન પ્રકૃતિની સહ્ય, મનોરમ ધીમી ગતિથી આવ્યું છે, તેની કલ્પનાઓમાંથી પસાર થઈને આવ્યું છે; અને તેથી આપણે તેને તદ્દન સ્વાભાવિક માનીએ છીએ, તેની આપણે નોંધ પણ લેતા હોતા નથી.

એ એક પ્રતીક નથી, માત્ર સુંદર શબ્દો જ નથી, કે જ્યારે માણસ સાચી ચેતનામાં પ્રવેશ કરે છે, જ્યારે તે પોતાની ચેતનામાં પરિવર્તન કરે છે, ત્યારે તેને માટે સમગ્ર જગત પલ્ટાઈ જતું હોય છે. તે માત્ર એક આભાસ કે છાપ નથી હોતાં. તે સામાન્ય ચેતનામાં જોતો હોય છે તેના કરતાં ભિન્ન રીતે વસ્તુઓ જુએ છે. સંબંધો ભિન્ન બની જાય છે, કારણો અને કાર્યો ભિન્ન બની જાય છે. અપાર-દર્શક વસ્તુને કોઈ જુએ, ત્યારે તો તે માત્ર ઉપરની સપાટીને જ જોતો હોય છે, બાહ્ય કોચલાને જ જોતો હોય છે, તે તેના સંચાલક તત્ત્વને, તેને અસ્તિત્વ બક્ષનાર તત્ત્વને જોતો હોતો નથી, બધું ઊલટા-સૂલટી જોતો હોય છે; તે કૃત્રિમ, અવાસ્તવિક અને અવિદ્યમાન હોય છે. જ્યારે માણસ સામાન્ય રીતે, કશો પ્રયત્ન કર્યા સિવાય, ધ્યાન અને એકાગ્રતા કર્યા સિવાય, આ રીતે વસ્તુઓને જોવાના ખૂબ પ્રયાસો કર્યા સિવાય, જોતો હોય છે, જ્યારે તે માણસની સ્વાભાવિક દર્શના બની જાય છે, ત્યારે તે વસ્તુઓને, જગતને તદ્દન ભિન્ન પ્રકારે સમજે છે!

તેમાં એક અનિવાર્ય અવસ્થામાંથી પસાર થવું પડતું હોય છે. જે લોકોએ તે પ્રાથમિક નાનકડી મુસાફરી કરી હોય છે, તેમને અનેક વસ્તુઓ બનતી હોય છે, અનેક પ્રકારના ખ્યાલો અને પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે, જેમને તેઓ પોતાની જાતને પૂછી શકતા હોતા નથી.

પણ હવે આપણે આપણા મુદ્દા પર આવીએ. હું એમ કહેવા માગતી હતી કે — એક દિવસ મને સંદેશ આપવાનું કહેવામાં આવે છે. તે લોકો મને કહેતા હોય છે કે — અમારે તમારો સંદેશ છપાવવો છે, તે તમે અમને મોકલી આપો. ત્યારે હું શું કરું છું? હું આગામી વર્ષ તરફ જોઉં છું. તેને વિષે કથન કરવા માટે મારે તેની તરફ જોવું જ જોઈએ. ત્યારે તે વર્ષમાં, તે આશ્ચર્યજનક વર્ષમાં બનનારી બધી ઘટનાઓને, લોકોની બધી કલ્પનાઓને, ખ્યાલોને, તેમની શોધખોળોને હું એકી-સાથે જોઉં છું. સાથે-સાથે પહેલાં શું હતું, ક્યાંક પહેલાં તે શેના જેવું હતું, તે પણ હું જોઉં છું. અને તરત જ મને સ્પષ્ટ રીતે જણાય છે કે — તે કેવું બનશે તે ન કહેવું તે શ્રેષ્ઠ વસ્તુ છે. પણ બધા લોકો ખૂબ જાહેરાતની અને ઘોષણાની અપેક્ષા રાખતા હોય છે; એટલે મેં જે કહ્યું તે કહી દીધું. તેથી વધારે કાંઈ જ નહિ. તેથી મેં તમને કહ્યું કે — તેને વિશે કશું જ કથન ન કરવું તે વધારે સારું છે, વધારે પસંદ કરવા યોગ્ય છે. તેને વિષે કથન ન કરવું તે વધારે સારું છે. તેને વિષે બહુ ધમાલ-ઘોંઘાટ ન કરશો, કારણ કે તે મદદરૂપ બનવાનો નથી. ગહન-તર નિયમ અનુસાર વસ્તુઓને બનવા દો; કશું ન સમજનાર, માત્ર

જોનાર માણસની જેમ ગૂંચવાડામાં ન પડી જશો.

ખાસ કરીને, મારી પાસે આવીને એમ ન કહેશો કે — તમે જાણો છો કે — વસ્તુ કઈ રીતે બનવાની છે. કારણ કે તેથી વસ્તુ વધારેમાં વધારે કઠિન બની જાય છે. હું એમ નથી કહેતી કે — જે બનવાનું છે તે નહિ બને, પણ તેનું કથન કરવાથી ઘણી વધારે મુશ્કેલીઓ ઊભી થશે. એટલે વસ્તુઓને બનવા દેવી તે વધારે સારું છે.

જો માણસે વધારે તર્કયુક્ત બનવું હોય, તો તેણે પોતાની જાતને પૂછવું જોઈએ કે — "આપણે સાક્ષાત્કાર માટે તૈયારી કરી રહ્યા છીએ, તે દશ હજાર વર્ષમાં કેવો બનશે? સમયની આગેકૂચમાં એક અદૃષ્ટિગોચર બિંદુએ, ભાવિ સાક્ષાત્કાર પ્રત્યેની તૈયારી, તેના માટેનો પ્રયાસ કેવો હશે?" ઓહ, તેવા ઉશ્કેરાટમાં ન પડી જવું તે વધારે સારું છે. આપણાથી જે બને તે આપણે કરીએ, અને મૌન સેવીએ — બસ, એટલું જ.

જેમ મંથન-દંડ વડે દહીંમાંથી માખણ કાઢવામાં આવે છે, તેમ કેટલાક લોકોને જરાક ચાબૂક વડે ફટકારવાની જરૂર હોય છે. પણ તેવા લોકોએ કવિઓ પાસે જવું જોઈએ, મારી પાસે ન આવવું જોઈએ. હું કવિ નથી, મને કાર્ય કરવામાં સંતોષ છે. મને બોલવા કરતાં કાર્ય કરવું વધારે પસંદ છે.

*

વાર્તાલાપ —૦૨

૧૧ જાન્યુઆરી ૧૯૫૬

માતાજી, "આ કામના કરતું પ્રાણ-બળ અથવા કામાત્મા પ્રથમ તો સ્વીકારવાનો હોય છે, પણ તે માત્ર તેનું રૂપાંતર કરવા માટે જ."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૭૭)

અમે સમજતા હોઈએ છીએ કે —આ કામના છે, તેનો ત્યાગ કરવો જોઈએ પણ તે કામના અમને ભગવાન પ્રત્યે લઈ જાય તેવી છે કે માત્ર કામના જ છે —એનો વિવેક કરવામાં મુશ્કેલીઓ આવતી હોય છે.

જ્યારે માણસ પોતાની જાતને છેતરવા માગતો હોય છે, ત્યારે જ તે પોતાની જાતને છેતરે છે. તે બહુ જ જુદી વાત છે.

પણ અંદર તો તે માણસ સમજતો હોય છે.

જો માણસ ક્યાંક પણ તે સમજતો હોય તો તે બસ છે, પૂરતું છે. બસ પતી ગયું? હવે કોઈ પ્રશ્ન બાકી રહ્યો નથી ને?

માતાજી, જાન્યુઆરીની છઠ્ઠી તારીખે આપે કહ્યું હતું કે —"તમે જે કાંઈ છો, તમારી પાસે જે કાંઈ હોય, તે બધું સમર્પિત કરી દો. તેથી વધારે કશાની માગણી તમારી પાસે કરવામાં આવતી નથી, પણ તેથી જરા પણ ઓછાની નહિ."

હા.

"તમે જે કાંઈ છો અને તમારી પાસે જે કાંઈ છે તે બધાનું" —તેનો શો અર્થ છે?

મેં કયા સંજોગોમાં આ લખ્યું હતું તે હું વર્ણવીશ—તેથી તમે તેનો અર્થ સમજી જશો.

એક માણસે મને લખ્યું, "હું બહુ જ દુઃખી છું, કારણ કે ભગવાનને ચરણે, સાક્ષાત્કાર માટે, ભગવાનના કાર્ય માટે, મૂકવા માટે હું આશ્ચર્યકારક શક્તિઓની ઇચ્છા રાખું છું. ભગવાનને ચરણે મૂકવા માટે, તેમના કાર્ય માટે હું ખૂબ સમૃદ્ધિની ઇચ્છા રાખું છું." એટલે મેં તેને જવાબ આપ્યો કે — "તમારે દુઃખી થવાની જરૂર નથી. દરેક જણની પાસે જે હોય તેનું સમર્પણ કરવાની માગણી તેની પાસે કરવામાં આવે છે, અર્થાત્ જે વસ્તુઓ, શક્તિઓ એની પાસે હોય તેવી, અને તે જે છે તેની, તેની સર્વ શક્યતાઓની માગણી કરવામાં આવે છે. એનો અર્થ એ છે કે — તમારે તમારા જીવનનું અને સર્વ માલીકીની વસ્તુઓનું સમર્પણ કરવાનું છે, તેનાથી વધારે કશાનું નહિ. તમે જે છો તેને સમર્પિત કરો. તમારી પાસે જે કાંઈ છે તેનું સમર્પણ કરો. તે રીતે તમારી ભેટ પરિપૂર્ણ બની જશે. આનો આધાર આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી જોતાં તમારી તે ભેટ પરિપૂર્ણ બની જશે. આનો આધાર તમારી ધન-સંપત્તિની રકમ ઉપર અથવા તમારા સ્વભાવમાં રહેલી શક્તિઓની સંખ્યા પર નથી હોતો. તેનો આધાર તમારી ભેટની પરિપૂર્ણતા પર હોય છે, તમારી ભેટની સમગ્રતા પર હોય છે. મેં એક ભારતીય પુરાણ-ગ્રંથમાં આ વાર્તા વાંચી હતી, જે મને યાદ આવે છે. એક બહુ જ ગરીબ, વૃદ્ધ સ્ત્રી હતી. તેની પાસે કાંઈ જ ન હતું. તે નિરાધાર હતી, અનાથ હતી. તે એક દુઃખમય, નાનકડી ઝૂંપડીમાં રહેતી હતી. તે સ્ત્રીને એક કેરીનું ફળ આપવામાં આવ્યું હતું. તેણે તેમાંથી અડધી કેરી ખાધી હતી, અને બાકીની અડધી બીજા દિવસ માટે રાખી હતી, કારણ કે —કેરી જેવું આશ્ચર્યકારક ફળ તેને ભાગ્યે જ પ્રાપ્ત થતું હતું. રાત પડી ત્યારે કોઈક તેની ઝુંપડીનું ખખડી ગયેલું દ્વાર ખખડાવ્યું. તે ત્યાં રાતવાસો ગાળવા માગતો હતો. તેણે તે સ્ત્રીને કહ્યું કે — 'હું તમારી ઝુંપડીમાં અતિથિ બનીને આશ્રય માગું છું. હું ભૂખ્યો છું.' તે સ્ત્રી બોલી કે — 'તમને ગરમી આપવા માટે મારી પાસે અગ્નિ નથી, કામળો નથી; મારી પાસે માત્ર અડધી કેરી છે; મેં અડધી ખાધી છે, તે જોઈએ તો હું તે તમને આપું.' તે અતિથિ ભગવાન શિવ પોતે હતા. તે સ્ત્રીએ પોતાની તથા પોતાની પાસે જે કાંઈ હતું તેની પરિપૂર્ણ ભેટ આપી હતી; તેથી તે આંતર જ્યોતિથી પરિપૂર્ણ બની ગઈ.

મને તે વાર્તા ભવ્ય લાગી. તે સમર્પણની ભાવનાને સુંદર રીતે સ્પષ્ટ કરે છે. સર્મપણ એવું જ હોવું જોઈએ.

શ્રીમંત લોકો પાસે જીવનમાં અનેક વસ્તુઓ હોય છે. પણ વધેલી વસ્તુઓમાંથી તેઓ ભગવાનને ભેટ ધરાવતા હોય છે, તેમની પાસે જરૂર કરતાં વધારે પૈસા હોય છે, જરૂર કરતાં વધારે વસ્તુઓ હોય છે. અને ઉદારતા-પૂર્વક તેમાંથી તેઓ ભગવાનને ભેટ ધરાવતા હોય છે. કશું જ ન આપવા કરતાં તે વધારે સારું છે. પણ તે વધારેમાંથી અપાયેલી ભેટ લાખો રૂપીઆની હોય, તો પણ તે અડધી કેરી કરતાં ઓછી ભેટ છે. કારણ કે ભેટનું મૂલ્ય જથ્થા ઉપરથી અથવા ગુણવત્તા ઉપરથી નથી અંકાતું. તેનું મૂલ્ય સમર્પણમાં રહેલી દિલની સચ્ચાઈ પરથી અને સમર્પણની સમગ્રતા ઉપરથી અંકાય છે.

પણ સામાન્ય જીવનમાં, જ્યારે શ્રીમંત માણસો પોતાની સંપત્તિ ભગવાનને અર્પણ કરતા હોય છે, ત્યારે ભગવાન તેમની સામે નથી હોતા. તો પછી કોને સંપત્તિ આપે? પૈસા ક્યાં આપવા તે તેઓ જાણતા હોતા નથી.

હા, પણ પછી તો પ્રશ્ન ઊભો જ થતો નથી. જો તેમણે પોતાની અંદર કે બહાર ભગવાનને પ્રાપ્ત ન કર્યા હોય, તો પછી પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી. જેમને તે જાણતા હોતા નથી તેમને આપવાનું તેમને કહેવામાં આવતું નથી.

જો તેમણે પોતાની અંદર ભગવાનને પ્રાપ્ત કર્યા હોય, તો પોતાની પાસે જે કાંઈ હોય તેના ઉપયોગ માટે તેમણે માત્ર ભગવાનના સૂચનને જ અનુસરવાનું રહે છે. જો તે પ્રાપ્ત કરેલાં સૂચનોને દિલની સચ્ચાઈ-પૂર્વક અને ચોક્કસપણે અનુસરે, તો તેમની પાસે માત્ર એટલી જ માગણી કરવામાં આવે છે. પણ ત્યાં સુધી, કોઈની પાસે કોઈ પણ વસ્તુની માગણી કરવામાં આવતી હોતી નથી.

જ્યારે કોઈ માણસ કહે છે કે — 'હું આ રહ્યો; મારે ભગવાનને મારી જાત સમર્પિત કરવી છે,' ત્યારે જ તે પ્રશ્ન પૂછવાની શરૂઆત કરતો હોય છે, તે પૂછવાની ક્ષણથી, બધું બરાબર — ઠીકઠાક થઈ રહે છે, ત્યાર પહેલાં નહિ. ત્યાર પહેલાં, જો તમે તમારા ખિસ્સામાંથી એક સિક્કો કાઢીને ત્યાં મૂકો, તો તે સારું છે — બહુ સારું છે. જે તમને કરવા જેવું લાગ્યું તે તમે કર્યું છે; બસ, એટલું જ — તમારી પાસે કોઈ વસ્તુની માગણી કરવામાં આવતી જ હોતી નથી. ભગવાન તમને સ્વીકારે તેવી માગણી કરવી અને સદ્-ભાવનાભર્યું કોઈ કૃત્ય કરવું — એ બે વચ્ચે મોટો તફાવત છે; પણ તમારા જીવનમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાનો જરા પણ આશય રાખ્યા સિવાય તે અપાવું જોઈએ.

સામાન્ય જીવન જીવનાર લોકો સદ્-ભાવનાથી એવું કોઈ કૃત્ય કરે, તો

તે તેમને માટે વધારે સારી વાત છે; તે તેમને માટે ભાવિ જીવનો માટે પૂર્વ-કૃત્યોનું સર્જન કરે છે. પણ તે તે ક્ષણથી જ કે જ્યારે તમે કહો છો કે — "હવે મને ખાતરી થઈ ગઈ છે કે મારે માટે માત્ર દિવ્ય જીવન જ મહત્ત્વનું છે, મારે દિવ્ય જીવન જીવવું છે." તે ક્ષણથી જ કોઈ તમારી પાસે માગણી કરે છે, ત્યાર પહેલાં નહિ.

માતાજી, કેટલાક લોકો અહીં આવે છે. તેઓ શ્રીમંત અને ખૂબ ભક્ત હોય છે. તેઓ પોતાની ભક્તિ દેખાડે છે. પણ જ્યારે પૈસા આપવાની વાત આવે છે, ત્યારે તેઓ સોદો કરે છે. પછી આપણે તેમની સાથે મૈત્રીભાવને કેવી રીતે ટકાવી શકીએ?

શું?

તેઓ ભક્તિ-ભાવવાળા હોય છે, તેઓ ભક્તિભાવ દેખાડતા હોય છે...

કઈ રીતે? ભગવાન પાસેથી બને તેટલું કઢાવી લેવા વડે?

....પણ જ્યારે પૈસા આપવાની વાત આવે છે, ત્યારે તે સોદો કરે છે, ગણતરી કરે છે.

મેં તેનો જવાબ આપી દીધો છે. ભગવાન પાસેથી બને તેટલું કઢાવી લેવાના વિચારથી તેઓ આવતા હોય છે — સર્વ ગુણો, સર્વ શક્તિઓ, સર્વ સગવડો, સર્વ એશ-આરામ, બધું જ, કેટલીક વાર તો સિદ્ધિઓ પણ. તેઓ લેવા માટે આવે છે, આપવા માટે નહિ. ભક્તિનો તેમનો દેખાડો એ તેમની લેવાની ઇચ્છા ઉપર નાખેલો માત્ર બુરખો હોય છે. તે ઇચ્છાઓ વિશાળ ક્ષેત્રને આવરી લેતી હોય છે — પોતાનો ઉદ્ધાર કરવાની ઇચ્છા, આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા, સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા; ક્ષુદ્ર, શાન્ત, સગવડ-ભર્યું, થોડી કે વધારે સગવડોવાળું જીવન જીવવાની ઇચ્છા — જેમાં કોઈ ચિંતાઓ કે મગજ પર બોજો ન હોય તેવા જીવનની ઇચ્છા. આમ ઇચ્છાઓ વિશાળ ક્ષેત્રને આવરી લેતી હોય છે. પણ જ્યારે તેઓ કાંઈ આપે છે, ત્યારે તેઓ સોદો કરતા હોય છે. તેઓ જાણતા હોય છે કે આ બધી વસ્તુઓ મેળવવા માટે થોડુંક કાંઈક

આપવું એ ઠીક છે; નહિ તો તે વસ્તુઓ અમને પ્રાપ્ત નહિ થાય; તેથી તેઓ ભક્તિભાવનો દેખાડો કરતા હોય છે. પણ તે માત્ર દંભ હોય છે, કારણ કે તેમાં દિલની સચ્ચાઈ નથી હોતી.

તેમની કમનસીબી એ છે કે તે દંભ કોઈને છેતરી શકતો હોતો નથી. તે દંભને સહન કરી લેવામાં આવે, પણ તેનો અર્થ એવો નથી કે કોઈ તેમનાથી છેતરાય છે.

અસ્તિત્વના સર્વ ભાગોમાં સોદાબાજી હોય છે. ઉચ્ચતમ આધ્યાત્મિક અનુભૂતિઓથી માંડીને તે નાનામાં નાની ભૌતિક જરૂરિયાતો સુધી, બધે જ આપ-લેનો સોદો હોય છે. સોદા સિવાય આપનાર માણસ હજારમાં એક પણ નથી હોતો.

મેં તમને જે વાર્તા કહી હતી — એવી અનેક વાર્તા અહીં છે — તેનું સૌન્દર્ય એ છે કે જ્યારે તે વૃદ્ધ સ્ત્રીએ અડધી કેરી આપી, ત્યારે તે જાણતી ન હતી કે એ અતિથિ શિવ ભગવાન હતા. તેણે આપવાના આનંદ ખાતર, એક સત્કાર્ય કરવા ખાતર, રસ્તે જતા ભિખારીને દાન કર્યું હતું. તે જાણતી ન હતી કે તે ભગવાન શિવ છે; તે તેને બદલામાં મુક્તિ કે જ્ઞાન આપશે.

(એક શિષ્ય તરફ જોઈને) તેના મનમાં હજી પણ કોઈ તોફાન રમી રહ્યું છે. તે શું છે?

હું એમ કહેવા માગતો હતો કે આ કામનાઓ કાર્યની ઇચ્છાથી શરૂ થાય છે, અને ભગવાન જ તેમની દોરવણી કરતા હોય છે. પણ જ્યારે માણસ સમજે છે કે હવે કોઈ કામના ન રહેવી જોઈએ, મારે માત્ર આપી છૂટવું જ જોઈએ, ત્યારે પણ તે સાચું દાન બનતું હોતું નથી. આમ લાંબા વખત સુધી ચાલ્યા કરતું હોય છે. શા માટે?

તે શું કહેવા માગે છે તે હું સમજી શકતી નથી. (બીજા શિષ્યને) તમે તેનો અનુવાદ કરો!

માણસ પોતાની અભીપ્સા સાથે કામના સંમિશ્રિત કરીને શરૂઆત કરતો હોયછે.

હા, શ્રી અરવિંદે તે જ વાત લખી છે.

ત્યારે સાધકને ભાન થાય છે કે તેમાં કામના ભળી ગઈ છે; પણ તે કામનાનો ત્યાગ કરી શકતો હોતો નથી.

(પહેલા શિષ્યને) તમે તે કહેવા માગતા હતા?

ના! (હસાહસ) **થોડુંક.**

તમે તેવું કહેવા માગતા હતા, અને થોડુંક બીજું કંઈક!

માતાજી, આપે કહ્યું કે તે દંભ સહન કરી લેવાય; પણ સહન કરવાનો પણ સમય હોય છે. જ્યારે તે સહન કરવાના સમયને વટાવી જાય, અને અટકે નહિ —તે પ્રશ્ન છે.

પછી શું થાય છે?

તે એમ પૂછવા માગે છે કે ત્યારે માણસે શું કરવું જોઈએ?

આહ, છેવટે..

શું કરવું જોઈએ? સાચા દિલના બનો.

ફળમાં હંમેશાં નાનો જીવડો રહેતો હોય છે. માણસ પોતાની જાતને કહેતો હોય છે કે ઓહ, હું તેને દૂર કરી શકતો નથી. તે વાત ખોટી છે. જો માણસ તેને દૂર કરવા માગતો હોય, તો તે તેમ કરી શકે છે.

કેટલાક લોકો મને કહેતા હોય છે કે મારામાં સંકલ્પ-બળ નથી. તેનો અર્થ એ થયો કે તમારામાં દિલની સચ્ચાઈ નથી. કારણ કે જગતમાં રહેલાં બધાં સંકલ્પ-બળો કરતાં દિલની સચ્ચાઈ અનંતગણી વધારે શક્તિશાળી છે. એક આંખના પલકારામાં તે ગમે તે વસ્તુને પલટી નાખી શકે છે. તે વસ્તુને તે પકડે છે, બહાર ખેંચી કાઢે છે, અને પછી બધું પતી જાય છે. પણ તમે તમારી આંખો બંધ કરી દેતા હો છો, તમારે માટે બહાનાં શોધતા હો છો.

બધો સમય તેની તે સમસ્યા આવીને ખડી થઈ જતી હોય છે.

તે પાછી આવે છે, કારણ કે તમે તેને પરિપૂર્ણ રીતે બહાર ખેંચી કાઢી હોતી નથી. તમે માત્ર ડાળી કાપો છે; તેથી તે ફરી ઊગે છે.

કામના અનેક રૂપો ધારણ કરતી હોય છે.

હા. જ્યારે જ્યારે તે આવે, ત્યારે તમારે તેને બહાર કાઢી ફેંકી દેવાની હોય છે, ત્યાં સુધી કે જ્યારે તે ફરી આવે જ નહિ.

આપણે તેને વિષે વાત કરી છે. ક્યાં? ઓહ, હું ધારું છું કે તે વાત 'લાઈટ્સ ઑન યોગ'માં આવી હતી. તમે તમારી ચેતનાના એક ભાગમાંથી કામનાને બીજા ભાગમાં ધકેલી મૂકતા હો છો. ફરી તમે તેને ધકેલી દો છો. અને તે અવ-ચેતનામાં ચાલી જાય છે. પછી જો તમે સાવધાન — જાગ્રત નહિ હો, અને એમ માની લેશો કે મેં કામનાને નિર્મૂળ કરી નાખી છે, તો થોડાક સમય પછી ફરી તે પોતાનું મુખ દેખાડશે. પછી જ્યારે તમે તેને અવ-ચેતનામાંથી પણ બહાર કાઢી નાખશો, ત્યારે તે અચેતનતામાં ચાલી જશે. ત્યાં પણ તેને શોધી કાઢવા માટે તમારે તેનો પીછો પકડવો પડશે.

પણ એક એવો સમય આવે છે, જ્યારે કામના નિર્મૂળ થઈ ગઈ હશે.

માત્ર માણસ હંમેશાં બહુ ઉતાવળિયો હોય છે. તે તે કામને જલદી પૂરું કરી દેવા માગતો હોય છે. જ્યારે તે પ્રગતિ કરતો હોય છે, ત્યારે તે કહેતો હોય છે કે મેં પ્રયત્ન કર્યો, હવે મને તેનું ફળ મળવું જોઈએ.

હકીકતમાં, તેને પ્રગતિમાં આનંદ નથી, તેથી તે તેમ કરતો હોય છે. પ્રગતિમાં રહેલો આનંદ એમ કહેતો હોય છે કે (તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કર્યું હોય, દા. ત. આપણે જે લક્ષ્ય રાખ્યું છે તે અતિ-માનસિક જીવનનું, અતિ-માનસિક ચેતનાનું). "આ તો કાળની શાશ્વતીમાં એક અવસ્થા માત્ર છે. આની આગળ બીજી કોઈક વસ્તુ પણ હશે. ત્યાર પછી ત્રીજી, પછી ચોથી કોઈક વસ્તુ હશે. મારે તો હંમેશાં આગળ જવાનું જ છે." તે તમને આનંદથી પરિપૂર્ણ બનાવી દે છે. પણ "આહ, હવે હું બેસીને આરામ લઈ શકું છું. લક્ષ્ય-પ્રાપ્તિ થઈ ગઈ છે. મેં જે કર્યું છે તેની હવે હું મોજ માણીશ" — આ વિચાર કેવો નીરસ છે! તેથી માણસ તરત જ વૃદ્ધ અને વામણો બની જાય છે.

યૌવનની વ્યાખ્યાઃ યૌવન એટલે સતત વૃદ્ધિ અને પ્રગતિ; શક્તિઓની શક્યતાઓની, કાર્યના ક્ષેત્રની, ચેતનાના પ્રદેશની, વીગતોમાં કાર્યની, પ્રગતિની વૃદ્ધિ.

સ્વાભાવિક રીતે જ, કોઈકે મને કહ્યું કે જ્યારે માણસ વૃદ્ધિ પામતો અટકી જાય છે, ત્યારે તે યુવાન રહેતો નથી, બરાબર ને? મેં જવાબ આપ્યો, "અલબત્ત. હું એવી કલ્પના નથી કરતી કે માણસ શાશ્વત રીતે વૃદ્ધિ પામ્યા જ કરે છે. પણ માણસ કેવળ શારીરિક કરતાં બીજી રીતે વૃદ્ધિ કરી શકે છે."

માનવ જીવનમાં, સમયના ક્રમિક ગાળાઓ હોય છે. તમે જેમ જેમ આગળ વધો છો તેમ તેમ કોઈક વસ્તુનો એકરૂપમાં અંત આવે છે, અને તે તેનું રૂપ બદલે છે. સ્વાભાવિક રીતે જ, અત્યારે આપણે નીસરણીના છેક ઉપરના પગથિયે આવીએ છીએ અને પછી નીચે ઊતરીએ છીએ. પણ એ તો સાચે જ શરમ-જનક કહેવાય. તેમ ન બનવું જોઈએ. તે એક ખરાબ ટેવ છે. પણ જ્યારે આપણે વૃદ્ધિ પામવાનું પૂરું કરીએ, જ્યારે આપણે એવી ઊંચાઈ પર પહોંચીએ કે જેને આપણે શ્રેષ્ઠ કહેતા હોઈએ, ત્યારે આપણે આ વૃદ્ધિ પામવાની શક્તિને બીજી કોઈ શક્તિમાં રૂપાંતરિત કરી શકીએ, કે જે આપણા શરીરને પરિપૂર્ણ બનાવે, તેને વધારે ને વધારે બળવાન તથા નીરોગી બનાવે; તેનામાં વધુ ને વધુ પ્રતીકાર કરવાની શક્તિ આવે, અને આપણે શારીરિક સૌન્દર્યનો નમૂનો બનવા માટે શારીરિક વ્યાયામનો અભ્યાસ કરીએ. સાથે-સાથે આપણે ચારિત્ર્યની, ચેતનાની, જ્ઞાનની, સિદ્ધિઓની, ભગવાનના સાક્ષાત્કારની, તેમના આશ્ચર્યજનક કલ્યાણની અને સત્યની, તેમના પરિપૂર્ણ પ્રેમની પરિપૂર્ણતા લાવવા માટે ધીમે-ધીમે શરૂઆત કરીશું.

આ સતત ચાલુ રહેવું જોઈએ. જ્યારે ચેતનાની અમુક ભૂમિકા પ્રાપ્ત થાય, જ્યારે આ ચેતનાનો ભૌતિક જગતમાં સાક્ષાત્કાર થાય, જ્યારે તમે આ ચેતનાના પ્રતિબિંબમાં ભૌતિક જગતનું રૂપાંતર સિદ્ધ કરો, ત્યારે તમે હજી પણ એક પગથિયા પર આરોહણ કરી શકો, અને બીજી ચેતનામાં પ્રવેશ કરો; ફરી પાછી શરૂઆત કરો.

પણ આ વાત આળસુ લોકો માટે નથી. તે પ્રગતિ ઇચ્છતા લોકો માટે છે. તે એવા લોકો માટે નથી, કે જે આવીને કહે કે — "ઓહ, મેં મારા જીવનમાં સખત પરિશ્રમ કર્યો છે. હવે મારે આરામ કરવો છે. કૃપા કરીને તમે મને આશ્રમમાં એક જગ્યા આપશો?" હું તેમને કહેતી હોઉં છું કે "અહીં નહિ. આ આરામ માટેનું સ્થાન નથી, કારણ કે તમે સખત પરિશ્રમ કર્યો છે. પહેલાંના કરતાં વધારે સખત કામ કરવા માટેનું આ સ્થાન છે." પહેલાં હું તેમને રમણ મહર્ષિ[1] પાસે મોકલી આપતી હતી. હું તેમને કહેતી કે ત્યાં જાઓ; ત્યાં

૧. દક્ષિણ ભારતના એક સંત, જેમણે ૧૯૫૦ના એપ્રિલમાં પોતાનો દેહ છોડી દીધો હતો. તેમણે

તમને ધ્યાનમાં આરામ મળી રહેશે. હવે એ શક્ય નથી એટલે હું તેવા લોકોને હિમાલયમાં મોકલું છું. હું તેમને કહું છું કે હિમાલય જઈને સનાતન બરફ સામે બેસો; તેથી તમને ફાયદો થશે.

આજ માટે આટલું બસ છે.

*

ધ્યાન-ચિંતન માટે એક પરંપરાગત આશ્રમની સ્થાપના કરી હતી.

વાર્તાલાપ —૦૩

૧૮ જાન્યુઆરી ૧૯૫૬

મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં લખે છે કે "પ્રથમની અવસ્થામાં માણસે નિમ્નતર પ્રકૃતિનાં કરણો વડે કાર્ય કરવું પડે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૭૯)

આ કાર્ય કયું છે, અને તે કેવી રીતે સિદ્ધ થાય છે?

આ કાર્યમાં એક વિધેયાત્મક બાજુ હોય છે, અને બીજી નિષેધાત્મક બાજુ હોય છે.

વિધેયાત્મક બાજુ એ છે કે માણસે પોતાની અભીપ્સા વધારવી, પોતાની ચેતનાનો વિકાસ કરવો, પોતાના ચૈત્ય અસ્તિત્વ સાથે વધુ ને વધુ સંપર્ક સાધવા માટે અંદર જવું, પોતાના અસ્તિત્વને એકત્રિત કરવું, પોતાના અસ્તિત્વના સર્વ ભાગોને, સર્વ ગતિઓને, સર્વ ક્રિયાઓને લઈને ચૈત્ય-ચેતના સામે મૂકવી જેથી તે બધાં કેન્દ્રના સંબંધમાં પોત-પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરે; છેવટે પોતાની સર્વ અભીપ્સાને ભગવાન પ્રત્યે સંગઠિત કરવી, ભગવાન પ્રત્યેની પોતાની પ્રગતિમાં સંગઠિત કરવી. આ વિધેયાત્મક બાજુ છે.

તેની સાથે-સાથે નિષેધાત્મક બાજુનું કાર્ય પણ માણસે કરવાનું છે, તે આ રીતેઃ બહારથી, અવ-ચેતનામાંથી, અચેતનતામાંથી, વાયુમંડળમાંથી આવતી સર્વ અસરોનો અને જે અસરો આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ-રૂપ છે તેમનો વિવેક-પૂર્વક અને પદ્ધતિસર ઇન્કાર કરવો — માણસે આ અસરોને, સૂચનોને, આવેગોને પકડી પાડવાં અને પદ્ધતિ-પૂર્વક તેમનો ઇન્કાર કરવો. તે બધાં આગ્રહ-પૂર્વક વારંવાર આવે, તો નિરાશ ન થવું, તેમના સંકલ્પને તાબે ન થવું. સાથે-સાથે, પોતાના અસ્તિત્વમાં તેનાં ભિન્ન-ભિન્ન તત્ત્વોનું અવલોકન કરવું, જે તત્ત્વો અસ્પષ્ટ, અહંતાપૂર્ણ, અચેતન, અથવા દુષ્ટ સંકલ્પવાળાં હોય અને જે સભાનપણે કે અભાનપણે આ દુષ્ટ અસરોને પ્રત્યુત્તર આપતાં હોય, તેમને પોતાની ચેતનામાં માત્ર પ્રવેશવા ન દેવાં, એટલું જ નહી પરંતુ તેમાં કોઈક વાર

પણ સ્થાન જમાવવા ન દેવાં. આ નિષેધાત્મક બાજુ છે.

તે બંને બાજુઓને એકી-વખતે આચરણમાં મૂકવી. ક્ષણ અનુસાર, સંયોગ અનુસાર, આંતર તૈયારી અનુસાર, તમારે એક યા તો બીજી બાજુ પર આગ્રહ રાખવો, પણ તે બેમાંથી એક પણ બાજુને ભૂલવી નહિ.

મોટે ભાગે, એક બાજુ પર કરેલી બધી પ્રગતિ પર બીજી બાજુનાં વિરોધી બળો આક્રમણ કરતાં હોય છે. એટલે, જેમ જેમ તમે વધારે પ્રગતિ કરો, તેમ તેમ તમારે વધારે સાવધાન રહેવું જોઈએ. સૌથી વધારે આવશ્યક ગુણ છે ખંત, સહિષ્ણુતા, અને એક પ્રકારનો આંતર ખુશ-મિજાજ, જે તમને નિરૂત્સાહ બનવા દેતો નથી, દિલગીર થવા દેતો નથી, અને સર્વ મુશ્કેલીઓનો સ્મિત-પૂર્વક સામનો કરવાનું બળ આપે છે. અંગ્રેજીમાં તેને માટે કોઈ યોગ્ય શબ્દ નથી, પણ આપણે તેને ખુશ-મિજાજ આનંદીપણું કહી શકીએ. જો તમે તેને તમારી અંદર રાખશો, તો તમે, તેના પ્રકાશમાં, પ્રગતિમાં અવરોધ કરતી દુષ્ટ અસરો સાથે વધારે સારી રીતે યુદ્ધ કરી શકશો, વધારે સારી રીતે તેમનો પ્રતીકાર કરી શકશો.

આ કાર્ય છે. તે વિશાળ અને જટિલ છે. માણસે કોઈ પણ વસ્તુને ભૂલી જવાની નથી.

મધુર માતાજી, "પરમાત્માએ પોતાનો પ્રકાશમય હસ્ત પોતાનાં અદ્‌ભુત પ્રકાશ-શક્તિ અને આનંદના પસંદ કરાયેલા માનવ-પાત્ર પર મૂક્યો છે."

(એજન, પૃષ્ઠ ૮૧)

પરમાત્મા, પોતાના કરણ તરીકે, માનવને પસંદ કરે છે કે પછી માણસ તેમનું કરણ બનવાનું પસંદ કરે છે?

તમારી મરજી મુજબ, તમે તે બેમાંથી ગમે તે એક અર્થ ઘટાવી શકો છો. કોણે પસંદગીની શરૂઆત કરી તે કહી શકાય તેમ નથી! પણ મોટે ભાગે તે બંને વસ્તુઓ એકી-સાથે બનતી હોય છે.

જો તમે પૂર્વાપરતાનો ક્રમ માગતા હો, તો એ વાત સ્પષ્ટ છે કે પરમાત્મા માણસની પહેલાં હોય છે, એટલે પરમાત્માએ પહેલી પસંદગી કરી હોવી જોઈએ! પણ તે પસંદગી પાર્થિવ જીવન પહેલાં થઈ ચૂકી હતી. સામાન્ય

માનવ-ચેતનાના ક્રમમાં બેમાંથી ગમે તે એકે પહેલી પસંદગી કરી હોય અથવા બંને જણે એકી-વખતે પસંદગી કરી હોય. હકીકતમાં, એવો સંભવ છે કે-પરમાત્માએ પ્રથમ જોયું હોય કે આ માણસ તૈયાર છે કે પેલો? પણ જે તૈયાર હોય છે, તે મોટે ભાગે તે વાત જાણતો હોતો નથી; તેથી તેના મન પર એવી છાપ પડે છે કે મેં પસંદગી કરી છે, નિર્ણય લીધો છે. પણ તે વાસ્તવિકતા કરતાં વધારે પ્રમાણમાં મન પર પડેલી છાપ હોય છે.

એક વાર તમારી પસંદગી કરવામાં આવે, પછી તેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી; તમે પ્રયત્ન કરો છતાં પણ તમે છટકી શકતા નથી.

મધુર માતાજી, અહીં હું સમજૂતી માગું છું: "છેલ્લા સમયના ગાળામાં, કોઈ પણ પ્રયાસ કરવાનો હોતો નથી, કોઈ નિશ્ચિત પદ્ધતિ કે સાધના હોતી નથી. પ્રયાસનું અને તપસ્યાનું સ્થાન, વિશુદ્ધ અને પરિપૂર્ણ બનેલી પાર્થિવ પ્રકૃતિરૂપી કળીમાંથી ખીલેલું — પ્રગટ થયેલું પરમાત્મા-રૂપી પુષ્પનું પ્રગટીકરણ લે છે, જે પ્રગટીકરણ સ્વાભાવિક, સરળ, શક્તિશાળી, અને સુખમય હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૧)

તે કાવ્યમય સ્વરૂપમાં છે.

પણ તમને તેમાં શું નથી સમજાતું? તે શા માટે કળીની અને પુષ્પની વાત કરે છે?

હું આ પ્રશ્ન પૂછું છું, કારણ કે કળી તો પ્રયાસ કર્યા સિવાય પુષ્પરૂપે ખીલતી હોય છે; પણ આપણે તો પ્રયત્ન કરવો પડે છે, નહિ વારુ?

શ્રી અરવિંદ કહે છે કે જ્યારે માણસ તૈયાર બન્યો હોય છે, ત્યારે આમ બને છે. તમે વિચાર કરતા થઈ જાઓ તેટલા માટે શ્રી અરવિંદ લખે છે કે પ્રયત્ન સિવાય કળી ખીલે છે. એટલે જ્યારે પ્રકૃતિ તૈયાર બને છે, ત્યારે સાધકની બાબતમાં કળીના જેવું જ થતું હોય છે.

'પ્રયત્ન' શેને કહેવામાં આવે છે તે હું જાણતી નથી. છોડ પ્રયત્ન કરે છે કે નહિ તે નિશ્ચિત નથી. ગમે તેમ પણ, છોડમાં અભીપ્સા હોય છે. છોડ પ્રકાશ પ્રત્યે, સૂર્ય પ્રત્યે, ખુલ્લી હવા પ્રત્યે અભીપ્સા કરતા હોય છે, અને તેથી તે

ઊગતા હોય છે.

એ એક પ્રકારની હરીફાઈ હોય છે. જો કોઈ માણસ ઘણા છોડવાળા જંગલમાં કે ઉદ્યાનમાં જાય, તો તેને જણાશે કે છોડોમાં પ્રકાશને તથા ખુલ્લી હવાને પહોંચવા માટે માંહ્યોમાંહ્ય હરીફાઈ ચાલતી હોય છે. તે જોવું તે સાચે જ આશ્ચર્યજનક છે.

શ્રી અરવિંદ એમ કહેવા માગે છે કે જ્યારે માણસે પૂરી તૈયારી કરી લીધી હોય છે. જ્યારે પ્રકૃતિ તૈયાર બની હોય છે, ત્યારે છેલ્લી ગતિ સ્વયંભૂ ખીલવા સમાન હોય છે, તેમાં કશો પ્રયત્ન કરવાનો હોતો નથી, તે એક પ્રત્યુત્તર-રૂપ હોય છે. તે અસ્તિત્વમાં થતું એક દિવ્ય કાર્ય હોય છે. માણસ તૈયાર હોય છે, ક્ષણ આવી પહોંચે છે, અને કળી ખીલી ઊઠે છે.

જેમ છોડોમાં હોય છે તેમ, બાળકોમાં પણ વૃદ્ધિ માટે અભીપ્સા હોય છે?

હા —ઘણી વાર તે સચેતન હોય છે, તેમને ઊંચા થવું ગમતું હોય છે.

શું ઊંચા થવું કે ટૂંકા —તે તેમની અભીપ્સા પર આધાર રાખે છે?

અમુક સમયે. હા. મેં એવાં બાળકો જોયાં છે, જેમનામાં વૃદ્ધિ પામવા માટે બળવાન સંકલ્પ હતો, અને તેથી તે ઊંચાં બન્યાં હતાં.

બાળક ન હોય તેવા માણસો પર પણ તેની અસર થતી હોય છે. મેં એવા ૨૫ વર્ષની ઉમ્મરના માણસો જોયા છે, જે વધારે ઊંચા બન્યા હતા, કારણ કે તેમને વધારે ઊંચા બનવાની ખૂબ ઇચ્છા હતી. હું તેવા લોકો વિશે વાત નથી કરતી, કે જેઓ વ્યાયામ કરતા હતા, કારણ કે વ્યાયામથી માણસો પોતાના શરીરમાં ખૂબ ફેરફાર કરી શકે છે. હું અભીપ્સાની, આંતર સંકલ્પની પણ વાત નથી કરતી. ૨૫ વર્ષ સુધી શરીર પૂરતું સ્થિતિસ્થાપક હોય છે. પાછળથી માણસે શારીરિક વ્યાયામ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો આશ્રય લેવો પડે છે. જો તે જ્ઞાનપૂર્વક અને પદ્ધતિ-પૂર્વક કરવામાં આવે, તો અદ્‌ભુત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. પણ હમેશાં તેની પીઠમાં સંકલ્પ હોવો જોઈએ. તે બહુ અગત્યની વસ્તુ છે. એક પ્રકારની જક્કી અભીપ્સા હોવી જોઈએ, જ્ઞાન અને શ્રદ્ધા હોવા જોઈએ, જેથી માણસ જડ ન બની જાય.

છોડ જેમ મૂળના બીજથી મર્યાદિત છે તેમ માણસ પોતાની જાતિથી

મર્યાદિત હોય છે. છતાં પણ પરિવર્તન માટે વિશાળ ક્ષેત્ર છે. દા. ત. મેં ઘણાં એવાં બાળકો જોયાં છે, જે તેમનાં માતા-પિતા કરતાં વધારે ઊંચાં હતાં, અને જે સાચી રીતે વધારે ઊંચાં બનવા માગતાં હતાં. અલબત્ત, તે અમુક પ્રતિરોધની સામેની વસ્તુ હતી, અમુક મર્યાદાઓમાં હતી; પણ માણસ મર્યાદાને થોડીક હઠાવી શકે છે.

આનુવંશિકતાના સિદ્ધાંત અનુસાર, એમ કહેવાય છે કે આનુવંશિકતા પેઢીઓ સુધી વિસ્તરતી હોય છે. કેટલાંક કુટુંબોમાં, કમથી કમ એક સભ્ય ઊંચો ન હતો, કે જે પૌત્રોની અને પ્ર-પૌત્રોની ઊંચાઈને પ્રમાણિત ઠેરવી શકે.

મધુર માતાજી, શારીરિક રીત કરતાં ભિન્ન રીતે છોડ ઊગી શકે?

છોડોમાં મહાન પ્રાણ-શક્તિ હોય છે. તે પ્રાણ-શક્તિ ખૂબ કાર્ય કરતી હોય છે. વળી તે જાતિની એક પ્રતિભા હોય છે, જે ચેતના છે. છોડોમાં સક્રિય ચેતના કાર્ય કરતી હોય છે.

જાતિની પ્રતિભામાં ચૈત્યિક અસરને પ્રત્યુત્તર આપવાની શરૂઆત હોય છે. અમુક પુષ્પોમાં સ્પષ્ટ રીતે ચૈત્યિક વલણની અને છોડમાં અભીપ્સાની અભિવ્યક્તિ હોય છે, જે બહુ સભાન નથી હોતી, પણ સ્વયંભૂ આવેગ જેવી હોય છે.

તે વાત તદ્દન નિશ્ચિત છે કે જો તમને કોઈ છોડ માટે ખાસ પ્રેમ હોય, જો ભૌતિક દરકાર રાખવા ઉપરાંત તમે તેને પ્રેમ આપતા હો, તેના પ્રત્યે નિકટતા અનુભવતા હો, તો તેની અસર તે છોડ પર પડે છે. તે વધારે સંવાદમય અને સુખમય રીતે ખીલી ઊઠે છે, તે વધારે સારી રીતે ઊગે છે, લાંબું જીવે છે. આ બધું છોડના પોતાના પ્રત્યુત્તર-રૂપે બનતું હોય છે, એટલે, છોડમાં અમુક ચેતનાની હાજરી હોય છે; છોડને ચોક્કસ પ્રાણિક અસ્તિત્વ હોય છે.

માતાજી, છોડને પોતાનું વ્યક્તિત્વ હોય છે? મરણ પછી તે પુનર્જન્મ પામે છે?

એમ બની શકે, પણ તે આકસ્મિક હોય છે.

કેટલાક ખાસ વૃક્ષો છે, જે લાંબા સમય સુધી જીવ્યાં છે, અને જે અચેતન અસ્તિત્વનું, પ્રાણિક અસ્તિત્વનું નિવાસ-સ્થાન બની શકે છે. મોટે ભાગે

પ્રાણિક સત્ત્વો અથવા તો જંગલમાં રહેતાં પ્રાણિક ભૂમિકાનાં અમુક સત્ત્વો વૃક્ષોનો આશ્રય લેતાં હોય છે. પ્રાણિક ભૂમિકાનાં અમુક સત્ત્વો જળમાં રહેતાં હોય છે. એવી પ્રાચીન પુરાણ-કથાઓ છે, તે હકીકતો પર આધારિત છે.

છોડ તે સત્ત્વનું નિવાસ-સ્થાન અથવા આશ્રય-સ્થાન હોય છે, પણ તે છોડે તે સત્ત્વનું સર્જન કર્યું હોતું નથી!

(મૌન)

ભગવાન વડે પસંદગી પામેલું પ્રાણી જન્મથી જ તે વાતને જાણી શકે?

જન્મથી પહેલાં પણ.

કદાચ તેનો જન્મ તે પસંદગીનું પરિણામ હોય છે. મોટે ભાગે એમ જ બનતું હોય છે. પણ તેના જીવનમાં ગમે તે સમયે પણ આ બની શકે. પણ પૂર્વ-નિશ્ચિત થયેલા લોકો માટે, જન્મ પહેલાં તેમ બનતું હોય છે. મોટે ભાગે, તેઓ એક ખાસ આશય સાથે, ખાસ હેતુ માટે પૃથ્વીમાં આવતા હોય છે.

આમ તમારી બાબતમાં બન્યું છે કે કેમ, તે જાણવાની તમને ખૂબ ઇચ્છા છે, નહિ વારુ? (હસાહસ) ઠીક, તે શોધી કાઢવા પ્રયત્ન કરો. આ પ્રકારની આંતર અભીપ્સા રાખો, ધ્યાન કરો, અને પછી પ્રયત્ન કરો. જો તમને પરિણામ પ્રાપ્ત થાય તો મને કહેજો; તે સાચું છે કે નહિ તે હું તમને કહી આપીશ.

(બીજા શિષ્ય તરફ જોઈને) તેના મનમાં હજી કાંઈક છે!

માતાજી, છેલ્લા વાક્ય વિષેના પ્રશ્નને ચાલુ રાખોઃ "પરમાત્માએ પોતાનો પ્રકાશમય હસ્ત, પોતાના અદ્‌ભુત પ્રકાશના, પસંદગી પામેલા, માનવ-પાત્ર પર મૂક્યો છે."

હા.

આ વાત સામાન્યપણે બધાને લાગુ કરી શકાય કે પછી લાખોમાં એક જણ માટે જ?

'સામાન્યપણે'નો તમે શો અર્થ કરો છો? પૃથ્વી પરનો દરેક જણ? તમે એવો

અર્થ કરો છો?

અભીપ્સા રાખતા અને યોગ કરતા, બધા માણસો, કે પછી તે વાત માત્ર એક જ માણસને લાગુ પડે છે?

ઓહ, હવે તમારો પ્રશ્ન નિશ્ચિત આકાર ધારણ કરતો જાય છે! (હસાહસ) ભગવાન માત્ર એક જ વ્યક્તિને પોતાના આવિર્ભાવ માટે પસંદ કરે છે કે ઘણાને? ભગવાન કેટલાકને પસંદ કરે છે.

પણ આમાંયે ચઢતો-ઊતરતો ક્રમ હોય છે. જો તે સાચા ક્રમને માણસ ન જાણે, તો તે આધ્યાત્મિક જીવનની કશી વાત સમજી શકતો નથી.

આજ-કાલ આ વસ્તુ ફેશનમાં નથી. તે એક એવી વસ્તુ છે, કે જેનો પક્ષ માનવ-વિચાર લેતો હોતો નથી. પણ આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી જોતાં, તે આપો-આપ બનતી, સ્વયંભૂ, અ-વિવાદાસ્પદ હકીક્ત છે. એટલે જો ચઢતો-ઊતરતો ક્રમ સત્ય હોય, તો તેમાં દરેકને માટે સ્થાન છે. પોતાના સ્થાનમાં, દરેક વ્યક્તિ માટે તેનું વ્યક્તિગત સત્ય પરમ હોય છે. અર્થાત્ દરેક તત્ત્વ, જે પોતાના સ્થાનમાં સાચી રીતે છે, તેને ભગવાન સાથે સમગ્ર અને પરિપૂર્ણ સંબંધ હોય છે. વળી ચઢતો-ઊતરતો ક્રમ પણ તદ્દન પરમ હોય છે. પણ આધ્યાત્મિક જીવન સમજવા માટે માણસે પ્રથમ આ ક્રમને સમજી લેવો જોઈએ. તે બહુ સહેલું નથી.

દરેક જણ પોતામાં ભગવાનની પરિપૂર્ણ અભિવ્યક્તિ હોઈ શકે — પણ શરત એટલી કે તે પોતાનું સ્થાન જાણે અને તેને ચીટકી રહે.

અને જો તેઓ તે ચઢતા-ઊતરતા ક્રમને ન જાણે, તો તેઓ આ વાતને ન જાણી શકે?

પણ તેઓ ચઢતા-ઊતરતા ક્રમને રચે છે તે જાણવાની તેમને જરૂર નથી. જો તે ભૌતિક (શારીરિક) રીતે આધ્યાત્મિક સંઘનું સંગઠન કરવા માગતો હોય, તો તેને ચઢતા-ઊતરતા ક્રમને સાકાર બનાવવો પડે છે. પણ અત્યારના જગતમાં મોટે ભાગે આ ક્રમમાં એટલી બધી ખાલી જગ્યાઓ છે. કે તે એક ગૂંચવાડા-રૂપ લાગે છે.

પરિપૂર્ણ ચઢતો-ઊતરતો ક્રમ એ સમગ્ર ક્રમ છે. તેને દેશ-કાળ સાથે

કશો સંબંધ હોતો નથી. પણ જ્યારે તમે શારીરિક રીતે — ભૌતિક રીતે તેને સાકાર કરવા માગતા હો છો, ત્યારે તે ખૂબ કઠિન બની જાય છે. તે એક એવું કપડું વણવાની ક્રિયા છે, જેમાં અનેક છિદ્રો હોય, તે છિદ્રો સર્વ-સાધારણ સંવાદિતામાં ભંગ પાડતાં હોય છે. શતરંજના પાટિયા પર હંમેશાં માણસો ખૂટતા હોય છે, પગથિયાં ખૂટતાં હોય છે, સોગટાં ખૂટતાં હોય છે. આ બધું ખૂટતું હોય છે. તેથી તે ગરબડ-ગોટાળા જેવું લાગતું હોય છે. પણ જો દરેક વસ્તુને અભિવ્યક્ત કરવામાં આવે — દરેક વસ્તુ પોતાના યોગ્ય સ્થાને હોય, તો પરિપૂર્ણ સંવાદિતા અને પરિપૂર્ણ ચઢતો-ઊતરતો ક્રમ પ્રગટે.

આ ભૌતિક વિશ્વમાં નહિ, પણ આવિર્ભાવ પામેલા વિશ્વમાં ક્યાંક આ પરિપૂર્ણ ચઢતો-ઊતરતો ક્રમ છે, તે અસ્તિત્વ ધરાવે છે. પણ હજી તે પૃથ્વી પર પ્રગટ થયો નથી.

કદાચ અતિમાનસિક રૂપાંતરનું આ એક પરિણામ હશે. જગત પરિપૂર્ણ, સ્વયંભૂ, તાત્ત્વિક રીતે સત્ય, ચઢતા-ઊતરતા ક્રમના આવિર્ભાવ માટે તૈયાર બનશે. તેમાં કોઈ પ્રકારનું દબાણ નહિ હોય. તેમાં દરેક જણ પોતાની પરિપૂર્ણતાથી સભાન હશે.

માતાજી, આધ્યાત્મિક ચઢતા-ઊતરતા ક્રમનો ચોક્કસ અર્થ શો છે? કારણ કે ક્રમમાં નીચા-ઊંચાનો ભેદ સૂચિત થાય છે, નહિ વારુ?

હા, અને તે તદ્દન ખોટું છે. અથાત્ ભૌતિક રીતે તે તેમ હોય છે. પણ હું એને ચઢતો-ઊતરતો ક્રમ નથી કહેતી.

તો પછી ચઢતો-ઊતરતો ક્રમ એ શું છે?

તે દરેક વ્યક્તિની ખાસ પ્રકૃતિનાં કાર્યોનું તથા ક્રિયામાં તેના પ્રગટી-કરણનું સંગઠન છે.

આપણે ઘણી વાર સરખામણીઓ કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ તે નિરર્થક હોય છે. કારણ કે જે વસ્તુઓને આપણે શારીરિક રીતે જાણીએ છીએ તેમાંની કોઈ પણ વસ્તુ એ સ્થિતિનો પ્રત્યુત્તર આપી શકે તેમ નથી. તમે કહો છો તેમ, તેમાં હંમેશાં ઊંચા-નીચાના ભેદની ભાવના આવી જાય છે. કેટલાક લોકોએ ચઢતા-ઊતરતા ક્રમની સરખામણી શરીરની વિવિધ ક્રિયાઓ સાથે કરી છે. પણ

તે હંમેશાં એવો ખ્યાલ આપે છે કે મસ્તક ઉપર છે અને પગ નીચે-તળિયા પર છે. એટલે તે એક અનિષ્ટ બની જાય છે!

દરેક તત્ત્વ એકી વખતે સમગ્ર ભગવાન છે. તો પછી આપણે ચઢતા-ઊતરતા ક્રમની વાત કેવી રીતે કરી શકીએ?

દરેક તત્ત્વને ભગવાન સાથે સીધો અને પરિપૂર્ણ સંબંધ હોય છે.

પણ શું તે સમગ્ર ભગવાન ન બની શકે?

હા. બધા ભગવાન બને છે, પણ ભગવાનની સમગ્રતા નહિ, કારણ કે ભગવાન સર્વ કાંઈ છે. તમે ભગવાનનો એક ટુકડો લઈને એમ ન કહી શકો કે આ ભગવાન છે. છતાં પણ, પોતાની આધ્યાત્મિક ચેતનામાં, દરેક જણને ભગવાન સાથે પરિપૂર્ણ સંબંધ છે, અર્થાત્ દરેક જણ યથાશક્ય પરિપૂર્ણ રીતે ભગવાન છે. પણ ભગવાનનું પુર્નનિર્માણ કરવા માટે સમગ્ર ભગવાન આવશ્યક છે. તે જ વસ્તુ ચઢતા-ઊતરતા ક્રમનું હાર્દ છે. પણ દરેક જણ પોતામાં પરિપૂર્ણ છે, અને તેથી તેમાં ઊંચા-નીચાની લાગણીને કોઈ સ્થાન નથી.

મને નથી લાગતું કે માનવ માનસિકતા એ વસ્તુને સમજી શકે. મને લાગે છે કે તે વસ્તુ જીવવી જોઈએ. એક વાર તે જીવાય, પછી તે તદ્દન સરળ બની જાય છે, તે તેજોમય રીતે સરળ લાગે છે. પણ મન વડે તેને સમજવું એ શક્ય નથી, કારણ કે દરેક વસ્તુને સમજવા માટે મનને પૃથક્કરણ અને વિભાજન કરવું પડતું હોય છે; નહિ તો તે સમજી જ શકતું હોતું નથી, તે ગૂંચવાઈ જાય છે. તેની કાર્ય કરવાની રીત વડે જ, તે સમજવા અશક્તિમાન બની જાય છે.

(મૌન)

મધુર માતાજી, જ્યાં હકીકતનો આવિર્ભાવ થયો હોતો નથી, ત્યાં સુધી એમ કેવી રીતે કહી શકાય કે તે સિદ્ધ થઈ ગઈ છે? દા. ત. જ્યારે કશું જ દેખાતું હોતું નથી, ત્યારે એમ કેવી રીતે કહી શકાય કે ભગવાને અમુક કરણને પસંદ કર્યું છે?

હા, અંદર, હજી સુધી આવિર્ભાવ નહિ પામેલા જગતમાં નિર્ણય લેવાઈ ગયો હોય છે; પણ તેણે સપાટી પર બહાર આવવું પડે છે.

તે ભારતની સ્વતંત્રતા જેવી વાત છે, જેને વિષે મેં તમને અનેક વાર કહ્યું છે. અમુક ભૂમિકા પર ગયા પછી મેં શ્રી અરવિંદને કહ્યું હતું કે ભારત સ્વતંત્ર છે. મેં એમ કહ્યું ન હતું કે ભારત સ્વતંત્ર બનશે. જ્યારે તે સિદ્ધ હકીકત હતી તેની અને પૃથ્વી પર ભૌતિક જગતમાં તે સ્વતંત્રતા આકાર બની તે બેની વચ્ચે કેટલાં વર્ષોની જરૂર પડી હતી? મેં ૧૯૧૫માં કહ્યું હતું, અને ભારત ૧૯૪૭માં આઝાદ બન્યું, અર્થાત્ ૩૨ વર્ષ પછી. તે પ્રતિરોધનું આબેહૂબ ચિત્ર છે.

વ્યક્તિ માટે પણ તેવી જ વાત છે. કેટલીક વાર તે અનેક વર્ષો લે છે, અને કેટલીક વાર તે ખૂબ ઝડપથી ગતિ કરતું હોય છે.

આપ કહો છો કે મેં ભારતને આઝાદ જોયું.

ના, મેં જોયું ન હતું, પણ આઝાદ ભારતને જાણ્યું હતું.

આપે શ્રી અરવિંદને કહ્યું હતું કે ભારત આઝાદ છે. તે ભારત એક સમગ્ર-રૂપે આઝાદ હતું કે પછી અત્યારે છે તેમ બે ટૂકડાઓમાં?

મારો કહેવાનો અર્થ એ હતો કે ૧૯૪૭માં બન્યું તેમ પરદેશી શાસન ચાલ્યું જશે. બસ, એટલું જ. મેં તેની નૈતિક અથવા આધ્યાત્મિક સ્વતંત્રતાની વાત કરી ન હતી. મેં માત્ર એટલું જ કહ્યું હતું કે ભારત પરદેશી શાસનમાંથી મુક્ત હતું. શ્રી અરવિંદે મને જે પ્રશ્ન પૂછ્યો હતો, તેને જવાબ પણ મેં તે જ ભૂમિકા પરથી આપ્યો હતો કે "હિંસા નહિ થાય. ક્રાંતિ વગર જ આઝાદી આવશે. અંગ્રેજો પોતે જ રાજીખુશીથી ભારત છોડી જશે, કારણ કે વિશ્વના સંજોગો તેમને માટે બહુ ગરમાગરમ બની જશે —" માત્ર એટલો જ મુદ્દો હતો; આમાં કોઈ આધ્યાત્મિક પ્રશ્ન ન હતો.

ઘટનાઓ તે રીતે જ બની. શ્રી અરવિંદને મેં ૧૯૧૫માં કહ્યું હતું. તે ઘટના ત્યાં નિશ્ચિત બની ચૂકી હતી. મેં કોઈ અનુમાન કર્યું ન હતું; આગાહી કરી ન હતી. તે એક હકીકત હતી.

સ્થાપિત હકીકત અને આંતર સાક્ષાત્કાર વચ્ચે જે સમયના ગાળાની જરૂર છે, તેનું ચોક્કસ ચિત્ર આ વાત આપે છે. વ્યક્તિ માટે પણ તે જ વાત છે. તેની

પસંદગી કરવામાં આવી છે. તેણે પસંદગી કરી છે. તેણે ભગવાનની પસંદગી કરી છે અને તેની પસંદગી થઈ છે — તેનો નિર્ણય થઈ ચૂક્યો છે; તે ચોક્કસ સાકાર બનવાનું જ; માણસ પ્રયત્ન કરે તો પણ તે છટકી જઈ શકતો નથી. માત્ર, તેને ખૂબ લાંબો સમય લાગે.

માતાજી, હું પૂછતો હતો... (હસાહસ) આપે કહ્યું કે ભારત ૧૯૧૫માં આઝાદ હતું. પણ ત્યારે તે એ પ્રકારે આઝાદ હતું, જેમ તે અત્યારે છે? કારણ કે ભારત સમગ્ર રૂપે સ્વતંત્ર નથી; તેના ભાગલા પડી ગયા છે.

ઓહ, ઓહ! તમારે તે જાણવું હતું.

તે વખતે વીગતો ત્યાં ન હતી. તે અન્યથા બને તેવી શક્યતા હતી. જ્યારે શ્રી અરવિંદે તેમને અમુક વસ્તુ કરવાનું કહ્યું, તેમને સંદેશ[1] મોકલ્યો, ત્યારે તે જાણતા હતા કે જે પાછળથી બન્યું તેને દૂર રાખવું એ શક્ય હતું. જો નેતાઓએ શ્રી અરવિંદની સલાહ માની હોત, તો ભારતના ભાગલા ન પડ્યા હોત. એનો એ અર્થ થયો કે ભાગલા એ ભવિતવ્યતાનું નિર્માણ ન હતું. પણ માનવી વિકૃતિકરણ હતું. તે માનવી વિકૃતીકરણ હતું એ વાત નિઃશંક છે.

તો પછી એમ કેવી રીતે કહી શકાય કે ભગવાનના નિર્ણયને પલટી શકાતો નથી?

શું?

જો ભગવાને પસંદ કર્યું હતું કે ભારત આઝાદ થશે...

---

૧. ૧૯૪૨માં બ્રિટિશ સરકારે સર સ્ટ્રેફોર્ડ ક્રિપ્સ મારફતે પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં ભારતને આઝાદી આપવામાં આવી ન હતી, પણ આઝાદી પ્રત્યે દોરી જાય તેવી શરતો મંજૂર કરવામાં આવી હતી. શ્રી અરવિંદે ખાસ તકલીફ લઈને દિલ્હી એક ખાસ દૂત મોકલ્યો હતો, જે અમુક જવાબદાર લોકોને ખાતરી કરાવે કે એ પ્રસ્તાવને સ્વીકારી લેવો જોઈએ. પણ તે જવાબદાર લોકો સમજ્યા નહીં. જો તે પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોત, તો ભારતના ભાગલા અને તે સમયે બનેલા અત્યાચારો દૂર કરી શકાયા હોત.

ના, ના. મારા બાળક, તે વાત તે પ્રકારની નથી! (હસાહસ)

તે એક હકીકત છે, એટલું જ. ભગવાન જ ભારત છે, ભગવાન જ આઝાદી છે, ભગવાન જ પરતંત્રતા છે, ભગવાન જ બધું છે. તે પછી ભગવાન કેવી રીતે પસંદગી કરે?

(મૌન)

હું તમને સલાહ આપું છું કે ત્યાં ઊર્ધ્વમાં જાઓ અને જુઓ; પછી તમે સમજશો. જ્યાં સુધી તમે નીસરણીની ટોચ સુધી ચઢ્યા નથી, ત્યાં સુધી તમારે માટે સમજવું એ કઠિન છે.

*

વાર્તાલાપ —૦૪

૨૫ જાન્યુઆરી ૧૯૫૬

"જીવન એકલું જ આપણા યોગનું ક્ષેત્ર છે; દૂર દૂરનું, મૌન, ઊર્ધ્વીકૃત આનંદ-પૂર્ણ પરાત્પર નહિ. તેનો કેન્દ્રીય હેતુ આ હોવો જોઈએ : આપણા ઉપર છલ્લા, સંકુચિત, ભેદમય વિચાર-દર્શન-લાગણી અને અસ્તિત્વના માનવી પ્રકારનું રૂપાંતર ગહન, વિશાળ, આધ્યાત્મિક ચેતનામાં, સમન્વયી આંતર તથા બાહ્ય અસ્તિત્વમાં, આપણા સામાન્ય માનવ જીવનનું દિવ્યજીવનમાં રૂપાંતર થવું જોઈએ."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૨)

મધુર માતાજી, જ્યારે અતિ-મનસ્ અવતરણ કરશે, ત્યારે જ દિવ્ય જીવનનો પ્રકાશ પૃથ્વી પર પ્રસ્થાપિત થશે?

હું એમ માનું છું. બીજી રીતે તે બને એ શક્ય નથી. પણ તે એક બહુ સાપેક્ષ પ્રશ્ન છે. કદાચ આપણું જીવન, તદ્દન દિવ્ય બન્યા સિવાય, જરાક વધારે દિવ્ય બની શકે.

જીવનના દિવ્ય પ્રકાશનો આપ શો અર્થ કરો છો?

આપણે હંમેશાં તેને દિવ્ય કહીએ છીએ, જે આપણે અત્યારે નથી પણ જે આપણે બનવા માગીએ છીએ. જે આપણને આપણે જે કાંઈ કર્યું હોય છે અને જે કાંઈ આપણે કરી શકીએ તેમ છીએ એમ આપણને લાગે છે તેના કરતાં અનંતગણું અધિક — શ્રેષ્ઠ લાગે છે, જે આપણા ખ્યાલોને અને અત્યારની શક્યતાઓને વટાવી જઈ પર રહેલું લાગે છે, તેને આપણે 'દિવ્ય' કહીએ છીએ.

આ હું મશ્કરી-રૂપે નથી કહેતી, પણ એટલા માટે કહું છું કે મને તદ્દન ખાતરી છે કે જો આપણે કેટલાંક હજાર વર્ષ પાછા જઈએ, જ્યારે લોકો ભગવાન વિષે કથન કરતા હતા — હું માનું છું તેમ જો તેમણે ભગવાન વિષે કથન કર્યું

હોય —, તો તેઓ અધિમનસના દેવોની સ્થિતિ જેવી સ્થિતિનું કથન કરતા હતા. અત્યાર સુધી આ અધિમનસના દેવોએ સ્પષ્ટ રીતે નિયમન કર્યું છે, અને ઘણા વખત સુધી પૃથ્વી પર ઘણી વસ્તુઓનું નિર્માણ કર્યું છે. પણ હવે તે દેવોની સ્થિતિનો પ્રકાર આપણને અતિમનસ કરતાં ખૂબ નિમ્ન કોટિનો લાગે છે. અત્યારે આપણે આ અતિમનસને જ ભગવાન કહીએ છીએ, અને તેને પૃથ્વી પર નીચે લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. કદાચ અત્યારે આપણને અધિમનસ જે પ્રકારનું લાગે છે, તે જ પ્રકારનું હજારો વર્ષ પછી અતિમનસ આપણને લાગશે.

હું ખાતરી-પૂર્વક માનું છું કે પોતાની આત્મ-અભિવ્યક્તિમાં ભગવાન પ્રગતિશીલ છે. આવિર્ભાવથી બહાર, આપણે તેમની કલ્પના કરી શકીએ તેમ નથી. પણ જ્યારે તે આ પ્રકારના સતત ભાવમાં પોતાની જાતને પ્રગટ કરે છે, ત્યારે તે પોતાની જાતને વધારે ને વધારે પ્રગટ કરતા રહે છે — જાણે કે પોતાના અસ્તિત્વની સૌથી વધારે સુંદર વસ્તુઓને અંત-ભાગ માટે રિઝર્વ ન રાખતા હોય.

જેમ જેમ જગત પ્રગતિ કરે છે, તેમ તેમ જગતમાં ભગવાન જે અભિવ્યક્ત કરે છે તે આપણે જેને વધારે ને વધારે દિવ્ય કહીએ તેવું બનતું જાય છે.

તેથી બાહ્ય અને ઉત્ક્રાંન્તિમય ચેતનાવાળા લોકોને સમજાવવા માટે શ્રી અરવિંદે અતિમનસ શબ્દ વાપર્યો છે. જે લોકોને પૃથ્વીએ કેવી રીતે વિકાસ સાધ્યો છે તેનો કાંઈક ખ્યાલ છે, તેમને સમજાવવા માટે શ્રી અરવિંદે અતિમનસ શબ્દ વાપર્યો છે, કારણ કે તે કાંઈક એવું છે કે જે આ બધાથી પર હોવાનું છે, માનવ-સર્જનથી અધિક છે, માનવથી — જેને શ્રી અરવિંદ હંમેશાં માનસિક પ્રાણી કહે છે તેનાથી — પર છે. જે આવવાનું છે તે માનવ કરતાં વધારે મહાન અને વધારે સારું હશે. તેથી શ્રી અરવિંદ તેને અતિમનસ કહે છે. પણ આપણે એમ કહી શકીએ કે તે કાંઈક અત્યાર પહેલાં પ્રગટેલી વસ્તુ કરતાં વધારે દિવ્ય છે.

આજે મેં જે ભાગનું વાચન કર્યું તેમાં શ્રી અરવિંદ પોતે જ કહે છે કે તે અનંત છે, તેને મર્યાદાઓ નથી[૧]. અર્થાત્, હંમેશાં વૃદ્ધિ પામતી પરિપૂર્ણતા હશે. અત્યારે જે આપણને અપૂર્ણ લાગે છે, તે એક એવી પરિપૂર્ણતા હશે, કે જેને માટે, પૃથ્વીના ઇતિહાસમાં, અમુક યુગોએ અભીપ્સા સેવી હશે.

૧. "અનંત પ્રગતિમાં, કોઈ પણ જગ્યાએ લક્ષ્યની વાત કરવી તે અમુક દૃષ્ટિબિંદુથી જોતાં એક ભૂલ પણ હોય."

આ પ્રગતિ અટકી જાય તેવું કોઈ કારણ નથી. જો તે અટકી જાય, તો બધું પતી ગયું ગણાય. તે એક નવો પ્રલય હોય.

માતાજી, હું આ સમજ્યો નથીઃ "વિચાર વડે, સંકલ્પ વડે, લાગણી વડે, કામના વડે, કાર્ય વડે, અને પરમ દિવ્ય આત્મ-પ્રાપ્તિના લક્ષ્ય પ્રત્યે દોરી જતી અનુભૂતિ વડે, ચેતનાનો અર્થ-પૂર્ણ વિકાસ સાધવા માટે, માનસિક પ્રાણી — માનવ આ ભૌતિક શરીરમાં પ્રવેશ્યો છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૨ — ૮૩)

માનસિક પ્રાણીએ શા માટે ભૌતિક દેહ ધારણ કર્યો છે? તમે શું તે પૂછવા માગો છો?

શ્રી અરવિંદ કહે છે કે "પરમ દિવ્ય આત્મ-પ્રાપ્તિના અંત પ્રત્યે દોરી જતી...."

દિવ્ય સંશોધના એ પોતામાં ભગવાનની સંશોધના છે. તેથી માનસિક પ્રાણીએ — માનવે (કારણ કે માનવના ભૌતિક દેહમાં માનસિક સત્ હોય છે; તે શરીરમાં પ્રગટ થયેલું માનસિક સત્ છે) દેહ ધારણ કર્યો છે, તે માનવ બન્યો છે, જેથી તે પોતામાં ભગવાનની હાજરીને શોધી શકે.

શા માટે? તમે પૂછો છો — શા માટે? તે સમજવાનો એક રમૂજી પ્રકાર છે. (હસાહસ)

મને અત્યારે યાદ નથી કે શ્રી અરવિંદ તે વાત અહીં સમજાવે છે કે નહિ. પણ એક વાત નિશ્ચિત છે કે પદાર્થતત્ત્વમાં ભગવાનની હાજરી, જે ચૈત્ય અસ્તિત્વના નિર્માણનું ઉદ્‌ગમ-સ્થાન છે, તે એક અદ્‌ભુત વસ્તુ છે, તે પૃથ્વી પરના જીવનનો એક ખાસ અધિકાર છે.

ખગોળ-શાસ્ત્રના દૃષ્ટિબિંદુથી જોતાં, આપણી પૃથ્વી, સર્વ નક્ષત્રોની અને જગતોની મધ્યમાં, માત્ર એક નાનકડો નગણ્ય ગ્રહ છે. પણ આ વાત મેં પહેલાં અનેકવાર કહી છે કે આપણી પૃથ્વી દિવ્ય રૂપાંતરના કાર્ય માટે એકાગ્રતાનું બિંદુ બને, વિશ્વનું પ્રતીક બને તેટલા માટે સર્જાઈ છે.

તેથી વિશ્વોના બધા પદાર્થ-તત્ત્વ કરતાં વધારેમાં વધારે અસ્પષ્ટ અને અચેતન પૃથ્વીનાં પદાર્થ તત્ત્વમાં દિવ્ય ચેતનાએ સીધી ડૂબકી મારી છે. પરમ

ઉદ્‌ગમ-સ્થાનમાંથી આ ખૂબ-ખૂબ જડ એવા પદાર્થ-તત્ત્વમાં, વચગાળાની અવસ્થામાંથી પસાર થયા સિવાય, ભગવાનની ચેતનાએ સીધી-સટ ડૂબકી મારી છે. પરિણામે બે છેડાઓ — ભગવાન અને ખૂબ-ખૂબ અચેતન પદાર્થ-તત્ત્વ એક-બીજાનો સ્પર્શ કરે છે, અને ત્યાં વૈશ્વિક વર્તુળ બંધ થઈ જાય છે. તેથી પાર્થિવ જીવન ભગવાનથી સભાન બનવાનો સૌથી વધારે સહેલો અને ઝડપી ઉપાય છે.

તે એટલી બધી સાચી વાત છે કે જ્યારે મહાન વૈશ્વિક વ્યક્તિઓને મૂળ ઉદ્‌ગમ-સ્થાન સાથે — પરમાત્મા સાથે એકતા સાધવી હોય છે, ત્યારે તેઓ ભૌતિક શરીર ધારણ કરે છે, કારણ કે તે તેમને માટે વધારે સગવડ-ભર્યું હોય છે, વિશ્વની બીજી કોઈ પણ અસ્તિત્વની અવસ્થા કરતાં માનવ-દેહમાં તે પ્રાપ્તિ વધારે ઝડપથી અને વધારે સારી રીતે કરી શકાય છે.

માનવ-દેહમાં નીચે આવીને ભગવાનની હાજરી અનુભવવી તે વધારે ઝડપી અને વધારે સહેલું છે. સર્પ પોતાના પુચ્છને બચકું ભરે છે તેની કલ્પના કરો. તે એક વર્તુળ બનાવતો હોય છે, નહિ વારુ? એટલે જો કોઈને ભગવાન સાથે એકતા પ્રાપ્ત કરવી હોય, તો શરીરનાં બધાં અંગો પર ફરી વળવા કરતાં પુચ્છમાં પ્રવેશ કરવો તે વધારે સહેલું છે! મસ્તક-મુખ પુચ્છને દંશ દે છે, તેમ જો તમે પુચ્છમાં પ્રવેશ કરો, તો તમે તરત જ મસ્તકનો સંપર્ક સાધી શકો; નહિ તો મસ્તકને પહોંચવા માટે તમારે બધાં અંગો પર ફરી વળવું પડે. (બાળકને) ખ્યાલ રાખો, મને પૂરી ખાતરી નથી કે તે આ પૂછવા માગતો હતો, પણ આ એક સમજૂતી છે.

(મૌન)

માતાજી પોતાના હાથમાં રહેલા ચંપાના ફૂલને બતાવે છે. તે પુષ્પને તેમણે "માનસશાસ્ત્રીય પરિપૂર્ણતા" નામ આપ્યું છે.

આને કોણ યાદ કરે છે?

(પાંખડીઓને ગણીને) એક, બે, ત્રણ, ચાર, પાંચ માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાઓ. પાંચ માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાઓ કયી કયી છે?

તે પરિપૂર્ણતાઓમાં ફેરફાર થઈ શકે છે. હકીકતમાં, જો હું તમને મારી ગુપ્ત વાત કહું તો, જ્યારે જ્યારે હું આ પુષ્પ કોઈકને આપતી હોઉં છું, ત્યારે ત્યારે હંમેશાં તે એક જ પ્રકારની માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાઓ નથી હોતી.

તેનો આધાર માણસની જરૂરિયાતો પર હોય છે. એક જ વ્યક્તિને, જુદે જુદે વખતે, હું જુદી જુદી માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાઓ આપતી હોઉં છું. એટલે તેમાં નિશ્ચિતતા નથી. પણ જ્યારે પહેલી વાર આ પુષ્પને માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાનું નામ આપવામાં આવ્યું (મને બરાબર યાદ છે કે અત્યારે જ્યાં પ્રોસ્પેરિટી[1] નામનું સ્થાન છે ત્યાં ભરાયેલી સભામાં તે નામ પહેલી વાર આ પુષ્પને આપવામાં આવ્યું હતું. દર મહિનાની પહેલી તારીખે હું ત્યાં જાઉં છું. ત્યાં એક સભા હતી. તેમાં અમે પાંચ માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાઓ નક્કી કરી હતી.) તે વખતે તે લખી લેવામાં આવી હતી. પણ મારે માટે તે પ્રવાહી — અનિશ્ચિત છે. મેં તમને કહ્યું કે તેનો આધાર સંયોગો ઉપર અને જરૂરિયાતો ઉપર હોય છે. પહેલી વખતે કયી પરિપૂર્ણતાઓ નક્કી કરવામાં આવી હતી તે મને યાદ નથી.

એટલે જો કોઈ તે જાણતું હોય, તે તે આપણને કહે. આપણે સરખાવી — તે તે બાબતની ખાતરી કરી લઈશું.

મને ખાતરી નથી.

તમને ખાતરી નથી. કોઈને તે બાબત ખાતરી છે?

અભીપ્સા, ભક્તિ, દિલની સચ્ચાઈ, અને શ્રદ્ધા.

એ તો ચાર પાંખડીઓની ચાર માનસ શાસ્ત્રીય પરિપૂર્ણતા થઈ.

અને સમર્પણ.

સમર્પણ? બીજા કોઈએ મને બીજી વસ્તુ કહી હતી.

(એક શિષ્યને) તમે જાણો છો? ઠીક, તો આવીને અમને કહો.

માતાજી, અંગ્રેજીમાં?

---

૧. દર મહિનાની પહેલી તારીખે,પ્રોસ્પેરિટી નામના સ્થાનમાં માતાજી શિષ્યોને તેમને મહિના માટે જરૂરી વસ્તુઓ વહેંચતાં હતાં.

મારા બાળક, ના. આ તો ફ્રેન્ચનો વર્ગ છે, અંગ્રેજીનો નહિ!

શ્રદ્ધા, દિલની સચ્ચાઈ, અભીપ્સા, ભક્તિ, સમર્પણ.

તે પાંચ વસ્તુઓ તે પેલા ભાઈએ કહી હતી. (બીજા શિષ્ય પ્રત્યે વળીને) થોડાક સમય પહેલાં તમે મને 'વફાદારી' કહી હતી.

મેં કહ્યું હતું. પણ વફાદારીને બદલે તે શ્રદ્ધા છે.

પણ વફાદારી શા માટે ન હોવી જોઈએ? મેં તે ટપકાવી લીધું ન હતું, કારણ કે હું કોઈ પણ વસ્તુને યાદ કરવાનો પ્રયત્ન કરતી નથી. મને જે વસ્તુ સૌથી વધારે મહત્ત્વની અને સર્વ-સાધારણ લાગી, તે મેં ટપકાવી લીધી હતી. પણ તે અનેક રીતે મૂકી શકાય.

તે ગમે તેમ હોય, પણ બધા સંયોગોમાં, તે જે કોઈ માણસ હોય તેને પ્રથમ હું દિલની સચ્ચાઈ આપતી હોઉં છું, કારણ કે દિલની સચ્ચાઈ વગર માણસ અડધું પગલું પણ આગળ વધી શકતો નથી. તેથી હું હંમેશાં પ્રથમ દિલની સચ્ચાઈ આપતી હોઉં છું.

જો તમને ઠીક લાગે, તો તે શબ્દને બદલે હું 'પાર-દર્શકતા' શબ્દ વાપરી શકું. હું તે શબ્દને સમજાવીશ.

કોઈક માણસ મારી સામે છે, હું તેની સામે જોઉં છું, હું તેની આંખોમાં જોઉં છું. જો તે માણસ સાચા દિલનો અથવા પાર-દર્શક હશે, તો તેની આંખો દ્વારા હું તેનામાં ઊંડો પ્રવેશ કરું છું અને તેના આત્માને જોઉં છું — સ્પષ્ટ રીતે જોઉં છું. પણ આ નિશ્ચિત અનુભૂતિ છે કે જ્યારે હું કોઈ માણસ સામે જોતી હોઉં અને મને નાનકડું વાદળ દેખાય, ત્યારે હું જોવાનું ચાલુ રાખું છું, અને મને પડદો દેખાય છે. જોવાનું વધારે ચાલુ રાખતાં, મને ભીંત દેખાય છે, પછી મને કાંઈક કાળા રંગનું દેખાય છે. આ બધાંને વટાવી જવાં પડે છે, છિદ્રો પાડીને હું તેની ભીતરમાં ઊંડે પ્રવેશ કરું છું. છેવટે મને ખાતરી નથી થતી કે હું જાડી કાંસાની દીવાલ તો નથી જોતી. તે એટલી બધી જાડી હોય છે, કે કદાચ તેને ભેદીને હું તેના આત્માને જોઈ શકતી નથી. તેવા માણસ માટે હું તરત કહી શકું છું કે તેનામાં દિલની સચ્ચાઈ નથી. પ્રતીકમય રીતે, હું એમ પણ કહી શકું કે તે પારદર્શક નથી. આ પ્રથમ વસ્તુ છે.

એક બીજી વસ્તુ છે. જો તમે પ્રગતિ સાધવા માગતા હો, તો તે અનિવાર્ય છે. તે છે શ્રદ્ધા. તેને માટે બીજો શબ્દ વાપરી શકાય, તે વધારે મર્યાદિત છે. પણ તે મારે માટે મર્યાદિત નથી, કારણ કે હું તેને ખૂબ મહત્વની વસ્તુ માનું છું (મારો તેવો અનુભવ છે). જો તમારી શ્રદ્ધા ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ-રૂપ નહિ હોય, તો તમે એવા ખ્યાલમાં રહેશો કે મારામાં શ્રદ્ધા છે, અને છતાં તમે ભગવાનની શક્તિમાં — ભદ્રતામાં — ભગવાન તમારામાં જે સત્ય માગે છે તેમાં વિશ્વાસ ગુમાવી બેસશો. એ ત્રણમાં વિશ્વાસ ગુમાવી દેવો તે પતનના ખાડા છે.

કેટલાક લોકો કહેતા હોય છે કે "અમારામાં ભગવાનમાં અડગ શ્રદ્ધા છે. ભગવાન જ બધું કરી રહ્યા છે, કરી શકે છે. મારામાં, બીજાઓમાં, સર્વત્ર જે કાંઈ બની રહ્યું છે, તે ભગવાનનું જ કાર્ય છે, માત્ર ભગવાનનું જ કાર્ય છે." જો તેઓ કોઈક પ્રકારના તર્ક વડે આ વાતને અનુસરતા હશે, તો થોડા સમય પછી, જગતમાં બનતાં, સર્વ ભયંકર અનિષ્ટો માટે તે ભગવાનનો દોષ કાઢશે; જો તેમનામાં સાચો વિશ્વાસ નહિ હોય, તો તેઓ ભગવાનને એક ક્રૂર અને ભીષણ રાક્ષસ બનાવી દેશે.

વળી, તેમનામાં શ્રદ્ધા હોય છે, પણ તેઓ પોતાની જાતને કહેતા હોય છે કે "મને ભગવાનમાં શ્રદ્ધા છે. પણ આ જગત કેવું છે તે હું બરાબર જોઈ શકું છું! પ્રથમ તો હું બહુ જ દુઃખી છું, નહિ વારુ? મારા બધા પડોશીઓ કરતાં હું ખૂબ વધારે દુઃખી છું (કારણ કે માણસ હંમેશાં પોતાના પડોશીઓ કરતાં વધારે દુઃખી હોય છે). જીવન મારા પ્રત્યે બહુ કઠોર છે. પણ ભગવાન તો ભગવાન છે, દિવ્ય છે, સર્વ કલ્યાણમય છે, પરમ ઉદાર છે, સર્વ-સંવાદમય છે. તો પછી હું આટલો બધો દુઃખી કેમ છું? ભગવાન શક્તિહીન હોવા જોઈએ; નહિ તો તે મને આટલો બધો દુઃખી કેમ થવા દે?

તે બીજી પતનની ખાઈ છે.

ત્રીજા પ્રકારના માણસોમાં વિકૃત નમ્રતા હોય છે. તે પોતાની જાતને કહેતા હોય છે કે "ચોક્કસ ભગવાને મને ફેંકી દીધો છે. હું કશા કામનો નથી. તે મારે માટે કાંઈક કરી શકે તેમ છે. મારે માત્ર આ રમતનો — ભગવાનની ભક્તિનો ત્યાગ જ કરી દેવાનું રહે છે, કારણ કે ભગવાન મને પોતાને માટે યોગ્ય માનતા નથી.

એટલે, જ્યાં સુધી માણસ શ્રદ્ધામાં — ભગવાનની કૃપામાં પરિપૂર્ણ, સમગ્ર વિશ્વાસનો ઉમેરો નહિ કરે, ત્યાં સુધી મુશ્કેલીઓ આવવાની. એટલે એ બંને જરૂરી છે.

પાંચ માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં આપણે ભક્તિને પણ મૂકી છે. હા, ભક્તિ સારી વસ્તુ છે પણ જો તેની સાથે બીજી અનેક વસ્તુઓ ન હોય, તો તે પણ ઘણી ભૂલો કરી બેસે, તેને ઘણી મુશ્કેલીઓ નડે.

તમારામાં ભક્તિ હોય, પણ સાથ-સાથે અહંતા પણ હોય. ભક્તિ વડે તે અહંતા તમારી પાસે અનેક અહંતામય કૃત્યો કરાવે — અર્થાત્, તમે માત્ર તમારો જ વિચાર કરો, બીજાઓનો નહિ, જગતનો નહિ, કાર્યનો નહિ, જે તમારે કહેવું જોઈએ તેનો નહિ. તમે માત્ર તમારી ભક્તિનો જ વિચાર કર્યા કરો, અને તમે ભયંકર રીતે અહંતાપૂર્ણ બની જાઓ. એટલે, તમે આશા રાખી હોય તેટલા ઉત્સાહ-પૂર્વક ભગવાન તમારી ભક્તિનો પ્રત્યુત્તર નથી આપતા — એમ તમને લાગે, ત્યારે તમે નિરુત્સાહ — નિરાશ બની જાઓ અને મેં ઉપર ગણાવેલી ત્રણ પતનની ખીણોમાં ગબડી પડો. ભગવાનને તમે ક્રૂર માનવા લાગો. આપણે ઘણી કથાઓમાં વાંચ્યું છે કે ઉત્સાહ-પૂર્ણ ભક્તો પાછળથી ભગવાનને ગાળો દેવા લાગ્યા હતા, કારણ કે તેમણે આશા રાખી હતી તેવા ભલા અને નિકટના તેમને ભગવાન પાછળથી લાગ્યા ન હતા. ભગવાન ચાલ્યા ગયા હોય, એમ તેમને લાગે છે. "હે મા, તમે કેમ અમને છોડી ગયાં છો?" તેઓ બહારથી એમ કહેતા હોતા નથી, પણ મનમાં એવું વિચારે છે, અથવા તે પોતાની જાતને કહે છે કે મેં કોઈ ગંભીર ભૂલ કરી હોવી જોઈએ, અને તેથી ભગવાને મને ફેંકી દીધો છે. તેઓ નિરાશ બની જાય છે.

પણ ભક્તિની સાથે સતત એક બીજી ગતિ હોવી જોઈએ. ભગવાન છે — એ જાતની આભારની લાગણી. ભગવાન છે — તે હકીકત માત્રથી હૃદયને ભવ્ય આનંદથી ભરી દેતી ભાવના, અદ્‌ભુત આભારની લાગણી. વિશ્વમાં ભગવાન જેવી કોઈક વસ્તુ છે, જે આપણે જોઈએ છીએ તે ભીષણતા જ માત્ર નથી. જ્યારે જ્યારે તમે સીધી અથવા આડકતરી રીતે, તમારી જાતને ભગવાનના સંપર્કમાં મૂકો છો, ત્યારે ત્યારે તમારું હૃદય ઉત્કટ, અદ્‌ભુત આનંદથી, બધી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ રસવાળી આભારની લાગણીથી ઉભરાઈ જાય છે.

આભાર-વૃત્તિ જેવો આનંદ આપે છે, તેવો આનંદ બીજી કોઈ વસ્તુ આપી શકતી નથી. માણસ પંખીને ગાતું સાંભળે છે, સુંદર પુષ્પને જુએ છે, નાના બાળક તરફ નજર ફેંકે છે, કોઈ ઉદારતાના કૃત્યનું અવલોકન કરે છે, કોઈ સુંદર વાક્ય વાંચે છે, આથમતા સૂર્યને નિહાળે છે, ત્યારે તમારામાં ઓચિંતી એક ગહન, ઉત્કટ લાગણી પેદા થાય છે કે જગત ભગવાનને પ્રગટ કરી રહ્યું છે, જગતની પીઠમાં ભગવાન રહેલા છે.

એટલે મને આભાર-વૃત્તિ વગરની ભક્તિ અપૂર્ણ લાગે છે. ભક્તિ સાથે આભારની લાગણી આવવી જ જોઈએ.

મને યાદ છે કે એક વાર આપણે ધૈર્યને — હિંમતને માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં ગણાવી હતી. એક વાર સૂચિમાં મેં તેનો સમાવેશ કર્યો હતો, તે મને યાદ છે. પણ આ હિંમતનો અર્થ છે — પરમ સાહસ માટે રસ. તે પરમ સાહસ માટે રસ એ અભીપ્સા છે, જે તમારા પર પરિપૂર્ણ પકડ જમાવે છે, અને ગણતરી કર્યા વગર — કશું બાકાત રાખ્યા વગર, પાછા ફરવાની શક્યતા વગર, ભગવાનની શોધ-રૂપી મહાન સાહસમાં ભગવાન સાથેની મિલન-રૂપી મહા-સાહસમાં, ભગવાનના સાક્ષાત્કાર-રૂપી મહત્તર સાહસમાં ફેંકે છે. શું થશે? — એમ એક ક્ષણ માટે પણ તમારી જાતને પૂછ્યા વગર, ડોકું ફેરવીને પાછું જોયા વગર, તમે તમારી જાતને તે સાહસમાં ફેંકી દો છો. કારણ કે શું બનશે? — એવો પ્રશ્ન જો તમે કરશો, તો તમે કદી શરૂઆત જ નહિ કરી શકો, તમે છો ત્યાં જ ચીટકી રહેશો. કાંઈક ગુમાવી બેસવાનો — સમતુલા ગુમાવી બેસવાનો તમને ભય લાગશે.

તેથી હું હિંમતને અભીપ્સા કહું છું. હિંમત અને અભીપ્સા સાથે-સાથે જાય છે. સાચી અભીપ્સામાં હિંમત હોય છે જ.

હવે સમર્પણ. અંગ્રેજીમાં તેને surrender કહે છે, ફ્રેન્ચમાં તેના ચોક્કસ અર્થને બતાવતો કોઈ શબ્દ નથી. પણ શ્રી અરવિંદે કહ્યું છે — હું ધારું છું કે આપણે તે વાંચ્યું છે — કે યોગ કરવા માટે સમર્પણ એ પ્રથમની અનિવાર્ય શરત છે. એટલે સમર્પણ એ જરૂરી ગુણોમાંનો એક ગુણ નથી; યોગની શરૂઆત કરવા માટે તે પ્રથમનું અનિવાર્ય વલણ છે. જો માણસે સંપૂર્ણ સમર્પણ કરવાનો નિશ્ચય ન કર્યો હોય, તો તે શરૂઆત જ ન કરી શકે.

પણ એ સમર્પણ સમગ્ર બને તેટલા માટે બધા ગુણોની જરૂર છે. તે ગુણોમાંનો પાંચમો ગુણ છે સહિષ્ણુતા. જો તમે નિરાશ થયા સિવાય મુશ્કેલીઓનો સામનો ન કરી શકો, પ્રહારો થાય અને છતાં તમે યોગનું કાર્ય ચાલુ રાખો એવી શક્તિ જો તમારામાં ન હોય, તમારી ક્ષતિઓને કારણે આવતી મુશ્કેલીઓને જો તમે ખિસ્સામાં ન મૂકી શકો, ઢીલાશ આવવા દીધા સિવાય કાર્યમાં મંડ્યા ન રહી શકો તો તમે બહુ આગળ ન વધી શકો. જ્યાં તમે તમારા નાનકડા, રોજિંદા, ટેવાયેલા જીવનનું દર્શન ગુમાવતા હો છો એવા પહેલા વળાંક આગળ જ જો તમે નિરાશ બની જાઓ અને યોગના કાર્યને ત્યજી દો, તો પછી તમે આગળ ન જ વધી શકો.

સહિષ્ણતાનું સૌથી વધારે ભૌતિક રૂપ છે ખંત. જરૂર પડ્યે તે જ વસ્તુ તમારે હજાર વખત ફરી-ફરી શરૂ કરવાની જરૂર પડતી હોય છે; ખંત સિવાય તેમ ન બની શકે. નિરાશ બનેલા લોકો મારી પાસે આવીને કહેતા હોય છે કે હું ધારતો હતો કે કામ પતી ગયું, પણ મારે તો તેની ફરી શરૂઆત કરવાની રહે છે! તેમને જવાબ આપવામાં આવે છે કે "એ તો મામૂલી વાત છે. કદાચ તમારે સો વખત, હજાર વખત, તે જ કામની ફરી શરૂઆત કરવી પડશે. તમે એક ડગલું આગળ ભરો છો, અને માની લો છો કે હવે અમે સલામત છીએ, સુસ્થિર છીએ. પણ થોડા વખત પછી, તેની તે જ મુશ્કેલીને ફરી લઈ આવનાર કશુંક તમારામાં રહેલું હોય છે. તમે માની લો છો કે મેં સમસ્યાનો ઉકેલ કરી લીધો છે, પણ તમારે તે જ સમસ્યાનો ઉકેલ ફરી કરવો પડશે. થોડાક જુદા રૂપમાં, તે જ વસ્તુ ફરી તમારી સમક્ષ ઉપસ્થિત થશે; પણ સમસ્યા તેની તે જ હશે. તમારે નિશ્ચય કરવો જોઈએ કે લાખ વાર તે જ સમસ્યા ફરી-ફરી પાછી આવશે, તો પણ હું તેનો ઉકેલ કરીને જ જંપીશ; હું તેના પર વિજય મેળવીશ". જો તમે આવો ખંત અને આવી સહિષ્ણુતા નહિ કેળવો, તો તમે યોગ નહિ કરી શકો. સહિષ્ણુતા-ખંત અનિવાર્ય છે, તદ્દન અનિવાર્ય છે.

લોકોને સુંદર અનુભૂતિ થતી હોય છે અને તેઓ કહેતા હોય છે કે આહ, હવે મને વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ! પછી તે અનુભૂતિ મળે છે, પછી ઘટતી ચાલે છે, આવૃત્ત બની જાય છે, અને પછી કોઈક તદ્દન સામાન્ય, નીરસ વસ્તુ ઓચિંતી તમારી સમક્ષ આવી પડે છે અને તમારા માર્ગમાં અવરોધ ઊભો કરે છે. અને તમે કહેતા હો છો કે "જો મારે ફરી જ તે વસ્તુ કરવાની હોય, તો પછી આ બધી પ્રગતિ કર્યાનો શો અર્થ? મારે હવે શા માટે ફરી પ્રયત્ન કરવો જોઈએ? મેં પ્રયત્ન કર્યો હતો, સફળતા પ્રાપ્ત કરી હતી, કાંઈક સિદ્ધ કર્યું હતું, અને હવે એવું બની ગયું છે કે જાણે મેં કશું જ કર્યું ન હોય! આ બધું નકામું છે, નિરર્થક છે." આનું કારણ એ હતું કે તમારામાં સહિષ્ણુતા ન હતી.

જો માણસમાં સહિષ્ણુતા હોય, તો તે કહે કે "બધું બરાબર છે, ઠીક છે. જરૂર હશે તેટલી વખત હું ફરી-ફરી શરૂઆત કરીશ. જરૂર હશે, તો હજાર વખત, દશ હજાર વખત, લાખ વખત, હું ફરી-ફરી શરૂઆત કરીશ. પણ હું અંત સુધી જઈશ, માર્ગમાં કોઈ પણ અવરોધ મને અટકાવી નહિ શકે."

આ સહિષ્ણુતા ખૂબ-ખૂબ જરૂરી છે.

એટલે હું આ દરખાસ્ત રજૂ કરું છુંઃ આપણે માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં સમર્પણને પ્રથમ, શિખર પર મૂકીએ છીએ. આપણે

શ્રી અરવિંદની વાત સ્વીકારી લઈશું કે પૂર્ણયોગ કરવા માટે, પ્રથમ માણસે ભગવાનને સંપૂર્ણપણે સમર્પણ કરવાનો નિશ્ચય કરવો જોઈએ. બીજો કોઈ માર્ગ નથી, આ જ એક માર્ગ છે. પણ ત્યાર પછી સાધકમાં પાંચ માનસ-શાસ્ત્રીય ગુણો — પરિપૂર્ણતાઓ હોવી જોઈએ. તે આ છે :

દિલની સચ્ચાઈ અથવા પારદર્શકતા.
શ્રદ્ધા અથવા ભગવાનમાં વિશ્વાસ,
ભક્તિ અથવા આભારની લાગણી.
હિંમત અથવા અભીપ્સા.
સહિષ્ણુતા અથવા ખંત.

સહિષ્ણુતાનું એક રૂપ છે — પોતાના નિશ્ચય પ્રત્યે વફાદારી. પોતાના નિશ્ચય પ્રત્યે વફાદારી એ સહિષ્ણુતા છે.

જો માણસ ખંત-પૂર્વક આગળ વધતો જ રહે, તો તેને વિજય મળે છે. ખૂબ ખંતીલા માણસને જ વિજય પ્રાપ્ત થાય છે.

*

વાર્તાલાપ — ૦૫

૧ ફેબ્રુઆરી ૧૯૫૬

શ્રી અરવિંદ અહીં લખે છે કે "જ્ઞાન વડે અથવા ભગવાન પ્રત્યેની માત્ર લાગણી વડે, અથવા બંનેને સાથે-સાથે રાખીને, શરૂઆત કરવી એ શક્ય છે; કાર્યો યોગની આખરી ગતિ માટે છોડી દઈ શકાય."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૬)

આ જ્ઞાન તે શું છે?

યોગના ત્રણ મુખ્ય માર્ગો છે — જ્ઞાનમાર્ગ, પ્રેમમાર્ગ અને કર્મમાર્ગ. તેથી શ્રી અરવિંદ કહે છે કે તેનો આધાર દરેક વ્યક્તિ ઉપર હોય છે. કેટલાક લોકો વધારે સહેલાઈ-પૂર્વક જ્ઞાનમાર્ગને અનુસરી શકે છે. બીજા લોકો વધારે સહેલાઈથી પ્રેમના — ભક્તિના માર્ગને અનુસરી શકે છે. ત્રીજા પ્રકારના લોકો કર્મ માર્ગને અનુસરી શકે છે. શ્રી અરવિંદ કહે છે કે પૂર્ણયોગ માટે તે ત્રણેય માર્ગોનું સંમિશ્રણ થવું જોઈએ; તેમની સાથે બીજું કાંઈક પણ હોવું જોઈએ. પણ દરેક જણ દરેક વસ્તુને એકી સાથે કરી શકતો હોતો નથી. તેથી કેટલાક લોકોને તે ત્રણમાંથી એક માર્ગને પસંદ કરવો પડે છે, જેથી પાછળથી તેઓ તે ત્રણેય માર્ગોનો સમન્વય સાધી શકે.

જ્ઞાનમાર્ગ એ રાજયોગના નામથી પ્રસિદ્ધ છે. તેમાં સાધક પોતાના શરીર પ્રત્યે વૈરાગ્ય સેવે છે. તે કહે છે કે હું શરીર નથી. પછી તે ઇન્દ્રિયો પ્રત્યે વૈરાગ્ય કેળવે છે. તે કહે કે હું ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયો નથી. પછી તે લાગણીઓ પ્રત્યે વૈરાગ્ય કેળવે છે. તે કહે છે કે હું લાગણીઓ નથી. પછી તે વિચાર પ્રત્યે વૈરાગ્ય કેળવે છે, વધારે ને વધારે અંતર્મુખ બને છે, અને સનાતનને, અનંતને પ્રાપ્ત કરે છે.

તે ધ્યાનનો માર્ગ છે. દિવ્ય વાસ્તવિકતાના દૃષ્ટિબિન્દુથી જોતાં, તે આત્મ-જ્ઞાનનો માર્ગ છે. તે ધ્યાનનો, એકાગ્રતાનો, જીવનમાંથી તથા કાર્યમાંથી પ્રત્યાહારનો માર્ગ છે. જૂના યોગમાં આ યોગનો અભ્યાસ સૌથી વધારે થતો હતો.

બીજો ભક્તિનો — પ્રેમનો માર્ગ છે, જેને ચૈતન્ય કે રામકૃષ્ણ અનુસરતા હતા. ધ સિન્થેસિસ ઑફ યોગનો પહેલો ખંડ કેવળ કર્મ માર્ગ વિષે છે, અર્થાત્ કર્મ દ્વારા, કર્મમાં ભગવાન સાથે મિલનનો માર્ગ છે. તેમાં કર્મ ભગવાનને સમર્પિત કરવાનું હોય છે.

મધુર માતાજી, "તે પરિવર્તનમાં કર્મનું સમર્પણ એક આવશ્યક તત્ત્વ છે, નહિ તો, તે લોકો પર-લોકમાં ભગવાનને પ્રાપ્ત કરી શકે, પણ જીવનમાં દિવ્યતાને પરિપૂર્ણ નહિ કરી શકે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૫)

આમાં બે શબ્દો શા માટે મૂક્યા છે — ભગવાન અને દિવ્ય?

શ્રી અરવિંદ તે બે વચ્ચે વિરોધ બતાવે છે એમ હું નથી માનતી. એ તો માત્ર બોલવાનો એક પ્રકાર છે. તે બે વચ્ચે વિરોધ ઉપસ્થિત નથી કરતા.

તેને અર્થ શો છે?

તેનો અર્થ છે કે તેઓ ભગવાનને શોધવા માટે અસ્તિત્વથી — જીવનથી બહાર જતા હોય છે. જ્યારે પૂર્ણયોગમાં, ભગવાનને જીવનમાં જ શોધવાના છે, જીવનની બહાર નહિ.

દા.ત. કેટલાક લોકો જીવનને અને જગતને મિથ્યા ગણતા હોય છે, ભગવાનને શોધવા માટે જીવનનો તથા જગતનો ત્યાગ જરૂરી માનતા હોય છે. તેઓ કહેતા હોય છે કે ભગવાનનો અને અસ્તિત્વનો સ્વભાવ પરસ્પર-વિરોધી છે. શ્રી અરવિંદ કહે છે કે કદાચ તેઓ ભગવાનને જીવનની બહાર પ્રાપ્ત કરશે, પણ જીવનમાં નહિ. શ્રી અરવિંદ તે બે વચ્ચેનો વિરોધ બતાવે છે. એકમાં ભગવાન પૃથ્વીથી પર છે, આવિર્ભાવ પામેલા નથી. બીજામાં, ભગવાન જ જીવનમાં આવિર્ભૂત થયા છે, અને તેમને જીવન દ્વારા પ્રાપ્ત કરી શકાય એમ માનવામાં આવે છે. તમને આ મુદ્દો સમજાયો?

માતાજી, જ્યારે ભગવાન સાથે અસ્તિત્વના ઉચ્ચતર ભાગમાં તાદાત્મ્ય સધાય છે, અને જીવનની — નિમ્નતર ભાગોની ઉપેક્ષા કરવામાં આવે છે,

ત્યારે તેમની સાથે તાદાત્મ્ય પામેલા ઉચ્ચતમ ભાગોમાં રહેલા ભગવાન તે માણસને એવી સલાહ નથી આપતા કે નિમ્નતર ભાગો પ્રત્યે પણ ધ્યાન આપ?

જો શરૂઆત કર્યા પહેલાં જ, તે માણસે એવો નિશ્ચય કરી લીધો હોય કે આમ જ બનવું જોઈએ, તો કદાચ ભગવાનની સલાહ માનવાનું તે માણસ પોતાને માટે અશક્ય બનાવી મૂકે!

કારણ કે, હકીકતમાં, દરેક માણસ ભગવાનને જે પ્રકારે પામવા માગતો હોય છે, તેને જ તે પ્રાપ્ત કરે છે. શ્રી અરવિંદ આ જ વાત ઊલટી રીતે કહી છે. હું તેમના જ શબ્દોનું ઉદ્ધરણ નથી કરતી, માત્ર તેમના વિચારને જ પ્રગટ કરું છું, તમે ભગવાન પાસેથી જેની અપેક્ષા રાખો છો, તે તમને ભગવાનમાં પ્રાપ્ત થાય છે. તમે ભગવાન પાસેથી જે વસ્તુ માગો છે, તે તમને ભગવાનમાં મળતી હોય છે. તમે જે બાજુની અપેક્ષા અથવા કામના રાખો, તે બાજુ તમારે માટે ભગવાન ધારણ કરશે.

ભગવાનનો આવિર્ભાવ હંમેશાં દરેક માણસની શક્તિને તથા અભિમુખતાને અનુરૂપ હોય છે. તે લોકોને ભગવાનનો વાસ્તવિક, તાત્ત્વિક સંપર્ક પ્રાપ્ત થયો હોય, પણ તે સંપર્ક તેમની સ્વીકારવાની શક્તિ વડે તથા અભિગમ વડે મર્યાદિત થતો હોય છે. જો તમે બધી મર્યાદાઓથી પર જઈ શકો, તો જ ભગવાન સમગ્રપણે જેવા છે તેવા સમગ્ર ભગવાનને તમે પ્રાપ્ત કરી શકો.

કદાચ સંપર્કની આ શક્તિ જ પ્રાણીઓના ચડતા-ઊતરતા ક્રમનું નિર્માણ કરે છે. કારણ કે દરેક જણમાં ભગવાન રહેલા જ છે, અને તેથી દરેક જણમાં ભગવાન સાથે એકતા પ્રાપ્ત કરવાની શક્યતા રહેલી છે. તે શક્યતા બધામાં એકસરખી હોય છે. પણ દરેક જણની શક્તિ અનુસાર — હકીકતમાં, દિવ્ય ચડતા-ઊતરતા ક્રમમાં તેનું જે સ્થાન હોય છે તે અનુસાર — તેનો અભિગમ વધારે અથવા તો ઓછો આંશિક અથવા પરિપૂર્ણ હશે.

જો કે આ શબ્દો વસ્તુઓમાં મોટી વિકૃતિ પેદા કરે છે, છતાં એમ કહી શકાય કે દરેક પ્રાણીમાં અભિગમનો ગુણ એક-સરખો હોય છે, પણ તે અભિગમનો જથ્થો, તેની સમગ્રતા ભિન્ન-ભિન્ન હોય છે. આ વાતને શબ્દોમાં સમજાવવી તે બહુ કઠિન છે, પણ એમ કહી શકાય કે જે બિંદુએ તમે ભગવાન સાથે તાદાત્મ્ય કરો છો તે પોતે પરિપૂર્ણ હોય છે, અર્થાત્ તમારું તાદાત્મ્ય પોતે તે બિન્દુએ પરિપૂર્ણ હોય છે, પણ તમે જ્યાં તાદાત્મ્ય કરો છો તે બિંદુઓની

સંખ્યા ખૂબ ભિન્ન-ભિન્ન હોય છે.

ભગવાન પ્રત્યેના અભિગમમાં જે માર્ગોનું અનુસરણ કરવામાં આવે છે, તેમની વચ્ચેના તફાવતમાં આ વાત સ્પષ્ટપણે દેખાઈ આવે છે. મોટે ભાગે માણસો મર્યાદાઓ બાંધતા હોય છે. પોતે જે માર્ગ પસંદ કર્યો હોય છે તેની સાથે પૂર્ણ સુસંગત ન હોય તે સર્વને બાકાત કરીને તેઓ મર્યાદાઓ ખડી કરતા હોય છે, કારણ કે તેમ કરવું તે વધારે સહેલું છે, તેમ કરવાથી તેઓ સાપેક્ષ રીતે જોતાં, ઝડપી ગતિ કરી શકતા હોય છે. પણ એક માર્ગનું અનુસરણ કરવાને બદલે, જો તમે સર્વ-સમાવેશક, ગોલાકાર જેવી ગતિમાં આગળ વધો — જેમાં ભગવાન પ્રત્યેના અભિગમની સર્વ શક્યતાઓનો સમાવેશ કરી શકાય, તો સ્વાભાવિક રીતે જ પરિણામ વધારે પરિપૂર્ણ આવે. શ્રી અરવિંદ તેને જ પૂર્ણયોગ કહે છે. પણ પ્રગતિ વધારે કઠિન અને વધારે ધીમી હોય છે.

જે સાધક જ્ઞાન-માર્ગને પસંદ કરે છે અને તેમાં પણ અમુક પદ્ધતિને પસંદ કરે છે, કારણ કે દરેક જણ માટે પોતાની પદ્ધતિ હોય છે અને તેને અનુસરે છે. પોતાની ચેતનામાંથી અને જીવનમાંથી તે પદ્ધતિ સિવાયની બધી વસ્તુઓનો ત્યાગ કરે છે, તે વધારે ઝડપથી પ્રગતિ કરે છે, કારણ કે તે માત્ર એક જ બાજુની શોધમાં હોય છે; અને તે વધારે સીધું અને નિકટનું હોય છે. તેથી તે એ પદ્ધતિ સાથે મેળ ન ધરાવતું હોય તે સર્વનો ઇન્કાર કરે છે, અને પોતે જે માર્ગે મુસાફરી કરે છે તેમાં જ પોતાના અસ્તિત્વને મર્યાદિત બનાવે છે. તમે જેમ જેમ તમારા અભિગમને વધારે સર્વ-સમાવેશક બનાવવા માગો છો તેમ તેમ સ્વાભાવિક રીતે જ તે વધારે ને વધારે કઠિન, જટિલ, લાંબો, પરિશ્રમ-પૂર્ણ બની જશે.

પણ જે એક જ માર્ગને અનુસરે છે તે જ્યારે પોતાના લક્ષ્યને પહોંચે છે, અર્થાત્ ભગવાન સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરે છે, ત્યારે તેનું તાદાત્મ્ય પરિપૂર્ણ હોય છે, પણ તે આંશિક હોય છે. તે પરિપૂર્ણ છે, પણ સાથે-સાથે આંશિક પણ હોય છે.

આ વાતને સમજાવવી તે અઘરું છે, પણ તે એક હકીકત છે. તે સાચે જ ભગવાન સાથે તાદાત્મ્ય પામ્યો હોય છે, પણ તે એક બિંદુએ, એટલે ભગવાન સાથે જેણે સમગ્રપણે તાદાત્મ્ય સાધ્યું હોય છે. તે — વૈશ્વિક સાક્ષાત્કારના દૃષ્ટિબિન્દુથી જોતાં — પેલા એક જ બિંદુએ તાદાત્મ્ય પામેલા પુરુષ કરતાં, ચડતા-ઊતરતા ક્રમના દૃષ્ટિબિંદુથી જોતાં, ખૂબ વધારે ઉચ્ચ સ્તર પર છે.

આધ્યાત્મિક ચડતા-ઊતરતા ક્રમનો આ જ સાચો અર્થ છે. તેથી જ સંપૂર્ણ આધ્યાત્મિક ચડતા-ઊતરતા ક્રમનું સંગઠન છે. નહિ તો, તેને કોઈ પાયો જ

ન રહે, કારણ કે તમે ભગવાનને જે મિનિટથી સંસ્પર્શ કરો છો, ત્યારથી તમે પરિપૂર્ણ રીતે તેમનો સંસ્પર્શ પ્રાપ્ત કરો છો. જે બિંદુએ તમે તેમનો સંસ્પર્શ કરો છો, તે બિન્દુ પોતે પરિપૂર્ણ છે. આ દૃષ્ટિ-બિન્દુથી જોતાં, ભગવાન સાથે તાદાત્મ્ય પામેલા બધા લોકો તેમના તાદાત્મ્યમાં એક-સરખી રીતે પરિપૂર્ણ હોય છે, પણ તેઓ એક-સરખી રીતે સંપૂર્ણ હોતા નથી. મારી વાત તમને થોડી — ઘણી સમજાય છે?

માતાજી, હું એમ પૂછવા માગતો હતો કે જે ભાગમાં તેમણે ભગવાન સાથે તાદાત્મ્ય સાધ્યું છે, તે તાદાત્મ્ય સિદ્ધ થયા પછી તેમને એમ લાગતું નથી કે મારું આ તાદાત્મ્ય પરિપૂર્ણ નથી, મારા અસ્તિત્વના બીજા ભાગો મેં છોડી દીધા છે, મારે ફરીથી શરૂઆત કરવી જોઈએ?

એમ બની શકે.

પણ મોટે ભાગે તે લોકોએ પોતાના પસંદ કરેલા માર્ગથી અન્ય વસ્તુઓને એટલી બધી દૂર કરી દીધી હોય છે કે તેમને એમ લાગતું નથી કે અમારું તાદાત્મ્ય પરિપૂર્ણ નથી. તેમને તાદાત્મ્યની અનુભૂતિ પ્રાપ્ત થઈ હોય છે, તેઓ ભગવાનમાં ખોવાઈ ગયા હોય છે. અંગત, વ્યક્તિગત દૃષ્ટિબિન્દુથી જોતાં, તેઓ વધારેમાં વધારે માત્ર તેટલી જ આશા રાખી શકે.

તમે જે કહો છો તે અશક્ય નથી; સાચે જ હું તેને શક્ય માનું છું; પણ તેય વિરલ બનતું હોય છે. તેનો અર્થ તો એવો થાય કે પોતાના માર્ગથી ભિન્ન વસ્તુઓનો ત્યાગ કરી દીધા પછી પણ તેમની ચેતનામાં એવું કાંઈક તેમણે રાખ્યું હતું કે જેથી તેમને સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત ન થઈ શકે.

તાદાત્મ્ય સિદ્ધ થયા પછી, ગુરુ-શિષ્યનો, ભગવાન-અભીપ્સુનો, એવો કોઈ સંબંધ, એવી કોઈ સ્થિતિ રહેતી નથી. તાદાત્મ્ય-સમયે તે સંબંધ અદૃશ્ય થઈ જાય છે. પછી કોઈ ગુરુ કે શિષ્ય નથી રહેતો, ભગવાન કે અભીપ્સુ નથી રહેતા; બધા જ ભગવાન-રૂપ બની જાય છે. એટલે પછી કોણ બોધપાઠ ઝીલે? તે તો ત્યારે જ બની શકે, જો તાદાત્મ્યમાં ભાગ લેનાર ચેતનાનું કોઈ તત્ત્વ બાકાત રહી ગયું હોય, કારણ કે તે તત્ત્વને બીજા કોઈ અભિગમની જરૂર હોય. તે બધું તેના પર આધાર રાખે છે કે સાધકે કેટલી પરિપૂર્ણતાથી પોતાના અસ્તિત્વમાંથી, પોતાના માર્ગથી ભિન્ન વસ્તુઓને, દૂર કરી દીધી હતી. દા. ત. જો તેણે પોતાની ચેતનામાં ભક્તિનાં અથવા પ્રેમનાં તત્ત્વોને સુષુપ્ત રાખ્યાં

હોય, અને જો તે માત્ર જ્ઞાનમાર્ગને જ અનુસર્યો હોય, તો તાદાત્મ્ય-સમયે એ તત્ત્વોને કાંઈક ખૂટતું લાગશે. ત્યારે તેને સમજાશે કે મારી અનુભૂતિ પરિપૂર્ણ નથી. પણ જો તે તત્ત્વોને એવી રીતે દૂર કરાયાં હોય કે જેથી તે અસ્તિત્વમાં જ ન રહે, તો 'તાદાત્મ્ય પરિપૂર્ણ નથી' એવું ભાન કોને થશે? તે અમુક બિન્દુએ, મિલન પોતામાં પરિપૂર્ણ હોય છે. તે માત્ર ચેતનાની એક ઘટના છે. (બાળક તરફ વળીને) તમારી ચેતનામાં હજી એવો વિચાર છે કે હું એવી કોઈક વસ્તુ સાથે મિલન સાધું છું, કે જે તે વિષે મારા કરતાં વધારે જાણે છે, અને જે મારી ભૂલ મારી પાસે કબૂલાવશે. પણ તાદાત્મ્ય પછી તેવું કાંઈ રહેતું નથી! તે પ્રથમ સંપર્ક છે, તાદાત્મ્ય નહિ.

તાદાત્મ્યમાં તાદાત્મ્ય કરનારની અને જેની સાથે તાદાત્મ્ય થાય છે તેની વચ્ચે કોઈ ભેદ રહેતો નથી; તે બંને એક-રૂપ બની જાય છે. જ્યાં સુધી ભેદ રહે છે, ત્યાં સુધી તાદાત્મ્ય સિદ્ધ થયું નથી.

હું એમ કહું છું કે ગમે તે એક માર્ગ વડે તે માર્ગથી ભિન્ન બધી વસ્તુઓને દૂર કરીને, માણસ ભગવાન સાથે તાદાત્મ્ય પરિપૂર્ણપણે સાધી શકે છે, અર્થાત્ ભગવાન બની શકે છે, પણ તે એક જ બિંદુએ, જે બિંદુ તેણે પસંદ કરેલું હોય છે ત્યાં પણ આ બિંદુ પોતામાં પરિપૂર્ણ છે. હું એમ નથી કહેતી કે તે બિંદુ સર્વનો સમાવેશ કરી લે છે. હું કહું છું કે તે પોતામાં પરિપૂર્ણ છે; અર્થાત્ તાદાત્મ્ય પરિપૂર્ણ હોય છે, પણ સમગ્ર નહિ.

તેમને સંપૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે?

પરિપૂર્ણ આનંદ, શાશ્વતી, અનંતતા, બધું જ.

તો પછી તફાવત શો રહ્યો?

તફાવત માત્ર આવિર્ભાવમાં રહેલો છે. આ તાદાત્મ્ય વડે — પછી તે ગમે તે પ્રકારનું હોય, માણસ આપોઆપ આવિર્ભાવમાંથી બહાર ચાલ્યો જાય છે, પણ તાદાત્મ્યના બિન્દુમાંથી બહાર નહિ. જો અનુસરાયેલા માર્ગમાં લક્ષ્ય જીવનથી બહાર જવાનું હોય, દા. ત. નિર્વાણના શોધકોમાં, જો તે લક્ષ્ય આવિર્ભાવથી બહાર જવાનું હોય, તો તે આવિર્ભાવથી બહાર ચાલ્યો જાય છે અને બધું પતી જાય છે. એક વાર માણસ આવિર્ભાવથી બહાર ચાલ્યો જાય, પછી કોઈ ભેદ

કે ચડતો-ઊતરતો ક્રમ રહેતો નથી; બધું પતી જાય છે. બસ, તે આવિર્ભાવથી બહાર ચાલ્યો ગયો. તમે સમજ્યા? દરેક વસ્તુ માણસના લક્ષ્ય પર આધાર રાખે છે. આવિર્ભાવથી બહાર ચાલ્યા ગયા પછી, ચડતા-ઊતરતા ક્રમની શક્યતા રહેતી જ નથી. પણ માણસ આવિર્ભાવમાં પ્રવેશ કરે છે, કે તરત જ ચડતો-ઊતરતો ક્રમ આવી જાય છે. જો આપણે અતિમાનસિક જગતના સાક્ષાત્કારની વાત લઈએ, તો દરેક જણ એક જ ભૂમિકા પર નહિ રહે, એક જ નમૂનાના ઘાટમાં નહિ રહે, બધામાં એક-સરખી શક્તિ અને શક્યતા નહિ હોય. તમને કદાચ એવી ભ્રાન્તિ થશે કે આ તો એક જ પ્રકારની વસ્તુનું અનિશ્ચિત સમય સુધી પુનરાવર્તન જ થયું કહેવાય. પણ તેમ નથી. આવિર્ભાવમાં, સાક્ષાત્કારમાં શક્તિનો, કાર્યનો, પ્રગટીકરણનો ચઢતો- ઊતરતો ક્રમ આવી જવાનો. પણ જો લક્ષ્ય આવિર્ભાવથી બહાર ચાલ્યા જવાનું હોય, તો સ્વાભાવિક રીતે જ તમે ગમે તે બિન્દુએથી બહાર ચાલ્યા જાઓ, પણ તમે ચાલ્યા ગયેલા જ ગણાઓ.

તે બધું માણસ પોતાની સામે જે આદર્શ રાખે છે તેના પર આધાર રાખતું હોય છે. જ્યારે તમે બહાર ચાલ્યા જાઓ છો, કારણ કે તમે તેમ કરવાનું — પ્રલયમાં પ્રવેશવાનું પસંદ કર્યું છે, ત્યારે પણ બાકીનું વિશ્વ તો પહેલાંની પેઠે ચાલુ રહ્યું જ હોય છે. પણ તમારે માટે તે બિલકુલ અગત્યની બાબત રહી નથી. તમારો ઉદ્દેશ બહાર ચાલ્યા જવાનો હતો, અને તેથી તમે બહાર ચાલ્યા ગયા. પણ તેનો અર્થ એવો નથી કે બાકીનું વિશ્વ પણ બહાર ચાલ્યું જાય છે! તમે અથવા તે જ લક્ષ્યને અનુસરનારા બીજા લોકો જ માત્ર બહાર ચાલ્યા જાય છે.

(લાંબો વખત મૌન)

અહીં શ્રી અરવિંદ સમક્ષ અને ફ્રાન્સમાં મારી સમક્ષ આ જ સમસ્યા ખડી થઈ હતી. પ્રથમ માણસે પોતાનો માર્ગ મર્યાદિત કરવો અને લક્ષ્યપ્રાપ્તિ કરી લેવી, અને પછી બીજાઓને લેવા અને પરિપૂર્ણ રૂપાંતરનું કાર્ય શરૂ કરવું? કે માણસે એક પછી બીજું-એમ પગલાં ભરવાં, કોઈ પણ વસ્તુને બાજુએ ન મૂકી દેવી; માર્ગ પર કોઈ પણ વસ્તુને દૂર ન કરવી, એકી-સાથે સર્વ શક્યતાઓને સમાવી લેવી, અને એકી-વખતે સર્વ બિન્દુએ પ્રગતિ સાધવી? અર્થાત્, જીવન માંથી અને કાર્યમાંથી નિવૃત્ત થવું — જ્યાં સુધી લક્ષ્ય-પ્રાપ્તિ થાય ત્યાં સુધી, અતિમનસને સિદ્ધ કરે ત્યાં સુધી? કે પછી માણસે સમગ્ર સૃષ્ટિને આલિંગન આપવું, સમગ્ર સૃષ્ટિ સાથે ધીમે-ધીમે અતિમનસ્ પ્રત્યે આગળ જવું?

(મૌન)

એ સમજી શકાય તેવી વાત છે કે વસ્તુઓ ક્રમશઃ સિદ્ધ થાય છે. તમે આગળ વધો છો, એક અવસ્થાને પ્રાપ્ત કરો છો, અને પરિણામ તરીકે બધાને આગળ લઈ જાઓ છો; અને પછી, તે જ સમયે, એકી સાથેની ગતિમાં, તમે બીજી અવસ્થાને પ્રાપ્ત કરો છો, અને ફરી પાછા બીજાઓને આગળ લઈ જાઓ છો આ રીતે આગળ ને આગળ વધતા જાઓ છો.

તે એવી છાપ પાડે છે કે આપણે ગતિ કરતા નથી. પણ દરેક વસ્તુ આ રીતે જ ગતિ કરી રહી છે.

બસ, એટલું જ.

મધુર માતાજી...

હું ઇચ્છું છું કે આપણે બિન-મહત્ત્વની વાતોમાં ફરી પાછા ન ઊતરીએ. મેં જે કહ્યું, તે જો તમે સમજ્યા હો, અને તેને વિશે પ્રશ્ન પૂછવા માગતા હો, તો પૂછો.

ના? તો પછી ધ્યાન કરવું એ વધારે સારું છે.

*

વાર્તાલાપ — ૦૬

૮ ફેબ્રુઆરી ૧૯૫૬

મધુર માતાજી, મને આ સમજાયું નથી : "વધુમાં વધુ આપણને માત્ર થોડીક સાપેક્ષ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે, જેને આપણે અજ્ઞાન-પૂર્વક 'મુક્ત સંકલ્પ' કહીએ છીએ. પણ મૂળમાં તે ભ્રાન્તિમય છે, કારણ કે તે આપણા અંગત સંકલ્પ દ્વારા પોતાની જાતને વ્યક્ત કરતી પ્રકૃતિની રીત-રસમો છે. પ્રકૃતિની શક્તિ આપણને પકડે છે, આપણે તેને પકડી શકતા નથી; તે શક્તિ નક્કી કરે છે કે આપણે કયો સંકલ્પ કરીશું અને કેવી રીતે તે કરીશું. આપણા અસ્તિત્વની કોઈ પણ ક્ષણે, સ્વતંત્ર અહંતા નહિ, પણ પ્રકૃતિ પસંદ કરે છે કે આપણે કયો પદાર્થ ખોળીશું — પછી તે તર્કયુક્ત સંકલ્પ દ્વારા હોય કે વિચાર-રહિત આવેગ દ્વારા હોય."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૮)

ના સમજાયું? શું ના સમજાયું? એ તો એક હકીકત છે. તેમાં સમજવાનું કાંઈ નથી. તે તેમ જ છે.

મેં તમને આ અનેક વાર સમજાવ્યું છે. તમે ધારો છો કે મેં નિર્ણય કર્યો છે. આ તો બહારથી આવતા આવેગો છે. તમે ધારો છો કે હું મારા સંકલ્પથી સભાન છું. તે ચેતના તમારી નથી હોતી. દરેક વસ્તુ... તમે પ્રકૃતિની શક્તિઓમાંના કશાક વડે સંપૂર્ણપણે બનેલા છો જે પ્રકૃતિ ઉચ્ચતર સંકલ્પને અભિવ્યક્ત કરતી હોય છે, અને તે સંકલ્પથી તમે અજાણ છો.

એક ક્ષણ માટે પણ જો માણસ પોતાની અહંતામાંથી બહાર આવે, તો જ તે આ વાત સમજી શકે. કારણ કે અહંતાને એવી ખાતરી હોય છે કે પોતે જ એકલી બધા નિર્ણયો કરતી હોય છે; આમાં જ તેનું બળ રહેલું છે. પણ જો માણસ ધ્યાનપૂર્વક નિહાળે, તો તેને માલૂમ પડે કે પોતાની અહંતાનું સંચાલન અનેક બીજી વસ્તુઓ કરતી હોય છે.

પણ માનસિક સંકલ્પ અને પ્રાણિક સંકલ્પ એ શું છે?

તે એવી એક વસ્તુની અભિવ્યક્તિ છે કે જે અંગત નથી.

જો તમે દરકાર-પૂર્વક પૃથક્કરણ કરો, તો તમને જણાશે કે તમે જે વિચારો છો તે બીજાના વિચારો હોય છે; તે વિચારો પરિભ્રમણ કરતાં કરતાં તમારામાંથી પસાર થતા હોય છે, પણ તમે તે વિચારને પેદા કર્યો હોતો નથી, તમે તેના સર્જક નથી, તમારાં બધાં પ્રતિકાર્યો આનુવંશિકતામાંથી આવતાં હોય છે, તમને જન્મ આપનાર માતા-પિતામાંથી, પૂર્વજોમાંથી અને તમે જેમાં જીવો છો તે વાયુ-મંડળમાંથી આવતાં હોય છે; તમારામાં એકત્રિત થયેલા સંસ્કારોમાંથી — તમે જેમને તમારી જાત માનો છો તેમાંથી આવતાં હોય છે; પણ તે પ્રતિકાર્યો તમે પેદા કર્યા હોતાં નથી; તમે માત્ર તેમને અનુભવતા હો છો. તમે જતાં-જતાં તેમનાથી સભાન બનતા હો છો, પણ તમે તેમનું સર્જન કર્યું હોતું નથી.

એમ કહી શકાય કે તે ધ્વનિઓ જેવા, કોઈપણ પ્રકારના ધ્વનિઓઃ શબ્દો, સંગીત કે કંઈ પણ કે જેમને એક સાધન વડે રેકોર્ડ કરી લેવામાં આવ્યા છે અને ગ્રામોફોન જેવા બીજા સાધન વડે ફરી સંભળાવવામાં આવતા હોય છે. તમે જે ધ્વનિ સાંભળો છો તે ગ્રામોફોને સર્જ્યો છે, એમ તમે નહિ કહો; કહેશો? તમને તેવો ખ્યાલ જ નહિ આવે. પણ તમે તમારા ભિન્ન વ્યક્તિત્વની ભ્રમણામાં પડેલા છો, એટલે તમારા મનમાં પ્રવેશ કરતા અને અભિવ્યક્ત થતા વિચારો, તમારા પ્રાણિકમાંથી પસાર થતી અને અભિવ્યક્ત થતી લાગણીઓ તમારામાંથી ઉદ્‌ભવ્યાં છે એમ તમે માની લો છો. તે 'તમે' ક્યાં છે કે જે આ બધાનું સર્જન કરી શકે?

તમારામાં રહેલી સર્જનાત્મક વાસ્તવિકતાને જાણવા માટે, તમારે ખૂબ ઊંડે તમારી અંદર જવું પડશે, તમારા અસ્તિત્વના સનાતન તત્ત્વને — હાર્દને શોધી કાઢવું પડશે. એક વાર તમને તે જડી જશે, ત્યારે તમને માલૂમ પડશે કે તે એક જ વસ્તુ છે, જે બધામાં છે; તો પછી તમારું ભિન્ન વ્યક્તિત્વ ક્યાં છે? પછી તો કાંઈ જ બાકી રહેતું નથી.

હા, રેકોર્ડ કરનાર અને તે ધ્વનિને ફરી સંભળાવનાર સાધન હોય છે. તેમાં હંમેશાં વિકૃતિઓ પણ હોય છે. તે વિકૃતિઓ વધારે સારા માટે હોય અથવા ધ્વનિઓને વધારે ખરાબ બનાવનારી પણ હોય; તેમાં મહાન પરિવર્તનો થઈ ગયાં હોય. આંતર સંમિશ્રણો એવાં હોય છે કે વસ્તુઓ એક જણ પાસેથી બીજા પાસે જાય ત્યારે તેમનું પુનઃસર્જન બરાબર પહેલાંના જેવું જ બને, કારણ કે તે સાધન ખૂબ જટિલ છે. પણ તે એક જ વસ્તુ સચેતન સંકલ્પ વડે સંચાલિત થતી હોય છે, જે સર્વ અંગત સંકલ્પોથી તદ્દન સ્વતંત્ર હોય છે.

જ્યારે બુદ્ધ પોતાના શિષ્યોને આ વાત સમજાવવા માગતા હતા, ત્યારે તે કહેતા હતા કે જ્યારે જ્યારે તમે તમારામાંથી એક આકંપન, દા. ત. કામના બહાર મોકલતા હો છો, ત્યારે તમારી કામના એક માણસ પાસેથી બીજા માણસ પાસે આખા વિશ્વમાં પરિભ્રમણ કરીને તમારી પાસે પાછી આવતી હોય છે. તે એક વસ્તુ નથી હોતી, પણ અનેક વસ્તુઓ, વસ્તુઓનું આખું જગત પરિભ્રમણ કરતું હોય છે; તમે એકલા તેને બહાર મોકલનાર કેન્દ્ર નથી હોતા, પણ બધી વ્યક્તિઓ તેને બહાર મોકલનાર કેન્દ્રો હોય છે તેથી એવો ગરબડ-ગોટાળો પેદા થાય છે કે તમે તમારાં નિયમન કરનારાં રજ્જુઓ પરનો કાબૂ ગુમાવી બેસો છો. પણ આકંપનો કેવળ એક જ ક્ષેત્રમાં પ્રસરતાં હોય છે. તે આકંપનોનો - ગૂંચવાડો, તેમની પરસ્પર અથડામણ એવી ભ્રમણા પેદા કરતી હોય છે કે આ આકંપન સ્વતંત્ર અથવા ભિન્ન છે.

પણ કશું જ સ્વતંત્ર અથવા ભિન્ન હોતું નથી. માત્ર એક જ પદાર્થ, એક જ શક્તિ, એક જ ચેતના, એક જ સંકલ્પ છે, જે અસંખ્ય પ્રકારે ગતિ કરી રહેલ છે.

તે એટલું બધું જટિલ હોય છે, કે માણસ તેનાથી સભાન બની શકતો હોતો નથી. પણ જો કોઈ માણસ પાછું ડગલું ભરે અને ગતિને અનુસરે — પછી ગતિની કયી રેખા તે વાત બહુ મહત્ત્વની નથી, તો તેને સ્પષ્ટ રીતે માલૂમ પડે કે આકંપનો પોતાની જાતનો પ્રચાર કરતાં હોય છે, એક આકંપન બીજાને અનુસરતું હોય છે, હકીકતમાં માત્ર એક જ એકતા છે — પદાર્થની એકતા, ચેતનાની એકતા, સંકલ્પની એકતા. તે જ માત્ર એક વાસ્તવિક્તા છે, બાહ્ય દૃષ્ટિએ જોતાં, ભેદની અને તફાવતની ભ્રાન્તિ હોય છે.

કામનાઓ અને તે બધી વસ્તુઓ પણ?

આ બિલકુલ અંગત નથી હોતી. તે શોધી કાઢવું એ બહુ સહેલું છે, કારણ કે સોમાંથી નેવું વખત બીજા કોઈ પાસેથી, અમુક સંજોગમાંથી, અથવા સંજોગોના મિશ્રણમાંથી; બીજા કોઈ એક જણનાં કે અનેક લોકોનાં આકંપનોમાંથી તે આવતી હોય છે, તે શોધી કાઢવું બહુ સહેલું છે. માણસ તે વસ્તુને પ્રથમ શોધી કાઢી શકે છે. તે એક એવું આકંપન હોય છે, જે તમારામાં તેની સમાન કોઈક વસ્તુને ઓચિંતી જાગ્રત કરે છે. કોઈક વસ્તુ તમારામાં આવેગ પેદા કરે છે, તે આવેગ પ્રતિકાર્યને પેદા કરે છે; જ્યારે તમે કોઈ સૂર વગાડતા હો છો અને બને

છે તેમ. આ કામનાનું આકંપન આવે છે અને અમુક રીતની લાગણી તમારામાં પેદા કરે છે, અને તમે તેને પ્રત્યુત્તર આપો છો.

તે ખોળી કાઢવું તે બહુ મુશ્કેલ નથી. યુવાન અથવા બાળક પણ જો ધ્યાન આપે, તો આનાથી સભાન બની શકે. માણસ સતત સૂચનોમાં જ જીવતો હોય છે. મને ખબર નથી કે — તમે મડ્દું બાળવા માટે સ્મશાનમાં ગયા છો કે નહિ. જો તમે કોઈ મરેલા માણસના ઘરમાં જાઓ, તો અવલોકન કરશો, તો જ તમે આ જોઈ શકશો, નહિ તો નહિ. તમને અવલોકન કરતાં માલૂમ પડશે કે તમારે શોક કરવાનું કોઈ ખાસ કારણ ન હતું. મરી ગયેલો માણસ બીજા સામાન્ય લોકો જેવો જ હતો. તમે કોઈ સામાજિક સંયોગાવશાત્ તે મરી ગયેલા માણસને ઘેર જાઓ છે. ત્યાં ઓચિંતો તમને શોક થાય છે; પીડા થાય છે, તે શા માટે અને કેવી રીતે પેદા થયાં તેની તમને સમજ પડતી હોતી નથી કે હું શા માટે દુઃખી થાઉં છું? તેનું કારણ માત્ર એટલું જ છે કે ત્યાંનાં આકંપનોએ તમારામાં પ્રવેશ કર્યો છે, બીજું કાંઈ નહિ.

તેનું અવલોકન કરવું તે બહુ સહેલું છે હું જ્યારે નાની બાલિકા હતી, જ્યારે હું સચેતનપણે યોગ કરતી ન હતી — કદાચ હું યોગ કરતી હતી, પણ સભાનપણે નહિ, ત્યારે મેં બહુ સ્પષ્ટતા-પૂર્વક જોયું હતું. મેં મારી જાતને કહ્યું કે "ચોક્કસ તેમનો શોક મારામાં સંક્રાન્ત થયો છે, કારણ કે આ માણસના મૃત્યુની અસર મારા પર ચોક્કસ ન જ પડવી જોઈએ." ઓચિંતાં મારી આંખોમાં આંસુ ઊભરાયાં, હું ગળગળી બની ગઈ, રડવા જેવી થઈ ગઈ — જાણે કે હું મહાન શોકમાં ન ગબડી પડી હોઉં, હું ખૂબ નાની બાલિકા હતી. તે મને તરત સમજાયું કે તેમના શોકે મારામાં પ્રવેશ કર્યો છે.

ગુસ્સાની બાબતમાં પણ તેમ જ છે. તે બહુ સ્પષ્ટ છે. માણસ ક્રોધને કોઈ બીજા માણસ પાસેથી નહિ, પણ વાયુ-મંડળમાંથી ઝીલતો હોય છે. તે વાયુ-મંડળમાં છે, એકદમ તમારામાં પ્રવેશ કરે છે, સ્વાભાવિક રીતે જ તમને પકડમાં લે છે. નીચેથી તે તમારામાં ઉપર આવે છે, તમને ધકેલે છે, અને તમે બીજાને મારવા ધસી જતા હો છે. એક મિનિટ પહેલાં તમારામાં ક્રોધ ન હતો, તમે તદ્દન સ્વસ્થ હતા, મિજાજ ગુમાવવાનો તમને ઇરાદો ન હતો. તે એટલા બળ-પૂર્વક તમને પકડમાં લે છે, કે તમે તેનો પ્રતિકાર કરી શકતા નથી. તમે પૂરતા સચેતન નથી હોતા. એટલે તમે ક્રોધને તમારામાં પ્રવેશ કરવા દો છો, તે તમારો ઉપયોગ કરતો હોય છે. તમે તમારા શરીરને 'હું' કહેતા હો છો; પણ તે શરીર તો દેખીતી રીતે બીજાઓનાં શરીરોથી ભિન્ન હોય છે; પણ તે એક ચાક્ષુષ ભ્રાન્તિ

છે. હકીકતમાં, બધો જ સમય, તમારામાંથી, રેડિયેશનની (તેજસ્વી પદાર્થમાંથી કિરણો બહાર આવે છે તેમ) પેઠે, ભૌતિક પરમાણુઓ બહાર નીકળતા હોય છે અને તે બીજાઓ સાથે સંમિશ્રિત થઈ જતા હોય છે. જો માણસ લાગણી-પ્રધાન હોય, તો તે દૂરથી પણ તે પરમાણુઓને અનુભવે છે.

અંધ માણસો એટલા બધા લાગણી-પ્રધાન, ઇન્દ્રિય-દર્શનયુક્ત હોય છે કે જ્યારે તેઓ કોઈ પદાર્થની નજીક આવે છે, ત્યારે દૂરથી તેઓ તેનો આવેગ જાણી લેતા હોય છે. કોઈ પણ માણસ બહુ સહેલાઈથી આનો પ્રયોગ કરી શકે છે. તમે જરા પણ અવાજ કર્યા સિવાય; ચુપકીદીથી કોઈ માણસ પાસે જાઓ. જો તે માણસ લાગણી-પ્રધાન હશે, તો તરત જાણી લેશે કે કોઈ માણસ મારી પાસે આવે છે. આ માત્ર એક શારીરિક પ્રયોગ છે; તેમાં તમે તમારા સંકલ્પનો કે માનસ-શાસ્ત્રીય તત્ત્વનો પ્રયોગ કર્યો હોતો નથી.

એનો એ અર્થ થયો કે તેમાં શરીરની જરૂર નથી પડતી; આપણી આંખો જ એ રીતે બનાવવામાં આવી છે. જો આપણામાં જરાક વધારે સૂક્ષ્મ દર્શના હોય, જરાક વધારે વિશાળ ક્ષેત્ર-મર્યાદા હોય, તો આપણે જોઈ શકીએ કે આપણા અથવા બીજાઓના શરીરમાંથી કાંઈક બહાર આવતું હોય છે, તે બધું સંમિશ્રિત થઈ જતું હોય છે, પરસ્પર કાર્ય કરતું હોય છે.

"સક્રિય શક્તિમાં એકતા" વડે શ્રી અરવિંદ શું કહેવા માગે છે?

હું એ જ કહેવા જતી હતી. એક સક્રિય શક્તિ સર્વ વસ્તુઓને સંચાલિત કરતી હોય છે. જો તમે તેનાથી સભાન બનો, તો તમે જોઈ શકો કે તે એક જ શક્તિ બધાને સંચાલિત કરતી હોય છે. જો તમે સચેતન બનો, તો તમે તેની ગતિઓને અનુસરી શકો, માણસો અને વસ્તુઓ દ્વારા તે કેવી રીતે કાર્ય કરે છે તે જોઈ શકો.

જે ક્ષણથી તમે શક્તિની — ચેતનાની — સંકલ્પની એકતાથી સભાન બનો છો, ત્યારથી તમે તમારી જાતને બીજાઓથી ભિન્ન જોઈ શકતા નથી, જેને પરિણામે તેમનામાં શું બની રહ્યું છે તે તમે ન જાણી શકો, તેઓ અપરિચિત — અજાણ્યા લોકો બની જાય. તમે તમારાં દેહમાં પૂરાઈ ગયા હો એમ લાગે, અને ઉપરછલ્લી રીતે — માત્ર બાહ્ય રીતે તેમની સાથે સંપર્ક રાખો. એમ બનતું હોય છે, કારણ કે — તમે શક્તિની — ચેતનાની — સંકલ્પની એકતાનો સાક્ષાત્કાર તમારામાં કર્યો હોતો નથી — અરે, ભૌતિક આકંપનોની એકતાનો પણ

સાક્ષાત્કાર કર્યો હોતો નથી.

જટિલતા તે દર્શનને કઠિન બનાવતી હોય છે. આપણી દર્શનની શક્તિ એક રેખામાં જ ગતિ કરતી અને એક બાજુવાળી હોય છે. એટલે જ્યારે આપણે સમજવા માગીએ છીએ, ત્યારે પરસ્પર અસંગત અસંખ્ય વસ્તુઓ આપણા પર આક્રમણ કરતી હોય છે; તે બધી એવી તો જટિલ રીતે એક-બીજા સાથે સંમિશ્રિત બની જતી હોય છે કે જેથી માણસ તેમની રેખાઓને જોઈ શકતો નથી અને વસ્તુઓને સમજી શકતો નથી; તે વાવાઝોડામાં ઓચિંતો પ્રવેશ કરતો હોય છે.

તેનું કારણ આ હોય છે : દા.ત. ઘણા માણસો, એક પછી બીજો એમ, વિચાર કરતા હોય છે — જેમ તે એક પછી બીજો શબ્દ બોલતા હોય છે તેમ; તેઓ એકીવખતે એક કરતાં વધારે શબ્દો બોલી શકતા હોતા નથી, અને નહિ તો તે તોતડાય છે. ઘણા લોકો તે રીતે જ વિચાર કરતા હોય છે. તેઓ એક વિચાર પછી બીજો વિચાર કરતા હોય છે, અને તેથી તેમની સમગ્ર ચેતના એક રેખામાં ગતિ કરતી હોય છે. પણ જ્યારે માણસ વર્તુળાકારમાં જોઈ શકે, વિચારી શકે, અર્થાત્ એકીવખતે અસંખ્ય વિચારો અને દર્શનો કરી શકે, ત્યારે જ તે વસ્તુઓને જોવાની શરૂઆત કરતો હોય છે.

જો અત્યારે માણસ વસ્તુઓનું વર્ણન કરવા માગતો હોય, તો તે સ્વાભાવિક રીતે જ એક પછી બીજીનું વર્ણન કરે છે, કારણ કે તે એકી-વખતે દશ શબ્દો બોલી શકતો નથી, તે એક પછી બીજો શબ્દ બોલતો હોય છે. અને તેથી તે સત્યને અભિવ્યક્ત કરવા માટે તદ્દન અશક્તિમાન હોય છે. એક પછી બીજો એમ બોલાયેલા શબ્દો સાચા હોતા નથી. જેમ આપણે બધા શબ્દોને એકી-સાથે જોઈ શકીએ છીએ, તેમ તે એકીસાથે બોલાવા જોઈએ અને તેમાં દરેક શબ્દ પોતાને યોગ્ય સ્થાને હોવો જોઈએ.

જ્યારે માણસ તે રીતે જોવાની, વિવેક કરવાની, લાગણી અનુભવવાની, વિચારવાની, સંકલ્પ કરવાની શરૂઆત કરે છે, ત્યારે તે સત્યની નજીક જતો હોય છે. પણ જ્યારે તે બોલતો હોય છે તે રીતે જોતો હોય છે, ત્યારે તેમાં શોચનીય દરિદ્રતા આવી જાય છે.

શ્રી અરવિંદ લખે છે કે "જ્યાં સુધી આપણે અજ્ઞાનમય દર્શનમાં જીવીએ છીએ, ત્યાં સુધી આપણે અહંતા છીએ, પ્રકૃતિના ગુણોને પરાધીન છીએ. આભાસોની ગુલામીમાં, દ્વન્દ્વોના બંધનમાં, શુભ-અશુભ, પાપ-પુણ્ય,

હર્ષ-શોક, સુખ-દુઃખ, લાભ-અલાભ, સફળતા-નિષ્ફળતા વડે ફેંકાતા આપણે અનાથતાપૂર્વક માયાના ચક્રના લોહમય વર્તુળમાં ઘૂમતા હોઈએ છીએ."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૮)

હા. કેટલાક લોકોનું જીવન સુખી અને સગવડ-ભર્યું હોય છે, જ્યારે બીજા લોકોનું જીવન દુઃખમય હોય છે. તેનો આધાર વ્યક્તિગત ભવિતવ્યતા પર રહેલો છે; કદાચ તેનો આધાર તેમને પૃથ્વી પર, પોતે પ્રાપ્ત કરેલી અવસ્થા પર જે કરવાનું છે તેના પર છે; તેનો આધાર ઘણી વસ્તુઓ પર છે. એ વાત તો તદ્દન સ્પષ્ટ છે કે તેમની પસંદગી તેમાં કામ લાગતી હોતી નથી, કારણ કે ઘણા લોકો એક જ વસ્તુની પસંદગી કરે જો તેમને પૂછવામાં આવે કે તમારે શું જોઈએ છે? તો તફાવતો રહે, પણ બહુ મોટા નહિ. કદાચ તે પુનરુક્તિને કારણે કંટાળા-જનક પણ હોય.

ઘણાખરા લોકો શાન્તિ માગતા હોય છે, પોતાના માપ પ્રમાણેનું નાનકડું સંગઠન માગતા હોય છે, જે મોટે ભાગે સૂક્ષ્મદર્શક યંત્ર જેવું હોય છે, એક જ પ્રકારનો નિયમિત કાર્યક્રમ, હમેશાં એક જ પ્રકારની ક્રિયાઓ માગતા હોય છે — અને તે પણ તેની તે જ મર્યાદાઓમાં, તે જ પરિસ્થિતિઓમાં; જેમાં ઝાઝા તફાવત સિવાય તેની તે જ વસ્તુઓ ફરી-ફરીને કરવાની હોય, પછી તે કંટાળા-જનક ન બની જાય તેટલા માટે થોડાક ફેરફાર સાથે; પણ તેમાં એવું કાંઈ ન હોય કે જે તેમના શાન્તિમય જીવનમાં વિક્ષેપ પેદા કરે. મોટા ભાગના લોકોનો આવો આદર્શ હોય છે.

એટલે આ આદર્શની સિદ્ધિનો આધાર તેઓ જે દેશમાં જન્મ્યા હોય, જે સમાજમાં જન્મ્યા હોય, અને પરિસ્થિતિના રીત-રીવાજો પર હોય છે. તેઓ જે સમાજમાં રહેતા હોય તે દેશની અને સમાજની રીતભાત વડે તેમનો આદર્શ ઘડાય છે.

અલબત્ત, એમાં અપવાદો હોય છે. પણ તે માત્ર નિયમને જ સાબિત કરે છે. મોટે ભાગે મોટા ભાગના લોકોનો આદર્શ આ હોય છે : આરામ-ભરેલી પરિસ્થિતિમાં જન્મવું જેથી જીવનમાં ઘણી મુશ્કેલીઓ ન આવે, બહુ તકલીફ ન આપે તેવી સ્ત્રીને પરણવું, તકલીફ ન આપે અને સારી રીતે મોટાં થાય તેવાં તંદુરસ્ત બાળકો પ્રાપ્ત કરવાં, પછી શાન્તિમય અને સુખમય વૃદ્ધાવસ્થા, માંદા ન પડવું — જેથી તકલીફ ઊભી ન થાય. અને છેલ્લે જીવનથી કંટાળો આવે

ત્યારે તકલીફ વગર મરી જવું.

સાચે જ, આ બહુ પ્રચલિત આદર્શ છે. સ્વાભાવિક રીતે જ તેમાં અપવાદો છે. કેટલાક લોકોનો આદર્શ આનાથી તદ્દન વિપરીત હોય છે. પણ ત્યારે જીવન પુનરુક્તિને લીધે કંટાળા-જનક બની જાય છે. તે આદર્શમાં, વીગતોમાં ભેદો હોય છે, કારણ કે એક દેશમાં લોકો અમુક વસ્તુ પસંદ કરતા હોય છે, અને બીજા દેશમાં લોકો બીજી વસ્તુ પસંદ કરતા હોય છે. વળી, માણસો જે સમાજમાં જન્મે છે તેમાં અમુક રીત-રીવાજો અને સુખનો આદર્શ હોય છે; બીજા સમાજમાં બીજા રીત-રીવાજો અને સુખનો આદર્શ હોય છે.

જો કોઈ માણસ યુરોપિયનો સાથે વાત કરે તો તેઓ કહેશે કે યુરોપ કરતાં વધારે સુંદર કોઈ બીજો દેશ નથી. હું ઘણા ફ્રેન્ચ લોકોને — સેંકડોને જાણું છું. જેઓ કહેતા હતા કે ફ્રેન્ચ સ્ત્રીઓ કરતાં વધારે સુંદર સ્ત્રીઓ બીજા કોઈ દેશમાં નથી! હું એક નિગ્રોને (હબસીને) જાણું છું, જેણે ફ્રાન્સમાં કેળવણી લીધી હતી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે કયી સ્ત્રીઓ સૌથી વધારે રૂપાળી છે, ત્યારે તેણે જવાબ આપ્યો હતો કે હબસણ કરતાં વધારે રૂપાળી સ્ત્રી કોઈ નથી. તે તદ્દન સ્વાભાવિક હતું, નહિ વારુ? તો વાત એવી છે. તમે જેમાં રહેવા ટેવાયેલા છો તે ઘર કરતાં સુંદર ઘર પૃથ્વીમાં બીજું કોઈ નથી હોતું. તમે જે દેશમાં રહેતા હો ત્યાંનાં ઘરો, ત્યાંનાં સીન-સીનેરી (સુંદર પ્રાકૃતિક દૃશ્યો) સૌથી વધારે સુંદર તમને લાગે છે. જો એમાં બધું સંવાદમય રીતે ચાલે, તમને કોઈ જબરદસ્ત આઘાતો પ્રાપ્ત ન થાય, તો તમને તેમાં પૂરો સંતોષ હોય છે.

આ સામાન્ય મનોદશા હોય છે. માણસ તેમાં ગોળ-ગોળ ફર્યા કરતો હોય છે, કેટલીક વાર તે વર્તુલ લોહમય હોય છે, તો કેટલીક વાર સુવર્ણમય. તેમનાં છોકરાં પણ ગાળ-ગોળ ફરતાં હોય છે. તેમનાં છોકરાંનાં છોકરાં પણ તેમાં ગોળ-ગોળ ફર્યા કરતાં હોય છે. વાત એવી છે.

આજને માટે આટલું બસ છે.

*

વાર્તાલાપ — ૦૭

૧૫ ફેબ્રુઆરી ૧૯૫૬

મધુર માતાજી, શ્રી અરવિંદ 'આ કાર્ય કરતી વિશ્વ-પ્રકૃતિ'ની વાત કરે છે. શું બીજી ભૂમિકાઓ પર પણ કાર્ય કરતી પ્રકૃતિ હોય છે?

બીજી ભૂમિકાઓ પર? તમે શું કહેવા માગો છો?

માનસિક અને બીજી ઊર્ધ્વ ભૂમિકાઓ પર.

પાર્થિવ પ્રકૃતિમાં માત્ર પદાર્થ-તત્ત્વ નથી હોતું (શારીરિક અને તેની ભિન્ન ભિન્ન ભૂમિકાઓ), પણ પ્રાણિક તથા મન પણ હોય છે. આ બધું પાર્થિવ પ્રકૃતિના ભાગરૂપ છે.

તેથી ઊર્ધ્વમાં પ્રકૃતિ નથી હોતી, અર્થાત્ તેવો કોઈ ભેદ નથી હોતો. તે તાત્ત્વિક રીતે ભૌતિક જગતમાં હોય છે, જેનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે.[૧]

પણ શ્રી અરવિંદ કહે છે તેમ, "આ પૂર્ણ, સાચું સત્ય નથી." તેમણે માત્ર ગીતામાં સમજાવેલી વસ્તુનો સાર આપ્યો છે. ગીતા તે પ્રમાણે કહે છે, પણ હકીકતમાં બરાબર તેવું જ નથી.

શ્રી અરવિંદ કહે છે કે તે માત્ર ઉપયોગી થઈ પડે. અસ્તિત્વના ભિન્ન ભિન્ન ભાગો વચ્ચે ગૂંચવાડો કરવાને બદલે, આ તમને ઉચ્ચતર અને નિમ્નતર વચ્ચે, ભગવાન પ્રત્યે વળેલા ભાગ તથા ભૌતિક-તત્ત્વ પ્રત્યે વળેલા ભાગ વચ્ચે વિવેક કરવામાં મદદ કરે છે. માનસ-શાસ્ત્રીય રીતે તે ખ્યાલ ઉપયોગી છે, પણ હકીકતમાં વસ્તુઓ તે પ્રકારની નથી.

૧. સિન્થેસિસ ઑફ યોગ (પૃષ્ઠ ૯૧) નો જે ફકરો શ્રી માતાજીએ વાંચ્યો હતો, તેમાં શ્રી અરવિંદ પુરુષના તથા પ્રકૃતિના પરંપરા-પ્રાપ્ત ભેદને સમજાવે છે. પુરુષ એટલે પ્રકૃતિનો સ્વામી. તેમાં, પુરુષ પ્રકૃતિમાં વિલીન થઈ જાય છે તેની ભિન્ન-ભિન્ન અવસ્થાઓનું વર્ણન તે કરે છે. પુરુષને જગતની ક્રિયાઓ કરતો જીવાત્મા પણ કહી શકાય. પછી શ્રી અરવિંદ જીવાત્માની મુક્તિનો પરંપરા-પ્રાપ્ત માર્ગ બતાવે છે; ત્યારે પુરુષ પ્રકૃતિથી પર ચાલ્યો જાય છે અને ફરી પ્રકૃતિનો સ્વામી બની જાય છે.

શ્રી અરવિંદ લખે છે, "પ્રકૃતિ —સનાતન તત્ત્વની સચેતન શક્તિ તરીકે, દિવ્ય સત્યમાં જેવી તે છે તે રૂપે નહિ, પણ અજ્ઞાનમાં આપણને તે જેવી ભાસે છે તે પ્રકૃતિ કાર્ય કરતી શક્તિ છે; તેનાં પગલાં યાંત્રિક હોય છે; સચેતન રીતે પ્રકૃતિ વિષેની આપણી અનુભૂતિને તે સમજાતાં હોતાં નથી —જો કે પ્રકૃતિનાં કાર્યોમાં પરમ બુદ્ધિ સાહજિક રીતે રહેલી હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૯૧)

શું પ્રકૃતિ સચેતન રીતે બુદ્ધિયુક્ત નથી?

તેનામાં, તેની દ્વારા, તેનાં કાર્યોમાં એક પ્રકારની બુદ્ધિ કામ કરી રહી હોય છે, પણ તે આ બુદ્ધિથી સભાન નથી હોતી. આ વાત તમે પશુઓમાં સમજી શકશો. દા. ત. કીડીઓ લો. તેમને જે કરવાનું હોય છે તે તેઓ ચોક્કસ રીતે કરે છે. તેમનું કાર્ય તથા સંગઠન પરિપૂર્ણ દેખાય છે. પણ તેઓ તેમને સંગઠિત કરતી બુદ્ધિથી સભાન નથી હોતી. તેઓ યાંત્રિક રીતે બુદ્ધિ વડે સંચાલિત થતી હોય છે, જે બુદ્ધિથી તેઓ સભાન નથી હોતી. તમે બિલાડી અને કૂતરા જેવાં બહુ વિકાસ પામેલાં પશુઓને લો. પોતાને શું કરવાનું છે તે તેઓ ચોક્કસ રીતે જાણતાં હોય છે. જેમ કોઈ સ્ત્રી પોતાનાં બાળકોને ઉછેરીને મોટાં કરે છે તેમ બિલાડી પણ કરે છે —કેટલીક વાર તો તે સ્ત્રી કરતાં વધારે સારી રીતે; પણ તે એવી એક પ્રકારની બુદ્ધિથી સંચાલિત થતી હોય છે, કે જે બિલાડીને આપોઆપ જ સંચાલિત કરે છે. તેની પાસે કામ કરાવતી બુદ્ધિથી બિલાડી સભાન નથી હોતી. પોતાના સંકલ્પ વડે તે ગતિમાં બિલાડી કોઈ પણ ફેરફાર કરી શકતી નથી. કોઈક વસ્તુ તેને યાંત્રિક રીતે કામ કરાવે છે, પણ તેના પર તેનો કાબૂ નથી હોતો.

જો કોઈ માનવ તેમાં વચ્ચે પડે અને બિલાડીને તાલીમ આપે, તો તે તેના વર્તનમાં ફેરફાર કરાવી શકે, પણ તેમાં તો માનવ-પ્રાણીની ચેતના તેના પર કાર્ય કરતી હોય છે, બિલાડીની પોતાની ચેતના નહિ. બિલાડીને કાર્ય કરાવતી બુદ્ધિથી તે સભાન નથી હોતી.

આ જાતની સભાનતા, પોતાની જાતને કાર્ય કરતી જોવાની શક્યતા, પોતે શા માટે વસ્તુઓ કરે છે તે સમજવાની શક્યતા, પોતે કેવી રીતે કાર્ય કરે છે તે સમજવાની શક્યતા, કાર્ય પર કાબૂ રાખવાની અને કાર્યમાં ફેરફાર કરવાની

શક્યતા માત્ર મનમાં જ હોય છે, તે માણસનો પોતાનો અધિકાર છે. માનવ અને પશુ વચ્ચે આ એક તાત્ત્વિક તફાવત છે. માણસ પોતાની જાતથી સભાન છે. પોતાની પાસે કાર્ય કરાવતી શક્તિથી તે સભાન બની શકે છે; અરે, તેના પર કાબૂ રાખી શકે છે.

પણ જે લોકો પોતાની જાતને અમુક બળ વડે ધકેલાતી અનુભવે છે અને કહે છે કે "તેમ કરવાની અમને ફરજ પડી હતી, તેમાં અમારા સંકલ્પે ભાગ લીધો નથી", તે લોકો હજુ ગાઢ પશુતામાં સબડી રહ્યા છે, અર્થાત્ અચેતનતામાં સબડી રહ્યા હોય છે. જ્યારે માણસ પોતે અમુક વસ્તુઓ શા માટે કરી રહ્યો છે તે જાણે છે, જ્યારે તે નિશ્ચય-યુક્ત સંકલ્પ વડે પોતાનાં કાર્યોને બદલવા સમર્થ બને છે, પોતાનાં કાર્યો પર તેનો કાબૂ હોય છે, ત્યારે જ તેને સચેતન માનવ-પ્રાણી કહી શકાય. કાબૂ પ્રાપ્ત કર્યા પહેલાં તે ઓછો પશુ છે, જેનામાં ચેતનાનો નાનકડો ગર્ભ બંધાવાની હજી શરૂઆત થતી હોય છે, જે દીપકની ફરફરતી જ્યોત સમાન છે — જે થોડોક પવન વાતાં ઓલવાઈ જશે.

"પ્રકૃતિ તરીકે કુદરત એક જડ રીતે સક્રિય શક્તિ છે, કારણ કે તે પોતાના પર લદાયેલી ગતિ આગળ ધપાવી રહી હોય છે. પણ તેની અંદર જ્ઞાન-સ્વરૂપ પરમાત્મા રહેલા છે...

જીવાત્મા અથવા દેહધારી સચેતન પ્રાણી પોતાની જાતનું તાદાત્મ્ય આ અનુભૂતિ કરનાર પુરુષ સાથે અથવા તો આ સક્રિય પ્રકૃતિ સાથે કરી શકે. જો તે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કરશે, તો તે જીવાત્મા પ્રકૃતિનો સ્વામી, ભોક્તા, જ્ઞાતા નહિ બની શકે..."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૯૧)

જો પ્રકૃતિને આત્મ-સભાન શક્તિ દોરતી હોય, અને પ્રકૃતિ પોતાના પર લદાયેલા કાર્યને જ યથાવત્ કરતી હોય, તો પછી આ બધી વિકૃતિઓ કેવી રીતે થતી હોય છે? પ્રકૃતિ વસ્તુઓને કેવી રીતે વિકૃત બનાવી શકે?

હા, હું આ પ્રશ્નની અપેક્ષા રાખતી હતી.

હું તમને કહું છું કે આ ગીતાનો સિદ્ધાંત છે; તે સંપૂર્ણ સત્ય નથી.

હું ફ્રાન્સમાં હતી, ત્યારે મેં આ સાંભળ્યું હતું. ગીતાને સમજાવતા કેટલાક

લોકો કહેતા હોય છે કે ધુમાડા વગર અગ્નિ ન હોઈ શકે. તે વાત સાચી નથી. ત્યાંથી શરૂઆત કરીને તે લોકો કહેતા હોય છે કે "જીવન એવું જ છે. તમે તેમાં કશો ફેરફાર કરી શકો નહિ. તમે માત્ર એટલું જ કરી શકો કે તમે પુરુષ પ્રત્યે ચાલ્યા જાઓ, અને નિયમિત કરાતી વસ્તુને બદલે નિયમન કરનાર શક્તિરૂપ બની જાઓ". પણ અંતમાં શ્રી અરવિંદ કહે છે કે તે ગીતાનો સિદ્ધાંત છે; તે સમગ્ર સત્ય નથી; તે માત્ર વસ્તુઓને જોવાનો એક આંશિક પ્રકાર છે, જે ઉપયોગી છે, વ્યવહારુ છે, સગવડ-ભરેલો છે, પણ સંપૂર્ણપણે સત્ય નથી.

જો એમ હોય, તો શ્રી અરવિંદના કેટલાક શિષ્યો જગતના ઉદ્ધાર માટે ગીતાના સંદેશનો ઉપદેશ શા માટે કરતા હોય છે?

તે તેમને જોવાનું છે. જો તેમ કરવાથી તેઓ રાજી થતા હોય, તો મને તેમાં કશો વાંધો નથી.

પણ શ્રી અરવિંદના યોગ સાથે તેને કશો સંબંધ નથી?

સંબંધ નથી — એમ ન કહી શકાય. પણ તે મનની સંકુચિતતા છે એટલું જ કહી શકાય. એક ટુકડાને પકડીને તેઓ તેને સમગ્ર બતાવતા હોય છે. પણ દરેક જણ માટે તેમ બનતું હોય છે. હું જાણવા માગું છું કે સમગ્રને પકડવા કોણ શક્તિમાન છે? દરેક જણ પોતાનો ટૂકડો પકડે છે અને તેને પોતાની સમગ્ર ચીજ બનાવી મૂકે છે.

પણ શ્રી અરવિંદે સમજાવ્યું છે કે...

ઓહ, પણ તમે તો પ્રચારક છો! તમે શા માટે તેમને સમજાવવા માગો છો? જો તેઓ તેટલાથી સંતોષ માનતા હોય, તો તેમના સંતોષમાં તેમને રહેવા દો. જો તેઓ આવીને તમને કહે કે આ શ્રી અરવિંદનો સિદ્ધાંત છે, તો તમને કહેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે કે ના, તમારી ભૂલ થાય છે, આ શ્રી અરવિંદનો સિદ્ધાંત નથી. બસ, એટલું જ. પણ તમે એમ ન કહી શકો કે તમારે અભિપ્રાય બદલવો જ જોઈએ. જો તેમાં તે રાજી હોય, તો ભલે તે પોતાના અભિપ્રાયને રાખે.

ગીતાનો તે સંદેશ બહુ સગવડ-ભરેલો છે. ભારતમાં આવતા પહેલાં મેં તે

ફ્રાન્સમાં, પેરિસમાં જોયું હતું કે તે સિદ્ધાંત બહુ વ્યવહારુ છે. મેં કહ્યું તેમ, પ્રથમ તો તે વખતે એક ખૂબ ગહન અને ખૂબ જ ઉપયોગી સત્ય પકડવાની છૂટ આપે છે; અને પછી તે તમારી બાહ્ય પ્રકૃતિનું પરિવર્તન કરવાની જરૂરિયાતથી તમને બચાવી લે છે.

તે ખૂબ સગવડ-ભરેલો છે, નહિ વારુ? તમે કહો છો કે "હું તેવા સ્વભાવનો છું. તેમાં હું શું કરી શકું? હું પ્રકૃતિથી મારી જાતને જુદી પાડું છું, તેને જે કરવું હોય તે કરવા દઉં છું. હું પ્રકૃતિ નથી, હું પુરુષ છું. આહ, પ્રકૃતિને પોતાને માર્ગે જવા દો, આખરે હું તેને બદલી શકું તેમ નથી." આ ખૂબ જ સગવડભરેલું છે. તેથી લોકો તેને અપનાવતા હોય છે. તેઓ એવી કલ્પના કરતા હોય છે કે — અમે પુરુષમાં છીએ. પણ થોડોક ઉઝરડો થતાં તેઓ સીધા પાછા પ્રકૃતિમાં પડી જતા હોય છે, અને કાં તો તેઓ ગુસ્સે થતા હોય છે, અથવા નિરાશ થતા હોય છે, અથવા તો માંદા પડતા હોય છે. આમ બનતું હોય છે.

એક માણસે પુરુષ સાથે આ પ્રકારનું તાદાત્મ્ય સિદ્ધ કર્યું હતું. તેની આસપાસના વાયુ-મંડળમાં તેનું તેજ પ્રસરતું હતું. પણ જે લોકો પાર્થિવ પ્રકૃતિમાં કશાકનું પરિવર્તન કરવા માગતા હતા, જે લોકો પૃથ્વી પરની વસ્તુઓમાં પરિવર્તન માગતા હતા, દા. ત. દુઃખને સદાને માટે દૂર કરી શકાય, આખરે મૃત્યુની જરૂરિયાતને પણ દૂર કરી શકાય, સંહાર વગર તેજોમય ઉત્ક્રાન્તિ — પ્રગતિ થઈ શકે, તેમને માટે તે માણસ કહેતો કે "તે લોકો જોખમ-કારક ક્રાન્તિકારો છે; જરૂર પડ્યે તેમને જેલમાં પૂરી દેવા જોઈએ."

પણ જો માણસે મહાન યોગી બન્યા સિવાય ડાહ્યા થવું હોય, તો તેણે આ બધી વસ્તુઓ પ્રત્યે સ્મિત-પૂર્વક જોવાની શક્તિ કેળવવી જોઈએ, તેમનાથી વિક્ષિપ્ત ન થવું જોઈએ. તમારી પાસે તમારી પોતાની અનુભૂતિ છે; તેને બને તેટલી સત્ય અને પરિપૂર્ણ બનાવવા પ્રયત્ન કરો. પણ બીજા દરેકને તેની પોતાની અનુભૂતિ પર છોડી દો. જો તે ગુરુ તરીકે તમને શોધતા આવે અને કહે કે હવે મને પ્રકાશ અને સત્ય પ્રત્યે દોરી જાઓ, તો તમારી જવાબદારીની શરૂઆત થાય છે, ત્યાર પહેલાં નહિ. (શિષ્ય તરફ જોઈને) તેને કંઈક બોલવાની પ્રબળ ઇચ્છા છે!

શ્રી અરવિંદે કહ્યું છે કે "ગીતા ઉચ્ચતમ આધ્યાત્મિક મનના સીમાડા પર" અટકી જાય છે, તેમને પાર કરીને અતિમાનસિક પ્રકાશનાં તેજોમાં પ્રવેશતી નથી. (ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૭)

ગીતાને અનુસરવાથી માણસ શા માટે કેન્દ્રસ્થ સત્યને પકડતો નથી અને અતિ-માનસિક યોગના માર્ગે આવે છે?

તમે શું કહેવા માગો છો તે મને સમજાતું નથી. પણ ઘણા લોકો એમ માનતા હોય છે કે અમે શ્રી અરવિંદના યોગને અનુસરીએ છીએ, પણ તેઓ અતિમાનસિક સત્યને પ્રાપ્ત કરતા હોતા નથી.

તે વસ્તુનો આધાર અનુસરાતા માર્ગ પર એટલો બધો નથી હોતો, જેટલો માણસની શક્તિ પર હોય છે.

પણ હું પૂછું છું: ગીતાનું કેન્દ્રીય સત્ય છે ભગવાનને સમર્પણ — શા માટે માણસ તેને પકડતો નથી?... "દિવ્ય દોરવણી આપનાર, આપણા સ્વભાવમાં રહેનાર, પરમાત્માને પરિપૂર્ણ સમર્પણનું ઉચ્ચતમ રહસ્ય તે ગીતાનું કેન્દ્રીય રહસ્ય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૮૭)

અલબત્ત, ગીતામાં લખ્યું છે કે તમારે સમગ્રપણે તમારી જાતનું સમર્પણ કરી દેવું જોઈએ. તમે જાણો છો કે ગીતામાં કૃષ્ણ દોરવણી આપનાર, આંતર સ્વામી છે. તમારે તેમને તમારી જાતનું સંપૂર્ણ સમર્પણ કરી દેવું જોઈએ. હું તમને કહું છું કે લોકો એક યા તો બીજા ધર્મ-પુસ્તકની વાત કરતા હોય છે, પણ તેઓ હમેશાં તેનું અનુસરણ કરી શકતા હોતા નથી. તેઓ અમુક બિન્દુએ આવીને અટકી જાય છે.

હું તમારી મુશ્કેલી સમજી શકતી નથી. તમે એમ કહેવા માગો છો કે જે લોકોને ગીતાના ઉપદેશના સત્યની ખાતરી થઈ ચૂકી હોય છે, તેઓ એ ઉપદેશને સિદ્ધ કરી શકતા હોતા નથી?

સમર્પણનો ઉપદેશ.

હા. ગીતામાં કહેલો સમર્પણનો ઉપદેશ. તમને તેથી આશ્ચર્ય થાય છે? જગતમાં અસંખ્ય લોકોને ઉપદેશના સત્યની ખાતરી થઈ ચૂકી હોય છે, પણ તેથી તેઓ તેને સિદ્ધ કરી શકતા હોતા નથી. દા. ત. જગતમાં લાખો લોકો બૌદ્ધ-ધર્મને સત્ય માને છે, પણ તેથી તેઓ શું બુદ્ધ જેવા બની શકે છે ખરા? જરૂર નહિ. તો

પછી એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?

શ્રી અરવિંદને વાંચ્યા પછી, તેમના ગ્રંથોનું અધ્યયન કર્યા પછી પણ, ઘણા લોકો ગીતાના ઉપદેશને સ્વીકારે છે, તેને ચીટકી રહે છે. તેનું કારણ એ છે કે તે સગવડ-ભરેલો છે, માણસને પોતાની પ્રકૃતિને પરિવર્તિત કરવાની જરૂર રહેતી નથી; માણસનો સ્વભાવ અપરિવર્તનીય હોય છે, એટલે તમારે તેનું પરિવર્તન કરવાનો વિચાર કરવાની પણ જરૂર નથી; તમે માત્ર પ્રકૃતિને પોતાને માર્ગે જવા દો છો, તમે તમારા એક દંડીયા માર્ગના શિખર પરથી પ્રકૃતિ તરફ નજર નાખો છો અને તેને ફાવે તેમ કરવા દો છો; તમે માત્ર એમ જ બોલ્યા કરો છો કે હું પ્રકૃતિ નથી, હું પ્રકૃતિ નથી.

આ બહુ સગવડ-ભરેલું છે. તે ખૂબ જલદી કરી શકાય છે; કમથીકમ માણસ એવો દાવો કરી શકે છે કે એ કામ થઈ ગયું છે. વ્યવહારમાં માણસ ભાગ્યે જ સિદ્ધાંત સાથે સુસંગત હોય છે. જો તમારું ગળું બગડી ગયું હોય, તમારું માથું દુખતું હોય, પગમાં વાગ્યું હોય, તો તમે ચીસો પાડવા માંડો છો, ફરિયાદ કરવાનું શરૂ કરો છો, વિલાપ-બબડાટ કરવા માંડો છો. તેનો અર્થ એ થયો કે તમે શરીર પ્રત્યે વિરક્ત નથી, તમને શરીરમાં પૂરી આસક્તિ છે, તમે બળવાન રીતે બંધાયેલા છો. આ તદ્દન માનવી હકીકત છે.

જ્યારે કોઈક તમને અણગમતી વાત કહે છે, ત્યારે તમે તદ્દન વિક્ષિપ્ત બની જાઓ છો તેનું કારણ એ છે કે તમે તમારી પ્રકૃતિ પ્રત્યે ખૂબ આસક્તિ ધરાવો છો — પછી ભલે તમે જાહેર કરતા હો કે હું શરીરમાં આસક્તિ રાખતો નથી.

*

વાર્તાલાપ —૦૮

૨૨ ફેબ્રુઆરી ૧૯૫૬

મધુર માતાજી, "અમર આત્માની બળવાન સ્થિરતા" એ મને સમજાતું નથી.

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૯૫)

તેમાં તમને શું નથી સમજાતું? અમર આત્મામાં બળવાન સ્થિરતા હોય છે — તે નથી સમજાતું? તેનો અર્થ તો સ્પષ્ટ છે. અમર હોવાને કારણે, અમર આત્મા આવશ્યક રીતે જ બળવાન અને સ્થિર છે.

પણ શ્રી અરવિંદ ગીતા વિષે કહે છે "પ્રાણિક આવેગ ઉપર મનનો કાબૂ એ તેનો નિયમ નથી, પણ અમર આત્માની બળવાન સ્થિરતા પ્રાણિક આવેગ પર શાસન કરે છે.

હા — પણ હે મારા બાળક, આ તો ઉપસંહાર છે. જો તમારે તે સમજવું હોય, તો તમારે વાક્યની શરૂઆતનો ભાગ વાંચવો જોઈએ. આહ! (એક શિષ્ય તરફ વળીને) મને વાંચવાનો લેમ્પ અને પુસ્તક આપો. (માતાજી ખોળે છે) આ રહ્યું. તેઓ કહે છે : "ગીતાનું લક્ષ્ય છે કંઈક અબાધિત, તડજોડ નહિ કરનાર, વળાંક, વલણ, જે આત્માની સમગ્ર સ્થિતિને પલટી નાંખે છે. તેનો નિયમ પ્રાણિક આવેગ પર મનનો કાબૂ નથી, પણ અમર આત્માની બળવાન સ્થિરતા છે."

આ તો દિવસના પ્રકાશ જેવી સ્પષ્ટ વાત છે. ગીતા અમર આત્માની બળવાન સ્થિરતાની માંગ કરે છે; બીજું બધું ગૌણ છે. ગીતા માંગ કરે છે કે આત્માએ પોતાની અમરતાથી સભાન બનવું જોઈએ, અને તે રીતે બળવાન સ્થિરતા પ્રાપ્ત કરવી જોઈએ.

આ એક હકીકત છે. જ્યારે આત્મા અમરતાથી સભાન બને છે, ત્યારે તે બળપ્રચુર સ્થિરતા બની જાય છે. સ્થિરતા એટલે આત્મા હલન-ચલન કરતો નથી. પણ તે સ્થિરતા બળવાન હોય છે, જડતાની અથવા નિર્બળતાની સ્થિરતા તે હોતી નથી. બળવાન સ્થિરતા કાર્ય માટે પાયો બની જાય છે. અર્થાત્

તે માણસ જે કાંઈ કરે છે, તે સર્વના પાયામાં અમર આત્માની ખૂબ શક્તિશાળી સ્થિરતા હોય છે.

પણ સમજૂતી આપવાથી તમે તેને પ્રાપ્ત કરી શકતા નથી, તમને અનુભૂતિ થઈ હોવી જોઈએ. અનુભૂતિ થયા સિવાય, તે સમજાતું નથી. દરેક વસ્તુ માટે તે જ વાત છે : મસ્તિષ્ક, નાનકડું મગજ સમજી શકતું હોતું નથી. જે મિનિટે અનુભૂતિ થાય, તે જ ક્ષણે તે સમજી શકાય છે, ત્યાર પહેલાં નહિ. માણસને કલ્પનામય વિચાર આવી શકે, પણ તે સમજ ન કહેવાય, સમજવા માટે માણસે તેને જીવવું જોઈએ. જ્યારે તમે તમારા અમર આત્માથી સભાન થશો, ત્યારે બળવાન સ્થિરતા શું છે તે તમે સમજશો, ત્યાર પહેલાં નહિ. બાકી તો, આ માત્ર શબ્દો છે.

માણસ એકી-વખતે સ્થિર અને બળવાન કેવી રીતે હોઈ શકે તે તમે સમજી શકતા નથી; તેથી શું તમે ગૂંચવણમાં પડ્યા છો? હું જવાબ આપું છું કે સ્થિરતામાં સૌથી વધારે બળ રહેલું છે. સ્થિરતા સર્વશ્રેષ્ઠ શક્તિ છે.

આ એક ખૂબ નાનકડી ઉપરછલ્લી વસ્તુને લાગુ પડે છે, જે કદાચ તમે સમજી શકશો. કોઈક માણસ આવીને તમારું અપમાન કરે છે અથવા તમને ખરાબ શબ્દો સંભળાવે છે. જો તમે આ ક્રોધ અથવા દુર્ભાવના સાથે સુસંગત આકંપનો પેદા કરવાની શરૂઆત કરો, તો તમને ખૂબ નબળાઈ અથવા અશક્તિ લાગે, મોટે ભાગે તમે તમારી જાતને મૂર્ખ સિદ્ધ કરો. પણ જો તમે મગજને સ્વસ્થ રાખો, એવી પરિપૂર્ણ સ્થિરતા જાળવો કે જે એ આકંપનોને સ્વીકારવાનો ઇન્કાર કરે, તો તે જ વખતે તમે ખૂબ બળ અનુભવો છો, અને પેલો બીજો માણસ તમને વિક્ષિપ્ત કરી શકતો નથી. જો તમે શારીરિક રીતે પણ શાન્ત રહો, તમારી મારઝૂડ કરવામાં આવે તો પણ જો તમે શાન્ત, મૌન, સ્વસ્થ રહો, તો તે વલણ તમારા પર શક્તિ — પ્રભાવ પાડે છે એટલું જ નહિ, પણ પેલા બીજા માણસ પર પણ તેનો પ્રભાવ પડે છે. જો તમે આંતર પ્રતિકાર્યના આકંપનો પેદા ન થવા દો, જો તમે તમારી જાતમાં તદ્દન સ્થિર રહો, તો સર્વત્ર સામા માણસ પર, લગભગ તરત જ, તેનો પ્રભાવ પડે છે.

તે તમને સ્થિરતાની શક્તિનો ખ્યાલ આપશે. આ એવી સર્વ-સાધારણ, સામાન્ય હકીકત છે, જે દરરોજ બનતી હોય છે. તે આધ્યાત્મિક જીવનની કોઈ મહાન ઘટના નથી, તે બાહ્ય, ભૌતિક જીવનની ઘટના છે.

સ્થિરતામાં ખૂબ મહાન શક્તિ છે, માનસિક સ્થિરતા, ઇન્દ્રિયોની સ્થિરતા, શારીરિક સ્થિરતા — બધા પ્રકારની સ્થિરતામાં. જો તમે ભીંતની પેઠે તદ્દન સ્થિર

રહી શકો, તો સામો માણસ જે આકંપનો મોકલે તે પાછાં વળીને તેની ઉપર જાય છે. તેનું કાર્ય તરત થતું હોય છે. તેનામાં હત્યારાના હાથને અટકાવવાની શક્તિ છે, સમજ્યા? માત્ર માણસે સ્થિરતાનો બાહ્ય દેખાવ ન કરવો જોઈએ, અને અંદર ઉકળાટ ન અનુભવવો જોઈએ! મારો કહેવાનો અર્થ તેવો નથી. હું સંપૂર્ણ સ્થિરતાની વાત કરી રહી છું.

માતાજી, આ એ જ છે કે જેની શ્રી અરવિંદે "આત્માની સમતા" કહીને વાત કરી છે?

આત્માની સમતા એક માર્ગ છે; સાધન છે. તે લક્ષ્ય પણ હોઈ શકે, પણ તે સિદ્ધિનું શિખર નથી.

દા. ત. કેટલાક લોકો કહે છે કે જે કાંઈ બનતું હોય છે, તે ભગવાનના સંકલ્પની અભિવ્યક્તિ છે (હું ધારું છું કે મેં તેને વિષે વાત કરી હતી); જીવન પ્રત્યે જોવાનો, તેને સમજવાનો એક સમગ્ર પ્રકાર હોય છે; જે કહે છે કે "જે કાંઈ છે, જગત જેવું છે, જે કાંઈ બને છે, તે ભગવાનના સંકલ્પની અભિવ્યક્તિ છે. તેથી તર્કયુક્ત વાત એ છે કે જે કાંઈ બને તેનો આપણે જરા પણ પ્રતિકાર્ય કર્યા સિવાય, ગભરાટ અનુભવ્યા સિવાય, સ્વીકાર કરવો જોઈએ; જો આપણે ભગવાન સાથે સંપર્ક સાધવા માગતા હોઈએ, તો તે ડહાપણનો માર્ગ છે, કારણ કે ભગવાનના સંકલ્પની અભિવ્યક્તિ સામે આપણે ઝૂકી પડવું જોઈએ." આ જાતનું વલણ આત્માની સમતા પ્રાપ્ત કરવામાં લોકોને મદદ કરે છે. પણ આ વિચારની વિરુદ્ધના વિચારને પણ અપનાવ્યા સિવાય જો તમે આ વિચારને સ્વીકારો, જો તમે તે બે વિચારોનો સમન્વય ન કરો, તો સ્વાભાવિક રીતે જ તમારે જીવનમાં કાંઈ પણ કર્યા સિવાય માત્ર બેસી રહેવાનું રહે છે, જગતને પ્રગતિ કરાવવા માટે પ્રયત્ન કરવાનો રહેતો નથી.

આપણો આ વર્ગ શરૂ થયો ત્યારે પહેલાંના વર્ગમાં મને એવું વાંચ્યાનું યાદ છે (તે વર્ગ કદાચ હંમેશાં બુધવારે લેવાતો હતો, જેમાં હું પુસ્તકોનું વાચન કરતી હતી) કે મેં એનેતોલ ફ્રાન્સનું એક પુસ્તક વાંચ્યું હતું. એનેતોલ ફ્રાન્સમાં સૂક્ષ્મ મજાક-વૃત્તિ હતી. તે પુસ્તક લે લિવ્રેદે જેરોમ કોઈન્નાર્ડ હતું, પણ મને તે બાબત ખાતરી નથી. તેમાં તે લેખક કહે છે કે જો માણસો પોતાના જીવનને સુધારવાની ચિન્તા ન કરે, તો તેઓ ખૂબ સુખી બને. હું તેના નિશ્ચિત શબ્દોનું ઉદ્ધરણ નથી કરતી, પણ તેનો વિચાર અભિવ્યક્ત કરું છું. માણસોને અને

વસ્તુઓને વધારે સારાં બનાવવાના સંકલ્પની સાથે દુઃખની શરૂઆત થાય છે! (માતાજી હસે છે) તે જ વસ્તુ કહેવાનો તેનો એ પ્રકાર છે. હું તમને બીજા રૂપમાં તે જ વાત કહી રહી હતી. જો તમારે શાન્તિપૂર્ણ સુખી, હમેશાં સંતુષ્ટ થવું હોય, જો તમારે આત્માની પરિપૂર્ણ સમતા પ્રાપ્ત કરવી હોય, તો તમારે તમારી જાતને કહેવું જોઈએ કે વસ્તુઓએ જેવી હોવું જોઈએ તેવી તે છે. જો તમે ધાર્મિક હો, તો તમારે તમારી જાતને કહેવું જોઈએ કે વસ્તુઓએ જેવી હોવું જોઈએ તેવી તે છે, કારણ કે તે ભગવાનના સંકલ્પની અભિવ્યક્તિ છે. આપણે તો માત્ર એક જ વસ્તુ કરવાની છે, અને તે એ કે — તે જેવી છે તેવી તેમને સ્વીકારી લેવી, અને શાન્ત રહેવું, કારણ કે શાન્ત રહેવું તે વિક્ષિપ્ત રહેવા કરતાં વધારે સારું છે. માણસ વસ્તુને ફેરવીને બીજી રીતે મૂકે છે, અને કહે છે કે જીવન બહુ સગવડ-ભરેલું, સહ્ય, અને સ્વીકાર્ય છે. જો માણસો "જીવન ભિન્ન પ્રકારનું હોવું જોઈએ" એવી માગણી ન કરે તો જે ક્ષણે માણસ દુઃખી બનતો હોય છે, તે ક્ષણે સ્વાભાવિક રીતે જ બીજો કોઈ પણ માણસ સુખી હોતો નથી! જ્યારે માણસને એમ લાગે છે કે જીવન જેવું હોવું જોઈએ તેવું નથી, ત્યારે તે દુઃખી બનવાની શરૂઆત કરે છે — બીજાઓ પણ દુઃખી બનવાની શરૂઆત કરે છે.

પણ જો દરેક જણમાં આમ; કહેવાની સદ્-બુદ્ધિ હોય કે "વસ્તુઓ જેવી હોવી જોઈએ એવી છે; માણસ મરી જાય છે કારણ કે તેને મરવાનું હોય છે, માણસ માંદો પડે છે કારણ કે તેને માંદા પડવાનું હોય છે, પોતાના પ્રિયજનોથી માણસ વિયોગ પામે છે કારણ કે વિયોગ આવવાનો હોય છે, માણસ ગરીબ છે કારણ કે તેણે ગરીબ બનવાનું હોય છે. વસ્તુઓ જેવી બનવાની હોય છે તેવી તે બને છે. શોક કરવો અથવા વિરોધ કરવો તેનો કશો અર્થ નથી; તે મૂર્ખતા છે! આહ, માણસે તર્કયુક્ત બનવું જોઈએ." એટલે આપણે કહીએ છીએ કે વસ્તુઓ છે તેનાથી તેમને વધારે સારી બનાવવાના સંકલ્પ સાથે દુઃખની શરૂઆત થાય છે. જ્યારે તમે માંદા છો, ત્યારે માંદા ન હોવાનું તમે કેમ ઇચ્છો છો? જ્યારે માંદા પડ્યા હોવા છતાં તમે માંદા ન પડવાનું ઇચ્છો છો, ત્યારે તમે વધારે માંદા બનતા હો છો. તેના કરતાં વધારે સારું તો એ છે કે તમારે તમારી જાતને કહેવું જોઈએ કે ભલે, ભગવાનની એવી ઇચ્છા છે, હું માંદગી સ્વીકારી લઉં છું! તેથી કમથી કમ તમે શાન્ત રહી શકો છો, તમને સાજા થવામાં મદદ થાય છે. ગરીબ લોકો શા માટે ધનવાન બનવાની ઇચ્છા કરે છે? જેમનાં બાળકો અથવા માતા-પિતા મરી જાય છે તેવા લોકો શા માટે તેને ભગવાનની મરજી તરીકે સ્વીકારી લેતા નથી? જો દરેક જણ વસ્તુઓ જેવી છે તેવી તેમને ઇચ્છે, તો દરેક જણ સુખી બને.

આ એક પ્રકારનું દૃષ્ટિબિન્દુ છે. કદાચ એમ પણ હોય કે ભગવાનનો સંકલ્પ તે પ્રકારનો ન પણ હોય. કદાચ તે હાથીની અને તેના મહાવતની વાત જેવું હોય. તમે એ વાર્તા તો જાણો છો ને? હાથી પર બેસીને મહાવત માર્ગે જતો હતો. સામે એક બ્રાહ્મણ આવ્યો. મહાવતે તેને માર્ગમાંથી ખસી જવાનું કહ્યું. બ્રાહ્મણે કહ્યું કે ના, મારામાં રહેલા ભગવાન મને અહીં જ ઊભા રહેવાનું કહે છે. મહાવતે જવાબ આપ્યો કે મને ક્ષમા કરો; પણ મારામાં રહેલો ભગવાન તમને દૂર જતા રહેવાનું કહે છે!

એટલે એનેતોલ ફ્રાન્સને આ જવાબ આપી શકાય કે માણસના સંકલ્પ કરતાં એક ઉચ્ચતર સંકલ્પ છે, જે વસ્તુઓમાં પરિવર્તન માગે છે. અને તેથી બીજું કાંઈ કરવાનું રહેતું નથી, પણ તે મહત્તર સંકલ્પની આજ્ઞા માનીને વસ્તુઓનું પરિવર્તન કરવાનું રહે છે. બસ, પતી ગયું?

મધુર માતાજી, અહીં લખ્યું છે કે "કર્મ-માર્ગમાં કર્મ એક ગ્રન્થિ છે, જેને આપણે પ્રથમ શિથિલ કરવાની છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૯૪)

કર્મ શા માટે ગ્રન્થિ છે?

કારણ કે માણસને કર્મમાં આસક્તિ છે. તે અહંતાની ગ્રન્થિ છે. કામનાને લઈને તમે કર્મ કરો છો. શ્રી અરવિંદ એમ કહે છે, નહિ વારુ? સામાન્ય કર્મ, એક યા તો બીજે રૂપે, કામનાથી બદ્ધ હોય છે, તેથી તે એક ગ્રન્થિ છે. જેને તમે જરૂરિયાત કહો છો તે કામનાને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી જ કર્મ કરો, જો તમે તેના મૂળમાં ઊંડા જાઓ, તો તમને માલૂમ પડશે કે કર્મના મૂળમાં કામનાનો આવેગ રહેલો હોય છે, જો તમે માત્ર કામનાના આવેગથી જ કર્મ કરશો, તો જ્યારે તમે કામનાને દૂર કરી દો છો ત્યારે તમે કર્મ નહિ કરી શકો.

લોકો તમને પ્રથમ એ જવાબ આપતા હોય છે. જ્યારે તેમને એમ કહેવામાં આવે છે કે કર્મના પરિણામમાં અસક્તિ રાખ્યા સિવાય કર્મ કરો, એવી સભાનતા રાખો કે હું નહિ, પણ ભગવાન કર્મ કરી રહ્યા છે, તો સાડી નવ્વાણું ટકા લોકો એવો જવાબ આપતા હોય છે કે "જો હું તેવી ભાવના રાખું તો પછી હું હલન-ચલન કરી શકતો જ નથી! પછી હું કશું જ કર્મ કરતો હોતો નથી. એક અથવા બીજા કર્મમાં મને હમેશાં જરૂરિયાત, કામના, અંગત આવેગ જ પ્રેરતો હોય છે." તેથી શ્રી અરવિંદ કહે છે કે જો તમે ગીતાના આ ઉપદેશને સિદ્ધ કરવા

માગતા હો, તો પ્રથમ તમારે આ ગ્રન્થિને — કર્મને કામના સાથે બાંધતી ગ્રન્થિને શિથિલ કરવી પડશે. તે બે એવી મજબૂત રીતે એક-બીજા સાથે જોડાયેલાં છે, કે એકને લઈ લેતાં બીજું પણ આપોઆપ ચાલ્યું જશે. શ્રી અરવિંદ કહે છે કે એ ગ્રન્થિને ઉકેલો, જેથી તમે કામનાને દૂર કરી શકો, અને છતાં પણ કર્મ કરવાનું ચાલુ રાખી શકો.

આ એક હકીકત છે, તેમ કરવું જોઈએ, ગ્રન્થિને છોડવી જોઈએ, ઉકેલવી જોઈએ. તે એક એવી નાનકડી આંતર શસ્ત્રક્રિયા છે, કે જે તમે બહુ સહેલાઈથી કરી શકો તેમ છો. તે શસ્ત્રક્રિયા કર્યા પછી, તમને ભાન થશે કે હું કોઈ પણ અંગત હેતુ સિવાય કર્મ કરી શકું છું; મારી અહંતાના બળ કરતાં એક ઉચ્ચતર, વધારે બળવાન શક્તિ વડે હું સંચાલિત થાઉં છું. પછી તમે કર્મ કરો છો, પણ કર્મનાં પરિણામો તમને બાંધતાં નથી, તમારી પર પાછાં આવતાં નથી.

આ ચેતનાની એક અદ્‌ભુત, તદ્દન સઘન ઘટના છે. તમે જીવનમાં સારું, નરસું, તે બેની વચગાળાનું — ગમે તે કર્મ કરો છો, અને તરત જ તેનાં પરિણામોની પરંપરા પેદા થતી હોય છે. તમે અમુક પરિણામ પ્રાપ્ત કરવા માટે કર્મ કરતા હો છો. દા. ત. જ્યારે હું માઈકને પકડવા મારો હાથ લંબાવતી હોઉં છું, ત્યારે તેની મારફતે ધ્વનિઓ મોકલવાના પરિણામની હું આશા રાખતી હોઉં છું, તેનું હમેશાં પરિણામ આવતું હોય છે. પણ જો તમે તે ગ્રન્થિને શિથિલ કરો, ઊર્ધ્વમાંથી આવતી શક્તિને તમારી મારફતે કાર્ય કરવા દો, તો તેનાં પરિણામો તમારી ઉપર પાછાં આવતાં હોતાં નથી, કારણ કે તમે કર્મનો પ્રારંભ કર્યો ન હતો, ઊર્ધ્વમાંથી આવતી શક્તિએ કર્મ તમારી દ્વારા કર્યું હતું. પછી પરિણામો ઊર્ધ્વમાં ચાલ્યાં જાય છે, તમારી મારફતે કર્મ કરનાર શક્તિ તે પરિણામોને દોરવણી આપતી હોય છે, તેમને વિષે સંકલ્પ કરતી હોય છે, તેમનું નિયમન કરતી હોય છે, તેમના પર કાબૂ રાખતી હોય છે. તમે તદ્દન મુક્ત હોવાની લાગણી અનુભવો છો, તમે કરેલા કાર્યનું કોઈ પરિણામ તમારી પર પાછું આવતું નથી.

એવા લોકો છે, કે જેમને આ અનુભૂતિ થઈ હતી. પણ આ વસ્તુઓ પ્રથમ એક ચમકારા-રૂપે આવે છે, ક્ષણ માટે આવે છે, અને પછી પાછી ચાલી જાય છે. જ્યારે માણસ રૂપાંતર માટે તૈયાર હોય છે, ત્યારે જ આ વસ્તુ આવીને તેનામાં સ્થાપિત થઈ જાય છે. કેટલાક લોકોને આ અનુભૂતિ જીવનમાં એક ક્ષણ માટે કે થોડીક ક્ષણો માટે એક વાર આવતી હોય છે, અને પછી તે ચાલી જતી હોય છે, ચેતનાની તે સ્થિતિ ચાલી જતી હોય છે. પણ તેની સ્મૃતિ રહે છે, અને તે લોકો તેનું અનુકરણ કરતા હોય છે. જો તે લોકોને ભાષણો કરતાં

આવડતું હોય, જેવી રીતે કેટલાક ગરુઓ શિષ્યોને માર્ગનો ઉપદેશ કરતા હોય છે તેમ, તો તેઓ તેમને કહેતા હોય છે કે "જ્યારે ભગવાન તમારી મારફતે કર્મ કરી રહ્યા છે, જ્યારે તમે કામનાની ગ્રંથિ શિથિલ કરી દીધી છે, ત્યારે પછી તમે જે કાર્ય કરો છો તેનાં નૈતિક યા બીજા પ્રકારનાં પરિણામો ભોગવવાનાં રહેતાં નથી. તમે તમારા પડોશીને મારી નાખી શકો છો, તમે કોઈ સ્ત્રી પર બળાત્કાર કરી શકો છો, તમારામાં રહેલા ભગવાન તમારી પાસે જે કાર્ય કરાવે તે તમે કરી શકો છો, પણ તમને કોઈ પરિણામ દુઃખી નહિ કરી શકે.

અને તે લોકો તેમ કરતા હોય છે! હા, તેઓ તે અનુભૂતિનો ઉપયોગ પોતાનાં અતિશયતા-ભરેલાં કૃત્યોના ઢાંક-પિછોડા તરીકે કરતા હોય છે. આ તો હું તમને જેવા પોતે નથી તેવા પોતાને બનાવનાર, ઢોંગી લોકો સામે સાવધાન કરવા કહું છું.

પણ હકીકતમાં તેનું પરિણામ તદ્દન સરળ આવતું હોય છે. પોતાના દંભનાં પરિણામો તેમને તરત સહન કરવાં પડતાં હોય છે. તેઓ કહેતા હોય છે કે અમે તે પરિણામોને નથી ભોગવતા; પણ હકીકતમાં તેઓ ભોગવતા જ હોય છે. મને એક સંન્યાસીના નોંધપાત્ર દાખલાની ખબર છે. તે પોતાનો શિષ્ય બનવા ન માગનાર, એક માણસ સાથે બહુ ગુસ્સે થઈ ગયો હતો. આ વસ્તુ સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે તેણે તે અવસ્થા હજી સિદ્ધ કરી ન હતી. તે સંન્યાસી વેર લેવા માગતો હતો. સાચે જ તેનામાં કેટલીક શક્તિઓ હતી. તેણે તે માણસને મારી નાખવા માટે એક ખૂબ શક્તિશાળી કૃત્યા પેદા કરી. તે માણસ શ્રી અરવિંદ સાથે સંપર્કમાં હતો. તેણે તે વાત શ્રી અરવિંદને કરી, અને શ્રી અરવિંદે મને કરી. પછી એવું બન્યું કે કહેવાતા ભગવાનના સંકલ્પ વડે કાર્ય કરનાર તે સંન્યાસીની કૃત્યા તેના પર એવી રીતે પાછી પડી કે તે જ પોતે મરી ગયો!

એ માત્ર સત્યને પુનઃસ્થાપિત કરવાની હકીકત હતી. બીજું કાંઈ કરવાનું હતું જ નહિ.

એ વાતનો બોધપાઠ એ છે કે માણસે દંભ ન કરવો જોઈએ, માણસે તદ્દન સાચા દિલના બનવું જોઈએ, અને સુંદર સિદ્ધાંતો વડે પોતાની કામના પર ઢાંક-પિછોડો ન કરવો જોઈએ.

હું એવા ઘણા લોકોને મળી છું, જેઓ આત્માની પરિપૂર્ણ સમતા પોતામાં છે એવો દાવો કરતા હતા, અને પોતાના સિદ્ધાંતોની પીઠમાં સંતાઈ જતા હતા. તેઓ કહેતા હતા કે બધું ભગવાનના સંકલ્પ અનુસાર બને છે, અને જેઓ પોતાના વિચારમાં, ભગવાનના સંકલ્પને બદલે પોતાના સંકલ્પને મૂકી દેતા

હતા. પોતે જેનો દાવો કરતા હતા તે સિદ્ધિથી તેઓ ઘણા-ઘણા દૂર હતા. તેઓ આળસુ હતા, કશો પ્રયત્ન કરવા માગતા ન હતા, પોતાના સ્વભાવને જેવો હતો તેવો જ રાખવા માગતા હતા, તેનું રૂપાંતર કરવા ઇચ્છતા ન હતા.

મધુર માતાજી, આ લોકોમાં શક્તિઓ હોય છે?

હા! કેટલાકમાં તો મહાન શક્તિઓ હોય છે. પણ તે શક્તિઓ પ્રાણિકમાંથી, પ્રાણિક તત્ત્વો સાથેના સંપર્કમાંથી આવતી હોય છે.

અનેક પ્રકારની શક્તિઓ છે. પણ તે શક્તિઓ સાચી દિવ્ય શક્તિ આગળ પોતાનું બળ અજમાવી શકતી નથી, તેનો તેઓ પ્રતિકાર કરી શકતી નથી. પણ સામાન્ય માનવો ઉપર તે શક્તિઓનું ખૂબ ચાલતું હોય છે.

તો પછી, શું તે નુકસાન કરી શકે છે?

ખૂબ. માત્ર કરી શકે છે — એટલું જ નહિ, પણ તેવી શક્તિઓ ખૂબ નુકસાન કરે છે. કહેવાતા એવા સંન્યાસીને[૧] મળવાનું દુર્ભાગ્ય હોવાને કારણે ઘણા લોકો તે રીતે ખૂબ દુઃખ પામ્યા છે, વ્યથા અનુભવી છે. હું તમને આ વાત બીવડાવવા માટે નથી કહેતી, કારણ કે અહીં તો તમે સુરક્ષિત છો, પણ તે એક હકીકત છે. દીક્ષા લેતી વખતે, આ લોકોને પ્રાણિક-જગતમાંથી એક એવી શક્તિ પ્રાપ્ત થઈ હોય છે, કે જે ખૂબ જ જોખમ-પૂર્ણ છે. આમ હમેશા નથી બનતું હોતું, પણ ઘણી વાર આમ બનતું હોય છે.

જગતમાં દિલની સચ્ચાઈ એક વિરલ સદ્‌ગુણ છે. જ્યાં જ્યાં તે માલૂમ પડે, ત્યાં ત્યાં માણસે માન-પૂર્વક નમસ્કાર કરવા જોઈએ. દિલની સચ્ચાઈવાળા, પરિપૂર્ણ પ્રામાણિકતાવાળા, પાર-દર્શકતાવાળા માણસમાં, પોતાના અસ્તિત્વના કોઈ પણ ભાગમાં, દાંભિકતા ન હોવી જોઈએ, કે જે દાંભિકતા તે માણસ પોતે જેવો નથી તેવો દેખાડવા માગતી હોય છે.

*

૧. અલબત્ત, આ વાત તે લોકોને જ લાગુ પડે છે, જે સામાન્ય રીતે પૂજાતા, ભગવા કપડાના ઓઠા હેઠળ પોતાના અહંતા-પૂર્ણ આવેગોને સંતાડવા માગતા હોય છે. જે લોકોનું હૃદય શુદ્ધ છે, જેમનો ભગવો વેષ આધ્યાત્મિક જીવનને કરાયેલા સમર્પણનું બાહ્ય ચિહ્ન-માત્ર છે, તેમને માટે તો સવાલ જ નથી. (શ્રી માતાજી)

વાર્તાલાપ —૦૯

૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬

આ સાંજે આ વાર્તાલાપ પછી જે ધ્યાન કરવામાં આવ્યું તે દરમિયાન, શ્રી માતાજીએ જેને "પૃથ્વીના વાયુમંડળમાં અતિમાનસિક પ્રકાશ-શક્તિનો પ્રથમ આવિર્ભાવ" કહ્યો છે, તે બન્યો હતો.

"સૃષ્ટિના પ્રારંભમાં, વિશ્વની સઘનતાના પ્રતીક તરીકે, બલિદાનના નિયમને, સર્વ-સાધારણ દિવ્ય કર્મ તરીકે, જગતમાં બહાર ફેંકવા-માં આવ્યો હતો. આ નિયમના આકર્ષણ વડે, અહંતા-પૂર્ણ પરસ્પર-વિચ્છિન્ન સૃષ્ટિની ભૂલોને ધીમે ધીમે દૂર કરવા માટે, તેમને મર્યાદિત કરવા માટે, સુધારવા માટે એક દિવ્યીકરણ કરનારી, ઉદ્ધાર કરનારી શક્તિ અવતરણ કરે છે. આ અવતરણ, દિવ્ય આત્માનું — પુરૂષનું આ બલિદાન પોતાની જાતને શક્તિને તથા પદાર્થ તત્વને પરાધીન કરે છે, જેથી તે તેમનામાં જ્ઞાન અને પ્રકાશ લાવી શકે. તે બલિદાન અચેતન અને અજ્ઞાનમય જગતના ઉદ્ધારનું બીજ છે. ગીતા કહે છે કે બલિદાનને (યજ્ઞને) સાથે રાખીને, સર્વ-પિતા ભગવાને આ લોકોનું સર્જન કર્યું, બલિદાનના નિયમના સ્વીકાર વડે અહંતા એમ કબૂલ કરે છે કે હું એકલી જ જગતમાં નથી, હું મુખ્ય પણ નથી. તે કબૂલાતમાં આ આવી જાય છે કે "આ ખૂબ ભેદમય અસ્તિત્વમાં, પણ, મારાથી અને મારી અહંતા-પૂર્ણ વ્યક્તિમાં જે નથી તેનાથી પણ પર એવું મહત્તર, પરિપૂર્ણતર કાંઈક છે, જે સર્વમય પરમાત્મા છે, જે મારી પાસે તાબેદારીની અને સેવાની માંગ કરે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૯૮)

મધુર માતાજી, 'ભગવાનને બલિદાન'નો અર્થ શો છે?

તેનો અર્થ આત્મ-સમર્પણ છે; ગીતામાં તેને યજ્ઞ કહ્યો છે.

શ્રી અરવિંદ પ્રારંભમાં જ કહે છે કે બલિદાન પરસ્પર હોય છે. ભગવાન

પોતાની જાતનું બલિદાન પદાર્થ-તત્ત્વમાં કરે છે, જેથી પહેલાં જે જડ હતું તે પદાર્થ-તત્ત્વમાં ચેતના જાગ્રત થાય. ભગવાનનું આ સમર્પણ, અર્થાત્ પદાર્થ-તત્ત્વમાં પોતાનું વિસર્જન પદાર્થ-તત્ત્વ ભગવાનને સમર્પણ કરે તે વાતને પ્રમાણિત કરે છે, ફરજિયાત બનાવે છે, કારણ કે તે એક જ પારસ્પરિક ગતિ છે. ભગવાને પદાર્થ-તત્ત્વમાં પોતાની જાતનું સમર્પણ કર્યું છે, પદાર્થ-તત્ત્વમાં સર્વત્ર પોતાની જાતનું વિસર્જન કર્યું છે — જેથી દિવ્ય ચેતના જાગ્રત થાય; તેથી પદાર્થ-તત્ત્વે આપોઆપ પોતાની જાતનું સમર્પણ ભગવાનને કરવું જોઈએ, તેને માટે તે ફરજિયાત બને છે. તે પારસ્પરિક બલિદાન છે.

ગીતાનું આ મહાન રહસ્ય છેઃ પદાર્થ-તત્ત્વના ખુદ હૃદયમાં જ ભગવાનની હાજરીનું ખાતરી-પૂર્વકનું કથન. તેથી પદાર્થ-તત્ત્વે આપોઆપ, અચેતનતા-પૂર્વક પણ, પોતાનું બલિદાન ભગવાનને કરવું જ જોઈએ. માણસ ઇચ્છે, કે ન ઇચ્છે, પણ એમ જ બનતું હોય છે.

જ્યારે તે અચેતનતા-પૂર્વક કરાય છે, ત્યારે માણસને બલિદાનનો આનંદ પ્રાપ્ત થતો નથી. જો તે સભાનતા-પૂર્વક કરાય, તો માણસને બલિદાનનો પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

બલિદાનનો વાચક ફ્રેન્ચ શબ્દ તેના અર્થમાં બહુ સંકુચિત છે, જ્યારે સંસ્કૃતમાં યજ્ઞ-શબ્દનો અર્થ વિશાળ છે. તેથી ફ્રેન્ચમાં બલિદાન એક પ્રકારનું દુઃખ, પશ્ચાત્તાપ સૂચવે છે. સંસ્કૃતમાં તેવું નથી; તે આત્મ-સમર્પણનો અર્થ સૂચવે છે.

મધુર માતાજી, અહીં લખાયું છે કે "બધાં જ એક નિગૂઢ એકતાથી સંકળાયેલાં છે."

(એજન, પૃષ્ઠ ૯૮)

આ નિગૂઢ એકતા એ શું છે?

તે નિશ્ચિતપણે ભગવાનની હાજરી છે.

ભગવાન તાત્ત્વિક રીતે એક જ છે, અને તેણે પોતાની જાતને દેખીતી રીતે અનેક — સર્વ ભૂતમાં વિભક્ત કરી છે, અને એ રીતે મૂળની એકતાનું પુનઃસર્જન કર્યું છે. ભૂતોમાં વિભક્ત દેખાતી આ દિવ્ય એકતાને કારણે, એકતા તાત્ત્વિક રીતે પુનઃસ્થાપિત થાય છે. જ્યારે માણસ તેનાથી સભાન બને છે,

ત્યારે તેને આ એકતાની ચેતનાનો આનંદ પ્રાપ્ત થાય છે. પણ જે લોકો સભાન નથી હોતા, તેઓ તે ચેતનાના આનંદને ગુમાવી દે છે. પણ હકીકત તો તેવી જ રહે છે.

શ્રી અરવિંદ કહે છે કે તમને તેનું ભાન હોય કે ન હોય, પણ એકતા તો છે જ, વાસ્તવિકતામાં તેથી કશો ભેદ પડતો નથી. પણ તમારે માટે ભેદ પડતો હોય છે. જો તમે સભાન હો, તો તમને આનંદ પ્રાપ્ત થાય છે, જો તમે સભાન ન હો, તો તમે તે આનંદને ગુમાવો છો.

પણ જ્યારે માણસ અભાન હોય, ત્યારે તે બલિદાન કેવી રીતે કરી શકે?

તે સ્વયંભૂ બને છે.

તમે જાણતા હો કે ન જાણતા હો, તમે તે માગતા હો કે ન માગતા હો, તમે બધા જ તે ભગવાનની હાજરી વડે એકતામાં જોડાયેલા જ છો, પછી ભલે તે ખંડિત દેખાતી હોય. ભગવાન એક છે; પ્રાણીઓમાં અને વસ્તુઓમાં તે વિભક્ત દેખાય છે. એ એકતા એક હકીકત હોવાથી, તમે સભાન હો કે ન હો, પણ તે હકીકત બદલાઈ જતી હોતી નથી. તમે ઇચ્છો કે ન ઇચ્છો, પણ તમે તે એકતાને પરાધીન છો.

આ વાત મેં તમને અનેક વાર સમજાવી છે. તમે એમ ધારો છો કે અમે એક-બીજાથી ભિન્ન છીએ, પણ દેખીતા ભેદો છતાં તે એક જ પદાર્થ છે. એક કેન્દ્રમાં ઊઠતું આકંપન આપોઆપ બીજા કેન્દ્રમાં આકંપનને જાગ્રત કરે છે.

એટલે શું આત્મ-સમર્પણમાં સુધારણા કરવા માટે કશા પ્રયત્નની જરૂર નથી?

આ નિગમનને હું બિલકુલ સમજી શકતી નથી.

જો તમને દુઃખમાં સુખ લાગતું હોય, તો ભલે તે તમારે જોવાનું છે. જો તમને દુઃખી રહેવામાં, કષ્ટો સહન કરવામાં, અજ્ઞાનમાં અને અચેતનામાં રહેવામાં સંતોષ પ્રાપ્ત થતો હોય, તો ભલે તમે ત્યાં રહો. પણ જો તમને તેમાં સંતોષ ન મળતો હોય, જો તમારે સચેતન બનવું હોય, દુઃખને દૂર કરવું હોય, તો બલિદાનથી સભાન બનવા માટે તમારે સતત પ્રયાસો કરવા જોઈએ અને તમારા બલિદાનને અચેતન નહિ, પણ સભાન બનાવવું જોઈએ.

સચેતન કે અચેતન, દરેક વસ્તુ ચેતનાની આસપાસ પરિભ્રમણ કરે છે. માત્ર પરમ ચેતનામાં જ તમે તમારી જાતની પરિપૂર્ણ અભિવ્યક્તિ પ્રાપ્ત કરી શકો છો.

તમને ભલે તેથી વિરુદ્ધ લાગતું — અનુભવાતું હોય, પણ એકતા તો છે જ. તે હકીકતને તમે બદલી શકતા નથી, કારણ કે તે એક દિવ્ય કાર્ય અને એક દિવ્ય હકીકત છે. જો તમે ભગવાનથી સભાન હો, તો તમે આ હકીકતથી સભાન બનો. જો તમે ભગવાનથી સભાન ન હો, તો પણ તે હકીકત તો છે જ. માત્ર તમે તેનાથી અભાન છે, એટલું જ.

એટલે દરેક વસ્તુ ચેતનાની આસપાસ પરિભ્રમણ કરે છે. જગત ભગવાનથી સભાન નથી, તેણે તેમની ચેતના સાથે સંપર્ક કાપી નાખ્યો છે, તમારી ચેતના ભગવાનથી વિભક્ત બની ગઈ છે, તેથી જગત જડતાની, દુઃખની, વિપત્તિની સ્થિતિમાં છે, અર્થાત્ જગત અચેતન બની ગયું છે.

દિવ્ય ચેતના જ સાચી ચેતના છે. જો તમે ભગવાનની ચેતનાથી તમારી જાતને વિભક્ત કરી દો, તે તમે તદ્દન અચેતન બની જાઓ છો. બરાબર તેમ જ બન્યું છે. જે કાંઈ છે, જેવું છે એવું જગત, જેવી છે તેવી તમારી ચેતના, જે સ્થિતિમાં છે તેવી વસ્તુઓ ચેતનાના આ વિભક્તિકરણનું પરિણામ છે, વિભક્તિકરણની નજીક રહેતી અચેતનતાનું પરિણામ છે.

જે ક્ષણે વ્યક્તિની ચેતના ભગવાનની ચેતનાથી વિભક્ત થાય છે, ત્યારે એ અચેતનતામાં પ્રવેશ કરે છે, અને તે અચેતનતા સર્વ દુઃખોનું કારણ છે.

પણ જે કાંઈ છે તે સર્વ તાત્ત્વિક રીતે દિવ્ય છે, દિવ્ય એકતા એક હકીકત છે. તમે તેને બદલી શકો તેમ નથી. તમારી અચેતનતા અને તમારા બધા ઇન્કારો તેમાં ફેરફાર કરી શકે તેમ નથી; તે તો એક હકીકત છે.

એનો ઉપસંહાર — નિગમન આ છે કે સાચું રૂપાંતર એ ચેતનાનું રૂપાંતર છે; બીજું બધું તો આપોઆપ આવી રહેશે. બસ, એટલું જ.

મધુર માતાજી, આપણામાંનો કયો ભાગ સમગ્ર ત્યાગનો વિરોધ કરે છે?

એનો અર્થ એ થયો કે તમે મને પૂછો છો કે અમારામાં શું અચેતન છે? હકીકતમાં, ભગવાન સિવાય બધું જ અચેતન છે. જ્યારે માણસ ભગવાન સાથે એકરૂપ બને છે, ત્યારે જ તે પોતાના અસ્તિત્વમાં સાચી ચેતનાને પુનઃસ્થાપિત કરે છે. બીજાં બધું અર્ધ-ચેતનાનું અને અર્ધ-અચેતનાનું મિશ્રણ હોય છે.

બીજું કાંઈ પૂછવું છે? નથી પૂછવું?
(એક શિષ્ય તરફ વળીને) ઓહ, તેને બોલવાની ખૂબ ઉત્કંઠા છે!

માતાજી, એક ભવ્ય વાક્ય છે!

ઓહ, માત્ર એક જ?

"દરેક અસ્તિત્વ સતત, પોતાના જથ્થામાંથી, બળજબરીથી બહાર આપતો જ રહે છે..." અને પછી શ્રી અરવિંદ ઉમેરે છે," તે સ્વેચ્છા-પૂર્વક કે અનિચ્છા-પૂર્વક જે કાંઈ આપતો રહે છે તેના બદલામાં, તે હમેશાં વાયુ મંડળમાંથી કાંઈક ને કાંઈક પ્રાપ્ત કરતો હોય છે.

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૯૮)

હા, હું તે જ કહી રહી હતી. પછી?

માણસ પોતાના વાયુ-મંડળમાંથી પ્રાપ્ત કરતો હોય છે કે માત્ર ભગવાન પાસેથી?

ઓહ. બંને પાસેથી.

કારણ કે અહીં લખેલું છે કે "પોતાના વાયુ-મંડળમાંથી તે પ્રાપ્ત કરે છે."

હા, કારણ કે શ્રી અરવિંદ કહે છે કે પદાર્થ-તત્ત્વમાં એકતા છે, આવિર્ભાવમાં એકતા છે, વસ્તુમાં એકતા છે, અને અનિવાર્ય રીતે સર્વની પરસ્પર આપ-લે થતી હોય છે.

હકીકતમાં, આ વાત અમે પચાસ હજાર કરતાં વધારે વખત કહી છે. સર્વ ભગવાન છે, પરિણામે સર્વ એક જ છે; તમારી ચેતના વિભક્ત છે, અચેતન-તાની સ્થિતિમાં છે (વિભક્ત હોવાને કારણે) પણ જો તમે આ અચેતનતાને દૂર કરો, આ વિભક્ત હોવાની લાગણીને દૂર કરો, તો તમે ભગવાન — દિવ્ય બની જાઓ છો.

પણ સામાન્ય જીવનમાં, માણસના વાતાવરણમાં, તે જે આપતો હોય છે તેને હમેશાં પ્રાપ્ત કરતો હોતો નથી.

ઓહ! પણ તમારે વસ્તુઓને આવી ઉપરછલ્લી રીતે સમજવી ન જોઈએ.

(બીજો શિષ્ય) અચેતન સચેતન બનવા માટે અભીપ્સા સેવે છે?

ના. અચેતનમાં રહેલા ભગવાન — ચેતનામાં રહેલા ભગવાન માટે અભીપ્સા સેવે છે. અર્થાત્ ભગવાન સિવાય અભીપ્સા ન હોઈ શકે. અચેતનમાં નિગૂઢ ચેતના સિવાય અચેતનતાને ચેતનામાં પરિવર્તિત કરવાની શક્યતા નથી. પણ અચેતનતાના હૃદયમાં દિવ્ય ચેતના રહેલી છે, તમે અભીપ્સા કરો છો. અને — શ્રી અરવિંદ કહે છે એમ — નિશ્ચિતપણે, આપોઆપ, યાંત્રિક રીતે, બલિદાન થઈ જાય છે. એટલે જ્યારે કોઈ કહે છે કે તમે પ્રગતિ નથી કરતા, પણ ભગવાન પ્રગતિ કરે છે; તમે અભીપ્સા નથી સેવતા, પણ ભગવાન અભીપ્સા સેવે છે; તમે સભાન નથી હોતા, ભગવાન સભાન હોય છે. ત્યારે તે માત્ર શબ્દો નથી હોતા, તે હકીકત હોય છે. તે હકીકતને સિદ્ધ કરતાં તમને તમારું અજ્ઞાન જ, તમારી અચેતના જ રોકે છે.

(ધ્યાન)

*

વાર્તાલાપ —૧૦

૭ માર્ચ ૧૯૫૬

મધુર માતાજી, એવા યજ્ઞનું સ્વરૂપ શું છે, જેમાં પશુઓની વેદિ પર હિંસા કરવામાં આવે છે?

તે બલિદાન સૌથી વધારે જડ અને અચેતન છે. અહીં અને ગીતામાં જે બલિદાનની વાત કરવામાં આવે છે, તેમાં પોતાનું બલિદાન હોય છે, બીજાઓનું નહિ.

કારણ કે અહીં લખવામાં આવ્યું છે કે "માત્ર સનાતન ભગવાન જ બલિનો લેનાર અને બલિની વસ્તુ હોય છે, જે ભગવાન સર્વમાં રહેલા છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૦૧ — ૧૦૨)

આનંદની વાત છે કે બિચારું વધ કરાતું પશુ કદાચ સીધું ભગવાન પાસે જાય છે!

એ જોવું બહુ રસપ્રદ છે. ધારો કે કોઈ માણસ અમુક અંગત સ્વાર્થને સિદ્ધ કરવા — દુર્લભ કામનાને પ્રાપ્ત કરવા, ભગવાનની અથવા કોઈ દેવની કૃપા પ્રાપ્ત કરવા માગે છે, અને પોતાના વાડામાંથી એક બકરાને લઈ આવી તેનું ગળું કાપી નાખે છે, તેના ભગવાન આગળ તેને મૂકીને તે પ્રાર્થના કરે છે કે મારા ખેતરમાં સારો પાક થાઓ, તેનું સારું વેચાણ થાઓ, મને પુત્ર પ્રાપ્ત થાઓ, મારી માંદી પડેલી પત્ની સાજી થઈ જાઓ. પછી ધારો કે તે બકરામાં રહેલી અર્ધ-ચેતના અથવા અર્ધ-ચેતના કરતાં પણ ઓછી ચેતના, પ્રાથમિક અવસ્થાની ચેતના સીધી ભગવાન પાસે જાય છે, ભગવાન તે ચેતનાને વિશાળ બનાવે છે, જ્યારે બકરાનો બલિ આપનાર માણસની પ્રાર્થના ભગવાન બિલ્કુલ સાંભળતા નથી.

મોટે ભાગે આમ જ બનતું હોય છે. એટલે તે કામ વડે, બકરાને લાભ મળે છે; પેલા માણસને નહિ!

મધુર માતાજી, કેટલાક આસુરી શક્તિઓને બલિદાન આપતા હોય છે.

શું ભગવાન તે બલિદાનને પણ સ્વીકારે છે?

તમે શું, સ્વાર્થી હેતુઓ માટે, મેં હમણાં વર્ણવેલા, બલિદાનની વાત કરો છો?

ના, આસુરી શક્તિઓને બલિદાન આપનાર લોકોની.

આસુરી શક્તિઓને? પણ પોતે આસુરી છે, ભગવાનના વિરોધીઓ છે તેમ તે જાણતા હોતા નથી! જેમ લોકો અહીં કરે છે તેમ, જો તેઓ કોલેરાની દેવીનો વરઘોડો કે યાત્રા કાઢે અથવા બળિયા-દેવનો વરઘોડો કાઢે, તો તેમાં ગીતો ગવાતાં હોય છે, નગારાં વગાડાતાં હોય છે, અને અનેક પ્રકારના બલિ અપાતા હોય છે. તે ઘણા લોકોને મારી ન નાખે તેટલા માટે બળિયા-દેવને કે કોલેરા-દેવીને સંતોષવા માટે એ કરવામાં આવતું હોય છે.

પ્રથમ તો માણસે ખાતરી કરી લેવી જોઈએ કે તે દેવ અથવા દેવી વિદ્યમાન છે, અસ્તિત્વ ધરાવે છે, તે વેદિ પર બેઠેલી માત્ર પૂતળી કે પૂતળું જ નથી.

હું ધારું છું કે આવી બાબતોમાં માણસોની શ્રદ્ધા કામ કરતી હોય છે, જે તેમને બચાવી લેતી હોય છે. જ્યારે તેઓ સારી રીતે તે પ્રકારનો વિધિ કરે છે, ત્યારે તેઓ ખાતરી-પૂર્વક માનતા હોય છે કે હવે બધું પતી જશે, કારણ કે બળિયાદેવ અથવા કોલેરા-દેવી સંતુષ્ટ થઈ ગઈ છે. તે ખાતરીને કારણે તેઓ ઘણી વાર પ્રતિકાર્ય કરતા હોય છે, અને માંદગી અથવા રોગ ચાલ્યો જતો હોય છે. મેં રસ્તા પર આવું ઘણી વાર જોયું છે. કદાચ નાનકડું, વિરોધી તત્ત્વ હોય, પણ આ વસ્તુઓ ખૂબ ન-ગણ્ય, ક્ષુદ્ર હોય છે.

બીજા કિસ્સાઓમાં, મંદિરોમાં પ્રાણિક સત્ત્વો હોય છે, જેમનામાં ઓછીવત્તી શક્તિ હોય છે અને જેમણે ત્યાં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હોય છે.

પણ અહીં શ્રી અરવિંદ એમ કહેવા માગે છે કે કશું પણ, ખૂબ ભગવાન વિરોધી શક્તિ પણ પોતાના મૂળમાં પરમાત્મા જ હોય છે એટલે અનિવાર્ય રીતે સઘળું ભગવાન પાસે પાછું જાય છે, સભાન રીતે કે અભાનતા-પૂર્વક. બલિ આપનાર માણસની ચેતનામાં તે ભગવાન પાસે જતી નથી; તે જેના તરફ વળ્યો હોય છે તે નાની કે મોટી આસુરી શક્તિ પાસે તે જાય છે. પણ મૂર્તિના કાષ્ઠ દ્વારા અથવા પ્રાણિક શત્રુની અસદ્-ભાવના દ્વારા, છેવટે બધું જ ભગવાન પાસે જતું હોય છે, કારણ કે બધું જ ભગવાનમાંથી આવે છે. માત્ર બલિ આપનાર

માણસ, પોતાની ચેતનાના પ્રમાણમાં અને પોતે જે દેવને કે અસુરને બલિ આપ્યો હોય તે અનુસાર, પ્રાપ્ત કરતો હોય છે. એટલે સૈદ્ધાંતિક રીતે એમ કહી શકાય કે તે ભગવાન પાસે પાછું જાય છે, પણ તેનો પ્રત્યુત્તર તે દેવ કે આસુરી શક્તિ પાસેથી આવતો હોય છે, પરમાત્મા પાસેથી નહિ, કારણ કે માણસ તેમની સાથે સંપર્કમાં નથી હોતો, પણ પોતાથી ઉપરના — વચગાળાના દેવ કે આસુરી શક્તિ સાથે સંપર્કમાં હોય છે.

એ વાત તદ્દન નિશ્ચિત છે કે જો ગતિ તદ્દન અચેતન હશે, તો પરિણામ પણ તદ્દન અચેતન હોવાનું, જો ગતિ તદ્દન અહંતા-પૂર્ણ હશે, તો પરિણામ પણ તદ્દન અહંતા-પૂર્ણ હોવાનું. તે શ્રી અરવિંદે કહેલી કથા[1] જેવી વાત છે. મેં એક શુક્રવારે તમને તે વાત વાંચી સંભળાવી હતી. તેમાં શ્રી અરવિંદે સમજાવ્યું છે કે ખરાબ કર્મનું પરિણામ ખરાબ આવે છે, અને શુભ કૃત્યનું પરિણામ સારું આવે છે. શુભ શુભને પેદા કરે છે, અને અશુભ અશુભને પેદા કરે છે, તે કર્મ છે. તે સજા કે પારિતોષિક નથી. તે આપોઆપ બનતું હોય છે. જો તમારો યજ્ઞ — તમારું બલિદાન અહંતા-પૂર્ણ અને જડ હશે, તો તેનું પરિણામ અવશ્ય અહંતા-પૂર્ણ અને જડ હોવાનું.

મધુર માતાજી, અહીં આમ લખેલું છે : "યજ્ઞનો ગ્રામ્ય ખ્યાલ કષ્ટમય આત્મ-હત્યા હોય છે, તપસ્યામય આત્મ-પીડા હોય છે, દુષ્કર આત્મવિલોપન હોય છે... પણ ગીતા પોતાને અપાતી, વધારે પડતી પીડાને અનુમોદન આપતી નથી, કારણ કે અંદરનો આત્મા પરમાત્મા હોય છે, કૃષ્ણ હોય છે, ભગવાન હોય છે. જેમ અસુરો તેને પીડા આપતા હોય છે, તેમ અંદર રહેલા ભગવાનને પીડા આપવાની નથી; તેને તો વધારે ને વધારે પુષ્ટ કરવાના હોય છે, પ્રેમ-દૃષ્ટિવાળા કરવાના હોય છે, દિવ્ય પ્રકાશ પ્રત્યે તેજોમય રીતે ખુલ્લા કરવાના હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૦૦)

માણસ કેવી રીતે તેજોમય રીતે ખુલ્લો બની શકે?

તમને ઠીક લાગે, તો 'તેજોમય રીતે' શબ્દોને બદલે "દિલની સચ્ચાઈ-પૂર્વક

૧. આ મૂળ બંગાળીમાં લખેલી "એક સ્વપ્ન" નામની વાર્તાનો ઉલ્લેખ છે. જેને "જગન્નાથનો રથ"માં પ્રગટ કરવામાં આવી હતી.

પાર-દર્શક રીતે" શબ્દો તમે મૂકી શકો છો. તે રીત એવી નથી કે જે અપાર-દર્શક હોય વિકૃત કરનારી હોય; પણ તે સ્પષ્ટ છે, પાર-દર્શક છે, દિલની સચ્ચાઈવાળી છે, અવરોધ-રૂપ નથી.

તમે પ્રકાશ ઝીલતી બારીનું પ્રતીક લઈ શકો છો. જો તે બારીના કાચ કાળા પડી ગયેલા અથવા અપાર-દર્શક હશે, તો આવતો પ્રકાશ પણ કાળાશ પડતો અને જરાક અપાર-દર્શક બની જશે; પ્રકાશ થોડો જ આવશે. જો કાચ તદ્દન પાર-દર્શક હશે, તો તેજોમય પ્રકાશ અંદર આવશે. જો તમારો કાચ રંગીન હશે, તો તમને પ્રાપ્ત થતો પ્રકાશ તે તે રંગનો બની ગયો હશે. જો કાચ તદ્દન વિશુદ્ધ અને પાર-દર્શક હશે; તો અંદર આવતો પ્રકાશ પણ વિશુદ્ધ અને પાર-દર્શક હશે.

માતાજી, ગીતા યજ્ઞના સારની વાત કરે છે, અને શ્રી અરવિંદ કહે છે કે "તેની પદ્ધતિ આત્મ-પીડાની નથી હોતી, પણ મહત્તર જીવનની હોય છે; આત્મ-છેદનની નથી હોતી, પણ આપણા પ્રાકૃતિક માનવી ભાગોનાં દિવ્ય અંગોમાં રૂપાંતરની હોય છે..."

(એજન, પૃષ્ઠ ૧૦૧)

શુ આપણે શારીરિક રૂપાંતર માટે અભીપ્સા નથી કરતા?

જ્યારે શ્રી અરવિંદ કહે છે કે 'સંપૂર્ણ રૂપાંતર' ત્યાં સ્વાભાવિક રીતે જ તે શારીરિક રૂપાંતરની વાત કહે છે. પણ હું ધારું છું કે ગીતા સંપૂર્ણ રૂપાંતરની વાત નથી કરતી, કારણ કે ગીતામાં શારીરિક રૂપાંતરનો વિચાર છે જ નહિ. થોડા વખત પહેલાં મેં તમને સમજાવ્યું હતું તેમ, જગત જેવું છે તેવું છે, તે જેવું છે તેવું તમારે તેને સ્વીકારવાનું રહે છે; તે જેવું છે તેનાથી તમારે પ્રભાવિત થવાનું નથી કારણ કે તમે ઉચ્ચતર ચેતનામાં પ્રવેશો છો, બાહ્ય રૂપોથી તમે મુક્ત થયા હો છો; પણ તે બાહ્યરૂપો જેવાં હતાં તેવાં જ રહે છે. અલબત્ત, પોતાના ચારિત્ર્યને બદલવાનું થોડુંક કથન ગીતામાં કરવામાં આવ્યું છે, પણ તેમાં ભૌતિક જગતમાં પરિવર્તન કરવાની વાત આવતી નથી.

મધુર માતાજી, મને આ સમજાયું નથી; "આત્માના આંતર શત્રુઓનું બલિદાન કઠોરતા-પૂર્વક આપવાનું છે — પછી ભલે તેઓ જતાં જતાં

સાધકની ચેતના ઉપર ગમે તેવાં કષ્ટમય પ્રતિબિંબો નાખે.”

(એજન, પૃષ્ઠ ૧૦૦ — ૧૦૧)

ના સમજાયું? તમને આનો અનુભવ કદી નથી થયો? દા. ત. જ્યારે તમને અણગમતી કોઈ ગતિ તમારામાં થાય છે, દા. ત. ક્રોધની, વેરની, દિલની સચ્ચાઈના અભાવની, અને તમે તેનો તમારામાંથી ઇન્કાર કરો છો, તેને ફજેટી દેવા પ્રયત્ન કરો છો, ત્યારે તમને કષ્ટ થતું હોય છે, નહિ વારુ? તમને દુઃખ થાય છે — જાણે કે તમારામાંથી કશુંક બળજબરીથી ખેંચી કાઢવામાં ન આવતું હોય. શ્રી અરવિંદ તે કષ્ટ વિષે, પીડા વિષે વાત કરે છે. તમારામાં હાંકી કઢાતી ખરાબ વસ્તુ, તમને આખરી ભેટ તરીકે, એક સુંદર નાનકડો આઘાત આપતી હોય છે. શ્રી અરવિંદનો કહેવાનો અર્થ એ છે.

કારણ કે તમે હમેશાં એવી ભ્રાન્તિ સેવતા હો છો કે મારે માટે દુઃખ જ લખાયેલું છે. પણ તે વાત સાચી નથી. દુઃખ તમારા પર લાદવામાં — ઠોકી બેસાડવામાં આવતું હોય છે. તમારા પર જરા પણ દુઃખનો પડછાયો નાખ્યા સિવાય, તે જ ઘટના અને તેની સર્વ વીગતો તમારે માટે બની શકે; ઊલટું કેટલીક વાર તે ઘટના તમને અતિશય આનંદ આપે. પણ તે તે જ વસ્તુ હોય છે. પણ એક બાબતમાં, તમે વિરોધી બળો પ્રત્યે ખુલ્લા હો છો, તમે તે ઘટનાનો તમારામાંથી ઇન્કાર કરવા માગતા હો છો; જ્યારે બીજી બાબતમાં, તમે વિરોધી બળો પ્રત્યે ખુલ્લા નથી હોતા, તમે તે વસ્તુઓથી ખૂબ દૂર ચાલ્યા ગયા હો છો, તેમનો તમારા પર કશો જ પ્રભાવ પડતો હોતો નથી. પરિણામે તેમની નિષેધાત્મક બાજુ અનુભવવાને બદલે, તમે તે અનુભૂતિમાં રહેલી ભગવાનની દિવ્ય, વિધેયાત્મક બાજુને અનુભવતા હો છો. ભગવાનની કૃપા તમારી પાસે પ્રગતિ કરાવે છે; ભગવાનની કૃપા વડે તમે દિવ્ય આનંદ અનુભવો છો. પણ તમને પ્રગતિ કરાવતી ભગવાનની કૃપા સાથે તાદાત્મ્ય કરવાને બદલે, તમે જેને દૂર કરવા માગતા હો છો તે વિરૂદ્ધ વસ્તુ સાથે તમે તાદાત્મ્ય કરો છો, અને તેથી સ્વાભાવિક રીતે જ તમે દુઃખ અનુભવો છો.

જો તમે થોડાક સભાન બનો, તો તમે આ પ્રયોગ કરી શકો છો. તમારામાંની કોઈક વસ્તુને તમે ઉખાડીને ફેંકી દેવા માગો છો; જો તમે તે વસ્તુ સાથે થોડુંક પણ તાદાત્મ્ય કરશો, તો ઉખેડી નાખવાનું દુઃખ તમને અનુભવાશે. પણ તેથી ઊલટું, જો તમે તમને મુક્ત કરવા આવનારી, ભગવાનની શક્તિ સાથે તાદાત્મ્ય કરશો, તો તમને ભગવાનની કૃપાનો આનંદ અનુભવાશે, પ્રગતિ કર્યાનો ગહન

આનંદ અનુભવાશે.

તમે કયી વસ્તુ સાથે તાદાત્મ્ય કરો છો, તેનું એ અચૂક ચિહ્ન છે. જો તમે નિમ્ન બળ સાથે તાદાત્મ્ય કર્યું હશે, તો તમે દુઃખ પામશો. જો તમે ઊર્ધ્વ બળો સાથે તાદાત્મ્ય કર્યું હશે, તે તમે સુખ અનુભવશો. હું એવા હર્ષની વાત નથી કરતી, કે જે તમે કૂદતા હો છો, નાચતા હો છો, બૂમો પાડતા હો છો, ખેલતા હો છો, ત્યારે અનુભવતા હો છો; ત્યારે તમે દિવ્ય બળો સાથે તાદાત્મ્ય કર્યું હોતું નથી. હું તો દિવ્ય આનંદની વાત કરી રહી છું; કેવળ વિશુદ્ધ, નિર્ભેળ, આંતર આનંદની વાત કરી રહી છું.

જ્યારે જ્યારે કોઈ પડછાયો પડે, બેચેની અનુભવાય, ખૂબ પીડા થતી હોય, અસહ્ય વેદના થતી હોય — તમારા અસ્તિત્વના નાનામાં નાના ભાગથી તે મોટામાં મોટા ભાગ સુધી, ત્યારે તમારે તમારી જાતને કહેવું જોઈએ કે આહ, અહીં, એક યા બીજા રૂપમાં, શત્રુ છે!'

મધુર માતાજી, જેણે પોતાની જાતનું ભગવાનને સંપૂર્ણ સમર્પણ કરી દીધું હોય છે, તેને શી અનુભૂતિ થતી હોય છે?

મારા બાળક, તે કર અને તને ખબર પડશે. દરેક જણ માટે તે અનુભૂતિ એક-સરખી નથી હોતી.

માતાજી, "આશય....અને તે આશયની પીઠમાં રહેલું હાર્ટ"[૧] એનો શો અર્થ છે? તે બંને એક જ વસ્તુ નથી?

શું?

આશય...

હા, હું જાણું છું.

...અને તે આશયની પીઠમાં રહેલો આત્મા (હાર્ટ).

૧. "કાર્યમાં રહેલા આશય અનુસાર, આશયની પીઠમાં રહેલા હાર્ટ (આત્મા) અનુસાર, બલિદાનનું ફળ પણ ભિન્ન-ભિન્ન હોય છે." (ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૦૨.)

મને તો તે ક્રિસ્ટલ જેવું સ્પષ્ટ જણાય છે. હું તમારા પ્રશ્નને સમજી શકતી નથી. આશય અને આશયની પીઠમાં રહેલા આત્મા વચ્ચે શો તફાવત છે?

આશયની પીઠમાં રહેલો આત્મા.

શું બધી વસ્તુઓમાં આત્મા રહેલો નથી?

બધી વસ્તુઓની પીઠમાં આત્મા રહેલો જ છે.

હા, શ્રી અરવિંદે એ જ કહ્યું છે, બીજું કાંઈ જ નહિ. તમારે જાણવું જોઈએ કે તમારા આશયની પીઠમાં કયો આત્મા રહેલો છે.

શ્રી અરવિંદ કહે છે કે પરિણામ ભિન્ન-ભિન્ન હોય છે.

અલબત્ત, જે ભાવના વડે તમે કાર્ય કરો છો, તે ભાવના અનુસાર પરિણામ ભિન્ન-ભિન્ન હોય છે.

પણ આત્મા અને આશય — બંને એક જ વસ્તુ નથી?

તમે મને શું કહેવડાવવા માગો છો? જો તમે તે બે વચ્ચેનો તફાવત ન અનુભવી શકતા હો, તો હું તમને તે નહિ સમજાવી શકું.

હમેશાં શક્તિઓ — બળો કાર્ય કરી રહેલાં હોય છે. તે લોકોને સંચાલિત કરતાં હોય છે, ગતિ કરાવતાં હોય છે. વ્યક્તિઓમાં આ ચોક્કસ આશયના રૂપમાં પ્રગટ થાય છે. પણ આશયની પીઠમાં એવું બળ કાર્ય કરતું હોય છે, જે તે વ્યક્તિ નથી હોતી સમજ્યા?

હા.

આહ!

મને લાગે છે કે વસ્તુઓ સમજવામાં એક મોટામાં મોટી મુશ્કેલી મરજી મુજબ કરાયેલા સરળીકરણમાંથી ઉદ્‌ભવે છે, કે જે સરળીકરણ આત્માને એક

બાજુએ મૂકે છે અને પદાર્થ-તત્ત્વને બીજી બાજુએ. આ મૂર્ખતાને કારણે તમે કશું જ સમજી શકતા હોતા નથી. આત્મા છે, અને પદાર્થ-તત્ત્વ છે — આ બહુ સગવડ-ભરેલી વાત છે. એટલે જો માણસ આત્માનો થઈને ન રહે, તો તે પદાર્થ-તત્ત્વના પક્ષનો બને છે, જો તે પદાર્થ-તત્ત્વના પક્ષનો ન હોય, તો આત્માના પક્ષનો બને છે. પણ તમે શેને આત્મા અને શેને પદાર્થ-તત્ત્વ કહો છો? તે અસંખ્ય વસ્તુઓનો સમૂહ છે, જેનો અંત ન આવે તેવાં અસંખ્ય પગથિયાંની નીસરણી છે. વિશ્વમાં દેખીતી રીતે જગતોનો અને ચેતનાની સ્થિતિઓનો અનંત ક્રમ છે; આ વધતા જતા સૂક્ષ્મ ક્રમમાં, તમારું પદાર્થ-તત્ત્વ ક્યાં અંતને પ્રાપ્ત કરે છે? તમારો આત્મા ક્યાં શરૂઆત કરે છે? તમે જેને જોતા હોતા નથી ત્યાંથી? એટલે આત્મામાં તમે દા. ત. પ્રાણિક જગતનાં સર્વ સત્ત્વોનો સમાવેશ કરો છો, કારણ કે તમારી સામાન્ય અવસ્થામાં તમે તે સત્ત્વો જોતા હોતા નથી — અને કદાચ તે સત્ત્વો તમારા આશયની પીઠમાં રહેલો આત્મા હોય, તે સત્ત્વો ઝાઝાં બળવાન નથી હોતાં. ઝાઝો આધ્યાત્મિક લાભ આપે એવાં નથી હોતાં.

તે વાત એ લોકો જેવી છે, જેઓ કહે છે કે "જ્યારે તમે જીવતા હો છો, ત્યારે તમે પદાર્થ-તત્ત્વમાં છો, અને જ્યારે તમે મરી જાઓ છો, ત્યારે તમે આત્મામાં હો છો. માટે આત્માને પદાર્થ-તત્ત્વમાંથી મુક્ત કરો, મરી જાઓ અને તમે તમારા આત્માને પદાર્થ-તત્ત્વમાંથી મુક્ત કરતા હો છો." આ મૂર્ખતાઓ તમને કશું જ સમજવા દેતી હોતી નથી. પણ આ જગત જે વાસ્તવિક રૂપે છે તે જગત સાથે આને કશો સંબંધ નથી.

અત્યારે જેવી માનવ ચેતના છે, તેને માટે તો દૃશ્ય વસ્તુઓ કરતાં અનંતગણી વધારે વસ્તુઓ અદૃશ્ય હોય છે. તમે જે વસ્તુઓને જોઈ શકો છો, જેમનાથી તમે સભાન છો, તે તો બહુ જ થોડી હોય છે — નારંગીની સરખામણીમાં તેના ખૂબ નાના પાતળા છોડા જેવી! એટલે જો તમે માત્ર નારંગીના છોડાને જ જાણતા હો, તો તમે નારંગી વિષે કાંઈ જ જાણતા હોતા નથી.

ઓછા-વત્તા પ્રમાણમાં આમ જ બનતું હોય છે. તમે વિશ્વ વિષે જે કાંઈ જાણો છો, એ તો ઉપરછલ્લા, નાનકડા છોડા જેવું હોય છે — અરે, તે છોડાને પણ તમે ભાગ્યે જ જાણતા હો છો. બસ, તમારું જ્ઞાન માત્ર એટલું જ, ઉપરછલ્લું હોય છે; બાકીનું બધું જ તમારા જ્ઞાનમાંથી છટકી જાય છે.

*

વાર્તાલાપ —૧૧

૧૪ માર્ચ ૧૯૫૬

"આ યોગનો અભ્યાસ એક આંતર, મુક્તિ-દાયક જ્ઞાનની સતત સ્મૃતિની માંગ કરે છે. સર્વ એક જ આત્મામાં છે; એક જ પરમાત્મા બધામાં છે, બધા પરમાત્મામાં છે, અને તે સિવાય વિશ્વમાં બીજું કાંઈ છે જ નહિ — આ વિચાર અથવા શ્રદ્ધા સમગ્ર પશ્ચાદ્‌ભૂ છે, જે આખરે સાધકની ચેતનાનું સમગ્ર તત્ત્વ બની જાય છે. આ પ્રકારની સ્મૃતિ, આત્મસક્રિયતા અર્પનાર ધ્યાન આખરે ગહન અને અવિક્ષિપ્ત દર્શના બની રહે છે. આપણે જેને ખૂબ બળપૂર્વક યાદ કરીએ છીએ અથવા જેનું આપણે સતત ધ્યાન કરીએ છીએ, તે તાદૃશ અને સર્વ-આલિંગક ચેતના બની રહે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૦૪)

મધુર માતાજી, "આત્મ-સક્રિયતા અર્પનાર" ધ્યાનથી શ્રી અરવિંદ શું કહેવા માગે છે?

તે તમારા અસ્તિત્વનું રૂપાંતર કરવાની શક્તિવાળું ધ્યાન છે. તે એવું ધ્યાન છે કે જે તમને પ્રગતિ કરાવે છે. તે અપ્રગતિશીલ, સાપેક્ષ રીતે જડ ધ્યાનથી વિરુદ્ધનું ધ્યાન છે, કે જે ધ્યાન તમારી ચેતનામાં અથવા તમારા અસ્તિત્વના પ્રકારમાં કશો ફેરફાર લાવી શકતું હોતું નથી. સક્રિય ધ્યાન એ રૂપાંતરનું ધ્યાન છે.

મોટે ભાગે, લોકોનું ધ્યાન ક્રિયાશીલ હોતું નથી, લોકો જ્યારે જેને તેઓ ધ્યાન કહે છે તેમાં પ્રવેશતા હોય છે, ત્યારે તેઓ એક પ્રકારની એવી સ્થિરતામાં પ્રવેશ કરતા હોય છે, કે જેમાં કશું હલન-ચલન કરતું હોતું નથી, અને તે પ્રકારના ધ્યાનમાં જેવા તેઓ પ્રવેશ્યા હતા તેવા જ બહાર આવતા હોય છે; તેમની ચેતનામાં કે અસ્તિત્વમાં કશો જ ફેરફાર થયો હોતો નથી. જેમ જેમ તે ધ્યાન વધારે સ્થિર, નિશ્ચલ હોય છે, તેમ તેમ તેઓ વધારે સુખી થતા હોય છે. આવું ધ્યાન તેઓ ભલે શાશ્વતીઓ સુધી કરે, પણ તેથી તેમનામાં અથવા વિશ્વમાં કશો જ ફેરફાર થતો હોતો નથી. તેથી શ્રી અરવિંદ સક્રિય ધ્યાનની વાત કરે છે, જે આ જડનિશ્ચલ ધ્યાન કરતાં તદ્દન વિરુદ્ધ પ્રકારનું ધ્યાન છે. તે રૂપાંતર

સિદ્ધ કરનારું ધ્યાન છે.

તે કેવી રીતે કરાય છે? શું તે જુદી રીતે કરાય છે?

મને લાગે છે કે તેમાં અભીપ્સા, વલણ જુદા પ્રકારનાં હોવાં જોઈએ. "જુદી રીતે" તે શબ્દોથી તમે શું કહેવા માગો છે? (હસતાં હસતાં) શું ધ્યાનમાં બેસવાનો પ્રકાર જુદો હોય? ના? આંતર પ્રકાર?

હા.

પણ તે દરેક જણ માટે ભિન્ન ભિન્ન હોય છે.

મને લાગે છે કે સૌથી મહત્ત્વની વસ્તુ એ છે કે — માણસ શા માટે ધ્યાન કરે છે તે તેણે જાણવું જોઈએ. તે ધ્યાનને તેની ગુણવત્તા સમર્પે છે, તે ધ્યાનને એક યા બીજા પ્રકારનું બનાવે છે.

દિવ્ય શક્તિ પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરવા માટે તમે ધ્યાન કરી શકો; સામાન્ય ચેતનાને દૂર કરવા માટે તમે ધ્યાન કરી શકો, તમારા અસ્તિત્વનાં ઊંડાણોમાં પ્રવેશ કરવા માટે તમે ધ્યાન કરી શકો, સંપૂર્ણપણે આત્મ-સમર્પણ કરવા માટે તમે ધ્યાન કરી શકો, તમે અનેક પ્રકારની વસ્તુઓ માટે ધ્યાન કરી શકો. તમે શાન્તિમાં — મૌનમાં પ્રવેશવા માટે ધ્યાન કરી શકો. મોટે ભાગે તે માટે જ લોકો ધ્યાન કરતા હોય છે, પણ તેમાં તેમને ઝાઝી સફળતા મળતી હોતી નથી. તમે રૂપાંતરની શક્તિને ઝીલવા માટે, રૂપાંતરનાં બિંદુઓને શોધી કાઢવા માટે, પ્રગતિની રેખા નક્કી કરવા માટે, ધ્યાન કરી શકો. વળી તમે વ્યવહારમય હેતુઓ માટે પણ ધ્યાન કરી શકો. જ્યારે કોઈ મુશ્કેલી આવી પડી હોય, ત્યારે તેનો ઉકેલ લાવવા માટે, કોઈ કાર્યમાં મદદ મેળવવા માટે પણ તમે ધ્યાન કરી શકો.

મને લાગે છે કે દરેક જણને પોતાનો ખાસ ધ્યાનનો પ્રકાર હોય છે. પણ જો માણસ સક્રિય ધ્યાન માગતો હોય, તો તેનામાં પ્રગતિ માટે અભીપ્સા હોવી જોઈએ; તે અભીપ્સાને મદદ મળે, તે પરિપૂર્ણ થાય તે માટે તેણે ધ્યાન કરવું જોઈએ. ત્યારે તે સક્રિય ધ્યાન બની જાય છે.

મધુર માતાજી, શ્રી અરવિંદ લખે છે કે "બલિદાન ગમે તે પ્રકારનું હોય

અને તે ગમે તે દેવને કરવામાં આવતું હોય, પણ તે કર્મમાં એવી ચેતના રહી હોવી જોઈએ કે અમે આ એક, દિવ્ય પરમાત્માને સમર્પિત કરીએ છીએ."

(એજન, પૃષ્ઠ ૧૦૩)

આ બે શબ્દ-ગુચ્છો પરસ્પર-વિરોધી છે, નહિ વારુ?

ના મારા બાળક. તે તમને એમ લાગે છે, કારણ કે તમે વાક્યના વળાંકને સમજી શક્યા નથી. તેનો અર્થ આ છે : બલિદાનનો પ્રકાર અને જે દેવને તે સમર્પિત થાય છે તે ઓછાં મહત્ત્વનાં છે, માત્ર તેને ભગવાનને સમર્પિત થયેલું કર્મ બનાવી દેવું જોઈએ.

હું હમેશાં લોકોને બીજા શબ્દોમાં તે જ વાત કહેતી હોઉં છું. તમે ઑફિસમાં જતા હો, હિસાબના ચોપડા લખતા હો, કાર ચલાવતા હો, ગમે તે કામ કરતા હો, ગમે તેને માટે તે કામ કરતા હો, પણ તે ભગવાનને સમર્પિત કરાયેલું હોવું જોઈએ. તે કરતી વખતે તમારે ભગવાનની સ્મૃતિ રાખવી જોઈએ, ભગવાન પ્રત્યે સમર્પણની અભિવ્યક્તિ-રૂપે તે કાર્ય કરવું જોઈએ. શ્રી અરવિંદ એ જ કહે છે, બીજું કશું જ નહિ.

મધુર માતાજી, મારે એક પ્રશ્ન પૂછવાનો છે; પણ તે મારો પોતાનો નથી, બીજા કોઈકનો છે.

ઓહ, બોલો.

કેમ? તે માણસ અહીં નથી? તેમને બોલતાં બીક લાગે છે? ભલે, પ્રશ્ન પૂછો.

એમ ઘણી વાર કહેવામાં આવ્યું છે આગાહી કરવામાં આવી છે કે આશ્રમ માટે ૨, ૩, ૪, ૫, ૬ (૨૩ એપ્રિલ ૫૬) ખાસ મહત્ત્વની બની રહેશે. આ વાત સાચી છે?

તમને ઠીક લાગે, તો હું મજાકમાં જવાબ આપીશ. અત્યારે કેલેન્ડરમાં ફેરફાર કરવાની વાત ચાલી રહી છે. જો તે બદલાય, તો સંખ્યાઓમાં પણ ફેરફાર થશે.

પછી સર્વ ઇતિહાસ ઊડી જશે!

એ એક રૂઢિ છે, સમજ્યા?

કેલેન્ડરની બાબતમાં હોય છે તેમ, જો રૂઢિને સર્વ-સામાન્ય બનાવવામાં આવે, તો તે એક ખૂબ શક્તિશાળી રચના બની શકે. હું શક્તિ વડે અનુપ્રાણિત કરી શકાય અને પ્રતીકો તરીકે વાપરી શકાય તેવાં પ્રતિબિંબોને 'રચનાઓ' કહું છું. કેટલાક લોકો પોતાને માટે પ્રતિબિંબો સર્જે છે, અને તેમને પોતાનાં પ્રતીકો તરીકે વાપરે છે; તેમને માટે તે ખૂબ ઉપયોગી અને પ્રમાણભૂત હોઈ શકે. દા. ત. સ્વપ્નોનાં પ્રતીકો. પણ તે તે લોકોને માટે જ પ્રમાણભૂત હોય છે, તે તદ્દન વિષય-ગત હોય છે. પણ જો તમે લગભગ બધા માણસો વડે સ્વીકારાયેલા કેલેન્ડરને લો, તો તમારું પ્રતીક વધારે વિશાળતર ક્ષેત્ર ઉપર કાર્ય કરી શકે. પણ તેનું ઉદ્ભવ-સ્થાન એક જ છે, તે રૂઢિ છે. સ્વાભાવિક રીતે જ, આપણે આ વસ્તુઓથી ટેવાઈ ગયેલા હોઈએ છીએ, કારણ કે જ્યારે આપણે નાના બાળક હતા, ત્યારે પણ તે વસ્તુઓ તે પ્રમાણે જ હતી. પણ તેનો આધાર માણસ જે દેશમાં જન્મ્યો હોય છે તેના પર અને જે સમાજમાં તે જન્મ્યો હોય છે તેના પર હોય છે.

કેટલાક સમાજો અંક-ગણતરી જુદી રીતે કરે છે. એટલે બીજા સમયો પર બીજી સંખ્યાઓને પ્રતીકમય અર્થવત્તા હોય છે. તમે જે રચનામાં જન્મ્યા હો અને જેને તમે સ્વીકારી હોય, જો તે રચનાને માનવોનો મોટો ભાગ અપનાવે, તો એ રચના દ્વારા કાર્ય કરવાથી તમે માનવોના તે મોટા ભાગ પર કાર્ય કરવા સમર્થ બનો. અમુક સંખ્યાના લોકોએ જેટલા પ્રમાણમાં તમારી રચના અપનાવી હોય તેટલા પ્રમાણમાં તમે તે રચના દ્વારા કાર્ય કરી શકો. તે કેવળ રૂઢિગત વાત છે. આપણે અમુક તારીખથી દિવસો ગણવાની શરૂઆત કરીએ છીએ — તે તારીખ પણ મરજી મુજબ, યથેચ્છ પસંદ કરવામાં આવી હતી, અને પરિણામે સંખ્યાઓનો ક્રમ અત્યારે છે તેવો આપણને પ્રાપ્ત થયો. પણ મુસ્લિમ દેશોમાં સંખ્યાઓની ગણતરી તદ્દન જુદી જ રીતે થાય છે — મને યાદ નથી કે તે મહમ્મદના જન્મદિવસથી કે મૃત્યુદિનથી. એટલે જો તમે તેમની પાસે જઈને કહો કે "૨, ૩, ૪, ૫, ૬, તો તેઓ કહેશે કે તમારી ૨, ૩, ૪, ૫, ૬ સંખ્યાનો શો અર્થ છે? કશો જ નહિ.

આ વસ્તુઓનો ઉપયોગ પ્રતીકો તરીકે, વધારે ભૌતિક જગત સાથે વધારે સૂક્ષ્મ જગતને સંપર્કમાં લાવવા માટે, કરી શકાય. બસ, આ રીતે જ તેમનો ઉપયોગ થઈ શકે.

પણ જો અત્યારના કેલેન્ડરને લાખ લોકોને બદલે. માત્ર ત્રણ-ચાર જણા જ વાપરતા હોય, તો આ સંખ્યાઓ પ્રતીકમય છે એમ કહેવું નિરર્થક છે. તે માત્ર પેલા ત્રણ-ચાર જણ માટે જ પ્રતીક-મય બને. એટલે વસ્તુ પોતે મહત્ત્વની નથી, પણ તેના ઉપયોગનો વિસ્તાર મહત્ત્વનો છે.

ગ્રહો અને જન્મ-કુંડલિની બાબતમાં પણ લોકો તે જ ભૂલ કરતા હોય છે. તે એક પ્રકારની ભાષા છે, રૂઢિ છે. જો તે રૂઢિ અપનાવવામાં આવે, તો અમુક કાર્ય કરવા માટે તેનો ઉપયોગ થઈ શકે. પણ જેટલા લોકોએ તેને અપનાવી હોય છે તેમની સંખ્યાના પ્રમાણમાં. તેનું માત્ર સાપેક્ષ મૂલ્ય હોય છે.

આ સાપેક્ષ જગતમાં બધું જ અનિવાર્ય રીતે સાપેક્ષ હોય છે. એટલે વસ્તુઓનો અર્થ અક્ષરશઃ ન કરવો જોઈએ, કારણ કે તે તમારા મનને સંકુચિત અને નાનકડું બનાવી દે છે.

માણસો જેમ જેમ વધારે પ્રાથમિક અવસ્થાના હોય છે, તેમ તેમ તેઓ વધારે સરળ મનવાળા હોય છે, અને તેથી આ વસ્તુઓ વધારે વહેમભર્યો વળાંક લે છે. વહેમો એ માત્ર અમુક હકીકતનાં ખોટાં સામાન્યીકરણો હોય છે.

હું હમેશાં નીસરણી તળેથી પસાર થતા માણસનો દાખલો આપું છું. નીસરણીના શિખર-ભાગ પર એક માણસ કામ કરતો હોય છે. કમનસીબ અકસ્માત વડે તેના હાથમાંથી હથિયાર નીચે પડી જાય છે, અને પેલા પસાર થતા માણસનું માથું ભાંગી નાંખે છે. પણ આ અકસ્માત જોનાર માણસ પાછળથી એક સામાન્ય નિયમ બનાવે છે અને કહે છે કે નીસરણી તળેથી પસાર થવું એ એક અપશુકન છે. આ એક વહેમ છે. દરેક બાબતમાં આમ બનતું હોય છે.

વળી જ્ઞાનની ઘણી હકીકતો આ રીતે જ ઉદ્‌ભવી હોય છે. દા. ત. જો અનુકૂળ સંજોગોના સાહચર્યને કારણે, અમુક દવા ઘણા લોકોને સાજા કરે, તો એમ જાહેર કરવામાં આવે છે કે આ દવા આ રોગ માટે રામ-બાણ ઇલાજ છે. પણ તે વાત સાચી નથી. તેની સાબિતી એ છે કે જો તે જ દવા, તે જ રીતે સો માણસોને આપવામાં આવે, તો બે પરિણામો એક-સરખાં નહિ આવે; કેટલીક વાર તો તદ્દન વિપરીત પરિણામો પણ આવે. એટલે તે દવાનો ગુણ માણસોને સાજા કરતો હોતો નથી; તે દવામાં શ્રદ્ધા મૂકવી તે એક વહેમ છે.

હકીકતમાં, વિજ્ઞાન અને વહેમ વચ્ચે બહુ થોડો જ તફાવત છે. માત્ર તે તફાવત વસ્તુઓને અભિવ્યક્ત કરવામાં લેવાતી દરકારમાં જ રહેલો છે. જો વૈજ્ઞાનિકોની પેઠે, કહેવામાં દરકાર-પૂર્ણ બને કે "આ આમ હોય એમ લાગે છે... માણસ એમ ધારે કે... બધી વસ્તુઓ આપણને આમ વિચાર કરતા

બનાવવા માટે સંયુક્ત બને છે...," તો પછી વહેમ જેવી કોઈ ચીજ રહેતી જ નથી! પણ જો કોઈ માણસ એમ કહે કે એ આમ છે, તો તે વહેમ બની જાય છે.

એટલે તમને પ્રશ્ન પૂછનારને તમે આમ જવાબ આપશો કે "જો ૩,૪,૫, ૬ અથવા ૨, ૩, ૪, ૫, ૬ સંખ્યાઓને લીધે તમને કાંઈક અપવાદ-રૂપ વસ્તુ બને, અને તમને કોઈ આંતર અથવા બાહ્ય પ્રગટીકરણ સાંપડે, તો તમે ઘોષણા કરી શકશો કે આ એક અપવાદ-રૂપ તારીખ છે. પણ જો તમને કાંઈ પણ ન બને, તો તમારે માટે તે જરા પણ અપવાદ-રૂપ તારીખ નથી; તે તારીખ બીજી તારીખો જેવી જ સામાન્ય હશે."

(મૌન)

વેદ કરતાં પણ એક ખૂબ વધારે પ્રાચીન પરંપરા આમ કહેતી હતી કે જો બાર સદ્-ભાવનાવાળા માણસો એકઠા મળે અને ભગવાનને બોલાવે, તો ભગવાનને આવવું જ પડે છે. કદાચ આ સત્ય છે, કદાચ વહેમ છે, કદાચ તેનો આધાર પેલા સદ્ભાવનાવાળા બાર માણસો પર અને તે કયા પ્રકારના છે તેના પર છે. કદાચ તેનો આધાર બીજી વસ્તુઓ પર પણ છે. "શરૂઆતમાં બાર માણસો એકત્રિત થયા; તેઓ બાર કેમ હતા તે તેઓ પણ જાણતા ન હતા; તેમની અભીપ્સામાં તેઓ એટલા બધા સંયુક્ત હતા, તેમની અભીપ્સા એટલી બધી ઉત્કટ અને શક્તિશાળી હતી, કે તેમને પ્રત્યુત્તર પ્રાપ્ત થયો" — આમ કહેવું એ બરાબર છે. પણ "જો સદ્ભાવનાવાળા બાર માણસો અભીપ્સામાં સંયુક્ત થાય, તો તેઓ જરૂર ભગવાનને નીચે બોલાવે" — આમ કહેવું એ વહેમ છે.

હકીકતમાં, વસ્તુઓ તે પ્રમાણે બની હોવી જોઈએ, અને તેને જોનાર માણસે દરકાર-પૂર્વક તે નોંધી લીધી હોવી જોઈએ કે "જો સદ્ભાવનાવાળા બાર માણસો પોતાની અભીપ્સાને સંયુક્ત કરે, તો ભગવાનને નીચે આવવું જ પડે." હું તમને કહી શકું કે ત્યાર પછી બાર માણસોનાં અનેક જૂથો સર્વ-સાધારણ અભીપ્સામાં એકત્રિત થયાં છે... અને તે ભગવાનને નીચે લાવી શક્યાં નથી! છતાં પણ તે પરંપરા ચાલી આવેલી છે.

આજ સાંજે આપણે બાર કરતાં વધારે સંખ્યામાં એકઠા મળ્યા છીએ. (હસાહસ) આપણે પ્રયત્ન કરીને જોઈશું કે આપણે સફળ થઈએ છીએ કે નહિ?

(ધ્યાન)

*

વાર્તાલાપ —૧૨

૨૧ માર્ચ ૧૯૫૬

મધુર માતાજી, અહીં લખવામાં આવ્યું છે કે "કોઈ પણ પરિપૂર્ણ જ્ઞાન માટે, એક અનિવાર્ય, પાયાની દર્શના છે...તે આ છે કે ભગવાનનો તેમના તાત્ત્વિક સત્યમાં —આત્મામાં સાક્ષાત્કાર કરવો..."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૦૬)

માણસ ભગવાનને કેવી રીતે સમજી શકે?

મારા બાળક, ભગવાન બનવાથી. તે એક જ ઉપાય છે, તાદાત્મ્ય વડે. શ્રી અરવિંદ કહે છે કે "આપણે ભગવાનને જાણીએ છીએ અને ભગવાન બનીએ છીએ, કારણ કે આપણી ગૂઢ પ્રકૃતિમાં આપણે ક્યારનાય ભગવાન છીએ." આપણા અસ્તિત્વનો સાર-ભાગ ભગવાન જ છે, અને તેથી આપણે તેમને સમજી શકીએ છીએ, ભગવાન બની શકીએ છીએ; નહિ તો તે તદ્દન અશક્ય બની જાય.

આપણે આપણી અંદર ભગવાનને કેવી રીતે જોઈ શકીએ?

મેં કહ્યું તે રીતે જ. તમે ચોક્કસ શું પૂછવા માગો છો? કયી રીતે?

પ્રથમ તો તમારે ભગવાનને શોધવાની શરૂઆત કરવી જોઈએ; તે વસ્તુ જીવનમાં સૌથી વધારે મહત્ત્વની બની જવી જોઈએ. સંકલ્પ સતત બની રહેવો જોઈએ, અભીપ્સા સતત બની રહેવી જોઈએ, તે જ વ્યાપાર સતત બની રહેવો જોઈએ, માત્ર તે જ વસ્તુ તમે માગતા હોવા જોઈએ. તો તમે ભગવાનને પ્રાપ્ત કરી શકશો.

પણ અલબત્ત, જો માણસ પોતાના જીવનમાં પાંચ મિનિટ માટે ભગવાનનો વિચાર કરે, અને પોણો કલાક બીજી વસ્તુઓ સાથે ગડ-મથલ કરે, તો સફળતા મળવાનો ઝાઝો સંભવ નથી. તો તો ઘણા જન્મો પછી સફળતા સંભવે.

તે એક રમત-રૂપ, વખત ગાળવા માટેની રમત ન હોવી જોઈએ. તે તમારા

જીવનનો એક-માત્ર વ્યાપાર બની જવો જોઈએ, અસ્તિત્વનો એક-માત્ર હેતુ બની જવો જોઈએ.

બીજુ કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, અમારે હવે કોઈ વધારે પ્રશ્નો પૂછવાના નથી. એટલે આપ કાંઈક કહો.

શા માટે કાંઈક કહેવું?

માત્ર એટલું જ કહી શકું કે સૌથી વધારે મૂલ્યવાન દેણો મૌનમાં અપાતી હોય છે.

(ધ્યાન)

*

વાર્તાલાપ —૧૩

૨૮ માર્ચ ૧૯૫૬

જો જગતમાંથી અને તેની ક્રિયાઓમાંથી વિદાય, પરમ મુક્તિ અને શાન્તિ સાધકનું એક-માત્ર લક્ષ્ય હોય, તો આધ્યાત્મિક જીવનની સિદ્ધિ — પરિપૂર્ણતા માટે ત્રણ મહાન પાયાના સાક્ષાત્કારો[1] બસ થઈ પડે. તે વસ્તુઓમાં જ એકાગ્ર બનીને, તે સર્વ બીજા દિવ્ય અથવા સાંસારિક જ્ઞાનને પોતામાંથી દૂર ચાલ્યું જવા દઈ શકે, અને ભાર-મુક્ત બનીને પોતે સનાતન શાન્તિમાં જઈ શકે. પણ તેણે જગતને અને તેની પ્રવૃત્તિઓને ગણતરીમાં લેવાનાં છે, તેમની પીઠમાં રહેલા દિવ્ય સત્યને તેણે જાણવાનું છે, અને દિવ્ય સત્યની અને આવિર્ભાવ પામેલી સૃષ્ટિની વચ્ચે દેખીતા વિરોધનું સમાધાન કરવાનું છે, જે ઘણીખરી આધ્યાત્મિક અનુભૂતિઓનું આરંભ-બિંદુ છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૧૦)

હું આનો અર્થ સમજી શકતો નથી. આ વિરોધ આધ્યાત્મિક અનુભૂતિનું આરંભ-બિંદુ શા માટે છે?

જેને સામાન્ય રીતે આધ્યાત્મિક અનુભૂતિ કહેવામાં આવે છે તે માણસ જીવતો હોય છે તે જીવન કરતાં બીજી કોઈ વસ્તુની ઉત્કટ જરૂરિયાત છે. મોટે ભાગે મુશ્કેલીઓ, નિરાશાઓ, દુઃખ અથવા શોક પછી તે જરૂરિયાત જાગ્રત થતી હોય છે. એ બધી વસ્તુઓ દુઃખ લાવતી હોય છે, અને સાથે-સાથે વધારે સારી સ્થિતિ માટે અભીપ્સા જાગ્રત કરતી હોય છે. આ આધ્યાત્મિક અનુભૂતિના મૂળમાં સામાન્ય રીતે હોય છે; તે એક નિષેધાત્મક વસ્તુ છે.

ભગવાનને જાણવાની અને તેમની સાથે એકતા કરવાની વિધેયાત્મક જરૂરિયાત મોટે ભાગે પાછળથી આવતી હોય છે. હું "મોટે ભાગે" કહું છું; તેમાં અપવાદો હોય છે. પણ સામાન્ય રીતે તે જીવનનાં દુઃખોમાંથી ભાગી

૧. અંદર રહેલા ભગવાનનો, વૈશ્વિક પરમાત્માનો, અને પરાત્પર ભગવાનનો — નિર્વાણનો સાક્ષાત્કાર.

જવાની વાત હોય છે તે દુઃખો તમને આધ્યાત્મિક જીવન તરફ ધકેલે છે. જો આંતર અને બાહ્ય સંવાદમયતાની સ્થિતિ પરિપૂર્ણ હોય, જો તેમના જીવનમાં કાંઈ જ અણ-ગમતું કે દુઃખમય ન બનતું હોય, તો બહુ જ થોડા લોકો ભગવાન માટે વિચાર કરે; તેઓ ભગવાન વિષે માથાફોડ ન કરે, તેઓ સામાન્ય વસ્તુઓના અર્ધ-માપથી સંતોષ માને, અને પરાત્પરની શોધ ન કરે. શ્રી અરવિંદ તે વસ્તુ કહેવા માગે છે.

પણ જ્યારે માણસને આ આધ્યાત્મિક જીવન પ્રાપ્ત થાય છે, ત્યારે તેને ભાન થાય છે કે ભગવાન સર્વ આભાસોની પીઠમાં સર્વત્ર છે, અને વળી આભાસો વગર, સીધી રીતે પણ ભગવાન છે. શ્રી અરવિંદ કહે છે કે આભાસોની પીઠમાં ભગવાન રહેલા છે; આપણે આ વિરોધોને શોધી કાઢવા જોઈએ અને તેમનું સમાધાન કરવું જોઈએ. એવી એક સ્થિતિ કે ચેતના હોય છે, જ્યાં તેમનું સમાધાન થઈ જાય છે.

પણ પ્રથમ માણસે આ રીતે (આરોહણનો અભિનય) જવું જોઈએ, અને પછી તે આ રીતે (અવરોહણનો અભિનય) પાછો આવે છે.

શ્રી અરવિંદ અહીં લખે છે કે "અને હજી સુધી સાધકની આગળ અથવા તેનામાં આ સનાતન આત્મ-સભાન અસ્તિત્વ આ આધ્યાત્મિક ચેતના, સ્વયં-પ્રકાશિત શક્તિની આ અનંતતા, આ અકાળ અને અનંત આનંદ નથી હોતાં. સાથે-સાથે તેની અનુભૂતિમાં સતત, અમેય દેશ-કાળમાં રહેતું આ વિશ્વ, કદાચ એક પ્રકારનું અમર્યાદ સાન્ત, અને તેમાં બધું અનિત્ય, મર્યાદિત, અને ભેદમય હોય છે..."

(એજન, પૃષ્ઠ ૧૧૧-૧૨)

"અમર્યાદ સાન્ત" — એનો શો અર્થ છે?

જેને અભિવ્યક્ત ન કરી શકાય તેવી વસ્તુને રચનામાં મૂકવાનો તે પ્રયત્ન છે.

હકીકતમાં, માણસ લગભગ એમ કહી શકે કે વીગતો સાન્ત હોય છે, અને સમગ્ર અનંત છે. પણ શ્રી અરવિંદ "અનંત" નથી કહેતા, "અમર્યાદ" કહે છે — કાળમાં અમર્યાદ અને દેશમાં અમર્યાદ; અને છતાં પોતામાં મર્યાદિત. દરેક વીગતને તેની પોતાની ખાસ મર્યાદા હોય છે; સમગ્રને કોઈ મર્યાદા નથી હોતી.

મધુર માતાજી, બીજી એક વસ્તુ મને સમજાઈ નથીઃ "તેના આત્માની આ બે સ્થિતિઓ (સનાતનતાની ચેતના અને કાળમાં રહેલા વિશ્વની ચેતના) તેને એક પછી એક અનુભવાતી લાગે છે —તેની ચેતનાની સ્થિતિ અનુસાર બીજી સ્થિતિઓમાં તે બે તેને પોતાના અસ્તિત્વના બે ભાગ જેવાં જણાય છે —ભિન્ન-ભિન્ન અને છતાં જેમનું સમાધાન કરવાનું છે તેવા; બે અડધિયાં જેવા જણાય છે — ઉપરનું અને નીચેનું, અથવા પોતાના અસ્તિત્વનું આંતર અડધિયું અને બાહ્ય અડધિયું. સાધકને જણાય છે કે પોતાની ચેતનાના આ વિભાગીકરણમાં ખૂબ મુક્તિપ્રદ શક્તિ રહેલી છે, કારણ કે તેથી તે અજ્ઞાનમાં, અચેતનતામાં બદ્ધ રહેતો નથી."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૧૨)

મને આ સમજાતું નથી.

કારણ કે તે ભેદ — વિભાગીકરણ તમારામાં છે, તમે સનાતન જીવનનો સ્વાદ ચાખી શકો તેમ છો, બાહ્ય જીવન તમને અવાસ્તવિક દેખાય છે, અને તેથી બાહ્ય જીવનમાંથી દિવ્ય જીવનમાં જવા માટે જરૂરી વસ્તુ કરવાની તમે શરૂઆત કરો છો. જો અસ્તિત્વમાં વિરોધ — વિભાગીકરણ ન હોત, જો તમે તે બે સ્થિતિઓની વચગાળાની સ્થિતિવાળું પ્રાણી હોત, તો આ અનિશ્ચિત મુદત માટે ચાલુ રહી શકે, તમે તમારી મુશ્કેલીને તથા તમારી જરૂરિયાતને વિષય ન બનાવી શકો; ટેવના બળ વડે, વિચાર કર્યા સિવાય, તમે જીવી રહ્યા છો તેમ જીવવાનું ચાલુ રાખો.

આ વિભાગી-કરણને કારણે, અસ્તિત્વના એક ભાગને બીજા ભાગનું નિરીક્ષણ કરવાની ટેવ પ્રાપ્ત થાય છે; નહિ તો, તમે શું કરો છો તેના ભાન સિવાય, આપો-આપ જીવ્યા કરો.

(એક શિષ્ય તરફ વળીને) ત્યાં કોઈને પ્રશ્ન પૂછવાનો છે?

"સર્વ અકાળ તત્ત્વ કાળમાં લીલા કરવા માટે દબાણ કરે છે; કાળમાં રહેલી બધી જ વસ્તુઓ અકાળ આત્મા પ્રત્યે અને તેની આસપાસ વળે છે."

(એજન, પૃષ્ઠ ૧૧૨)

આનો શો અર્થ છે?

કારણ કે તેમ જ હોય છે, મારા બાળક જે કાંઈ આવિર્ભાવ નથી પામ્યું તે આવિર્ભૂત થવા ઇચ્છે છે, અને સર્વ આવિર્ભૂત વસ્તુઓ મૂળ ઉદ્‌ગમ-સ્થાનમાં પાછી જવા માગે છે.

તમારો પ્રશ્ન એ પ્રશ્ન જેવો છે કે પૃથ્વી શા માટે ગોળ છે; શા માટે સૂર્ય અને ગ્રહો આકાશમાં છે? વિશ્વનો નિયમ તે પ્રકારનો છે.

આ વસ્તુઓમાંની ઘણી ખરી માત્ર હકીકતનાં કથનો છે, પણ તેમની સમજૂતીઓ નથી હોતી, કારણ કે માણસ તેમની માનસિક સમજૂતીઓ આપી શકે તેમ નથી. કોઈક અમુક સમજૂતીઓ આપે, પણ બીજો માણસ બીજી રીતે તે સમજાવે છે, અને ત્રીજો — ચોથો માણસ તેને ત્રીજી અને ચોથી રીતે સમજાવે છે — આમ અનિશ્ચિત રીતે ચાલ્યા કરતું હોય છે. તમે સમજૂતી માટે આખા વિશ્વમાં ફરી વળો, અને છતાં તમને કોઈ સાચી સમજૂતી નહિ મળે.

તેને માટે માણસ માત્ર આટલું જ કહી શકે કે તે આ પ્રકારનું છે, બસ.

તેથી એમ કહેવામાં આવ્યું છે કે મન કાંઈ જ જાણી શકતું નથી, કારણ કે તેને સમજૂતીઓની જરૂર પડતી હોય છે. જેટલા પ્રમાણમાં સમજૂતી તમને સમજાવાતી વસ્તુ પર કાર્ય કરવાની શક્તિ આપે, તેટલા પ્રમાણમાં જ તેનું મૂલ્ય હોય છે; નહિ તો તે સમજૂતીનો શો ફાયદો? જો અમુક વસ્તુની સમજૂતી તમને તે વસ્તુમાં પરિવર્તન કરવાની શક્તિ ન આપે, તો તે તદ્દન નકામી છે, કારણ કે તમે આપેલી સમજૂતીને બીજી સમજૂતીની જરૂર હોય છે, અને એમ આગળ ચાલ્યા જ કરતું હોય છે. પણ જો સમજૂતી વડે તમને સમજાવાતી વસ્તુ પર કોઈ શક્તિ પ્રાપ્ત થતી હોય, તે છે તેના કરતાં તે વસ્તુને ભિન્ન પ્રકારની બનાવવાની શક્તિ આપતી હોય, તો તો તેમાં લીધેલી મહેનત લેખે લાગે. પણ એમ હોતું નથી. એટલે તમે ગોળ-ગોળ ફર્યા જ કરો છો — સપાટી ઉપર, અને કોઈ નવીન ઊંચાઈ પર કૂદીને જતા હોતા નથી.

બસ, હવે કાંઈ પૂછવું છે?

(એક શિષ્ય તરફ વળીને) તમે પ્રશ્ન તો પૂછ્યો છે, પણ તમારે બીજો કોઈ પ્રશ્ન પૂછવો હોય, તો મોટેથી બોલો.

શ્રી અરવિંદ પ્રથમ, એક બાજુએ, સનાતન અસ્તિત્વની — બ્રહ્મની વાત કરે છે, અને બીજી બાજુએ જગતના અસ્તિત્વની — માયાની, તે બેના

વિરોધોની વાત કરે છે. પછી એક બીજો, અતિ-માનસિક, સાક્ષાત્કાર આવે છે, અને શ્રી અરવિંદ કહે છે કે "એક વખતે જે વિરોધી દેખાતાં હતાં, પણ હવે જે બ્રહ્મ-માયાની જોડી બની ગઈ છે તે સાધકની સમક્ષ, બધા આત્માઓના આત્માની પ્રથમ મહાન, ક્રિયાશીલ બાજુ તરીકે, પ્રગટ થઈને ખડી રહે છે..."

(એજન, પૃષ્ઠ ૧૧૩)

જ્યારે આ સાક્ષાત્કાર થાય છે, ત્યારે એનો અર્થ એમ થાય છે શું કે આપણી નિમ્નતર પ્રકૃતિએ રૂપાંતર કરવામાં સંમતિ આપી છે? તે વખતે તે જોડી દ્વૈત-રૂપે દેખાય છે ખરી?

અલબત્ત, હું તમારા પ્રશ્નને સમજી શકતી નથી?

અત્યાર સુધી શ્રી અરવિંદે આ દ્વૈતની —જોડીની વાત કરી છે...

તે એક આભાસ છે, હકીકત નહિ.

જ્યારે સાધકને સાક્ષાત્કાર થાય છે કે દ્વૈત અસ્તિત્વ ધરાવતું જ નથી...

તેનો અર્થ એ છે કે સાધક આભાસની પીઠમાં ચાલ્યો જાય છે; તે સદાકાળ હતી એ હકીકતમાં પોતાને પ્રતિષ્ઠિત કરે છે.

શું તે એક આપેલું વચન છે?

જુઓ, જ્યારે સાધકે પ્રગતિ કરી હોય છે, ત્યારે તેણે પ્રગતિ કરી હોય છે! હું તમારા પ્રશ્નને સમજી શકતી નથી. જો તમે પ્રગતિ કરી છે, તો તમે પ્રગતિ કરી હોય છે. જો તમે ભ્રાન્તિની પીઠમાં સત્યનું દર્શન કરો છો, તો સામાન્ય રીતે તેને પ્રગતિ માનવામાં આવે છે.

પણ અહીં શ્રી અરવિંદ સમજાવે છે કે નિમ્નતર પ્રકૃતિ પણ...

હા, પણ તમે સાક્ષાત્કાર કર્યો છે કે તે એક જ વસ્તુ છે, એટલે... હું થોડાક

સમય પહેલાં કહેતી હતી કે જ્યારે તમને સમજૂતી પ્રાપ્ત થાય છે; ત્યારે તે તમારા બાહ્ય સ્વભાવને બદલવા માટે પૂરતી છે? તમારો સ્વભાવ બદલાયો છે? તમારા બાહ્ય સ્વભાવમાં તમે હતા તેનાથી તમે પરિવર્તન પામ્યા છો?

ના.

ના; તો પછી બીજી કોઈક વધારે વસ્તુની જરૂર છે. હું આ જ કહેવા માગતી હતી. સમજૂતી-માત્ર બસ નથી, બીજા કશાકની જરૂરિયાત છે. એ તો સ્પષ્ટ છે કે પહેલાં ન જાણેલી વસ્તુને જાણવી તે પ્રગતિ છે, પણ જ્યાં સુધી તે જ્ઞાન ક્રિયાશીલ ન બને, રૂપાંતર માટેની શક્તિ ન બને, ત્યાં સુધી તેનો ઝાઝો ઉપયોગ નથી.

સમજ્યા? સુંદર.

(એક બાળક તરફ વળીને) તારે પ્રશ્ન પૂછવો છે? પૂછ, હિંમત કર.

મધુર માતાજી, માણસ કેવી રીતે પોતાની સમજમાં વૃદ્ધિ કરી શકે?

પોતાની સમજ? પોતાની ચેતનામાં વૃદ્ધિ કરવાથી; મનથી પર જવાથી, પોતાની ચેતનાને વિસ્તૃત બનાવવાથી, પોતાની ચેતનાને ગહન બનાવવાથી, મનથી પર પ્રદેશોમાં પહોંચવાથી.

જ્યારે આ વાર્તાલાપ પ્રથમ ૧૯૬૨માં પ્રસિદ્ધ થયો હતો, ત્યારે શ્રી માતાજીએ છેલ્લા પ્રશ્નના જવાબમાં આ ભાષ્ય ઉમેર્યું હતું.

હવે હું એક વસ્તુ ઉમેરીશ : અનુભૂતિ. જ્ઞાનનું અનુભૂતિમાં પરિવર્તન. અનુભૂતિ તમને આપોઆપ બીજી અનુભૂતિ પ્રત્યે દોરી જશે.

પણ અનુભૂતિનો જે સામાન્ય અર્થ કરવામાં આવે છે, તેનાથી હું તદ્દન જુદો અર્થ કરું છું. તે અનુભૂતિ પોતે જાણે છે તેની નહિ — અલબત્ત, એ તો સ્પષ્ટ જ છે — પણ માનસિક સમજ અથવા જ્ઞાન કરતાં વધારે ઉચ્ચતર જ્ઞાન, સંપૂર્ણ-સમગ્ર જ્ઞાન, સર્વને જે કાંઈ છે તે બતાવનાર શક્તિરૂપ બનવું તે. પાયાની રીતે જોતાં, તે વસ્તુઓનું તપસ્ છે, વિશ્વનું તપસ્ છે.

એમ હમેશાં કહેવામાં આવે છે કે આવિર્ભાવની શરૂઆતમાં સચ્ચિદાનંદ

છે, તેને આ ક્રમમાં મૂકવામાં આવે છે : પ્રથમ સત્ અર્થાત્ વિશુદ્ધ અસ્તિત્વ. પછી ચિત્, અસ્તિત્વની આત્મ-સભાનતા. પછી આનંદ, અસ્તિત્વનો તે આનંદ જે અસ્તિત્વને ચાલુ રાખે છે. પણ આ ચિત્ અને આનંદની વચ્ચે તપસ્ હોય છે, અર્થાત્ આત્મ-સાક્ષાત્કાર કરતી ચિત્ હોય છે. જ્યારે માણસ આ તપસ્ બને છે, વસ્તુઓનું તપસ્ બને છે, ત્યારે માણસને જ્ઞાન પ્રાપ્ત થાય છે, જે જ્ઞાન પરિવર્તન કરવાની શક્તિ આપે છે, વસ્તુઓનું તપસ્ આવિર્ભાવમાં તેમના અસ્તિત્વનું નિયમન કરે છે.

જ્યારે માણસ તપસ્માં હોય છે, ત્યારે તે ખૂબ-ખૂબ મહાન શક્તિને અનુભવતો હોય છે! તે વૈશ્વિક શક્તિ છે. ત્યારે માણસને વિશ્વ પર સંપૂર્ણ સ્વામિત્વની લાગણી અનુભવાય છે.

*

વાર્તાલાપ —૧૪

૪ એપ્રિલ ૧૯૫૬

"એક બાજુએ સાધક સ્વીકાર કરતી, અવલોકન કરતી, અનુભૂતિ કરતી, સાક્ષી-ચેતનાથી સભાન બને છે, જે કાર્ય કરતી દેખાતી નથી, પણ જેની ખાતર આ સર્વ, આંતર-બાહ્ય પ્રવૃત્તિઓ કરવામાં આવતી દેખાય છે અને ચાલુ રહેતી હોય છે. બીજી બાજુએ, સાધક, સાથે-સાથે, કાર્ય કરતી શક્તિથી અથવા પ્રક્રિયાની શક્તિથી સભાન બને છે, જે સર્વ પ્રવૃત્તિઓને ઘડે છે, વેગ આપે છે, દોરવણી આપે છે, લાખો દૃશ્ય અને અદૃશ્ય રૂપોનું નિર્માણ કરે છે, અને પોતાના કાર્યના અને સર્જનના અવિરત પ્રવાહના સ્થિર ટેકા તરીકે તે રૂપોનો ઉપયોગ કરે છે. માત્ર સાક્ષી-ચેતનામાં પ્રવેશ કરીને, સાધક શાન્ત, નિર્લેપ, સ્થિર બને છે. તે જુએ છે કે તેણે અત્યાર સુધી પ્રકૃતિની ગતિઓને નિષ્ક્રિય રીતે પ્રતિબિંબત કરી હતી, પોતાની માની લીધી હતી. તે પ્રતિબિંબ વડે, મારામાં રહેલા સાક્ષી-આત્મા પાસેથી, આ પ્રકૃતિની ગતિઓને મૂલ્ય સાંપડ્યું હતું, અર્થવત્તા પ્રાપ્ત થઈ હતી. પણ હવે તેણે તે અધ્યારોપને અથવા પ્રતિબિંબ પાડતા તાદાત્મ્યને પાછું ખેંચી લીધું હોય છે; તે માત્ર પોતાના શાન્ત આત્માથી જ સભાન છે, આસપાસ થતી સર્વ ગતિથી ભિન્ન —નિર્લેપ છે. બધી પ્રવૃત્તિઓ તેની બહાર બનતી હોય છે, તે તરત જ સઘન રીતે વાસ્તવિક બનતી મટી જાય છે. હવે તે યાંત્રિક, વિભાજ્ય, અંત લાવી શકાય તેવી તેને લાગે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૧૩)

સાક્ષી-આત્મા એટલે શું?

તે એ આત્મા છે, કે જે એવી સ્થિતિમાં પ્રવેશે છે, જેમાં કાર્ય કર્યા સિવાય તે માત્ર જોતો રહે છે. સાક્ષી બનતી વસ્તુને માત્ર જોતો હોય છે, પણ પોતે કાર્ય કરતો હોતો નથી. એટલે જ્યારે આત્મા એવી સ્થિતિમાં હોય કે જેમાં તે કાર્યનો ભાગીદાર બનતો નથી, પ્રકૃતિ દ્વારા કાર્ય કરતો નથી, માત્ર સંકોચાઈને

અવલોકન જ કરે છે, ત્યારે તે સાક્ષી-આત્મા બને છે.

જો સાધકે બહારની ક્રિયાઓ બંધ કરી દેવી હોય, તો આ શ્રેષ્ઠ પદ્ધતિ છે. સાધક પોતામાં જ પોતાની જાતને પાછી ખેંચી લે છે — અસ્તિત્વની છેલ્લી હદ સુધી, એક પ્રકારની સ્થિરતા પ્રાપ્ત કરે છે — જે અવલોકન કરે છે પણ કાર્યમાં ભાગીદાર બનતી નથી, આજ્ઞાઓ પણ આપતી નથી.

તમને નથી સમજાતું?

જ્યારે માણસ કશાકમાંથી પોતાની જાતને વિભક્ત કરવા માગે છે, અમુક ગતિમાંથી, ક્રિયામાંથી, ચેતનાની સ્થિતિમાંથી વિચ્છિન્ન કરવા માગે છે, ત્યારે આ પદ્ધતિ ખૂબ અસરકારક નીવડે છે. સાધક થોડોક અંદર સંકોચાઈ જાય છે, નાટકના દૃશ્ય પેઠે વસ્તુઓનું અવલોકન કરતો હોય છે, તેમાં વચ્ચે પડતો નથી. એક ક્ષણ પછી, તે વસ્તુ સાથે તમારે કશી લેવા-દેવા નથી એમ તમને લાગે છે, તે તમારાથી બહાર બનતી હોય એમ તમને લાગે છે. ત્યારે તમે ખૂબ શાન્ત બની જાઓ છો.

જ્યારે તમે આમ કરો છો, ત્યારે બહારની ગતિઓમાં તમે કોઈ ગતિને સુધારવાનો — ઉપાય લેવાનો પ્રયત્ન કરતા નથી, તે જેવી છે તેવી રહે છે, પણ તે તમારામાં કોઈ અસર પેદા કરતી નથી. મેં તમને આ વાત અનેક વાર કહી છે. તે માત્ર પ્રથમ પગલું છે; તેથી તમને વસ્તુઓની પીડા વહોરી લેવામાં મદદ મળે છે. પણ અચોક્કસ મુદત સુધી વસ્તુઓ જેવી છે તેવી જ રહે છે તે નિષેધાત્મક બાજુ છે.

જ્યારે શ્રી અરવિંદ કહે છે કે "વિભિન્ન કરનાર બાજુ મુક્તિપ્રદ છે," ત્યારે તે આ જ વાતનું કથન કરે છે?

હા. તે ચોક્કસપણે મુક્તિ આપે છે. મુક્તિ માટે જ સાધક આ સાક્ષી ચેતનાનો અભ્યાસ કરતો હોય છે. તેને આસક્તિઓથી, પ્રતિકાર્યોથી, પરિણામોથી મુક્ત બનવું હોય છે. જે લોકો ગીતાને આ રીતે સમજતા હોય છે, તેઓ તમને કહેતા હોય કે "આના કરતાં વધારે અમે કશું સમજતા નથી. તમે શા માટે પ્રયત્ન કરીને જગતનું પરિવર્તન કરવા માગો છો? જગત તો જેવું છે તેવું જ હમેશાં રહેવાનું. તમારે માત્ર પાછા હઠી જવાનું છે, તમારી જાતને વિયુક્ત — વિરક્ત કરવાની છે, સાક્ષી જેમ પોતાને ન લાગતી-વળગતી વસ્તુને જોતો હોય છે તેમ તમારે જગતને માત્ર જોવાનું છે, જગત સાથે કશી લેવા-દેવા રાખવાની નથી." પેરિસમાં ગીતા

સાથે મારો આ પ્રથમ સંપર્ક હતો. હું એક ભારતીયને મળી હતી. તે ગીતાનો મહાન પ્રશંસક હતો, શાન્તિનો મહાન પ્રેમી હતો. તે કહેતો હતો કે "જ્યારે હું મારા શિષ્યો પાસે જાઉં છું, અને જો તેઓ સાચી સ્થિતિમાં હોય, ત્યારે મારે બોલવાની જરૂર રહેતી નથી. એટલે અમે બધા ભેગા મળીને શાન્તિમાં બેસીએ છીએ; તે શાન્તિમાં અમને અમુક સાક્ષાત્કાર થતો હોય છે. પણ જ્યારે મારા શિષ્યો તેમ કરવા માટે યોગ્ય સ્થિતિમાં નથી હોતા, ત્યારે હું થોડુંક બોલું છું, જેથી તેઓ યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરી શકે. જો તેઓ તેથી પણ વધારે ખરાબ સ્થિતિમાં હોય તો તેઓ પ્રશ્ન પૂછવા માંડે છે! (હસાહસ)

પણ તે જગતમાં પરિવર્તન લાવવા માગતો ન હતો નહિ વારુ? જેણે આપણને ક્રાન્તિકારીઓ કહ્યા હતા, નહિ વારુ?

ઓહ, તે તો તમારા પ્રશ્નોના બચાવ કરવા માટે કહો છો! (હસાહસ)

ના. તે ગીતાને સમજવાનો એક પ્રકાર હતો. આ લોકો હમેશાં, એકાંગી રીતે, ઉદ્ધરણ કરીને કહેતા હોય છે કે ધુમાડા વગર અગ્નિ ન હોઈ શકે[૧]. કદાચ હજાર કે પાંચસો વર્ષ પહેલાં આ વાત સાચી હતી, પણ અત્યારે તેમ કહેવું એ નરી મૂર્ખતા છે. એટલે તમે વસ્તુઓ સમજાવવા માટે આ વાક્યનો ઉપયોગ ન કરી શકો કે "જગતની સ્થિતિ વિષે તમે શા માટે ચિંતા કરો છો? ધુમાડા વગર અગ્નિ હોતો નથી."

પણ તે સાચું નથી.

પણ છતાં તે એક દૃષ્ટિબિન્દુ છે. મને લાગે છે કે દરેક દૃષ્ટિબિંદુ જરૂરી છે — જો તે પોતાના સ્થાને રહે અને બીજા દૃષ્ટિબિન્દુઓમાં અવરોધ ન કરે તો. જો તે ગીતા-પ્રેમીએ એટલું ઉમેર્યું હોત કે મારી અનુભૂતિ આ પ્રકારની છે, તો તે બરાબર ગણાત. પણ તે તો બીજાઓ જે કરતા હતા તેની ટીકારૂપે આમ કહેતા હતા. અને તે તેમની ભૂલ હતી.

એનો અર્થ શું એ થયો કે તેમનામાં સાચી દિલની સચ્ચાઈ ન હતી?

૧. કદાચ માતાજી ગીતાના આ બે શ્લોકોનો ઉલ્લેખ કરતાં હશે. "સર્વ ભૂતો પોતાની પ્રકૃતિને અનુસરતાં હોય છે; નિગ્રહ કરવાથી શો ફાયદો થવાનો છે? જ્ઞાની પુરુષ પણ પોતાની પ્રકૃતિ અનુસાર કાર્ય કરતો હોય છે. જેમ અગ્નિ ધૂમાડાથી આવૃત હોય છે, દર્પણ ધૂળ વડે આવૃત હોય છે, ગર્ભ ઉલ્બ વડે આવૃત હોય તેમ જ્ઞાન કામના વડે આવૃત હોય છે," (અધ્યાય ૩; ૩૩, ૩૮;)

શા માટે? કદાચ તે પોતાની ખાતરી બાબત સાચા દિલના હતા. શું તમે એમ કહેવા માગો છો કે જ્યારે કોઈ માણસ પ્રચાર કરે છે, ત્યારે તે સાચા દિલનો નથી હોતો?

તે માને છે કે હું સાચા દિલનો છું.

ના, મને માફ કરો. તેમને તે બાબત ખાતરી હતી. કદાચ નમ્રતાને કારણે, તેમણે મને ચોથી સ્થિતિ વિષે ન કહ્યું, જે તેથી પણ વધારે ખરાબ હતી, જે સ્થિતિમાં પ્રશ્ન પૂછ્યા પછી માણસ જવાબની ચર્ચા કરવાની શરૂઆત કરે છે. એ તો સાચે જ હદ કહેવાય!

જો તમને જગત વિશે એવો ખ્યાલ આવી જાય કે જગત એ ભગવાનની જટિલતામાં ભગવાનની અભિવ્યક્તિ છે, તો જટિલતા અને વિવિધતા માટેની જરૂરિયાતનો સ્વીકાર કરવો જ રહ્યો, અને પછી બીજાઓ તમારા જેવો જ વિચાર કરે અને તમારા જેવી જ લાગણી અનુભવે એવી માંગ કરવી એ અશક્ય બની જાય છે.

દરેક જણને પોતાની ખાસ રીતે વિચારવાની, લાગણી અનુભવવાની, અને પ્રતિકાર્ય કરવાની છૂટ હોવી જોઈએ. બીજાઓ તમારી પેઠે જ કાર્ય કરે અને તમારા જેવા જ બને એમ તમે શા માટે ઇચ્છો છો? કબૂલ રાખીએ કે તમારું સત્ય તેમના સત્ય કરતાં વધારે મહાન હોય, જો કે આ શબ્દનો કશો જ અર્થ નથી, કારણ કે અમુક દૃષ્ટિબિન્દુથી જોતાં, સર્વ સત્યો સત્ય છે; તે બધાં આંશિક હોય છે, પણ તે સાચાં છે કારણ કે તેઓ સત્યો છે; પણ જે ક્ષણે તમારું સત્ય તમારા પડોશીના સત્ય કરતાં વધારે મહાન બને એમ ઇચ્છો છો, ત્યારે તમે સત્યથી દૂર ચાલ્યા જવાની શરૂઆત કરો છો.

તમારી પેઠે જ વિચાર કરવાની બીજાઓને ફરજ પાડવાની ટેવ મને હમેશાં બહુ વિચિત્ર લાગી છે. એને હું "પ્રચારકનો આત્મા" કહું છું. તે બહુ દૂર જતો હોય છે. તમે એક ડગલું આગળ વધીને એવી માંગ કરો છો કે બીજાઓએ હું જે કરું છું તે જ કરવું જોઈએ, હું જેવી લાગણી અનુભવું છું તેવી જ લાગણી અનુભવવી જોઈએ; તો તો તે એક ભયંકર એક-રૂપતા, સમાનતા બની જાય છે.

જાપાનમાં હું ટોલ્સ્ટોયના પુત્રને મળી હતી. માનવ-જાતિની મહાન એકતા-રૂપી કલ્યાણ માટે તે જગતમાં પરિભ્રમણ કરતો હતો. તેનો ઉકેલ

બહુ સરળ હતોઃ દરેક જણે એક જ ભાષા બોલવી જોઈએ, એક જ પ્રકારનું જીવન જીવવું જોઈએ, એક જ રીતનો પોષાક પહેરવો જોઈએ, એક જ પ્રકારની વસ્તુઓ ખાવી જોઈએ. હું મજાક નથી કરતી. હું તેના જ શબ્દો બોલી રહી છું. હું તેને ટોકિયોમાં મળી હતી. તેણે કહ્યું, "દરેક જણ સુખી બને, બધા એક-બીજાને સમજે, જો દરેક જણ એક જ વસ્તુ કરે તે કોઈ કજિયો ન કરે." તેની વાત બહુ તર્ક-યુક્ત નથી એમ તેને સમજાવવાનો કોઈ માર્ગ ન હતો! તેને માટે તે દુનિયાની મુસાફરીએ નીકળ્યો હતો. જ્યારે લોકો તેને તેનું નામ પૂછતા, ત્યારે તે કહેતો કે ટોલ્સટોય. કેટલાક લોકો જાણતા ન હતા કે ટોલ્સટોય તો મરી ગયો હતો. તેઓ વિચારતા કે "અમે કેવા નસીબદાર છીએ? અમને કાંઈક નોંધનીય સાંભળવાનું મળશે."

આ તે જ વલણની અતિશયોક્તિ છે.

ગમે તેમ, પણ હું તમને ખાતરી આપી શકું છું કે એક એવો સમય આવે છે, જ્યારે પોતે જે માનતો હોય છે તે સત્યની બીજાઓને ખાતરી કરાવી આપવાની જરૂર રહેતી નથી.

જ્યારે કોઈક માણસ હું જે છું તેની, હું જેનો સાક્ષાત્કાર કરી રહ્યો છું તે સત્યની ટીકા કરે છે, જ્યારે બીજાઓ ટીકા કરે છે...

તમે તેને વિનય-પૂર્વક કહી શકો છો કે તમારી વસ્તુ પર જ, તમારા કામ ઉપર જ ધ્યાન આપો. પછી તમારે તેની સાથે લમણાઝીંક છોડી દેવી જોઈએ. પણ તમારે તો તેને ખાતરી કરી આપવી હોય છે કે બીજાઓની ટીકા કરવી એ તેની ભૂલ છે. જેમ જેમ તમે તેને વધારે તે વાત કહેશો, તેમ તેમ તેને વધુ ને વધુ ખાતરી થતી જશે કે તેની વાત સાચી છે!

તેને નહિ, પણ પછી આવનાર બીજાઓ...

ઓહ! તેઓ વિરુદ્ધ પ્રચાર કરશે એવી તમને બીક લાગે છે...

તે જરા પણ અગત્યની વસ્તુ નથી. મારી પાસે તેનો એક ખૂબ મજા પડે તેવો દાખલો છે. હું તે માણસનું નામ નહિ આપું. તે માણસ અહીં આવ્યો હતો. તેણે એક મુખ્ય ફ્રેન્ચ સમાચાર-પત્રમાં આશ્રમ વિરુદ્ધ ખૂબ મૂર્ખાઈ-ભરેલો લેખ લખ્યો હતો. તેથી તેને હું મૂર્ખ નથી કહેતી. એ લેખનું એક પરિણામ એ આવ્યું

હતું કે કોઈકે અમને એક પત્ર લખ્યો કે મેં તે લેખ વાંચ્યો છે; હું તરત જ આશ્રમમાં આવવા માગું છું.

આની તદ્દન વિરુદ્ધ અસર પણ નીપજે.

*

વાર્તાલાપ —૧૫

૧૧ એપ્રિલ ૧૯૫૬

"એક બાજુએ તે (સાધક) પોતાના અસ્તિત્વમાં અનંત, આત્મ-અસ્તિત્વવાળા ભગવાનથી સભાન બને છે, જે પોતામાં અસ્તિત્વની અકથ્ય શક્યતાઓનો સમાવેશ કરે છે, જે સર્વ આત્માઓના આત્મા છે, જે બધા પદાર્થોનું આધ્યાત્મિક તત્ત્વ છે, જે અનિર્વચનીય બિન-અંગત અસ્તિત્વ છે, પણ જે સાથે-સાથે એક અમર્યાદ પુરુષ છે, પણ જે અહીં અસંખ્ય વ્યક્તિત્વોમાં સ્વયં-પ્રગટ થાય છે, જે જ્ઞાનના — શક્તિઓના — પ્રેમના — આનંદના સ્વામી છે, વિશ્વોના એક માત્ર ઉદ્‌ભવ-સ્થાન છે, આત્મ-વિધાતા છે, વૈશ્વિક આત્મા છે, વૈશ્વિક જીવન છે, સચેતન અને જીવંત વાસ્તવિકતા છે, જે આપણે જેને અચેતન — જડ પદાર્થ-તત્ત્વરૂપે જાણીએ છીએ તે આભાસના આધાર છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૧૫)

મધુર માતાજી, "આત્મ-વિધાતા" નો શો અર્થ છે?

"આત્મ-વિધાતા?" તેનો અર્થ એ છે કે તે પોતાની જાતનું સર્જન કરે છે.

અહીં સર્જનનો અર્થ છે આવિર્ભાવ, વિષય-ગત બનાવવું તે, પ્રગટ કરવું તે. એટલે પરમાત્મા પોતાની જાતને જ પ્રગટ કરતા હોય છે, તે પોતાની જાતને જ આવિર્ભૂત, પ્રગટ, વિષય-રૂપ કરતા હોય છે.

મોટે ભાગે સર્જનનો અર્થ બીજો કરવામાં આવતો હોય છે. તેનો અર્થ હોય છે — બીજી કોઈ વસ્તુમાંથી અમુક વસ્તુ બનાવવી. તેથી અહીં શ્રી અરવિંદ "આત્મવિધાતા" શબ્દ વાપરે છે, અર્થાત્ પરમાત્મા પોતામાં પોતાની જાતને અભિવ્યક્ત કરે છે. તે અસ્તિત્વના પ્રકારમાં એક પરિવર્તન છે. અનાવિર્ભૂત શક્યતા રહેવાને બદલે, તે આવિર્ભૂત વાસ્તવિકતા બને છે. તે માત્ર ઊલટું થઈ જતું હોય છે, બીજું કાંઈ નહિ. વસ્તુ તો તે જ છે, પણ આ બાજુએથી તે દેખાતા નથી, પેલી બાજુએથી તે દેખાય છે; બસ એટલું જ. તેને તમે ફરી ગોળ ફેરવો છો, અને તે દૃષ્ટિ-ગોચર બને છે; તમે તેને આમ ફેરવો છો અને તે

દૃષ્ટિ-ગોચર થતા નથી; તમે તેને આમ ફેરવો છો અને તેને જોઈ શકો છો. બસ એટલું જ, તે વાત એટલી બધી સરળ છે.

> **"બીજી બાજુએ, તમે તે જ પરમાત્માથી, કાર્ય નીપજાવતી ચેતના-રૂપે, શક્તિ-રૂપે, સભાન બનો છો, જે આત્મ-સભાન શક્તિમાં બધું જ રહેલું છે, જેને વૈશ્વિક દેશ-કાળમાં આવિર્ભાવ પામવા માટે ચાર્જ (વીજળીની પેઠે) કરવામાં આવી હોય છે."**
>
> (એજન, પૃષ્ઠ ૧૧૫)

હા, હું જે કહી રહી છું તે જ એ વાત છે. એક બાજુથી જોતાં, તે અસ્તિત્વમાં ન હોય તેવું લાગે છે, અને પછી તે શક્તિને આગળ મૂકવામાં આવે છે અને તમે તેને જોઈ શકો છો. તે આમ કરે છે (અભિનય). પરમાત્મા શક્તિને આગળ ધરે છે, અને તે દૃષ્ટિ-ગોચર અને અસ્તિત્વ-યુક્ત બને છે. પછી એક અસ્તિત્વવાળી વસ્તુ રહેવાને બદલે, તે ઓચિંતી વિકાસ પામે છે, તે શક્તિ દેશમાં અને કાળમાં આવિર્ભાવ પામે છે. શ્રી અરવિંદ આ વસ્તુ કહે છે. અહીં દેશનો અને કાળનો વિચાર શરૂ થાય છે, કારણ કે તે એકી સાથે બનતું હોતું નથી.

> **શ્રી અરવિંદે પ્રથમ દ્વૈતનું, બ્રહ્મ-માયાનું કથન કર્યું છે (સનાતન અસ્તિત્વનું અને વિશ્વના અસ્તિત્વનું) અને હવે તે દ્વૈતની, ઈશ્વર-શક્તિનું (અસ્તિત્વમાંના ભગવાનનું અને વૈશ્વિક સાક્ષાત્કારની શક્તિમાંના ભગવાનનું) કથન કરે છે. ઈશ્વર-શક્તિનું દ્વૈત બહુ સ્પષ્ટ નથી, નહિ વારુ?**

પહેલું કહેલું દ્વૈત વધારે સરળ છે, નહિ વારુ? તેમાં બે સ્પષ્ટ વિભાગ કરવામાં આવ્યા છે — એક વાસ્તવિકતા છે અને બીજું ભ્રાન્તિ છે, એક પ્રકાશ છે અને બીજો વિભાગ અંધકાર છે, એક ચેતના છે અને બીજો અચેતનતા છે, એક સત્ય છે અને બીજો અસત્ય છે. તે વધારે સગવડ-ભરેલું છે.

પણ આ બીજું દ્વૈત સમજવું તે ઘણું વધારે કઠિન છે. તે એક જ વસ્તુ પોતામાં અનાવિર્ભૂત છે, અને પછી ઓચિન્તી તે આમ કરે છે (વિસર્ગનો અભિનય). તે તે જ વસ્તુ છે, પણ તે ગતિ છે, કે જે અંદર રહેલી વસ્તુને બહાર મૂકી આપે છે. તે જગતને રચે છે. તે જ વસ્તુ દ્વિવિધ ગતિમાં છે, જેમ

તમે ઊંઘો છો અને પછી જાગો છો તેમ, અથવા જેમ તમે શાન્ત હો છો અને પછી ગતિ કરવા લાગો છો તેમ, જેમ તમે મૌન હો છો અને પછી અવાજ કરવા લાગો છો તેમ. તે એ પ્રકારની વાત છે. એક ગતિ અંદર હોય છે, જેમાં સર્વનો સમાવેશ થયેલો છે, અંદરની વસ્તુ અભિવ્યક્ત થયેલી હોતી નથી. અને બીજી ગતિ આવી હોય છે (વિસર્ગનો અભિનય), અને અંદરની સર્વ વસ્તુ બહાર પ્રગટ થાય છે.

તે દૃષ્ટિ-ગોચર બની શકે તેટલા માટે તેણે સતત ચાલુ રહેવું જોઈએ. જ્યારે તે અંદર હોય, ત્યારે તે સઘળું એકી-વખતનું હોઈ શકે, કારણ કે તે અનાવિર્ભૂત છે એટલે બધું શાશ્વતીમાં — દેશકાળની બહાર છે, સ્થિર છે, અસ્તિત્વથી રહિત છે. તેથી ઊલટી દિશામાં, સર્વ આવિર્ભાવ પામે છે; એટલે દર્શનોનું સાતત્ય ત્યાં છે, જે દર્શનો, એક પછી બીજું એમ,થતાં રહે છે, અને દેશમાં તથા કાળમાં પ્રસરતાં રહે છે.

અને તે તે જ વસ્તુ છે.

તે બરાબર આ પ્રમાણે હોય છે (બેવડા વળી જવાનો અભિનય), અને પછી તમે આ કરો છો (ખુલ્લા થવાનો અભિનય), એટલે જે ત્યાં હતું તે બહાર આવે છે. એટલે આ બે ગતિઓ અક્ષરશઃ વિરોધી છે પણ તે એક જ વસ્તુ બે વિરોધી વલણોમાં એકી-સાથે છે. તે આમ રહે છે (આંતર અભિનય) અને સાથે-સાથે આમ પણ છે (બાહ્ય અભિનય). એક વસ્તુ બીજાનો વિચ્છેદ કરતી નથી, પણ બંને વસ્તુઓ એકી-વખતે અસ્તિત્વમાં હોય છે. પણ એક દિશામાં તે અદૃષ્ટિ-ગોચર હોય છે, કારણ કે તે પોતામાં જ સમાવિષ્ટ હોય છે. બીજી ગતિમાં તેને બહાર ફેંકવામાં આવે છે, અને તેથી તે દૃષ્ટિ-ગોચર હોય છે. જ્યારે તે આત્મ-સમાવિષ્ટ હોય છે, ત્યારે તે પરિપૂર્ણ સાહચર્યમાં સહ-વિદ્યમાન છે; જ્યારે બીજી ગતિમાં તે સતત પ્રગટી-કરણમાં પોતાની જાતને પ્રગટ કરે છે. જ્યારે તે પોતાની જાતને પ્રગટ કરે છે, ત્યારે અનિવાર્ય રીતે જ દેશ-કાળનું સર્જન કરે છે, જ્યારે પેલી સ્થિતિમાં તે કાળથી, દેશથી, અને સર્વ શક્ય દર્શનથી પર હોય છે. પણ બે વિરોધી ગતિઓમાં એક જ વસ્તુ હોય છે.

હકીકતમાં તેમ જ છે.

જ્યારે તે આમ કરે છે (બાહ્ય અભિનય), ત્યારે તે આમ હોવાનું બંધ થઈ જતું નથી (આંતર અભિનય) અર્થાત્ જ્યારે તે આત્મ-સમાવિષ્ટ હોય છે, ત્યારે તે પોતાની જાતને પ્રગટ કરવાનું બંધ કરી દેતું નથી, અને જ્યારે તે પ્રગટ થાય છે ત્યારે આત્મ-સમાવિષ્ટ હોવાનું અટકી જતું નથી બીજા શબ્દોમાં કહીએ તો,

એ એક નિત્ય અને એકી-સાથેનું દ્વૈત છે. પણ તે બે વિરોધી બાજુઓમાં એક જ વસ્તુ છે.

તમને આ થોડું-ઘણું સમજાયું? ના?
હવે તમારે કાંઈ પૂછવાનું નથી?

મધુર માતાજી, મેં તમને પહેલાં પૂછ્યો હતો તે સવાલ હું પૂછું? કારણ કે હું તેમને બરાબર સમજી શક્યો નથી.

આહ, આપણે જોઈશું કે હું મારી જાતને વધારે સ્પષ્ટ બનાવી શકું છું કે કેમ.

હું હજી અંગત અને બિન-અંગત — એને સમજી શક્યો નથી. "અંગત અને બિન-અંગત દિવ્ય રહસ્યનાં આ બે મહાન તત્ત્વો અહીં એક-રૂપ બની જાય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ, ૧૧૬)

હા.

તમે વ્યક્તિગત — અંગત છો, નહિ વારુ? તમે એક વ્યક્તિ છો એમ તમને લાગે છે. અને હવા છે, તેને તમે અનુભવી શકતા નથી કે તે એક વ્યક્તિ છે; એટલે હવા બિન-અંગત છે, એક વ્યક્તિ નથી.

આ વાત તદ્દન બરાબર નથી. આ તો એક સમાનીકરણ છે, દૃષ્ટાંત છે. હવાને, પવનને, પાણીને વ્યક્તિત્વ હોય છે, પણ આ તો હું તમને સમજાવવા માટે કહી રહી છું તમે હવાને કોઈ નિશ્ચિત રૂપ આપી શકતા નથી; તે તમારા શરીરમાં અને બહાર સર્વત્ર છે; પણ તેને કોઈ ચોક્કસ રૂપ નથી હોતું. હવાને અમુક નિશ્ચિત રચના હોય છે. પણ આપણે રસાયન-શાસ્ત્રની વાત નથી કરતા, આપણે માત્ર દેખાવની — આભાસની વાત કરીએ છીએ. જ્યારે તમે હવા વિષે વિચાર કરો છો, ત્યારે તમને તે એક વ્યક્તિ નથી લાગતી.

પાણી વિષે હું તેટલી હદનું ન કહી શકું, કારણ કે પાણીને અમુક ખાસ લક્ષણો હોય છે. એક નદીનું પાણી બીજી નદીના પાણી જેવું નથી હોતું. વળી પાણી દૃષ્ટિ-ગોચર છે એટલે પાણીમાં કાંઈક વ્યક્તિત્વ છે.

પણ હવા અથવા વરાળ તમને વ્યક્તિ નથી લાગતી. જ્યારે શક્તિ અથવા ગુણ અમુક નિશ્ચિત શરીરમાં — તમારા અથવા બીજા કોઈના

શરીરમાં પ્રગટ થાય છે, ત્યારે તે અંગત બની જાય છે. પણ જ્યારે તે શક્તિ અથવા ગુણ સર્વત્ર હોય છે, એકી-વખતે સર્વત્ર હોય છે, કોઈ ખાસ લક્ષણો વગર હોય છે, અનિશ્ચિત રીતે અભિવ્યક્ત થયેલાં હોય છે, ત્યારે તે બિન-અંગત કહેવાય છે.

એટલે વ્યક્તિ — પરમાત્મા એ જેમને રૂપ આપવામાં આવ્યું છે તેવા પરમાત્મા છે. દા.ત. દરેકમાં રહેલા પરમાત્મા એ અંગત ભગવાન છે, કારણ કે તેમને દરેક માણસ સાથે અંગત સંબંધ હોય છે. તે ભગવાન તે માણસના જ પોતાના હોય છે.

પણ જેમને કોઈ રૂપ કે લક્ષણ હોતું નથી, કોઈ પ્રકારની નિશ્ચિત રૂપરેખા હોતી નથી, જેમની સાથે કોઈ માણસ અંગત સંબંધ રાખી ન શકે તેવા હોય છે તે, બિન-અંગત ભગવાન છે.

એટલે શ્રી અરવિંદ કહે છે કે એવી એક સ્થિતિ છે, જેમાં તે બંને એક હોય છે. છતાં તે એક જ વસ્તુ છે, તે એક જ વસ્તુની બે બાજુઓ જેવું છે. જો તમે ભગવાન પ્રત્યે અમુક પ્રકારનો અભિગમ કરો, તો જીવનમાં તમે બિન-અંગત રૂપમાં ભગવાનને મળો છો, અર્થાત્ તમે તેમની સાથે કોઈ અંગત સંબંધ રાખી શકતા હોતા નથી. પણ જો તમે બીજે પ્રકારે તેમની પ્રત્યે અભિગમ કરો, તો તમે તેમને વ્યક્તિ-રૂપે મળો છો, જે તમારા સ્વલ્પ વ્યક્તિત્વ કરતાં ખૂબ-ખૂબ મહાન હોય છે, પણ જેમની સાથે તમે અંગત સંબંધો રાખી શકો છો. પણ તે એ જ ભગવાન હોય છે — પછી ભલે તમે તેમને આ રીતે જુઓ કે પેલી બીજી રીતે.

*

વાર્તાલાપ —૧૬

૧૮ એપ્રિલ ૧૯૫૬

"એક બિંદુએ સાધક માત્ર અસ્તિત્વના સ્વામીથી સભાન બને, જે સાધકને મુક્ત અને દિવ્ય બનાવવા માટે, પોતાની જ્ઞાનની — શક્તિની — અને આનંદની શક્તિઓ સાધકમાં મૂકી આપે છે. તે શક્તિ સાધકને માત્ર બિન-અંગત શક્તિ લાગે, જે ઈશ્વરની આ વસ્તુઓને અથવા ગુણને અભિવ્યક્ત કરતી હોય. બીજે છેડે, સાધક વિશ્વ-માતાને મળી શકે, જે વિશ્વોની વિધાત્રી છે, જે પોતાના આત્મ-તત્ત્વમાંથી દેવોને, જગતોને સર્વ વસ્તુઓને અને અસ્તિત્વને બહાર પ્રગટ કરતી હોય છે. જો સાધક બન્ને બાજુઓ જુએ, તો તે અસમાન, વિભાજક દર્શન વડે બને, એક બાજુને બીજી બાજુથી ગૌણ બનાવે, શક્તિને ઈશ્વર-પ્રાપ્તિનું સાધન-માત્ર માને. પરિણામે, એક-પક્ષી વલણ આવી જાય છે, સમતુલાનો અભાવ પેદા થાય છે, કાર્ય-સાધક શક્તિને પરિપૂર્ણ આધાર પ્રાપ્ત થતો નથી, અથવા પ્રગટી-કરણનો પ્રકાશ પરિપૂર્ણ રીતે ક્રિયાશીલ હોતો નથી. જ્યારે દ્વૈતની આ બંને બાજુઓનું પરિપૂર્ણ મિલન થાય છે, અને સાધકની ચેતનાનું તે શાસન કરે છે, ત્યારે સાધક વધારે પરિપૂર્ણ શક્તિ પ્રત્યે ખુલ્લો બનવાની શરૂઆત કરે છે, જે શક્તિ તેને અહીંની પરસ્પર-વિરોધી શક્તિઓમાંથી અને વિચારોમાંથી બહાર ખેંચી કાઢીને ઉચ્ચતર સત્યમાં લઈ જાય છે, અને આ અજ્ઞાનમય જગત ઉપર પરમ સમ્રાટ તરીકે કાર્ય કરવા, તેને પ્રકાશિત કરવા, તેને મુક્ત કરવા, તે સત્યનું અવતરણ શક્ય બનાવે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૧૭)

હા, જો સાધક બંને બાજુઓ જુવે, અર્થાત્ અસ્તિત્વના સ્વામીને અને વિશ્વમાતાને, તો તે અસમાન દૃષ્ટિ વડે તે બંનેને જુએ, અર્થાત્ તે બંનેમાં ભેદ જુએ, એક કરતાં બીજાને વધારે મહત્ત્વ આપે. તેને પરિણામે એક-પક્ષી વલણ આવી જાય. તે માત્ર એક જ બાજુ જુએ, અથવા તે બે દર્શનોમાં સમતુલાનો અભાવ આવી જાય. પરિણામે કાર્યસાધક શક્તિને પરિપૂર્ણ આધાર ન મળે,

અર્થાત્ માતાના કાર્યને અસ્તિત્વના સ્વામીનો ટેકો ન સાંપડે, અથવા સ્વામીની ચેતનાના પ્રગટીકરણનો પ્રકાશ પરિપૂર્ણ રીતે ક્રિયાશીલ ન બને, અર્થાત્ તે સૃષ્ટિ-રૂપે પ્રગટ ન થાય.

કાં તો સર્જનાત્મક શક્તિને સાક્ષાત્કારનો — પ્રગટીકરણનો ટેકો સાંપડતો નથી, અથવા તો પ્રગટીકરણ સર્જનાત્મક શક્તિમાં અભિવ્યક્ત થતું નથી. શ્રી અરવિંદના કહેવાનો આ ભાવાર્થ છે. એકી-સાથે બંનેનો સ્વીકાર કરવાને બદલે, એકનો યા તો બીજાનો સ્વીકાર કરવાનું વલણ પેદા થાય છે. જો સાધક પોતાની ચેતનામાં તે બંનેનું વિભાગીકરણ ન કરે, તો તે એકી-સાથે બંનેનો સ્વીકાર કરી શકે છે.

શ્રી અરવિંદ કહે છે કે જ્યારે સાધક પોતાની ચેતનામાં તે બંનેનું વિભાગીકરણ ન કરવામાં સફળતા પ્રાપ્ત કરે છે, ત્યારે તે યજ્ઞના સ્વામીને પરિપૂર્ણ રીતે સમજી શકે છે. નહિ તો, એક યા તો બીજી બાજુએ ઢળી પડે છે, અને તેથી સ્વાભાવિક રીતે જ તેનું કાર્ય અપૂર્ણ હોય છે. આ વાત શ્રી અરવિંદ બહુ સ્પષ્ટ રીતે કહે છે, નહિ વારુ? જો સાધક માતા અથવા શક્તિ પર ભાર મૂકયા સિવાય સ્વામીની બાજુએ ઢળે છે, તો તે બિન-અંગતમાં, સૃષ્ટિની બહાર ચાલ્યો જાય છે, નિર્વાણમાં પાછો ચાલ્યો જાય છે. શ્રી અરવિંદ કહે છે કે કર્મયોગમાં પણ આ બિન-અંગત પ્રત્યે વલણ હોઈ શકે; તે બિન-અંગત શક્તિ, બિન-અંગત કર્મ હમેશાં મુક્તિ-પ્રદ બાજુ માનવામાં આવે છે, જે તમને વ્યક્તિની સંકુચિતતામાંથી મુક્ત કરે છે. તેથી આ અનુભૂતિના પ્રભાવશાળી બળથી આશ્ચર્ય પામવાની કશી જરૂર નથી. અત્યાર સુધી આને જ યોગ માનવામાં આવ્યો છે — અંગતનો ત્યાગ કરીને બિન અંગતની ચેતનામાં પ્રવેશ કરવો. શ્રી અરવિંદ તેને પ્રભાવશાળી અનુભૂતિ કહે છે, કારણ કે તે તમને અહંતાની સર્વ મર્યાદાઓમાંથી મુક્તિનો ખ્યાલ આપે છે. પાછળથી શ્રી અરવિંદ તે બંનેના — બંને બાજુઓના મિલનનું કથન કરે છે; અંગત બાજુ પર આગ્રહ અને દિવ્ય વ્યક્તિ સાથે એક-રૂપતા. પછી વિશ્વ ભ્રાન્તિ-રૂપ રહેતું નથી, થોડાક સમય પછી અદૃશ્ય બની જનાર અનિત્ય વસ્તુ રહેતું નથી, પણ તે સનાતન દિવ્ય પુરુષની સતત અને ક્રિયાશીલ અભિવ્યક્તિ બની જાય છે.

તે બીજી બાજુ છે.

જ્યારે એકી-સાથે તે બંને બાજુઓ યોગીમાં આવે છે, ત્યારે તે પરિપૂર્ણ બને છે. બીજું કાંઈ પૂછવું છે?

મધુર માતાજી, આ શું છે "વૈશ્વિક શક્તિનું સુંદર પુષ્પ," જેને વિષે શ્રી અરવિંદ અહીં કહે છેઃ "વૈશ્વિક શક્તિનું આ સુંદર પુષ્પ પોતામાં લક્ષ્યની આગાહીનું વહન કરે છે, અને વૈશ્વિક પરિશ્રમના ખાસ હેતુનું સૂચન કરે છે?"

આત્માને તે વૈશ્વિક શક્તિનું સુંદર પુષ્પ કહે છે.

(માતાજી વાંચે છે) "...તે વ્યક્તિત્વ, ચેતનાની પેઠે, જીવનની પેઠે, આત્માની પેઠે, બિન-અંગત સનાતનતામાં, એક ટૂંકા આયુષ્યવાળું કોઈ અજાણ્યું તત્ત્વ નથી, પણ તેમાં અસ્તિત્વના અર્થનો સમાવેશ થાય છે."

આ દિવ્ય પુરુષની હાજરી છે.

"આ વૈશ્વિક શક્તિનું સુંદર પુષ્પ પોતામાં વહન કરે છે..."

આ આત્મા છે.

"પોતામાં લક્ષ્યની આગાહીનું વહન કરે છે, અને વૈશ્વિક પરિશ્રમના ખાસ હેતુનું સૂચન કરે છે."

સચેતન અને જીવંત સનાતનનો સાક્ષાત્કાર. તે તે છે. તે લક્ષ્યનું સૂચન છે; અને પરિશ્રમનો ખાસ હેતુ છે.

પછી તરત જ શ્રી અરવિંદ લખે છે, "જેમ જેમ સાધકમાં ગૂઢ દર્શના ખૂલે છે, તેમ તેમ તે પીઠમાં રહેલાં જગતોથી સભાન બને છે, જેમાં ચેતના અને વ્યક્તિત્વ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને પ્રથમ, ખૂબ મહત્ત્વનું મૂલ્ય ધારણ કરે છે."

તમે તેમાં શું સમજવા માગો છો? આની વાત આપણે અનેક વાર કરી છે. તમે આને માટે શું જાણવા માગો છો? તમે એ જગતોનું વર્ણન માગો છો અથવા ત્યાં જવાનાં સાધનોનું વર્ણન માગો છો? બેમાંથી શું માગો છો?

ત્યાં જવાનાં સાધનો.

તમે તમારી જાતનું કેવી રીતે બાહ્યીકરણ કરવું એ જાણો છો?

પોતાની જાતનું બાહ્યીકરણ કરવું એટલે શું તે પણ તમે જાણો છો? તત્ત્વ-ચિંતનીય રીતે નહિ, અથવા માનસ-શાસ્ત્રીય રીતે નહિ, પણ ગૂઢ વિદ્યાની રીતે — મારા પ્રશ્નનો એ આશય છે. તમે તમારા બાહ્યીકરણથી સભાન છો, તમે મરજી મુજબ — સંકલ્પ અનુસાર તેમ કરી શકો છો? તમારા શરીરને છોડી દઈને, વધારે સૂક્ષ્મ શરીરમાં જીવવું; પછી તે શરીરને પણ છોડી દઈને બીજા વધારે સૂક્ષ્મ શરીરમાં જીવવું, અને તેમાં આગળ વધ્યે જ જવું — એ તમને આવડે છે? તમે કોઈ વખત એમ કર્યું છે ખરું? ના. તો પછી આપણે તે વિષે બીજા કોઈ દિવસે વાત કરીશું.

માતાજી, સ્વપ્નોમાં તેવું બને છે.

સ્વપ્નોમાં? સ્વપ્નોમાં તમે ક્યાં હો છો તે તમે જાણો છો?

થોડુંક.

થોડુંક? આ રસપ્રદ બનતું જાય છે! તમારાં સ્વપ્નોમાં તમે ક્યાં જાઓ છો?

ઘણીવાર પ્રદેશોમાં.

કયા પ્રદેશોમાં?

પ્રાણિક પ્રદેશોમાં.

ઓહ! ઓહ! તમે પ્રાણિક જગતમાં જાઓ છો. ત્યાં તમને ન ગમે તેવું કશું બનતું હોતું નથી?

ઘણી ખરી વાર.

આહ! અને તમે તેમાંથી બહાર કેવી રીતે આવો છો?

શરીરમાં હું પાછો ધસી આવું છું!

ત્યાં તમારા જ્ઞાનનો અંત આવે છે?

ના. કેટલીક વાર અવાજ આવે છે, અને પછી શરીરમાં પાછા ધસી આવવાની જરૂર રહેતી નથી. પણ તે લાંબો સમય ચાલતું નથી.

તે લાંબો સમય ચાલતું નથી. પણ તમે સંકલ્પ-પૂર્વક તેમાં જઈ શકો છો અને બહાર આવી શકો છો?

ના, સંકલ્પ અનુસાર નહિ.

પહેલાં તમે જ્યાં ઘણી વાર ગયા હો તે સ્થાને તમે પાછા આવી શકો છો?

ના, માતાજી.

તમે તે જ સ્થાન અનેક વાર પ્રાપ્ત કરી શકતા નથી?

સંકલ્પ-પૂર્વક નહિ.

આહ! પણ કેટલાંક બાળકોને આ કેમ કરવું તે આવડતું હોય છે; તેઓ પોતાનાં સ્વપ્નોને ચાલુ રાખે છે. દરેક રાતે, જ્યારે તેઓ સૂઈ જાય છે, ત્યારે તેઓ તે જ સ્થાને પાછાં જાય છે અને પોતાના સ્વપ્નને ચાલુ રાખે છે.

જ્યારે હું બાળક હતો, ત્યારે મને પણ તેમ કરવાની ટેવ હતી.

તમે હવે બાળક રહ્યા નથી. એ એક કરુણ ઘટના છે!

કારણ કે તે વખતે મારે બીજાં કામોમાં ગૂંથાયેલા રહેવું પડતું ન હતું.

ઠીક, ફરી એક વાર બાળક બની જાઓ. અને તમને ફરી તે કેમ કરવું તે આવડી જશે.

આના કરતાં વધારે રસપ્રદ બીજું કશું જ નથી. રાત્રિઓ ગાળવાનો તે સૌથી વધારે આનંદ-દાયક પ્રકાર છે. તમે એક વાર્તા શરૂ કરો છો, જ્યારે જાગવાનો સમય થાય, તયારે તમે છેલ્લા વાક્ય આગળ પૂર્ણ-વિરામ મૂકો છો અને તમારા શરીરમાં પાછા આવો છો. બીજી રાત તમે ફરી ત્યાંથી શરૂઆત કરો છો, તે જ પૃષ્ઠ ફરી ઉઘાડો છો, તમે બહાર હો તે બધો સમય તે વાર્તાને ચાલુ કરો છો; પછી તમે વસ્તુઓને બરાબર ગોઠવો છો; તે વાર્તા સુવ્યવસ્થિત હોવી જોઈએ, સુંદર હોવી જોઈએ. જ્યારે પાછા આવવાનો, જાગવાનો સમય થાય છે, ત્યારે તમે ફરી પૂર્ણ-વિરામ મૂકો છો અને તે વસ્તુઓને કહો છો કે હું પાછો આવું ત્યાં સુધી શાન્ત રહેજો! પછી તમે તમારા શરીરમાં પાછા આવો છો. તમે રોજ રાતે તે ચાલુ રાખો છો, અને જાગ્યા પછી તમે તે વસ્તુઓને યાદ રાખી શકો, તો પરી-કથાઓનું એક સુંદર પુસ્તક તમે લખી નાંખો છો.

પણ આમાં દિવસ દરમિયાન શાન્ત સ્થિતિમાં હોવાની જરૂર છે, નહિ વારુ?

ના, તેનો આધાર બાળકની સરળતા પર હોય છે, તે તે જે બને તેના પર વિશ્વાસ રાખવા પર હોય છે, મનની સમાલોચક વૃત્તિના અભાવ પર હોય છે, હૃદયની સરળતા પર હોય છે, યૌવનમય સક્રિય શક્તિ પર હોય છે, એક પ્રકારની આંતર પ્રાણિક ઉદારતા પર હોય છે; માણસે બહુ અહંતાપૂર્ણ ન હોવું જોઈએ, બહુ કંજૂસ ન હોવું જોઈએ, વધારે પડતા વ્યવહારુ ન હોવું જોઈએ, વધારે પડતા ઉપયોગિતાવાદી ન હોવું જોઈએ, જેમ બાળકમાં હોય છે તેમ એવી અનેક વસ્તુઓથી મુક્ત હોવું જોઈએ. પછી માણસમાં ચપળ કલ્પના-શક્તિ હોવી જોઈએ — હું તમને મૂર્ખાઈ-ભરેલી વસ્તુઓ કહેતી લાગું, પણ તે તદ્દન સાચી છે. એક એવું જગત છે, જેમાં તમે રૂપોના પરમ વિધાતા-નિર્માણકાર છો; તે તમારું પોતાનું ખાસ પ્રાણિક જગત છે, ત્યાં તમે પરમ નિર્માતા છો; અને જો તમને તેનો ઉપયોગ કરતાં આવડે, તો તમે અદ્‌ભુત કૃતિ સર્જી શકો. જો તમારામાં કલાકારની અથવા કવિની ચેતના હોય, જો તમે સંવાદિતાને — સૌન્દર્યને ચાહતા હો, તો તમે કોઈક અદ્‌ભુત ઇમારતનું ચણતર ત્યાં કરી શકશો, જે ભૌતિક આવિર્ભાવમાં પ્રગટ થવાનું વલણ અખત્યાર કરશે.

જ્યારે હું નાની હતી, ત્યારે આને હું "પોતાની જાતને વાર્તાઓ કહેવાનું" કહેતી. તે કથન પોતાના મસ્તિષ્કમાં રહેલા શબ્દો વડે કરવાનું હોતું નથી. એ તો આ તાજા અને વિશુદ્ધ સ્થાનમાં ચાલ્યા જવાની, અને ત્યાં એક અદ્‌ભુત વાર્તાનું નિર્માણ કરવાની વાત છે. જો તમારી જાતને આ રીતે વાર્તા કહેતાં તમને આવડે, અને જો તે વાર્તા સાચી રીતે સુંદર, સંવાદમય, શક્તિશાળી, અને સુ-સમન્વિત હોય, તો તે વાર્તા તમારા જીવનમાં સિદ્ધ થાય — કદાચ તમે સર્જન કર્યું હતું તે રૂપમાં પરિપૂર્ણ રીતે નહિ, પણ તમે જે નિર્માણ કર્યું હતું તેની ઓછી-વત્તા પરિવર્તન પામેલી, શારીરિક અભિવ્યક્તિ તરીકે.

કદાચ તેમાં અનેક વર્ષો વીતી જાય, પણ તમારી વાર્તા, ત્યાં તમારા જીવનને સંગઠિત કરવાનું વલણ હશે.

પણ ઘણા થોડા લોકોને સુંદર વાર્તા કહેતાં આવડતું હોય છે. તેઓ હમેશાં તેમાં ભયાનક વસ્તુઓનું મિશ્રણ કરી દેતા હોય છે, જેને કારણે પાછળથી તેઓ પસ્તાતા હોય છે.

જો કોઈ માણસ એક ભવ્ય વાર્તાનું સર્જન કરે, જેમાં કોઈ ભયાનક વસ્તુ ન હોય, જેમાં માત્ર સૌન્દર્ય જ નીતરતું હોય, તો તેનો ઘણો મોટો પ્રભાવ દરેક જણના જીવન પર પડે. લોકોને તે જ કરતાં આવડતું હોતું નથી.

જો માણસને પ્રાણિક રૂપોના જગતની આ સર્જનાત્મક શક્તિનો ઉપયોગ કરતાં આવડે, પોતે નાનો બાળક હોય ત્યારથી જો તેને તે શક્તિનો ઉપયોગ કરતાં આવડે — કારણ કે બાલ્યાવસ્થામાં જ માણસ પોતાના ભૌતિક ભાવિનું નિર્માણ કરતો હોય છે, તો બહુ સુંદર પરિણામ આવે. પણ મોટે ભાગે તમારી આસપાસના લોકો, કેટલીક વાર તમારા પોતાના નાનકડા મિત્રો પણ, ઘણું કરીને તો માતા-પિતા અને શિક્ષકો જ તેમાં માથું મારતા હોય છે, અને તમારી સઘળી વસ્તુઓને બગાડી મૂકતા હોય છે; અને પરિણામે તે વસ્તુ ભાગ્યે જ પરિપૂર્ણ રીતે સફળ બનતી હોય છે.

પણ જો તે બાળકની નિર્દોષતા-પૂર્વક કરવામાં આવે, તો તમે તમારે પોતાને માટે એક અદ્‌ભુત જીવન સંગઠિત કરી શકો — હું શારીરિક જગતની વાત કરી રહી છું.

બાલ્યાવસ્થાનાં સ્વપ્નો એ પ્રૌઢાવસ્થાની વાસ્તવિકતાઓ છે.

*

વાર્તાલાપ —૧૭

૨૫ એપ્રિલ ૧૯૫૬

"ભગવાનના મર્યાદિત, માનવ ખ્યાલથી પર તે (સાધક) એક દિવ્ય સનાતનમાં ચાલ્યો જશે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૨૧)

માણસ જેને ભગવાન કહે છે તે ભગવાનની મર્યાદિત ચેતના છે, ભગવાનની પરિપૂર્ણ ચેતના નહિ; એટલે તે (સાધક) ભગવાનની આ મર્યાદિત ચેતનામાંથી સાચા, દિવ્ય ભગવાન પ્રત્યે જશે.

શ્રી અરવિંદ એમ કહેવા માગે છે કે માણસનું ભગવાન વિષેનું જ્ઞાન મર્યાદિત હોય છે, તેમના વિષેનાં ચેતના — દર્શન — અને અનુભૂતિ મર્યાદિત હોય છે, ભગવાનની તે પરિપૂર્ણ અનુભૂતિ, નથી હોતી; એટલે તેણે આ જ્ઞાન અને દર્શનમાંથી વધારે વિશાળ અને વધારે સાચા દર્શનમાં ચાલ્યા જવું જોઈએ.

મધુર માતાજી, પાર્થિવ અસ્તિત્વને પ્રમાણિત કરનારો હેતુ...

હા, પાર્થિવ અસ્તિત્વને પ્રમાણિત કરનારો હેતુ એ છે કે ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે મનુષ્ય પૃથ્વી પર આવેલો છે.

તે હેતુ સિવાય, પાર્થિવ જીવન એક ભીષણ વસ્તુ બની જાય.

(મૌન)

ભગવાનને ફરી શોધી કાઢવાનો, ભગવાન-રૂપ બનવાનો, તેમનો આવિર્ભાવ કરવાનો, બાહ્ય રીતે તેમનો સાક્ષાત્કાર કરવાનો હેતુ જો ન હોય, તો અત્યારે છે તેવું પાર્થિવ જીવન રાક્ષસી બની જાય.

સ્વાભાવિક રીતે જ, માણસો જેમ વધારે અચેતન હોય છે, તેમ તેમ તેઓ આ વસ્તુને ઓછી ને ઓછી સમજતા હોય છે, કારણ કે તેઓ વિષયીકરણ કરતા નથી, ટેવ અનુસાર યાંત્રિક રીતે જીવતા હોય છે, પોતાના જીવવાના પ્રકારથી પણ સભાન હોતા નથી, તેનું પણ વિષયીકરણ કરતા હોતા નથી. જેમ જેમ ચેતના વૃદ્ધિ પામતી જાય છે, તેમ તેમ જીવન કેવું રાક્ષસી નરક સમાન છે

તેનો તેમને ખ્યાલ આવતો જાય છે — અત્યારે જીવન જેવું છે તે.

જ્યારે તેઓ સાધનામય જીવન જેના પ્રત્યે દોરી જાય છે તેનાથી તેઓ સભાન બને છે, ત્યારે જ તેઓ તેને સ્વીકારે છે અને સમજે છે. જીવનનો આ ઉદ્દેશ જ તેને સ્વીકાર્ય બનાવે છે.

તે સિવાય, જીવન સાચે જ એક ભય-જનક ભીષણતા બની જાય છે.

મધુર માતાજી, 'દિવ્ય સુખ' એટલે શું?[૧]

તે ભગવાનનું સુખ છે.

કેવી રીતે?

હે બાળક, તું મારી પાસે શું કહેવરાવવા માગે છે? તારે તે જીવવું જોઈએ, અને પછી જ તે શું છે તેની તને ખબર પડશે.

સંસ્કૃતમાં તેને આનંદ કહે છે. આપણે અનેક વાર કહ્યું છે કે આ આનંદને જાણવા માટે માણસે પ્રથમ સર્વ સાંસારિક સુખોનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે જ્યાં સુધી માનવી સુખ તમને આનંદ આપે છે, ત્યાં સુધી તમે એ આનંદને જાણવા માટે યોગ્ય સ્થિતિમાં નથી.

તે તમારી પાસે આવે, અને છતાં તમે તેનાથી સભાન પણ ન બનો.

"એક આધ્યાત્મિક સત્યે અને સાચી વસ્તુએ આ અપૂર્ણ અથવા અસત્ય જગતનાં શુભ-અશુભને સજા ફટકારી છે, અને પરમ શુભને પ્રગટ કર્યું છે... પણ આ સર્વ વસ્તુઓની પીઠમાં અને તેમનામાં, સાધકને એક દિવ્યતાનો અનુભવ થયો હોય છે, જે આ સર્વ વસ્તુઓ છે, પ્રકાશને લાવનાર છે, માર્ગદર્શક છે, સર્વજ્ઞ છે. શક્તિનો સ્વામી છે, આનંદનો પ્રદાતા છે, મિત્ર છે, મદદગાર છે, પિતા છે, માતા છે, જગત-લીલાની ક્રીડામાં સહ-ક્રીડા કરનાર છે, સાધકના અસ્તિત્વનો કેવળ સ્વામી છે, તેના આત્માનો પ્રિયતમ અને પ્રેમી છે."

(એજન, પૃષ્ઠ ૧૨૦)

---

૧. "એક આનંદે સાધક પર આક્રમણ કર્યું હોય છે, અને તેને બતાવ્યું હોય છે કે તે દુઃખને અને શોકને અશક્ય બનાવી શકે છે. અને ખુદ દુઃખને દિવ્ય સુખમાં પરિવર્તિત કરી શકે છે. (એજન, પૃષ્ઠ ૧૨૦)

ભગવાન કોઈ પણ માણસ માટે આ બધી વસ્તુઓ એકી સાથે બની શકે?

હા, અને તેથી પણ વધારે.

આ તો બહુ ટૂંકું વર્ણન છે!

પણ અહીં પણ, જો માણસ આ અનુભૂતિને પ્રાપ્ત કરવા માગતો હોય, તો તેણે આ સંબંધો માટે જીવનમાં અને મનુષ્યોમાં શોધ ન કરવી જોઈએ, કારણ કે જો માણસ સામાન્ય જીવનમાં, સામાન્ય સંબંધોની પેઠે, તે સંબંધોની શોધ કરે, તો ભગવાન જેમ તે સંબંધો આપી શકે છે, બરાબર તે જ રીતે તેમને અનુભવવા માણસ અસમર્થ બની જતો હોય છે. મોટે ભાગે, જીવંત આત્માવાળા માણસો પણ માનવ-સંબંધોની શોધમાં ખૂબ કડવા અને નિરાશા-જનક અનુભવો પછી જ, ભગવાન સાથે આ સંબંધો શોધતા હોય છે.

આમાં ઘણા સમયનો અને શક્તિનો બગાડ થાય છે. જ્યારે દિવ્ય હાજરી સાથે, સર્વ તેજો સહિત, આ સંબંધો રાખવા માટે સમર્થ સ્થિતિને તેઓ પહોંચે છે, ત્યારે મોટે ભાગે તેઓ તદ્દન ક્ષીણ અને ઘસાઈ ગયેલા હોય છે.

તેનો અર્થ એ થયો કે ઘણા સમયનો તથા શક્તિનો બગાડ થઈ ચૂક્યો છે. પણ બહુ થોડા લોકો આ ગોળ-ગોળ માર્ગોનો ત્યાગ કરીને, સીધા ભગવાન પ્રત્યે જઈ શકતા હોય છે. મોટે ભાગે, જ્યારે તેમને કહેવામાં આવે છે કે દિવ્ય આનંદ અને દિવ્ય પ્રાચુર્ય છે, જે સામાન્ય જીવનમાં કલ્પી શકાય તેવાં સર્વ સુખો કરતાં ખૂબ-ખૂબ અધિક હોય છે, ત્યારે તેઓ તે વાત માનતા હોતા નથી. તે માનવા માટે, મેં કહ્યું તેમ, તેમણે અસત્યના, છેતરામણા, નિરાશા-જનક, સામાન્ય સંબંધોનો દુઃખદાયક અનુભવ કરેલો હોવો જોઈએ.

એમ કહેવાયું છે કે દૃષ્ટાંત એ શ્રેષ્ઠ શિક્ષક છે. પણ હકીકતમાં બહુ થોડા લોકો દૃષ્ટાંતને અનુસરવાની દરકાર રાખતા હોય છે — ખાસ કરીને જ્યારે દૃષ્ટાંતો તેમનાથી જરાક વધારે પર હોય છે ત્યારે. તે બધા તેમનો પોતાનો અનુભવ માગતા હોય છે; તેમને તેનો હક્ક છે, પણ તેથી માર્ગ જેનો અંત ન આવે તેવો, ખૂબ લાંબો બની જાય છે.

મધુર માતાજી, જો સાધકને માતૃ-પ્રેમ જેવી કોઈક વસ્તુની, મદદ માટેની જરૂર હોય, તો પોતાની જરૂરિયાત અનુસાર, તે ભગવાનમાં તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

તમે નિશ્ચિતપણે શું કહેવા માગો છો?

દા.ત. કોઈક માણસ કશું જાણવા માગતો હોય, દર્શન માગતો હોય, અથવા બીજુ કાંઈક માગતો હોય, તો, પોતાની જરૂરિયાત અનુસાર, ભગવાન પાસેથી તે કેવી રીતે મેળવી શકે?

ભગવાન પાસે તેની માગણી કરવાથી. જો તમે ભગવાન પાસે માગણી ન કરો, તો તે વસ્તુ તમને કેવી રીતે મળે?

જો તમે ભગવાન પ્રત્યે વળો, તેમનામાં પૂરો વિશ્વાસ રાખો, અને માગણી કરો, તો તમારે જોઈતી વસ્તુ તમને મળશે-તમે જે જરૂરિયાતની કલ્પના કરો છો તેવી જ તે ન પણ હોય; પણ તમને જે વસ્તુની સાચી જરૂર છે, તે તમને મળશે. પણ તમારે તે વસ્તુની ભગવાન પાસે માગણી કરવી જોઈએ.

તમારે તે પ્રયોગ દિલની સચ્ચાઈ-પૂર્વક કરવો જોઈએ. તમારે અનેક પ્રકારના બાહ્ય ઉપાયો વડે તે વસ્તુ મેળવવાનો પ્રયાસ ન કરવો જોઈએ, અને ભગવાન પાસે માગણી કર્યા સિવાય, ભગવાન તે આપશે એવી અપેક્ષા ન રાખવી જોઈએ. સાચે જ, જ્યારે તમને કોઈક માણસ અમુક વસ્તુ આપે એવી તમે ઇચ્છા રાખતા હો છો, ત્યારે તમે તેની પાસે તે વસ્તુની માગણી કરો છો, નહિ વારુ? તો પછી તમે માગણી ન કરો, અને છતાં ભગવાન તમને તે વસ્તુ આપશે એવી આશા તમે શા માટે રાખો છો?

સામાન્ય ચેતનામાં, ગતિ બિલકુલ વિરુદ્ધ પ્રકારની હોય છે. તમે માની લો છો અને કહેતા હો છો "કે મારે આ વસ્તુની જરૂર છે, મારે આ સંબંધની જરૂર છે, મારે આ પ્રેમની જરૂર છે, મારે આ જ્ઞાનની જરૂર છે વગેરે. ભગવાને તે મને આપવું જોઈએ; નહિ તો તે ભગવાન નથી." અર્થાત્ તમે પ્રશ્નને તદ્દન ઉલટાવી નાખતા હો છો.

પ્રથમ તો તમે કહો છો કે મારે જરૂર છે. તમે જાણતા હો છો કે તે તમારી સાચી જરૂરિયાત છે, કે પછી તે માત્ર તમારી મનની છાપ જ છે, અથવા કામના છે; અથવા તદ્દન અજ્ઞાનમય ગતિ છે? આ પ્રથમ મુદ્દો. તે વિષે તમે કાંઈ જ જાણતા હોતા નથી.

બીજો મુદ્દો : તમે તમારા જ સંકલ્પને ભગવાન પર ઠોકી બેસાડવા માગતા હો છો, તમે ભગવાનને કહો છો કે મારે આની જરૂર છે. પણ તમે તેમની પાસે તે વસ્તુની માગણી કરતા હોતા નથી કે તમે મને આ વસ્તુ આપો. તમે તો માત્ર

એટલું જ કહો છો કે "મારે આની જરૂર છે, મારે તેની જરૂર છે, એટલે તે મને મળવી જોઈએ — આપોઆપ, સ્વાભાવિક રીતે જ. મારે જરૂરની બધી વસ્તુઓ મને આપવી તે ભગવાનનું કામ છે."

પણ જો સાચી રીતે તમે ન જાણતા હો કે તમારે શેની જરૂર છે, અને જો તે એક ભ્રમણા-માત્ર હોય, સત્ય ન હોય, અને વળી જો તમે તે જરૂરિયાત વિષે જીવન પાસેથી માગણી કરતા હો — ભગવાન પાસેથી નહિ, ભગવાન અને તમારી વચ્ચે કોઈ સંબંધ ન સ્થાપતા હો, જો તમારા વલણમાં થોડી-ઘણી દિલની સચ્ચાઈ સાથે તમે ભગવાન પ્રત્યે ન વળતા હો, તો તમે ભગવાન પાસેથી કશી માગણી કરતા હોતા નથી, અને એટલે ભગવાન તમને કોઈ પણ વસ્તુ આપે તે માટે કોઈ કારણ નથી.

પણ તમારા કરતાં ભગવાન વધારે જાણે છે કે તમારે શેની જરૂર છે, કારણ કે તે ભગવાન છે, અને જો તમે તેમની પાસે માગણી કરો, તો તમારે જરૂરની વસ્તુ તે આપશે.

પણ જો તમે આગ્રહ રાખો અને તમારા સંકલ્પને ભગવાન પર ઠોકી બેસાડો, તો તમે જે માગો છો તે ભગવાન તમને આપે, જેથી તમને પ્રકાશ મળે અને તમને તમારી ભૂલ સમજાય કે તે વસ્તુની તમને સાચી જરૂર ન હતી. પછી તમે ફરિયાદ કરવાની શરૂઆત કરો છો — હું તમારી અંગત વાત નથી કરતી; હું તો બધા માનવોની વાત કરી રહી છું — અને તમે કહો છો કે મને નુકસાન થાય તેવી વસ્તુ ભગવાને મને શા માટે આપી? પણ તમે તદ્દન ભૂલી જતા હો છો કે તમે જ તેની માગણી કરી હતી!

એ બંને રીતે તમે આગળ વધતા હો છો જો તે તમારી માગેલી વસ્તુ તમને આપે અને તે તમારું ઇષ્ટ કરવા કરતાં વધારે અનિષ્ટ કરે, તો તમે વિરોધ કરો છો. જો ભગવાન તમારી માગેલી વસ્તુ તમને ન આપે, તો પણ તમે વિરોધ કરો છો કે જુઓ તો ખરા! મારે શેની જરૂર છે તે મેં ભગવાનને કહ્યું હતું, અને છતાં મને તેમણે તે વસ્તુ ન આપી.

બંને બાબતોમાં તમે વિરોધ કરતા હો છો અને બિચારા ભગવાન પર આક્ષેપ મૂકતા હો છો.

જો તેમ કરવાને બદલે, તમે તમારામાં માત્ર અભીપ્સા રાખો, આવેગ રાખો, ભગવાનને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા રાખો, જેને તમે વત્તી-ઓછી સ્પષ્ટતાપૂર્વક તમારા અસ્તિત્વનું સત્ય માનતા હો છો, સર્વ ભૂતોનું ઉદ્‌ગમસ્થાન, પરમ કલ્યાણમય, આપણી સર્વ કામનાઓના પ્રત્યુત્તર-રૂપ, સર્વ સમસ્યાઓના

ઉકેલ-રૂપ માનતા હો છો, જો તમારામાં આની ઉત્કટ જરૂરિયાત હોય, અને તેનો સાક્ષાત્કાર કરવાની તમે અભીપ્સા સેવો, તો પછી તમે ભગવાનને નહિ કહો — મને આ આપો, પેલું આપો; આની મારે જરૂર છે, મને તે મળવી જોઈએ. તમે ભગવાનને કહેશો કે "મારે માટે જે જરૂરનું હોય તે કરો, મારા અસ્તિત્વના સત્ય પ્રત્યે મને દોરી જાઓ. તમારા પરમ જ્ઞાનમાં તમને એમ જણાય કે આ વસ્તુની મારે જરૂર છે, તે મને આપો."

પછી તમને ખાતરી થઈ જશે કે હું કોઈ ભૂલ કરી રહ્યો નથી; તે તમને કોઈ અનિષ્ટ વસ્તુ નહિ આપે.

તેના કરતાં પણ એક વધારે ઊંચું પગલું છે. પણ તેનાથી શરૂઆત કરવી એ જરાક વધારે કઠિન છે.

પણ ભગવાનને કહેવું કે મને આની જરૂર છે, તે વસ્તુ મને આપો — તેના કરતાં પહેલો અભિગમ વધારે સાચો છે, કારણ કે બહુ થોડા લોકો પોતાને શેની સાચી જરૂર છે તે જાણતા હોય છે. તેની સાબિતી આ છે કે તેઓ હમેશાં પોતાની કામનાઓને પૂર્ણ કરવા પાછળ દોડતા હોય છે, તે માટે જ સર્વ પ્રયાસો કરતા હોય છે; જ્યારે જ્યારે તેમની એક કામના પૂર્ણ થાય છે, ત્યારે ત્યારે તેઓ નિરાશ બનતા હોય છે, અને પછી તેઓ બીજી કામના પાછળ દોટ મૂકતા હોય છે.

ખૂબ ખોજ કર્યા પછી, ઘણી ભૂલો કર્યા પછી, ઘણાં દુઃખો ભોગવ્યા પછી, ખૂબ નિરાશ બન્યા પછી, કેટલીક વાર માણસ ડાહ્યો બનવાની શરૂઆત કરતો હોય છે, અને પોતાના અજ્ઞાનમાંથી બહાર આવવા પ્રયત્ન કરવાની શરૂઆત કરતો હોય છે.

તે જે ક્ષણે તે આમ કરતો હોય છે (માતાજી પોતાના હાથ લાંબા કરે છે) કે હું આ રહ્યો, મારો સ્વીકાર કરો અને સાચે માર્ગે દોરી જાઓ.

પછી બધું ઠીકઠાક થવા લાગે છે.

*

વાર્તાલાપ —૧૮

૨ મે ૧૯૫૬

શ્રી અરવિંદ કહે છે કે ભગવાન સાથેના મિલનનાં ત્રણ રૂપો હોય છે. પ્રથમ અજ્ઞાનમાંથી મુક્તિ, વાસ્તવિક અને સનાતન સાથે તાદાત્મ્ય...

આ જ્ઞાન-યોગ છે.

પછી ભગવાન સાથે અથવા ભગવાનમાં આત્માનો નિવાસ ....

તે ભક્તિ-યોગનું લક્ષ્ય છે.

પછી પ્રકૃતિ સાથે તાદાત્મ્ય, ભગવાન સાથે સમાનતા —"ભગવાન જેમ પરિપૂર્ણ છે તેમ પરિપૂર્ણ બનવું તે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૨૨)

અર્થાત્ માત્ર ઊંડાણોમાં જ મિલન નથી હોતું, પણ બાહ્ય રીતે, પ્રવૃત્તિઓમાં પણ મિલન હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્ઞાનયોગ, ભક્તિયોગ, અને કર્મયોગ. શ્રી અરવિંદ ભગવાન પ્રત્યે આ ત્રણ અભિગમોનું કથન કરે છે.

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદ "આત્માની જન્મ-ભૂમિનું," તેના પોતાના જગતનું કથન કરે છે. આત્માની જન્મ-ભૂમિ કયી છે?

દિવ્ય તત્ત્વ.

(મૌન)

બસ; હવે કોઈ પ્રશ્ન પૂછવાનો છે?

મધુર માતાજી, આપે કહ્યું છે કે અતિ-માનસનો આવિર્ભાવ પૃથ્વી પર થઈ ચૂક્યો છે. તેનો નિશ્ચિત અર્થ શો છે? આપે એમ પણ કહ્યું છે કે જેમને

વિષે વચન આપવામાં આવ્યું હતું તે વસ્તુઓ સિદ્ધ થઈ છે. આ વસ્તુઓ કયી છે?[૧]

ઓહ. તે સાચે જ અજ્ઞાન છે! આનું વચન ઘણા-ઘણા સમય પહેલાં આપવામાં આવ્યું હતું — માત્ર અહીં જ નહિ, પૃથ્વીના પ્રારંભથી. અનેક પ્રકારના પયગંબરોએ અનેક પ્રકારની આગાહીઓ કરી છે. એમ કહેવામાં આવ્યું છે કે એક નવીન સ્વર્ગ, એક નવીન પૃથ્વી, એક નવીન જાતિ અસ્તિત્વમાં આવશે; જગતનું રૂપાંતર થશે... બધી જ પરંપરાઓમાં પયગંબરોએ આને વિષે કથન કર્યું છે.

આપે કહ્યું છે કે અપાયેલાં વચનો પરિપૂર્ણ થયાં છે.

હા, એટલે?

નવીન જાતિ ક્યાં છે?

નવીન જાતિ? થોડાંક હજાર વર્ષો સુધી રાહ જુઓ, અને તમે તે નવીન જાતિને જોઈ શકશો!

જ્યારે મનનું પૃથ્વી પર અવતરણ થયું, પૃથ્વીના વાતાવરણમાં મનનો આવિર્ભાવ થયો તે સમય અને પ્રથમ માનવનો ઉદય થયો તે સમયની વચ્ચે લગભગ દશ લાખ વર્ષોનો ગાળો હતો. હવે તે વધારે ઝડપથી બનશે, કારણ કે માનવ તેની અપેક્ષા રાખે છે. તેનામાં તે વિષે એક અનિશ્ચિત વિચાર છે; અમુક અર્થમાં માનવી અતિ-માનવના આગમનની અપેક્ષા રાખે છે, જ્યારે વાનરો ચોક્કસ માનવના જન્મની અપેક્ષા રાખતા ન હતા, તેમને તે બાબત વિચાર જ

૧. ૨૯ મી ફેબ્રુઆરીના અતિ-માનસિક આવિર્ભાવની જાહેરાત શ્રી માતાજીએ બે સંદેશાઓમાં કરી હતી,જે ૧૯૫૬ના એપ્રિલના બુલેટિનમાં પ્રસિદ્ધ થઈ ગયા છે;

"હે પ્રભુ, તમે સંકલ્પ કર્યો છે, અને હું તેને કાર્યાન્વિત કરું છું. પૃથ્વી પર નવીન પ્રકાશ પ્રગટે છે, નવીન જગત જન્મે છે, જે વસ્તુઓ વિષે વચન આપવામાં આવ્યું હતું તે સિદ્ધ થઈ છે."

"પૃથ્વી પર અતિ-માનસિકનો આવિર્ભાવ હવે એક આગાહી રહ્યો નથી, પણ જીવંત હકીકત, વાસ્તવિકતા બની ગયો છે. અહીં કાર્ય કરી રહ્યો છે, અને એક દિવસ આવશે, જ્યારે ખૂબ-ખૂબ અંધ; અચેતન, બિલકુલ અનિચ્છુક માણસોને પણ તેનો સ્વીકાર કરવાની ફરજ પડશે."

આવ્યો ન હતો, કારણ કે વાનરો ઝાઝો વિચાર કરી શકતા નથી. પણ માણસને તેનો વિચાર છે, તે તેની રાહ જોઈ રહ્યો છે, એટલે તે વધારે ઝડપથી આવશે. પણ હજી તેને હજારો વર્ષની વાર લાગશે. થોડાંક હજારો વર્ષો પછી આપણે તેને વિષે વાત કરીશું!

(મૌન)

જે લોકો અંદર તૈયાર છે, જેઓ ખુલ્લા છે, ઉચ્ચતર શક્તિઓ સાથે સંપર્કમાં છે, જેમને અતિ-માનસિક પ્રકાશ અને ચેતના સાથે થોડો-ઘણો સીધો સંપર્ક પ્રાપ્ત થયો છે, તેમને પૃથ્વીના વાયુ-મંડળમાં તફાવત દેખાય છે.

પણ તેને માટે... સમાન વસ્તુ જ સમાન વસ્તુને જાણી શકે, માત્ર વ્યક્તિમાં રહેલી અતિ-માનસિક ચેતના જ પૃથ્વીના વાયુ-મંડળમાં કાર્ય કરી રહેલા અતિ-મનસને જોઈ શકે. એક યા તો બીજે કારણે, જેમણે આ દર્શના વિકસાવી છે, તેઓ તેને જોઈ શકે છે. પણ જે લોકો આંતર અસ્તિત્વથી સભાન પણ નથી, પોતાનો આત્મા કેવો છે તે જરા પણ જાણતા હોતા નથી, તે લોકો પૃથ્વીના વાયુ-મંડળમાં આવેલા ફેરકારને જોવા હજી તૈયાર નથી. તે માટે હજી તેમને ઘણી પ્રગતિ કરવી પડશે. કારણ કે, જે લોકોની ચેતના વત્તા-ઓછા પ્રમાણમાં માત્ર બાહ્ય અસ્તિત્વમાં જ — માનસિક, પ્રાણિક, અને શારીરિક અસ્તિત્વમાં જ કેન્દ્રિત છે, તે લોકો જોઈ શકે તેટલા માટે વસ્તુઓને અસંભવિત અને અનપેક્ષિત માર્ગ અપનાવવો પડતો હોય છે. ત્યારે તે લોકો તે વસ્તુઓને ચમત્કારો કહેતા હોય છે.

પણ શક્તિઓ વચ્ચે પડીને સંયોગોમાં અને ચરિત્રોમાં પરિવર્તન કરતી હોય છે અને મહાન પરિણામો નીપજાવતી હોય છે, તેમના સતત બનતા ચમત્કારને લોકો ચમત્કાર કહેતા હોતા નથી, કારણ કે માત્ર આભાસ જ નજરે પડતો હોય છે, અને તેને લોકો તદ્દન સ્વાભાવિક માનતા હોય છે. પણ સાચી રીતે કહીએ તો, જો તમે બનતી નાનામાં નાની વસ્તુ પર ગંભીરતા-પૂર્વક વિચાર કરો, તો તમારે કબૂલ કરવું પડે કે તે ચમત્કારિક ઘટના છે.

તમે વસ્તુઓ પર ઊંડો વિચાર કરતા હોતા નથી, એટલે તમે તે જેવી હોય છે, જેને માટે હોય છે તેવી જ પ્રશ્ન કર્યા સિવાય, સ્વીકારી લેતા હો છો. નહિ તો, રોજ રોજ એવા અસંખ્ય પ્રસંગો બનતા હોય છે, જેથી તમારે કહેવું પડે કે ખરેખર, આ તો બહુ જ આશ્ચર્ય-જનક છે! તે કેવી રીતે બન્યું હશે?

તદ્દન સાદી રીતે કહીએ તો, માણસને તદ્દન ઉપરછલ્લી રીતે જોવાની ટેવ પડી ગઈ હોય છે.

મધુર માતાજી, આ નવીન ચેતના પ્રત્યે આપણું વલણ કેવા પ્રકારનું હોવું જોઈએ?

તેનો આધાર તમે તેના વડે શું કરવા માગો છો તેના પર છે.

જો તમે તેના પ્રત્યે કુતૂહલ-વૃત્તિથી જોવા માગતા હો, તો તમારે માત્ર તેનું નિરીક્ષણ કરવાનું અને તેને સમજવાનો પ્રયત્ન કરવાનું રહે છે.

જો તે તમારામાં પરિવર્તન લાવે એમ તમે માગતા હો, તો તમારે તે નવીન ચેતના પ્રત્યે ખુલ્લા બનવાનું અને પ્રગતિ કરવાનું રહે છે.

આ નવીન આવિર્ભાવથી લોકોને સામૂહિક રીતે લાભ થશે કે વ્યક્તિગત રીતે?

તમે ઓ પ્રશ્ન શા માટે પૂછો છો?

કારણ કે અહીં આવેલા ઘણા લોકો પૂછે છે કે અમને તે નવીન ચેતનાથી કેવી રીતે લાભ મળવાનો છે?

ઓહ!

તેમણે શા માટે તેમાંથી લાભ મેળવવો જોઈએ? લાભ મેળવવા માટેનો તેમને શો હક્ક છે? તેઓ ટ્રેઈનમાં બેસીને અહીં આવ્યા છે તેટલા માટે?

ઘણા ઘણા વખત પહેલાં અહીં કેટલાક લોકો આવ્યા હતા — ૨૦ વર્ષ પહેલાં. ત્યારે પ્રથમ વાર આશ્રમમાં એક માણસ મરી ગયો. તેમણે ખૂબ અસંતોષ પ્રગટ કર્યો કે આ યોગ મને અમર બનાવી દેશે એવા વિચારથી હું અહીં આવ્યો હતો; પણ જો અહીં લોકો મરી જઈ શકતા હોય, તો પછી મારે અહીં આવવાની જરૂર જ શી હતી?

ઘણી વાર એમ જ બનતું હોય છે. આ વખતે[1], દર વખતના કરતાં આશરે દોઢ-સો વધારે માણસો અહીં આવ્યા હતા. તેમની માત્ર લાભ મેળવવાની ઈચ્છા હતી. પણ તે જ કારણે તેમને કશો લાભ ન મળ્યો! કારણ કે અતિ-માનસિક તત્ત્વ કોઈ પણ પ્રકારે માણસોને લાભ આપવા માટે નથી આવ્યું.

---

૧. ૧૯૫૬ના એપ્રિલની ૨૪મીના દર્શન માટે

તે લોકો પૂછે છે કે તેથી અમારી આંતર મુશ્કેલીઓ જીતવી તે વધારે સહેલું બનશે ખરું?

હું તે જ વસ્તુનું પુનરાવર્તન કરીશ. તે વધારે સહેલું બનવું જોઈએ તેમ પૂછવાનો તેમને શો અધિકાર છે, તેમની પાસે શાં કારણો છે? તે લોકોએ, પોતાને પક્ષે, શું કર્યું છે? શા માટે તે વધારે સહેલું બનવું જોઈએ? લોકોની આળસની વૃત્તિને સંતોષવા માટે, અથવા શેને માટે?

કારણ કે જ્યારે કાંઈક નવીન બનતું હોય છે, ત્યારે લોકોને હમેશાં તેમાંથી લાભ મેળવવાનો વિચાર આવતો હોય છે.

ના! જ્યારે કાંઈક નવીન બને છે ત્યારે જ માત્ર નહિ. લોકોને સર્વત્ર અને હમેશાં લાભ મેળવવાનો જ વિચાર આવતો હોય છે. પણ કશું જ પ્રાપ્ત ન કરવાનો તે શ્રેષ્ઠ ઉપાય છે.

અહીં તેઓ કોને છેતરવા માગે છે? ભગવાનને? તે ભાગ્યે જ શક્ય છે.

મુલાકાત માગનાર લોકોની પણ તેવી જ મનોદશા હોય છે. હું તેમને કહું છે કે "સાંભળો. તમે મોટી સંખ્યામાં આવ્યા છો. જો દરેક જણ મારી સાથે મુલાકાતની માગણી કરે, તો આજકાલ દરેક જણને મુલાકાત આપવા માટે મારી પાસે પૂરતી મિનિટો પણ નથી. તમારા અહીંના વસવાટ દરમિયાન, મને એક મિનિટ પણ મુલાકાત આપવાનો સમય નથી." ત્યારે તેઓ કહે છે કે, "ઓહ મેં અહીં આવવામાં ઘણી જહેમત ઉઠાવી છે. હું ઘણે દૂરથી અહીં આવ્યો છું, મેં ઘણા કલાકોની મુસાફરી કરી છે. છતાં મુલાકાત મેળવવાનો પણ મને શું અધિકાર નથી?" હું કહું છું કે હું દિલગીર છું, પણ તે સ્થિતિમાં તમે એકલા નથી.

તમે જોયું તે? હકીકત એવી છે. તે આપ-લે હોય છે, સોદો હોય છે. આ એક વેપારી પેઢી નથી. અમે કહ્યું છે કે અમે વેપાર કરતા નથી.

હવે રોજ-રોજ શિષ્યોની સંખ્યા વધતી જાય છે. તે શું સૂચવે છે?

પણ સ્વાભાવિક રીતે જ તેમની સંખ્યા વધતી જવાની! એટલે જ જ્યારે આશ્રમમાં દોઢસો માણસો હતા અને હું જે કાર્ય કરી શકતી હતી, તે હવે હું

કરી શકતી નથી. જો તેમનામાં થોડીક સામાન્ય-બુદ્ધિ હોય, તો તેઓ સમજી શકે કે હવે હું માણસો સાથે તે વખતના જેવા સંબંધો રાખી જ ન શકું. હે મારાં બાળકો, તાજેતરમાં અહીં ૧૮૦૦ માણસો હતા! એટલે હું ૧૮૪૫ માણસો સાથે તે જ પ્રકારના સંબંધો ન રાખી શકું — હું ધારું છું કે તે ચોક્કસ સંખ્યા હતી — જેવું ૩૦ અથવા ૧૦૦ સાથે રાખી શકું. મને લાગે છે કે આ તર્કને સમજવો તે સહેલું છે.

પણ તેઓ માગે છે કે દરેક વસ્તુ પહેલાંના જેવી જ બની રહેવી જોઈએ, અને તમે કહો છો તેમ, તેઓ લાભ લેવામાં પ્રથમ હોવા માગે છે.

માતાજી, જ્યારે મનનું પૃથ્વીના વાયુ-મંડળમાં અવતરણ થયું, ત્યારે વાનરોએ માનવમાં પરિવર્તિત થવા માટે કોઈ પ્રયત્ન કર્યો ન હતો, નહિ વારુ? પ્રકૃતિએ પ્રયત્ન પૂરો પાડ્યો હતો. પણ અહીં...

પણ માણસ પોતાની જાતનું અતિ-માનવમાં રૂપાંતર કરવાનો નથી!

નહિ?

પ્રયત્ન કરી જુઓ! (હસાહસ)

હકીકત એવી છે, બીજું કાંઈક કાર્ય કરવાનું છે.

એટલે આપણે...

હું બહુ ક્રૂર થવા નથી માગતી; માણસે તેમાં માત્ર સહભાગી બનવાનું છે. અર્થાત્ તેણે સદ્‌ભાવના-પૂર્વક, અભીપ્સા-પૂર્વક તે પ્રક્રિયા પોતામાં થવા દેવાની છે, અને બને તેટલા મદદ-રૂપ થવાનું છે. તેથી જ મેં કહ્યું હતું કે તે કામ વધારે ઝડપી બનશે. હું આશા રાખું છું કે તે કામ વધારે ઝડપી બનશે.

પણ છતાંય, તેથી પણ વધારે ઝડપી બનવા માટે, થોડોક સમય લાગશે!

(મૌન)

સાંભળો. તમે બધાયે સેંકડો વાર આ વાત સાંભળી છે, તમે પણ તે વાત કહેતા હો છો, તેના પર વિચાર કરતા હો છો, તેને માટે આશા રાખો છો. જો

તમે બધા જ તેની માંગ કરો, તો તે જલ્દી સિદ્ધ થાય. એવા કેટલાક લોકો છે, જેઓ અતિ-માનસિક શક્તિ ઝીલવાના આશયથી જ, અતિ-માનવમાં રૂપાંતર પામવાની ઇચ્છાથી જ અહીં આવ્યા હતા — તે તેમનું લક્ષ્ય હતું, નહિ વારુ? છતાં પણ એમ કેમ બન્યું કે જ્યારે તે શક્તિનું અહીં અવતરણ થયું, ત્યારે તે બધા જ લોકો તેનાથી અપરિચિત રહ્યા, તેમને કશો જ અનુભવ ન થયો?

તમે મને આ સમસ્યાનો ઉકેલ આપી શકશો? જો તમારી પાસે આ સમસ્યાનો ઉકેલ હશે, તો તમને તમારી મુશ્કેલીનો ઉકેલ મળી જશે.

હું તેવા બહારના લોકો વિષે વાત નથી કરતી, જેમણે કદી આ વસ્તુનો વિચાર પણ નથી કર્યો, તેની દરકાર નથી કરી, જેઓ જાણતા પણ નથી કે અતિમનસ્ જેવી કોઈક વસ્તુનો સ્વીકાર કરવાનો છે. હું તે લોકોની વાત કરું છું, જેમણે પોતાના જીવનને આ અભીપ્સા પર પ્રતિષ્ઠિત કર્યું છે — હું એક ક્ષણ માટે પણ તેમની દિલની સચ્ચાઈ વિષે શંકા નથી કરતી, જેમણે ૩૦ — ૩૫ વર્ષ સુધી તેને માટે કાર્ય કર્યું છે, કેટલાકે તેથી થોડાં વર્ષ સુધી તેને માટે કાર્ય કર્યું છે, જેઓ વારંવાર એમ કહ્યા કરતા હતા કે જ્યારે અતિ-મનસ્ આવશે... સાચી રીતે જોતાં, તેઓ શ્રેષ્ઠ સ્થિતિમાં હતા. પણ એમ કેમ બન્યું કે તેઓ પણ એટલી અપૂર્ણ તૈયારીવાળા નીકળ્યા કે જ્યારે અતિ-માનસિક આકંપન આવ્યું, ત્યારે તેઓ તાદાત્મ્યના આવેગ-પૂર્વક તરત તેને અનુભવી શક્યા નહિ?

વ્યક્તિગત રીતે, દરેક જણનું લક્ષ્ય આ શક્તિ સાથે ગાઢ વ્યક્તિગત સંબંધમાં, વત્તાઓછા પ્રમાણમાં, પ્રવેશવા માટે પોતાની જાતને તૈયાર કરવાનું હતું, મદદ કરવાનું હતું: જો મદદ ન કરી શકે તો, કમથી કમ તે શક્તિ આવિર્ભાવ પામે ત્યારે તેને માટે તૈયાર બનવાનું હતું, તેની સ્વીકૃતિ કરી તેના પ્રત્યે ખુલ્લા બનવાનું હતું. જે જગતમાં તમારામાં જે હોય છે તેને તમે પ્રગટ કરી શકતા હોતા નથી તે જગતમાં એક પરદેશી તત્ત્વ બની રહેવાને બદલે, તમે ઓચિન્તા તે-રૂપ બની જાઓ છો, તમે પરિપૂર્ણ રીતે સીધા આ વાયુ-મંડળમાં પ્રવેશ કરો છો; તે જ શક્તિ તમને વીંટળાઈને રહેલી હોય છે, તમને ભેદીને રહેલી હોય છે.

જો તમારામાં જરાક પણ આંતર સંપર્ક હોત, તો તમે તરત જ તેને ઓળખી શક્યા હોત, નહિ વારુ?

ગમે તેમ પણ, થોડાક આંતર સંપર્કવાળા લોકોની બાબતમાં તેવું બન્યું હતું. તેઓ તેને ઓળખી શક્યા, અનુભવી શક્યા; તેઓ બોલી ઊઠ્યા કે આહ, તે આ રહ્યું; તે આવ્યું છે. પણ જે થોડા મૂઠીભર લોકો સાચી રીતે તેના સિવાય

બીજું કશું જ માગતા ન હતા જેઓ માત્ર તેનો જ વિચાર કરતા હતા, જેમણે તેને માટે પોતાનું જીવન હોડમાં મૂક્યું હતું, તેમની વાત ન કરીએ તો, એમ કેમ બન્યું કે સેંકડો લોકોને કશો જ અનુભવ ન થયો? આનો શો અર્થ હોઈ શકે?

અલબત્ત, સમાન વસ્તુ સમાન વસ્તુને જાણે છે. તે તો એક સ્પષ્ટ હકીકત છે.

વ્યક્તિગત રીતે તે વસ્તુ સાથે સંપર્કમાં આવવાની શક્યતા હતી — શ્રી અરવિંદે તેનું વર્ણન એક જરૂરી પ્રક્રિયા-રૂપે કર્યું હતું. પોતાના આંતર પ્રયત્ન અને અભીપ્સા દ્વારા અમુક સંખ્યાના લોકો આ શક્તિના સંપર્કમાં પ્રવેશે છે. તેને આપણે અતિ-મનસ્‌માં આરોહણ કહેતા હતા. જો તે એક આંતર આરોહણ હોત, અર્થાત્ ભૌતિક ચેતનામાંથી પોતાની જાતને મુક્ત કરીને, આંતર આરોહણ વડે, તેઓ જો અતિ-મનસ્‌નો સ્પર્શ કરી શક્યા હોત, તો તે જ્યારે આવ્યું ત્યારે તરત જ તેઓ તેને ઓળખી શક્યા હોત. પણ તેની સાથે સંપર્ક હોવો એ અનિવાર્ય હતું. જો તેમણે તેનો સ્પર્શ ન કર્યો હોય, તો તેઓ કેવી રીતે તેને ઓળખી શકે?

અર્થાત્, વૈશ્વિક ગતિ તે પ્રકારની હોય છે. કેટલાક દિવસો પહેલાં મેં તે તમને વાંચી સંભળાવ્યું હતું. જે લોકો આમાં પહેલ કરનારા હોય છે, આગલી હરોળ હોય છે, તેઓ, પોતાના આંતર પ્રયાસ અને આંતર પ્રગતિ વડે પ્રગટ થનાર નવીન શક્તિ સાથે સંબંધમાં પ્રવેશે છે અને પોતામાં તેને ઝીલે છે. પછી આ પ્રકારનાં આવાહનોને કારણે, તે વસ્તુ શક્ય બને છે, અને આવિર્ભાવનો યુગ — સમય — અને ક્ષણ આવી પહોંચે છે. આમ તે બન્યું હતું, અને આવિર્ભાવ આવ્યો હતો.

પણ ત્યારે જે લોકો તૈયાર હતા, તેમણે તેને ઓળખ્યો હોવો જોઈએ.

ત્વરા-પૂર્વક હું તમને કહું છું કે કેટલાક લોકોએ તે આવિર્ભાવને ઓળખ્યો હતો, પણ... પણ જે લોકો પ્રશ્નો પૂછે છે, અહીં પણ આવે છે, જેમ શરબતનો ખ્યાલો માણસ પીએ છે તેમ તેને પી જવા માટે જેમણે અહીં આવવાની ગાડી પકડી હતી, જો તે લોકોએ તૈયારી ન કરી હોય, તો તેઓ કેવી રીતે કશો પણ અનુભવ પ્રાપ્ત કરી શકે? તેઓ તો લાભ મેળવવાની જ વાતો કરતા હોય છે.

એ શક્ય છે કે — હું જરાક મજાક કરું છું — જો તેમનામાં જરા પણ દિલની સચ્ચાઈ હોય — ખૂબ તો નહિ, કારણ કે તે તો થકવી નાખે એવી વસ્તુ છે — તો તે તેમને થોડાક સુંદર આઘાતો આપે, જેથી તેઓ વધારે ઝડપી પ્રગતિ કરે. આ શક્ય છે. હકીકતમાં, હું ધારું છું કે એમ જ બનશે.

પણ સાચે જ આ વેપારી વલણ મોટે ભાગે લાભદાયી નથી હોતું. જો માણસ દિલની સચ્ચાઈ-પૂર્વક અભીપ્સા સેવતો હોય અને જો તેને મુશ્કેલીઓ આવે, તો તે મુશ્કેલીઓ ઓછી બની જાય છે. આપણે એવી આશા રાખીએ. (શિષ્ય તરફ વળીને) એટલે તમે તેમને આ કહી શકો છો કે સાચા દિલના બનો અને તમને મદદ પ્રાપ્ત થશે.

માતાજી, તાજેતરમાં અહીં એક કથન વારંવાર સાંભળવા મળે છે કે "આ વિજય સાથે હમણાં જે બન્યું છે તે અવતરણ નથી, પણ આવિર્ભાવ છે. તે વ્યક્તિગત ઘટના કરતાં અધિક છે. અતિ-મનસ્ વૈશ્વિક લીલામાં ઉદય પામ્યું છે."

હા, હા. હકીકતમાં મેં જ તેમ કહ્યું હતું. હું તે સ્વીકારી લઉં છું. તમે શું કહેવા માગો છો?

તે લોકો કહે છે કે અતિ-માનસિક તત્ત્વ કાર્ય કરી રહ્યું છે...

પણ આ વાત મેં તમને હમણાં જ વિસ્તાર-પૂર્વક સમજાવી છે. (માતાજી હસે છે), આ તો ભયંકર કહેવાય!

હું આને અવતરણ કહું છું : પ્રથમ તો ચેતના આરોહણ કરે, ત્યાં તમે તે વસ્તુને પકડો છો, અને તેની સાથે નીચે આવો છો. આ એક વ્યક્તિગત ઘટના છે.

જ્યારે આ વ્યક્તિગત ઘટના એવી રીતે બની હોય કે જે સામાન્ય પ્રકારની શક્યતાનું સર્જન કરવા માટે પર્યાપ્ત બને, ત્યારે તે અવતરણ નથી રહેતું, પણ આવિર્ભાવ બની જાય છે.

વ્યક્તિની ચેતનામાં વ્યક્તિગત ગતિને હું અવતરણ કહું છું. જ્યારે જૂના જગતમાં નવીન જગતનો આવિર્ભાવ થાય છે — દા.ત. મન પૃથ્વી પર પ્રસર્યું તેને સરખાવો, ત્યારે હું તેને આવિર્ભાવ કહું છું.

તમે મરજી મુજબ ગમે તે કહો, મારે મને તે બંને એક-સરખું જ છે. પણ આપણે એક-બીજાને સમજવા જોઈએ.

હું જેને અવતરણ કહું છું તે વ્યક્તિની ચેતનામાં થતું હોય છે. તે આરોહણની વાત જેવું છે. આરોહણ પણ નથી હોતું, ઉપર-નીચે-દિશા કશું જ

નથી હોતું. એ તો એક બોલવાનો પ્રકાર છે. જ્યારે કોઈક વસ્તુ પ્રત્યે ઊર્ધ્વમાં જતા હોવાની લાગણી પેદા થાય છે, ત્યારે તમે તેને આરોહણ કહો છો. જ્યારે તે વસ્તુને પકડીને તમે તમારામાં તેને નીચે લઈ આવો છો, ત્યારે તમે તેને અવતરણ કહેતા હો છો.

પણ જ્યારે દરવાજા ખુલ્લા હોય છે અને પૂર અંદર ધસી આવે છે, ત્યારે તમે તેને અવતરણ ન કહી શકો. તે બહાર પ્રસરતી એક શક્તિ છે. સમજ્યા?

તમે ગમે તે શબ્દો વાપરો. મારે મન તે એક-સરખું છે. મને શબ્દો પ્રત્યે ખાસ આસક્તિ નથી. પણ હું તમને તે સમજાવતી હોઉં છું, એક-બીજાને સમજવા તે વધારે સારું છે, કારણ કે નહિ તો, સમજૂતીઓનો પાર નહિ રહે.

જે લોકો તમને આવા છળ-યુક્ત પ્રશ્નો પૂછે છે, તેમને તમે આ જવાબ આપી શકો છો કે કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ — ખેંચવું તે નથી, પણ આપવું તે છે. જો તેઓ પોતાની જાતને નવીન જીવનને આપી દેવા માગતા હોય, તો નવીન જીવન તેમનામાં પ્રવેશશે.

પણ જો તેઓ નવીન જીવનને પોતામાં નીચે ખેંચવા માગતા હશે, તો તેઓ પોતાની અહંતા વડે પોતાના દ્વારને બંધ કરી દેશે. બસ, એટલું જ.

*

વાર્તાલાપ —૧૯

૯ મે ૧૯૫૬

મધુર માતાજી, આપણા સાચા આધ્યાત્મિક જીવનની શરૂઆત ક્યાં થતી હોય છે?

જ્યારે માણસ ચૈત્યમાં ભગવાન સાથે સંબંધમાં હોય છે, ચૈત્યમાં ભગવાનની હાજરીથી સભાન હોય છે, અને ચૈત્ય સાથે સતત સંબંધમાં હોય છે, ત્યારે સાચું આધ્યાત્મિક જીવન શરૂ થાય છે, ત્યાર પહેલાં નહિ.

જ્યારે માણસ પોતાના ચૈત્યમય અસ્તિત્વ સાથે જોડાય છે, ભગવાનની હાજરીથી સભાન બને છે, તે દિવ્ય હાજરીમાંથી પોતાનાં કાર્યોના આવેગો પ્રાપ્ત કરે છે, પોતાનો સંકલ્પ ભગવાનના સંકલ્પ સાથે સચેતન સહ-કાર્યકર બને છે, ત્યારે સાચા આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય છે.

તે પહેલાં માણસ આધ્યાત્મિક જીવનનો અભીપ્સુ હોઈ શકે, પણ તેને આધ્યાત્મિક જીવન પ્રાપ્ત થતું હોતું નથી.

મધુર માતાજી, શ્રી અરવિંદે ક્યાંક કહ્યું છે તે વાક્યની હું સમજૂતી માગું છું, "ભૌતિક રીતે તમે કશું જ નથી, આધ્યાત્મિક રીતે તમે બધું જ છો."

તેનો અર્થ એ છે કે આત્મા, આધ્યત્મિક ચેતના, અને ભગવાનની હાજરી જીવનને સર્વ મૂલ્ય સમર્પે છે; આ આધ્યાત્મિક ચેતના અને ભગવાનની હાજરી સિવાય જીવનનું કશું મૂલ્ય નથી.

વ્યક્તિ માટે પણ તે જ વાત સાચી છે. તેની ભૌતિક શક્તિઓ અને જીવનની ભૌતિક સ્થિતિઓ ગમે તેટલી મહાન હોય, પણ જો તેનામાં આધ્યાત્મિક ચેતના અને ભગવાનની હાજરી હોય, તો જ તે વ્યક્તિનું મૂલ્ય છે.

એટલે વસ્તુઓના સત્યના દૃષ્ટિબિંદુથી જોતાં, માણસ પાસે ભૌતિક સંપત્તિ ન હોય, નોંધપાત્ર શક્તિઓ અથવા શક્યતાઓ ન હોય, પણ જો તે પોતાના

ચૈત્યિક અસ્તિત્વથી સભાન હોય અને પોતામાં રહેલા ભગવાન સાથે સંયુક્ત હોય, તો તે પોતાના ચૈત્યિક અસ્તિત્વથી અભાન, ખૂબ ભૌતિક શક્તિવાળા, પૃથ્વીના રાજા અથવા સભાપતિ કરતાં અનંતગણો વધારે મહાન છે.

સત્યના દૃષ્ટિબિંદુથી જોતાં, હકીકત તે પ્રમાણે છે. શ્રી અરવિંદ એ જ કહેવા માગે છે કે બાહ્ય અને દેખીતી વસ્તુઓનું કશું મૂલ્ય નથી હોતું. માત્ર દિવ્ય ચેતના અને ભગવાન સાથે એકતા જ મૂલ્યવાન છે.

માતાજી, ગઈ વખતે આપે જે કહ્યું હતું તે અનુસાર, નવીન શક્તિ પ્રત્યે સભાન રીતે ખુલ્લા નહિ બનેલા લોકોનો પ્રશ્ન હજી બાકી રહે છે. તેમના પર અસર કેવી રીતે પડશે? શું આધ્યાત્મિક શક્તિ વડે, પણ અતિ-માનસિક વડે નહિ, તેમના પર અસર નીપજશે?

શું, શું, શું?

આધ્યાત્મિક શક્તિ અને અતિ-માનસિક વચ્ચે તમે શું ભેદ પાડો છો?

ના. પણ આપે કહ્યું હતું કે જેમણે કાંઈ જ કર્યું નથી અથવા પોતાની જાતનું સમર્પણ કર્યું નથી, તેઓ આ શક્તિનો લાભ કેવી રીતે લેવાની આશા રાખી શકે, તેમના પર તે શક્તિની અસર કેવી રીતે પડે? જેઓ અહીં છે, પણ સચેતનતા-પૂર્વક ખુલ્લા નથી, તેમના પર પણ આ શક્તિની અસર પડશે?

અસર પડશે? હા.

તેમને પણ મદદ મળશે?

પણ જો તેમને મદદ મેળવવાની દરકાર ન હોય તો! તેઓ મદદની ઇચ્છા ન રાખતા હોય, અને છતાં તમે તેમને મદદ આપવા માગો છો?

જો માણસ અભીપ્સા સેવતો હોય, મદદ માગતો હોય, તો ખુલ્લાપણું બહુ થોડું હશે, છતાં પણ જરૂર કાંઈક ખુલ્લાપણું તો છે જ ને? પણ જો કોઈ માણસ મદદ માગતો જ ન હોય... હું એમ કહી શકું છું કે કેટલાક લોકોને મદદની જરૂર હોતી જ નથી એવી તેમને ખાતરી હોય છે, તેમને એમ લાગતું હોય છે

કે "અમે બહુ સારી રીતે અમને પોતાને મદદ કરી શકીએ તેમ છીએ, અમારે મદદની જરૂર નથી, અમે જ કાર્ય કરીએ છીએ, અમે જ પ્રગતિ કરીએ છીએ, અમે જ બધું કરીએ છીએ." એટલે તેમને મદદ જોઈતી હોતી નથી, તેમને મદદની જરૂર લાગતી હોતી નથી. તેઓ મદદ માટે દરકાર કરતા હોતા નથી, પછી તમે શા માટે તેમને મદદ મળે એવું માગો છો?

પણ આપે કહ્યું હતું કે આંધળાઓને પણ જોવાની ફરજ પડશે.

શું તમે તેનો એવો અર્થ કરો છો કે દુષ્ટ વૃત્તિવાળા લોકોને પણ તે દૃષ્ટિગોચર થશે? પણ તે વાત તો તદ્દન જુદી છે. જ્યારે તમને નાક પર ચૂંટી ભરવામાં આવે છે, ત્યારે તે ચૂંટી તમને મદદ નથી આપતી, છતાં પણ તમારે તેને કબૂલવી પડે છે!

ના. જ્યારે કોઈક આ શક્તિને કબૂલે છે...

હા.

તો તેને ખુલ્લા થવું જ પડે છે...

હા.

એટલે અત્યાર સુધી જે મદદ માગતો ન હતો, તે મદદ માગતો થઈ જશે.

આ શક્તિને કબૂલશે? ઓહ, જ્યારે તેને ચૂંટી ખણવામાં આવે ત્યારે! (હસાહસ).

કદાચ. તેમ બને પણ ખરું. ગમે તે વસ્તુ બની શકે.

એટલે, અત્યારે જે અચેતન છે તે પણ પ્રહાર થતાં ખુલ્લો બનશે.

અને પછી? તમે શું નિગમન તારવવા માગો છો? તમે શું બનવાની આશા રાખો છો?

અર્થાત્ તે જોશે કે આ ચમત્કાર છે.

કે તેને ચૂંટી ખણવામાં આવી છે? (હસાહસ)

તે તેને ચમત્કાર નહિ કહે. તે તેને દુષ્કૃત્ય કહેશે. તે કહેશે કે આ મારું કમનસીબ છે, મને અન્યાય થયો છે. તે ગમે તે કહેશે; લોકોને ગમે તે કહેવાની ટેવ હોય છે.

હજી હું તમારા પ્રશ્નનો મુદ્દો પકડી શકી નથી. તમે શું કહેવા માગો છો? તમે શું એમ કહેવા માગો છો કે આખું જગત તે માગતું હશે કે નહિ, અભીપ્સા સેવતું હશે કે નહિ, તે સ્વીકારતું હશે કે નહિ, પણ પૃથ્વી પર આવેલા અતિ-માનસિકની અસર, મોડી કે વહેલી, તે જગત પર પડશે?

ના.

ઓહ! કેવી કરુણતા, કારણ કે જો તમારો તે અર્થ હોત, તો તેમાં કશોક અર્થ હતો. (હસાહસ) તો મેં તમને જવાબ આપ્યો હોત કે હા. અને પછી બધું પતી ગયું હોત!

ના. જે લોકો અડધા ખુલ્લા છે...

તેઓ જે લોકો બિલકુલ ખુલ્લા નથી તેમના કરતાં અડધું વધારે પ્રાપ્ત કરશે! (હસાહસ)

શું આ આવિર્ભાવ તેમને વધારે અભીપ્સાવાળા બનાવશે?

ઓહ! તે હું નથી જાણતી. તે વ્યક્તિ પર આધાર રાખે છે. દરેક જણ માટે તે ભિન્ન ભિન્ન હશે,

શું તમારે માટે તમે વકીલાત કરો છો?

હા.

ઓહ! ઓહ! તમને શું બનશે તે જાણવા માગો છો?

તમારા મનને નિશ્ચિત બનાવો, તો બધું ઠીકઠાક થઈ રહેશે. જેમ જોન ઑફ આર્કના ધ્વજ માટે કહેવાયું હતું તેમ હું લગભગ કહી શકું કે તમે પરિશ્રમમાં ભાગ લીધો છે, એટલે તમને યશમાં પણ ભાગ મળશે. હવે તમને સંતોષ થયો?

હા.

*

વાર્તાલાપ — ૨૦

૧૬ મે ૧૯૫૬

"સાર-રૂપે એમ સલામત રીતે કહી શકાય કે જ્યાં સુધી અતિ-માનસિક ઋતચેતના પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી બધા ઉકેલો કામ-ચલાઉ છે. અતિ-માનસિક ઋતચેતના બધા આભાસોને તેમના યોગ્ય સ્થાને મૂકી આપે છે, તે આભાસોના સાર-તત્ત્વને પ્રગટ કરે છે કે જે સાર-તત્ત્વ સીધું આધ્યાત્મિક તત્ત્વમાંથી પ્રાપ્ત થયું હોય છે. તે દરમિયાન, આધ્યાત્મિક અનુભૂતિના માર્ગ-દર્શક નિયમને શોધી કાઢવામાં જ આપણી સલામતી રહેલી છે, અથવા અંદર એવા એક પ્રકાશને મુક્ત કરવામાં કે જે પ્રકાશ આપણને માર્ગ પર આગળ લઈ જાય, અને આખરે આપણામાં — આપણી ઊર્ધ્વમાં એક મહત્તર સીધી ઋત-ચેતનાને પ્રગટ કરે — જન્માવે. કારણ કે આપણામાં રહેલું બીજું બધું માત્ર બાહ્ય છે, આધ્યાત્મિક દર્શન નથી, બુદ્ધિની રચનાઓ — પ્રતિનિધિઓ — અથવા નિગમનો છે, પ્રાણનાં સૂચનો — આવેગો છે, શારીરિક વસ્તુઓ વિધેયાત્મક જરૂરિયાતો છે, જે કેટલીક વાર અર્ધ-પ્રકાશો હોય છે, કેટલીક વાર ખોટા પ્રકાશો હોય છે, જે થોડાક સમય માટે થોડુંક કામ આપી શકે, પણ બાકીના વખતમાં આપણી પ્રગતિને અટકાવી દે છે. આપણને ગૂંચવાડામાં નાખી દે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૨૮ — ૨૯)

શારીરિક વસ્તુઓની જરૂરિયાતો પણ? મને તે સમજાતું નથી.

આ બધું જ, માત્ર શારીરિક જરૂરિયાતો જ નહિ. આ બધી વસ્તુઓ કેટલીક વાર પ્રકાશો હોય છે, અર્થાત્ ન્યૂન અને અજ્ઞાન સાથે મિશ્રિત જ્ઞાન હોય છે; કેટલીક વાર ખોટા પ્રકાશો અર્થાત્ અજ્ઞાન જ હોય છે, માત્ર વિચારો, ખ્યાલો, દર્શનના — લાગણીના પ્રકારો હોય છે, જેમને સામાન્ય માનવ-ચેતના જ્ઞાન માની લેતી હોય છે.

શ્રી અરવિંદ શારીરિક જરૂરિયાતોની, શરીરની જરૂરિયાતોની વાત પણ કરે છે, જે સામાન્ય રીતે બહુ અગત્યની ગણવામાં આવે છે અને જેમને તેમનું

પોતાનું સત્ય હોય છે; તે કહે છે કે તે પણ માત્ર આંશિક પ્રકાશ હોઈ શકે અર્થાત્ જ્ઞાનનો આભાસ અથવા કાંઈક અસત્ય વસ્તુ હોઈ શકે.

આધુનિક વિચારોથી આ બધું વિરુદ્ધ છે.

માણસોને હમેશાં એવી છાપ હોય છે કે શરીરની જરૂરિયાતો એ સર્વસત્તાધીશ નિયમ છે, જે નિયમનું પાલન ન કરવાથી શરીર પ્રત્યે એક મહાન અન્યાય થાય છે, શરીરને તેને પરિણામે સહન કરવું પડે છે. શ્રી અરવિંદ કહે છે કે આ જરૂરિયાતો પોતે એક ખૂબ આંશિક પ્રકાશ હોય છે, અર્થાત્ વસ્તુઓને જોવાનો માત્ર એક પ્રકાર હોય છે, અથવા તે પ્રકાશ બિલકુલ હોતો જ નથી, તદ્દન અસત્ય હોય છે.

જો માણસ આ પ્રશ્નનો ધ્યાન-પૂર્વક અભ્યાસ કરે, તો તેને જણાય કે આ કહેવાતી શરીરની જરૂરિયાતો ખૂબ પ્રમાણમાં મનના વલણ પર આધાર રાખતી હોય છે. દા.ત. ખાવાની જરૂરિયાત. કેટલાક લોકોએ જો આઠ દિવસ સુધી ખાધું ન હોય, તો તેઓ ભૂખથી મરી જાય છે. કેટલાક બીજા લોકો જાણી-જોઈને, હેતુપૂર્વક ઉપવાસ કરે છે. યોગના એક ભાગ તરીકે, યોગની એક જરૂરિયાત તરીકે — આઠ દિવસના ઉપવાસ પછી તેમનું શરીર ઉપવાસ શરૂ કર્યા પહેલાંના જેટલું જ આરોગ્યમય હોય છે, કેટલીક વાર તો તેથી વધારે આરોગ્યમય!

છેવટે, આ બધી વસ્તુઓ માટે માત્રાનો — માપનો સવાલ હોય છે. એ તો સ્પષ્ટ છે કે માણસ હમેશા ખાધા વગર જીવી ન શકે. પણ આ વાત પણ એટલી જ સ્પષ્ટ છે કે લોકોએ ખાવાની જરૂરિયાત વિષે જે વિચાર બાંધી લીધો છે તે સાચો નથી. ખરેખર, તે એક અધ્યયનનો વિષય છે — શરીરના સંબંધમાં માનસિક વલણનું મહત્ત્વ.

શ્રી અરવિંદ શરીરની જરૂરિયાતોને સાચી વસ્તુઓ તરીકે સ્વીકારતા નથી. શ્રી અરવિંદ કહે છે કે તે એક વિચાર છે, છાપ છે, તે સત્ય નથી, તેમાં કોઈ સત્ય રહેલું નથી.

મધુર માતાજી, આ "સર્વસત્તાધીશ નિયમ", આ "આધ્યાત્મિક અને અતિ-માનસિક નિયમ" એ શું છે?

તે દરેક અસ્તિત્વનું સત્ય છે.

દરેક પ્રાણી પોતામાં પોતાના આધ્યાત્મિક નિયમનું, પોતાના અતિ-માનસિક નિયમનું વહન કરતો હોય છે. તે દરેક માટે એક-સરખો હોતો નથી.

દરેક જણ માટે તે પોતાના અસ્તિત્વનું સત્ય હોય છે, અર્થાત્ વિશ્વમાં જેને તેણે સિદ્ધ કરવાનું હોય છે, અને પોતે જગતમાં જે સ્થાન પ્રાપ્ત કરવાનું હોય છે તે વસ્તુ હોય છે.

તે તેના અસ્તિત્વનું સત્ય છે.

"પ્રાણિક અને આધ્યાત્મિક વચ્ચે ઘણી વાર કરાતો ખોટો સંબંધ, અંદર થયેલી ગૂઢ અનુભૂતિ અને કલા-રસિક બૌદ્ધિક તથા ઇન્દ્રિય-પરક નાસ્તિકતાવાદ વચ્ચે ખોટો સંબંધ, ઉન્નતિકરણ કરાયેલો પરોપકાર-વાદ આધ્યાત્મિક પરવાનગીના પ્રકાશમાં સંતોષ માને તે વસ્તુ — આ પણ અપર્યાપ્ત હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૨૮)

"કલા-રસિક બનાવાયેલો નાસ્તિકતાવાદ" — એ શબ્દોથી શ્રી અરવિંદ શું કહેવા માગે છે?

ભિન્ન-ભિન્ન દેશોની, ખાસ કરીને ગ્રીસની અને ભારતની ભિન્ન-ભિન્ન દેવોની શ્રેણિઓનું વર્ણન શ્રી અરવિંદ એ રીતે કરે છે. અર્થાત્, સર્વ વસ્તુઓનું દેવોમાં — દિવ્ય સત્ત્વોમાં રૂપાંતર કરવાનો તે એક કલા-રસિક અને બૌદ્ધિક પ્રકાર છે. પ્રકૃતિની સર્વ શક્તિઓને, સર્વ તત્ત્વોને, સર્વ આધ્યાત્મિક બળોને, સર્વ બૌદ્ધિક બળોને, સર્વ શારીરિક બળોને આ રીતે અનેક દેવોમાં પરિવર્તિત કરી દેવામાં આવ્યાં હોય છે; તેમને કલામય અને બૌદ્ધિક વાસ્તવિકતા બક્ષવામાં આવી હોય છે. સર્વ વૈશ્વિક વાસ્તવિકતાઓને, શક્તિઓને વર્ણવવાનો તે એક પ્રતીકમય, કલામય, સાહિત્યિક, અને કાવ્યમય પ્રકાર છે. ગ્રીસના, ઇજિપ્તના, ભારતના દેવોની શ્રેણિઓ આ રીતે અસ્તિત્વમાં આવી હતી.

આ બધા દેવો કલામય અને બૌદ્ધિક મૂર્તિકરણો છે, વિશ્વનો ખ્યાલ કરવાનો એક પ્રકાર છે. એનો અર્થ એવો નથી કે તે દેવો અમુક સત્ય સાથે સુસંગત નથી — સત્ય કરતાં વધારે વાસ્તવિકતા સાથે સુસંગત નથી. તે પ્રકારનાં સત્ત્વો હોય છે, પણ તે વૈશ્વિક જગત પ્રત્યે અથવા વૈશ્વિક જગતો પ્રત્યે અભિગમ કરવાનો પ્રકાર છે.

મધુર માતાજી, નીતિમયતાએ આપણી ચેતનામાં વૃદ્ધિ કરવામાં મદદ

નથી કરી?

તેનો આધાર માણસો પર છે. કેટલાક લોકોને તેણે મદદ કરી છે, અને કેટલાકને નહિ.

નીતિમયતા એ તદ્દન કૃત્રિમ અને સ્વૈચ્છિક વસ્તુ છે. ઘણા શ્રેષ્ઠ માણસોની બાબતમાં પણ, તે સાચા આધ્યાત્મિક પ્રયાસમાં અવરોધ કરતી હોય છે. તે માણસ સંતોષપૂર્વક માનતો હોય છે કે હું સાચે માર્ગે છું, હું સાચો સજ્જન છું, હું મારી ફરજ બજાવું છું, જીવનની સર્વ નૈતિક જરૂરિયાતોને પૂર્ણ કરું છું. એટલે પછી તે અતિ-સંતોષને કારણે પ્રગતિ કરતો હોતો નથી.

ખૂબ સદ્‌ગુણી માણસ માટે ભગવાનના માર્ગમાં પ્રવેશ કરવો એ ખૂબ મુશ્કેલ છે. આ વાત અનેક વાર કહેવાઈ છે, પણ તે તદ્દન સાચી વાત છે, કારણ કે તે માણસ ખૂબ સ્વ-સંતુષ્ટ હોય છે, તે માનતો હોય છે કે જે સિદ્ધ કરવાનું હતું તે મેં સિદ્ધ કરી લીધું છે, તેનામાં અભીપ્સા અથવા પ્રાથમિક નમ્રતા પણ હોતી નથી, જે માણસને પ્રગતિ કરવાની ઇચ્છા કરાવે છે. અહીં જેને સાત્ત્વિક[૧] મનુષ્ય કહેવામાં આવે છે, તે મોટે ભાગે પોતાના સદ્‌ગુણોમાં આરામ-પૂર્વક સુસ્થાપિત હોય છે, તેમાંથી બહાર આવવાનો વિચાર તેને કદી આવતો નથી. તેથી તમે દિવ્ય સાક્ષાત્કારથી લાખો માઈલ દૂર રહી જાઓ છો.

આંતર પ્રકાશ પ્રાપ્ત થતાં સુધી, જે વસ્તુ સાચી રીતે મદદ કરે છે તે આ છે — માણસે પોતાને માટે અમુક નિયમો ઘડી કાઢવા, જે સ્વાભાવિક રીતે જ બહુ કડક અને નિશ્ચિત ન હોવા જોઈએ, પણ સાથે-સાથે પોતે સાચા માર્ગથી તદ્દન બહાર ન ચાલ્યો જાય અથવા સુધારી ન શકાય તેવી ભૂલો ન કરી બેસે તેવા ચોક્કસ હોવા જોઈએ — જે ભૂલોનું પરિણામ તે માણસને જીવનપર્યંત ભોગવવું પડે.

તેમ થઈ શકે તેટલા માટે માણસે પોતામાં અમુક સિદ્ધાંતો સ્થાપિત કરવા તે સારું છે. પણ તે સિદ્ધાંતો, દરેક જણ માટે, તેની પોતાની પ્રકૃતિ સાથે સુસંગત હોવા જોઈએ. જો તમે કોઈ સામાજિક અથવા સામૂહિક નિયમ સ્વીકારો, તો તમે તરત જ એ સામાજિક નિયમના ગુલામ બની જાઓ છો, અને તે તમને કોઈ મૌલિક પરિવર્તન કરતાં અટકાવે છે.

૧. ભારતીય પરિભાષા પ્રમાણે, સાત્વિક મનુષ્ય જ્ઞાનના, સમતાના અને પ્રકાશના તત્ત્વ વડે સંચાલિત થતો હોય છે; રાજસિક મનુષ્ય પોતાની કામનાઓ અને આવેગો વડે સંચાલિત થતો હોય છે, અને તામસિક મનુષ્ય જડતામાં, અસ્પષ્ટતામાં જીવતો હોય છે.

મધુર માતાજી, શ્રી અરવિંદે કહ્યું છે કે માણસે પોતામાં એક પ્રકાશ પ્રાપ્ત કરવો જોઈએ, અને પછી દિવ્ય શક્તિને સમર્પણ કરવું જોઈએ. હવે અતિ-મનસ્ નીચે આવ્યું છે, એટલે આ વસ્તુ વધારે સહેલી બનશે?

અત્યારે તે અતિ-મનસ્ આંતર પ્રકાશ છે.

મુશ્કેલી શી છે? તમને તેમાં ક્યાં વાંધો જણાય છે? ક્યાં વિરોધ દેખાય છે?

આપણે કેવી રીતે સમજી શકીએ કે હવે તે વસ્તુ વધારે સહેલી બની છે? અતિ-માનસિક અવતરણની શી અસર પડે છે?

તમારા પર તેની અસર થાય, ત્યાં સુધી રાહ જુઓ; પછી તમે સમજી શકશો.

કલ્પના કરો કે એક અંધારી ઓરડીમાં તમે, આપણે ૫૦ વર્ષ પહેલાં બાળતા હતા તેવો એક દીવેલનો દીવો પ્રગટાવ્યો છે. આપણે અત્યારે ફાનસ રાખીએ છીએ, પણ પહેલાં આપણે દીવેલનો દીવો રાખતા હતા. દીવેલના દીવા વધારે સારા હતા. પણ તે બે વસ્તુઓ સરખી જ હતી. તમે ફાનસ વડે ઓરડીમાં પ્રકાશ કરતા હતા. પણ તે દરમિયાન કોઈકે વીજળીની શોધ કરી. એટલે તમારા દીવેલના દીવાની જગ્યાએ એક સુંદર વીજળીની બત્તી આવી, જે દીવેલના દીવા કરતાં દશ ગણો પ્રકાશ આપે છે.

તમારી મુશ્કેલી શી છે, સમસ્યા કયી છે?

તમારી આંતર ઓરડીને પ્રકાશિત કરવા માટે તમારી પાસે હમેશાં દીવો હતો, પણ હવે દીવેલના દીવાની જગ્યાએ વીજળીનો ગોળો આવ્યો છે. બસ, એટલું જ.

તમને નથી સમજાતું? તે સમજવું બહુ કઠિન નથી.

માણસ તે પ્રકાશને જોવા માગે છે.

જોવા માગે છે? આહ! ઓરડીમાં પ્રવેશ કરો તમે તે પ્રકાશને જોઈ શકશો.

(મૌન)

બસ. હવે કોઈ પ્રશ્ન પૂછવો છે?

માતાજી, પ્રથમ પ્રશ્ન પછી એક વાક્ય આવે છે, જે હું સમજી શકતો નથી. "અને બીજી બધી વસ્તુઓ આપણને અવરોધ કરતી હોય છે, અથવા ગૂંચવાડામાં મૂકતી હોય છે." એ બીજી બધી વસ્તુઓ કયી?

શ્રી અરવિંદ માનસિક ચેતના વિષે, બુદ્ધિનાં મૂર્તીકરણો અથવા નિગમનો વિષે, પ્રાણ-શક્તિનાં સૂચનો — આવેગો વિષે, શરીરની જરૂરિયાતો વિષે વાત કરે છે. આ અર્ધ-પ્રકાશો અથવા જૂઠા પ્રકાશો માર્ગમાં થોડુંક કામ આપી શકે, આપણને થોડીક મદદ કરી શકે; પણ તે થોડા જ સમય માટે તે બધું આ 'બાકીની વસ્તુઓ, બીજી વસ્તુઓ' નથી. અર્થાત્ માણસને આવતા અસંખ્ય વિચારો, ગતિઓ, ઇન્દ્રિય-જન્ય સંસ્કારો, લાગણીઓ — આ બધું કશા ઉપયોગનું નથી. નિરુપયોગી હોવા કરતાં વધારે ખરાબ તો એ છે કે તે માર્ગમાં અવરોધ નાખે છે. તે આપણને ગૂંચવાડામાં નાખે છે. અર્થાત્ તે એક આંતર ગૂંચવાડો સર્જે છે; તેની તદ્દન ઉપેક્ષા કરવી જોઈએ.

અસંખ્ય વિચારો, અનુભવો, લાગણીઓ, દર્શનો, કર્મો બિલ્કુલ ઉપયોગનાં નથી હોતાં. યોગના દૃષ્ટિબિંદુથી જોતાં, સ્વાભાવિક રીતે તે તદ્દન નકામાં લાગે છે.

(જે પ્રકાશ જોવા માગતો હતો તે બાળક પ્રત્યે વળીને) તમારે હજી બીજો પ્રશ્ન પૂછવો છે?

ઓરડીમાં કેવી રીતે પ્રવેશ કરવો?

તમે કૂંચી લો અને તેનું દ્વાર ખોલો!

તમારે કૂંચી શોધી કાઢવી જોઈએ.

અથવા તમે જ્યાં સુધી, ઍરેબિયન નાઇટસની વાર્તાઓમાં આવે છે તેમ, તે દ્વારને ખોલી નાખનાર શબ્દને, વિચારને, અથવા શક્તિને પ્રાપ્ત કરો, ત્યાં સુધી તે ઓરડીના દ્વાર આગળ બેસો.

એ મજાક નથી, બહુ ગંભીર બાબત છે. તમારે દ્વારની આગળ બેસવું જોઈએ અને ધ્યાન કરવું જોઈએ — જ્યાં સુધી તમને તે દ્વાર ઉઘાડી નાખનાર ચાવી અથવા શબ્દ અથવા શક્તિ પ્રાપ્ત થાય ત્યાં સુધી.

જો માણસ પ્રયત્ન ન કરે, તો દ્વાર પોતે જાતે ખૂલી જતું નથી. કદાચ તે હજારો વર્ષો પછી ખૂલે. પણ તમારે તો તે કરવું હોય છે. તરત કરવા માટે તમારે

દ્વાર આગળ જક્કીપણા-પૂર્વક બેસવું જોઈએ — જ્યાં સુધી તમને દ્વાર ખોલવાનાં સાધનો પ્રાપ્ત થાય ત્યાં સુધી તે ચાવી હોય, શબ્દ હોય, શક્તિ હોય, ગમે તે વસ્તુ હોય; પણ દ્વાર ખૂલે ત્યાં સુધી તમારે બારણા આગળ બેસવું પડે છે.

તમારે બીજા કશાનો વિચાર કરવાનો હોતો નથી.

માત્ર દ્વારનો જ વિચાર કરવાનો હોય છે.

કોઈ એવું છિદ્ર નથી હોતું કે જેમાંથી પ્રકાશ બહાર આવે?

છિદ્ર? તમે શું કહેવા માગો છો? જેમાંથી પ્રકાશ બહાર આવે એવી કોઈ તરાડ? કદાચ પ્રકાશ તો બહાર આવતો હોય છે, પણ લોકો તેને જોઈ શકતા હોતા નથી! પ્રકાશ બહાર છટકી આવતો હોય છે.

પણ તે એક બીજી સમસ્યા છે. તમારે તમારી આંખો ઉઘાડવી જોઈએ. તમારે આંખો ઉઘાડતાં — જોતાં શીખવું જોઈએ.

બહુ નાનાં બાળકો જોતાં હોતાં નથી, બહુ નાનાં પશુઓ પણ જોઈ શકતાં હોતાં નથી, નાનાં બિલાડીનાં બચ્ચાં પણ જોઈ શકતાં હોતાં નથી. જોવાનું શીખતાં તેમને કેટલાક કલાકો, કેટલાક દિવસો લાગે છે. તે જોઈ શકતાં હોતાં નથી.

તમારે જોતાં શીખવું જોઈએ.

*

વાર્તાલાપ — ૨૧

૨૩ મે ૧૯૫૬

મધુર માતાજી, યોગ અને ધર્મ વચ્ચે શો તફાવત છે?

આહ! મારા બાળક, એ તો કૂતરા અને બિલાડી વચ્ચેનો તફાવત પૂછવા જેવી વાત છે!

(લાંબા સમય સુધી મૌન)

એવા કોઈ માણસની કલ્પના કરો કે જેણે એક યા બીજી રીતે ભગવાન વિષે કાંઈક સાંભળ્યું છે, અથવા જેને ભગવાન જેવી કોઈક વસ્તુના અસ્તિત્વ વિષે અંગત લાગણી છે, અને જે ભગવાન જેવા છે તેવા તેમને શોધી કાઢવા માટે, તેમની સાથે પરિચય પ્રાપ્ત કરવા માટે, તેમની સાથે જોડાઈ જવા માટે, સંકલ્પના, સંયમના, અભ્યાસના, એકાગ્રતાના — સર્વ પ્રકારના પ્રયત્નો કરે છે. તો તે માણસ યોગ કરે છે.

જો તે માણસ પોતે ઉપયોગમાં લીધેલી સર્વ પ્રક્રિયાઓ નોંધી લે અને એ નિશ્ચિત પદ્ધતિ બનાવે, પોતે શોધી કાઢેલા નિયમોને સર્વસત્તાધીશ બનાવી દે. દા.ત. તે કહે કે ભગવાન આ પ્રકારના છે, તેમને પ્રાપ્ત કરવા માટે તમારે આમ કરવું જોઈએ, આવો અભિનય કરવો જોઈએ, આવું વલણ અપનાવવું જોઈએ, આ વિધિ કરવો જોઈએ, તમારે આને જ સત્ય તરીકે કબૂલવું જોઈએ, તમારે કહેવું જોઈએ કે "આ જ સત્ય છે અને તેને હું પૂરેપૂરી રીતે ચીટકી રહીશ; મારી આ પદ્ધતિ જ સાચી છે, આ એક જ પદ્ધતિ છે." જો આ બધાને લખી લેવામાં આવે, સંગઠિત કરવામાં આવે, નિશ્ચિત નિયમોમાં ગોઠવવામાં આવે, નિશ્ચિત વિધિઓમાં ગોઠવવામાં આવે, તો તે ધર્મ બની જાય છે.

ધર્મની આ પદ્ધતિથી માણસ ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે?

જે લોકો આધ્યાત્મિક ભવિતવ્યતાનું પોતામાં વહન કરતા હોય છે, ભગવાનનો સાક્ષાત્કાર કરવા જન્મ્યા હોય છે, ભગવાનથી સચેતન બનવા અને ભગવાનને જીવવા જનમ્યા હોય છે, તેઓ ગમે તે માર્ગનું અનુસરણ કરતા હોય, ગમે તે રીત અપનાવતા હોય, તેઓ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. અર્થાત્ ધર્મમાં

પણ એવા લોકો હોય છે, જેમને આધ્યાત્મિક અનુભૂતિ પ્રાપ્ત થયેલી હોય છે, જેમને ભગવાન પ્રાપ્ત થયા હોય છે — ધર્મને કારણે નહિ, પણ મોટે ભાગે ધર્મનું અનુસરણ કરવા છતાં, કારણ કે તેમનામાં આંતર આવેગ હતો, અને તે આવેગ તેમને, અનેક અવરોધો આવવા છતાં, ભગવાન પ્રત્યે દોરી ગયો હતો. દરેક વસ્તુ તેમના હેતુને સિદ્ધ કરવામાં મદદરૂપ બની ગઈ હતી.

પણ જો આ પ્રકારના લોકો પોતાની અનુભૂતિને વ્યક્ત કરવા માગતા હોય છે, તો તેઓ પોતે જે ધર્મમાં ઉછર્યા હતા તેની પરિભાષાનો ઉપયોગ સ્વાભાવિક રીતે જ કરતા હોય છે. પરિણામે તેઓ પોતાની અનુભૂતિને મર્યાદિત બનાવી દે છે, અનિવાર્ય રીતે તેને સાંપ્રદાયિક બનાવી મૂકે છે. પણ તેઓ પોતે સર્વ રૂપોથી, સર્વ મર્યાદાઓથી, સર્વ રૂઢિઓથી પર ચાલ્યા ગયા હોય છે, અને તેમણે તદ્દન વિશુદ્ધ, સાચી અનુભૂતિ પ્રાપ્ત કરી હોય છે.

મધુર માતાજી, અત્યારે જગતમાં ઘણા-ખરા લોકો ધર્મનું અનુસરણ કરતા હોય છે. તેમને મદદ મળી રહે છે?

બહુ નહિ.

કદાચ હમણાં-હમણાં લોકો ફરી ધર્મને સ્વીકારતા બન્યા છે. પણ આ સદીની શરૂઆતમાં, ઘણા લાંબા સમય સુધી, તે લોકો ધર્મને જ્ઞાનનો વિરોધી ગણીને તેનો ત્યાગ કરતા હતા; કમથી કમ બુદ્ધિશાળી લોકો તો તેમ જ કરતા હતા. માત્ર તાજેતરમાં જ લોકો કેવળ વાસ્તવિકતા-વાદથી કાંઈક બીજી વસ્તુ પ્રત્યે પાછા વળવાની શરૂઆત કરવા લાગ્યા છે.

માણસો સામાજિક ટેવ વડે ધર્મને અનુસરતા હોય છે, જેથી સમાજના બીજા લોકો તેમને ઘૃણાની દૃષ્ટિથી ન જુએ. દા.ત. ગામડામાં ધાર્મિક વિધિઓમાં હાજરી ન આપવી તે કઠિન છે, કારણ કે બધા પડોશીઓ તમારી સામે આંગળી ચીંધી તમને નાસ્તિક કહેશે. પણ તેને આધ્યાત્મિક જીવન સાથે કોઈ સંબંધ નથી.

(મૌન)

પહેલી વાર જ્યારે હું ભારતમાં આવી, ત્યારે એક જાપાનની નૌકામાં આવી હતી. તે નૌકામાં બે પાદરીઓ હતા. તેઓ ભિન્ન-ભિન્ન સંપ્રદાયના, પ્રોટેસ્ટન્ટ પાદરીઓ હતા. તેઓ કયા સંપ્રદાયના હતા તે મને બરાબર યાદ

નથી, પણ તે બંને અંગ્રેજો હતા. હું ધારું છું કે એક એંગ્લીકન હતો, અને બીજો પ્રેસ્બીટેરિયન હતો.

રવિવાર આવ્યો. નૌકામાં ધાર્મિક વિધિ થવાની હતી; નહિ તો અમે બધા નાસ્તિકો ગણાઈએ — જાપાનિઝ લોકોની પેઠે! પણ સવાલ એ હતો કે તે વિધિ કોણ કરે? એંગ્લીકન કે પ્રેસ્બીટેરિયન? તે પ્રશ્ન પર તેઓ લડી પડવાની અણી પર આવી ગયા હતા. આખરે એક જણ ગૌરવ-પૂર્વક તેમાંથી પાછો ખસી ગયો — તે કોણ હતો તે મને બરાબર યાદ નથી, પણ ઘણે ભાગે તે એંગ્લીકન હતો. પ્રેસ્બીટેરિયને એ વિધિ કરી.

તે વિધિ વહાણના નીચેના ખુલ્લા ભાગમાં કરવામાં આવ્યો હતો. અમારે તે જગ્યાએ જવા માટે કેટલાંક પગથિયાં ઊતરીને જવાનું હતું. તે દિવસે બધા લોકોએ પોતાનાં જાકીટ પહેર્યા હતાં. અમે રાતા સમુદ્રમાં હતાં, ગરમી હતી. તેમણે જાકીટ પહેર્યા, કડક કૉલરો પહેર્યા, ચામડાના બૂટ પહેર્યા, નેકટાઈ પહેરી, માથા પર હેટ મૂકી. બગલમાં પુસ્તક લઈને તે ચાલ્યા. તૂતકમાંથી તે નીચેની જગ્યા સુધી તેઓ લગભગ વરઘોડા-રૂપ પંક્તિબદ્ધ થઈને ચાલ્યા. સન્નારીઓએ પોતાની હેટ પહેરી હતી. કેટલાકના હાથમાં છત્રીઓ પણ હતી. તેમની બગલમાં પણ પુસ્તક હતું, પ્રાર્થના-પુસ્તક.

બધાં નીચેની જગ્યાએ ટોળે મળ્યાં. પ્રેસ્બીટેરિયને પ્રવચન કર્યું. દરેક જણે ધર્મભાવના-પૂર્વક તે સાંભળ્યું. જ્યારે તે વિધિ પતી ગયો, ત્યારે બધાં ઉપર પાછાં આવ્યાં. દરેક જણના મુખ પર પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ દેખાતો હતો. પાંચ મિનિટ પછી તેઓ બારમાં જઈ દારૂ પીવા લાગ્યાં, પત્તાં રમવા લાગ્યાં. ધાર્મિક વિધિને બધા ભૂલી ગયાં હતાં. તેમણે પોતાની ફરજ પતાવી દીધી હતી; પછી તેને વિષે કાંઈ કહેવાનું બાકી રહ્યું ન હતું.

મારી પાસે આવીને થોડીઘણી નમ્રતાપૂર્વક પાદરીએ પૂછ્યું કે તમે વિધિમાં કેમ હાજર ન રહ્યાં? મેં તેને જવાબ આપ્યો, "હું દિલગીર છું, પણ હું ધર્મમાં માનતી નથી."

"ઓહ, ઓહ, તમે ભૌતિક-વાદી છો?"

"ના, ના, જરા પણ નહિ."

"ઓહ, તો પછી તમે વિધિમાં કેમ હાજર ન રહ્યાં?"

મેં કહ્યું: "જો હું તમને સાચી વાત જણાવું, તો તમે નાખુશ બનો; કદાચ હું કાંઈ જ ન કહું તે વધારે સારું છે."

પણ તેણે ખૂબ આગ્રહ કર્યો. એટલે છેવટે મેં કહ્યું: "જરાક જોવા માટે

કોશિશ કરો. તમે સાચા દિલના હો એમ મને લાગતું નથી — તમે પણ નહિ અને તમારા અનુયાયીઓ પણ નહિ. તમે બધાં ત્યાં સામાજિક ફરજ બજાવવા માટે, સામાજિક રૂઢિ પતાવવા માટે ગયાં હતાં. પણ ભગવાન સાથે સંબંધમાં પ્રવેશવા ખરેખર ગયાં ન હતાં."

"ભગવાન સાથે સંબંધમાં પ્રવેશવા? પણ આપણે તેમ કરી શકીએ તેમ નથી! આપણે તો માત્ર કેટલાક સારા શબ્દોનું કથન કરી શકીએ, પણ ભગવાન સાથે સંબંધમાં પ્રવેશવાની શક્તિ આપણામાં નથી."

"તેથી જ હું તમારાં બધાંની સાથે જોડાઈ ન હતી; મને તેમાં રસ નથી."

ત્યાર પછી તેણે મને ઘણા સવાલો પૂછ્યા. તેણે કબૂલ કર્યું કે હું નાસ્તિકોને ખ્રિસ્તી બનાવવા માટે ચીનમાં જાઉં છું. તે સાંભળીને હું ગંભીર બની ગઈ. મેં તેને કહ્યું, "સાંભળો. તમારો ધર્મ જન્મ્યો ત્યાર પહેલાં પણ, બે હજાર વર્ષ પહેલાં પણ, ચીની લોકો પાસે એક ઉચ્ચ પ્રકારનું તત્ત્વચિંતન હતું, તેઓ ભગવાન પ્રત્યે લઈ જનાર માર્ગને જાણતા હતા. તેઓ પશ્ચિમના લોકોને જંગલી માને છે. એટલે શું તમે તમારા કરતાં વધારે જાણનાર લોકોને ખ્રિસ્તી બનાવવા માટે ચીનમાં જાઓ છો? ત્યાં જઈને તમે તેમને શું શિખવાડવાના હતા! દિલની સચ્ચાઈ ન રાખવાનું, ગહન તત્વચિન્તનને અનુસરવાને બદલે અને આધ્યાત્મિક ચેતના પ્રત્યે લઈ જનાર વૈરાગ્યમય જીવનને બદલે, પોકળ વિધિ કરવાનું શિખવાડશો? મને નથી લાગતું કે તમે ત્યાં બહુ સારું કામ કરવા જઈ રહ્યા છે.

તે બિચારો પાદરી ગુંગળાઈ ગયો. તેણે મને કહ્યું કે "આહ, મને દહેશત લાગે છે કે તમારા શબ્દોથી મને ખાતરી થતી નથી."

મેં જવાબ આપ્યો, "ઓહ! હું તમને ખાતરી કરાવી આપવાનો પ્રયત્ન નથી કરતી. મેં માત્ર પરિસ્થિતિનું તમારી આગળ વર્ણન કર્યું છે. મેં માત્ર એટલું જ કહ્યું છે કે જંગલી લોકો સંસ્કૃતિવાળા લોકોને શિખવાડવા માટે તેમના દેશમાં જવાની ઇચ્છા શા માટે રાખતા હશે? તે લોકો તો તમે જે શિખવાડવા જાઓ છો તે વસ્તુને ઘણા લાંબા સમયથી જાણે છે. બસ, એટલું જ."

ત્યાં મારો તેની સાથેનો પ્રસંગ પતી ગયો.

માતાજી, બુદ્ધની પરંપરામાં એમ કહેવામાં આવ્યું છે કે...

ઓહ! ઓહ! તમે બૌદ્ધ બનતા જાઓ છો. તે એક ફૅશન છે.

કહો?

તે પરંપરા કહે છે કે બુદ્ધના જન્મ પછી, પચીસો વર્ષ પછી...

હા, બુદ્ધ નવીન બૌદ્ધ-ધર્મ શિખવાડવા માટે પાછા પૃથ્વી પર આવશે. તમે તે કહેવા માગો છો?

એમ લાગે છે કે તેમના ધર્મનો અંત આવશે, અને તેની જગ્યાએ કોઈ નવીન વસ્તુ આવશે.

હા, પેલા એક્સ નામના સજ્જને તમને તેમ કહ્યું હતું?

પણ તે તેમનો સિદ્ધાંત છે. તેમણે મને પણ કહ્યું હતું કે શ્રી અરવિંદે બુદ્ધના ઉપદેશોનો સાક્ષાત્કાર કર્યો છે. તમે તે કહી રહ્યા છો? તમે તેમના પ્રવચનમાં ગયા ન હતા? ના. તો પછી તમે શું પૂછવા માગતા હતા?

આવતી કાલે બુદ્ધના જન્મને ૨૫૦૦ વર્ષ પૂરાં થાય છે. નવીન વસ્તુ સાથે આ સુસંગત થાય છે?

કયી નવીન વસ્તુ?

નવીન અતિ-માનસિક આવિર્ભાવ.

ઓહ! સાંભળો. જ્યારે માણસ કોઈક ખળભળાટ મચાવી મૂકે તેવી શોધ કરવા માગતો હોય ત્યારે તે જેવી વાત કરતો હોય છે, તેના જેવી મને આ વસ્તુ લાગે છે.

ધર્મશાસ્ત્રો વિષે સમજૂતી આપવાની ઘણી રીતો હોય છે. માણસ તે સમજૂતી પોતાની પસંદગી અનુસાર કરતા હોય છે.

(મૌન)

તે મને કોઈક વસ્તુની યાદ અપાવે છે : (એક શિક્ષક તરફ વળીને) જેમના વડે હીરોગ્લીફ (ગૂઢ લિપિ) વાંચી શકાય તેવા ધ્વનિઓ તેમણે શોધી કાઢ્યા છે?

ઈજિપ્તની?

હા, હીરોગ્લીફ ઈજિપ્તમાં હતી!

હું એમ ધારું છું.

તેને અર્થ એ થયો કે પાંચ હજાર વર્ષ પહેલાં બોલાતી ભાષાની શોધ તેમણે કરી છે?

હું એમ માનું છું. કેટલીક હીરોગ્લીફ (ગૂઢ લિપિ) ધ્વનિમય હોય છે.

ધ્વનિમય! આ માહિતી આપણે શેમાંથી મેળવી શકીએ?

માતાજી, આપણી લાયબ્રેરીમાંથી મળી આવે તેમ છે.

ઓહ! હું આશ્ચર્ય પામતી હતી કે તે લોકોએ કેવી રીતે ફેરોઆનાં તથા દેવોનાં નામ ફરી પ્રાપ્ત કર્યાં હશે? સ્વાભાવિક રીતે જ, તાજેતરના લોકોએ તેમને વિષે કથન કર્યું છે. ગ્રીક લોકો અને ફિનિશિયન લોકો તેમને વિશે કથન કરે છે. તેમની પાસે ધ્વનિમય લિપિ હતી. પણ ત્યાર પહેલાનું શું? પ્રથમના ફેરોઆનાં અને દેવોનાં નામ કોણે શોધી કાઢ્યાં હતાં?

પરંપરા એવી છે કે રોસેટ્ટા — શિલા વડે ચંપોલિઓન લોકોએ તે નામો શોધી કાઢ્યા હતાં. તે શિલાલેખો ઈજિપ્શિયન, ગ્રીક, અને કોપ્ટિક ભાષાઓમાં હતા. તેના વડે તેઓ તે સમસ્યાને ઉકેલી શક્યા હતા.

ઈજિપ્શિયન અને ગ્રીક ભાષાઓમાં તે જ વસ્તુ લખાયેલી હતી તે બાબત તેને ખાતરી હતી? તે ખાતરી તેણે કેવી રીતે પ્રાપ્ત કરી હતી?

એવો એક અસ્પષ્ટ વિચાર હતો કે તેમાં અમુક ઉલ્લેખાયેલા મુદ્દા હતા, સામ-સામી ચેક કરી શકાય તેવા લેખો હતા.

પણ તે તો અર્થ માટેની વાત થઈ, ધ્વનિઓ માટેની નહિ.

હા.

દીક્ષા-શાળાઓમાં કયી ભાષા બોલાતી હતી? તે લોકો કેવી રીતે પોતાની જાતને અભિવ્યક્ત કરતા હતા?

હું જાણું છું કે શબ્દો માટે ધ્વનિઓ આપવામાં આવે છે. તેઓ તે ધ્વનિઓનું નિશ્ચિત ઉચ્ચારણ જાણે છે કે નહિ, તે જુદી વાત છે. પ્રાચીન ગ્રીકનું પણ નિશ્ચિત ઉચ્ચારણ તેઓ જાણતા નથી.

ગ્રીકનું ઉચ્ચારણ તેઓ જાણતા નથી?

તેનું ઉચ્ચારણ કેવી રીતે થતું હતું કે તેઓ જાણતા નથી.

પ્રાચીન ઈજિપ્તની ભાષા સૌથી પહેલી સંસ્કૃત ભાષાની સમકાલીન હતી કે તેના કરતાં પણ પહેલાંની? પછી વળી બીજી એક વાત : ઍસિરિયાની કુનીફોર્મ-લિપિ ધ્વનિમય હતી કે હીરોગ્લીફિક?

હું માનું છું કે તેમાં પણ ધ્વનિઓને વાંચવા એ શક્ય હતું, કારણ કે બાઇબલમાં આવતાં ઘણાં નામ યથાસ્થિત કરવામાં આવ્યાં છે, અને એમ માલૂમ પડ્યું છે કે તેમાં વિકૃતિઓ હતી, દા.ત. નબુશોડોન્સોરા.

હા, તેને બદલવામાં આવ્યું છે.

ધ્વનિઓ શોધી કાઢ્યાની તેમને પાકી ખાતરી છે કે નહિ...

હા, તે વાત મને વિચિત્ર લાગે છે. મારા હાથમાં એક પુસ્તક આવ્યું હતું, જેમાં નામોને પાછાં પૂર્વવત્ મૂકવામાં આવ્યાં હતાં, અને તે નામો જરાક વિચિત્ર લાગતાં હતાં! પણ તેમનું ઉચ્ચારણ કરવાની અમુક રીત તો જરૂર હશે જ. સૌથી પહેલાંની સંસ્કૃત ભાષા કરતાં વધારે પ્રાચીન કોઈ માનવ-ભાષા છે ખરી?

મને સૌથી પહેલાંની ભાષાની તવારીખની ખબર નથી.

એક છેલ્લી વસ્તુ : આ હીરોગ્લીફિક ઇજિપ્શિયન ભાષા કેલ્ડિયન અથવા આર્યન ભાષા સાથે સંબંધ ધરાવે છે? બધી ભાષામાં સંસ્કૃત-ધાતુઓ છે. હું ચોક્કસ પણે તે વાત પૂછવા માગતી હતી.

મેં ક્યાંક વાંચ્યું છે કે ઈજિપ્તના પુરોહિતો મંત્ર-પૂર્વક દીક્ષા આપતા હતા.

સંસ્કૃત મંત્રો? પણ ચોક્કસ તે વાત તમે કોઈ નવલકથામાં વાંચી હશે?

થોડાક સંસ્કૃત શબ્દો.

બધી ભાષાઓમાં અમુક વિકૃતિઓ સાથે સંસ્કૃત-ધાતુઓ છે. એક પ્રાચીન પરંપરા છે, જે આર્યન અને કેલ્ડિયન — બંને ભાષા-પ્રવાહો કરતાં વધારે પ્રાચીન હોવાને દાવો છે. પણ પ્રમાણમાં વધારે તાજેતરની ગ્રીક-ભાષાનું ઉદ્‌ગમસ્થાન આર્યન છે કે કેલ્ડિયન?

ગ્રીક તદ્દન આર્યન છે.

તદ્દન આર્યન.

ઈજિપ્શિયનનું ઉદ્‌ગમસ્થાન કેલ્ડિયન છે.

કેલ્ડિયન, હા. પણ સર્વત્ર ઇજિપ્શિયન અને ગ્રીકનું સંમિશ્રણ હતું.

ફિનિશિયન ભાષા વધારે પ્રાચીન હતી. લેખિત ભાષાના દૃષ્ટિબિન્દુથી જોતાં, તે ભાષા ગ્રીક કરતાં વધારે પ્રાચીન હતી.

પણ ફિનિશિયન ભાષા ધ્વનિમય છે.

અને હિરોગ્લીફ ઉપરથી નીચે લખાતી હતી, જમણી બાજુથી ડાબી બાજુએ લખાતી હતી, કે પછી ડાબી બાજુએથી જમણી બાજુએ?

જમણી બાજુએથી ડાબી બાજુએ.

કેલ્ડિયન ભાષાઓ જમણી બાજુએથી ડાબી બાજુએ લખાય છે. ચાઈનીઝ અને જાપાનીઝ ભાષાઓ પણ જમણી બાજુએથી ડાબી બાજુએ લખાય છે. માત્ર આર્યન ભાષાઓ ડાબી બાજુએથી જમણી બાજુએ લખાય છે.

(ધ્યાન)

ખૂબ સમય પછી, જ્યારે આ વાર્તાલાપ છપાયો હતો, ત્યારે એક શિષ્યે માતાજીને પૂછ્યું હતું, જેના ઉપરથી હિરોગ્લીફ ઉપર આ પ્રશ્નો ઉદ્ભવ્યા.

મને એક વાર તેમાં બહુ રસ પડતો હતો —તેમને જાણવામાં. તે સમયે વિદ્યમાન રહેલાં તત્ત્વોની સ્મૃતિ લાવવા માટે હું પ્રયત્ન કરતી હતી, પણ મને કોઈ પ્રત્યુત્તર મળતો નહિ. બધું ખાલીખમ જણાતું.

તમે કોઈ ધ્વનિ સાંભળેલા?

(થોડીક વાર મૌન પછી) જુઓ. હું તમને એક દાખલો આપીશ. બે વર્ષ પહેલાં મને 'ઝ' ના પુત્રનું દર્શન પ્રાપ્ત થયું હતું. તે સનારી પોતાના પુત્રને લઈને મારી પાસે આવી હતી. તે વખતે તેના પુત્રની ઉમ્મર એક વર્ષની હતી. જ્યાં હું લોકોને મુલાકાત આપું છું તે ખંડમાં મેં તે બાળકને જોયો હતો. મારા મન પર એવી છાપ પડી કે હું તેને બહુ સારી રીતે ઓળખું છું. પણ તે કોણ હતો તેની મને ખબર ન પડી. તે જ દિવસે બપોરે મને એક દર્શન લાધ્યું. તે દર્શન પ્રાચીન ઈજિપ્તનું હતું. તે જન્મમાં જાણે કે હું તે દેશમાં કોઈક મોટી પુરોહિત હતી — કોણ હતી તે મને બરાબર ખબર નથી. કારણ કે હું અમુક છું' એમ માણસ પોતાને કહેતો હોતો નથી. તાદાત્મ્ય પરિપૂર્ણ હતું, એટલે મને તે વાતની ખબર નથી. હું એક અદ્ભુત, વિશાળ, ઊંચા મકાનમાં હતી. પણ તે મકાન તદ્દન ખાલીખમ હતું. તેમાં અમુક જગ્યાએ માત્ર કેટલાંક ભવ્ય ચિત્રો હતાં. તેમાં મેં પ્રાચીન ઈજિપ્તનાં ચિત્રો ઓળખી કાઢ્યા. ખંડમાંથી બહાર નીકળીને હું એક વિશાળ ઓરડામાં પ્રવેશ કરતી હતી. ચારેય બાજુની ભીંતોની નીચે પાણી

એકત્રિત કરવા માટે એક ગટર જેવું હતું. તેમાં મેં એક અર્ધ-નગ્ન બાળકને રમતું જોયું. મને આઘાત થયો. હું બોલી કે આ તો કંટાળો આપે એવી વાત છે! પણ તે લાગણીઓનો, વિચારોનો મારી ચેતનામાં ફ્રેન્ચ ભાષામાં અનુવાદ થયો હતો. મેં શિક્ષકને બોલાવ્યો, તેને ઠપકો આપ્યો. મેં ધ્વનિઓ સાંભળ્યા. હું શું બોલી તેની મને ખબર નથી. અત્યારે મને તે ધ્વનિઓ જરા પણ યાદ નથી. હું જેમનું ઉચ્ચારણ કરતી હતી તે ધ્વનિઓ મેં સાંભળ્યા, તેમનો અર્થ પણ હું જાણતી હતી. પણ તેમનો અનુવાદ ફ્રેન્ચમાં હતો; ધ્વનિઓ હું યાદ કરી શકતી ન હતી. મેં તે શિક્ષકને કહ્યું કે તમે પેલા બાળકને તે ગંદી જગ્યામાં કેમ રમવા દો છો? તેણે મને જવાબ આપ્યો. તે સાંભળતાંવેંત હું જાગી ગઈ. તે જવાબના શરૂઆતના શબ્દો મને યાદ નથી, પણ મારા વિચારમાં તે જવાબ આ પ્રકારે આવ્યો હતો કે આમેનહોટેપને ત્યાં રમવું ગમે છે. આમેનહોટેપ — શબ્દ મને યાદ છે. એટલે મેં જાણ્યું કે તે બાળકનું નામ આમેનહોટેપ હતું.

મને ખબર છે કે હું બોલી હતી : કયી ભાષામાં હું બોલી હતી તે મને અત્યારે યાદ નથી, આમેનહોટેપ' મને યાદ છે, કારણ કે તેનું ભાન મને જાગ્રત-ચેતનામાં થયું હતું. પણ બીજા ધ્વનિઓ મારી ચેતનામાં રહ્યા નહિ. હું ધ્વનિઓને યાદ રાખી શકતી નથી.

હું જાણું છું કે હું તે બાળકની માતા હતી. તે ક્ષણે હું કોણ હતી તે હું જાણતી હતી, કારણ કે આમેનહોટેપ અમુક સન્નારીનો પુત્ર છે તે હું જાણું છું. વળી મેં ઇતિહાસ પણ મેળવી લીધો. નહિ તો તે વચ્ચેનો સંબંધ ખ્યાલમાં ન આવે, બધું ખાલીખમ જ રહે.

હું હમેશાં તે માધ્યમોની પ્રશંસા કરું છું — મોટે ભાગે તે બહુ સરળ લોકો હોય છે, જેઓ ધ્વનિને બરાબર યાદ રાખી શકે છે, જેઓ તમને કહી શકે છે કે જુઓ, મેં આમ કહ્યું હતું. તે રીતે માણસને ધ્વનિમય લિપિ પ્રાપ્ત થઈ શકે છે. મેં જે ધ્વનિઓનું ઉચ્ચારણ કર્યું હતું તેમને જો હું યાદ કરી શકું, તો આપણને તે લિપિ પ્રાપ્ત થાય; પણ મને તે ધ્વનિઓ યાદ નથી.

આ વાતચીત મને યાદ છે. ઓચિંતું મેં મારી જાતને કહ્યું કે જો કોઈ માણસ તે ભાષાને સાંભળે, તો તેને તેમાં ખૂબ રસ પડે. પછી કુતૂહલ વડે મેં મારી જાતને પૂછ્યું કે ઉચ્ચારણની શોધ તે લોકોએ કેવી રીતે કરી હશે? વળી, પ્રાચીન ઇતિહાસમાં આપણને બાળકોનાં જે નામ શિખવાડવામાં આવ્યાં હતાં, તે અત્યારે બદલાઈ ગયાં છે. તે લોકો કહે છે કે અમે ધ્વનિઓની શોધ કરી છે; કમથી કમ તેઓ એમ કર્યું હોવાનો દાવો કરે છે. પણ હું જાણતી નથી.

પ્રાચીન બેબિલોનની વાત પણ એવી જ છે. મારી સ્મૃતિ બહુ ચોક્કસ છે, નિશ્ચિત છે, પણ જ્યારે હું બોલું છું, ત્યારે હું જેમનું ઉચ્ચારણ કરું છું તે ધ્વનિઓ મને યાદ રહેતા નથી; માત્ર માનસિક અનુવાદ જ રહે છે.

ધ્વનિઓને યાદ રાખવામાં મારી યાદદાસ્ત બહુ સારી નથી.

આપે પ્રશ્નો પૂછવામાં જેનાથી પ્રેરાયાં હતાં, તે બાબત અંગે મને આશ્ચર્ય થાય છે.

બસ, એ જ હકીકત છે કે ધ્વનિઓ મને યાદ રહેતા નથી. કેટલાક લોકો ધ્વનિઓને યાદ રાખી શકે છે, પણ હું નહિ, એટલે મને તે જાણવામાં રસ પડે. બાકી તો, ભૂતકાળની કોઈ શંકાસ્પદ, રસપ્રદ, અથવા અપૂર્ણ વાતને મારી ચેતનામાં પાછી લાવવાનાં સાધનો પ્રાપ્ત કરી શકું છું. પણ ધ્વનિઓ મારી ચેતનામાં પાછા આવતા નથી. તે માનસિક અનુવાદના રૂપમાં મારી ચેતનામાં આવે છે, અને તેથી હું જે શબ્દોને જાણું છું તેમાં તેમનો માનસિક અનુવાદ મારી ચેતનામાં આવે છે. એટલે તે જરા પણ રસપ્રદ નથી રહેતું.

અત્યારે પણ, જ્યારે હું સંગીતનાં વાદ્ય વગાડું છું, ત્યારે તેના ધ્વનિઓની સ્મૃતિ અસ્પષ્ટ અને અપૂર્ણ હોય છે. સંગીતના ઉદ્‌ભવસ્થાનમાં (ઊર્ધ્વમાં કરાતા અભિનય સાથે) મેં સાંભળેલા ધ્વનિઓની સ્મૃતિ મને રહે છે, અને જ્યારે ભૌતિક સંગીત તે ધ્વનિઓનું જે થોડું-ઘણું સર્જન કરે છે, તેમને હું ઓળખી શકું છું. પણ તેમાં નિશ્ચિતતા — ચોક્કસતા નથી હોતી, કે જેથી હું, અવાજ વડે અથવા વાદ્ય વડે, તે નિશ્ચિત ધ્વનિનું પુનઃસર્જન કરી શકું. તે ધ્વનિ નથી આવતો, તેની ખોટ સાલતી હોય છે. પણ મારી આંખોની સ્મૃતિ બહુ બળવાન, આશ્ચર્યજનક છે. હું એક વાર જોઉં તે વસ્તુને હું કદી ભૂલતી નથી; તે મારી સ્મૃતિમાં ચોંટી જાય છે.

ઘણી વાર દર્શનાઓમાં — દર્શનાઓ એ ફરી વાર જીવાતી સ્મૃતિઓ છે — હું તે ભાષા બોલું છું, કે જે તે સમયે મેં મારી જાતને બોલતી સાંભળી હોય; પણ તેમાં ધ્વનિ રહેતો હોતો નથી. મેં જે કહ્યું હોય તેનો અર્થ રહેતો હોય છે, પણ ધ્વનિ નહિ.

તે એક કરુણતા છે.

*

વાર્તાલાપ — ૨૨

૩૦ મે ૧૯૫૬

"વિજ્ઞાનોમાં યોગીનું લક્ષ્ય આ હોવું જોઈએ કે માનવમાં, ભૂતોમાં, વસ્તુઓમાં, શક્તિઓમાં દિવ્ય ચેતના-શક્તિનું જ્ઞાન પ્રાપ્ત કરવું — શોધી કાઢવું, તેની સર્જનાત્મક અર્થવત્તાને — કામગીરીને — રહસ્યોને — જેમાં તે પોતાના આવિર્ભાવને વ્યવસ્થિત કરે છે તે પ્રતીકોને શોધી કાઢવાં."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૩૩)

મેં તમને સમજાવ્યું છે કે જો બાહ્ય રૂપોને, માત્ર તેમનામાં જ, તેમને માટે, તેમના બાહ્ય આભાસોમાં જ જોવામાં ન આવે, પણ જો તેમને એક ગહનતર અને વધારે સ્થાયી વાસ્તવિકતાની અભિવ્યક્તિ-રૂપે જોવામાં આવે — જો સાચે જ બધા સંયોગોમાં અને ઘટનામાં તે રીતે જોવામાં આવે, તો તે પીઠમાં રહેલી અને તેમનો પોતાની અભિવ્યક્તિ માટે ઉપયોગ કરતી, શક્તિનાં પ્રતીકો બની જાય છે. કોઈ પણ સંયોગ, રૂપ, કાર્ય, ગતિ એવી નથી કે જે કોઈ ગહનતર વસ્તુનું પ્રતીક ન હોય, જે પીઠમાં રહેલા અને સર્વ કાર્યને સાધારણ રીતે પ્રેરતા કોઈક તત્ત્વનું પ્રતીક ન હોય.

ચેતનાની અમુક સ્થિતિમાં, સર્વ શબ્દો, સર્વ અભિનયો, સર્વ કાર્યો એક ગહનતર અથવા ઉચ્ચતર વાસ્તવિકતાને અભિવ્યક્ત કરે છે, જે વાસ્તવિકતા વધારે સ્થાયી, વધારે તાત્વિક, અને વધારે સત્ય છે. એક વાર તે વાસ્તવિકતાનો અનુભવ થઈ જાય, તો પછી દરેક વસ્તુ અર્થ-પૂર્ણ બની જાય છે, પછી માણસ વધારે સ્પષ્ટતા-પૂર્વક જોઈ શકતો હોય છે કે વસ્તુઓને કેવી રીતે સંગઠિત કરવી — વ્યવસ્થિત કરવી કે જેથી એક ગહનતર સત્ય પોતાની જાતને અભિવ્યક્ત કરી શકે — અત્યારે કરે છે તેના કરતાં વધારે સારી રીતે.

"કલાઓમાં યોગીનું લક્ષ્ય માત્ર કલામય, માનસિક અથવા પ્રાણિક સંતોષ ન હોવો જોઈએ, પણ સર્વત્ર ભગવાનને જોવાનું, કાર્યોમાં રહેલા અર્થના પ્રગટીકરણ સાથે તે ભગવાનને પૂજવાનું તે એક ભગવાનને દેવોમાં, માનવોમાં, પ્રાણીઓમાં, અને પદાર્થોમાં અભિવ્યક્ત કરવાનું

લક્ષ્ય હોવું જોઈએ.” (એજન, પૃષ્ઠ ૧૩૩)

આપણે તે એક ભગવાનને કેવી રીતે અભિવ્યક્ત કરી શકીએ?

માણસ દેવોને, માનવોને, અથવા વસ્તુઓને — જે વિષયને અભિવ્યક્ત કરવા માગતો હોય, તેના પર તે આધાર રાખે છે.

જ્યારે કોઈ માણસ ચિત્ર ચીતરે છે, અથવા સંગીત રચે છે, અથવા કવિતા લખે છે, ત્યારે દરેક જણને અભિવ્યક્તિની પોતાની રીત હોય છે. દરેક ચિત્રકારને, દરેક સંગીતકારને, દરેક કવિને, દરેક શિલ્પકારને ભગવાન સાથે અદ્વિતીય, અંગત સંપર્ક હોય છે અથવા હોવો જોઈએ; અને પોતે જે કલા પર પ્રભુત્વ મેળવ્યું હોય તે કલા દ્વારા, પોતાની રીતે, પોતાના શબ્દો વડે પોતાના રંગો વડે, તેણે તે સંપર્કને અભિવ્યક્ત કરવો જોઈએ. પ્રકૃતિનાં બાહ્ય રૂપોની નકલ કરવાને બદલે, તે તે રૂપોને કોઈક બીજી વસ્તુનાં આવરણ-રૂપ ગણતો હોય છે, પીઠમાં રહેલી ગહન વાસ્તવિકતાઓ સાથે પોતાના સંબંધ-રૂપ ગણતો હોય છે, અને તે રૂપો તે વાસ્તવિકતાને અભિવ્યક્ત કરે તેવા પ્રયત્નો કરતો હોય છે. પોતે જે જુએ છે તેનું માત્ર અનુકરણ કરવાને બદલે, તે તે રૂપો પાસે તેમની પીઠમાં રહેલી વસ્તુનું કથન કરાવવા પ્રયત્ન કરતો હોય છે. આ જ વસ્તુ જીવંત કલાની અને પ્રકૃતિના નીરસ અનુકરણની વચ્ચેના તફાવતને પેદા કરે છે.

પોતાના હાથમાં રહેલા પુષ્પ પર માતાજી ધ્યાન કરે છે. તે સુવર્ણરંગી ચંપાનું પુષ્પ છે.

તમે આ પુષ્પને જોયું છે? તેને ચાર-ચાર પાંખડીઓવાળી ત્રણ હાર-માળાઓ હોય છે; કુલ બાર પાંખડીઓ હોય છે. અમે તેને “અતિ-માનસિક માનસશાસ્ત્રીય પરિપૂર્ણતા” નામ આપ્યું છે.

મેં તેને ત્રણ હાર-માળાઓ છે તે બરાબર જોયું ન હતું. એક આવી નાની હાર-માળા, પછી એક વધારે મોટી હાર-માળા, અને પછી ત્રીજી એક તેથી પણ વધારે મોટી હાર-માળા (પંક્તિ). તે ચાર-ચાર પાંખડીઓના ક્રમમાં છે — ચાર પાંખડીઓ, વળી પાછી ચાર પાંખડીઓ, અને વળી પાછી ચાર પાંખડીઓ.

જો માણસ પ્રકૃતિનાં રૂપમાં પ્રતીકમય અભિવ્યક્તિ જોવા માગતો હોય, તો તે એક કેન્દ્ર જોઈ શકે, જે પરમ સત્ય છે, અને તે ત્રિવિધ આવિર્ભાવ જોઈ

શકે, કારણ કે 'ચાર'ની સંખ્યા આવિર્ભાવ સૂચવે છે. તે આવિર્ભાવ ત્રણ, એક ઉપર બીજું એમ, જગતોમાં પ્રગટ થાય છે. એક ખૂબ બાહ્ય જગત, જે વધારે મોટી પાંખડીઓ વડે સૂચિત થાય છે; તેનો રંગ બહુ હળવો હોય છે; તે ભૌતિક જગત છે. પછી પ્રાણિક જગત છે, પછી માનસિક જગત છે. અને કેન્દ્રમાં અતિ-માનસિક સત્ય છે.

બીજી અનેક પ્રકારની સમાનતાઓ તમે શોધી કાઢી શકો છો. હવે કોઈ પ્રશ્ન પૂછવો છે?

માતાજી, કાર્યોના વિભાગ વિષે શ્રી અરવિંદ અહીં લખે છે : "પરમાત્માના સર્વ-આલિંગક સાક્ષાત્કાર પ્રત્યે વળેલો યોગી વૈશ્વિક આત્માનાં કાર્યોનો અથવા સ્વપ્નોનો — જો તે સ્વપ્નો હોય તો — તિરસ્કાર નહિ કરે, અથવા માનવ-પ્રાણીમાં પોતાને જે ભવ્ય પરિશ્રમ અને બહુમુખી વિજય વૈશ્વિક આત્માએ સોંપ્યાં છે તેમાંથી પીછેહઠ નહિ કરે. પણ આ ઉદારતાની પ્રથમ શરત એ છે કે જગતમાંનાં આપણાં કાર્યો પણ માત્ર ઉચ્ચતમ ભગવાનને સમર્પિત થયેલા યજ્ઞ-રૂપ હોવાં જોઈએ, દિવ્ય શક્તિને — બીજી કોઈ શક્તિને સમર્પિત થયેલાં ન હોવાં જોઈએ, અને તે પણ સાચી ભાવના અને સાચા જ્ઞાનપૂર્વક મુક્ત આત્મા વડે — ભૌતિક પ્રકૃતિના વશવર્તી ગુલામ વડે સમર્પિત થયાં હોવાં ન જોઈએ. જો કાર્યોનું વિભાગીકરણ કરવાનું હોય, તો તે પવિત્ર જ્વાળાના હૃદયના નિકટતમ લોકો વચ્ચે અને તેનાથી અસ્પષ્ટ લોકો વચ્ચે થવું જોઈએ; અથવા બળપૂર્વક તેજોમય રીતે પ્રજ્વલિત થતાં ઈન્ધન વચ્ચે અને એવાં કાષ્ઠો વચ્ચે કે જેમનો વેદિ પર ખૂબ ઢગલો કરવામાં આવે તો, તેમની ભીનાશ — વજન — અને વિખરાઈ ગયેલી પુષ્કળતાને કારણે અગ્નિની ઉત્કટતામાં અવરોધ ઊભો કરે.

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૩૨)

માનસ-શાસ્ત્રીય દૃષ્ટિથી જોતાં, આ વિભાગીકરણ આપણા જીવનમાં શેની સમાન છે?

હું ધારું છું કે દરેક જણ માટે તે ભિન્ન-ભિન્ન હોય છે. એટલે દરેક જણે એવી ક્રિયાઓ શોધી કાઢવી જોઈએ કે જે તેની અભીપ્સામાં, ચેતનામાં, વસ્તુઓના

ગહનતર જ્ઞાનમાં વૃદ્ધિ કરે, અને તેથી વિરુદ્ધની જે ક્રિયાઓ તેને યાંત્રિક બનાવે, ભૌતિક વસ્તુઓના જ પૂરા સંબંધમાં પાછો લાવીને મૂકે.

એક સામાન્ય નિયમ ઘડી કાઢવો તે કઠિન છે.

તેનો શું એવો અર્થ થાય છે કે દરેક વસ્તુ બરાબર યજ્ઞ-રૂપે, બલિ-રૂપે કરાવી જોઈએ?

સાચું કહીએ તો, તેનો આધાર વસ્તુની પોતાની પર નથી, પણ વધારે પ્રમાણમાં તે વસ્તુ કેવી રીતે કરાય છે તેના પર છે.

ઝાડુ દેવાનું અથવા ઓરડીને સ્વચ્છ બનાવવાનું — એવું ભૌતિક કાર્ય તમે હાથમાં લેતા હો. મને લાગે છે કે જો તે કાર્ય અમુક પરિપૂર્ણતાની — પ્રગતિની ભાવના-પૂર્વક કરવામાં આવે, તો લાભ થાય; અને જો અધ્યયન કરવાનું, સાહિત્યિક અથવા કલામય ઉચ્ચ કાર્ય માત્ર કીર્તિ મેળવવા માટે, મિથ્યાભિમાનને સંતોષવા માટે, અથવા કોઈક ભૌતિક લાભ માટે કરવામાં આવે, તો તે તમને પ્રગતિમાં મદદ નહિ કરે. એટલે આ એક પ્રકારનું વર્ગીકરણ છે, જે વધારે પ્રમાણમાં આંતર વલણ પર આધાર રાખે છે, બાહ્ય હકીકત પર નહિ. પણ આ વર્ગીકરણ દરેક વસ્તુને લાગુ પાડી શકાય તેમ છે.

અલબત્ત, અમુક કાર્ય કેવળ ધન-પ્રાપ્તિ માટે, અંગત કારણોસર કરાતું હોય છે, દા. ત. આજીવિકા મેળવવા માટે. તે વલણને જ શ્રી અરવિંદ ભીના કાષ્ઠ સાથે સરખાવે છે, જે અગ્નિને હોલવી નાખે છે. તે કાર્યમાં કાંઈક અંધકારમય, વજન-પૂર્વક જડ રહેલું હોય છે.

આ એવી એક વસ્તુ પ્રત્યે આપણને લઈ જાય છે કે જેની વાત મેં તમને અનેક વાર કરી છે, પણ જે સમસ્યાનો ઉકેલ સંજોગો હજી સુધી આપી શક્યા નથી. મેં તમને તેની વાત અનેક વાર કરી છે. પણ આજે સાંજે હું ફરી એક વાર તે વિષે તમને કહીશ, કારણ કે શ્રી અરવિંદ આ પંક્તિમાં તેનો જ ઉલ્લેખ કરે છે.

મારા અત્યારના પાર્થિવ અસ્તિત્વના પ્રારંભમાં, મારા સંપર્કમાં આવેલા ઘણા લોકોએ મને કહ્યું હતું કે "અમારામાં મહાન આંતર અભીપ્સા છે, કોઈક ગહનતર, વધારે સાચી વસ્તુ પ્રત્યે આવેગ છે; પણ કમાવાના — આજીવિકા પ્રાપ્ત કરવાના પાશવી બંધનમાં અમે ખૂબ જકડાઈ ગયેલા છીએ. તેનું વજન અમને બહુ ભારે લાગે છે. તે અમારાં સમય-શક્તિને ખલાસ કરી દેતાં હોય છે.

પરિણામે, અમે કોઈ બીજી, બાહ્ય અથવા આંતર પ્રવૃત્તિમાં પડી શકતા હોતા નથી." ઘણા બિચારા ગરીબડા લોકોને મેં એમ કહેતા સાંભળ્યા છે — ધનની દૃષ્ટિએ ગરીબ નહિ, પણ સંકુચિત, જડ બનાવી મૂકે તેવી, ભૌતિક જરૂરિયાતમાં તેઓ કેદી બની ગયા હોય છે તે દૃષ્ટિથી.

તે વખતે હું બહુ જુવાન હતી, અને હું હમેશાં મારી જાતને કહેતી હતી કે જો બની શકશે, તો હું એક એવું નાનકડું જગત સર્જવા કોશિશ કરીશ કે જ્યાં લોકોને અન્ન-નિવાસ-વસ્ત્ર વગેરે જીવનની જરૂરિયાતોની ચિંતા ન કરવી પડે, જેથી ભૌતિક જીવનની સલામતીને કારણે તેઓ સ્વયંભૂ રીતે જ દિવ્ય જીવન તરફ અને આંતર સાક્ષાત્કાર તરફ વળી શકે.

મારા જીવનના મધ્ય-ભાગમાં મને તે માટેનાં સાધન પ્રાપ્ત થયાં, અને હું જીવનની તે પ્રકારની પરિસ્થિતિનું સર્જન કરી શકી. પછી હું આ નિગમન પર આવી છે કે પોતાની જાતને આંતર સાક્ષાત્કાર પ્રત્યે સમર્પિત કરી દેવામાં લોકોને આ જરૂરિયાત બાધા નથી ડાલતી, પણ તે એક પ્રકારની જડતા, તમસ્, અભીપ્સાનો અભાવ, દયાપાત્ર શિથિલતા, બેદરકારીનું વલણ બાધા ડાલતાં હોય છે. ઊલટું જે લોકો જીવનની વધારેમાં વધારે મુશ્કેલીઓનો સામનો કરતા હોય છે, તેઓમાં કેટલીક વાર વધારેમાં વધારે ઉત્કટ અભીપ્સા હોય છે.

બસ. તે વાતથી વિરુદ્ધની વાત સાબિત થાય તેની હું રાહ જોઈ રહી છું; પણ હજી સુધી હું તે જોઈ શકી નથી. અહીં લોકોને ભોજનની, નિવાસ-સ્થાનની, વસ્ત્રોની ચિંતા બિલ્કુલ નથી કરવી પડતી. પરિણામે તેમની ઘણી શક્તિઓ ફાજલ પડતી હોય છે. પણ તેમનો ઉપયોગ તે લોકો વધારે ઉત્કટ અભીપ્સા પ્રાપ્ત કરવામાં કરતા હોતા નથી. તેમનો ઉપયોગ તો તેઓ માત્ર આલસ્યમય મૂર્ખતાઓમાં કરતા હોય છે. તે બધી મૂર્ખતાઓમાં મને જીભ ચલાવ્યા કરવાની મૂર્ખતા સૌથી વધારે ખતરનાક લાગે છે. અહીં — આશ્રમમાં લોકો બબડાટ કર્યા જ કરતા હોય છે. લોકો અહીં જેટલું નિરર્થક બોલ્યા કરે છે, તેવું મેં બીજી કોઈ પણ જગ્યાએ જોયું નથી. અહીં લોકો ના કહેવા જેવી વસ્તુઓ કહેતા હોય છે, દરકાર ન રાખવા જેવી વસ્તુઓની દરકાર કરતા હોય છે. હું જાણું છું, કે તે નહિ વપરાયેલી શક્તિનો ઉભરો-માત્ર છે.

બસ. એટલે માણસ માનતો હોય છે તેવું કાર્યોનું વર્ગીકરણ નથી હોતું.

*

વાર્તાલાપ — ૨૩

૬ જૂન ૧૯૫૬

એકાદ-બે વાર, એક ગમ્મત તરીકે આપે આપનું અથવા શ્રી અરવિંદનું એક પુસ્તક ઉઘાડ્યું હતું અને જે પૃષ્ઠ હાથમાં આવી ગયું તેમાંથી એક વાક્યનું વાચન કર્યું હતું. આ વાક્યો આપણને કોઈક ચિહ્ન અથવા સૂચન આપી શકે? સાચો જવાબ મેળવવા માટે આપણે શું કરવું જોઈએ?

દરેક જણ તે કરી શકે છે. તે આમ કરી શકાયઃ તમે ધ્યાન કરો. તેનો આધાર તમે શું માગતા હો છો તેના પર છે. જો તમારામાં કોઈ આંતર સમસ્યા ઊભી થઈ હોય અને તમે તેનો ઉકેલ માગતા હો, તો તમે તે સમસ્યા પર ધ્યાન કરો. તમે કયી સ્થિતિમાં છો તે જો તમે જાણવા માગતા હો, તો તમારે માત્ર આરાધના-પૂર્વક પ્રકાશની માગણી કરવાની જરૂર છે. અદૃશ્ય જ્ઞાન તમને શું કહે છે તે જ માત્ર જો તમે જાણવા માગતા હો, તો તમારે એક ક્ષણ માટે મૌન રહેવું જોઈએ અને પછી પુસ્તક ઉઘાડવું જોઈએ. હું હમેશાં એવી ભલામણ કરું છું કે કાગળ કાપવાનું, એક નાનું ચપ્પુ તમારી પાસે રાખો, અને તેના છેડા — અણીના ભાગ વડે કશુંક સૂચવો. જો તમને ધ્યાન — એકાગ્રતા કરતાં આવડતું હશે, અને જવાબ મેળવવા માટે સાચી અભીપ્સાપૂર્વક જો તમે તેમ કરતા હશો, તો તે પૃષ્ઠ પર તે જ વિષય હમેશાં આવશે જ.

કારણ કે આ પ્રકારનાં આવિર્ભાવનાં પુસ્તકોમાં (માતાજી ધ સિન્થેસિસ ઑફ યોગ-પુસ્તક બતાવે છે) હમેશાં શક્તિઓનો — ખાસ કરીને બૌદ્ધિક શક્તિઓનો સંગ્રહ હોય છે; ઘણી વાર આધ્યાત્મિક જ્ઞાનની ઉચ્ચતમ શક્તિઓનો સંગ્રહ હોય છે. તેમાં રહેલા શબ્દોને કારણે, તેવું દરેક પુસ્તક શક્તિઓનું સંગ્રાહક હોય છે. લોકો આ વાત જાણતા હોતા નથી, કારણ કે તેમને એવા પુસ્તકનો ઉપયોગ કેમ કરવો તે આવડતું હોતું નથી; પણ હકીકત મેં કહી તેવી જ હોય છે. તે જ રીતે, દરેક ચિત્રમાં, ફોટોગ્રાફમાં, જે વ્યક્તિનું તે ચિત્ર અથવા ફોટો હોય તેની શક્તિ હોય છે, જો તે વ્યક્તિમાં શક્તિઓ હોય તો તે શક્તિઓનું બળ, તે વ્યક્તિનો સ્વભાવ હોય છે. જો તમે સાચા દિલના અને અભીપ્સાવાળા હો, તો તમારામાંથી તમારી અભીપ્સાનું આકંપન પ્રગટતું

હોય છે, જે પુસ્તકમાં રહેલાં તે પ્રકારનાં આકંપનોને જઈને મળે છે, અને ઉચ્ચતર ચેતના તમને તમારા સવાલોના જવાબ આપતી હોય છે.

શક્યતારૂપે દરેક વસ્તુનો તેમાં સમાવેશ થયેલો હોય છે. સમગ્રના દરેક અણુમાં સમગ્રની શક્તિ હોય છે. આ વાત સમજાવવી તે જરાક કઠિન છે, પણ દાખલો આપવાથી તમને તે સમજાશે. જ્યારે લોકો જાદુનો પ્રયોગ કરવા માગતા હોય છે, ત્યારે જો તેમની પાસે એક નખનો કટકો અથવા એક વાળ હોય, તો તે પૂરતો છે, કારણ કે તે કટકામાં અથવા વાળમાં તે માણસનું સમગ્ર અસ્તિત્વ રહેલું હોય છે. પુસ્તકમાં તે પુસ્તકના લેખકનું જ્ઞાન, વ્યક્તરૂપે નહિ પણ શક્યતારૂપે, સમાયેલું હોય છે. આ રીતે શ્રી અરવિંદમાં જ્ઞાનની અને શક્તિની સમગ્રતા હતી, અને તેમનું દરેક પુસ્તક તે જ્ઞાનનું અને શક્તિનું પ્રતિનિધિ હોય છે, પ્રતીક હોય છે. એટલે જો તમે પુસ્તક પર એકાગ્રતા કરો, તો તમે પુસ્તક દ્વારા તેના ઉદ્‌ગમ-સ્થાનને પહોંચી જતા હો છો. અને માત્ર પુસ્તક વાંચવાથી તે પુસ્તકમાં હોય છે તેના કરતાં અનેક-ગણું વધારે તમે પ્રાપ્ત કરી શકો છો.

પુસ્તકને વાંચવાની અને સમજવાની એક રીત હોય છે, જે તમે માગતા હો તે જવાબ આપે છે. તે અકસ્માત, મનોવિનોદ, કે ગમ્મત નથી. તમે તે રીતે વાંચો, અને તમને કશું જ પ્રાપ્ત નહિ થાય, તમારો જવાબ તમને નહિ મળે, તમને તેમાં રસ નહિ પડે. પણ જો તમે ગંભીરતાપૂર્વક તેના પર એકાગ્ર થવાનો પ્રયાસ કરો, જો તમારી અભીપ્સા ગંભીરતાપૂર્વક તેના પર એકાગ્ર બને, તો તે શક્તિયુક્ત બેટરી છે. જો તમારી અભીપ્સા તે શક્તિ સાથે સંપર્કમાં આવવા અને જોઈતો જવાબ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે, તો સ્વાભાવિક રીતે જ તે પુસ્તકમાં જે શક્તિ હોય છે તેનું અને તમે જે શક્તિ તમારી અભીપ્સામાંથી મોકલો છો તેનું, તે બે શક્તિઓનું મિલન થાય છે, અને તે તમારા હાથને અથવા કાગળ કાપવાના ચપ્પુને તમે જે જવાબ માગતા હો તે જે પૃષ્ઠ પર હોય તે પૃષ્ઠ પર દોરી જાય છે. જો માણસ તે દિલની સચ્ચાઈ વગર અને ખાતરી વગર કરે, તો કાંઈ જ બનતું હોતું નથી. જો તે ક્રિયા દિલની સચ્ચાઈપૂર્વક કરવામાં આવે, તો તેને જોઈતો જવાબ તે પૃષ્ઠ પર મળી જાય છે.

કેટલાંક પુસ્તકોમાં બીજાં પુસ્તકો કરતાં વધારે શક્તિ સંગ્રહીત થયેલી હોય છે. બીજાં પુસ્તકોમાં ઓછું સ્પષ્ટ પરિણામ આવે છે.

પણ જે પુસ્તકોમાં સૂત્રો અને ટૂંકાં વાક્યો હોય છે, બહુ લાંબી તત્ત્વ-ચિંતનીય સમજૂતીઓ નહિ, પણ સંક્ષિપ્ત, નિશ્ચિત રૂપવાળી વસ્તુઓ, તેમના પર આ એકાગ્રતાની ક્રિયાને કરવાથી વધારેમાં વધારે સફળતા પ્રાપ્ત થાય છે.

સ્વાભાવિક રીતે જ, જવાબનું મૂલ્ય પુસ્તકમાં રહેલી આધ્યાત્મિક શક્તિના મૂલ્ય પર આધાર રાખે છે. જો તમે નવલકથાનું પુસ્તક લેશો, તો તમને મૂર્ખતા સિવાય તેમાંથી બીજું કશું જ પ્રાપ્ત નહિ થાય. પણ જો તમે જ્ઞાનનું અને શક્તિનું સૂત્રાત્મક શૈલીમાં લખાયેલું પુસ્તક લેશો, તો તમને તમારો જોઈતો જવાબ મળી રહેશે.

હવે તમારે શું જાણવાની ઇચ્છા છે? મેં તમને તે યંત્રની પદ્ધતિ સમજાવી છે. હું તે કરી બતાવું એમ તમે ઇચ્છો છો? અથવા તે કેવી રીતે કરવામાં આવે છે એટલું જ તમે જાણવા માગતા હતા?

ના માતાજી. વર્ગમાં આજે કોઈ પ્રશ્નો પૂછાયા ન હતા. એટલે મેં ઘણાં પુસ્તકો ઉઘાડ્યાં કે જેથી આ રીતે મને કાંઈક જડે. પણ મને તેમાં કાંઈ મળ્યું નહિ.

તેનું કારણ એ હતું કે કદાચ તે વખતે તમારા મનમાં કોઈ જિજ્ઞાસા ન હતી!

આ પુસ્તકમાં (ધ સિન્થેસિસ ઑફ યોગમાં) ઘણી સમજૂતીઓ છે; એટલે જો તમે ગમે તે એક સમજૂતીમાં ગબડી પડો, તો... તમારે "થોટ્સ એન્ડ ગ્લીમ્પ્સીસ" અથવા "પ્રેયર્સ ઍન્ડ મેડિટેશન્સ" અથવા "વર્ડ્ઝ ઓફ ધ મધર", અથવા "કવેશ્ચન્સ ઍન્ડ ઍન્સર્સ" જેવું પુસ્તક પસંદ કરવું જોઈએ.

માતાજી, અમે 'શ્રી અરવિંદના પત્રો : ત્રીજી શ્રેણિ'નો પ્રયોગ કર્યો હતો.

પત્રો? મને પુસ્તક આપો. આ પુસ્તક સાહિત્ય વિષેનું છે ને?

હા, માતાજી.

બધાં પુસ્તકોમાં તે સૌથી વધારે નકામું છે! (હસાહસ)

ના. એ બીજી શ્રેણિ છે.

તો પ્રથમ હું આ સમૂહ માટે પૃષ્ઠ ઉઘાડીશ. તે અહીં હાજર રહેલા બધાની સામૂહિક સ્થિતિને અભિવ્યક્ત કરશે, તે બાબત જવાબ આપશે. શું બને છે તે

આપણે જોઈશું. (માતાજી એકાગ્રતા કરે છે અને પુસ્તકમાં એક નાનકડું કાર્ડ ખોસે છે.)

મારા બાળક, આ અંગ્રેજીમાં છે. મારે તેનો યથાશક્ય અનુવાદ કરવો પડશે.

મેં ખોસેલું કાર્ડ એ પૃષ્ઠ પર છે, જે અહીં હાજર રહેલા સર્વની સર્વ — સામાન્ય સમસ્યાનું — કાર્યમાં સાચા વલણનું નિરૂપણ કરે છે. (હસાહસ) શ્રી અરવિંદ આમ કહે છે : "જ્યારે કાર્યને માતાજીના વિચાર સાથે સંયુક્ત કરવામાં આવે છે, તેમને કરાયેલા સમર્પણરૂપે કરવામાં આવે છે, તમારી દ્વારા તે કાર્ય કરવાનું આવાહન હોય છે, ત્યારે કાર્ય પ્રત્યે સાચું વલણ હોય છે." મને આ વાક્ય જડ્યું. મને લાગે છે કે શરૂઆત કરવા માટે તે વાક્ય સરસ છે!

હવે હું બીજી વાર બીજા કોઈ માટે પુસ્તકના પૃષ્ઠમાં કાર્ડ ખોસું એમ કોઈ ઇચ્છે છે?

હું.

તમો! તમારે શું જોઈએ છે? તમે કયી સ્થિતિમાં છે તે તમે જાણવા માગો છો કે બીજું કાંઈક?

મારે જે સ્થિતિમાં હોવું જોઈએ તે સ્થિતિ વિષે હું જાણવા માગું છું.

(માતાજી એક ક્ષણ માટે એકાગ્રતા કરે છે, પુસ્તક ઉઘાડે છે, અને મૌનપૂર્વક વાંચે છે.) તમને આ સમસ્યામાં રસ છે : અવતારનો હેતુ.

"મેં કહ્યું છે કે માનવજાતિ માટે ઉચ્ચતર ચેતનાનો માર્ગ ખોલવા માટે અવતાર પ્રગટ થતો હોય છે."

આ પૃષ્ઠ પર મારું કાગળ કાપવાનું ચપ્પુ મેં ખોસ્યું હતું. શ્રી અરવિંદ આગળ લખે છે :

"જો કોઈ તે માર્ગને ન અનુસરી શકે, તો કાં તો આપણો, ઈશુ ખ્રિસ્તનો, કૃષ્ણનો, બુદ્ધનો ખ્યાલ ખોટો હતો, અથવા તો અવતારનું જીવન અને

કાર્ય તદ્દન નિષ્ફલ હતું.” (લેટર્સ ઑન યોગ, પૃષ્ઠ ૪૦૮)

તમે આ સમસ્યા વિષે વિચાર કરતા હતા કે નહિ તેની મને ખબર નથી, પણ તે ગમે તેમ હોય, જવાબમાં આ વસ્તુ આવી છે. આ પંક્તિ તે કોઈક પૂછેલા પ્રશ્નના જવાબરૂપે છે કે અવતાર આવે છે અને દ્વાર ખોલે છે પણ જો કોઈ પણ માણસ તેમનું અનુસરણ ન કરે, તે શું થાય? શ્રી અરવિંદ કહે છે કે કાં તો ખ્યાલ ખોટો છે અથવા તેમનું જીવન નિષ્ફલ છે. અર્થાત્, જો દિવ્ય શક્તિ પૃથ્વી પર નીચે આવે, ઉચ્ચત્તર ચેતનાનો માર્ગ ખોલી આપે, અને પૃથ્વી પર તે માર્ગને કોઈ અનુસરે નહિ, તો તદ્દન સ્પષ્ટ વાત છે કે તે શક્તિ પૃથ્વી પર નીચે આવી તે નકામું હતું. પણ હકીકત જોતાં મને એમ લાગે છે કે કદી તેમ બન્યું નથી.

પંક્તિનો છેલ્લો ભાગ મને જોવા દો. તે ભાગ એમ કહેનાર માણસને જવાબરૂપે છે કે

“તે માર્ગને અનુસરવાની શક્યતા નથી; અવતારે જે કષ્ટો સહન કર્યા છે, જે સંઘર્ષો કર્યા છે, તે નિરર્થક છે, ગપાટા છે.”

‘ગપાટા’ માટેનો ‘હમ્બગ’ શબ્દ સુપ્રસિદ્ધ છે! તે માણસે એમ કહ્યું હતું કે

“ભગવાનના અવતારે સંઘર્ષ અથવા પ્રયાસ કર્યા હતા તેમાં કોઈ શક્યતા ન હતી.”

અર્થાત્ અહીં કહેવાયેલા બધા અવતારોના જીવનનો અહીં ઇન્કાર કરવામાં આવ્યો છે. શ્રી અરવિંદ ઉમેરે છે કે

“એ પ્રકારનો ખ્યાલ અવતાર લેવાની ક્રિયાના સમગ્ર વિચારને નિરર્થક ઠેરવે છે; પછી અવતાર લેવાનું કોઈ કારણ નથી, જરૂર નથી, કશો અર્થ નથી.”

શ્રી અરવિંદ ઉમેરે છે (માતાજી હસે છે.) :

"ભગવાન સર્વ-શક્તિમાન છે, એટલે પૃથ્વી પર અવતાર લેવાની માથાકૂટ કર્યા સિવાય તે માનવોના જીવનને ઊર્ધ્વ બનાવી શકે છે."

તો આમ તે કાર્ય કરી શકે છે (અભિનય), તે સર્વ-સમર્થ છે, તે માત્ર લોકોને ખેંચે અને લોકો ઊર્ધ્વમાં જાય. તેમણે શા માટે પૃથ્વી પર આવીને આ બધી તકલીફ ઊભી કરવી જોઈએ?

આખરી ભાગમાં, નિગમનરૂપે, શ્રી અરવિંદ કહે છેઃ

"જો માનવ-જાતિનો ભાર પોતાને માથે લેવા માટે અને માર્ગ ઉઘાડવા માટે ભગવાને પૃથ્વી પર આવવું એ વિશ્વ-વ્યવસ્થાનો એક ભાગ હોય, તો જ અવતારનો કંઈક અર્થ રહે."

(લેટર્સ ઑન યોગ, પૃષ્ઠ ૪૦૮ — ૪૦૯)

ત્યાં શ્રી અરવિંદ તમારા મનમાં જે સમસ્યા હતી, તેનો ઉકેલ આપે છે, નહિ વારુ? તમે તમારી જાતને કદી આ સવાલ પૂછ્યો નથી કે "ભગવાન કયા હેતુથી માનવ-શરીરમાં દિવ્ય અવતાર ધારણ કરે છે?" તેમને માટે અવતાર લેવો એ જરૂરી છે કે નહિ? અવતાર કેવી રીતે અને શા માટે પ્રગટ થયો? આ પ્રશ્ને કદી તમારામાં રસ પેદા નથી કર્યો નહિ વારુ?

આ રીતે તો નહિ જ.

આ રીતે તો નહિ જ. તો તમે જેનાથી અજ્ઞાત હતા તેવી કોઈ તમારામાંની વસ્તુના જવાબરૂપે આ હતું. તે શેના જવાબરૂપ હતું તે હું જાણું છું, પણ તમે તેનાથી સભાન ન હતા.

આહ! હવે કોઈને કાંઈ જોઈએ છે, પૂછવું છે? કોઈને નહિ? તમે બધા બહુ શરમાળ છો!

મારે પૂછવું છે.

અહ, તમારે માટે અમારે શું શોધી કાઢવાનું છે? (માતાજી પત્રોનું પુસ્તક ઉઘાડે છે.) જે લોકો પાંડિત્ય-પૂર્ણ જ્ઞાન માગે છે, તેમને માટે આ જવાબો છે. ભારતીય

પરિભાષામાં તમે 'પરાત્પર માતાજી શું છે' એ જાણવા માગો છો? લોકો હમેશાં વિદ્વત્તા-પૂર્ણ પ્રશ્નો પૂછતા હોય છે. તે પ્રશ્નોમાં કશું જીવન નથી હોતું, તે માત્ર મસ્તિષ્કમાં પ્રવેશતા હોય છે.

થોભો, હું આનો પ્રયોગ કરું છું. (માતાજી 'ધ સિન્થેસિસ ઑફ યોગ' પુસ્તક ઉપાડે છે.) આપણે જોઈએ કે આપણને આમાંથી કાંઈક જડે છે કે નહિ. (માતાજી એકાગ્રતા કરે છે. અને પુસ્તક ઉઘાડે છે.) આહ! આ રહ્યો સુંદર જવાબઃ

"આ એક આપણને ચૂપ કરી દે તેવી શોધ છેઃ બુદ્ધિ, સંકલ્પ, ઇન્દ્રિયમન, જ્ઞાનતંતુમય અથવા કામનાનું અસ્તિત્વ, હૃદય, શરીર — આપણા આ દરેક ભાગને પોતાની પરિપૂર્ણ વ્યક્તિતા હોય છે, બીજા ભાગોથી સ્વતંત્ર સ્વાભાવિક રચના હોય છે..."

આ વસ્તુ તમારે માટે જ છે! (હસાહસ)

શ્રી અરવિંદ આગળ સમજાવે છેઃ

"તે પોતાની જાત સાથે, બીજા ભાગો સાથે, આપણા ઉપરછલ્લા અજ્ઞાન પર જે કેન્દ્રસ્થ અને કેન્દ્રીકરણ કરનાર આત્મા આવરણ ડાલે છે તેનું પ્રતિનિધિત્વ કરનાર અહંતા સાથે સંમત થતો નથી."

શા માટે! આ બહુ સુંદર વસ્તુ છે. (માતાજી ફરી વાંચે છે) : "આપણા ઉપર-છલ્લા અજ્ઞાન પર જે કેન્દ્રસ્થ અને કેન્દ્રીકરણ કરનાર આત્મા આવરણ ડાલે છે તેનું પ્રતિનિધિત્વ કરનાર અહંતા." અને પછી :

"આપણને માલૂમ પડે છે કે આપણામાં એક નહિ પણ અનેક વ્યક્તિત્વો હોય છે. તે દરેક વ્યક્તિત્વને પોતાની ભિન્ન- ભિન્ન માંગો હોય છે, તે દરેકનો સ્વભાવ ભિન્ન-ભિન્ન હોય છે. આપણો સ્વભાવ એ એક અપૂર્ણ રચનાવાળી અંધાધૂંધી છે, જેમાં આપણે દિવ્ય વ્યવસ્થાના તત્ત્વને દાખલ કરવાનું છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૬૯)

આ બહુ સુંદર છે.

(બીજો શિષ્ય) મેં એક પ્રશ્ન તૈયાર કર્યો હતો. ('સિન્થેસિસ ઓફ યોગ' પુસ્તક લઈને તે વાંચે છે): "કેન્દ્રસ્થ ચેતના જ્ઞાનની વધારે બાહ્ય માનસિક ક્રિયાઓને વધુ ને વધુ પોતાના હાથમાં લેશે, અને તેમને પોતાનું જ પાર્સલ બનાવી દેશે અથવા ખાલસા કરેલો પ્રદેશ બનાવી દેશે. તે તેમનામાં પોતાની વધારે સત્યમય ગતિ દાખલ કરશે, અને વધુ ને વધુ આધ્યાત્મિક અને પ્રકાશિત બનેલા મનને આ ઉપરછલ્લાં ક્ષેત્રોમાં, પોતાના નવીન વિજયોમાં, પોતાનું કરણ બનાવશે. વ્યક્તિગત પસંદગી ઘટતી જશે. વ્યક્તિગત અભિપ્રાયો, પસંદગીઓ, બુદ્ધિકરણ, માનસિક તાણા-વાણા ગૂંથવાની ક્રિયા, જ્ઞાનતંતુઓનો ગુલાબી-ભર્યો પરિશ્રમ ઘટતાં જશે. અંદર રહેલો એક પ્રકાશ જોવાની બધી વસ્તુઓને જોશે, જાણવાની બધી વસ્તુઓને જાણશે, વિકાસ કરશે, સર્જન કરશે, સંગઠન કરશે... પણ રૂપાંતરનો આ સમગ્ર વિષય નહિ હોય, કારણ કે જો એમ હોય, તો હજી પણ જ્ઞાન એ મનનું કાર્ય હોય — પછી ભલે તે મન મુક્ત, વૈશ્વિક અને આધ્યાત્મિક બનેલું હોય..."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૩૭ — ૩૮)

એટલે તમે શું જાણવા માગો છો?

તેનો અર્થ એ થયો કે આધ્યાત્મિકીકરણ કરાયેલા મનનું કશું જ મૂલ્ય નથી?

શ્રી અરવિંદ કહે છે:

"જો તેમ હોય, તો હજી પણ જ્ઞાન એ મનનું કાર્ય હોય — પછી ભલે તે મન મુક્ત, વૈશ્વિક અને આધ્યાત્મિક બનેલું હોય. પણ સર્વ પ્રકારનું મન મર્યાદિત હોય છે, સંબંધિત હોય છે, પોતાની સક્રિયતામાં જ અપૂર્ણ હોય છે."

મને એ નથી સમજાતું.

હા, તમે સમજી શક્યા નથી એ મને સ્પષ્ટ દેખાય છે!

શ્રી અરવિંદ કહે છે કે વસ્તુસ્થિતિ તેવી નથી હોતી, તેમ બનવું અસંભવિત છે. આગળ ઉપર શ્રી અરવિંદ કહે છેઃ

"આધ્યાત્મિકીકરણ કરાયેલું મન પોતાનાથી પર ચાલ્યું જશે, અને પોતાની જાતનું જ્ઞાનની અતિ-માનસિક શક્તિમાં રૂપાંતર કરશે."

(એજન, પૃષ્ઠ ૧૩૮)

જો આધ્યાત્મિકીકરણ કરાયેલું મન, સામાન્ય મનની પેઠે, કાર્ય કરવાનું ચાલુ રાખે, તો કશો ફેર પડે નહિ. પણ હકીકતમાં તદ્દન ઊલટું જ બનતું હોય છે.

પણ જ્યારે તેનું આધ્યાત્મિકીકરણ થયું હોય, ત્યારે તે મન પહેલાંની પેઠે કાર્ય કેવી રીતે કરી શકે?

તમારે માત્ર એક વાક્ય ન વાંચવું જોઈએ, આગળનો અને પછીથી આવતો ભાગ પણ વાંચવો જોઈએ; તે રીતે જ કોઈ પણ વસ્તુ પૂરી સમજાતી હોય છે.

પણ માતાજી, અહીં તમારી સાથેના સાધકોને આ બધી અનુભૂતિઓમાંથી પસાર થવાની જરૂર પડતી હોતી નથી, નહિ વારુ?

પસાર થવાની જરૂર.... પણ શ્રી અરવિંદે બધો સમય કહ્યું છે કે દરેક જણ પોતાની રીતે પોતાના માર્ગને અનુસરતો હોય છે; બે માર્ગો એક-સરખા હોતા નથી; દરેક જણને પોતાનો ખાસ માર્ગ હોય છે એટલે કોને માટેની જરૂર? તમારે માટે? હું જાણતી નથી. શેમાંથી પસાર થવાનું છે? પોતાના વિચારોને વ્યવસ્થિત કરવાના? એ તો કદાચ દરેક જણ માટે જરૂરી છે.

તમારે શું જાણવું છે તે હું જાણતી નથી!

શ્રી અરવિંદ કહે છે કે અતિમનસ્‌ને પહોંચવામાં અવસ્થાઓ હોય છેઃ પ્રથમ મન, પછી વિશુદ્ધ થયેલું મન, પ્રકાશિત મન વગેરે. દરેક જણે આ બધી અવસ્થાઓમાંથી પસાર થવાની જરૂર છે?

(થોડાક સમયના મૌન પછી) સંભવ છે કે આ પ્રકારનો ક્રમ હમેશા થતો જ હોય છે. પણ અવસ્થાઓની મુદત અને તેમનું મહત્ત્વ વ્યક્તિ-દીઠ બહુ ભિન્ન-ભિન્ન હોય છે. કેટલાક લોકો ખૂબ ઝડપથી પ્રગતિ કરતા હોય છે, જે પ્રગતિ દૃષ્ટિ-ગોચર ન થઈ શકે તેટલી હદ સુધી, જ્યારે બીજા લોકો ખૂબ લાંબો સમય લેતા હોય છે. દરેક સાધકના માર્ગમાં આવતા અવરોધ અનુસાર, એક યા તો બીજી અવસ્થાનું મહત્ત્વ ખૂબ વત્તું-ઓછું બની જતું હોય છે.

કેટલાક લોકોની પ્રગતિ ખૂબ ઝડપી, જાણે તાત્કાલિક બનતી હોય તેમ, હોય છે. બીજા લોકોને તે પ્રગતિ સાધતાં વર્ષો વીતી જતાં હોય છે.

જો સાક્ષાત્કાર સ્થાયી બને તેવી ઇચ્છા હોય, તો એક ઘટના અનિવાર્ય છે. અનુભૂતિઓ આવે છે, ચેતનાને સ્પર્શે છે, કેટલીક વાર મહાન પ્રકાશને લઈ આવે છે, પછી તે અસ્પષ્ટ બની જાય છે, પશ્ચાદ્-ભૂમાં પાછી જતી રહે છે, અને બાહ્ય રીતે, તમારી સામાન્ય ચેતનામાં તમને કોઈક મહાન ફેરફાર કે તફાવત નજરે પડતો નથી. આ ઘટના અનેક વાર બનતી હોય છે, ઘણાં વર્ષો સુધી તે પુનરાવૃતિ કરતી હોય છે. ઓચિન્તું તમને એક પ્રકારનું પ્રગટીકરણ, પ્રકાશની પેઠે, પ્રાપ્ત થાય છે, તમે સત્ય ચેતનામાં સ્થિતિ કરો છો, અને તમને સાચી વસ્તુ પકડમાં આવી હોય એમ લાગે છે. પછી ધીમે-ધીમે અથવા ઓચિંતી તે અનુભૂતિ પીઠમાં ચાલી જાય છે. તમે શોધ કરો છો; પણ તમને તમારામાં કોઈ મહાન પરિવર્તન આવ્યું હોય એમ દેખાતું નથી. આ વસ્તુઓ પહેલ કરનાર સંદેશ-વાહકોની પેઠે, અપાતાં વચનોની પેઠે, આવતી હોય છે. તે કહેતી હોય છે કે જે બનવાનું છે તેના પર નજર રાખો; શ્રદ્ધા રાખો કે આમ બનશે.

આમ અનેક વાર બને. પ્રગતિ તો થતી હોય છે, પણ તે ખૂબ ધીમી હોય છે, ભાગ્યે જ નજરે પડતી હોય છે.

પણ પછી, માણસ પૂરતો તૈયાર થઈ ગયો હોય છે તે કારણે, કદાચ સમય આવી પહોંચ્યો હોવાને કારણે, ભવિતવ્યતા નિશ્ચિત થઈ ગયેલી હોવાને કારણે, જ્યારે ઓચિન્તી તેવી અનુભૂતિ થાય છે, ત્યારે તમારા અસ્તિત્વના જે ભાગમાં તે અનુભૂતિ થઈ હોય છે ત્યાં ચેતનાનું પરિપૂર્ણ વિપરીતીકરણ થઈ જાય છે. તે એક બહુ સ્પષ્ટ, સઘન ઘટના હોય છે. ચેતનાનું તદ્દન વિપરીતીકરણ — એ જ તેનું શ્રેષ્ઠ વર્ણન છે. પછી તમારા અસ્તિત્વના બીજા ભાગો સાથે તથા બાહ્ય જગત સાથેનો તમારી ચેતનાનો સંબંધ તદ્દન બદલાઈ જાય છે — જાણે કે બધું તદ્દન ઊલટા સુલટી ન થઈ ગયું હોય. પછી તે વિપરીતીકરણ ફરી વાર તે જ જગ્યાએ આવતું હોતું નથી, ચેતના પોતાની પૂર્વ-સ્થિતિમાં ફરી જતી હોતી

નથી, શ્રી અરવિંદ તેને અવસ્થિતિ કહે છે. એક વાર અસ્તિત્વના કોઈ પણ ભાગમાં આમ બને, પછી અસ્તિત્વનો તે ભાગ સુસ્થિર થઈ જાય છે.

તેમ બને ત્યાં સુધી, તે ઘટના આવ-જા કરતી રહે છે, માણસને લાગતું હોય છે કે હું પ્રગતિ કરું છું અને વળી પાછો પાછો પડતો હોઉં તેમ લાગે છે. આનો અંત આવતો હોતો નથી. તે ઘણાં વર્ષો સુધી પણ ચાલુ રહે. પણ જ્યારે ચેતનાનું આ વિપરીતીકરણ આવી જાય છે — મનમાં, મનના કોઈ એક ભાગમાં, પ્રાણિકમાં અથવા પ્રાણિકના કોઈએક ભાગમાં, શારીરિક ચેતનામાં અથવા ખુદ શરીર-ચેતનામાં — પછી બધું પતી જાય છે, તે વસ્તુ પાછી જતી રહેતી નથી, તમે પહેલાંની ચેતનામાં પાછા જઈ શકતા હોતા નથી. તમે ચોક્કસ રીતે પ્રગતિના માર્ગમાં એક પગલું આગળ ભર્યું છે — તેની એ સાચી નિશાની છે. આમ બને ત્યાર પહેલાંની બધી સ્થિતિઓ તૈયારી-રૂપ હતી.

જે લોકોને ચેતનાના આ વિપરીતીકરણનો અનુભવ થયો છે, તેઓ મારી આ વાતને સમજી શકશે; નહિ તો, બીજાઓ નહિ સમજી શકે. માણસ, સામ્ય દ્વારા, એક પ્રકારના વિચારને પ્રાપ્ત કરી શકે; યોગનું વર્ણન કરવા પ્રયાસ કરેલા લોકો તેને પ્રિઝમને ઊલટાવવા જેવી ક્રિયા કહે છે. જ્યારે પ્રિઝમને તમે અમુક ખૂણા પર ગોઠવો છો, ત્યારે તેનો પ્રકાશ ધવલ દેખાય છે; જ્યારે તમે તેને ઊંધો કરો છો, ત્યારે પ્રકાશ ભાંગી-તૂટી જતો દેખાય છે; બરાબર એમ જ બનતું હોય છે, અર્થાત્ તમે ધવલ પ્રકાશને ફરી પાછો લાવો છે. સામાન્ય ચેતનામાં વિઘટન થતું હોય છે, અને તમે ધવલ પ્રકાશને પાછી પ્રાપ્ત કરો છો. પણ આ તો પ્રતીક-માત્ર છે, વસ્તુ પોતે નહિ; તે તો એક સામ્ય માત્ર છે. પણ તે ઘટના ખૂબ સઘન હોય છે. તમે અંદરની વસ્તુને બહાર મૂકો છો અને બહારની વસ્તુ અંદર મૂકો છો — લગભગ તેના જેવો તે અનુભવ હોય છે. અને તેવું પણ તદ્દન નથી હોતું! જો તમે દડાના અથવા બલૂનના અંદરના ભાગને બહાર મૂકી શકો અને બહારના ભાગને અંદર મૂકી શકો — તમે એમ ન કરી શકો; બોલો, કરી શકો ખરા? — તો તમને મારી વાત સમજાય.

કોઈ પણ માણસ એમ ન કહી શકે કે તે ઊલટ-પાલટને હું અનુભવું છું, કારણ કે ત્યાં લાગણી હોતી નથી; તે તો એક યાંત્રિક હકીકત છે, તે અસાધારણ રીતે યાંત્રિક છે (માતાજી ટેબલ પરથી એક વસ્તુ લે છે અને તેને ઊંધી કરે છે.) આ સિદ્ધિ-ચેતનાના વિપરીતીકરણ વિષે ઘણી રસપ્રદ વસ્તુઓ કહી શકાય તેમ છે; વિકાસના કાર્ય વિષે, તપસ્યા વિષે, તે કેવી રીતે બને છે તે વિષે ઘણી રસપ્રદ વસ્તુઓ કહી શકાય તેમ છે, કારણ કે સાધના-તપસ્યા

એક ચીજ છે અને સિદ્ધિ તેનાથી તદ્દન જુદી જ વસ્તુ છે. તમે વર્ષો સુધી-સદીઓ સુધી તપસ્યા કરો અને તમે સાક્ષાત્કારની વધુ ને વધુ નિકટ પહોંચો. પણ સિદ્ધિ આવે છે, ત્યારે જ સઘળું પરિવર્તિત થઈ જાય છે, વિપરીત થઈ જાય છે. આ અવર્ણનીય છે, કારણ કે શબ્દોમાં મૂકાતાં વેંત તે છટકી જાય છે. પણ અભીપ્સા, માનસિક તનાવ, ઉચ્ચતમ વસ્તુનો પણ તનાવ, સૌથી વધારે પ્રકાશમય મન વચ્ચે અને સાક્ષાત્કાર વચ્ચે મહાન તફાવત હોય છે. તે એક એવી વસ્તુ છે કે જે શાશ્વતીથી ઊર્ધ્વમાંથી નિશ્ચિત થયેલી હોય છે, અંગત પ્રયાસોથી અને સર્વ ક્રમિક અવસ્થાઓથી તે તદ્દન સ્વતંત્ર હોય છે. તે સ્થિતિ કટકે-કટકે પ્રાપ્ત કરાતી હોતી નથી; નાનકડા, સતત, નિયમિત પ્રયાસથી પ્રાપ્ત કરાતી હોતી નથી; તે ઓચિન્તી આવતી હોય છે; તે કેવી રીતે અને શા માટે અવસ્થિત થાય છે તે માણસ જાણી શકતો હોતો નથી; પણ સઘળું પરિવર્તિત બની જાય છે.

દરેક જણ માટે આમ જ બનવાનું — સમગ્ર વિશ્વ માટે. તે આગળ ને આગળ ગતિ કરતું હોય છે, તે ધીમે-ધીમે ગતિ કરતું હોય છે. પછી એક ક્ષણ ઓચિન્તી એવી આવે છે જ્યારે તે સિદ્ધ થાય છે, બધું પતી જાય છે — ના, ના, તે તો માત્ર શરૂઆત હોય છે!

(મૌન)

મોટે ભાગે, ચૈત્યમય અસ્તિત્વ સાથે પ્રથમ સંપર્ક આ અનુભૂતિ લાવે છે, પણ તે આંશિક હોય છે. ચેતનાનો જે ભાગ અથવા અસ્તિત્વના જે ભાગની ક્રિયા ચૈત્યિક સાથે સંયુક્ત થાય છે, તેને જ તે અનુભૂતિ થતી હોય છે. તે અનુભૂતિની ક્ષણે, ચેતનાના તે ભાગનો બીજા ભાગો સાથેનો તથા જગત સાથેનો સંબંધ તદ્દન પલટાઈ જાય છે, તેનું વિપરીતીકરણ થઈ જાય છે. પછી તે સંબંધ ન કર્યો કહી શકાતો નથી. જો તમારામાં સંકલ્પ હોય, તમે દરકાર રાખતા હો, આ ભાગની સાથે તમારા જીવનની બધી સમસ્યાઓને, તમારા અસ્તિત્વની બધી ક્રિયાઓને, તમારી ચેતનાનાં સર્વ તત્ત્વોને સંપર્કમાં મૂકી આપવાનું સામર્થ્ય ધરાવતા હો, તો તે એવી રીતે સંગઠિત બનતાં જાય છે કે તમારું અસ્તિત્વ એક એકમ, અનેકમય એકતા બની જાય, જે જટિલ હોય છે, પણ એક નિશ્ચિત બિન્દુની આસપાસ એવી રીતે કેન્દ્રિત થયેલું હોય છે કે કેન્દ્રસ્થ સંકલ્પમાં અથવા કેન્દ્રસ્થ ચેતનામાં અથવા કેન્દ્રસ્થ સત્યમાં રહેલી શક્તિ બધા ભાગોનું નિયમન કરી શકે, કારણ કે તે બધા ભાગો પછી વ્યવસ્થિત હોય છે, કેન્દ્રસ્થ

હાજરીની આસપાસ સંગઠિત બનેલા હોય છે.

તે બહુ જહેમત માગી લે તેવું કામ છે, જેને તમે ગમે ત્યારે અને ગમે તેવા સંજોગોમાં કરી શકો છો, કારણ કે તમારામાં તમે તે સમસ્યાને હલ કરે તેવાં બધાં જ તત્ત્વોનું વહન કરો છો. તમારે તેમાં કશી બાહ્ય વસ્તુની, કોઈ બાહ્ય મદદની જરૂર નથી. પણ તે કામ ખૂબ ખંત — એક પ્રકારનું જક્કીપણું માગી લે છે, કારણ કે ઘણી વાર અસ્તિત્વમાં ખરાબ ચીરાડા, ખરાબ ટેવો પડતી હોય છે, જે અનેક કારણોને લઈને આવતાં હોય છે; તે આનુવંશિકતાને લઈને, ખરાબ ઉછેરમાંથી, ખરાબ કેળવણીમાંથી, ખરાબ વાતાવરણમાંથી આવતાં હોય છે. તમે તે ખરાબ ચીરાડોને મુલાયમ બનાવવા પ્રયત્ન કરતા હો છો, પણ ફરી પાછી તેમાં કરચલીઓ પડતી હોય છે. પછી તમારે ફરી તે કામની શરૂઆત કરવી પડતી હોય છે — ઘણી ઘણી વાર આખરી પરિણામને તમે પ્રાપ્ત કરો ત્યાં સુધી તમારે ના-હિંમત બનવાનું પાલવે તેમ નથી. પણ તે કાર્ય કરતાં તમને કોઈ માણસ કે વસ્તુ રોકી શકે તેમ નથી, કોઈ સંયોગ તેમાં અવરોધ પેદા કરી શકે તેમ નથી. કારણ કે તમારામાં જ તે સમસ્યા અને તેનો ઉકેલ રહેલાં છે.

(મૌન)

સાચું કહું તો, માનવ-જાતિ જે રોગને લઈને દુઃખી બનતી હોય છે, તે રોગ છે કંટાળો. માણસો જે મૂર્ખાઈઓ કરતા હોય છે તેમાંની મોટા ભાગની મૂર્ખાઈઓ કંટાળામાંથી છટકવાના પ્રયત્નમાંથી જન્મતી હોય છે. હું તમને નિશ્ચિત-રૂપે કહું છું કે બાહ્ય સાધનો કશા ઉપયોગનાં નથી; તે કંટાળો તમારો પીછો પકડતો હોય છે, તમે તેમાંથી છટકવાના ગમે તેટલા પ્રયત્ન કરો પણ તે તમારો પીછો કરવાનો જ. પણ તમારા અસ્તિત્વને, તેની સર્વ ગતિઓને, સર્વ તત્ત્વોને કેન્દ્રસ્થ હાજરીની અને ચેતનાની આસપાસ સંગઠિત કરવાનું કામ એ સૌથી વધારે અસરકારક અને પરિપૂર્ણ ઉપાય છે. તે ઉપાય ખૂબ સંતોષકારક છે, બધા શક્ય કંટાળાની તે રામબાણ દવા છે. તે જીવનને ખૂબ રસપૂર્ણ બનાવે છે, અસાધારણ વિવિધતા અર્પે છે. પછી તમને કંટાળા માટે સમય જ મળતો નથી.

માણસે તેમાં માત્ર ખંત રાખવાની જ જરૂર છે.

તે રસમાં વૃદ્ધિ કરે છે. આ જ કાર્ય — પરમાત્મા-રૂપી કેન્દ્રની આસપાસ અસ્તિત્વનું કરાતું સંગઠન — સંવાદિતા પૃથ્વી પર માત્ર ભૌતિક શરીરમાં જ થઈ શકે છે. ભૌતિક જીવનનો તે જ એક સાચો, તાત્વિક, મૌલિક હેતુ છે. કારણ કે તમે ભૌતિક શરીરમાં ન હો ત્યારે તમે તે કાર્ય કરી શકતા જ નથી.

વધારે નોંધપાત્ર હકીકત તો એ છે કે માત્ર માનવો જ તે કરી શકે છે, કારણ કે માત્ર માનવોના જ ચૈત્યમય અસ્તિત્વના કેન્દ્રમાં ભગવાનની હાજરી હોય છે. દા. ત., પ્રાણિક ભૂમિકાનાં, માનસિક ભૂમિકાનાં, જેમને દેવો કહેવામાં આવે છે તે સત્ત્વોમાં પણ આત્મ-વિકાસનું, સંગઠનનું, સર્વ તત્ત્વોથી સભાન બનવાનું આ કાર્ય કરવું શક્ય નથી. જ્યારે તે સત્ત્વો વાસ્તવિક રીતે પોતાની જાતને સંગઠિત કરવા અને સંપૂર્ણપણે સચેતન બનવા માગતાં હોય છે, ત્યારે તેમને દેહ ધારણ કરવો પડતો હોય છે.

અને છતાં, હેતુ જાણ્યા સિવાય જ, માનવો ભૌતિક દેહમાં આવે છે. હેતુ જાણ્યા સિવાય જ તેઓ જીવી જતા હોય છે. હેતુ જાણ્યા સિવાય જ તેઓ દેહત્યાગ કરતા હોય છે. અનિશ્ચિત મુદત સુધી તેમને વારંવાર તે જ કરવું પડે છે, સિવાય કે કોઈ આવીને તેમને કહે કે સાવધાન બનો, તમે જાણો છો કે આનો કોઈ હેતુ છે, આ કાર્ય કરવા માટે તમે અહીં આવ્યા છો; આ તકને ગુમાવી ન દેતા.

અને કેટલાં બધાં વર્ષોનો બગાડ થતો હોય છે!

*

વાર્તાલાપ —૨૪

૧૩ જૂન ૧૯૫૬

"આધ્યાત્મિકીકરણની પ્રક્રિયામાં, આધ્યાત્મિકીકરણ પામેલા મને માનવીય બુદ્ધિની તેજોમય ગરીબાઈમાંથી બહાર નીકળવાની શરૂઆત કરી દીધી હશે. ત્યાંથી તે ઉચ્ચતર મનના, ક્રમિક રીતે, વિશુદ્ધ વિશાળ પ્રદેશોમાં આરોહણ કરશે. પછી ત્યાંથી તે મન ઊર્ધ્વના પ્રકાશ વડે પ્રકાશિત, મહત્તર, મુક્ત બુદ્ધિના તેજોમય પ્રદેશોમાં આરોહણ કરશે. આ બિન્દુએથી, તે વધારે મુક્ત રીતે અનુભવ કરવાની શરૂઆત કરશે, પોતામાં આંતર-દર્શનાના તેજોમય પ્રારંભોને, ઓછો સંમિશ્રિત પ્રત્યુત્તર આપીને, દાખલ કરશે. તે આંતર-દર્શના પ્રકાશમય નહિ હોય, પણ પોતામાં તેજોમય, સત્ય હશે; તે તદ્દન માનસિક નહિ હોય, અને તેથી બહુ ભૂલોને પાત્ર નહિ હોય. આ અંત નથી, કારણ કે તે મને ઊર્ધ્વમાં આરોહણ કરી પરિપૂર્ણ આંતર-દર્શનાના પ્રદેશમાં પ્રવેશ કરવાનો રહેશે, તાત્ત્વિક અસ્તિત્વની સ્વભાનતામાંથી આવતા પ્રથમ સીધા પ્રકાશને ઝીલવાનો રહેશે. અને પછી તેમાંથી પણ પર જઈ જેમાંથી આ પ્રકાશ આવે છે તે તત્ત્વને પ્રાપ્ત કરવાનું રહેશે. કારણ કે મનની પીઠમાં અધિમનસ (Overmind) રહેલું છે, જે શક્તિ વધારે મૌલિક અને સક્રિય છે અને મનના આધાર-રૂપ છે, મનને પોતામાંથી પ્રગટેલા ન્યૂન કિરણ-રૂપે જુવે છે, નીચે જવા માટેના માર્ગના વાહન તરીકે જે મનનો ઉપયોગ કરે છે, અજ્ઞાનનાં સર્જનો માટે જે મનનો કરણ તરીકે ઉપયોગ કરે છે આરોહણનું છેલ્લું પગથિયું હશે અધિમનસથી પણ પર જવાનું, પોતાના હજી પણ મહત્તર ઉદ્‌ભવ-સ્થાનમાં પાછા જવાનું, દિવ્ય જ્ઞાનના અતિમાનસિક પ્રકાશમાં પોતાનું રૂપાંતર કરવાનું."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૩૮-૩૯)

તમે જોઈ શકશો કે અહીં બે અવસ્થાઓ છે. માણસ મનથી પર, અમુક પ્રદેશમાં આરોહણ કરે, પછી તે પ્રદેશથી પણ પર, સર્વ વસ્તુઓના ઉદ્‌ભવસ્થાનરૂપ બીજા પ્રદેશમાં આરોહણ કરે. આ બે ક્રમિક અવસ્થાઓને સૂચવે છે.

મધુર માતાજી, હવે તો અતિ-મનસ્‌નું અવતરણ થયું છે. તે પછી માણસ તાર્કિક મનમાંથી સીધો અતિ-મનસ્‌માં શા માટે ન જઈ શકે?

કોણે કહ્યું કે તે ન જઈ શકે?

અતિ-મનસ્ સાથે સંપર્ક સાધવા માટે શું કરવાનું છે, તેના આવિર્ભાવ માટે કેવી રીતે ભૂમિકાની તૈયારી કરવાની છે, તેનું વર્ણન અહીં શ્રી અરવિંદ કરે છે. પણ હવે અતિ-મનસ્ પૃથ્વીના વાયુ-મંડળમાં પ્રવેશ્યું છે; એટલે તેના આવિર્ભાવ માટે એક જ, ચોક્કસ પ્રક્રિયા શા માટે તેના પર ઠોકી બેસાડવી તે મને સમજાતું નથી. જો અતિ-મનસ્ સીધી રીતે કોઈ યોગ્ય, તૈયાર, અનુકૂળ કરણને પ્રકાશિત કરવાનું પસંદ કરે, તો તે તેમ શા માટે ન કરે એ સમજાતું નથી.

આ વાતની પુનરુક્તિ કરું છુંઃ કોણે કહ્યું કે અતિ-મનસ્ સીધી રીતે યોગ્ય પાત્રમાં પ્રવેશ ન કરે? કોઈએ એમ નથી કહ્યું. શ્રી અરવિંદ તો અહીં તદ્દન બીજી જ વસ્તુનું વર્ણન કરી રહ્યા છે; ખરેખર તો એમ જ બન્યું હતું. આવિર્ભાવ થવા માટે તે જરૂરી તૈયારી હતી. અતિ-માનસિક કાર્ય પર શા માટે અમુક ખાસ પ્રક્રિયા ઠોકી બેસાડવી, શા માટે તેને પોતાનાં સાધનો પસંદ કરવાની સ્વતંત્રતા ન આપવી, તેને માટે હું કોઈ પાયેદાર કારણો જોતી નથી.

મને લાગે છે કે સર્વ શક્યતાઓની આગાહી કરી શકાય તેમ છે; સર્વ સાચા દિલની અભીપ્સાને અને સંપૂર્ણ સમર્પણને પ્રત્યુત્તર સાંપડશે જ; પ્રક્રિયાઓ-સાધનો — પરિવર્તનો — રૂપાંતરો સ્વભાવમાં અસંખ્ય હશે; તે અમુક ખાસ એક જ પ્રકારે બનશે અને બીજી રીતે નહિ, એવું બિલ્કુલ નથી.

હકીકતમાં, જે કોઈ વસ્તુ અતિ-માનસિક ચેતનાના અને પ્રકાશના એક કણને અથવા અમુક બાજુને સ્વીકારવા માટે તૈયાર હશે, તેને આપોઆપ તે પ્રાપ્ત થશે જ. આ ચેતનાની અને પ્રકાશની અસરો અસંખ્ય હશે, કારણ કે તે દરેક જણની અભીપ્સાની દિલની સચ્ચાઈ અનુસાર, તેની શક્તિ અનુસાર, શક્યતાઓને અનુરૂપ બની રહેશે.

સમર્પણ જેમ વધારે સંપૂર્ણ અને અભીપ્સા જેમ વધારે ઉત્કટ, તેમ પરિણામ વધારે પરિપૂર્ણ અને ઉત્કટ. પણ અતિ-માનસિક કાર્યની અસર, તેના આવિર્ભાવોમાં, અસંખ્ય વિવિધ, અનંત પ્રકારે જાત-જાતની હશે; બધા માટે તે એક જ, નિશ્ચિત રેખાને અનુસરતી નહિ હોય. તે અશક્ય છે. કારણ કે તે અતિ-માનસિક ચેતનાના ખુદ સ્વભાવથી જ વિરુદ્ધ છે.

વાયુ-મંડળની ગુણવત્તામાં જ પરિવર્તન થયું છે.

પરિણામો અનંત રીતે વિવિધ હોવાનાં જ, પણ દૃષ્ટિ-ગોચર હોવાનાં, અર્થાત્, સામાન્ય ગતિઓનાં પરિણામોને અતિ-માનસિક કાર્યનાં પરિણામોથી જુદાં તારવવાં તે શક્ય હશે, કારણ કે એ પરિણામો અમુક ખાસ પ્રકારનાં હશે, તેમનું એક ખાસ લક્ષણ હશે.

પણ તેનો અર્થ એવો નથી કે ગમે તે માણસ ગમે તે ક્ષણે, ગમે તે રીતે, ઓચિંતો અતિ-માનસિક પ્રતિમા બની જશે, એવી અપેક્ષા ન જ રાખી શકાય.

હું એમ કહેવા જતી હતી કે જો એમ માલૂમ પડે કે કોઈ એક માણસ પહેલાંના કરતાં ઓછો મૂર્ખ બન્યો છે, તો કાંઈક સિદ્ધ થયું એમ ગણી શકાય!

શું આ અસર કેળવણીના ક્ષેત્રમાં પણ પ્રગટ થશે?

તમે શા માટે તે અસર એક યા બીજા ક્ષેત્ર પર ન પડે, એમ માની લો છો?

કારણ કે હજી આપણે કેળવણીની જે પદ્ધતિને અનુસરીએ છીએ, તે શ્રી અરવિંદ કહે છે તેમ, "માનવી બુદ્ધિનું એક તેજોમય દારિદ્ર" છે.

તમે તમારા વિદ્યાર્થીઓને જે કેળવણી આપો છો તેની વાત કરો છો, નહિ વારુ? પણ તેમાં ફેરફાર કરવાનો સમય ક્યારનોયે પાકી ગયો છે!

પહેલાં બીજા વડે કરાયેલી વસ્તુની નકલ કરવાની માણસોને શોચનીય ટેવ પડી ગઈ હોય છે. ઘણા સમય પહેલાં મેં તમને આ વાત કહી હતી — તે દલીલ કે આ વસ્તુ કરવી જોઈએ, કારણ કે આ વસ્તુ સર્વત્ર કરવામાં આવે છે! હું જવાબ આપું છું કે કદાચ તે જ કારણે તે ન કરાવી જોઈએ! કારણ કે જો બીજા બધા તે કરતા હોય, તો પછી અહીં પણ તે કરાય, તેનો શો અર્થ, શો ઉપયોગ?

પણ આપની દરમિયાનગિરી સિવાય, અમે કશું પણ કેવી રીતે કરી શકીએ?

પણ તે તમે મને શા માટે પૂછો છો? પ્રથમ તો તમારે, અતિ-મનસ્‌ના સિદ્ધાંતો અનુસાર, તમારી કેળવણીની પદ્ધતિમાં ફેરફાર કરવો જોઈએ. કમથી કમ, તમારે તે માટે પ્રયત્ન કરવો જોઈએ. તમારે કરવું કે નહિ તેવો પ્રશ્ન ન પૂછવો જોઈએ.

જો તમે એક જ ચીલાચાલુ માર્ગે હમેશાં ચાલશો, તો અચોક્કસ મુદત સુધી તમે તેમાં જ ચાલ્યા કરવાના. તમારે એ ચીલાચાલુ માર્ગથી બહાર આવવું જોઈએ.

ખરેખર, હું આ વિષયની સતત ચર્ચા કરતી હોઉં છું. આજે અથવા ગઈ કાલે મેં કહ્યું હતું કે જો તેને ગમતું હોય, તો દરેક માણસને અજ્ઞાનમાં રહેવાનો અધિકાર છે. હું આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી અજ્ઞાનની વાત નથી કરતી, જે અજ્ઞાનમય જગતમાં આપણે રહીએ છીએ તેની પણ વાત કરતી નથી. હું કેળવણીના સંસ્કારી વિચારની અનુસાર, અજ્ઞાનની વાત કરી રહી છું. જો કેટલાક લોકોને ભણવું ગમતું જ ન હોય, તો તેમને ન ભણવાનો અધિકાર છે.

આપણી ફરજ માત્ર તેમને એટલું જ કહેવાની છે કે "અત્યારની તમારી ઉમ્મરમાં તમારું મસ્તિષ્ક તૈયારી કરી લેવાની સ્થિતિમાં છે, તેની રચના થઈ રહી છે. તમે જે નવી વસ્તુ શીખતા હો છો, તે તમારા મસ્તિષ્કમાં એક ચક્ર અંકિત કરી જાય છે. તમે જેમ જેમ વધારે અધ્યયન કરો છો, તેમ તેમ તમે વધારે ચિંતન કરો છો. જેમ જેમ તમે વધારે ચિંતન કરો છો, તેમ તેમ તમે વધારે કાર્ય કરો છો. તમારા મસ્તિષ્કમાં વધારે ને વધારે ચક્રો અંકિત થતાં જાય છે, તમારું મસ્તિષ્ક વધુ ને વધુ જટિલ અને પરિપૂર્ણ બનતું જાય છે. જ્યારે તમે તરુણ હો છો, ત્યારે તે ક્રિયા સૌથી વધારે સારી રીતે થઈ શકતી હોય છે. તેથી કિશોર-અવસ્થાને ભણવા માટેની શ્રેષ્ઠ ઉમ્મર માનવામાં આવે છે, કારણ કે ત્યારે શીખવાનું કામ અનંતગણું સહેલું હોય છે." તેથી સ્પષ્ટ છે કે બાળક પોતાની જાતથી થોડો સભાન બને ત્યાં સુધીમાં તેને અમુક નિયમને વશવર્તી બનાવવો જોઈએ, કારણ કે તે સમયે તેનામાં પોતાને માટે પસંદગી કરવાની શક્તિ હોતી નથી.

તે ઉમ્મર બહુ પરિવર્તનશીલ હોય છે; તેનો આધાર દરેક વ્યક્તિ પર રહેલો હોય છે. પણ સાતથી ચૌદ વર્ષની ઉમ્મર દરમિયાનનાં સાત વર્ષોમાં બાળકમાં તર્ક-બુદ્ધિની શરૂઆત થાય છે. જો બાળકને યોગ્ય મદદ કરવામાં આવે, તો તે સાત વર્ષના ગાળામાં તે તર્ક-બુદ્ધિવાળો માણસ બની શકે છે.

સાત વર્ષની ઉમ્મર પહેલાં પણ સર્વત્ર કેટલીક પ્રતિભાશાળી વ્યક્તિઓ જોવા મળે છે. પણ એક સામાન્ય નિયમ તરીકે, તે સમયમાં બાળક પોતાની જાતથી સભાન બનતો હોતો નથી, વસ્તુઓ શા માટે અને કેવી રીતે કરવામાં આવે છે તે તે જાણતો હોતો નથી. તે સમય છે કે જ્યારે તેની એકાગ્રતા કેળવવી જોઈએ, તે જે કરે છે તેના પર એકાગ્રતા કરતાં તેને શિખવાડવું જોઈએ, તેનામાં એવો એક પર્યાપ્ત પાયો સ્થાપવો જોઈએ કે જેથી તે કેવળ પશુ ન રહે, પણ પ્રાથમિક બૌદ્ધિક વિકાસ દ્વારા માનવ-જાતિની એક વ્યક્તિ બને.

ત્યાર પછીનાં સાત વર્ષ દરમિયાન તેને પસંદગી કરતાં શિખવાડવું જોઈએ, પોતે શું બનવા માગે છે તેની પસંદગી કરતાં તેને શિખવાડવું જોઈએ. જો તે સમૃદ્ધ, જટિલ, સારી રીતે વિકસિત, કાર્ય કરવામાં શક્તિશાળી મસ્તિષ્ક પામ કરવાનું પસંદ કરે, તો તેને કામ કરતાં શિખવાડવું જોઈએ, કારણ કે કાર્ય દ્વારા, ચિંતન દ્વારા, અધ્યયન દ્વારા, પૃથક્કરણ દ્વારા, વગેરે દ્વારા મસ્તિષ્કની રચના થાય છે. ૧૪ વર્ષની ઉમ્મરે તમે તૈયાર થઈ જતા હો છો, અથવા તમારે તૈયાર થઈ જવું જોઈએ, તમે શું બનવા માગો છો તે જાણી લેવું જોઈએ.

તેથી હું કહું છું કે જો તે ઉમ્મરે કેટલાંક બાળકો ચોક્કસતા-પૂર્વક કહે કે બૌદ્ધિક વૃદ્ધિમાં મને જરા પણ રસ નથી, મારે ભણવું નથી, હું સામાન્ય અજ્ઞાની રહેવા માગું છું, તો મને લાગે છે કે તેમના પર અધ્યયન ઠોકી બેસાડવાનો આપણને અધિકાર નથી, તેમને ચીલા-ચાલુ માર્ગની વ્યક્તિઓ બનાવવાની જરૂર નથી.

કેટલાંક બાળકો છેક તળિયે હોય છે, જ્યારે બીજાં બાળકો બીજા સ્તર પર હોય છે. કેટલાક એવા લોકો હોય છે, જેમનામાં નોંધપાત્ર શક્તિઓ હોય છે, અને છતાં જેમને બૌદ્ધિક વૃદ્ધિમાં રસ નથી હોતો. કોઈકને એમ લાગે કે જો તે બાળકો અધ્યયન નહિ કરે, તો જ્યારે તેઓ મોટાં થશે ત્યારે બીજાઓની આગળ કદાચ તેઓ ગૂંચવાડામાં મૂકાઈ જશે. પણ જો તે બાળકોને તેની પરવા ન હોય, જો તેઓ અબૌદ્ધિક જીવન જીવવા માગતા હોય, તો મારી એવી માન્યતા છે કે તેમના પર બળજબરી ન કરવી જોઈએ. આ શાળાના શિક્ષકો સાથે હું તે બાબત સતત ઝઘડતી હોઉં છું! તે શિક્ષકો મારી પાસે આવીને કહેતા હોય છે કે જો તેઓ નહિ ભણે, મહેનત નહિ કરે, તો જ્યારે તેઓ મોટા થશે ત્યારે તેઓ મૂર્ખ અને અજ્ઞાન રહેશે. હું કહેતી હોઉં છું કે જો તેમને મૂર્ખ અને અજ્ઞાન રહેવાનું પસંદ હોય, તો તેમાં માથું મારવાનો તમને શો અધિકાર છે?

માણસ જ્ઞાનને અને બુદ્ધિને ફરજિયાત ન બનાવી શકે.

જો તમે એમ માનતા હો કે અભ્યાસમાં પ્રયત્ન નહિ કરવાથી અમે પ્રતિભા શાળી — અતિમાનસિક પ્રતિભાશાળી વ્યક્તિઓ બનીશું, તો તે ભ્રમ તમે ન સેવશો, તમે પ્રતિભાશાળી બની શકવાના નથી. કારણ કે આંતર અભીપ્સા દ્વારા અથવા ભગવાનની કૃપા દ્વારા તમે ઉચ્ચતર પ્રકાશનો સ્પર્શ પ્રાપ્ત કરશો, તો પણ તમારું મસ્તિષ્ક ખાલી હશે અને તેથી તમે તે પ્રકાશને અભિવ્યક્ત નહિ કરી શકો. તમારું મસ્તિષ્ક તદ્દન અસ્પષ્ટ હશે, તે કોઈ પણ રીતે તમારા બાહ્ય જીવનમાં પરિવર્તન નહિ લાવી શકે. પણ જો તમને તેવા રહેવાનું જ ગમતું

હોય, તો તમને અન્ય પ્રકારના બનવા માટે ફરજ પાડવાનો કોઈને અધિકાર નથી. પસંદગી કરવા પૂરતા તમે સભાન બનો ત્યાં સુધી તમારે રાહ જોવી જોઈએ.

અલબત્ત, કેટલાંક બાળકો ચૌદ વર્ષની ઉમરે પણ પાંચ વર્ષનાં બાળકો જેવાં હોય છે. તેમને માટે બહુ થોડી આશા રાખી શકાય — ખાસ કરીને અહીં રહેલાં બાળકો માટે.

આ વસ્તુ કેળવણી પરના તમારા દૃષ્ટિબિન્દુને તદ્દન પરિવર્તિત કરી દેશે.

તમારે એક વસ્તુ ખૂબ ખંત-પૂર્વક કરવાની છે, અને તે બાળકો પોતાની જાતને જાણે અને પોતાના માર્ગની પસંદગી કરે — ભવિતવ્યતાની પસંદગી કરી શકે તેવું ભણાવવાની. બાળકો પોતાની જાતનું નિરીક્ષણ કરે, પોતાની જાતને સમજે, અને પોતે જે બનવું હોય તે માટે સંકલ્પ કરી શકે — તેવું તેમને ભણાવવાની જરૂર છે. ભૂતકાળમાં પૃથ્વી પર શું બની ગયું હતું, અથવા પૃથ્વીની રચના કેવી રીતે થઈ હતી તેને વિષે, અથવા જગતમાં સામાન્ય જીવન કેવી રીતે જીવવું, કારણ કે તે તમે નહિ જાણતા હો તો ગમે તે માણસ બૌદ્ધિક રીતે તરત તમને મૂર્ખ ગણી દબાવી દેશે — આ બધું ભણાવવા કરતાં બાળક પોતાની જાતને ઓળખે અને પોતે જે બનવું હોય તે માટે સંકલ્પ કરી શકે તે ભણાવવું એ અનંત-ગણું વધારે મહત્ત્વનું છે.

પણ છતાંય, ગમે તે ઉમ્મરે તમે અભ્યાસ-પરાયણ હશો અને તે કરવાનો સંકલ્પ કરશો, તો તમે પુસ્તકો લઈને કામ કરી શકશો; તે માટે તમારે શાળામાં જવાની જરૂર નથી. વસ્તુઓ શિખવાડવા માટે જગતમાં અનેક પુસ્તકો છે. અરે, જરૂર કરતાં પણ જગતમાં વધારે પુસ્તકો છે. માત્ર મેઘાનંદની લાયબ્રેરીમાં જઈને તમે બધા વિષયોનો અભ્યાસ કરી શકો છો. ત્યાં તમને પૂરતી માહિતી મળી રહેશે! (અભિનય)

પણ તમારે શું જોઈએ છે તે જાણવાની વસ્તુ વધારે અગત્યની છે. તેને માટે થોડી સ્વતંત્રતાની જરૂર છે. તમારે માટે કોઈ વસ્તુ ફરજિયાત ન બનવી જોઈએ. તમારામાં પૂરા હૃદયથી તે વસ્તુ કરવાની તાકાત હોવી જોઈએ. જો તમે આળસુ હશો, તો તેનાં માઠાં પરિણામ તમારે ભોગવવા પડશે. તમે જાણો છો કે જીવનમાં આળસુ લોકોને બીજાઓ કરતાં દશ-ગણું વૈતરું કરવાની ફરજ પડતી હોય છે, કારણ કે તેઓ દરેક કામ ખરાબ રીતે કરતા હોય છે અને તેથી તેમને તે કામ ફરી કરવાની જરૂર ઊભી થતી હોય છે. પણ માણસ આ વસ્તુઓ અનુભવથી શીખતો હોય છે, તે તમારામાં મૂકી આપી શકાતી નથી.

કાબૂમાં ન રખાયેલું મન આનાકાનીવાળું અને અનિશ્ચિત હોય છે. જો માણસને કોઈક વસ્તુ પર મનને એકાગ્ર કરવાની ટેવ ન હોય, તો તે મન હર-ક્ષણે ભટકતું રહેતું હોય છે. હર-ક્ષણે, અટક્યા સિવાય, તે અનિશ્ચિતતાની દુનિયામાં ભ્રમણ કરતું જ રહે છે. જ્યારે માણસ એકાગ્રતા કરવા માગે છે, ત્યારે તે મનને ગમતું હોતું નથી! પ્રયત્ન કરતી વખતે માણસને લાગતું હોય છે કે ઓહ, આ તો બહુ કંટાળો આપે તેવી વસ્તુ છે, તેથી મન દુઃખી બની જાય છે. એટલે માણસ એકાગ્રતા કરતો હોતો નથી, તે વાદળમાં બાચકા ભરતો જીવે છે. તમારું મસ્તિષ્ક વાદળ જેવું છે — ઘણાખરા લોકોનું મન વાદળ જેવું જ હોય છે. તેમાં કશી નિશ્ચિતતા — ચોક્કસતા — સ્પષ્ટતા નથી હોતી; તે ધૂંધળું હોય છે, અસ્પષ્ટ હોય છે. તમારી પાસે વસ્તુઓની છાપ હોય છે, જ્ઞાન નહિ. તમે 'લગભગ'માં — 'આશરે'માં જીવતા હો છો. તમારામાં અનેક પ્રકારના પરસ્પર- વિરોધી વિચારો હોય છે, જે છાપોના- ઇન્દ્રિય — સંસ્કારોના — લાગણીઓના બનેલા હોય છે, જેમને વિચારો સાથે કશો સંબંધ હોતો નથી, જે માત્ર અસ્પષ્ટ પરિભ્રમણો હોય છે.

જો તમારે કોઈ પણ વિષય પર નિશ્ચિત, સઘન, સ્પષ્ટ, ચોક્કસ વિચાર પ્રાપ્ત કરવામાં સફળતા મેળવવી હોય, તો તમારે પ્રયત્ન કરવો જોઈએ, તમારી જાતને એકત્રિત કરી લેવી જોઈએ, તમારી જાતને દૃઢતાપૂર્વક પકડમાં લેવી જોઈએ, એકાગ્રતા કરવી જોઈએ. પહેલી વખત તેવો પ્રયત્ન સાચે જ દુઃખદાયી લાગે છે, કંટાળાજનક લાગે છે! પણ જો તમે તેની ટેવ નહિ પાડો, તો તમારું સમગ્ર જીવન તમે અનિશ્ચિતતામાં જ ગાળશો. પછી જ્યારે તમારે વ્યવહારુ વસ્તુઓમાં પડવાનું આવશે, જ્યારે તમારે ખૂબ વ્યવહારમય સમસ્યાઓનો ઉકેલ કરવાનો પ્રસંગ આવશે — માણસને ગમે કે ન ગમે. પણ જીવનમાં દરેક માટે સમસ્યાઓ તો ઊભી થતી જ હોય છે — ત્યારે તે સમસ્યાનાં સર્વ તત્ત્વોનો દરેક બાજુએથી વિચાર કરવાને બદલે, તેની ઊર્ધ્વમાં જઈ તેનો ઉકેલ જોઈ શકવાને બદલે, તમે અનિશ્ચિતતાના અને અસ્પષ્ટતાના વમળમાં આમથી તેમ ફેંકાઈ જશો, તમારા મસ્તિષ્કમાં અનેક કરોળિયા દોડંદોડા કરતા હશે, પણ તમે તે પ્રશ્નના સાચા ઉકેલને પકડવામાં નિષ્ફળ જશો.

હું તદ્દન સાદી સમસ્યાની વાત કરી રહી છું, જગતના અથવા માનવ-જાતિના ભાવિનો નિર્ણય કરવાની નહિ, અરે દેશના ભાવિનો નિર્ણય કરવાની પણ નહિ. હું તમારા દૈનિક જીવનની સમસ્યાની વાત કરી રહી છું. તેવા અનિશ્ચિત લોકો રૂ જેવા, રેશમ જેવા, ખૂબ પોચા બની જતા હોય છે.

આમ ન બને તેટલા માટે, તમારું મસ્તિષ્ક જ્યારે રચાતું હોય છે ત્યારે તમને કહેવામાં આવે છે કે એવી ટેવો વડે અને ગુણો વડે તમારા મસ્તિષ્કને રચાવા દેવાને બદલે તેમાં થોડીક નિશ્ચિતતા, ચોક્કસતા, એકાગ્રતાની શક્તિ, પસંદગી કરવાની — નિર્ણય કરવાની — વસ્તુઓને વ્યવસ્થિત કરવાની શક્તિ મૂકી આપવા માટે પ્રયત્ન કરો, તમારી તર્ક-બુદ્ધિનો ઉપયોગ કરો.

અલબત્ત, એ તો સુસ્પષ્ટ છે કે તર્ક-બુદ્ધિ માનવની પરમ શક્તિ નથી. તેનાથી પર જવાનું હોય છે, પણ જો તમારામાં તર્ક-બુદ્ધિ નહિ હોય, તો તમે તદ્દન અ-સુસંગત જીવન જીવશો, તાર્કિક રીતે કેવી રીતે વર્તવું તેની પણ તમને ખબર નહિ પડે. નાનામાં નાની વસ્તુ તમને તદ્દન અસ્વસ્થ બનાવી મૂકશે, તે અસ્વસ્થતાને શા માટે અને કેવી રીતે દૂર કરવી તે પણ તમે નહિ જાણી શકો. પણ જેણે પોતામાં સક્રિય, સ્પષ્ટ તર્ક-બુદ્ધિને સ્થાપિત કરી હશે, તે માણસ દરેક પ્રકારનાં આક્રમણોનો, લાગણીનાં આક્રમણોનો અથવા સર્વ મુશ્કેલીઓનો સામનો કરી શકશે. જીવન તો અણગમતી વસ્તુઓનું, ગૂંચવાડાઓનું ભરેલું હોય છે. તે મુશ્કેલીઓ નાની હોય છે, પણ તે માણસના પ્રમાણમાં તેને તે બહુ મોટી લાગતી હોય છે. તર્ક-બુદ્ધિ જરાક અલગ ઊભી રહીને તે મુશ્કેલીઓનું નિરીક્ષણ કરે છે, સ્મિત કરે છે, અને કહે છે કે ના, ના, આવી નાની વસ્તુથી ગભરાઈ જઈને હોહા કરવાની કશી જરૂર નથી.

જો તમારામાં તર્ક-બુદ્ધિ નહિ હોય, તો તમે તોફાની સમુદ્ર પરના બૂચ જેવા બની જશો. બૂચને તે સ્થિતિથી દુઃખ થાય છે કે નહિ તે હું જાણતી નથી, પણ તેની સ્થિતિ સુખમય તો ન જ કહેવાય.

આ વાત મેં તમને અનેક વાર કહી છે, તે જ વાત હું હજી પણ તમને અનેક વાર કહેવા તૈયાર છું. એ કહ્યા પછી, હું તમને પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપું છું કે તમારે તોફાની સમુદ્ર પરના બૂચ બનવું છે કે સ્પષ્ટ નિશ્ચિત દર્શનને તથા વસ્તુઓના પૂરતા જ્ઞાનને પ્રાપ્ત કરીને આગળ વધવું છે — તમારે જ્યાં જવું હોય ત્યાં.

કારણ કે પસંદ કરાયેલા માર્ગમાં આગળ વધી શકવા માટે પણ સ્પષ્ટતા અનિવાર્ય છે.

હું એમ જરા પણ નથી ઇચ્છતી કે તમે બધા વિદ્વાનો, પંડિતો બનો! કારણ કે તેથી માણસ બીજે છેડે ચાલ્યો જતો હોય છે; પોતાના મસ્તિષ્કમાં તે એટલી બધી વસ્તુઓ ઠાંસી-ઠાંસીને ભરતો હોય છે કે પછી તેમાં ઉચ્ચતર પ્રકાશ માટે ખાલી જગ્યા રહેલી હોતી નથી. પણ તોફાની સમુદ્ર પરના બૂચ ન બની જવાય

તે માટે, થોડી-ઘણી તર્ક-બુદ્ધિ અનિવાર્ય છે.

માતાજી, કેટલાક લોકો કહે છે કે રમત-ગમત પર, શારીરિક કેળવણી પર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે તેથી અભ્યાસમાં અમે બહુ આગળ વધી શકતા નથી. આ વાત સાચી છે?

કોણે તમને એમ કહ્યું? જે લોકોને શારીરિક કેળવણી નથી ગમતી તે લોકોએ? અક્કડ બની ગયેલા, વૃદ્ધ શિક્ષકોએ કે જેમને હવે વ્યાયામ ગમતો હોતો નથી? હું તેમનાં નામ નથી પૂછતી!

મને એ વાત સાચી નથી લાગતી.

શ્રી અરવિંદે બુલેટિનમાં જે પ્રથમ લેખ લખ્યો હતો તે તમને યાદ છે? તે લેખમાં તે આ લોકોને જડબાતોડ જવાબ આપે છે.

હું ખાતરીપૂર્વક કહું છું કે તે વાત સાચી નથી. તે માટેનો દોષ હું મારે માથે લઈ લઉં છું! હે મારાં બાળકો, તમને ખૂબ-ખૂબ સ્વતંત્રતા આપવામાં આવી છે. દુનિયામાં બીજું એવું એક પણ સ્થાન નથી, જ્યાં બાળકોને અહીંના જેટલી સ્વતંત્રતા આપવામાં આવતી હોય. તેવી સ્વતંત્રતાનો સદુપયોગ કેમ કરવો તે જાણવું બહુ કઠિન છે.

છતાં આ પ્રયોગ કરવા જેવો હતો. તમને તેની કદર નથી, કારણ કે સ્વતંત્રતા-વગરની શાળાઓ કેવી હોય તેનો તમને અનુભવ નથી. તમને સ્વતંત્રતા — છૂટ સ્વાભાવિક લાગે છે. પણ પોતે જાતે તે સ્વતંત્રતાને કેવી રીતે સંગઠિત કરવી તે જાણવું બહુ કઠિન છે. છતાં પણ જો તમારે તે કામમાં સફળતા મેળવવી હોય, તમારી જાતને તમારી પોતાની શિસ્ત આપવી હોય, બીજા કોઈએ લાદેલી શિસ્ત ન સ્વીકારવી હોય, માત્ર પ્રગતિ કરવા માટે જ અને તમારામાં રહેલી શ્રેષ્ઠ વસ્તુઓને બહાર લાવવા માટે શિસ્ત સ્વીકારવી હોય — ઉચ્ચતર કારણો માટે, પરીક્ષાઓમાં પાસ થવા માટે નહિ, કેરિયર (કારકીર્દિ) પ્રાપ્ત કરવા માટે નહિ, તમારા શિક્ષકોને ખુશ કરવા માટે નહિ, ઘણાં ઇનામો જીતવા માટે નહિ, કોઈ તમને ઠપકો ન આપે તેટલા માટે નહિ, કોઈ તમને માર ન મારે તેટલા માટે નહિ — , તો તમે જરૂર પ્રગતિ કરવાના. જે બાળકો સામાન્ય શાળાઓની શિસ્તનું પાલન કરે છે, તેમના કરતાં તમે ઘણા શ્રેષ્ઠ બનવાના. હું તેવો પ્રયત્ન કરવા માગતી હતી. હું એમ નથી કહેતી કે હું તે પ્રયત્નમાં નિષ્ફળ ગઈ છું. હજી મને બહુ મોટી આશા છે કે આ અસાધારણ તકનો લાભ કેવી

રીતે ઉઠાવવો તે તમને આવડશે. છતાં પણ તમારે કાંઈક તો શોધવાનું રહેશે; તે છે આંતર શિસ્તની જરૂરિયાત. શિસ્ત સિવાય તમે ક્યાંય નહિ જઈ શકો, શિસ્ત સિવાય તમે સામાન્ય માનવીનું સામાન્ય જીવન પણ નહિ જીવી શકો. પણ સામાન્ય સમાજોની અને સામાન્ય સંસ્થાઓની રૂઢિ-પ્રાપ્ત શિસ્તને બદલે, તમે જાતે જ, પરિપૂર્ણતાના પ્રેમને કારણે, તમારા અસ્તિત્વની પરિપૂર્ણતા માટે, તમારે પાળવાની શિસ્ત ઘડી કાઢો એવું હું માગતી હતી અને હજી પણ માગું છું.

નોંધી લો કે જો માણસ શરીરને શિસ્તબદ્ધ ન બનાવે, તો તે પોતાના બે પગ પર પણ ઊભો ન રહી શકે, બાળકની પેઠે તેને બે હાથ અને બે પગ વડે ચાલવાનું રહે. તમને શિસ્ત-પાલન કરવાની ફરજ પડતી હોય છે; તે સિવાય તમે કશું જ કરી ન શકો, સમાજમાં રહી ન શકો, તમારે માત્ર જંગલમાં જ રહેવું પડે — કદાચ જંગલમાં પણ તમારી જાત માટે શિસ્ત અનિવાર્ય થઈ પડે. મેં તમને આ વાત અનેક વાર કરી છે, કારણ કે મને રૂઢિપ્રાપ્ત શિસ્તો પ્રત્યે સામાજિક અને બીજી શિસ્તો પ્રત્યે ખૂબ અણગમો છે. તેનો અર્થ એવો નથી કે તમારે સર્વ પ્રકારની શિસ્તથી વેગળા રહેવું જોઈએ. હું ઇચ્છું છું કે દરેક જણે પોતાની આંતર અભીપ્સાની દિલની સચ્ચાઈ-પૂર્વક, પોતાનો સાક્ષાત્કાર કરવાના સંકલ્પપૂર્વક, પોતાને માટે જરૂરી શિસ્ત શોધી કાઢવી જોઈએ.

એટલે શિક્ષકોનું, અધ્યાપકોનું, સર્વ જાણકારોનું એ લક્ષ્ય હોવું જોઈએ કે તે શિસ્ત શોધી કાઢવામાં તમને મદદ કરે, જરૂરી જ્ઞાન આપે. જ્યારે તમે જેનો ઉકેલ ન લાવી શકો તેવી સમસ્યાની પરિસ્થિતિમાં મૂકાયા હો, ત્યારે તમે તે સમસ્યાને શિક્ષકોની સમક્ષ રજૂ કરો, અને જાત-અનુભવથી તેઓ તમને કહે કે ના, તે વસ્તુ આમ છે, તમારે આમ કરવું જોઈએ, તમારે એવો પ્રયત્ન કરવો જોઈએ. એટલે સિદ્ધાંતોને, નિયમોને, વત્તા-ઓછા ભાવ-વાચક જ્ઞાનને અપનાવવાની તમને ફરજ પાડવાને બદલે, તે શિક્ષકો તમને વસ્તુઓ વિષે જરૂરી માહિતી આપે — સૌથી વધારે ભૌતિક વસ્તુથી માંડીને તે સૌથી વધારે આધ્યાત્મિક વસ્તુ સુધી — અને તે માહિતી દરેક વિદ્યાર્થીના ક્ષેત્ર અનુસાર તથા શક્તિ અનુસાર અપાવી જોઈએ.

એ વાત સ્પષ્ટ છે કે જો જરા પણ ટેકનિકલ જ્ઞાન પ્રાપ્ત કર્યા સિવાય તમને જગતમાં ધકેલી દેવામાં આવે, તો તમે ખૂબ જોખમકારક વસ્તુઓ કરી બેસો. દા. ત. તદ્દન અજ્ઞાન બાળકને લો; જો તેને દીવાસળીની પેટી આપવામાં આવશે, તો પહેલું કાર્ય તે પોતાની જાતને દઝાડવાનું કરશે. એટલે જાણકાર લોકોએ તે ક્ષેત્રનું જ્ઞાન, કેવળ ભૌતિક દૃષ્ટિબિંદુથી બાળકને આપવું તે ઇષ્ટ

છે. નહિ તો, જો દરેક બાળકને જાત અનુભવથી જ શીખવાનું હોય, તો ખૂબ અનિવાર્ય વસ્તુઓ શીખવા માટે તેણે અનેક જન્મો વિતાવવા પડે, શિક્ષકોની અને અધ્યાપકોની આ જ સાચી ઉપયોગિતા છે. પ્રેક્ટિસથી અથવા ખાસ અધ્યયન દ્વારા તેઓ ઓછુ-વત્તુ શીખ્યા હોય છે, અને તેઓ તમને અનિવાર્ય રીતે જાણવા યોગ્ય વસ્તુઓ શિખવાડી શકે. તેથી તમારો ખૂબ સમય બચી જાય છે. પણ તેમની ઉપયોગિતા માત્ર તેટલી જ છે — પ્રશ્નોના જવાબો આપી શકે તેટલી જ. હકીકતમાં, તમારી પાસે એવું મસ્તિષ્ક હોવું જોઈએ, કે જે પ્રશ્નો પૂછવા જેટલું જીવંત છે — ચપળ છે. પણ તમે મને પ્રશ્નો જ પૂછતા હોતા નથી, અથવા ભાગ્યે જ પૂછતા હો છો. તે ભયંકર, માનસિક આળસપણું સૂચવે છે.

કેટલીક વાર હું તમને કહેતી હોઉં છું કે પ્રશ્નો ન પૂછો; અમુક આંતર વસ્તુઓને શોધી કાઢવા તમે જાતે જ પ્રયાસ કરો. એ તો સમજી શકાય તેવી વાત છે. પણ જ્યારે હું અહીં હોઉં છું અને તમને કહું છું કે તમારે કોઈ પ્રશ્નો પૂછવાના નથી? ત્યારે મૌન પથરાઈ જતું હોય છે. તે સિદ્ધ કરે છે કે તમારામાં માનસિક જિજ્ઞાસા — કુતૂહલ નથી. હું હમેશાં જે પુસ્તકમાંથી વંચાયું હોય છે, તેના પર જ પ્રશ્નો પૂછવાનું નથી કહેતી. કોઈ પણ ગમે ત્યારે, કોઈ પણ પ્રશ્ન પૂછે તેનો ઉત્તર આપવા હું હમેશાં તૈયાર હોઉં છું. મારે કહેવું જોઈએ કે પ્રશ્નો પૂછવાની બાબતમાં આપણે સમૃદ્ધ નથી! તમને કાંઈક કહેવાની તક મને બહુ વાર સાંપડતી હોતી નથી.

હું તમને જલદી કહેતી હોઉં છું કે "જો તમે મને પદાર્થ-વિજ્ઞાન જેવી ટેકનિકલ બાબતો વિષે પ્રશ્નો પૂછશો, તો તેના જવાબો હું નહિ આપી શકું. મને તે બાબતનું કશું જ્ઞાન નથી. તે બાબત તમે પુસ્તકોમાંથી જોઈ લો અથવા તમારા શિક્ષકને પૂછીને માહિતી મેળવી લો." પણ જો તમે મને મારા ક્ષેત્રના પ્રશ્નો પૂછશો, તો હું હમેશાં તમને જવાબો આપીશ.

એક છેલ્લો પ્રયાસ : કોઈને મને પ્રશ્ન પૂછવો છે?

(મૌન)

અદ્‌ભુત! (માતાજી હસે છે) ઠીક, ઠીક, ત્યારે તો આજે બધું પતી ગયું.

*

વાર્તાલાપ — ૨૫

૨૦ જૂન ૧૯૫૬

મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં લખે છે કે "અને છતાં હૃદયમાં અથવા તેની પીઠમાં એક ગહનતર, નિગૂઢ પ્રકાશ હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૪૦)

આ નિગૂઢ પ્રકાશ શું છે?

તે પ્રેમ છે.

પણ ત્યાર પછી શ્રી અરવિંદ લખે છે કે "જો તે આંતર-દર્શના ન હોય — કારણ કે તે મનની નથી હોતી, પણ મનમાં થઈને નીચે અવતરણ કરે છે —, તો પણ તેને સત્ય પર સીધો સંસ્પર્શ હોય છે, અને તે જ્ઞાનના અભિમાનવાળી માનવ-બુદ્ધિ કરતાં ભગવાનની વધારે નજીક હોય છે." આ નિગૂઢ પ્રકાશ અને આંતર-દર્શના વચ્ચે કોઈ સંબંધ છે ખરો?

તે આંતર-દર્શના નથી. તે પ્રેમ દ્વારા જ્ઞાન છે, પ્રેમ દ્વારા પ્રકાશ છે, પ્રેમ દ્વારા સમજ છે. શ્રી અરવિંદ કહે છે કે તે આંતર-દર્શના નથી, કારણ કે આંતર-દર્શના બુદ્ધિની માલિકીની વસ્તુ છે — કમથી કમ તેની અભિવ્યક્તિમાં; આંતર-દર્શનાની અભિવ્યક્તિ બૌદ્ધિક હોય છે. જ્યારે આ તો લગભગ તાદાત્મ્ય વડે પ્રાપ્ત થતું, સીધું જ્ઞાન છે, જે પ્રેમમાંથી પ્રગટ થતું હોય છે.

અને "આંતર આગાહી કરનાર શક્તિ"?

આગાહી કરનારી શક્તિ એ ભાવિ જાણવાની શક્તિ છે, પૂર્વ-દર્શનની શક્તિ છે, પ્રતીકો સમજવાની શક્તિ છે; તે ચૈત્યમય અસ્તિત્વની માલિકીની વસ્તુ છે. દા. ત. પયગંબરો મન વડે આગાહી કરતા હોતા નથી, લાગણીઓથી તથા ભાવનાઓથી પર, સીધા સંપર્ક દ્વારા તેઓ આગાહીઓ કરે છે. શ્રી અરવિંદ

ખાસ કહે છે કે વેદો મન વડે, મસ્તિષ્ક દ્વારા રચાયા ન હતા. શબ્દોની સાથે, સૂક્તનું રૂપ સ્વયંભૂ રીતે ચૈત્યમય અસ્તિત્વમાંથી ઉદ્‌ભવતું હતું,

માતાજી, જો કોઈને ચૈત્યમય સાથે સંપર્ક હોય, તો શું તેનામાં આ શક્તિ આવતી હોય છે?

ઓછા-વત્તા પ્રમાણમાં, હા. સંપર્ક જેમ વધારે પરિપૂર્ણ, તેમ આ શક્તિ વધારે.

તેનો આધાર અસ્તિત્વની બાહ્યતર શક્યતાઓ પર પણ રહેલો છે. પણ તે વાત મેં તમને અનેક વાર સમજાવી છે. મેં તમને કહ્યું છે કે જ્યારે માણસ પોતાના ચૈત્યિક સાથે સંપર્કમાં પ્રવેશે છે, ત્યારે આપોઆપ અમુક શક્તિઓ વિકસે છે. દા.ત. કેટલાક એવા લોકો હોય છે, જેમને બૌદ્ધિક કેળવણી મળી હોતી નથી, અને છતાં જેમનામાં ઓચિન્તી નોંધપાત્ર અભિવ્યક્તિની શક્તિ આવી જતી હોય છે, જે આ રીતે ચૈત્યમય અસ્તિત્વ સાથેના આંતર સંપર્ક દ્વારા આપોઆપ આવતી હોય છે.

શ્રી અરવિંદ અહીં "સાંસારિક રેફ્રિજરેશન (શીતલીકરણની)" વાત કરે છે.

શું?

તે લખે છે કે "ખરેખર, ધાર્મિક—નૈતિક—ભાવના વડે વૈશ્વિક સદ્‌ભાવનો અથવા વૈશ્વિક કરુણાનો કે પડોશી પ્રત્યે પ્રેમનો તથા સેવાનો નિયમ- વેદાંતીઓનો, બૌદ્ધોનો અથવા ખ્રિસ્તીઓનો નિયમ સર્જાયો હતો. માત્ર તેમાં રહેલા ધાર્મિક તત્ત્વની ઉત્કટતાને સાંસારિક રીતે ઠંડી પાડવા વડે, તેમાંથી માનવતાવાદી આદર્શ જુદો પડી શકે, અને માનસિક તથા નીતિમય નૈતિકતાની સાંસારિક પદ્ધતિની ઉચ્ચતમ ભૂમિકા બની શકે."

(એજન, પૃષ્ઠ ૧૪૨)

હા, આ ભૌતિક અને કેવલ શારીરિક વિચાર છે, જે લાગણીઓને ઠંડીગાર બનાવી દે છે, જીવાત્માની સઘળી ઉષ્માને લઈ લે છે, લાગણીઓની તથા ધાર્મિક ચેતનાની

બધી ઉત્કટતા લઈ લે છે, અને તેમને ઠંડીગાર રીતે તાર્કિક બનાવી દે છે.

માતાજી, જો હૃદય વધારે સીધા જ્ઞાનનું સાધન બની શકે, તો જ્ઞાનના માધ્યમ તરીકે બુદ્ધિ શો ભાગ ભજવે છે?

તમે કહ્યું — માધ્યમ તરીકે?

મનને સાચી રીતે જે ભાગ ભજવવાનો છે તે — કાર્યની રચના અને સંગઠન છે. મનમાં રચનાત્મક અને સંગઠન-કારક શક્તિ છે, જે શક્તિ પ્રેરણાનાં ભિન્ન-ભિન્ન તત્ત્વોને કાર્ય માટે — સંગઠનકારક કાર્ય માટે વ્યવસ્થિત કરે છે. જો તે માત્ર પ્રેરણાઓને સ્વીકારવાના કાર્યમાં જ મર્યાદિત બની જાય — જે પ્રેરણાઓ ઊર્ધ્વમાંથી અથવા આત્માના નિગૂઢ કેન્દ્રમાંથી આવતી હોય છે — અને જો મન, વિશાળ રેખાઓમાં અથવા સૂક્ષ્મ વીગતોમાં, જીવનની નાનામાં નાની વસ્તુઓ માટે અથવા મહાન પાર્થિવ સંગઠનો માટે કાર્યની યોજના ઘડવામાં જ સીમિત બની જાય, તો તે ખૂબ પ્રમાણમાં પોતાની કામગીરીને પરિપૂર્ણ બજાવે.

મન જ્ઞાનનું કરણ નથી.

પણ તે કાર્ય માટે, કાર્યને સંગઠિત કરવા માટે જ્ઞાનનો ઉપયોગ કરી શકે છે. જો મન સારી રીતે વિકસિત હોય, તો સંગઠન તથા રચના માટે તે એક ખૂબ શક્તિશાળી કરણ છે.

જ્યારે માણસ પોતાના જીવનને સંગઠિત કરવા માગતો હોય છે, દા. ત. પોતાના અસ્તિત્વમાં ભિન્ન-ભિન્ન તત્ત્વોને યથાસ્થાને મૂકવા માગે છે, ત્યારે આનો તેને સ્પષ્ટ અનુભવ થાય છે. એક અમુક બૌદ્ધિક શક્તિ છે, જે દરેક વસ્તુને તેને યોગ્ય સ્થાને મૂકી આપે છે, અને યોજના ઘડી કાઢે છે, સંગઠન કરે છે. તે જ્ઞાન મનમાંથી આવતું હોતું નથી. મેં કહ્યું તેમ આત્માનાં રહસ્યમય ઊંડાણોમાંથી અથવા ઉચ્ચતર ચેતનામાંથી તે જ્ઞાન આવે છે; મન તે જ્ઞાનને ભૌતિક જગતમાં એકાગ્ર કરે છે, અને ઉચ્ચતર ચેતનાના કાર્ય માટે પાયાનું સંગઠન કરે છે.

પોતાનું જીવન સંગઠિત કરવા માગતા માણસને આ વાતનો અનુભવ સ્પષ્ટ રીતે થતો હોય છે.

તેનો બીજો પણ એક ઉપયોગ હોય છે. જ્યારે માણસ બુદ્ધિના તર્કયુક્ત, વિશુદ્ધ કેન્દ્ર સાથે સંપર્કમાં હોય છે, ત્યારે તે સંપર્ક સર્વ પ્રાણિક આવેગો પર

શક્તિશાળી કાબૂ ધરાવે છે. પ્રાણિક જગતમાંથી આવતી સર્વ વસ્તુઓ પર તે દૃઢતા-પૂર્વક ખૂબ કાબૂ ધરાવે છે, અને શિસ્તબદ્ધ તથા સંગઠિત કાર્યમાં તે તેમનો ઉપયોગ કરે છે. પણ તેણે પોતાના આત્મ-સંતોષ માટે કાર્ય ન કરવું જોઈએ; તેણે બીજા કોઈક તત્ત્વની સેવામાં રહેવું જોઈએ.

મનના એ બે ઉપયોગો છે. તે કાબૂમાં રાખતી શક્તિ છે, અને સંગઠનકારક શક્તિ છે. તે તેનું સાચું સ્થાન છે.

મધુર માતાજી, માત્ર, પ્રેમ દ્વારા જ માણસ ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે?

હા, મારા બાળક, જરૂર. પ્રેમનો માર્ગ સૌથી વધારે સીધો માર્ગ છે.

પ્રેમ દ્વારા માણસ ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે, અર્થાત્ ભગવાન સાથે તાદાત્મ્ય સાધી શકે, ભગવાનથી પરિપૂર્ણ રીતે સચેતન બની શકે, અને ભગવાનનું કરણ બની શકે. પણ સ્વાભાવિક રીતે જ પ્રેમ દ્વારા માણસ પૂર્ણયોગને સિદ્ધ કરી શકતો નથી, કારણ કે તે માત્ર એકજ રેખા છે. પણ ભગવાન સાથે તાદાત્મ્યના દૃષ્ટિબિન્દુથી જોતાં, તે સૌથી વધારે સીધો માર્ગ છે.

પણ માનસિક વિકાસ વગર, માણસ ભગવાનને અભિવ્યક્ત કરવા સમર્થ ન થાય?

માણસ ભગવાનને બૌદ્ધિક રીતે અભિવ્યક્ત ન કરી શકે, પણ કાર્યમાં, લાગણીઓમાં, જીવનમાં તે ભગવાનને અભિવ્યક્ત કરી શકે.

(મૌન)

મધુર માતાજી, કેટલીક વાર જ્યારે માણસને વિષાદનો અનુભવ થાય છે, ત્યારે તે લાંબા સમય સુધી ચાલતો હોય છે. પણ જ્યારે માણસને અમુક ખાસ પ્રકારનો આનંદ અનુભવાતો હોય છે, ત્યારે તે લાંબો સમય ચાલુ રહેતો હોતો નથી.

હા, તે તદ્દન સાચી વાત છે.

તો પછી, તે આનંદ લાંબા સમય સુધી ચાલુ રહે તે માટે શું કરવું જોઈએ?

પણ અસ્તિત્વનો એક જ ભાગ વિષાદને અને આનંદ અનુભવતો હોતો નથી.

જો તમે પ્રાણિક સુખની વાત કરતા હો, તો તે તો બહુ જ ક્ષણિક હોય છે. મને લાગે છે કે જીવન અત્યારે જેવું છે તેમાં સુખ કરતાં દુઃખના પ્રસંગો વધારે આવતા હોય છે. સુખ બહુ ક્ષણિક હોય છે, કારણ કે જો સુખનું તે જ આકંપન જરાક વધારે સમય સુધી ચાલુ રહે, તો તે દુઃખરૂપ બની જાય છે, તે જ આકંપન અણગમો પેદા કરનારું બની જાય છે.

સુખ પોતે હાથતાળી આપીને નાસી જનારી વસ્તુ છે. પણ જો તમે આનંદની વાત કરતા હો, તો તે તો તદ્દન જુદી જ વસ્તુ છે. તે હૃદયમાં એક પ્રકારની ઉષ્મા અને પ્રકાશ છે. માણસ મનમાં પણ આનંદ અનુભવી શકે, પણ તે ક્યાંક પેદા થતાં ઉષ્મા અને આનંદપ્રદ પ્રકાશ હોય છે. તે ગુણનો હજી પૂરો વિકાસ થયો નથી, અને તે આનંદ પ્રાપ્ત કરવા માટે જરૂરી માનસ-શાસ્ત્રીય સ્થિતિને હજી માનવ ભાગ્યે જ પ્રાપ્ત કરી શક્યો હોય છે. તેથી હાથતાળી આપીને છટકી જાય છે. બાકી, અસ્તિત્વના સત્યમાં — વાસ્તવિકતામાં, તમારા સાચા આત્મામાં, તમારા ચૈત્યિક અસ્તિત્વમાં આનંદ હમેશાં રહેલો જ છે.

તે આનંદને સુખ સાથે કશી લેવાદેવા નથી, તે એક પ્રકારનો આંતરિક આનંદ હોય છે.

પણ જ્યાં સુધી માણસ પોતાના ચૈત્યિક અસ્તિત્વથી પરિપૂર્ણ રીતે સભાન ન બન્યો હોય, ત્યાં સુધી તે આનંદ અનુભવવાની સ્થિતિમાં છે એમ ભાગ્યે જ કહી શકાય. તેથી આનંદ ક્ષણ માટે આવીને ચાલ્યો જતો હોય છે, કારણ કે ઘણી વાર તેને અનુભવવા માટે જરૂરી માનસ-શાસ્ત્રીય સ્થિતિ માણસમાં હોતી નથી. તેથી ઊલટું, માણસ, લગભગ સતત, સામાન્ય પ્રાણિક સ્થિતિમાં હોય છે, જ્યાં નાનામાં નાની દુઃખમય વસ્તુ આપોઆપ અને સહેલાઈથી વિષાદ લઈ આવે છે. જો તમે નિર્બળ વ્યક્તિ હો, તો તમારામાં વિષાદ પેદા થશે; જો તમે બલવાન વ્યક્તિ હો, તો તમારામાં બળવો જાગશે. તૃપ્ત નહિ થયેલી દરેક કામના, અવરોધને પ્રાપ્ત કરતો દરેક આવેગ, બાહ્ય વસ્તુઓ સાથે અસુખકર એવો દરેક સંપર્ક બહુ સહેલાઈથી અને આપોઆપ વિષાદનું અથવા બળવાનું સર્જન કરે છે, કારણ કે જેવું અત્યારે સામાન્ય જીવન છે તેવા જીવનમાં તે સામાન્ય સ્થિતિ હોય છે. જ્યારે આનંદની સ્થિતિ તો અપવાદરૂપ છે.

એટલે જો સુખ અથવા સુખકારક ઇન્દ્રિય-સંસ્પર્શ લાંબા સમય સુધી ટકે,

તો તેમાંથી સુખની માત્રા ઘટી જાય છે એટલું જ નહિ, પણ અંતે તે દુઃખરૂપ બની જાય છે, અસહ્ય બની જાય છે. એટલે સ્વાભાવિક રીતે જ, સુખ આવતું હોય છે અને ચાલ્યું જતું હોય છે. અર્થાત્ તમને સુખકર આકંપન પોતે જ થોડા વખત પછી તમને સુખ આપતું હોતું નથી. જો તે ટકી રહે, તો તમારે માટે તે દુઃખરૂપ બની જાય છે. તે કારણે તમે લાંબા સમય સુધી સુખ ભોગવી શકતા હોતા નથી.

માત્ર આનંદ જ ચિર-સ્થાયી હોય છે. જો માણસ અસ્તિત્વના સત્ય સાથે સંપર્ક સાધે, તો તેને સ્થાયી આનંદ પ્રાપ્ત થાય, કારણ કે અસ્તિત્વનું સત્ય આનંદને ધારણ કરતું હોય છે.

માતાજી, હૃદયમાં દ્વિવિધ કાર્ય થતું હોય છેઃ પ્રાણિક આવેગનું કાર્ય અને વિશુદ્ધ લાગણીનું કાર્ય. કયી વસ્તુ આ સંમિશ્રણને શક્ય બનાવે છે?

આ સંમિશ્રણ કેવી રીતે થતું હોય છે?

કારણ કે હૃદયમાં તે બંનેનું આસન છે, નહિ વારુ?

એક જ સ્થાનમાં નહિ.

તે આપણું ભૌતિક — શારીરિક હૃદય નથી, સમજ્યા? તે આ કેન્દ્ર છે (માતાજી પોતાની છાતીના મધ્ય ભાગ પ્રત્યે અંગુલિ-નિર્દેશ કરે છે) પણ તેમાં અનેક પ્રકારનાં ઊંડાણો છે. જેમ જેમ તમે વધુ ને વધુ સપાટી પર આવો છો, તેમ તેમ તેનું પ્રાણિક આવેગો સાથે અને કેવળ ભૌતિક પ્રતિકાર્યો સાથે, કેવળ ભૌતિક ઇન્દ્રિય-સંસ્પર્શો સાથે પણ સંમિશ્રણ થતું જાય છે. જેમ જેમ તમે વધારે ઊંડા જાઓ છો, તેમ તેમ સંમિશ્રણ ઓછું થતું ચાલે છે. જો તમે ખૂબ ઊંડા જાઓ, તો પીઠમાં તમને કેવળ વિશુદ્ધ લાગણી અનુભવાશે. તે ઊંડાણનો સવાલ છે.

બધો સમય માણસ પોતાની જાતને બહાર ફેંકતો હોય છે. જીવનનો બધો સમય તે બાહ્ય, ઉપરછલ્લા ઇન્દ્રિય-સંસ્પર્શમાં પોતાની જાતને એવી રીતે બહાર ફેંકતો હોય છે કે એમ લાગે કે માણસ બધો સમય લગભગ પોતાની બહાર જ રહેતો હોય છે. માણસ પોતાની જાતનું જરાક નિરીક્ષણ કરવા માગે છે, પોતાની જાત પર થોડોક કાબૂ સ્થાપવા માગે છે, શું બની રહ્યું છે તે માત્ર જાણવા માગે

છે, કે તરત જ તેને પોતાની જાત પાછી અંદર ખેંચી લેવાની ફરજ પડતી હોય છે, કે જે જાત સતત બહાર વીખરાયેલી રહેતી હોય છે. આ ઉપરછલ્લી વસ્તુ બધા બાહ્ય સંપર્કોને મળતી હોય છે, બીજાઓમાંથી આવતાં સમાન આકંપનો સાથે સંસ્પર્શમાં મૂકતી હોય છે. તે લગભગ તમારી બહાર બનતું હોય છે.

સામાન્ય ચેતનાનું તે સતત બહાર વીખરાઈ જવું છે.

દા.ત. અસ્તિત્વની ચૈત્યિક ઊંડાણોમાંથી આવતી પ્રેરણાની ગતિ લો. કારણ કે તે પોતાના ચૈત્યિકથી અચેતન લોકોને પણ આવતી હોય છે. પોતાની જાતને દૃષ્ટિગોચર બનાવવા માટે, તે ગતિને સપાટી પર આવવું પડે છે. ઉપર સપાટી પર આવતાં આવતાં તે અનેક પ્રકારની વસ્તુઓ સાથે સંમિશ્રિત થઈ જાય છે, જે વસ્તુઓને તે પ્રેરણાની ગતિ સાથે કશો સંબંધ નથી હોતો, પણ જે તેનો ઉપયોગ કરવા માગતી હોય છે. દા.ત. પ્રાણિકની સર્વ કામનાઓ અને આવેગો ઊંડાણમાંથી સપાટી પર આવતી શક્તિ પર, પોતાના સંતોષ માટે, પકડ જમાવે છે. જે લોકો મનમાં જીવતા હોય છે, પોતાના અનુભવને સમજવા માગતા હોય છે, તેનું મૂલ્યાંકન કરવા માગતા હોય છે, તેને વિષે નિર્ણય બાંધવા માગતા હોય છે, તેમની બાબતમાં મન તે પ્રેરણાને પકડમાં લે છે, પોતાના લાભ માટે — સંતોષ માટે તે પ્રેરણા સાથે સંમિશ્રિત બની જાય છે, અને પરિણામે બધી બાજી બગડી જાય છે. આમ સતત બનતું હોય છે. ઊંડાણોમાંથી આવતી પ્રેરણામાં સપાટી પરની ગતિઓ સતત ઘૂસી જતી હોય છે અને તેને વિકૃત બનાવી મૂકતી હોય છે, દૂષિત કરતી હોય છે, તેના પર આવરણ નાખતી હોય છે, તેનો સંપૂર્ણ વિનાશ કરતી હોય છે, ઓળખી ન શકાય તેવી રીતે તેને વિકૃત બનાવી દેતી હોય છે.

અંદરથી આવતી પ્રેરણાના સંપર્કમાં જ્યારે આ બાહ્ય આવેગો આવે છે, ત્યારે તે બધી વસ્તુને કેમ બગાડી મૂકતા હોય છે? શા માટે તેમનું રૂપાંતર થતું હોતું નથી?

આહ, મને માફ કરો. એ પરસ્પર થતી ગતિ છે. માત્રા પર તેનો આધાર હોય છે. અલબત્ત, અંદરથી આવતી પ્રેરણા કાર્ય કરે છે. તે તદ્દન વિલીન બની જતી નથી. તેનો વિનાશ થતો હોતો નથી. એમ બનતું હોતું નથી. તે કાર્ય તો જરૂર કરે છે, પણ તેમાં સંમિશ્રણ થઈ જાય છે. તેની મૂળની વિશુદ્ધિ અને શક્તિ ચાલી જતી હોય છે, પણ છતાં કાંઈક તો બાકી રહે જ છે, અને પરિણામનો

આધાર રહેલી શક્તિની માત્રા પર રહે છે; તે માત્રા વ્યક્તિ પરત્વે ભિન્ન-ભિન્ન હોય છે.

એક એવો સમય આવે છે, જ્યારે માણસ સંકલ્પપૂર્વક ગહન, આંતર પ્રેરણાને બોલાવે છે અને તેને સમર્પણ કરે છે. ત્યારે તે પ્રેરણા વિશુદ્ધ રૂપમાં પ્રવેશે છે અને તમારી પાસે ભગવાનના સંકલ્પ સાથે સુસંગત કાર્ય કરાવે છે.

સંમિશ્રણ થાય જ એવું નથી; મોટે ભાગે સંમિશ્રણ થતું હોય છે. સંમિશ્રણ ની માત્રા વ્યક્તિ પરત્વે બહુ ભિન્ન-ભિન્ન હોય છે. કેટલાક લોકોમાં જ્યારે અંદર રહેલું ચૈત્યિક નિર્ણય લે છે અને શક્તિને બહાર મોકલે છે, ત્યારે તે દૃષ્ટિ-ગોચર રીતે ચૈત્યિક પ્રેરણા હોય છે. કેટલીક વાર સાધક એક પ્રકારના પડછાયાને મનમાંથી અથવા પ્રાણિકમાંથી પસાર થતો જુએ છે. પણ આ દરમિયાનગિરીઓ મહત્ત્વની નથી હોતી. જો માણસ તેમને બળવાન ન બનવા દે, તો તે વસ્તુઓ ચૈત્યિક પ્રેરણાના સ્વભાવમાં કશો ફેરફાર કરી શકતી હોતી નથી.

આ બધી વસ્તુઓનો ઉપાય હોય છે, કારણ કે નહિ તો પ્રગતિ જ ન થાય.

વાર્તાલાપનો અહીં અંત આવ્યા પછી શ્રી માતાજીએ કહ્યું કે સાધકો તથા વિદ્યાર્થીઓ પ્રશ્નોની બાબતમાં સમૃદ્ધિશાળી નથી. પછી તેમણે શ્રી માતાજીને લેખિત સવાલો મોકલવાની શરૂઆત કરી. એક સવાલ મોટેથી વાંચવામાં આવ્યો.

એમ કહેવામાં આવ્યું છે કે તમારા આત્માને અનુસરો, આભાસો પ્રત્યે કૂદી પડતા મનને નહિ. દૈનિક જીવનમાં આનું આચરણ કેવી રીતે કરવું?

કેમ? સમસ્યા શી છે? મુશ્કેલી કયી છે?

આ "આત્માને અનુસરવાની — મનને નહિ" સલાહ આચરણમાં કેવી રીતે મૂકવી?

એ તો તદ્દન વ્યક્તિગત વાત છે.

પ્રથમ શરત એ છે કે સાધકે આત્મા પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરવી. આપણે તે જ વાત કરી રહ્યા હતા. જો આત્માની પ્રેરણાઓ પ્રાપ્ત ન થાય, તો પછી તેમનું અનુસરણ કેવી રીતે થઈ શકે? પ્રથમ શરત એ છે કે સાધકે પોતાના આત્માથી

જરાક સભાન બનવું, અને તેની પ્રેરણાઓ પ્રાપ્ત કરવી. પછી સ્વાભાવિક રીતે જ, કહ્યા વગર સમજી શકાય તેવી વાત છે કે તર્કયુક્ત બુદ્ધિની આજ્ઞાઓનું પાલન કરવાને બદલે, સાધકે તે પ્રેરણાઓનું જ પાલન કરવું.

પણ તે કેવી રીતે કરવું? કયી પદ્ધતિ વડે? આ વાત તદ્દન અંગત છે. દરેક જણે પોતાની પદ્ધતિ ખોળી લેવી જોઈએ. સિદ્ધાંત તો કહેવાયો છે. જો તેને વ્યવહારમાં લાગુ કરવો હોય, તો દરેક જણ માટે જુદી જુદી પદ્ધતિ હોય છે. આત્મામાંથી આવતી પ્રેરણાઓથી સાધક કેટલા પ્રમાણમાં સભાન છે, આત્મા સાથે તેનું કેટલા પ્રમાણમાં તાદાત્મ્ય સિદ્ધ થયું છે, તેના પર તે પદ્ધતિ આધાર રાખે છે.

એટલે દરેક જણને માટે જુદો જુદો ઉપાય બતાવવાનો રહે. બસ? હવે કાંઈ પૂછવું છે?

એમ કહેવામાં આવ્યું છે કે જેમ જેમ તમે વધારે આપશો, તેમ તેમ તમને વધારે મળશે. આ વાત શારીરિક શક્તિને લાગુ પડે છે? માણસે પોતાના ગજા બહારના શારીરિક કાર્યને માથે લેવું જોઈએ? આ પ્રકારનું કાર્ય કરતાં માણસનું વલણ કેવું હોવું જોઈએ?

જો માણસ ખર્ચે નહિ, તો તેને મળે નહિ. બાળકમાં વૃદ્ધિ-વિકાસ માટે જે મહાન શક્તિ હોય છે તેને ખર્ચવાથી તેનાં વૃદ્ધિ-વિકાસ થતાં હોય છે.

સ્વાભાવિક રીતે જ, શક્તિનો ખર્ચ કર્યા પછી માણસે આરામ કરવા સમય મેળવવો પડે છે. પણ બાળક જે આજે નથી કરી શકતું તે કાલે કરી શકે છે. એટલે જો તમે પહોંચેલી સરહદથી આગળ ન વધો, તો તમે પ્રગતિ ન કરી શકો. એ વાત તદ્દન સ્પષ્ટ છે કે જે લોકો શારીરિક વ્યાયામ કરે છે, તેઓ ધીમે ધીમે જે કસરતો કરી શકવા સુધી પહોંચ્યા હોય છે તે હદની આગળ જવાથી જ પ્રગતિ કરી શકે છે.

એ સમતુલાની વાત છે. ખર્ચના સમયના ગાળાની માત્રા અનુસાર શક્તિ સંચયના સમયનો ગાળો હોવો જોઈએ.

પણ જો માણસ પોતે જે કરી શકતો હોય ત્યાં જ અટકી જાય, તો તે પ્રગતિ ન કરી શકે. પણ તે અશક્ય છે, કારણ કે જો માણસ પ્રગતિ ન કરે, તો તે પીછેહઠ કરતો હોય છે. એટલે માણસે હમેશાં પહેલાં પોતે કરી શકતો હતો તેનાથી કાંઈક વધારે કરવાની કોશિશ કરવી જોઈએ. તો જ તે પ્રગતિને માર્ગે

આગળ વધી શકે. જો માણસ વધારે કરવાથી ડરે, તો તે જરૂર પાછો પડવાનો, પોતાની પ્રાપ્ત કરેલી શક્તિઓ ગુમાવી દેવાનો.

ગઈ કાલે અથવા એક ક્ષણ પહેલાં પોતે જે કર્યું હતું, તેનાથી કાંઈક વધારે, વધારે સારી રીતે કરવાનો પ્રયત્ન માણસે હમેશાં કરવો જોઈએ. માણસ જેમ જેમ પોતાના પ્રયત્નને વધારે છે, તેમ તેમ તેની સ્વીકાર કરવાની શક્તિમાં અને તકોમાં વધારો થતો જાય છે. દા. ત. કેવળ શારીરિક દૃષ્ટિબિન્દુથી જોતાં, જો માણસે પોતાના સ્નાયુઓને વિકસાવવા હોય, તો તે સ્નાયુઓએ પ્રગતિકારક પ્રયાસો કરવા જોઈએ; પણ સાથે-સાથે માણસે જરૂરી કાર્યો પણ કરવા જોઈએ — મસાજ (તેલમર્દન), હાઈડ્રોથેરાપી (સ્નાન, જલ-સેચન) વગેરે, જેથી સ્નાયુઓની સ્વીકાર-શક્તિમાં વધારો થાય.

પછી માણસે આરામ પણ લેવો જોઈએ. આરામ એટલે અચેતનતામાં પાછા સરી જવું એ નહિ — તે તો તાજગી આપવા કરતાં વધારે થાક આપે છે. પણ તે આરામ સચેતન હોવો જોઈએ, તેમાં એવી એકાગ્રતા હોવી જોઈએ જેમાં માણસ વૈશ્વિક શક્તિ પ્રત્યે ખુલ્લો બનતો હોય છે અને તે શક્તિઓ પોતામાં ઝીલતો હોય છે.

શરીરની શક્યતાઓની મર્યાદાઓ બહુ સ્થિતિસ્થાપક હોય છે! જે માણસો પદ્ધતિસરની; વૈજ્ઞાનિક, તર્ક-યુકત તાલીમ લેતા હોય છે, તેઓ આશ્ચર્ય-જનક પરિણામો પ્રાપ્ત કરતા હોય છે. તેઓ પોતાના શરીર પાસે એવી માંગો કરતા હોય છે કે જે માંગોને પરિપૂર્ણ કરવાનું કામ તાલીમ વગર અશક્ય બની જાય. તેમણે ચોક્કસ ધીમે-ધીમે પોતે કરી શકતા હોય તે કામોની હદથી આગળ જઈ વધારે કાર્યો કરવાં જોઈએ — માત્ર પરિપૂર્ણતાના દૃષ્ટિબિંદુથી જ નહિ, પણ શક્તિ-સંચયના દૃષ્ટિબિંદુથી પણ. જો વધારે પડતું કામ કરવાથી તેઓ ડરશે, તો તેઓ, પ્રગતિ નહિ કરી શકે. માત્ર સાથે-સાથે તેમણે આરામનું — શક્તિ-સંચયનું જરૂરી કામ પણ કરવું જોઈએ. શારીરિક કેળવણીનો આ પરમ સિદ્ધાંત છે. તેને પરિણામે એવાં પરિણામ આવે છે, કે જે અજ્ઞાન અને તાલીમ નહિ લીધેલા માણસને ખૂબ આશ્ચર્ય-જનક લાગતાં હોય છે. તેવાં કાર્યો માત્ર પદ્ધતિસર તાલીમ લીધેલા લોકો જ કરી શકે છે.

માતાજીને સતત યાદ રાખવા માટે શું કરવું જોઈએ? શું માણસે તેમના નામનું ઉચ્ચારણ કરવું જોઈએ. તેમના શારીરિક રૂપને યાદ કરવું જોઈએ માતાજી ભગવાન છે —એવો વિચાર કરવો જોઈએ અથવા એવી માગણી

અનુભવવી જોઈએ? ભગવાન માટે આભારની લાગણી એ તેમના સ્મરણનો એક પ્રકાર છે. ખરો?

આ બધું સારું છે. બીજી અનેક વસ્તુઓ પણ સારી છે. તેને આધાર વ્યક્તિ શું કરી શકે તેમ છે તેના પર રહેતો હોય છે.

આ તમારો પ્રશ્ન જરાક વધારે અંગત છે, નહિ વારુ?

તેનો આધાર વ્યક્તિ પર હોય છે. વસ્તુ તેની તે જ છે. જો તેનું સર્વ-સામાન્ય વિધાન કરવામાં આવે, તો તેને કશો અર્થ નથી. યાદ રાખવા માટે, તમારે માત્ર ભૂલી જવાનું નથી! બસ, એટલું જ.

કોઈ એવો સામૂહિક શિસ્તનો પ્રકાર હોઈ શકે ખરો, કે જેને દરેક માણસ પોતાના પર લાદે?

ઘણી વાર એમ બનતું હોય છે કે લોકો સમૂહોમાં એકત્રિત થાય છે, અને પોતાને માટે નિયમો ઘડે છે. તે પોતાના પર લદાયેલી શિસ્ત છે. આમ સતત બનતું હોય છે. બધા સમાજોએ — ગૂઢ તેમજ પ્રગટ સમાજોએ, સર્વ દીક્ષા આપતાં જુથોએ હમેશાં આમ જ કર્યું હોય છે. તેઓ નિયમો ઘડે છે અને તે નિયમોને પોતા પર લાદે છે, અને તેમનું કડકાઈ-પૂર્વક પાલન કરતા હોય છે. જ્યારે પ્રતિજ્ઞા લીધા પછી જ્યારે તે માણસ તે શિસ્તને (નિયમને) ત્યજી દેવા માગતો હોય છે, ત્યારે ભયંકર શિક્ષાઓ થતી હોય છે, તદ્દન ભીષણ પરિણામો આવતાં હોય છે. જગતમાં સતત આમ બનતું હોય છે.

તે પ્રકારની શિસ્તની અસરકારકતા વિષે ચર્ચા થઈ શકે. પણ તે એક બીજી જ વાત છે. માણસ તે શિસ્તનું પાલન કરી શકે તેમ છે કે નહિ તે પ્રશ્ન નથી. પણ ખૂબ પ્રાચીન સમયથી આમ બનતું આવ્યું છે. માણસોએ હમેશાં, એક યા બીજા સ્વરૂપોમાં, જૂથો રચવાનો અને તે જૂથો પર નિયમો લાદવાનો પ્રયત્ન કર્યો જ છે.

જો તે ગૂઢવાદી જૂથ હોય, તો તેના નિયમો પણ ગૂઢવાદી હોય છે.

કદાચ જેઓ તે જૂથમાં દાખલ થવા માગતા હોય તેમના ઉપર તે નિયમો લાદવામાં આવતા હશે; તો પછી તે નિયમો સ્વયં લાદેલા નથી હોતા, ખરું ને?

પણ માણસ મુક્ત રીતે તે જૂથમાં પ્રવેશતો હોય છે, અને તેથી તે નિયમોને તે સ્વીકારતો હોય છે. મોટે ભાગે તે જૂથોમાં તે લોકો પ્રથમ જ તમને કહેતા હોય છે કે આ જૂથના આ નિયમો છે; તમે તેમનો સ્વીકાર કરો છો કે નહિ? જો તમે તે નિયમો ન સ્વીકારો, તો તમે તે જૂથમાં પ્રવેશી શકતા નથી. જો તમે તે જૂથમાં પ્રવેશ કરો, તો તમે પોતે જ તે નિયમોને સ્વીકારો છો. તે રીતે તમને તે જૂથમાં જોડાવાની ફરજ પાડવામાં આવતી નથી! દા. ત. તે વાત તમે જે કુટુંબમાં જન્મ્યા હો તેની આનુવંશિકતાના ગુણ-દોષો તમારામાં આવે જ, એવી પરાધીનતાની નથી. તે નિયમ બહારથી લાદવામાં આવે છે. વિશ્વમાં એમ જ બનતું હોય છે કે જ્યારે તમે જગતમાં જન્મો છો, ત્યારે કદી પણ તમારી મંજૂરી માગવામાં આવતી હોતી નથી. તમને બળજબરીથી આ જગતમાં જન્મ આપવામાં આવે છે, બળજબરીથી વાતાવરણ તમારા પર લાદવામાં આવે છે, આનુવંશિકતાના નિયમો બળજબરીથી તમારા પર લાદવામાં આવે છે, અને તમારાથી બની શકે તેટલો શ્રેષ્ઠ ઉપયોગ તમે તે વસ્તુઓને કરવા પ્રયાસ કરો છો. પણ જ્યારે મિત્રોનું જૂથ અથવા સમાજ હોય, ત્યારે તમે તમારી પોતાની મરજીથી તેના નિયમો સ્વીકારવા કે ન સ્વીકારવા તેનો નિર્ણય કરતા હો છો — સિવાય કે કોઈ સન્માન્ય માણસ તમને તેમાં ખેંચી ન ગયો હોય.

એ વાત સ્પષ્ટ છે કે ધર્મની બાબતમાં આ પ્રશ્ન જરાક વધારે સૂક્ષ્મ બની જાય છે; કારણ કે જન્મતાં પહેલાં જ બાળક પર તે ધર્મ લદાતો હોય છે. જો તે બાળક તે ધર્મમાં જન્મ્યો હોય, તો તે તેના પર લદાતો હોય છે. એ વાત સ્પષ્ટ છે કે સાચા નિયમો અનુસાર, અમુક ઉમ્મર પછી, તમે જેમાં જન્મ્યા હો તે ધર્મનો બોધ તમને મળ્યા પછી, તમારે પસંદગી કરવી જોઈએ કે મારે આ ધર્મ સ્વીકારવો કે નહિ? પણ બહુ થોડા લોકોમાં તેવી વ્યક્તિગત પસંદગી કરવાની શક્તિ હોય છે. માણસો અંધતાપૂર્વક કુટુંબની રૂઢિને, પોતે જેમાં જીવતા હોય તે વાતાવરણને અનુસરતા હોય છે, કારણ કે પ્રતિકાર્ય કરવા કરતાં તે વધારે આરામપ્રદ હોય છે. માણસ તે ધર્મમાં જન્મ્યો છે, અને તે ધર્મનું અનુસરણ કરવાની તેને ફરજ પાડવામાં આવતી હોય છે. તેમાંથી બહાર આવવા માટે તમારામાં ખૂબ બળ અને ચારિત્ર્યની સ્વતંત્રતા હોવાં જોઈએ, કારણ કે તે ધર્મનો ત્યાગ કરવામાં ખૂબ હલચલ-ધાંધલ થતું હોય છે, તમારા જીવન પર તેના ગંભીર પ્રત્યાઘાતો પડતા હોય છે.

*

વાર્તાલાપ — ૨૬

૨૭ જૂન ૧૯૫૬

ગયે અઠવાડિયે મેં જન્મ વિશે વાત કરી હતી — કેવી રીતે જીવાત્માઓ શરીરમાં પ્રવેશ કરે છે તે વિશે. મેં તમને કહ્યું હતું કે લગભગ દરેક જણ માટે નિર્માણ થયેલું શરીર ખૂબ અસંતોષકારક હોય છે; તેમાં ખૂબ વિરલ અપવાદો હોય છે, જેમને વિશે ભાગ્યે જ કથન કરી શકાય.

મેં તમને કહ્યું હતું કે આ અસ્પષ્ટ જન્મને કારણે, માણસ એવો એક વસ્તુઓનો શારીરિક બોજો લઈને આવતો હોય છે કે જે વસ્તુઓનો ત્યાગ કરવાનો હોય છે — જો તે પ્રગતિ કરવા માગતો હોય તો, કોઈકે મારા જ તે વાક્યનું ઉદ્ધરણ કર્યું છે, જે આમ છે :

> **"અહીં તમને બળજબરીથી જન્મ આપવામાં આવ્યો છે, બળજબરીથી વાતાવરણ તમારા પર લાદવામાં આવ્યું હોય છે, આનુવંશિકતાના નિયમો બળજબરીથી તમારા પર લાદવામાં આવ્યા હોય છે."**

તે વાક્યનું ઉદ્ધરણ કરનારે મને પૂછ્યું છે કે આ બધું કોણ કરતું હોય છે?

અલબત્ત, હું વધારે સ્પષ્ટતાપૂર્વક તે વાત કરી શકી હોત, પણ મને લાગ્યું હતું કે મેં પૂરતી સ્પષ્ટતા કરી હતી.

શરીરનું નિર્માણ એક પુરુષ અને એક સ્ત્રી કરે છે, જે માતા-પિતા બને છે. પણ તેમની પાસે એવું કોઈ સાધન નથી કે જેના વડે તેઓ જે બાળકને જગતમાં જન્મ આપે છે તેને પૂછી શકે કે તારે અહીં જન્મવું છે, આ જન્મ તારી ભવિતવ્યતા સાથે સુસંગત છે? જે શરીરનું તેઓ નિર્માણ કરતાં હોય છે તેના ઉપર તેઓ આવશ્યકતાની બળ જબરીથી આનુવંશિકતા, વાતાવરણ, અને પાછળથી કેળવણી લાદતા હોય છે, જે વસ્તુઓ તે બાળકની ભાવિ પ્રગતિમાં રુકાવટ ડાલતી હોય છે.

તેથી મેં કહ્યું હતું, અને તેનું હું અહીં પુનરાવર્તન કરું છું કે હું માત્ર શારીરિક માતા-પિતા વિષે અને ભૌતિક શરીર વિષે વાત કરી રહી હતી, બીજા કશા વિષે નહિ. જે જીવ તે શરીર ધારણ કરે છે — પછી તે જીવ વિકાસ સાધી

રહ્યો હોય કે પૂર્ણ-વિકસિત હોય — તેને તે પશુ-જન્મ વડે લદાયેલા સંજોગોની સામે સંઘર્ષ કરવો પડે છે. જેથી તે પોતાનો સાચો માર્ગ શોધી શકે અને ફરી પોતાની સાચી જાતને પરિપૂર્ણ રીતે પ્રાપ્ત કરી શકે. બસ, એટલું જ.

હવે તમારે બીજું કાંઈ પૂછવું છે? કોઈને કાંઈ પૂછવાનું નથી?

મધુર માતાજી, માતા-પિતા માટે પિતાને ઈષ્ટ જીવાત્માને જન્મ આપવાનું શક્ય છે ખરું?

તેમ કરવા માટે તેમનામાં ગૂઢ જ્ઞાન હોવું જોઈએ, જે મોટે ભાગે તેમનામાં નથી હતું. પણ આ વસ્તુ શક્ય છે; પણ પશુની પેઠે, કામવૃત્તિથી અથવા અનિચ્છાએ પણ કામનાથી પ્રેરિત થઈને સમાગમ કરવાને બદલે, જો તેઓ સંકલ્પપૂર્વક, અભીપ્સાપૂર્વક, પોતાની જાતને અભીપ્સાની અને પ્રાર્થનાની સ્થિતિમાં મૂકીને, સમાગમ કરે, જેને પરિણામે તે યોગ્ય આત્માને દેહ ધારણ કરવા માટે નિમંત્રી શકે, તો તેઓ ઈષ્ટ જીવાત્માને જન્મ આપી શકે. હું કેટલાક લોકોને જાણું છું — તેઓ બહુ વિરલ હોય છે, છતાં હું એવા કેટલાક લોકોને જાણું છું, કે જેમણે ખાસ સંજોગો પસંદ કર્યા હતા, ખાસ એકાગ્રતા — ધ્યાન — અને અભીપ્સા વડે પોતાની જાતને તૈયાર કરી હતી, અને જેઓ એક અપવાદ રૂપ વ્યક્તિને જન્મવા માટે દેહનું નિર્માણ કરી રહ્યા હતા.

ઘણા પ્રાચીન દેશોમાં — અત્યારે પણ અમુક દેશોમાં — જન્મ આપનારી સ્ત્રીને સૌન્દર્યની, સંવાદિતાની, શાન્તિની, કલ્યાણની ખાસ સંવાદમય શારીરિક સ્થિતિઓમાં રાખવામાં આવતી હતી, જેથી બાળકનું નિર્માણ યથાશક્ય શ્રેષ્ઠ સ્થિતિઓમાં થાય એ સ્પષ્ટ છે કે આમ જ થવું જોઈએ, કારણ કે તે માનવી શક્યતાઓની હદમાં રહેલી વાત છે. આ વસ્તુ અપવાદરૂપ ન રહે એટલો વિકાસ તો માનવ પ્રાણીઓએ સાધ્યો છે. અને છતાં તે તદ્દન અપવાદરૂપ વસ્તુ હોય છે, કારણ કે બહુ થોડા લોકો તેના વિષે વિચાર કરતા હોય છે, જ્યારે અસંખ્ય લોકો તો માગતા હોતા નથી, છતાં તેમને ત્યાં બાળકો જન્મતાં હોય છે.

હું તે કહેવા માગતી હતી.

જીવાત્માને નિમંત્રવો એ શક્ય છે, પણ તે માટે માણસે પોતે જરાક સચેતન હોવું જોઈએ, શ્રેષ્ઠ સ્થિતિઓમાં ઈષ્ટ વસ્તુ કરવાની તેનામાં ઈચ્છા હોવી જોઈએ. આ બહુ વિરલ બનતું હોય છે, પણ તે શક્ય છે.

માતાજી, જ્યારે શરીરનું નિર્માણ થાય છે, ત્યારે તેમાં આવનાર જીવાત્માને તે જ શરીરમાં આવવાની ફરજ પડતી હોય છે?

હું તમારા પ્રશ્નને બરાબર સમજી શકતી નથી.

શરીરના નિર્માણનો આધાર સંપૂર્ણપણે પુરુષ-સ્ત્રી ઉપર રહેલો છે. પણ જે જીવાત્મા તે નિર્માણ થયેલા શરીરમાં પ્રવેશે છે, તેને તે જ શરીરમાં પ્રગટ થવાની ફરજ પડતી હોય છે?

તમે એમ પૂછવા માગો છો કે શું તે જીવાત્મા અનેક શરીરમાંથી એક ઇષ્ટ શરીરની પસંદગી કરી શકે ખરો?

હા.

તે બહુ અપવાદરૂપ બનતું હોય છે. માનવ-જાતિના મોટા સમૂહમાં, કોઈક જ વિરલ સચેતન જીવ સ્વેચ્છાપૂર્વક દેહ ધારણ કરતો હોય છે. તે ખૂબ અસાધારણ ઘટના છે. મેં તમને કહ્યું છે કે જ્યારે જીવાત્મા સચેતન હોય છે, પરિપૂર્ણ રીતે નિર્માણ થયેલો હોય છે, અને પછી જ્યારે તે દેહ ધારણ કરવા માગતો હોય છે, ત્યારે મોટે ભાગે તે ચૈત્યિક ભૂમિકા પરથી, પૃથ્વી પર અમુક સ્થાને, તેની સાથે સુસંગત ચૈત્યિક પ્રકાશની ખોજ કરતો હોય છે. વળી, પૂર્વ દેહનો ત્યાગ કર્યા પહેલાં, પૃથ્વીના વાયુમંડળનો ત્યાગ કર્યા પહેલાં, પૂર્વ-જન્મના અનુભવના પરિણામરૂપે, તે ઓછા-વત્તા પ્રમાણમાં બધી વીગતોમાં નહિ, પણ સામાન્ય રીતે — ભાવિ જીવનની સ્થિતિઓની પસંદગી કરે છે. પણ આ કિસ્સાઓ અપવાદરૂપ હોય છે. શક્યતારૂપે આપણે, આપણે માટે, અહીં તે વિષે વાત કરી શકીએ, પણ માણસોના ખૂબ મોટા ભાગ માટે — કેળવણી પામેલા લોકો માટે પણ — તેવો સ્વૈચ્છિક જન્મ શક્ય નથી. તે ઘટનામાં, પ્રથમ ચૈત્યિક અસ્તિત્વનું નિર્માણ થતું હોય છે, વત્તાઓછા પ્રમાણમાં થતું હોય છે, તેમાં અનેક અવસ્થાઓ હોય છે. સ્ફુલિંગ, પરિપૂર્ણ રીતે નિર્માણ થયેલા પ્રાણી માટે, એક નાનકડો પ્રકાશ બની જાય છે. અને તે પ્રકાશ હજારો વર્ષો સુધી વિસ્તરતો રહે છે. સચેતન, પોતાના સંકલ્પવાળું, પ્રાણી બનવા માટે, પોતાના જન્મની પસંદગીનો નિર્ણય કરવાની શક્તિવાળો જીવ બનવા માટે, તેને હજારો વર્ષ

વીતાવવાં પડતાં હોય છે.

એટલે તમે એવા એક જીવનો વિચાર કરી રહ્યા છો, કે જે એમ કહી શકે કે ના, મારે આ શરીર લેવું નથી; હું બીજા શરીરને શોધી લઈશ. હું એમ નથી કહેતી કે તે અશક્ય છે. દરેક વસ્તુ શક્ય છે. એમ બનતું હોય છે કે જ્યારે બાળકો મરેલાં જ જન્મતાં હોય છે. તેનો અર્થ એ થયો કે તે દેહને ધારણ કરવા માટે કોઈ જીવ તૈયાર ન હતો. તે ઘટનાનાં બીજાં કારણો પણ હોઈ શકે. તે દેહનું ઘડતર સારી રીતે ન થયું હોય, તે કારણે પણ હોઈ શકે. હું તે વાતને અશક્ય નથી કહેતી. પણ મોટે ભાગે જ્યારે કોઈ સચેતન અને મુક્ત જીવ આ પૃથ્વી પર ફરીથી દેહ ધારણ કરવાનું પસંદ કરે છે, ત્યારે જન્મ પહેલાં પણ તે આ શરીર પર કાર્ય કરતો હોય છે. તેથી માતા-પિતાના અજ્ઞાનના પરિણામે ઊભી થતી અગવડોને ન સ્વીકારવાનું તેને કોઈ કારણ રહેતું નથી, કારણ કે તે જીવે જે કારણથી પોતાનું સ્થાન પસંદ કર્યું છે, તે કારણમાં અજ્ઞાન ન હતું. તેણે તે સ્થાનમાં એક પ્રકાશ જોયો હતો — કદાચ તે માત્ર શક્યતાનો જ પ્રકાશ હોઈ શકે — પણ ત્યાં પ્રકાશ જરૂર હતો, અને તેથી તે જીવ ત્યાં આવ્યો હતો. એટલે કોઈ જીવ કહે કે ના, મને આ શરીર ગમતું નથી, એ વાત ઠીક છે, પણ તેને ગમતું બીજું શરીર પસંદ કરવા તે ક્યાં જવાનો હતો? તે પણ બને, હું તેને અશક્ય ગણી નકારી કાઢતી નથી; પણ તેમ વિરલ બનતું હોય છે, બહુ વાર નહિ. કારણ કે જ્યારે જીવ ચૈત્યિક ભૂમિકા પરથી પૃથ્વી પર દૃષ્ટિ ફેંકે છે અને હવેના જન્મ માટે સ્થાનની પસંદગી કરે છે, ત્યારે તે પૂરતા વિવેકપૂર્વક તે સ્થાનની પસંદગી કરતો હોય છે, જેમાં કોઈ સ્થૂલ ભૂલ ન આવી જાય.

એમ પણ બન્યું છે કે જ્યારે જન્મ લઈને પછી તરત જ જીવો ચાલ્યા ગયા છે. તેનાં અનેક કારણો હોઈ શકે. જન્મ્યા પછી થોડા જ દિવસોમાં અથવા થોડાંક અઠવાડિયામાં મરી જનાર બાળકો — જીવો માટે આવું કોઈ કારણ હોઈ શકે. ઘણી વાર એમ કહેવામાં આવતું હોય છે કે પોતાના રૂપને પરિપૂર્ણ કરવા માટે જીવને થોડાક અનુભવની જરૂર હતી; થોડાંક અઠવાડિયામાં તેને તે અનુભવ મળી ગયો અને પછી જીવ ચાલ્યો ગયો. દરેક વસ્તુ શક્ય છે. માણસો વિષે જેટલી વાર્તાઓ કહી શકાય, તેટલી વાર્તાઓની જરૂર જીવોની વાતો કહેવામાં પડે. અર્થાત્ તેમની વાર્તાઓ અસંખ્ય છે; દાખલાઓ એક-બીજાથી અસંખ્ય રીતે ભિન્ન-ભિન્ન છે.

એટલે મરજી મુજબ એમ નિર્ણય કરી લેવો કે તે આમ છે અને તેમ નહિ; આમ બનતું હોય છે અને તેમ નહિ — એ બાલિશતા છે. દરેક વસ્તુ બની શકે.

કેટલીક ઘટનાઓ બીજી ઘટનાઓ કરતાં વધારે વાર બનતી હોય છે — એમ સામાન્ય વિધાન કરી શકાય; પણ કોઈ કદી એમ ન કહી શકે કે આ અશક્ય છે; હમેશાં આમ જ બનતું હોય છે અથવા તેમ જ બનતું હોય છે. વસ્તુઓ તે રીતે બનતી હોતી નથી.

પણ ગમે તેમ, શ્રેષ્ઠ કિસ્સાઓમાં પણ, જ્યારે જીવ સચેતનપણે આવતો હોય છે ત્યારે પણ, જ્યારે તેણે સચેતનતાપૂર્વક ભૌતિક શરીરના નિર્માણમાં ભાગ લીધો હોય છે ત્યારે પણ, જ્યાં સુધી શરીરનું નિર્માણ સામાન્ય પાશવી રીતે થયેલું હોય છે, ત્યાં સુધી તે જીવને સંઘર્ષ કરવો પડે છે, અને માનવી પશુતામાંથી આવતી વસ્તુઓને સુધારવી પડે છે.

અનિવાર્ય રીતે, માતા-પિતાની અમુક ખાસ શારીરિક રચના હોય છે, તેઓ ખાસ રીતે રોગી કે નિરોગી હોય છે. ગમે તેટલી શ્રેષ્ઠ કલ્પના કરીએ, તો પણ તેમનામાં આનુવંશિકતાના ગુણ-દોષોનો, ટેવોનો ઢગલો હોય છે, અવચેતનમાં અને અચેતનતામાં પણ અમુક રચનાઓ હોય છે, જે તેમના જન્મમાંથી પ્રાપ્ત થતી હોય છે. તેઓ જેમાં જીવતા હોય તે વાતાવરણમાંથી આવેલું હોય છે, તેમના જીવનમાંથી આવેલું હોય છે. તે ગમે તેટલા સુપ્રસિદ્ધ લોકો હોય, છતાં તેમનામાં એવી અસંખ્ય વસ્તુઓ હોય છે કે જે સાચા ચૈત્યિક જીવનથી તદ્દન વિરોધી હોય. આવું ખૂબ શ્રેષ્ઠ અને સચેતન લોકોમાં પણ હોય છે. વધારામાં, જે બનવાનું હોય છે તેને પણ ગણતરીમાં લેવું પડે છે. માણસ પોતાનાં બાળકોની કેળવણી બાબત ગમે તેટલી દરકાર લે, છતાં પણ તે બાળકો અનેક પ્રકારના લોકોના સંસર્ગમાં આવતાં હોય છે અને જેમની અસર તે બાળકો પર પડતી હોય છે — ખાસ કરીને તે બાળકો નાની ઉમ્મરમાં હોય તે દરમિયાન. તે અસરો તેમના અવચેતનમાં પ્રવેશતી હોય છે, અને મોટા થયા પછી તે બાળકોને તે અસરો સાથે સંઘર્ષમાં ઊતરવું પડતું હોય છે. હું કહું છું કે શ્રેષ્ઠ લોકોની બાબતમાં પણ આમ બનતું હોય છે, કારણ કે અત્યારે જે રીતે શરીરનું નિર્માણ થાય છે તે જોતાં, તમારે અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જે મુશ્કેલીઓ વત્તા-ઓછા પ્રમાણમાં અવચેતનમાંથી આવતી હોય છે, પછી તે સપાટી પર આવતી હોય છે; અને તમે સંપૂર્ણપણે મુક્ત બનો અને સામાન્ય વિકાસ સાધો ત્યાર પહેલાં, તમારે તેમની સાથે સંઘર્ષ કરવો પડતો હોય છે.

બસ, હવે કોઈને કાંઈ પૂછવું છે?

(મૌન)

હવે, ફેબ્રુઆરીના અંત-સમયથી મારી પાસે ખૂબ પ્રશ્નો આવ્યા છે.

અતિ-મનસ્ કેવી રીતે કાર્ય કરશે? તેને ઝીલવા માટે શું કરવું જોઈએ? કયા રૂપમાં તે પ્રગટ થશે?

યથાશક્ય મેં તેના જવાબો આપ્યા છે. પણ શ્રી અરવિંદનાં 'ઑન ધ વેદઝ' નામના પુસ્તકમાં અમુક પૃષ્ઠ પર એક નોંધ છે, જે નોંધમાં તે આ પ્રશ્નોના જવાબ આપે છે. હું હમેશાં લોકોને કહું છું કે જો તમે શ્રી અરવિંદે જે લખ્યું છે તે વાંચવાની જરાક તસ્દી લો, તો તમારા ઘણા પ્રશ્નો નિરર્થક બની જશે. કારણ કે શ્રી અરવિંદે તેમના જવાબ આપી દીધા છે. પણ લોકોને કદાચ તે વાંચવાનો સમય, ધીરજ, સંકલ્પ અથવા જરૂરી વસ્તુ નથી હોતી, અને તેથી તે વાંચતા નથી હોતા. પુસ્તકોનું પ્રકાશન થાય છે, હું માનું છું કે ઉદારતાપૂર્વક તે પુસ્તકો વહેંચાય પણ છે, પણ થોડા જ લોકો તે વાંચતા હોય છે. તે ગમે તેમ હોય, પણ શ્રી અરવિંદનો જવાબ આ રહ્યો. તેના પર વિચાર કરો; પછી જો તમારે કોઈ પ્રશ્ન હોય તો પૂછોઃ હું જવાબ આપીશ.

ધ્યાનપૂર્વક સાંભળો :

"સતત વિસ્તૃતીકરણ અને આત્મ-પરિપૂર્ણતાની ક્રિયાના પરિણામરૂપે, ભગવાનનો સંકલ્પ આપણામાં અતિમાનસિક જગતનું નિર્માણ-સર્જન કરશે."

અર્થાત, પોતામાં અતિ-માનસિક અસ્તિત્વને સ્વીકારવાની આશા રાખવા માટે, તેનો ઉપયોગ કરવા માટે, તેનું નિર્માણ કરવા માટે, અને પરિણામે અતિ-માનસિક જગતનું નિર્માણ કરવા માટે, સૌથી પ્રથમ તે ચેતનાનું વિસ્તૃતીકરણ અને સતત અંગત પ્રગતિ હોવાં જોઈએ; ઓચિંતા ઉકુયનો, થોડીક અભીપ્સા, થોડોક પ્રયત્ન, અને પછી નિદ્રામાં પતન પામવું — આમ ન બનવું જોઈએ. પ્રાણીમાં આ સતત વિચાર રહેવો જોઈએ, અસ્તિત્વનો સતત સંકલ્પ હોવો જોઈએ. અસ્તિત્વનો સતત પ્રયાસ હોવો જોઈએ, માનવનો સતત વ્યાપાર બની જવો જોઈએ.

જો દિવસમાં પાંચ મિનિટ માટે જ તમે યાદ કરો કે વિશ્વમાં અતિ-માનસિક શક્તિ જેવી કોઈક ચીજ છે, "જો તે મારામાં આવિર્ભાવ પામે તો બહુ સરસ થાય" એવી આશા કરો, અને પછી બાકીના બધા સમયમાં તમે બીજી જ વસ્તુઓનો વિચાર કરો અને તેમાં જ ગૂંથાઈ જાઓ, તો તે અતિ-માનસિક શક્તિ આવીને

તમારામાં કોઈ ગંભીર કાર્ય કરે-એવો ઝાઝો સંભવ નથી. શ્રી અરવિંદ આ વાત બહુ સ્પષ્ટતાપૂર્વક અને ચોક્કસ રીતે કહે છે. તે એમ નથી કહેતા કે તમે તે કરશો; તે તો કહે છે કે ભગવાનનો સંકલ્પ તે કરશે. એટલે આવીને એમ ન કહેશો કે આહ, હું તે નથી કરી શકતો. તે કરવાનું તમને કોઈ કહેતું નથી. પણ અસ્તિત્વમાં પૂરતી અભીપ્સા અને ચીટકી રહેવાની તાકાત હોવી જોઈએ, કે જેથી અસ્તિત્વનું વિસ્તૃતીકરણ થાય, ચેતનાનો વિકાસ થાય. કારણ કે સાચું કહીએ તો, દરેક માણસ ખૂબ, ખૂબ નાનકડો છે, એટલો બધો નાનકડો છે કે તેનામાં અતિ-માનસિકને મૂકી આપવાની જગ્યા જ નથી! તેનામાં સામાન્ય, નાનકડી, માનવી ગતિઓ ગીચોગીચ ભરેલી છે — ઠાંસી ઠાંસીને ભરેલી છે. અતિ-મનસ્‌ની ગતિઓ માટે જગ્યા થાય તે સારુ તેની ચેતના ખૂબ-ખૂબ વિશાળ બનવી જોઈએ.[૧]

વળી પ્રગતિ માટે માણસમાં અભીપ્સા પણ હોવી જોઈએ. માણસ જે છે, જે રીતે છે, તે જે કાર્ય કરે છે — વિચારે છે, અથવા 'હું જાણું છું' એમ વિચારે છે — તેનાથી તેણે સંતોષ ન માની લેવો જોઈએ. પણ તેનામાં કાંઈક વધારે માટે, વધારે સારી વસ્તુ માટે, મહત્તર પ્રકાશ માટે, વિશાળતર ચેતના માટે, વધારે સાચા સત્ય માટે, વધારે વૈશ્વિક ભદ્રતા માટે સતત અભીપ્સા હોવી જોઈએ. આ બધા ઉપરાંત, તેનામાં એવી એક સદ્‌ભાવના હોવી જોઈએ, કે જે કદી નિષ્ફળ જતી નથી.

આ બધું થોડાક દિવસોમાં સિદ્ધ થઈ શકે.

વળી હું માનું છું કે મેં આ બાબતમાં સાવચેતી રાખી હતી. જ્યારે મેં જાહેરાત કરી હતી કે પૃથ્વી પર આવિર્ભાવ માટે અતિ-માનસિક નીચે આવે તેમ ભગવાને કૃપા કરી છે. ત્યારે તેનો અર્થ એવો ન હતો કે અતિ-માનસિક શક્તિનો આવિર્ભાવ પૃથ્વી પર તરત જ દૃષ્ટિ-ગોચર થશે, અને દરેક જણ તરત જ પ્રકાશમાં મૂકી અપાશે અને પ્રયત્ન કર્યા વગર જ, તે શક્તિની શક્યતાઓનો સાક્ષાત્કાર કરશે. મેં તરત જ કહ્યું હતું કે તે પ્રમાણે નહિ બને. મેં એમ પણ કહ્યું

૧. ઋગ્વેદના પાંચમા મંડળમાં, અગ્નિને ઉદ્દેશાયેલા ચોથા સૂક્ત પરની શ્રી અરવિંદની ટીકામાં આ નોંધ આવે છે, "ભગવાનનો સંકલ્પ, પુરોહિત, યોદ્ધો, આપણી યાત્રાનો અગ્રણી":
"હે જન્મોને જાણનાર, પોતાનાં કાર્યોમાં પરિપૂર્ણ માનવ માટે તું તે બીજા, આનંદમય લોકનું નિર્માણ કરે છે;* તે માનવ એવા એક સુખમય લોકમાં પહોંચે છે, જ્યાં તેના જીવનના વેગો, તેના પ્રકાશનાં ઘણ, તેના આત્માનાં અપત્યો (સંતાનો), તેની શક્તિની સેનાઓ સુખપૂર્વક રહે છે." (ધ સિક્રેટ ઑફ ધ વેદ, પૃષ્ઠ ૩૭૫)

હતું કે તેને માટે લાંબો સમય જોઈશે. પણ છતાં લોકોએ ફરિયાદ કરી છે કે તે શક્તિના આગમનથી વસ્તુઓ વધારે સહેલી નથી બની; કેટલાક કિસ્સાઓમાં તે વધારે મુશ્કેલ બની છે. હું બહુ દિલગીર છું, પણ તે બાબતમાં હું કાંઈ કરી શકું તેમ નથી. કારણ કે તેમાં અતિ-માનસિક શક્તિનો દોષ નથી; જે રીતે તે શક્તિને સ્વીકારવામાં આવી હતી તેનો દોષ છે. હું એવા કેટલાક દાખલા જાણું છું કે જેમનામાં અભીપ્સા દિલની સચ્ચાઈવાળી હતી અને સહકાર પરિપૂર્ણ હતો. અને ભૂતકાળમાં જેમને માટે જે ઘણી વસ્તુઓ ખૂબ મુશ્કેલ હતી તે તેમને માટે ખૂબ સહેલી બની ગઈ હતી.

છતાં હમેશાં શબ્દો અને વિચારો સાથે રમત કરતા માનસિક કુતૂહલ વચ્ચે અને સાચી રીતે વધારે મહત્વની, સત્ય અભીપ્સા વચ્ચે મહાન તફાવત છે. તેવી અભીપ્સા જ ખૂબ મહત્ત્વની છે, બીજું કાંઈ જ નહિ, તે અભીપ્સાને તે સાક્ષાત્કાર જ વધારેમાં વધારે મહત્ત્વનો લાગતો હોય છે, તે સાક્ષાત્કાર સિવાય અસ્તિત્વમાં બીજું કશું જ મૂલ્યવાન નથી એમ તેને લાગતું હોય છે.

જો માણસને અતિ-માનસિક શક્તિ નગ્ન આંખો વડે જોવી હોય, તો તેવી અભીપ્સાની જરૂર છે.

યાદ રાખો કે હું શારીરિક રૂપાંતર વિષે વાત નથી કરતી. દરેક જણ જાણે છે કે માણસ એક રાતમાં તેજોમય અને સ્થિતિસ્થાપક બની જતો નથી, તમારું વજન ઘટી જતું નથી, એકી વખતે શરીરમાંથી બહાર જઈ બાર જગ્યાએ દર્શન આપી શકતા નથી, હું માનું છું કે તમે એટલા તો તર્ક-બુદ્ધિવાળા છો કે તરત જ આમ બનશે એવું ન માની લો, તેમાં કેટલોક સમય લાગશે.

પણ છતાં ચેતનાનું કાર્ય, આત્મ-પ્રભુત્વ, શરીર પર કાબૂ, વસ્તુઓનું સીધું જ્ઞાન, તાદાત્મ્ય કરવાની શક્તિ, અને સ્પષ્ટ દર્શના — આ બધું આવવું જોઈએ. માત્ર છેતરામણા, અસત્ય, જડ બની ગયેલા આભાસોને જોનારી અસ્પષ્ટ દૃષ્ટિ ચાલી જવી જોઈએ; તેને સ્થાને સીધી આંતર દર્શના આવવી જોઈએ. જો માણસ તૈયાર હશે, તો આ બધું તેનામાં ઝડપથી આવશે.

માણસને એમ અનુભવાવું જોઈએ કે જે હવા હું શ્વાસમાં લઈ રહ્યો છું તે વધારે જીવંત છે, મારામાં જે બળ છે તે વધારે સ્થાયી છે. શું કરવું જોઈએ તે જાણવા માટે, આંધળા માણસની પેઠે, ફાંફાં મારવાને બદલે, માણસમાં સ્પષ્ટ, નિશ્ચિત, આંતર સૂચન પ્રાપ્ત થવું જોઈએ. તે જાણી શકતો હોવો જોઈએ કે આ વસ્તુ સાચી છે, પેલી નહિ.

જો માણસ તૈયાર હોય, તો અમુક વસ્તુઓ તે તરત પ્રાપ્ત કરી શકે છે.

(મૌન)

આજે મારી પાસે એવા કેટલાક પ્રશ્નો આવ્યા છે, જેમને આ ચર્ચાતા વિષય સાથે કોઈ સંબંધ નથી, જે પ્રશ્નો પૃથ્વી જેટલા પ્રાચીન છે, જેમનો જવાબ મેં સેંકડો વાર આપ્યો છે, પણ છતાં અહીં કેટલાક લોકોની બુદ્ધિમાં તે ઊતરી શક્યા નથી. મને પૂછવામાં આવ્યું છે કે —

ખરાબ વિચારો શા માટે આવતા હોય છે?

ખરાબ વિચારો શા માટે આવે છે તે શું મેં તમને નથી કહ્યું? જેટલા ખરાબ વિચારો છે, તેટલાં તેમને માટે કારણો હોય છે! દરેક ખરાબ વિચારને આવવાનું તેનું પોતાનું કારણ હોય છે. ખરાબ વિચાર ખરાબ સંબંધને કારણે આવી શકે, તમને ચીઢવવા માટે આવી શકે, તમે તેને બોલાવતા હો છો તેથી તે આવી શકે, તમે તમારી જાતને આક્રમણો પ્રત્યે ખુલ્લી રાખતા હો તેથી તે આવી શકે; આ બધાં કારણો એકી સાથે પણ હોઈ શકે. તે સિવાય પણ બીજાં અનેક કારણો હોઈ શકે.

ખરાબ વિચારો આવે છે, કારણ કે તમારામાં કોઈક જગ્યાએ તેમની સાથે સુસંગત એવું કશુંક હોય છે. નહિ તો, તમે તેમને પસાર થતા જોઈ શકો, પણ તે તમારામાં પ્રવેશ ન કરી શકે. હું ધારું છું કે એ પ્રશ્ન કરનાર એમ પૂછવા માગે છે કે અમને ઓચિંતો કોઈક ખરાબ વિચાર કેમ આવતો હોય છે?

કારણ કે અવસ્થાઓ ભિન્ન-ભિન્ન હોય છે. મેં તમને અનેક વાર સમજાવ્યું છે કે માનસિક વાતાવરણ એક જાહેર ચકલા કરતાં પણ વધારે ખરાબ છે. ચકલામાં જેમ અનેક લોકોની, પશુ-પંખીઓની સતત અવર-જવર હોય છે, તેમ મનમાં અસંખ્ય વિચારો, જાત-જાતના વિચારો, સર્વ પ્રકારનાં રૂપો આવ-જા કરતાં હોય છે; તે એવું એક જટિલ ગૂંચળું બની જાય છે કે તેમાંથી અમુક નિશ્ચિત વસ્તુ ઉકેલવી તે અશક્ય હોય છે. તમારું મસ્તિષ્ક તે ગૂંચળાની વચ્ચે હોય છે, તમારું મન તો તેથીયે વધારે પ્રમાણમાં તે ગૂંચળાની મધ્યમાં હોય છે. માણસ જેમ સમુદ્રમાં સ્નાન કરે છે, તેમ મન તે ગૂંચળામાં સ્નાન કરતું હોય છે. આ બધું તમારા મનમાં આવતું હોય છે, પસાર થતું હોય છે, વળાંક લેતું હોય છે, પરસ્પર અથડાતું હોય છે, પ્રવેશતું હોય છે, બહાર જતું હોય છે. તમે જે માનસિક વાતાવરણમાં જીવો છો તેનાથી જો તમે સભાન બનો, તો સ્પષ્ટ છે કે તમે પાગલ બની જાઓ! મને લાગે છે કે જીવનમાં ઘણા લાંબા સમય સુધી,

ફિલ્ટર (ગળણી)ની પેઠે, અંગત જ્ઞાન-તંતુઓની હદો પર અંકુશ મૂકવો તે બહુ જરૂરી છે.

તે બધા ગૂંચળામાંથી મુક્ત બનવા માટે. માનસિક વાતાવરણમાં પરિપૂર્ણ જીવન જીવવા માટે, માણસે બળવાન બનવાની જરૂર છે. પ્રાણિક વાતાવરણ તો તેના કરતાં પણ વધારે વરવું, ખરાબ હોય છે. તેનાથી મુક્ત બનવા માટે, માણસને આંતર દિશાનું સ્થિર ભાન હોવું જોઈએ. તમે તે વાતાવરણને અનુભવી શકતા હો કે નહિ, જોઈ શકતા હો કે નહિ, પણ તે તો એક હકીકતરૂપે ત્યાં હોય છે જ. એટલે માણસે એમ ન પૂછવું જોઈએ — તે પૂછી ન શકે કે ખરાબ વિચારો ક્યાંથી આવે છે? તે તો સર્વત્ર છે. તે શા માટે આવે છે, તે ક્યાં જાય છે? અરે, તમે તો તેમની મધ્યમાં જ છો!

ચેતનાની આ ગળણી, જે તમને અમુક વિચારોથી સભાન બનાવે છે અને અમુક વિચારોથી અભાન રાખે છે, તે તમારું આંતરિક વલણ છે, તમારા આંતર સમાન સંબંધો છે. તમારી આંતર ટેવો છે — હું મન વિશે વાત કરી રહી છું, ચૈત્યમય વિષે નહિ — , તે તમારી કેળવણી છે, તમારા જ્ઞાન તંતુઓનો વિકાસ છે વગેરે. તે ગળણીનું નિર્માણ તમારો અહંકાર કરે છે. તે ગળણીમાંથી કેટલાક વિચારો આપોઆપ પસાર થયા છે. જ્યારે બીજા પસાર થતા નથી. તેથી તમે જે પ્રકારના વિચારો સ્વીકારો છો તે ખૂબ મહત્ત્વની વસ્તુ છે, તે તમારા ચારિત્ર્યનું એક મહત્ત્વનું સૂચન છે. તે વિચારો તમારા અવ-ચેતનમાં હોય, કારણ કે માણસને સાચી રીતે પોતાની જાતને જાણવાની ટેવ નથી હોતી; પણ તે તમારા સામાન્ય ચારિત્ર્યના વલણને સૂચવે છે. આને વધારે સરળ રીતે કહીએ તો, આશાવાદી માણસમાં આશાવાદી વિચારો આવશે; નિરાશાવાદી માણસને નિરાશાવાદી વિચારો આવશે, બળવાખોર માણસને બળવાખોર વિચારો આવશે, ઘેટા જેવા નબળા-પોચા માણસને નબળા-પોચા વિચારો આવશે — જો એમ માની લઈએ કે ઘેટાંને વિચારો હોય છે! આ સામાન્ય સ્થિતિ છે.

જો તમે પ્રગતિ કરવાનો અને યોગમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો હોય, તો તમને ખાસ કરીને ભોજનમાં રસવાળા વિચારો આવશે — શું ખાવું, શું ન ખાવું, કેવી રીતે ખાવું, કેવી રીતે ન ખાવું? આવા વિચારો તમને આવશે; તે તમને સ્વભાવિક લાગશે. જેમ જેમ તમે તમારી જાતને કહેશો કે "આહ, હું આ માથાકુટમાંથી મુક્ત થવા માગું છું; આ બધા વિચારો મારી પ્રગતિમાં અવરોધ ડાલે છે," તેમ તેમ તે વિચારો બહુ ચુપકીદીથી તમારામાં આવ્યા કરશે. પછી જ્યારે સાચી પ્રગતિ તમારામાં થઈ હશે, તમે એવી ચેતનામાં ઊર્ધ્વીકૃત

થયા હશો કે જ્યાંથી તમે આ બધી વસ્તુઓને જોઈને તેમને યોગ્ય સ્થાને મૂકી આપી શકશો — જે સ્થાન આ વિશ્વમાં સાચે જ બહુ મોટું નથી! — , ત્યારે તે વિચારો આવતા બંધ થશે. બધી વસ્તુઓ માટે આમ જ બનશે. એટલે તમારા વ્યાપારો અને સમાન સંબંધો તમને માત્ર તમારા અસ્તિત્વના પ્રકારથી સમાન સંબંધોવાળા વિચારોમાં જ નહિ, પણ તેથી વિરુદ્ધ પ્રકારના વિચારોમાં પણ મૂકી આપશે. જો તમે શરૂઆતથી જ વિવેક રાખવાની દરકાર નહિ કરો, તો તે તમને માનસિક યુદ્ધભૂમિમાં પરિવર્તિત કરી મૂકશે.

જો તમે ઉચ્ચતર સ્તર પર જશો, માત્ર વિચારક મનના પ્રદેશમાં જશો — જે સામાન્ય શારીરિક મન નથી — , તો તમે આ બધી ક્રીડા, આ બધો સંઘર્ષ, આ બધા વિરોધો એવા કુતુહલ-પૂર્વક જોશો, કે જે તમને સ્પર્શ કરી શકતાં નથી, તમારા પર કશી અસર પાડી શકતાં નથી. જો તમે તેથી પણ ઉચ્ચતર સ્થિતિમાં જશો, તમારા લક્ષ્ય પર દૃષ્ટિ રાખશો, તો તમે તમારી પ્રગતિને અનુકૂળ અને પ્રતિકૂળ વિચારો વચ્ચે વિવેક કરી શકશો. પછી તમે અનુકૂળ વિચારોને રાખશો અને પ્રતિકૂળ વિચારોને ફગાવી દેશો. તમારામાં તેમ શાન્તિપૂર્વક કરવાની શક્તિ આવશે. પણ જો તમે તે ગૂંચળાની અને સંઘર્ષની મધ્યમાં જ રહેશો, તો તમે માથું દુખવાનું જોખમ વહોરી લેશો!

શ્રેષ્ઠ વસ્તુ એ છે કે તમારી ખાસ એકાગ્રતા માગી લે તેવા, કોઈ વ્યવહારમય કાર્યમાં તમારે ગૂંથાયેલા રહેવું જોઈએ, દા. ત. અધ્યયન, શારીરિક કાર્ય — જે તમારી એકાગ્રતા માગી લે તેવું કાર્ય. પછી તમે આ ભટકતા વિચારોનો શિકાર નહિ બનો. પણ જો તમે કમનસીબે તેમાં જ અટવાયેલા રહેશો, તે ગૂંચળાને જ નિહાળ્યા કરશો, તો તમારું માથું દુઃખી જશે. તે એક એવી સમસ્યા છે કે જેનો ઉકેલ કાંતો વ્યાવહારિક જીવનમાં કોઈ એકાગ્રતા માગી લે તેવા વ્યવહારુ કાર્યમાં મશગૂલ રહેવાથી આવે, અથવા તો કોઈ ઊર્ધ્વ ભૂમિકામાં આરોહણ કરી, આ સર્વ અંધાધૂંધી પર નજર ફેંકી, તેને વ્યવસ્થિત — ઠીકઠાક કરવાથી આવે.

પણ માણસે કદી તેની તે જ ભૂમિકા પર રહેવું ન જોઈએ; તે શારીરિક અથવા નૈતિક આરોગ્ય માટે હિતાવહ નથી.

*

વાર્તાલાપ — ૨૭

૪ જુલાઈ ૧૯૫૬

મધુર માતાજી, એમ કહેવામાં આવ્યું છે કે જો કોઈ માણસ ખરતો તારો જુવે અને જો તે ક્ષણે તે માણસ કશાક માટે અભીપ્સા કરે, તો તે અભીપ્સા એક વર્ષ દરમિયાન પરિપૂર્ણ થાય છે. આ સાચું છે?

તમે તેનો અર્થ સમજો છો? તે તારો દૃષ્ટિ-ગોચર હોય તે સમય દરમિયાન તે અભીપ્સાનું નિર્માણ થવું જોઈએ, ખરતો તારો લાંબા સમય સુધી દેખાતો હોતો નથી, નહિ વારુ? જો તારો દૃષ્ટિ-ગોચર હોય તે દરમિયાન અભીપ્સાનું નિર્માણ થઈ શકે — એનો અર્થ એવો થયો કે તે તારો તો ત્યાં બધો સમય હાજર જ છે, ચેતના સમક્ષ છે — આ વસ્તુ સામાન્ય વસ્તુઓને લાગુ નથી પડતી, તેમની સાથે તેનો કશો સંબંધ નથી, એ તો આધ્યાત્મિક અભીપ્સાની વાત છે. પણ મુદ્દો એ છે કે જો તમે તે જ ક્ષણે તમારી આધ્યાત્મિક અભીપ્સાને પ્રગટ કરો — તેનું ઉચ્ચારણ કરો — એનો અર્થ એ છે કે તે તારો તમારી ચેતનાની સન્મુખ જ છે, તે તમારી ચેતના પર પ્રભુત્વ ધરાવે છે. અને એ ચોક્કસ છે કે જે વસ્તુ તમારી ચેતના પર પ્રભુત્વ ધરાવતી હોય, તેનો સાક્ષાત્કાર ખૂબ જલ્દી થઈ શકે છે.

મને તે પ્રયોગ કરવાની તક પ્રાપ્ત થઈ હતી, બરાબર આ જ પ્રયોગ. જે ક્ષણે તે તારો પસાર થતો હતો, તે જ ક્ષણે મારી ચેતનામાં ભગવાન સાથે મારા શરીર માટે તાદાત્મ્ય સિદ્ધ કરવાની અભીપ્સા મારામાં ઉદ્‌ભવી; બરાબર તે જ ક્ષણે.

અને વર્ષ પૂરું થયું તે પહેલાં તે અભીપ્સા સિદ્ધ થઈ.

પણ તેનું કારણ તે તારો ન હતો! તેનું કારણ એ હતું કે તે અભીપ્સા મારી સર્વ ચેતના પર પ્રભુત્વ ધરાવતી હતી, હું તેના સિવાય બીજો કોઈ વિચાર કરી શકતી જ ન હતી, મારે માત્ર તે તાદાત્મ્ય જ જોઈતું હતું, હું માત્ર તેનો જ વિચાર કરી શકતી, માત્ર તેને માટે જ કાર્ય કરતી. એટલે આખા જીવનનો સમય માગી લે તેવી આ સિદ્ધિ — એમ કહેવાય છે કે તે સિદ્ધ કરતાં ઓછામાં ઓછાં ૩૫ વર્ષ લાગે છે! — મને બાર માસ પૂરા થાય ત્યાર પહેલાં જ સિદ્ધ થઈ.

પણ તેનું કારણ એ હતું કે હું માત્ર તેનો જ વિચાર કરતી હતી.

હું માત્ર તેનો જ વિચાર કરતી હોવાને કારણે, જ્યારે ખરતો તારો પસાર થયો કે તરત જ હું નિશ્ચિત શબ્દોમાં આ અભીપ્સા સેવી શકી કે મારે માત્ર આંતર ભગવાન સાથે તાદાત્મ્ય જ સિદ્ધ કરવું જ છે, કે જે વિષયની આપણે વાત કરી રહ્યા છીએ.

એટલે તારો મહત્ત્વનો નથી, પણ અભીપ્સા મહત્ત્વની છે. તારો તો માત્ર બાહ્ય પ્રદર્શન છે, બીજું કાંઈ જ નહિ. પણ જલ્દી સાક્ષાત્કાર સિદ્ધ કરવા માટે ખરતા તારાની જરૂર નથી! અસ્તિત્ત્વનો સમગ્ર સંકલ્પ એક બિન્દુ પર એકાગ્ર થવો જોઈએ — તે જરૂરનું છે.

(મૌન)

(માતાજી અનેક લેખિત પ્રશ્નોની માળા બતાવે છે)

મારી પાસે આ જે પ્રશ્નો છે તે બહુ રસપ્રદ નથી. તેમાં એક વ્યવહારુ પ્રશ્ન છે, જે મેં તમને અનેક વાર સમજાવ્યો છે, પણ ફરી એક વાર તેને સમજાવવો તે સારું થઈ પડશે. તે પ્રશ્ન આ રહ્યો :

"જ્યારે શરીરમાં અમુક સ્પષ્ટપણે નિશ્ચિત સ્થાને માંદગી હોય, ત્યારે આરોગ્ય-પ્રદ શક્તિને ઝીલવા માટે શારીરિક ચેતનાને ખુલ્લી કરવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે?"

આ માટે, ગૂઢવાદી સરહદોના પ્રદેશોમાંની તથા ગૂઢવાદના ઉંબરાના પ્રદેશોમાંની દરેક વસ્તુ માટે, દરેક જણે પોતાની ગતિ શોધી લેવાની હોય છે, કારણ કે જે પદ્ધતિ માટે માણસ ઓછા-વત્તા પ્રમાણમાં તૈયાર થયેલો હોય છે તે પદ્ધતિ તેને માટે ખૂબ પરિચિત અને અસરકારક નીવડે છે. એટલે એક સામાન્ય નિયમ ઘડી કાઢવો તે બહુ કઠિન છે.

પણ એક સામાન્ય પ્રકારની તૈયારી છે. અર્થાત્ માણસે પોતાના શરીરને એવી ટેવ પાડવી જોઈએ કે શરીર માત્ર એક વધારે સત્ય અને ગહનતર વાસ્તવિકતાની અભિવ્યક્તિ છે, જે વાસ્તવિકતા તેની ભવિતવ્યતાનું નિયમન કરતી હોય છે — જોકે તે વાસ્તવિકતાથી માણસ અને તેનું શરીર હમેશાં સભાન નથી હોતાં.

અવલોકનોની, અધ્યયનોની સમજણોની[1] પરંપરા દ્વારા, શરીરને દૃષ્ટાંતો

૧. શરીરની સમજ એટલે દૃષ્ટાંતના સંપર્ક દ્વારા પ્રાપ્ત થયેલી કાર્ય કરવાની શક્તિ. કારણ કે શરીર માટે 'સમજવું' એટલે કાર્ય કરી શકવું તે. (શ્રી માતાજીની નોંધ)

બતાવવાથી, બાળકને જેમ પોતાની ગતિઓનું અવલોકન કરાવી સમજાવવામાં આવે છે તેમ શરીરને વસ્તુઓ સમજાવવા વડે, માણસ શરીરને તૈયાર કરી શકે છે. પણ મોટે ભાગે આ બાબતમાં માણસ અંધ હોય છે! બીજાઓનાં શરીરોનું અવલોકન કરાવીને પણ શરીરને સમજાવી શકાય છે. વધારે સામાન્ય રીતે, તૈયારીના પાયામાં સ્વીકૃત અધ્યયનો, અને સ્પષ્ટ હકીકતો રહેલાં છે. દા. ત. તદ્દન સમાન સંજોગોમાં મુકાયેલા માણસોમાંના દરેક જણ પર તે સંજોગોની ભિન્ન-ભિન્ન અસરો થતી હોય છે. એથી આગળ જઈને કહીએ તો, તદ્દન એક જ પ્રકારના, નિશ્ચિત સંયોગોમાં — સ્થિતિઓમાં મુકાયેલા લોકોમાંથી કેટલાક પર તે સંજોગોની ખતરનાક અસરો થતી હોય છે, જ્યારે બીજા લોકો ક્ષેમ-કુશળ તે સંજોગોમાંથી છટકી જઈ શકતા હોય છે.

યુદ્ધ દરમિયાન એવા અનેક દાખલા બન્યા હતા, જેમનું આપણે અધ્યયન કરી શકીએ તેમ છીએ. રોગચાળામાં પણ તેમજ બનતું હોય છે. સમુદ્રમાં આવતી ભરતી, ધરતીકંપ, અથવા વાવાઝોડાં જેવાં પ્રાકૃતિક સંકટોમાં પણ એમ જ બનતું હોય છે.

જેમ બાળકને સમજાવવામાં આવે છે, તેમ જો શરીરને આ વસ્તુઓ સમજાવવામાં આવે, તો શરીર તે વસ્તુઓને સમજી શકે છે. તેને એમ કહેવાની જરૂર છે કે તે બાબતોમાં માત્ર ભૌતિક હકીકત જ બની ન હતી; બીજી કોઈક વસ્તુ પણ કાર્ય કરી રહી હતી. જો કોઈ અન્ય ખરાબ સંકલ્પ ન હોય, તો શરીર તે સમજે છે.

આ એક તૈયારી છે.

જો તમે ધીમે-ધીમે આ સમજનો ઉપયોગ કરો, શરીરનાં કોષાણુઓમાં ચેતના મૂકી આપવાનું કાર્ય પદ્ધતિપૂર્વક કરો, ભગવાનની હાજરીના સત્યને પણ સાથેસાથે શરીરનાં કોષાણુઓમાં સતત મૂકી આપો, તો તેની અસર શરીર પર જરૂર થાય છે, જોકે તેમાં સમય લાગે છે.

આ રીતે તમે ભૂમિકા તૈયાર કરી લો છો.

ધારો કે માંદગીના પરિણામે અથવા બીજા કોઈ કારણસર, તમારા શરીરના અમુક નિશ્ચિત ભાગમાં અમુક પ્રકારની પીડા થાય છે. મેં આગળ કહ્યું હતું તેમ, તે ક્ષણે દરેક વસ્તુનો આધાર તમને ખૂબ પરિચિત થઈ ગયેલા અભિગમ પર રહેલો છે. પણ આપણે દાખલો આપીશું. તમને ખૂબ પીડા થતી હોય છે, તમને તેથી ખૂબ દુઃખ અનુભવાતું હોય છે.

પહેલો મુદ્દોઃ 'ઓહ, મને પીડા થાય છે —' એમ કહીને પીડા પર વધારે

ભાર ન મૂકો! 'આ પીડા અસહ્ય છે, તે વધારે ને વધારે ખરાબ બનતી જાય છે, હું તેને સહન નહિ કરી શકું' — એમ કહીને પીડામાં વધારો ન કરો. જેમ જેમ તમે પીડાનો વધુ ને વધુ વિચાર કર્યે જશો, તેમ તેમ તેના પર તમારું ધ્યાન વધુ ને વધુ એકાગ્ર બનતું જશે, અને પીડામાં આશ્ચર્યકારક વધારો થશે.

એટલે પહેલો મુદ્દો : એમ ન કરવા જેટલો તમારી જાત પર કાબૂ રાખો.

બીજો મુદ્દો : મેં કહ્યું તેમ, તેનો આધાર તમારી ટેવો પર છે. જો તમને એકાગ્રતા કરતાં આવડતું હશે, શાન્ત રહેતાં આવડતું હશે, તમારામાં અમુક શાન્તિ લાવતાં આવડતું હશે — પછી તે શાન્તિ માનસિક હોય, પ્રાણિક હોય, કે ચૈત્યિક હોય તે દરેક પ્રકારની શાન્તિનું ભિન્ન-ભિન્ન મૂલ્ય હોય છે, ભિન્ન-ભિન્ન ગુણો હોય છે — શાન્તિની અમુક સ્થિતિ તમારામાં સિદ્ધ કરવાનો પ્રયત્ન તમે કરશો, અથવા શાન્તિની શક્તિ સાથે સચેતન સંપર્ક સાધવાનો પ્રયાસ કરશો, અને તેમાં ઓછાવત્તા સફળ થશો, તો તે પીડા મોટે ભાગે અદૃશ્ય થઈ જશે. જો તમે તે શાન્તિ તમારામાં લાવી તેને સૂર્ય-ચક્રમાં મૂકી આપશો — આપણે આંતર સ્થિતિઓની વાત નથી કરતાં પણ તમારા ભૌતિક શરીરની વાત કરીએ છીએ — , અને ખૂબ શાન્તિપૂર્વક ખૂબ ધીરેથી, ખૂબ ખંત — આગ્રહપૂર્વક તે શાન્તિને જ્યાં ખૂબ પીડા થતી હોય ત્યાં મોકલી આપશો અને ત્યાં તેને સ્થાપિત કરશો, તો પીડા દૂર થઈ જશે.

પણ આટલું હમેશાં પૂરતું નથી હોતું.

પણ જો આ ગતિને વધારે વિસ્તૃત કરીને તમે તેનામાં એક પ્રકારની જીવંત માનસિક રચના ઉમેરી શકશો — ઠંડીગાર રચના નહિ, પણ તેમાં થોડાક જીવનવાળી, અને એમ વિચારશો કે "માત્ર દિવ્ય વાસ્તવિકતા જ સાચી વાસ્તવિકતા છે; આ શરીરના સર્વ કોષાણુઓ આ દિવ્ય વાસ્તવિકતાની વત્તી-ઓછી વિકૃત અભિવ્યક્તિ છે મારી અભીપ્સા વડે, મારી એકાગ્રતા વડે જો હું આ કેવલ વાસ્તવિકતાની ચેતનાને શરીરના કોષાણુઓમાં લાવી શકું, તો જરૂર સર્વ ગેર-વ્યવસ્થા બંધ થઈ જાય, પીડા અદૃશ્ય બની જાય." તો તમારી પીડા દૂર થઈ જશે.

જો તમે તે ગતિમાં પરિપૂર્ણ શ્રદ્ધાયુક્ત, ભગવાનની કૃપાને સમર્પણ ઉમેરી શકો, તો મને ખાતરી છે કે પાંચ મિનિટમાં તમારી પીડા અદૃશ્ય થઈ જશે; પણ તેમ કરતાં તમને આવડતું હોવું જોઈએ.

તમે પ્રયત્ન કરો, અને છતાં તમને સફળતા ન પણ મળે. પણ સફળતા મળતાં સુધી તમને વારંવાર, વારંવાર પ્રયત્નો કરતાં આવડવું જોઈએ. પણ જો તે

ત્રણ વસ્તુઓ તમે એકી સાથે કરો, તો કોઈ પણ એવી પીડા નથી કે જે તેમનો સામનો કરી શકે.

બસ, પતી ગયું.

(મૌન)

હવે બીજો પ્રશ્ન. ગયે અઠવાડિયે મેં ચૈત્યિક વિષે જે વાત કરી હતી તે બાબતનો તે પ્રશ્ન છે. ચૈત્યિક, ચૈત્યિક પ્રદેશમાંથી પૃથ્વી પર જુએ છે, પોતે અનુકૂળ સ્થિતિઓમાં ક્યાં જન્મ લઈ શકે તે સ્થાનની શોધ કરે છે. ત્યારે મેં કહ્યું હતું કે ચૈત્યિક પ્રદેશમાંથી તે જીવ પૃથ્વી પર પોતાની સાથે સુસંગત પ્રકાશ શોધી રહ્યો હોય છે.

કોઈક મને પૂછે છે : કે સુસંગત પ્રકાશનો તમે શો અર્થ કરો છો?

મારો અર્થ છે : માત્ર ચૈત્યિક પ્રકાશ. કેટલાક લોકોમાં ચૈત્યિક ઓછા-વત્તા પ્રમાણમાં જાગ્રત થયેલું હોય છે. તે ઓછા-વત્તા પ્રમાણમાં જાગ્રત થયેલા ચૈત્યિકને ચૈત્યિક સત્ત્વો ચૈત્યિક પ્રદેશમાંથી જોઈ શકે છે. એટલે જ્યારે તેઓ ક્યાંક પ્રકાશ જુએ છે, ત્યારે આવિર્ભાવ પામવા માટે અનુકુળ સ્થાન તેમને મળી જાય છે.

(વરસાદ પડવા માંડે છે.) મારાં બાળકો, મને હવે લાગે છે કે આપણને ભીનું ધ્યાન પ્રાપ્ત થશે!

(એક શિષ્યને) આ માઈક લઈ લો; બિચારી આ વસ્તુઓને વરસાદ ગમતો નથી.

(ધ્યાન)

*

વાર્તાલાપ – ૨૮

૧૧ જુલાઈ ૧૯૫૬

મને ત્રણ પ્રશ્નો મળ્યા છે, જેમાંના એકના જવાબમાં મારે તમને અણ-ગમતી કેટલીક ટીકાઓ કરવી પડે તેમ છે. બીજા બે સવાલોના જવાબ હું આપીશ. એક પ્રશ્નમાં શ્રી અરવિંદના 'ધ સિન્થેસિસ ઑફ યોગ' પુસ્તકમાંનું એક વાક્ય છે, જેમાં શ્રી અરવિંદ કહે છે કે

> **"ચૈત્યિક અસ્તિત્વ સનાતન ભગવાનની સમજૂતી આપવામાં પોતાના પુરોહિતપણાની સુંદરતા પોતાને પાછી મળે તેવો આગ્રહ કરે છે."**
>
> (ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૪૬)

મને પૂછવામાં આવ્યું છે કે આ વાક્યનો શો અર્થ છે?

સાચું કહું તો, તેવો પ્રશ્ન મને શા માટે પૂછવામાં આવ્યો છે તે હું સમજતી નથી. પ્રશ્ન પૂછનાર શેનો અર્થ માગે છે? એવા પ્રાચીન તપસ્યામય વિચારનો કે યોગમાં સૌન્દર્યને સ્થાન નથી, કે સનાતન ભગવાનની સમજૂતી આપવામાં ચૈત્યિક અસ્તિત્વ "પુરોહિતપણું" કરે છે, તે શબ્દના અર્થની? મારી પાસે શેની સમજૂતી માગવામાં આવી છે?

પહેલી બાબતમાં હું માનું છું કે ભૌતિક જગતમાં સૌન્દર્ય ભગવાનની સૌથી શ્રેષ્ઠ અભિવ્યક્તિ કરે છે. આ વાત મેં તમને અનેક વાર સમજાવી છે. ભૌતિક જગત એ રૂપોનું જગત છે, અને સૌન્દર્ય એ રૂપની પરિપૂર્ણતા છે. એટલે મને લાગે છે કે તે વાતની પુનરુક્તિ કરવાની જરૂર નથી. એક વાર આપણે કબૂલ કરીએ કે ભૌતિક જગતમાં સૌન્દર્ય એ ભગવાનની શ્રેષ્ઠ અને સૌથી વધારે નિકટની અભિવ્યક્તિ છે, તો પછી સ્વાભાવિક રીતે જ આપણે સુંદરતાને 'પુરોહિતા' કહી શકીએ, કે જે સનાતન ભગવાનને સમજાવે છે, અભિવ્યક્ત કરે છે, તેમનો આવિર્ભાવ કરે છે. તેને સાચો ભાગ એ ભજવવાનો છે કે આવિર્ભાવ પામેલી સમગ્ર પ્રકૃતિને, રૂપની પરિપૂર્ણતા દ્વારા, સંવાદિતા દ્વારા, અને તમને કોઈક ઉચ્ચતર વસ્તુ પ્રત્યે લઈ જાય તેવા આદર્શની ભાવના દ્વારા, સનાતન ભગવાનના સંપર્કમાં મૂકી આપવી. એટલે મને લાગે છે કે 'પુરોહિત' શબ્દ

સપ્રમાણ રીતે વપરાયો છે. આથી તે પ્રશ્નનો જવાબ મળી જાય છે.

(મૌન)

બીજો પ્રશ્ન ગયે અઠવાડિયે મેં જે શબ્દ-ગુચ્છનો પ્રયોગ કર્યો હતો 'ગૂઢવાદનો ઉંબરો' તે વિષે છે. એટલે તે પ્રશ્નમાં મને તે ગૂઢ-રહસ્યમય જગત વિષે પૂછવામાં આવ્યું છે. જે જગત સામાન્ય ભૌતિક આંખોને દૃષ્ટિ-ગોચર હોતું નથી. મને પૂછવામાં આવ્યું છે કે સામાન્ય આંખોને અદૃશ્ય આ જગતોમાં રહેતાં સત્ત્વોની સમજૂતી આપો, તેમના પર ટીકા કરો.

મને એમ પણ કહેવામાં આવ્યું છે કે "તમે ઘણી વાર નિષેધાત્મક તત્ત્વો વિષે, અર્થાત્ વિરોધી મૂર્તીકરણો વિષે, મરણ પછી માનવોના વિઘટનમાંથી જે સૂક્ષ્મ સત્ત્વો રચાય છે તેમને વિષે — મૃત્યુસમયે થતા માનસિક અથવા પ્રાણિક વિઘટનમાંથી — ઘણી વાર બોલતા હો છો; પણ તમે મહાન સત્ત્વો વિષે, ભવ્ય સત્ત્વો વિષે, અથવા વિધેયાત્મક તત્ત્વો વિષે કદી બોલતાં હોતાં નથી, જે સત્ત્વો ઉત્ક્રાંતિમાં મદદ કરી રહ્યાં હોય છે. મને લાગે છે કે તે મહાન, ભવ્ય, ઉત્ક્રાન્તિમાં મદદ કરતાં સત્ત્વો વિષે પણ ઘણી વાર તમને વાત કરી છે, પણ ફરી મને તેમની સમજૂતી આપવાનું કહેવામાં આવ્યું છે.

ગૂઢવાદી — રહસ્યમય જગત એ એક જ પ્રદેશ નથી, કે જેમાં બધી વસ્તુઓનું સંમિશ્રણ હોય, અને જે અદૃષ્ટિ-ગોચર હોવાને કારણે ગૂઢવાદી — રહસ્યમય કહેવાય. ગૂઢવાદી જગતમાં ક્રમિક પ્રદેશો હોય છે, તેમાં વધારે ને વધારે સૂક્ષ્મ પ્રદેશો હોય છે, જે આપણે સામાન્ય રીતે જોઈએ છીએ તે ભૌતિકતા કરતાં વધુ ને વધુ દૂર ગયેલા હોય છે. તે દરેક પ્રદેશને પોતાનું જગત હોય છે, પોતાનાં રૂપો હોય છે. જેમાં તે રહેતાં હોય છે તે પ્રદેશ સાથે સુસંગત ઘનતાવાળાં સત્ત્વો તે પ્રદેશોમાં રહેતાં હોય છે. જેવી રીતે આ ભૌતિક જગતમાં આપણે ભૌતિક જગત જેવી જ ભૌતિકતાથી બનેલાં હોઈએ છીએ, તે જ રીતે પ્રાણિક જગતમાં, માનસિક જગતમાં, અધિ-માનસિક જગતમાં, અતિ-માનસિક જગતમાં, બીજાં અનંત જગતોમાં સત્ત્વો હોય છે, જેમનું રૂપ તે તે જગતના સમાન પદાર્થ વડે રચાયેલું હોય છે. એનો અર્થ એ થયો કે જો તમે, તે પ્રદેશ સાથે સુસંગત એવા તમારા અસ્તિત્વના ભાગ વડે, તે જગતમાં પ્રવેશી શકો, તો તમે તેમાં, જેમ અત્યારે તમે ભૌતિક જગતમાં હરી-ફરી શકો છો તેમ, તદ્દન ભૌતિક રીતે ગતિ કરી શકો.

આપણું દરિદ્ર, નાનકડું, ભૌતિક જગત તો આ અનંત ક્રમના એક જ

પ્રદેશમાં આવી રહેલું છે. તેમાં આપણે જેટલી વસ્તુઓ જોઈએ છીએ તેમના જેટલી જ અથવા તેમના કરતાં વધારે વસ્તુઓ તે જગતોમાં છે. આ પ્રદેશોમાં તમે અનેક વસ્તુઓને મળતા હો છો. ત્યાં શું બની રહ્યું છે તે જાણવા માટે, ત્યાં રહેતાં સત્ત્વો સાથે સંબંધો બાંધવા માટે, તમારે આ ભૌતિક જગત કરતાં પણ વધારે ગહન અધ્યયન કરવું પડતું હોય છે.

એ સ્પષ્ટ છે કે સાધક જેમ જેમ ભૌતિક જગતથી વધારે ને વધારે આગળ જાય છે, તેમ તેમ તેને દેખાય છે કે ત્યાં રહેતાં સત્ત્વોનાં રૂપો અને ચેતના સામાન્ય ભૌતિક રૂપો કરતાં ખૂબ વધારે વિશુદ્ધ, સુંદર, અને પરિપૂર્ણ હોય છે. પ્રાણિક જગત આપણા ભૌતિક જગતની વધારેમાં વધારે નિકટ છે, જો કે તે જગત ભૌતિક જગતથી પર છે, અને તેમાં એક એવો પ્રદેશ પણ છે કે જે ભૌતિક જગત સાથે સંમિશ્રિત હોતો નથી. તે ભૌતિક — પ્રાણિક જગત વિષે એમ કહી શકાય કે ત્યાંની વસ્તુઓ કેટલીક બાબતોમાં અહીંની વસ્તુઓ કરતાં પણ વધારે વરવી — કદ્રૂપી હોય છે, કારણ કે ત્યાં અસદ્-સંકલ્પ બધે પ્રસરી રહ્યો હોય છે, જેની સામે સમતુલા જાળવી શકે તેવું ચૈત્યિક અસ્તિત્વ ત્યાં હોતું નથી. આ ભૌતિક જગતમાં તો ચૈત્યિક અસ્તિત્વ તે અસત્ સંકલ્પને સુધારતું હોય છે, યોગ્ય રીતે વ્યવસ્થિત કરતું હોય છે, તેનું નિયમન કરતું હોય છે. પણ તે પ્રદેશ મર્યાદિત હોય છે. માણસ ત્યાં જાય છે કે તરત જ તેને માનવ-જીવનને પ્રતિકૂળ સત્ત્વો તથા વસ્તુઓ દેખાય છે, જેમને પોતાનું આગવું સૌન્દર્ય હોય છે, આગવી ભવ્યતા હોય છે, તેમની સાથે માણસ ખૂબ સુખકારક અને ઉપયોગી સંબંધો સ્થાપિત કરી શકે છે.

મેં તમને કહ્યું છે કે જો પહેલાં દીક્ષા ન લીધી હોય; તમારી સર્વ ઇચ્છાઓ — આવેગો — અહંતાઓ — ભયો — નિર્બળતાઓ વડે વિકૃત ન બની જવાય, તેમના ભારથી લચી ન પડાય એવી વિશુદ્ધિ પ્રાપ્ત કર્યા સિવાય, આ પ્રદેશોમાં પ્રવેશવાનું સાહસ કરવું તે ડહાપણ-ભરેલું નથી. એવી પ્રવૃત્તિઓ ઉપાડતા પહેલાં, માણસે આત્મ-વિશુદ્ધિની પરિપૂર્ણ તૈયારી, અને ચેતનાનું વિસ્તૃતીકરણ કરી લેવાં જોઈએ; તે અનિવાર્ય છે.

આ અદૃશ્ય જગતોમાં એવા પણ પ્રદેશો હોય છે, જે માનવીય માનસિક રચનાઓનું પરિણામ હોય છે. માણસ જે માગે તે તેને ત્યાં મળે છે. હકીકતમાં, માણસ બરાબર જેની અપેક્ષા રાખતો હોય, તે તેને ત્યાં મળે છે. ત્યાં નરકો હોય છે, સ્વર્ગો હોય છે. પ્રાયશ્ચિત્તનાં સ્થાનો હોય છે. ભિન્ન-ભિન્ન ધર્મો તથા તેમના ખ્યાલો અનુસાર, ત્યાં સર્વ પ્રકારની વસ્તુઓ હોય છે. આ વસ્તુઓને

ખૂબ સાપેક્ષ અસ્તિત્વ હોય છે, તે સાપેક્ષતા આપણી અહીંની ભૌતિક વસ્તુઓ જેવી હોય છે. અર્થાત્, કોઈક માણસને ત્યાંની વસ્તુઓ અને તે જગત તદ્દન વાસ્તવિક અને ઇન્દ્રિય-ગમ્ય લાગે છે. તેમની વાસ્તવિકતાની ભ્રાન્તિમાંથી છટકી જવા માટે, માણસમાં એક પ્રકારની આંતર મુક્તિ, ચેતનાની વિશાળતા, અને ગહનતર ઉચ્ચતર સત્ય સાથે સંપર્ક હોવાં જોઈએ. પણ તેઓ બધું જે અહીં બનતું હોય છે તેના જેવું હોય છે. અહીંના માનવોને એવી ખાતરી થઈ ગયેલી હોય છે કે ભૌતિક વાસ્તવિકતા એ જ સાચી વાસ્તવિકતા છે; જેને તેઓ જોઈ શકે છે અને સ્પર્શી શકે છે તેને જ તેઓ વાસ્તવિક માનતા હોય છે; જે વસ્તુઓ જોઈ શકાતી નથી, સ્પર્શી શકાતી નથી, અનુભવી શકાતી નથી, તે બધી વસ્તુઓ શંકાસ્પદ છે — અવાસ્તવિક છે. તે જગતોમાં બરાબર અહીંના જેવું જ બધું બનતું હોય છે. મરતી વખતે જે લોકોને ગમે તે કારણે ખાતરી થઈ ગઈ હોય છે કે અમે સ્વર્ગમાં અથવા નરકમાં જવાના છીએ, તે લોકોને તે જગતમાં સ્વર્ગ કે નરક જેવો જ અનુભવ થતો હોય છે, તેમને માટે તે સ્વર્ગ અથવા નરક જ હોય છે. ત્યાંથી બહાર આવીને વધારે સત્ય, વધારે વાસ્તવિક સ્થાનમાં જવા તેમને સમજાવવા તે ખૂબ જ કઠિન વસ્તુ છે.

એટલે થોડીક મિનિટોમાં આ સર્વ અસંખ્ય જગતો વિષે, કહેવું તે કઠિન વસ્તુ છે. તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઘણાં વર્ષો સુધી તે અનુભવને જીવવો પડે છે, ત્યાંની મુલાકાતને બિન-જોખમી બનાવવા માટે એક પ્રકારની આંતરિક તૈયારી અનિવાર્ય છે, તેનો અનુભવ ખૂબ પદ્ધતિપૂર્વક લેવાનો હોય છે.

સ્વપ્નોમાં આપણને બધાને આ જગતોનો આંશિક, ખૂબ ઉપરછલ્લો સંપર્ક પ્રાપ્ત થતો હોય છે. સ્વપ્નોનું અધ્યયન ખૂબ સંભાળ અને સમય માગી લે છે; સ્વપ્નોનું અધ્યયન અદૃશ્ય જગતોના ગહનતર અધ્યયન માટે તૈયારીરૂપ બની શકે છે.

મને લાગે છે કે આજ સાંજે આ જગતો વિષેની વાતચીત આપણને લાભદાયી થઈ પડશે.

(મૌન)

છેલ્લો પ્રશ્ન એવા એક ભાઈએ પૂછ્યો છે કે જેમને એમ લાગે છે કે મેં બહુ હળવાશપૂર્વક વચનો આપ્યાં છે, અને મેં તે વચનોનું પાલન કર્યું નથી! કદાચ મેં માનવ-જાતિમાં મને આપવાની શક્તિ છે તેના કરતાં વધારેની આશા રાખી હતી. મને તેની બરાબર ખબર નથી, કદાચ તે માત્ર ઉપરછલ્લો ખ્યાલ પણ હોય.

મેં કહ્યું હતું કે આ આશ્રમમાં રહેલા લોકો અતિ-મનસ્‌ના આવિર્ભાવને જાણશે. તેનું અવતરણ થયું ત્યારે મેં તેમને ખબર ન આપી તે માટે તેઓ મારો દોષ ન કાઢી શકે. મેં તે આવિર્ભાવની, વાતને ગુપ્ત રાખી ન હતી! મેં કોઈને તેમાં ભાગ લેવાની મનાઈ કરી ન હતી! ઊલટું, મેં તો બધાને તેના પ્રત્યે ખુલ્લા થવા માટે અને તેનો સ્વીકાર કરવા માટે, તેનો લાભ ઉઠાવવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

તેથી મેં કહ્યું હતું કે તે ક્ષણથી રૂપાંતર કરનારી કૃપા ખૂબ અસરકારક રીતે પ્રસરશે, આ વાત ખોટી હોય, તો તે જાહેર કરવા હું ગમે તેને પડકાર ફેંકું છું!

મેં ઉમેર્યું હતું કે અહીં અતિ-મનસ્‌ જરાક વધારે આવિર્ભાવ કરે છે, અને સદ્‌ભાગ્યે અભીપ્સુઓ માટે આ એક સુખમય ભાવિ છે. મેં આ બાબત આ જ રીતે લખી ન હતી; પણ તે અગત્યનું નથી. અસંસ્કૃત માનવ સ્વભાવ ગમે તેટલા અવરોધો ઊભા કરશે, પણ આ સુખમય ભાવિ અહીં જરૂર સાકાર બનશે. તેમ થશે તેવી હું હજી પણ આશા રાખી રહી છું!

પણ હવે જરાક અધીરા બની ગયેલા તે ભાઈ મને પૂછે છે કે ખૂબ મોટા ભાગના સાધકો માટે મુશ્કેલીઓ કેમ વધી ગઈ છે? (માતાજી ટેબલ ઉપર કાગળ જોરથી પછાડીને મૂકે છે.) તમે વધારે સચેતન નથી બન્યા તેથી અતિ-મનસ્‌ના અવતરણનો અનુભવ તમને નથી થયો, એમ તમને કોણે કહ્યું? તમારી તે સર્વ મુશ્કેલીઓ પહેલેથી જ હતી, માત્ર તમે તે જાણતા ન હતા. હવે જો તમે વધારે સ્પષ્ટતાપૂર્વક જુઓ, અને મહાન વસ્તુઓને જુઓ, તો તે અતિ-મનસનો દોષ નથી. તે તમારો દોષ છે! તે તમને એક એવો પ્રકાશ, એવું દર્પણ આપે છે કે જેમાં તમે તમારી જાતને વધારે સારી રીતે જોઈ શકો છો, અને તમને જરાક દુઃખ થાય છે કે તમારી જાત તેમાં બહુ સુંદર નથી દેખાતી! પણ તેમાં હું શું કરી શકું?

તે ભાઈ આખરમાં પૂછે છે કે અસંસ્કૃત માનવ સ્વભાવ જ વિરોધો ઊભા કરે છે તેમની ઉપરવટ થઈને આ અતિ-માનસિક શક્તિ અહીં કાર્ય નથી કરતી? હું સાચી રીતે આશા રાખું છું કે તે કાર્ય કરી રહી છે, કારણ કે નહિ તો કાંઈ જ ન થઈ શકે, જગતનો કદી ઉદ્ધાર ન થઈ શકે. પણ તમને તે શા માટે વધારે કઠિન લાગે છે તે વાત મેં તમને સમજાવી છે. તેનું કારણ એ છે કે હવે તમે જરાક વધારે સચેતન બન્યા છો અને પહેલાં કરતાં વધારે સ્પષ્ટતાપૂર્વક જોઈ શકો છો, વધારે વસ્તુઓને પણ જુઓ છો, જેમને તમે પહેલાં જોઈ શકતા ન હતા.

એક બીજું પણ કારણ છે. જ્યારે કાર્ય કરતી શક્તિ વધારે બળવાન, વધારે આગ્રહી હોય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ વિરોધી વસ્તુ વધારે બળપૂર્વક વિરોધ કરે છે. અહીં મારે તમને થોડીક અણ-ગમતી વસ્તુ કહેવાની છે. તમારી નાનકડી મુશ્કેલીઓથી, નાનકડી અગવડોથી, તમારી નાનકડી પ્રતિકૂળતાઓથી, તમારી "મોટી" ત્રૂટિઓથી મંત્ર-મુગ્ધ બની જવાને બદલે, જો તમે બીજી બાજુ જોવાનો પ્રયત્ન કર્યો હોત કે તે શક્તિ કેટલી બધી વધારે બળવાન છે, ભગવાનની કૃપા કેટલી બધી વધારે સક્રિય બની રહેલી છે, તેમની મદદ કેટલી બધી સ્પર્શ-ગમ્ય છે, જો તમે જરા ઓછા અહંતા-પૂર્ણ હોત, તમારી જાત પર થોડાક ઓછા કેન્દ્રિત હોત, જો તમારી અંગત વાતો પર જ માત્ર ધ્યાન આપવાને બદલે તમે જરાક વધારે વિશાળ દૃષ્ટિ રાખી હોત, તો આ સમસ્યા પરત્વેનું તમારું દૃષ્ટિબિન્દુ પલટાઈ ગયું હોત.

હું તમને આમ કરવાની સલાહ આપું છું. તમે મેં કહેલા ઉપાયને અજમાવશો ત્યાર પછી આપણે આને વિષે વધુ વાત કરીશું. તમારી જાત માટે વધારે પડતો વિચાર ન કરો.

કદાચ અત્યારે આ સમસ્યામાં તમને રસ છે, પણ સાચે જ તેમાં તમને સૌથી વધારે રસ તો નથી જ!

*

વાર્તાલાપ — ૨૯

૧૮ જુલાઈ ૧૯૫૬

મધુર માતાજી, 'પ્રેયર્સ એન્ડ મેડિટેશન્સ' પુસ્તકમાં એક વાક્ય છે કે "... અને નહિ જીવાયેલાં સ્વપ્નો પેઠે અદૃશ્ય થઈ જતા કલાકો પસાર થઈ જાય છે."

(૧૯ જાન્યુઆરી ૧૯૧૭)

એ વાક્યની સમજૂતી હું માગું છું. આ અનુભૂતિ છે. નહિ જીવાયેલું સ્વપ્ન શું છે એ તમે જાણો છો? હું અહીં સ્વપ્નનો અર્થ રાતે આવે છે તે સ્વપ્ન નથી કરતી. હું અહીં સ્વપ્નને આ અર્થમાં લઉં છું : પોતાના અસ્તિત્વના ખૂબ સ્પષ્ટ રીતે દેખાયેલા, શ્રેષ્ઠ ભાગમાં માણસે જે કાંઈ નિર્માણ કર્યું હોય, કોઈક આદર્શને સિદ્ધ કરવાની અભીપ્સા રાખી હોય, સર્જાયેલી સર્વ વસ્તુઓ કરતાં વધારે ઉચ્ચ, વધારે સુંદર, વધારે ઉદાત્ત, વધારે આશ્ચર્યકારક એવા કશાકની કલ્પના કરી હોય, તેને હું અહીં સ્વપ્ન કહું છું. માણસની પોતાની ચેતનામાં ક્યાંક કલ્પનાની અથવા સર્જનની શક્તિ રહેલી છે, અને ત્યાં તે કોઈક વસ્તુનું નિર્માણ કરીને તેનો સાક્ષાત્કાર કરવા માગતો હોય છે.

પછી એક યા તો બીજા કારણે, તે સાકાર બનતું હોતું નથી. કાં તો જગત તેને માટે તૈયાર ન હતું અથવા તો તે રચના કદાચ પર્યાપ્ત ન હતી, પણ તે સાકાર બનતું નથી. અને તેથી વંધ્ય, કશું જ પરિણામ પેદા ન કરતા, નિષ્ફળ, નકામા, શૂન્ય, મિથ્યા કલાકો પસાર થાય છે, તે અદૃશ્ય થઈ જતા હોય એમ દેખાય છે, કારણ કે તેમનું કશું પરિણામ આવી શક્યું ન હતું, તે ઉપયોગી નીવડ્યા ન હતા.

તેથી મેં કહ્યું હતું કે નહિ જીવાયેલાં સ્વપ્નોની પેઠે અદૃશ્ય થઈ જતા કલાકો પસાર થઈજાય છે.

(મૌન)

મારી પાસે બે પ્રશ્નો આવ્યા છે. એક પ્રશ્ન 'ધ સિન્થેસિસ ઑફ યોગ'માં આવતા એક ફકરા સંબંધી છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે

"કારણ કે વ્યક્તિગત પ્રેમની પીઠમાં, તે પ્રેમના અજ્ઞાનમય માનવી પ્રતીક વડે અસ્પષ્ટ બની ગયેલી હોવાને કારણે, એક રહસ્યમયતા નિગૂઢ પડેલી છે, જેને મન પકડી શકતું હોતું નથી. તે રહસ્યમયતા ભગવાનના શરીરની છે, અનંત ભગવાનના ગૂઢ રૂપનું રહસ્ય છે, જેને આપણે હૃદયના આનંદ વડે, વિશુદ્ધ — ઉદાત્તીકરણ પામેલી ભાવનાના આવેગ વડે, અને દિવ્ય બંસી બજાવનાર ભગવાનના આહ્વાનરૂપ આકર્ષણ વડે, સર્વસુંદર ભગવાનની પ્રભુત્વશાળી બળજબરી વડે પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે તેને પકડીએ છીએ અને ગૂઢ પ્રેમ તથા ઉત્કટ ઇચ્છા દ્વારા તે આપણને પકડે છે. તે પ્રેમ અને ઉત્કટ ઇચ્છા આખરે રૂપને અને અરૂપને એક બનાવી દે છે, આત્માનું અને પદાર્થ-તત્ત્વનું તાદાત્મ્ય સિદ્ધ કરે છે. અહીં અજ્ઞાનના અંધકારમાં આત્મા, પ્રેમ દ્વારા, તેને જ શોધતો હોય છે. જ્યારે વ્યક્તિગત માનવી પ્રેમ ભૌતિક વિશ્વમાં અવતરેલા, અંતર્યામી ભગવાનના પ્રેમમાં પરિવર્તિત થઈ જાય છે, ત્યારે આત્મા તે વસ્તુને પ્રાપ્ત કરે છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૫૦)

આ આપણને કૃષ્ણ અને રાધાના પ્રતીક પાસે પાછા લઈ જાય છે. શ્રી અરવિંદ અહીં દિવ્ય બંસી-બજવૈયા તરીકે કૃષ્ણની વાત કરે છે. અર્થાત્ કૃષ્ણ અંતર્યામી વૈશ્વિક ભગવાન છે. તે આકર્ષણની પરમ શક્તિ છે, અને આત્મા — ચૈત્યિક પુરુષ એ રાધા છે, જે બંસી-બજવૈયાના આહ્વાનને પ્રત્યુત્તર આપે છે. એટલે આજે સાંજે મારે રાધા — ચેતના વિષે કાંઈક કહેવું એમ મને કહેવામાં આવ્યું છે, અર્થાત્ ભગવાનના આહ્વાનનો પ્રત્યુત્તર વ્યક્તિ — જીવાત્મા જે રીતે આપે છે તે વિષે મારે કહેવાનું છે.

શ્રી અરવિંદનું જે પ્રકરણ આપણે હમણાં જ વાંચ્યું તેમાં તેમણે બરાબર આ જ વાતનું વર્ણન કરેલું છે. તે એક દિવ્ય હાજરી સાથે તાદાત્મ્ય દ્વારા સર્વ વસ્તુઓમાં આનંદ પ્રાપ્ત કરવાની શક્તિ છે, ભગવાનને પરિપૂર્ણ આત્મ-નિવેદન કરવાની શક્તિ છે. એટલે મને લાગે છે કે મારે તેમાં ઝાઝો ઉમેરો કરવાનો રહેતો નથી. હું જે કાંઈ કહું તે આ અનુભૂતિની સમગ્રતામાં કદાચ મર્યાદા અથવા ન્યૂનતા લાવી દે.

(મૌન પછી)

આ ચેતનામાં સર્વ વસ્તુને સતત આનંદમાં પરિવર્તિત કરવાની શક્તિ છે,

કારણ કે વસ્તુઓને તેમના વિસંવાદી આભાસમાં જોવાને બદલે, હવે સાધક માત્ર ભગવાનની જ હાજરી, ભગવાનનો જ સંકલ્પ, તેમની કૃપા સર્વત્ર જોતો હોય છે. દરેક ઘટના, દરેક તત્ત્વ, દરેક સંયોગ, દરેક રૂપ — વીગતમાં પણ — એવી રીતે પલટાઈ જાય છે કે સાધક ભગવાન પ્રત્યે વધારે સઘનતાપૂર્વક, વધારે, ગહનતાપૂર્વક, વધારે ને વધારે નિકટ આકર્ષાય. વિસંવાદો અદૃશ્ય થઈ જાય છે, કદ્રૂપતા અદૃશ્ય થઈ જાય છે; હવે સર્વ વસ્તુઓમાં પ્રકાશતા પ્રેમમાં માત્ર ભગવાનની હાજરીનું સૌન્દર્ય જ — તે જ અનુભવાય છે.

એ સ્પષ્ટ છે કે વ્યવહારુ દૃષ્ટિબિન્દુથી જોતાં, મુશ્કેલી ભર્યા પરિણામો પ્રત્યે ખુલ્લા રહ્યા સિવાય સતત તે જ સ્થિતિમાં રહેવા માટે સાધકે સતત એક અવિકંપ્ય ઊંચાઈ પર રહેવું જોઈએ. તેથી કદાચ આ સ્થિતિમાં જીવવાની ઇચ્છાવાળા લોકો જગતનો ત્યાગ કરતા, અને પ્રકૃતિ દ્વારા વૈશ્વિક સંપર્કને પ્રાપ્ત કરતા. માણસોને નાખુશ કર્યા સિવાય મારે કહેવું જોઈએ કે જ્યારે સાધક વૃક્ષોની, પુષ્પોની, છોડોની, અને પશુઓની વચમાં રહેતો હોય છે — માનવની વચમાં નહિ, ત્યારે ચેતનાની આ સ્થિતિને પ્રાપ્ત કરવી તે અનંતગણું વધારે સહેલું હોય છે. તે વધારે સહેલું છે, પણ અનિવાર્ય નથી. જો સાધક તે સ્થિતિ સાચી રીતે પરિપૂર્ણ — સમગ્ર બને એમ ઇચ્છતો હોય, તો તેણે તે સ્થિતિ હર-ક્ષણે જાળવી રાખવા સમર્થ બનવું જોઈએ — પછી ગમે તે વ્યક્તિઓ કે વસ્તુઓ હાજર હોય તોપણ.

આ પ્રકારની અનેક કથાઓ છે. દા.ત. પ્રહલાદની[1], જેની કથા આપણે તાજેતરમાં એક ફિલ્મમાં જોઈ હતી, જે તે ચેતનાની સ્થિતિનું દૃષ્ટાંત પૂરું પાડે

૧. ભારતીય પુરાણ-શાસ્ત્રમાં, પ્રહ્લાદ રાજા હિરણ્યકશિપુનો પુત્ર છે. તે રાજા ભગવાન વિષ્ણુનો કટ્ટર શત્રુ હતો. રાજાએ પોતાના રાજ્યમાં વિષ્ણુની પૂજા પર પ્રતિબંધ મૂક્યો હતો. જ્યારે તેને ખબર પડી કે મારો પુત્ર મારા રાજમહેલમાં તે જ દેવની ભક્તિ કરે છે, ત્યારે તેણે પ્રહ્લાદને સર્પોની સમક્ષ મૂક્યો, પણ સર્પોએ તેને દંશ ન દીધો. પછી તેણે પ્રહ્લાદને એક પર્વતના શિખર પરથી નીચે સમદ્રમાં ફેંકાવી દીધો, પણ આશ્ચર્યકારક રીતે સમુદ્રનાં જળે તેને ઊંચકી લીધો. જ્યારે ક્રોધે ભરાયેલા રાજાએ પોતાના પુત્રને પૂછ્યું કે કોણે તારી રક્ષા કરી? ત્યારે બાળકે જવાબ આપ્યો કે વિષ્ણુ સર્વત્ર છે — સર્પોમાં અને સમુદ્રમાં પણ. એ રસપ્રદ હકીકત છે કે રાજા પોતે કેટલાક ઋષિઓના શાપથી વિષ્ણુના સ્વર્ગમાંથી થોડાક સમય માટે પૃથ્વી પર ફેંકી દેવાયેલો જીવ હતો. ઋષિઓએ તેને પસંદગી કરવા કહ્યું હતું કે વિષ્ણુના શત્રુ તરીકે તારે પૃથ્વી પર ત્રણ જન્મ ગાળવા પડશે. અને વિષ્ણુના ભક્ત તરીકે તારે પૃથ્વી પર દશ જન્મો ગાળવા પડશે, તું કયી વાતને પસંદ કરે છે? રાજાએ વિષ્ણુલોકમાં પાછા જવાનો વધારે ટૂંકો માર્ગ પસંદ કર્યો.

છે. મને માત્ર ખાતરી છે એટલું જ નહિ, પણ સ્વાનુભૂતિ છે કે જો તમે સંકટ સમયે શત્રુની હાજરીમાં, દુર્ભાવની સમક્ષ આ સ્થિતિમાં રહી શકો અને બધી વસ્તુઓમાં ભગવાનને જોઈ શકો, તો સંકટની તમારા પર કશી અસર નહિ થાય, દુર્ભાવ તમને કશી હાનિ નહિ કરી શકે, અને શત્રુમાં કાં તો પરિવર્તન થઈ જશે અથવા તો તે ભાગી જશે. આ વાત તદ્દન નિશ્ચિત છે.

પણ મારે એક બહુ મહત્ત્વની વાત ઉમેરવી જોઈએ. તમારે ચેતનાની આ સ્થિતિ કોઈ હેતુથી, રક્ષણ માટે, કે મદદરૂપે મેળવવા પ્રયત્ન ન કરવો જોઈએ. તે સ્થિતિ તમારે માટે સાચા દિલની, સ્વયંભૂત, સતત બની જવી જોઈએ; તે સ્વાભાવિક સામાન્ય બની રહેવી જોઈએ. તે તમારા જીવનમાં પ્રયત્ન વગર સ્થાપિત થયેલી હોવી જોઈએ. તો તે અસરકારક બને છે. પણ જો તમે અમુક પરિણામ મેળવવા માટે તે ગતિની જરા પણ નકલ કરવા પ્રયત્ન કરશો, તો તે સફળ નહિ થાય, કશું જ પરિણામ નહિ આવે. પછી તમારા અજ્ઞાનમાં તમે કદાચ કહેશો કે ઓહ, મને તે લોકોએ આમ કહ્યું હતું, પણ તે સાચું નથી! તેનું કારણ એ હતું કે તમારામાં ક્યાંક દિલની સચ્ચાઈનો અભાવ હતો.

નહિ તો, જો તમારામાં દિલની સાચી સચ્ચાઈ હોય, અર્થાત્ તે સમગ્ર અને સ્વયંભૂ અનુભૂતિ હોય, તો તે સર્વ-શક્તિશાળી હોય છે. જો કોઈક માણસની આંખોમાં જોતી વખતે તમે સ્વયંભૂ રીતે ભગવાનની હાજરી જોઈ શકો, તો ખરાબમાં ખરાબ ગતિઓ તથા અવરોધો અદૃશ્ય થઈ જાય છે, અને અનંત આનંદની જ્યોત પ્રજ્વલિત બને છે — કેટલીક વાર સામી વ્યક્તિમાં તેમજ તમારા પોતામાં. જો સામી વ્યક્તિમાં — તેની અસદ્-ભાવનામાં જરા પણ નાનકડી ચીરાડની શક્યતા હોય છે, તો જ્યોત પ્રજ્વલિત થઈ ઊઠે છે.

મધુર માતાજી, રાધાની બાબતની, સર્વ વૈષ્ણવ કથાઓમાં તથા ઘણા ગૂઢવાદીઓનાં વર્ણનોમાં, તેમની (રાધાની) આંખોમાં સદા-સર્વદા આંસુ અને વેદના હોય છે — એમ આવે છે. "તે રુદન કરતાં હતાં અને ભગવાન આવ્યા નહિ... ભગવાન તેને પીડા આપતા હતા...." આનો શો અર્થ છે? તે તો મૂર્તિમંત સમગ્ર વિશુદ્ધિ હતાં, તો પછી શા માટે....

તે વર્ણન તે સમયનું છે, જ્યારે તે માર્ગ કાપતાં હતાં! જ્યારે માણસ પંથ-કાપતો હોય છે, લક્ષ્યને પહોંચ્યો હોતો નથી, ત્યારે તેમ બનતું હોય છે. તેમની બાબતમાં તેમ બનતું હોય છે, આના પર તેઓ બહુ ભાર મૂકતા હોય છે, કારણ

કે માનવીય માર્ગ ચાલુ રહે તે તેમને ગમતું હોય છે, આ માનવીય માર્ગમાં તેમને મજા પડતી હોય છે. તેનું કારણ એ છે કે જો તમારે જીવનમાં રહેવું હોય, જીવનના સંપર્કમાં તમારે રહેવું હોય, તો તે અનુભૂતિમાં અવશ્ય અમુક સાપેક્ષતા રહેલી હોય છે. તેમને તે ગમતું હોય છે, તેમને ભગવાન સાથે કલહ કરવામાં, વિયોગની લાગણીમાં મજા પડતી હોય છે. આ વસ્તુઓ તેમને સુખ આપતી હોય છે! કારણ કે તેઓ માનવી ચેતનામાં રહેલા હોય છે અને રહેવા માગતા હોય છે. જે ક્ષણે પરિપૂર્ણ તાદાત્મ્ય સિદ્ધ થાય છે, તે જ ક્ષણે આ બધું અદૃશ્ય થઈ જાય છે. તે એક એવી બાબત છે કે જાણે પોતે પોતાની જાત પાસેથી નાટકનો રસાસ્વાદ ઝૂંટવી લેતો ન હોય! જીવનમાંથી કાંઈક ચાલ્યું ગયું હોય એમ તેમને લાગતું હોય છે, અર્થાત્ જીવનની ભ્રમણા. તેમને હજી ભ્રાન્તિની અમુક તર્કયુક્ત માત્રા જોઈતી હોય છે, તે સીધી રીતે સત્યમાં પ્રવેશી શકતા હોતા નથી.

હકીકતમાં, વિયોગની લાગણી ચાલી જાય તે માટે તમે તમારામાં પરિપૂર્ણ તાદાત્મ્ય સિદ્ધ કરેલું હોવું જોઈએ. એક વાર તે તાદાત્મ્ય પરિપૂર્ણ રીતે સિદ્ધ થઈ જાય, પછી તે બાબતનો અંત આવે છે, પછી કાંઈ કહેવાનું બાકી રહેતું હોતું નથી.

તેથી એમ કહેવામાં આવ્યું છે કે જો સૃષ્ટિ ભગવાન સાથે પરિપૂર્ણ તાદાત્મ્ય સિદ્ધ કરે, તે પછી સૃષ્ટિ રહે જ નહિ. જો આ અભેદમય, પરિપૂર્ણ તાદાત્મ્ય તમે સિદ્ધ કરો, જો સમગ્ર સૃષ્ટિ આ અભેદમય, પરિપૂર્ણ તાદાત્મ્ય સિદ્ધ કરે, તો પછી વિશ્વ રહે જ નહિ. ને પ્રલયમાં પાછા જવાનું બને.

તેનો ઉકેલ એ છે કે લીલામાં પણ આનંદ પ્રાપ્ત કરવો, જે વિનિમય માણસ આપતો હોય છે અને સ્વીકારતો પણ હોય છે, જેમાં માણસ બે હોય તેવો દેખાય છે. તેથી તેઓ દ્વૈત ચાલુ રાખતા હોય છે.

નહિ તો, તાદાત્મ્યમાં તો માત્ર તાદાત્મ્ય જ અવશિષ્ટ રહે છે. જો તાદાત્મ્ય પરિપૂર્ણ હોય, તે વિષય-ગત ક્રિયા અશક્ય બને.

પણ જ્યારે હું પ્રેમની વાર્તા કહેતી હતી, ત્યારે મેં ક્યાંક આ વસ્તુ કહી છે. કદાચ બહુ થોડા લોકોએ તેના તફાવત-ભેદ પર ધ્યાન આપ્યું હતું. મેં કહ્યું હતું કે તાદાત્મ્યના આનંદથી તે શરૂ થાય છે, અને સૃષ્ટિના પૂર્ણ વર્તુલ પછી મિલનના આનંદમાં તે અંત પામે છે[1]. જો વર્તુલ ન હોત, તો મિલનનો આનંદ

૧. પાછળથી કોઈકે માતાજીને પૂછ્યું હતું કે "આ 'તે' એ શું છે? વિશ્વ?" માતાજીએ જવાબ આપ્યો હતો કે મેં હેતુપૂર્વક 'તે' કહ્યું હતું; મારે 'તે'ને નિશ્ચિત કરવું ન હતું. મને 'સૃષ્ટિ' — શબ્દ ગમતો

સંભવી ન શકત, માત્ર તાદાત્મ્યનો જ આનંદ હોત. જો વર્તુલ ન હોત, તો મિલન ન હોત.

"મેં પ્રેમના આવિર્ભાવ વિષે કહ્યું છે કે પ્રેમ એ પરમ આનંદ છે. શ્રી અરવિંદે પણ કહ્યું છે કે અસ્તિત્વથી તથા અનસ્તિત્વથી પર, એવું કાંઈક છે, જે સત્ છે, જે પરમ પ્રેમરૂપે આવિર્ભૂત થાય છે, અને જે એકી-સાથે અસ્તિત્વ તેમજ અનસ્તિત્વ છે. તેનો પ્રથમ આવિર્ભાવ તાદાત્મ્યનો આનંદ છે — તાત્ત્વિક રીતે તાદાત્મ્ય જ આનંદમાં પોતાની જાતથી સભાન બનતું હોય છે, પછી તે સમગ્ર આવિર્ભાવ દ્વારા પરિપૂર્ણ વર્તુલ બનાવતું હોય છે, પ્રેમ દ્વારા સર્વ રૂપ ધારણ કરતું હોય છે, અને મિલન — એકતા દ્વારા એકતાને — અદ્વૈતને ફરી પ્રાપ્ત કરતું હોય છે. તેથી મિલનના આનંદમાં વૃદ્ધિ થતી હોય છે, જે જો આ વર્તુલ કરવામાં ન આવ્યું હોત તો હયાતીમાં ન આવત."

કદાચ આ વાત જરાક સૂક્ષ્મ છે, પણ તે હકીકત છે. વર્તુલ એટલા માટે કરવામાં આવ્યું હતું કે તાદાત્મ્યનો આનંદ મિલનના આનંદમાં શિખરને પ્રાપ્ત કરે.

પણ જો પરિપૂર્ણ તાદાત્મ્ય હોય, તે મિલન ન સંભવી શકે, મિલનની લાગણી ન સંભવી શકે, કારણ કે મિલન પરિપૂર્ણ તાદાત્મ્યથી કોઈક ભિન્ન વસ્તુ સૂચવે છે. પરિપૂર્ણ મિલન હોઈ શકે, પણ પરિપૂર્ણ તાદાત્મ્ય ન હોઈ શકે.

શબ્દો વડે અને તમારા મસ્તિષ્ક વડે આને સમજવાનો પ્રયત્ન ન કરશો, કારણ કે આ બે શબ્દો (મિલન અને તાદાત્મ્ય) તદ્દન ભિન્ન-ભિન્ન અનુભૂતિઓને અભિવ્યક્ત કરે છે. અને છતાં પરિણામ એક જ હોય છે; પણ એકમાં એવી સમૃદ્ધિ ભરી પડી છે કે જે બીજામાં નથી; તે સમૃદ્ધિ સમગ્ર અનુભૂતિની — સમગ્ર વૈશ્વિક અનુભૂતિની છે.

જો મિલન સચેતનતાપૂર્વક અનુભવાતું હોય, તો કેટલાક ગૂઢવાદીઓ શા

નથી. તે એવી છાપ પાડે છે કે શૂન્યમાંથી સર્જેલી, તે એક ખાસ પ્રકારની સૃષ્ટિ હોય; પણ સૃષ્ટિ તો ભગવાન પોતે જ છે! વિશ્વ શરૂઆત કરતું હોતું નથી, વિશ્વની તો શરૂઆત કરવામાં આવતી હોય છે. તે અર્થ કેવી રીતે પ્રગટ કરવો? વિશ્વ તે ગતિમાં પહેલ કરતું હોતું નથી! જો કોઈ એમ કહે કે ભગવાને વિશ્વનો પ્રારંભ કર્યો, તો તે અસત્ય બની જાય છે. આ બધા આમ નિશ્ચિત બની ગયેલા વિચારો છે! જો હું કહું કે ભગવાને સૃષ્ટિનો — વિશ્વનો પ્રારંભ કર્યો, તો માણસ કોઈ અંગત ભગવાનનો ખ્યાલ કરે છે, કે જેમણે વિશ્વનો પ્રારંભ કરવાનો નિશ્ચય કર્યો — પણ તે સાચું નથી!

માટે સામાન્ય લોકોના જેવી અનેક લાગણીઓ —રુદન કરવાની, વિલાપ કરવાની લાગણીઓ ચાલુ રાખે છે?

કદાચ તેનું કારણ એ હોય કે તે મિલન સતત નથી.

પણ રાધા તે પોતાની અભીપ્સામાં દિલની સચ્ચાઈવાળી છે.

હે મારાં બાળકો, જો તમે મને પૂછો, તો હું આ બધાને માત્ર સાહિત્ય માનું છું! તે ગમે તેમ હોય, પણ માનવ-જીવન જેવું છે તેનું કલામય ચિત્ર રજૂ કરવા માટે તેમ થતું હોય છે!

વૈષ્ણવ-ધર્મનો તે પાયો છે.

પણ આ લોકો પ્રાણિકમાં જીવતા હોય છે, તેમને તે ગમતું હોય છે. આહ, તેની વાત ન કરવી જોઈએ, કારણ કે...

મારે એક બહુ નાનકડો પણ રસપ્રદ પ્રશ્ન પૂછવાનો છે.

તે એવા એક ભાઈનો પ્રશ્ન છે, કે જે અતિ-મનસ્‌ને ઝીલવા માટે પોતાની જાતને તૈયાર કરી રહ્યા છે; અને તે તૈયારીમાં બીજી વસ્તુઓની સાથે-સાથે પ્રાર્થના અને ધ્યાન આવે છે. પછી તેમણે એક ચિંતન મૂક્યું છે, જે ખૂબ સાફ દિલનું છે, ઘણા થોડા લોકો તેવું કથન કરવાની હિંમત કરી શકે. તે આ રહ્યું :

"હું ઉત્કટતાપૂર્વક, ઉત્સાહપૂર્વક ધ્યાન અને પ્રાર્થના કરવાની શરૂઆત કરું છું. મારી અભીપ્સા ઉત્કટ છે, મારી પ્રાર્થના ભક્તિપૂર્ણ છે. પછી અમુક સમય પછી —કેટલીક વાર તે ટૂંકો હોય છે અને કેટલીક વાર લાંબો —અભીપ્સા યાંત્રિક બની જાય છે, અને પ્રાર્થના કેવળ શબ્દમય બની જાય છે. મારે શું કરવું જોઈએ?"

આ એક વ્યક્તિની બાબત નથી; તે ઘણા લોકોમાં બનતું હોય છે. આ વાત મેં અનેક વાર પહેલાં કહી છે, પણ તે અછડતી રીતે કહી હતી. જે લોકો એવો દાવો કરે છે કે અમે દરરોજ કલાકો સુધી ધ્યાન કરીએ છીએ અને આખો દિવસ પ્રાર્થનામાં ગાળીએ છીએ, તેમનો પોણા ભાગનો સમય તો યાંત્રિક રીતે

તેમ કરવામાં વીતતો હશે — એમ મને લાગે છે; અર્થાત્ તે ધ્યાનમાંથી અને પ્રાર્થનામાંથી દિલની સચ્ચાઈ ચાલી ગઈ હશે, કારણ કે માનવ સ્વભાવનું નિર્માણ તેને માટે થયેલું નથી, માનવ મનનું બંધારણ એ રીતનું નથી.

એકાગ્રતા અને ધ્યાન કરવા માટે માણસે એક કસરત કરવી જોઈએ, જેને હું 'માનસિક સ્નાયુ-વર્ધન' કહું છું. જેમ માણસ વજન ઊંચકવા માટે સ્નાયુઓ વડે પ્રયાસ કરતો હોય છે, તેમ જો તમે દિલની સચ્ચાઇપૂર્વકની એકાગ્રતા માગતા હો અને કૃત્રિમ નહિ, તો માણસે ખરેખર પ્રયત્ન કરવો જોઈએ.

પ્રાર્થનાના આવેગ માટે પણ તે જ વાત છે. ઓચિંતી એક જ્વાળા પ્રજ્વલિત થાય છે, તમે ઉત્સાહપૂર્ણ ઉલ્લાસ અનુભવો છો, ખૂબ ઉત્કટતા અનુભવો છો, અને શબ્દોમાં તમે તેને વ્યક્ત કરો છો, જે શબ્દો સાચા હોવા માટે સ્વયંભૂ હોવા જોઈએ. આ હૃદયમાંથી સીધી રીતે, ઉત્કટતાપૂર્વક, મસ્તિષ્કમાંથી પસાર થયા વિના, આવવું જોઈએ. તે પ્રાર્થના છે. જો તમારા મસ્તિષ્કમાં માત્ર શબ્દો અથડાતા હોય, તો તે પ્રાર્થના નથી. જો તમે જ્વાળામાં વધારે ઇંધન નથી નાખતા, તો તે થોડા સમય પછી હોલાઈ જાય છે. જો તમે તમારા સ્નાયુઓને આરામ કરવા માટે સમય આપતા નથી, તો સ્નાયુઓ જહેમત ઉઠાવવાની શક્તિ ગુમાવી બેસે છે. એટલે થોડાક સમય પછી ગતિનો તીવ્ર વેગ બંધ પડે એ સ્વાભાવિક અને અનિવાર્ય છે. સ્વાભાવિક રીતે જ, જેને વજન ઊંચકવાની ટેવ છે તે માણસ જેણે કદી વજન ઊંચક્યું નથી તેવા માણસ કરતાં વધારે સમય સુધી વજન ઊંચકી શકે છે. આ બાબતમાં પણ તેવું જ છે. એકાગ્રતાની ટેવવાળો માણસ એકાગ્રતાની ટેવ વગરના માણસ કરતાં લાંબા સમય સુધી એકાગ્રતા કરી શકે છે. પણ દરેક જણ માટે એવો એક સમય આવે છે, જ્યારે તેણે ફરીથી તે કામ શરૂ કરવા માટે, આરામ કરવો જોઈએ, તે કામ બંધ કરવું જોઈએ. એટલે જો તરત જ અથવા થોડીક મિનિટો અથવા કલાકો પછી ગતિ યાંત્રિક બની જાય, તો તેનો અર્થ એ થાય છે કે તમે આરામ કરી રહ્યા છો, પછી તમારે ધ્યાન કરતા હોવાનો દેખાડો ન કરવો જોઈએ. કાંઈક ઉપયોગી કામ કરવું તે વધારે સારું છે.

જો માનસિક તનાવની અસરને દૂર કરવા માટે તમે થોડીક કસરત ન કરી શકો, તો તમે વાંચી શકો છો, તમારા અનુભવને નોંધરૂપે ટપકાવી લઈ શકો છો. વસ્તુઓને અભિવ્યક્ત કરી શકો છો. તેથી તમને જરૂરી આરામ મળી રહેશે. પણ ધ્યાનના સમયનો ગાળો માત્ર સાપેક્ષ રીતે મહત્ત્વનો છે; તે ગાળો જો લાંબો હોય, તો તે માત્ર એટલું જ સૂચવે છે કે તમે તે પ્રવૃત્તિથી કેટલા

પ્રમાણમાં ટેવાયા છો.

અલબત્ત, આ સમયના ગાળામાં ખૂબ વધારો થઈ શકે, પણ હમેશાં તેને મર્યાદા હોય છે. મર્યાદા સુધી પહોંચાય, એટલે માણસે તે કાર્ય બંધ કરવું જોઈએ, બસ એટલું જ. તે દિલની સચ્ચાઈનો અભાવ નથી, પણ અશક્તિ છે. જ્યારે તમે ધ્યાન ન કરતા હો અને તમે ધ્યાન કરતા હોવાનો ઢોંગ કરો, જેમ ઘણા લોકો મંદિરમાં કે દેવળમાં જઈને પ્રાર્થના કરતા હોય છે, વિધિઓ કરતા હોય છે, સારી રીતે શીખેલા પાઠોની પેઠે પ્રાર્થનાઓનું ઉચ્ચારણ કરી જતા હોય છે, તેમ તમે પ્રાર્થના કરો, તો તે દિલની સચ્ચાઈનો અભાવ છે. પછી તે ધ્યાન કે પ્રાર્થના નથી રહેતાં, તે માત્ર એક ધંધો — વ્યાપાર બની જાય છે. તે રસપ્રદ નથી.

થોડાક સમય પહેલાં આપે કહ્યું કે જે માણસ સ્વયંભૂ રીતે પોતાના શત્રુમાં ભગવાનને જુએ, તો દુશ્મનમાં પરિવર્તન આવી જાય છે. શું તે સાચું છે?

સાચું હોય જ એમ અનિવાર્ય નથી! મેં કહ્યું હતું કે કાંતો તે મિત્ર બની જશે અથવા તો તે ભાગી જશે. મેં એમ કહ્યું ન હતું કે તે હમેશાં મિત્ર જ બની જશે. મેં કહ્યું હતું કે જો તેના અસદ્-ભાવમાં જરાક જેટલી પણ તિરાડ હશે, તો તે વસ્તુ તેનામાં પ્રવેશશે, ઓચિંતું તેનામાં પરિવર્તન થશે, અથવા ગમે તે પ્રકારે પણ તે કાર્ય કરવા માટે અસમર્થ બની જશે. પણ જો તેના અસદ્-ભાવમાં તિરાડ નહિ હોય, તો તે ચાલ્યો જશે. પણ તે કાંઈ જ કરી શકશે નહિ. હું ભારપૂર્વક એમ કહું છું કે તે કશું જ કરી શકશે નહિ. જો તે કાંઈક કરી શકે, તો તે એમ બતાવી આપે છે કે તમે જે ચેતનાની સ્થિતિમાં હતા, તે પૂરતી વિશુદ્ધ અને પરિપૂર્ણ ન હતી.

ભગવાન તો પોતાના દુશ્મનોમાં પણ પોતાની જાતને જોઈ શકે છે, તો પછી તેમને આટલા બધા દુશ્મનો કેમ હોય છે?

હું તમારા પ્રશ્નને બરાબર સમજી શકતી નથી.

ભગવાનને આટલા બધા દુશ્મનો શા માટે હોય છે?

ભગવાનના આટલા બધા દુશ્મનો?

આ વિરોધી બળો.

પણ આટલાં બધાં માનવ પ્રાણીઓ શા માટે તદ્દન અચેતન હોય છે? તે હકીકત મને તેના કરતાં પણ વધારે આશ્ચર્યજનક લાગે છે! કારણ કે તે માત્ર અચેતનતાનું જ કાર્ય છે. ભગવાનના દુશ્મન હોવું એ જ છે, બીજું કાંઈ નહિ.

(એક શિક્ષક) તે ભાઈનો કહેવાનો ભાવાર્થ એવો છે કે ભગવાન ભગવાનને જોઈ શકે છે, એટલે તે બધા શત્રુઓમાં પરિવર્તન આવી જવું જોઈતું હતું.

પણ, મને માફ કરો. ક્યાંના ભગવાન? હું તમારો તર્ક સમજી શકતી નથી.

જ્યારે માણસ ભગવાનનો દુશ્મન હોય છે.....

પણ છેવટે ધારો કે લાખો લોકોમાં એક માણસે પોતામાં આ ચેતનાને સિદ્ધ કરી છે. તેની આસપાસના માણસો પર તેની અસર પડે એ શક્ય છે. અને છતાં મેં એમ કહેવાની દરકાર લીધી હતી કે આ સ્થિતિ પરિપૂર્ણ રીતે સિદ્ધ થઈ શકે તે માટે સામાન્ય રીતે એકાંતમાં રહેવાની જરૂર છે; નહિ તો એટલી બધી વિરોધી વસ્તુઓ છે, એટલી બધી પાશવી રીતે ભૌતિક જરૂરિયાતો છે કે જે તેનો વિરોધ કરે છે, કે તમે તે સ્થિતિ તદ્દન પરિપૂર્ણ રીતે પ્રાપ્ત ન કરી શકો. પણ જો તમે તદ્દન પરિપૂર્ણ રીતે તે સ્થિતિને પ્રાપ્ત કરો, તો તમારી આસપાસની દરેક વસ્તુ ચોક્કસ દિવ્ય બનશે.

અને તેથી? હું તમારી દલીલ પણ સમજી શકતી નથી.

(શિક્ષક) તે ભગવાનને મૂર્ત બનાવીને વિચારતા હતા કે જ્યારે કોઈ માણસ ભગવાનનો દુશ્મન હોય, ત્યારે તે તેમના દિવ્ય રૂપનો દુશ્મન છે; આ દિવ્ય રૂપ તેમના દુશ્મનમાં ભગવાનને જોતું હોય છે; એટલે દુશ્મનનું પરિવર્તન થવું જોઈએ.

ના, હજી પણ મને સમજાયું નહિ!

(બીજો શિષ્ય) મધુર માતાજી તેમની વાત પરિપૂર્ણ છે. પણ તે અસ્તિત્વ ધરાવતી નથી! (હસાહસ) તેમનું કથન અસ્તિત્વ ધરાવતું નથી.

ના, હું કબૂલ કરું છું કે હું તમને જરા પણ સમજી શકતી નથી, અને તે ભાઈને પણ નહિ! (હસાહસ) ભલા ભગવાન, તમે બધા શું કહેવા માગો છો?

જ્યારે કોઈ માણસ ભગવાનનો શત્રુ હોય ત્યારે તે કોનો શત્રુ હોય છે?

ઓહ! તેનો આધાર કેવળ દરેક જણ પર છે. મોટે ભાગે માણસ ભગવાન વિષેના પોતાના ખ્યાલનો શત્રુ હોય છે; તેથી એમ કહેવામાં આવ્યું છે કે જે માણસ ભગવાનનો ઇન્કાર કરે છે, તે ઘણી વાર ભગવાનનો સૌથી મહાન ભક્ત હોય છે. કારણ કે તેના પોતાનામાં જો 'ભગવાન છે' એવી ખાતરી ન હોત, તો તેમનો ઇન્કાર કરવાની માથાકૂટમાં તે પડત જ નહિ. જે માણસ ભગવાનને ધિક્કારે છે, તેનામાં પેલા કરતાં પણ વધારે બળવાન ભક્તિ છે, કારણ કે જો પોતામાં ક્યાંક ભગવાનના અસ્તિત્વ વિષે તેને ખાતરી ન હોત, તો તે કેવી રીતે ભગવાનને ધિક્કારી શકે?

ભારતમાં જે લોકો પોતાની જાતનું દિવ્ય વાસ્તવિકતા સાથે તાદાત્મ્ય કરી ભગવાનની શક્તિઓ બનવા માગતા હતા, તેમની કથાઓમાં આ પ્રતીક આપવામાં આવ્યું છે, કે ભગવાનના શત્રુ બનવાનો માર્ગ તેના ભક્ત બનવાના માર્ગ કરતાં વધારે સહેલો છે. આ કથાઓ અહીં સુપ્રસિદ્ધ છે. ભારતની બધી પુરાણ-કથાઓ તેનું કથન કરે છે. તે માત્ર આ વિચારનું દૃષ્ટાંત છે કે જે માણસે આ સમસ્યા કદી પોતાની સામે રાખી જ નથી અને ભગવાનના અસ્તિત્વ બાબત જરા પણ વિચાર કર્યો નથી, તે માણસ ભગવાનનો ધિક્કાર કરનાર અથવા તેમનો ઇન્કાર કરનાર માણસ કરતાં ભગવાનથી વધારે દૂર છે, કારણ કે માણસે જેનો કદી વિચાર જ કર્યો નથી, તેનો જ તે ઇન્કાર કરી શકે.

જે માણસ એમ કહે છે કે લખે છે કે "હું જાહેર કરું છું, પ્રમાણ આપું છું, મારા સર્વ અનુભવો એમ સાબિત કરે છે કે ભગવાન જેવી કોઈ વસ્તુ છે જ નહિ, તે તો માત્ર માણસની કલ્પના છે —સર્જન છે". તે વાત એમ સિદ્ધ કરે છે કે તેણે તે સમસ્યા પર અનેક વાર વિચાર કર્યો છે અને તેનામાં એવું કાંઈક રહેલું છે જેને ભગવાનના અસ્તિત્વમાં ખૂબ-ખૂબ રસ છે.

જે માણસ ભગવાનનો ઇન્કાર કરે છે, તેનામાં તો તે વધારે સ્પષ્ટ છે કે

માણસ ભ્રાંતિનો શત્રુ ન બની શકે.

(શિષ્યને ઉદ્દેશીને) એટલે તમારો પ્રશ્ન ઉદ્‌ભવી શકતો જ નથી, તે બરાબર નથી. કારણ કે કદાચ છેવટે આ એક મિલનનો પ્રકાર છે, જેમાં રસ પડી શકે. કોઈ માણસ કદાચ હળવાશપૂર્વક કહે કે ભગવાન મારા કટ્ટર શત્રુ છે, અને કદાચ તે વાત તદ્દન ખોટી નથી. કદાચ અજ્ઞાનમાં હોય છે તેના કરતાં ધિક્કારમાં વધારે પરિચિતતા — ગાઢ સંબંધ હોઈ શકે. માણસ જેને ધિક્કારતો હોય તેનાથી, જેના વિષે તે અજ્ઞાન હોય તેના કરતાં વધારે ને વધારે નજીક હોય છે.

આનો અર્થ એવો નથી કે હું ધિક્કાર માટે ભલામણ કરું છું! હું તેમ કહેવા નથી માગતી, પણ મેં ઘણી વાર જોયું છે કે તદ્દન નીરસ અને જડ સ્થિતિમાં હોય છે તેના કરતાં વધારે પ્રેમ ક્રોધપૂર્ણ અથવા ધિક્કારપૂર્ણ નજરમાં જોયો છે. તે વિકૃત, બગડી ગયેલો, કુરૂપ બની ગયેલો હોય છે, પણ તેમાં કશુંક જીવંત હોય છે, જ્વાળા હોય છે.

અલબત્ત, અચેતનતામાં, જડતામાં, પત્થરની પરિપૂર્ણ સ્થિરતામાં માણસ દિવ્ય હાજરીનો ઝળહળતો પ્રકાશ જોઈ શકે. આપણે તે અવસ્થાની વાત કરી રહ્યા હતાઃ કે ભક્ત ભગવાનને સર્વત્ર જુએ છે, સર્વત્ર મળે છે, અને એવી અનેકવિધ આશ્ચર્યકારક રીતે મળે છે કે તેની સર્વ મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જાય છે.

(મૌન)

સાચી રીતે કહીએ તો, વ્યવહારુ બનીએ તો, તે સમસ્યાને આ રીતે મૂકી શકાય : જો ભગવાને તેમની સૃષ્ટિની પ્રગતિ કરી હોય એવો ખ્યાલ ન રાખ્યો હોત, તો શરૂઆતથી જ અતિશય સુંદર, સ્થિર, અને અપરિવર્તનીય સ્થિતિ સર્જાઈ હોત. પણ વિશ્વે પ્રગતિશીલ બનવાનું હતું, પરિપૂર્ણ તાદાત્મ્ય સાધવાનું હતું, તે તાદાત્મ્યનો આનંદ માણવાનો હતો; એટલે આ તાદાત્મ્યની પરિપૂર્ણ સભાનતાને આવૃત કરવામાં આવી; નહિ તો જરા પણ હિલચાલ થઈ જ ન હોત.

સ્થિર વિશ્વનો ખ્યાલ કરી શકાય તેમ છે. તો એવો ખ્યાલ કરવો પડે કે આ બધું એકી જ સમયે પરિપૂર્ણ છે, કાલ પણ અસ્તિત્વમાં નથી, માત્ર એક પ્રકારનું વિષયીકરણ છે; પણ એવો ખ્યાલ ત્યારે ન કરી શકાય કે એક પ્રગટીકરણ થઈ રહ્યું છે, જેમાં એક પછી બીજી વસ્તુ પ્રગતિશીલ રીતે પ્રગટ થાય છે અને તે

પણ એક ખાસ છંદોમયતાપૂર્વક; એવો જ ખ્યાલ કરી શકાય કે સર્વ કાંઈ એકી જ વખતે પરિપૂર્ણ રૂપમાં આવિર્ભાવ પામેલું છે. તો સઘળું આનંદમય સ્થિતિમાં હોય, આપણે જોઈએ છીએ તેવું વિશ્વ ન હોય, પ્રગટીકરણનું તત્ત્વ ગેરહાજર હોય — જે પ્રગટીકરણમાં આપણે અત્યારે જીવી રહ્યાં છીએ તે ન હોય.

પણ જો આપણે એક વાર કબૂલ કરીએ કે વિશ્વ પ્રગતિ કરી રહ્યું છે, પ્રગટીકરણ પ્રગતિ કરી રહ્યું છે, બધાને એકી-સમયે એક સાથે જોવાને બદલે આપણી દૃષ્ટિ પ્રગતિશીલ છે, તો તેમાં દરેક વસ્તુ પોતાનું યોગ્ય સ્થાન લઈ લે છે. તો પછી ભાવિમાં આવનારી પરિપૂર્ણતા પહેલાંની પરિપૂર્ણતા કરતાં ઉચ્ચતર છે, એમ લાગે — લાગવું જોઈએ. જે સાક્ષાત્કાર પ્રત્યે આપણે ગતિ કરી રહ્યાં છીએ, તે સાક્ષાત્કાર પહેલાં સિદ્ધ કરાયેલા સાક્ષાત્કાર કરતાં અધિક — ચઢિયાતો હોવો જોઈએ, એમ સ્વીકારવું પડે.

આ વસ્તુ, દરેક વસ્તુ માટે — બધી શક્યતાઓ માટે દ્વાર ખોલી નાખે છે.

શ્રી અરવિંદે આ ઘણી વાર કહ્યું છે કે વિશ્વમાં અમુક ક્ષણે જે સુંદર, ભદ્ર, પરિપૂર્ણ, આશ્ચર્યકારક અને દિવ્ય લાગતું હતું, તે હવે તેવું ન લાગી શકે. અને અત્યારે જે આપણને સુંદર, આશ્ચર્યજનક, દિવ્ય અને પરિપૂર્ણ લાગે છે, તે થોડાક સમય પછી અવરોધરૂપ થઈ પડશે. તે જ રીતે, અમુક સમયે જે દેવો સર્વશક્તિમાન હતા, તે આવતી કાલે પ્રગટ થનાર દેવો કરતાં નિમ્નતર હતા.

વિશ્વ પ્રગતિ કરી રહ્યું છે તેની નિશાની જોવા મળે છે.

આ વસ્તુ અનેક વાર કહેવામાં આવી છે, પણ જ્યારે લોકોને એમ કહેવામાં આવે છે કે તે મહાન પ્રાચીન યુગો, માનવીય માપથી જોતાં, ન્યૂન હતા, ત્યારે લોકો તે વાતને સમજી શકતા હોતા નથી.

તેથી જ્યારે માણસ તે સ્થિતિમાં પ્રવેશ કરે છે કે જ્યાં દરેક વસ્તુ — જેવી હોય તેવી — પરિપૂર્ણ રીતે દિવ્ય દેખાય છે, ત્યારે તે માણસ ચોક્કસ વૈશ્વિક ગતિથી બહાર ચાલ્યો જાય છે. બુદ્ધ અને શંકરાચાર્ય જેવા લોકોની આવી જ સમજ હતી. તેઓ પોતાના શબ્દોમાં કહેતા હતા કે જ્યારે તમે તે સ્થિતિને પ્રાપ્ત કરો છો કે જ્યાં દરેક વસ્તુ તમને પરિપૂર્ણ રીતે દિવ્ય દેખાય છે, ત્યારે તમે અનિવાર્ય રીતે વૈશ્વિક ગતિમાંથી બહાર નીકળી જઈ અનાવિર્ભૂત બ્રહ્મમાં અથવા શૂન્યમાં લીન બની જાઓ છો.

આ વાત સાચી છે, હકીકત તેવી જ છે.

જીવન જે પ્રકારનું હતું તેનાથી તેઓ ખૂબ અસંતુષ્ટ બની ગયા હતા; જીવન વધારે સારું બની શકે તેવી તેમને બહુ થોડી આશા હતી; એટલે તેમને

માટે આ એક આદર્શ-ઉકેલ હતો. હું તેને "છટકી જવાનું" કહું છુ; પણ છતાંય તે સહેલું નથી! પણ તેમને માટે તે એક આદર્શ-ઉકેલ હતો — પણ તે અમુક બિંદુ સુધી જ; કારણ કે તેનાથી પણ એક પગલું આગળ જવાનું બાકી હતું.

પણ તે એક હકીકત છે. જો માણસ વિશ્વમાં રહેવા માગતો હોય, તો તેણે પ્રગતિનો સિદ્ધાંત સ્વીકારવો જોઈએ, કારણ કે આ વિશ્વ પ્રગતિશીલ છે. જો તમે સ્થિર પરિપૂર્ણતાનો સાક્ષાત્કાર કરવા માગતા હો, તો તમે ચોક્કસ વિશ્વમાંથી બહાર ફેંકાઈ જવાના, કારણ કે તેની પ્રગતિશીલતાનો સિદ્ધાંત તમને માન્ય નથી.

તે તમારી પસંદગીની વાત છે, માત્ર શ્રી અરવિંદ જ ઘણી વાર કહેતા હતા કે જે લોકો સૃષ્ટિથી બહાર ચાલ્યા જવાનું પસંદ કરે છે, તેઓ ભૂલી જતા હોય છે કે પોતે કરેલી પસંદગી માટે પોતાની જાતને જે ચેતના વડે અભિનંદન આપી શકાય તે ચેતનાને જ તેઓ ગુમાવી બેસતા હોય છે! હા, તેઓ એ વાત ભૂલી જતા હોય છે.

*

વાર્તાલાપ — ૩૦

૨૫ જુલાઈ ૧૯૫૬

"એમ કહેવું જોઈએ કે દિવ્ય પ્રેમના અને ભક્તિના પરિપૂર્ણ કાર્યમાં ત્રણ ભાગો હોય છે, જે એક જ સમગ્રની અભિવ્યક્તિઓ છે — કાર્યમાં ભગવાનની વ્યવહારમય ભક્તિ; કોઈક દર્શનાને — સંશોધનાને — ભગવાન સાથેના સંબંધને અભિવ્યક્ત કરતા કાર્યના રૂપમાં ભક્તિનું પ્રતીક, હૃદયમાં તથા આત્મામાં ભગવાન સાથે એકતા માટે આંતર પૂજન અને ઉત્કટતા."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૫૨ — ૫૩)

આમાંના પહેલા બે ભાગો હું બરાબર સમજી શક્યો નથી.

સંપ્રદાયોમાં રૂપો હોય છે તેમ, કાર્યનું કેવળ શારીરિક રૂપ હોય છે; સમર્પણને અભિવ્યક્ત કરવા માટે અમુક ખાસ અભિનય, અમુક ગતિ હોય છે. તે કેવળ ભૌતિક હોય છે. દા. ત. અગરબત્તી કે ધૂપ પ્રગટાવવાં, નૈવેદ્ય ધરાવવાં, મંદિરની દેખભાળ કરવી, મૂર્તિને શણગાર ધરાવવા; સાચે જ આ બધાં કેવળ ભૌતિક કાર્યો છે.

બીજો ભાગ એ એક પ્રકારનું માનસિક સમર્પણ છે, જે કરાતા બાહ્ય કાર્યને પ્રતીક બનાવે છે. તેમાં માણસ માત્ર ધૂપ-અગરબત્તી સળગાવવાથી સંતોષ માનતો નથી. પણ ધૂપ-અગરબત્તી સળગાવતી વખતે આ કાર્યને તે પ્રતીકમય બનાવતો હોય છે, દા. ત. શરીરમાં પ્રજ્વલિત થતી અભીપ્સાનું પ્રતીક અથવા અગ્નિની વિશુદ્ધિમાં — વિલીનીકરણમાં આત્મ-સમર્પણનું પ્રતીક. અર્થાત્, પ્રથમ ક્રિયા, પછી તે ક્રિયામાં રહેલું પ્રતીક અને ક્રિયાની રૂપકમય સમજ.

અને છેવટે, આ બંનેની પીઠમાં, મિલન માટેની અભીપ્સા, જેમાં આ ક્રિયા અને તેનું પ્રતીક એક સાધન બની જાય છે, જેના વડે તમે ભગવાનની વધારે ને વધારે નજીક જાઓ છો અને તેમની સાથે એક-રૂપ બનવા માટે તમારી જાતને યોગ્ય બનાવો છો.

ક્રિયા પરિપૂર્ણ બને તે માટે આ ત્રણેય વસ્તુઓ હોવી જોઈએ. અર્થાત્

તેમાં કેવળ ભૌતિક, કેવળ માનસિક, અને કેવળ ચૈત્યિક — ચૈત્યિક અભીપ્સા, ત્રણેય હોવાં જોઈએ. જો બે સિવાય, તેમાંની એક જ વસ્તુ કરવામાં આવે, તો તે અપૂર્ણ છે. સચેતનતાપૂર્વક આ ત્રણેયને સંયુક્ત કરવાં એ બહુ વિરલ જોવામાં આવે છે. તે ત્રણેય સંયુક્ત થાય, તો અસાધારણ દિલની સચ્ચાઈવાળા અને સમર્પણવાળા માણસો પેદા થાય, સમગ્ર અસ્તિત્વના બધા ભાગો તે ક્રિયામાં ભાગીદાર બને.

(મૌન)

(માતાજી લેખિત પ્રશ્નોનું એક પેકેટ બતાવે છે.)

એક એવો સમય હતો, જ્યારે આપણને પ્રશ્નોની બાબતમાં મુશ્કેલી પડતી હતી; હવે આપણે બીજે છેડે પહોંચી ગયા છીએ! આપણી પાસે હવે એટલા બધા સવાલો આવ્યા છે કે જો તે બધાના જવાબો આપીએ, તો આપણે મધ્ય-રાત્રિ સુધી અહીં બેસી રહેવું પડે! એટલે મારે આ સવાલોમાંથી પસંદગી કરવી પડશે. એક સવાલ એટલો બધો સામાન્ય અને વ્યવહારુ છે, કે મને તે લેવો એ યોગ્ય લાગે છે.

મેં એ નોંધ્યું છે કે ઘણી વાર તમે હું જે કહું છું તેને ધ્યાનપૂર્વક સાંભળતા હોતા નથી — અને તે ત્યાં સુધી કે જે સવાલનો જવાબ મેં વીગતવાર આપ્યો હોય તેને જ કોઈક ફરી વાર પૂછતું હોય છે, જાણે કે મેં તે વિષે કાંઈ જ કહ્યું ન હોય! તે ઘટના સમજાવી શકાય તેવી છે; તમે તમારા પોતાના વિચારમાં જ કેદ પૂરાઈ ગયા હો છો. શાળામાં પણ તમને તેવી જ ટેવ પડી ગઈ હોય છે કે જ્યારે શિક્ષક કાંઈ પૂછતા હોય અથવા બીજા વિદ્યાર્થીઓ જવાબ આપતા હોય, ત્યારે જો તમે ધ્યાન-યુક્ત અને મહેનતુ હો, તો તમે તમારું જ લેસન ગોખતા હો છો; અને પરિણામે વર્ગમાં બીજાઓને કારણે તમને જે લાભ મળવો જોઈએ તેનો પોણો ભાગ તમે ગુમાવી બેસતા હો છો. અહીં તે પ્રકારની ટેવ વધારે ગંભીર છે, કારણ કે હું કદી વ્યક્તિગત — અંગત જવાબ આપતી હોતી નથી, હું એવા જવાબ આપું છું કે જેમનાથી દરેક જણને લાભ થાય. જો તે વખતે ધ્યાનપૂર્વક સાંભળવાને બદલે, તમે તમારા મસ્તિષ્કમાં જે ચાલી રહ્યું હોય તેનો જ વિચાર કર્યા કરો, તો સ્પષ્ટ છે કે કાંઈક શીખવાની તક તમે ગુમાવી દો છો. તે પહેલો મુદ્દો છે. જો તમે અહીં હો, તો પ્રથમ ધ્યાનપૂર્વક સાંભળો, બીજા કશાનો વિચાર ન કરો. પણ આટલું જ બસ નથી, તે તો માત્ર શરૂઆત છે. સાંભળવાનો એક

સારો પ્રકાર છે. અને સાંભળવાના ઘણા ખરાબ પ્રકારો પણ છે.

મને ખબર નથી કે તમારામાંનો કોઈક સંગીતનો એટલો બધો રસ ધરાવે છે કે સંગીત કેમ સાંભળવું એ તે જાણતો હોય. જો તમારે સંગીત ધ્યાનપૂર્વક સાંભળવું હોય, તો તમારે તમારા મસ્તિષ્કમાં સંપૂર્ણ શાંતિ સ્થાપવી જોઈએ, બીજા કોઈ પણ વિચારને મગજમાં ન આવવા દેવો જોઈએ અને આવે તેને ન અનુસરવો જોઈએ, અને એટલા બધા એકાગ્ર થઈ જવું જોઈએ કે જાણે તમે એક પડદો ન હો, જે જરા પણ ગતિ કે અવાજ સિવાય સંગીતને સાંભળે છે. સંગીત સાંભળવાનો અને સમજવાનો તે જ એક માર્ગ છે, બીજો કોઈ નહિ. જો તમે તમારા વિચારની થોડીક પણ ગતિઓને અથવા કલ્પનાઓને મસ્તિષ્કમાં દાખલ થવા દો, તો સંગીતનું સમગ્ર મૂલ્ય તમે ગુમાવી દો છો.

જે બોધ સામાન્ય ભૌતિક પ્રકારનો નથી, પણ અંદરની કોઈક વધારે ઊંડી વસ્તુ પ્રત્યે જેમાં ખુલ્લા થવાનું હોય છે, તેમાં મનની જરૂરિયાત સંગીત કરતાં પણ વધારે છે. તમને જે કહેવામાં આવે છે તેને ધ્યાનપૂર્વક સાંભળવાને બદલે, જો તમે બીજો પ્રશ્ન પૂછવા માટે કોઈ બીજા વિચાર પર કૂદી પડો, અથવા વધારે સારી રીતે સમજવાનું બહાનું કાઢીને જે કહેવામાં આવે છે તેની ચર્ચા કરવા માટે બીજા વિચાર પર કૂદી પડો, તો તમને જે કહેવામાં આવે છે તે વસ્તુ, ધુમાડાની પેઠે, કશી જ અસર પેદા કર્યા સિવાય પસાર થઈ જાય છે.

તે જ રીતે, જ્યારે તમને કોઈ અનુભૂતિ થાય, ત્યારે અનુભૂતિ થતી હોય તે સમય દરમિયાન તમારે તેનો અર્થ સમજવાની કોશિશ ન કરવી જોઈએ, કારણ કે તેમ કરવાથી અનુભૂતિ તરત અદૃશ્ય થઈ જાય છે, અથવા તમે તેને વિકૃત કરી નાખો છો અને તેની વિશુદ્ધિ દૂર કરી દો છો. તે જ રીતે, જો તમે આધ્યાત્મિક ઉપદેશ તમારામાં પ્રવેશે એમ ઇચ્છતા હો, તો તમારે તમારા મસ્તિષ્કમાં દર્પણની પેઠે તદ્દન સ્થિર બની જવું જોઈએ — જે દર્પણ પ્રકાશના કિરણને પ્રતિબિંબિત કરે છે એટલું જ નહિ, પણ તેને પોતામાં સમાવી દે છે. તમે પણ તે ઉપદેશને તમારામાં પ્રવેશીને ઊંડે જવા દો, જેથી તમારી ચેતનાનાં ઊંડાણોમાંથી કોઈક દિવસ તે જ્ઞાનરૂપે બહાર પ્રગટે.

જો તમે તેમ નહિ કરો, તો તમે તમારો સમય બગાડી રહ્યા છો અને વળી વધારામાં મારો સમય પણ બગાડી રહ્યા છો. આ સિદ્ધ હકીકત છે. મેં ધાર્યું હતું કે આ વાત મેં તમને ઘણી વાર કહી છે, પણ કદાચ તે પૂરી સ્પષ્ટતાપૂર્વક નહિ કહેવાઈ હોય. જો તમે અહીં આવો, તો મૌનપૂર્વક ધ્યાનથી સાંભળવાનો ઇરાદો રાખીને આવો. શું બનશે તે તમને પાછળથી ખબર પડશે, આ મૌનયુક્ત

વલણની અસર તમને પાછળથી સમજાશે; પણ અત્યારે તો આવા બનવાની જરૂર છે (અભિનય); શાન્ત, સ્થિર, ધ્યાનયુક્ત. અને એકાગ્ર બનવાની જરૂર છે.

બસ, એટલું જ.

બીજો પ્રશ્ન, સાપેક્ષ રીતે જોતાં તદ્દન બાહ્ય પ્રકારનો પણ છે. પણ તે તદ્દન અનિવાર્ય લાગે છે, કારણ કે તે આપણી રમત-ગમતની કેળવણી સાથે, અને અહીં આપણે જે પ્રવૃત્તિને અપનાવી છે તેના માનસ-શાસ્ત્રીય પાયા સાથે સંબંધ ધરાવે છે, આ વસ્તુઓ વિષે શ્રી અરવિંદે લખ્યું છે. મેં પણ તેમને વિષે ઘણી વાર લખ્યું છે, તમને સમજાવ્યું છે. પણ મને કહેતાં દુઃખ થાય છે કે તે તમારી ચેતનામાં પ્રવેશ્યું નથી.

તમે જે અનુભવી રહ્યા છો અને કરી રહ્યા છો તેની સાથે હું ઝઘડો કરવા નથી માગતી; પણ હું ઇચ્છું છું કે અહીં વસ્તુઓ જે રીતે કરાય છે તે કમથી કમ તમે સમજો; પાછા પડવાના આવેગમાં તમારી જાતને ન મૂકી દો; બીજે બધે આમ જ કરાય છે તે બહાના હેઠળ, તમારાં માતા-પિતા, પિતા-મહ-પિતામહીઓ, પ્રપિતામહો-પ્રપિતામહીઓ, તમારા મિત્રોના પૂર્વજો, તમે આ વસ્તુઓ આમ જ કરો એમ ઇચ્છે છે તે બહાના હેઠળ, તેમને કરવાનો આ સામાન્ય અને સ્વાભાવિક પ્રકાર છે એમ માનીને, તે વસ્તુઓ જૂની ચીલા-ચાલુ પદ્ધતિથી ન કર્યા કરો.

પ્રકૃતિએ માનવ-જાતિનું સર્જન ખાસ હેતુ માટે અને ખાસ લક્ષ્યો માટે કર્યું છે; પોતાના હેતુઓ સિદ્ધ કરવા માટે પ્રકૃતિએ પ્રાણીઓને સર્જ્યાં છે, તેમને ખાસ ટેવો અને ખાસ કાર્યો આપ્યાં છે — એ હકીકત સાથે હું કજિયો કરવા નથી માગતી. એટલે જો તમે "સ્વાભાવિક" વસ્તુઓ વિષે વાત કરો, તો હું તે "સ્વાભાવિક" નથી એમ ન કહી શકું, કારણ કે તે પ્રકૃતિની રીત છે. પણ છતાંય હું માનું છું કે મેં તમને અનેક વાર કહ્યું છે — શ્રી અરવિંદે પણ આ અનેક વાર લખ્યું છે કે આપણે અહીં બીજે જે કાંઈ થઈ રહ્યું છે તે ચાલુ રાખવા, ફરી શરૂ કરવા નથી માગતા. ખાસ કરીને કેળવણીમાં આપણે એ હકીકતને એક સઘન રૂપ આપ્યું છે. કોઈને પણ નાખુશ કર્યા વગર મારે કહેવું જોઈએ કે ઘણું જીવન જોયા પછી, જેમનો ભૂતકાળ બહુ ભારે હતો એવા જે લોકો અહીં આવ્યા છે, તેમને તરત જ પોતાનું વલણ બદલવાનું અને દૃષ્ટિબિન્દુમાં પરિવર્તન કરવાનું કઠિન લાગે. પણ જો તમે સામાન્ય કેળવણીથી હજી સુધી બહુ નહિ બગડી ગયેલાં, નાનાં બાળકોને લો, કુટુંબના વિચારોથી — આનુવંશિકતાથી બહુ નહિ

બગડી ગયેલાં બાળકોને લો — જોકે મોટે ભાગે તો તે હમેશાં બગડી જતાં જ હોય છે — તો તેમની ચેતનાને સાચે માર્ગે વાળવાની અને સઘન, દેખી શકાય તેવાં પરિણામો પ્રાપ્ત કરવાની તમને તક મળી છે.

સાચું કહું તો, આપણે કોઈ પણ બાબતની ફરિયાદ કરવાની નથી, કારણ કે આપણને એવી બળવાન સાબિતીઓ મળી છે કે જો માણસને તે કેમ કરવું તે આવડે, તો આપણે જેનો દાવો કરીએ છીએ તે વસ્તુઓ શક્ય છે.

આપણો એવો દાવો છે કે સમાન સ્થિતિઓમાં, તે જ કેળવણી અને તે જ શક્યતાઓમાં પુરુષો તથા સ્ત્રીઓ વચ્ચે કોઈ આખરી, અનિવાર્ય, આગ્રહપૂર્વક ભેદ પાડવાની જરૂર નથી. આપણે માટે, સર્વ માનવ પ્રાણીઓ એક જ આત્માની અભિવ્યક્તિ છે. મેં શરૂઆતમાં કહ્યું હતું તેમ, પ્રકૃતિએ પોતાની જરૂરિયાતો સંતોષવા માટે તથા પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે પોતાની અભિવ્યક્તિઓમાં ભેદ સર્જ્યો છે. પણ જો આપણી જરૂરિયાત અને હેતુઓ બીજા પ્રકારના હોય, અને જો આપણે પ્રકૃતિના શારીરિક હેતુઓને આખરી ન માનતા હોઈએ, તો આપણે બીજી રેખામાં ચેતનાનો વિકાસ કરવાનો પ્રયત્ન કરી શકીએ.

કમ-નસીબે, આપણે એક વસ્તુને જોઈ છે. વર્ષો પસાર થતાં, જ્યારે નાની છોકરીઓ મોટી થાય છે, ત્યારે આપણને ઓચિંતું નજરે પડે છે કે પોતે છોકરીઓ છે તે વસ્તુને યાદ રાખવાની તેઓ શરૂઆત કરતી હોય છે, તેમને એમ લાગવા માંડે છે કે અમારે સુંદર બનવું જોઈએ, અમારે બીજાઓને ખુશ કરવા જોઈએ, અમારે ખાસ પ્રકારની વેશ-ભૂષા ધારણ કરવી જોઈએ, ધ્યાન ખેંચવા માટે થોડાક દેખાડા કરવા જોઈએ; અને પરિણામે આપણા કાર્યનું સઘળું પરિણામ ભાંગી પડે છે.

આને કેટલાક અપવાદો હોય છે. કેટલીક છોકરીઓ સમજવાનો અને તે સમજ પ્રમાણે વર્તવાનો પ્રયાસ કરે છે. પણ તે પ્રકારની છોકરીઓમાં પણ થોડોક એવો અસંતોષ રહી ગયેલો હોય છે કે અમે તદ્દન બીજી છોકરીઓ જેવી તો નથી, બીજી છોકરીઓ ન કરી શકે તે કરવા અમે સમર્થ નથી; અને આમ કરવા માટે તેમને પોતાની જાતની સરખામણી બીજી છોકરીઓ સાથે કરવી પડે છે!

મેં તેટલા જ માટે તમને જે હમણાં કહ્યું તે કહ્યું છે. તમારામાંના એક જણના પ્રશ્ને તે બીજા પ્રશ્નને ઊભો કર્યો છે. હું આશા રાખું છું કે જો હું ફરી એક વાર વીગતપૂર્વક, આ હકીકત પર ભાર મૂકીને, તે વાત સમજાવીશ, તો કદાચ આપણે નવી શરૂઆત કરીને કોઈક વધારે પરિપૂર્ણ અને સ્પષ્ટ વસ્તુ સિદ્ધ કરી

શકીશું.

આપણે તદ્દન પાર્થિવ વસ્તુઓ પર નીચે આવીએ છીએઃ કોઈક વ્યાયામની કસરતોમાં ખૂબ સફળ બનીને એક હરીફાઈમાં પ્રથમ નંબરે આવ્યું છે. તે વ્યક્તિ એક છોકરી છે. સફળતાથી તેને સંતોષ થયો, બીજાઓ કરતાં વધારે સારું કામ કરી બતાવવા બદલ તેને સંતોષ થયો. તે મને પૂછવા આવી કે

સ્ત્રીઓનાં, છોકરીઓનાં રેકોર્ડ કેમ જાહેર કરવામાં નથી આવતાં?

મેં અનેક વાર કહ્યું છે કે અહીં છોકરાઓનાં અને છોકરીઓનાં રેકોર્ડ રખાતાં નથી; અહીં તો માત્ર જૂથોનાં રેકોર્ડ રખાય છે. અહીં જૂથ છે — અનેક લીલાં જૂથો છે — રાતું જૂથ છે, વાદળી જૂથ છે, ભૂરું જૂથ છે, ખાખી જૂથ છે, ધોળું જૂથ છે. તમે મને કહેશો કે આમાંનાં કેટલાંક જૂથો કેવળ પુરુષોનાં અથવા કેવળ સ્ત્રીઓનાં છે. હું જવાબ આપીશ કે અહીં બહુ તરુણ અવસ્થામાં માણસ ન આવે તો તેની ટેવોમાં ફેરફાર કરવો એ કઠિન હોય છે, અને તેથી આ ભેદ રાખવો જરૂરી બન્યો છે; પણ તે આદર્શ સ્થિતિ નથી. અને જો અમે દબદબાપૂર્વક જાહેર કરવાની ટેવ રાખીએ કે આ ખૂબ નોંધપાત્ર છોકરીએ એવું કરી બતાવ્યું છે કે જે હજી સુધી કોઈ છોકરી કરી બતાવી શકી ન હતી તો એ તે ખૂબ મોટું પતન થયું ગણાય. એવી જાહેરાતથી તે વ્યક્તિના મિથ્યાભિમાનને પ્રોત્સાહન મળે છે એટલું જ નહિ, પણ તે કથનમાં એ આભાસ પણ આવી જાય છે કે આ છોકરી છે એટલે આ હકીકત નોંધપાત્ર બની જાય છે. તે છોકરી છે — એ જરાય નોંધપાત્ર હકીકત નથી; તેણે સારો દેખાવ કર્યો અને બીજા છોકરાઓએ નહિ — એ વાત નોંધપાત્ર છે, પણ એટલો સારો દેખાવ નહિ કરનાર છોકરીઓ સાથે તે છોકરીની સરખામણી કરીને તેને મહત્ત્વ આપવામાં આવે, તો તે શોચનીય છે.

એટલે આ પ્રશ્ન મારી પાસે લાવવામાં આવ્યો હતો. મને લાગે છે કે મેં તે વ્યક્તિને પણ આ જ જવાબ આપ્યો હતો કે અહીં જાતિઓનાં રેકોર્ડ રાખવામાં નથી આવતાં, પણ માત્ર જૂથોનાં રેકોર્ડ રાખવામાં આવે છે.

પણ એટલેથી પતી જતું નથી. મને એમ કહેવામાં આવ્યું છે કે બહારથી, બહારના જગતના વિચારો સાથે, આવતા માણસો પાસેથી સેંકડો વાર આ પ્રશ્ન પૂછાય છે કે

"તમે છોકરાઓ તથા છોકરીઓ માટે શારીરિક કેળવણીમાં એક જ કાર્યક્રમ કેમ રાખો છો?"

કેટલાક લોકોને તે બદનામી લાગે છે, બીજાઓને તે, શારીરિક અને ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં, મોટી ભૂલ લાગે છે. તેઓ કહેતા હોય છે કે છોકરાઓ કરતાં છોકરીઓ માટે ખાસ, જુદા પ્રકારની શારીરિક કેળવણીની વ્યવસ્થા સર્વત્ર કરાય છે, તો તમે અહીં તેવી વ્યવસ્થા કેમ રાખતા નથી?

આહ! તમારો આભાર માનીએ છીએ. તો પછી અમારે આશ્રમની જ શી જરૂર હતી? કેળવણીના કેન્દ્રની શી જરૂર હતી? જો બધે એક જ પ્રકારની વસ્તુ કરવામાં આવતી હોય, તો અમારે તેનું પુનરાવર્તન કરવું નથી; તેમ કરવાથી અમે બીજાઓ કરતાં તે વધારે સારી રીતે નહિ કરી શકીએ.

જ્યારે તે લોકો આ દલીલ મારી સામે કરતા હોય છે, ત્યારે મને તે વાત કરતાં વધારે મૂર્ખાઈ-ભરેલી બીજી કોઈ વાત લાગતી નથી. તે બધું જ કરાય છે? તે જ કારણે અહીં તેમ નથી કરાતું. જો બીજાઓ કરે છે તેમ જ અમારે કરવાનું હોય, તો પછી કશું જ કરવાની નકામી માથાકૂટ શા માટે? અમે જગતમાં બરાબર તે જ વસ્તુ દાખલ કરવા માગીએ છીએ, જે જગતમાં નથી. પણ જો અમે જગતની બધી જ ટેવો, બધી જ પસંદગીઓ, બધી જ રચનાઓ ચાલુ રાખીએ, તો તે ચીલાચાલુ માર્ગમાંથી બહાર આવીને આપણે કોઈક નવીન વસ્તુ કેવી રીતે કરી શકવાના હતા?

હે મારાં બાળકો, મેં તમને અનેક વાર, દરેક પ્રકારના અવાજમાં, કહ્યું છે કે જો તમારે તમારા અહીંના વસવાટનો લાભ ઉઠાવવો હોય, તે કોઈક ઉચ્ચતર, ગહનતર, વધારે વિશાળ, વધારે સત્ય, જે હજી સુધી નથી, પણ જે એક દિવસ આવવાનું છે તેના પાયા પર પ્રતિષ્ઠિત થયેલી નવીન દર્શના અને સમજ વડે વસ્તુઓને જોવાનો અને સમજવાનો પ્રયત્ન કરો. અમે તે ભાવિનું નિર્માણ કરવા માગીએ છીએ, અને તેથી અમે આ ખાસ વલણ અપનાવ્યું છે.

હું તમને કહું છું કે આપણી સ્થિતિની સત્યતા — સાચાપણા માટે આપણી પાસે તદ્દન ભૌતિક પુરાવા છે, પણ તે ચિર-સ્થાયી નથી. શા માટે? કારણ કે સામાન્ય ચેતનામાં પાછા સરી પડવું એ બહુ જ સહેલું છે, અને નીસરણીની ટોચ પર હમેશાં ઊભા રહીને ત્યાંથી જગતને જોવા પ્રયત્ન કરવો એ સૌથી વધારે કઠિન છે.

આપણે પ્રકૃતિની આજ્ઞાઓનું પાલન કરવા માગતા નથી — પછી ભલે તે

આજ્ઞાઓની પીઠમાં લાખો વર્ષોની ટેવો હોય. એક વાત નિશ્ચિત છે કે પરિવર્તન કરતી વસ્તુઓની વિરુદ્ધ ઊભેલી પ્રકૃતિની એ દલીલ હોય છે કે હમેશાં આમ જ બનતું હોય છે. હું દાવો કરું છું કે તે દલીલ સાચી નથી. પ્રકૃતિને ગમે કે ન ગમે, પણ વસ્તુઓ બદલાતી હોય છે, અને એક દિવસ એવો આવશે કે જ્યારે એમ કહેવાશે કે હા, એક સમય એવો હતો કે જ્યારે વસ્તુઓ આમ હતી, પણ હવે સ્થિતિ પલટાઈ ગઈ છે.

ઠીક, પણ થોડાક વખત માટે — જે હજી શ્રદ્ધાની અને વિશ્વાસની વાત છે — કબૂલ રાખો કે આપણે હકીકતમાં આ પરિવર્તન લાવી રહ્યા છીએ, આપણે એવા એક બિંદુ પર આવી પહોંચ્યા છીએ, જ્યાં વસ્તુઓ વળાંક લઈ રહી છે — નવો વળાંક લઈ રહી છે. તમારી પાસે માત્ર થોડીક શ્રદ્ધાની અને થોડાક વિશ્વાસની માગણી કરવામાં આવે છે અને તેના વડે તમે દોરવાઓ એવી માગણી કરવામાં આવે છે. નહિ તો, તમે અહીં હોવાનો લાભ ગુમાવી બેસશો; બસ એટલું જ; પછી તમે જેમને બહાર જીવનમાં જુઓ છો તે જ ટેવો અને નબળાઈઓ સાથે, તમે અહીંથી પાછા જશો. તમે એ સ્થિતિમાં છો.

તમને લાગ્યું હશે કે હું જરાક કડક છું, કઠોર છું; મને સંતોષ આપવો તે સહેલું નથી! તેથી તમે તમારા વાળમાં સુંદર, નાની, પીળી રિબનો બાંધો છો અને પીઠ પર લટકતા છૂટા અંબોડા — કેશ રાખો છો. હું જરાક કઠોર બનીને કહીશ કે તમે હાસ્યાસ્પદ દેખાઓ છો! તમે તમારી જાતને સંદર માનો છો, પણ આ સાચે જ તમને હાસ્યાસ્પદ બનાવી દે છે. જગતમાં છોકરીઓ કરતી હોય છે તેમ, જો તમે તમારી જાતને સુંદર — સુઘડ બનાવીને જગતમાં જવા માગતી હો, બીજાઓને ખુશ કરવા માટે દેખાડા કરવા માગતી હો — કારણ કે તે જ તમારું સંરક્ષણ અને એકમાત્ર હથિયાર છે — , બીજાઓને ખુશ કરવા અને આકર્ષવા માગતી હો, સુંદર — આકર્ષક બનવા માગતી હો, તો તેમ કરવા માટે તમે તદ્દન સ્વતંત્ર છો; તેની સાથે મારે કાંઈ લાગતું-વળગતું નથી. પણ અહીં — આશ્રમમાં તે બધું કરવું એ હાસ્યાસ્પદ છે. તેથી તમે તમારી જાતને એકદમ અ-સુંદર સ્તર પર નીચે લાવી દો છો.

પુરુષોની હાજરીમાં તમને આ બધું કહેવા માટે તમે મને દોષ દેશો; એ સ્વાભાવિક છે. પણ આ કટાક્ષમાં પુરુષોનો પણ સમાવેશ કરું છું, કારણ કે જે રીતે તે સામાન્ય રીતે વિચારે છે એમ ન વિચારતો હોત, સામાન્યપણે જે રીતે તે લાગણી અનુભવે છે તે ન અનુભવતો હોત, સામાન્ય રીતે તે જેમ વર્તે છે તેમ ન વર્તતો હોત, તો તમે ક્યારનાય આ બાલિશ નાનકડા દેખાડા કંટાળીને ત્યજી

દીધા હોત. એ આપણી સ્થિતિ છે.

મારે જે તમને કહેવું હતું તે મેં કહી દીધું છે. મને લાગે છે કે આજને માટે આટલું પૂરતું છે, નહિ વારુ? તમને બરાબરનો આઘાત મળી ચૂક્યો છે!

આ વાર્તાલાપની સાથે અમે માતાજીની "સ્ત્રીઓને — તેમના શરીર વિષે" (To Women About Their body) પુસ્તિકામાંથી થોડાંક અવતરણો પ્રસિદ્ધ કરીએ છીએ. આ સ્ત્રીઓ માટે શારીરિક રમત-ગમતોની કેળવણી પરના પ્રશ્નોના જવાબ છે. પુસ્તિકા નીચેની પંક્તિઓથી શરૂ થાય છેઃ

ભગવાનની ખાતર, તમે છોકરી છો કે છોકરો — એ ભૂલી જઈને માત્ર માનવ પ્રાણી જ બનવાનો પ્રયત્ન ન કરી શકો?

શારીરિક કેળવણીના દૃષ્ટિબિંદુથી, છોકરી માટે કયો આદર્શ છે?

છોકરીઓ માટે શારીરિક કેળવણીની બાબતમાં એક ખાસ આદર્શ હોય અને છોકરાઓ માટે ભિન્ન આદર્શ હોય, તેવું શા માટે? મને તે સમજાતું નથી.

શારીરિક કેળવણીનું લક્ષ્ય માનવ-શરીરની બધી શક્યતાઓનો વિકાસ કરવાનું છે — સંવાદિતાની, બળની, ચપળતાની, ચાતુરીની, સહિષ્ણુતાની શક્યતાઓ —, શરીરનાં, અંગોની કામગીરી પર પ્રભુત્વ વધારવાનું છે, શરીરને સચેતન સંકલ્પની સેવામાં પરિપૂર્ણ સાધન-કરણ બનાવવાનું છે. આ કાર્યક્રમ બધાં માનવ — પ્રાણીઓ માટે એક સરખો સુંદર છે. છોકરીઓ માટે બીજા કાર્યક્રમની જરૂર નથી.

નવીન જીવનમાં પુરૂષ અને સ્ત્રી શો ભાગ ભજવશે? તેમની વચ્ચે કયા પ્રકારનો સંબંધ હશે?

પુરુષ અને સ્ત્રી વચ્ચે ભેદ શા માટે પાડો છો? તે બંને માનવ-પ્રાણીઓ છે, જે ભગવાનના કાર્ય માટે યોગ્ય કરણો બનવા પ્રયત્ન કરે છે. તેમાં જાતીયતાના, વર્ણના, સંપ્રદાયના, રાષ્ટ્રીયતાના પ્રશ્નો નથી; તે પ્રશ્નોથી તે પર છે. તે બધાં જ એક જ અનંત માતાજીનાં સંતાનો છે, એક જ સનાતન ભગવાનના અભીપ્સુઓ છે.

સ્ત્રી માટે શારીરિક સૌંદર્યનો આદર્શ કયો છે?

સપ્રમાણ અંગોની પરિપૂર્ણ સંવાદિતા, ચપળતા, બળ, સુકુમારતા, શક્તિ, સ્થિતિસ્થાપકતા, સહિષ્ણુતા, અને સૌથી શ્રેષ્ઠ વસ્તુ — સુંદર આરોગ્ય — સતત, અપરિવર્તનશીલ આરોગ્ય, જે વિશુદ્ધ આત્માનું, જીવનમાં આનંદ-પૂર્ણ વિશ્વાસનું, અને ભગવાનની કૃપામાં અડગ શ્રદ્ધાનું પરિણામ છે.

તે પુસ્તિકાનો અંત નીચેના શબ્દોથી આવે છે :

અંતમાં એક વધારે શબ્દ :

મેં તમને આ વસ્તુઓ કહી છે, કારણ કે તેમને સાંભળવાની તમને જરૂર હતી. પણ તેમાંથી એક કટ્ટર સિદ્ધાંત ન ઉપજાવી કાઢશો, કારણ કે તે તેમના સર્વ સત્યને દૂર કરી દેશે.

*

વાર્તાલાપ — ૩૧

૧ ઑગસ્ટ ૧૯૫૬

મધુર માતાજી, કાલી-માતાની કરાતી પૂજામાં કશું આધ્યાત્મિક મૂલ્ય છે?

તેનો આધાર પૂજા કરનાર પર રહે છે.

આધ્યાત્મિક મૂલ્ય માટે તે મહત્વનું નથી. યોગની સમગ્રતા અને પરિપૂર્ણ સત્ય માટે, પોતાની અભીપ્સાને એક યા બીજા રૂપમાં સીમિત ન કરવી તે મહત્ત્વનું છે. પણ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં, પૂજાનો વિષય ગમે તે હોય, પણ જો ગતિ પરિપૂર્ણ રીતે સાચા દિલની હોય, જો આત્મ-સમર્પણ સમગ્ર અને પરિપૂર્ણ હોય, તો આધ્યાત્મિક પરિણામ એક જ આવે છે. કારણ કે તમે પૂજા માટે ગમે તે વિષય લો, તેની દ્વારા — અથવા તે હોવા છતાં — તમારા સમર્પણની દિલની સચ્ચાઈની માત્રામાં, તમે હમેશાં એક જ પરમ વાસ્તવિકતાને પ્રાપ્ત કરો છો.

તેથી હમેશાં એમ કહેવામાં આવે છે કે તમે ભગવાનની ગમે તે બાજુની પૂજા કરો, ગમે તે માર્ગ-દર્શક પસંદ કરો, પણ જો તમારું આત્મ-સમર્પણ પરિપૂર્ણ અને તદ્દન સાચા દિલનું હશે, તો તમે ચોક્કસ આધ્યાત્મિક લક્ષ્યને પ્રાપ્ત કરવાના.

પણ જ્યારે તમે પૂર્ણયોગ સિદ્ધ કરવા માગતા હો, ત્યારે પરિણામ તે જ નથી હોતું. તેમાં તમારે કોઈ પણ પ્રકારે તમારી જાતને સીમિત ન કરવી જોઈએ — તમારા સમર્પણના માર્ગમાં પણ. એ બે વસ્તુઓ તદ્દન ભિન્ન-ભિન્ન છે.

જે રીતે આધ્યાત્મિક સાક્ષાત્કારને પહેલાં સમજવામાં આવતો હતો. અને અત્યારે પણ જે રીતે સામાન્ય રીતે સમજવામાં આવે છે તે રીતે, એક યા બીજી રીતે, તમારામાં અથવા એક યા બીજા રૂપ દ્વારા, ભગવાન સાથે મિલન છે; તે તમારા અસ્તિત્વનું પરમ સાથે — કેવલ સાથે ઐક્ય છે; આ વિલીનીકરણમાં તમારી વ્યક્તિતા લગભગ અદૃશ્ય થઈ જતી હોય છે.[૧] તેનો આધાર કેવલ

૧. પાછળથી એક શિષ્યે શ્રી માતાજીને પૂછ્યું હતું કે "આપે 'લગભગ' શબ્દ કેમ વાપર્યો? શું વ્યક્તિતા પરિપૂર્ણ રીતે અદૃશ્ય નથી થઈ જતી?" શ્રી માતાજીએ તેનો જવાબ આપ્યો હતો. 'ક્યાંક, હું ધારું છું કે 'ધ સિન્થેસિસ ઑફ યોગ'માં શ્રી અરવિંદ એવું સૂચન કરે છે કે જે

તમારા આત્મ-સમર્પણની દિલની સચ્ચાઈ પર અને સમગ્રતા પર છે, તમે જેને સમર્પણ કરવા માગો છો તે દેવ કે દેવી પર એટલો બધો નહિ. કારણ કે તમારી અભીપ્સાની, દિલની સચ્ચાઈ જ તમને બધી મર્યાદાઓથી પાર લઈ જાય છે અને પરમાત્માનાં દર્શન — તેમની પ્રાપ્તિ કરાવે છે, કારણ કે ભગવાન તમારામાં પોતામાં જ છે.

ભલે તમે પરમાત્માને બહાર શોધો કે અંદર, કોઈ રૂપમાં શોધો કે અરૂપમાં, પણ જો તમારી અભીપ્સા પૂરતી સાચા દિલની હશે અને તમારો નિશ્ચય પૂરતો સાચા દિલનો હશે, તે તમે ચોક્કસ લક્ષ્ય-પ્રાપ્તિ કરવાના.

પણ જો તમે શ્રી અરવિંદ જેને વિષે વાત કરે છે તે પૂરક ગતિ કરવા માગતા હો, અર્થાત્ તમારામાં એકતા પ્રાપ્ત કર્યા પછી તમારી બાહ્ય ચેતનામાં અને જગતમાં પાછા આવવા માગતા હો અને આ બાહ્ય ચેતનાનું અને જગતનું રૂપાંતર કરવા માગતા હો, તો તમે કોઈ પણ રીતે તમારી જાતને સીમિત ન કરી શકો, કારણ કે નહિ તો તમે તમારું કાર્ય સિદ્ધ નહીં કરી શકો.

તાત્ત્વિક રીતે, તમારે સર્વ રૂપોમાં, સર્વ બાજુઓમાં, ભગવાનને પ્રાપ્ત કરવા માટે વપરાતી બધી રીતોમાં ભગવાન સાથે એકતા પ્રાપ્ત કરવા સમર્થ બનવું જોઈએ. અને તેનાથી પણ આગળ જઈને તમારે એક નવીન માર્ગ શોધી કાઢવો જોઈએ.

એટલે ખૂબ મહત્ત્વનો, પ્રથમ મુદ્દો, જે તમારા વિચારમાં સ્પષ્ટ હોવો જોઈએ, તે એ છે કે તમારે પૂર્ણયોગને બીજા આધ્યાત્મિક સાક્ષાત્કારો સાથે ગૂંચવી ન નાખવો જોઈએ, કે જે સાક્ષાત્કારો ઘણા ઉચ્ચ હોય, પણ ખૂબ મર્યાદિત ક્ષેત્રને આવરી લેતા હોય, કારણ કે તેમની ગતિ માત્ર ઊંડાણમાં જ છે,

તમારી અભીપ્સા વડે તમે એક છિદ્ર પાડી શકો અને ગમે તે વસ્તુ દ્વારા ઊંડાણમાં ગતિ કરી શકો. બધો આધાર તમારી અભીપ્સાની દિલની સચ્ચાઈ

લોકો પરમ તત્ત્વમાં વિલીન થઈ જવા માગે છે, તેઓ તેમ કરી શકતા હોતા નથી, કારણ કે પરમાત્માની ઇચ્છા બીજી છે. પણ ચોખ્ખું કહ્યા સિવાય શ્રી અરવિંદ એમ કહે છે કે તે માત્ર પસાર થતી ભ્રાન્તિ છે. તેમાં વિચાર એ રહેલો છે કે સત્ અને અસત્થી પર, સમગ્ર શિખર અવશ્ય પોતામાં એક તાત્ત્વિક રૂપનો — વ્યક્તિત્વનો સમાવેશ કરે છે, જે એક પરમાત્માનો વિરોધ નથી કરતું — તેનાથી ભિન્ન પણ નથી હોતું, પણ જે કોઈ પણ વિયોગ સિવાય એક બ્રહ્મમાં સમાઈ જતું હોય છે. પણ આપણે જે શબ્દો વાપરી શકીએ છીએ, તેમનો ઝાઝો અર્થ હોતો નથી! પરિણામે, માણસને બાલિશ સમજૂતી આપવી પડતી હોય છે. તેથી મેં 'લગભગ' શબ્દનો ઉપયોગ કર્યો હતો'.

પર અને ઉત્કટતા પર છે, અર્થાત્ તમારું આત્મસમર્પણ કેટલું પરિપૂર્ણ, સમગ્ર અને પરમ છે — તેના પર છે. પણ તમે જે રૂપની પસંદગી કરી છે તેના પર તેનો આધાર નથી, કારણ કે અવશ્ય તમારે તેની પીઠમાં શું છે તે શોધી કાઢવા તે રૂપની પાર જવું પડશે.

પણ જો તમે તમારા સ્વભાવનું અને અસ્તિત્વનું રૂપાંતર કરવા માગતા હશો અને નવીન જગતના સર્જનમાં ભાગીદાર બનવા માગતા હશો, તો આ અભીપ્સા — આ તીક્ષ્ણ અને એક રેખામાં ગતિ કરતું બિંદુ પર્યાપ્ત નથી. સાધકે પોતાની ચેતનામાં બધાનો સમાવેશ કરવાનો રહેશે.

સ્વભાવિક રીતે તે ઘણું કઠિન છે.

માતાજી, "માનવ પ્રકૃતિમાં આ દિવ્ય તત્ત્વ" શું છે, જે હમેશાં પોતાના આધ્યાત્મિક સંતોષની પરિપૂર્ણતા માટે પ્રતીકોની માંગ કરતું હોય છે?

શું?

જે રૂપની, રૂપમાં અભિવ્યક્તિની માંગ કરતું હોય છે.

ઓહ, આજે હમણાં જ જે મેં વાંચ્યું તેમાં તે વાત આવી જાય છે.[૧]

૧. "દરેક સંપ્રદાયમાં પ્રતીક, અર્થયુક્ત વિધિ, અથવા અભિવ્યંજક આકૃતિ એ માત્ર સંચાલક અને સમૃદ્ધિપ્રદ કલામય તત્ત્વ જ નથી, પણ એક ભૌતિક સાધન છે, જેના વડે માનવ-પ્રાણી પોતાના હૃદયની લાગણીને તથા અભીપ્સાને બાહ્ય રીતે નિશ્ચિત બનાવવાનો પ્રારંભ કરે છે, તેને સુસ્થિર બનાવવાનો અને સક્રિય બનાવવાનો પ્રારંભ કરે છે. જો આધ્યાત્મિક અભીપ્સા સિવાય ભક્તિ અર્થશૂન્ય અને નિષ્ફળ હોય, તો ક્રિયા અને રૂપ વગરની અભીપ્સા પણ અશરીરી, જીવન માટે ઓછી અસરકારક શક્તિ છે. કમ-નસીબે, માનવ-જીવનનાં સઘળાં રૂપો સુનિશ્ચિત, કેવળ ઔપચારિક, અને તેથી અસમર્થ બની જાય છે. જો કે રૂપ અને સંપ્રદાય, તેમના અર્થમાં પ્રવેશ કરવા સમર્થ માણસ માટે, હમેશાં પોતાની શક્તિ જાળવી રાખતાં હોય છે; પણ મોટા ભાગના લોકો વિધિનો એક યાંત્રિક વિધિ તરીકે ઉપયોગ કરવા માટે, અને પ્રતીકનો નિર્જીવ નિશાની તરીકે ઉપયોગ કરવા માટે આવતા હોય છે; તે ધર્મના આત્માને હણી નાખે છે, અને તેથી આખરે સંપ્રદાયમાં અને રૂપમાં પરિવર્તન લાવવું પડે છે અથવા તો તેમને તદ્દન બાજુએ હડસેલી મૂકવાં પડે છે. તેથી કેટલાક લોકો સંપ્રદાય અને રૂપ પર શંકાની નજરે જુએ છે, તેમને તે અણ-ગમતાં થઈ પડે છે. પણ થોડા જ માણસો બાહ્ય પ્રતીકોના ટેકા વગર ચલાવી શકતા હોય છે; વળી

તે ચોક્કસપણે અસ્તિત્વનો તે જ ભાગ છે, જેને ભાવ-વાચક તત્ત્વોથી સંતોષ થતો હોતો નથી, જે જીવનમાંથી ભાગી જવા માગતો હોતો નથી, જીવન જેવું છે તેવું તેને રાખવા માગતો નથી. તે અસ્તિત્વનો એ ભાગ છે, જે પરિપૂર્ણ, પરિપૂર્ણ રીતે રૂપાંતરિત બનવા માગે છે, આંતરપૂજામાં સમગ્રતાપૂર્વક ભાગીદાર બનવા માગે છે.

દરેક સામાન્ય મનુષ્યને પોતે જે લાગણી અંદર અનુભવતો હોય, અંદર જે માગણી કરતો હોય તેનો શારીરિક રૂપમાં અનુવાદ કરવાની ખૂબ જરૂર લાગતી હોય છે. જે લોકો આત્મ-સાક્ષાત્કાર માટે જીવનમાંથી હમેશાં ભાગી જવા માગતા હોય છે તેમને હું અપૂર્ણ અને રોગિષ્ઠ માનું છું. હકીકતમાં, તે લોકો નિર્બળ સ્વભાવના હોય છે. પણ જે લોકો બળવાન, શક્તિશાળી હોય છે, જેમનામાં એક પ્રકારની આરોગ્યમય સમતુલા હોય છે, તેમને પોતાના આધ્યાત્મિક સાક્ષાત્કારને ભૌતિક રીતે સિદ્ધ કરવાની ખૂબ જરૂર હોય છે. વાદળમાં ચાલ્યા જવાથી અથવા રૂપ વગરનાં જગતોમાં ચાલ્યા જવાથી તેમને સંતોષ થતો હોતો નથી. તેઓ માગતા હોય છે કે અમારી આંતરઅનુભૂતિમાં અમારી શારીરિક ચેતના અને શરીર પણ ભાગીદાર બને.

હવે એમ કહી શકાય કે તૈયાર ધર્મને સ્વીકારવાની અથવા અનુસરવાની અથવા તેમાં ભાગ લેવાની જરૂરિયાત માનવોમાં રહેલી ટોળાંબંધીની વૃત્તિમાંથી પેદા થાય છે. સાચી વસ્તુ એ છે કે દરેક જણે પૂજાનો અથવા સંપ્રદાયનો તે પ્રકાર શોધી કાઢવો જોઈએ, કે જે પોતાનો હોય, સ્વયંભૂ રીતે અને વ્યક્તિગત રીતે ભગવાન સાથેનો તેનો ખાસ સંબંધ અભિવ્યક્ત કરતો હોય. તેને આદર્શ

માનવ-સ્વભાવમાં રહેલું અમુક દિવ્ય તત્ત્વ પોતાના આધ્યાત્મિક સંતોષની પરિપૂર્ણતા માટે, તેમની માંગ કરતું હોય છે. જો પ્રતીક સત્ય, સાચા દિલનું, સુંદર, અને આનંદપ્રદ હોય, તો તે ન્યાય્ય છે. એમ પણ કહી શકાય કે કલા અથવા લાગણી વગરની આધ્યાત્મિક ચેતના પરિપૂર્ણ રીતે આધ્યાત્મિક નથી. આધ્યાત્મિક જીવનમાં કર્મનો પાયો એક એવી આધ્યાત્મિક ચેતના છે, જે શાશ્વત, પુનર્નવીન બનનારી, પોતાની જાતને હમેશાં નવીન રૂપોમાં વ્યકત કરવા માટે સંચાલિત, અથવા આત્માના પ્રવાહ વડે હમેશાં રૂપના સત્યને નવીન જીવન આપવા સમર્થ, અને પોતાની જાતને એવી રીતે અભિવ્યક્ત કરવા સમર્થ કે જેથી દરેક કાર્ય આત્માના કોઈક સત્યનું જીવંત પ્રતીક બની જાય — એવી હોવી જોઈએ. એ તેની સર્જનાત્મક દર્શનાનો અને આવેગનો સ્વભાવ જ છે. તેથી આધ્યાત્મિક સાધકે જીવન સાથે વ્યવહાર કરવો જ પડે, તેના રૂપને પરિવર્તિત કરવું જ જોઈએ, અને તાત્ત્વિક રીતે તે રૂપને ઉદાત્ત બનાવવું જ જોઈએ.

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૫૩)

સ્થિતિ કહી શકાય.

માણસ અમુક ધર્મમાં જન્મ્યો છે, અથવા તે જે લોકોને ચાહે છે અને જેમના પર તે વિશ્વાસ મૂકે છે તે લોકો તે ધર્મને અનુસરે છે, અથવા જ્યાં બીજા લોકો પ્રાર્થના-પૂજા કરે છે ત્યાં જવાથી તેને પોતાની પ્રાર્થના-પૂજામાં મદદ મળતી હોય તેવું લાગે છે — તે કારણોથી અમુક ધર્મનો અંગીકાર કરવો એ ખૂબ બળવાન સ્વભાવનું ચિહ્ન નથી; હું તો તેને નબળાઈનું ચિહ્ન અથવા મૌલિકતાના અભાવનું ચિહ્ન કહું.

પણ આંતર અભીપ્સાનો અને પૂજા-ભક્તિનો પોતાના શારીરિક જીવનનાં રૂપોમાં અનુવાદ કરવો એ તદ્દન ન્યાય્ય છે; જે માણસ પોતાની જાતને બે ભાગોમાં વહેંચી નાખતો હોય છે; શારીરિક જીવન તદ્દન યાંત્રિક રીતે અને સામાન્ય રીતે જીવતો હોય છે; અને સમય અથવા અનુકૂળતા અનુસાર જે પોતાની જાતને પોતામાં ખેંચી લેતો હોય છે, શારીરિક જીવનમાંથી છટકી જતો હોય છે, શારીરિક ચેતનામાંથી છટકી જતો હોય છે, અને પોતાના આધ્યાત્મિક આનંદોને પ્રાપ્ત કરવા માટે દૂર-દૂરનાં શિખરો પર ચાલ્યો જતો હોય છે તેના કરતાં પેલામાં ઘણી વધારે દિલની સચ્ચાઈ છે.

જે માણસ પોતાની જાતને બે ભાગમાં વહેંચી દે છે, અને કહે છે કે "બાહ્ય જીવન બિલકુલ મહત્ત્વનું નથી, તેમાં કદી પરિવર્તન આવવાનું નથી, તે જેવું છે તેવું તેને સ્વીકારવું રહ્યું, વાસ્તવિક રીતે આંતર વલણ જ મહત્ત્વનું છે," તેના કરતાં જે માણસ પોતાના ભૌતિક જીવનને પોતાની ઉચ્ચતમ અભીપ્સાની અભિવ્યક્તિ બનાવવા માટે પ્રયત્ન કરે છે, તે ચોક્કસ વધારે ઉદાત્ત, વધારે પ્રમાણિક, અને ચારિત્ર્યમાં વધારે સાચા દિલનો છે.

(મૌન)

પ્રશ્નોની મારી ફાઈલ મોટી બનતી જાય છે! મારે કહેવું જોઈએ કે તે બધા પ્રશ્નો એક-સરખા રસપ્રદ નથી; પણ જેમણે તે પ્રશ્નો પૂછ્યા છે તેમના સંતોષ ખાતર હું કદાચ એક-બે પ્રશ્નોના જવાબ આપીશ.

પ્રથમ, તમારામાંના કેટલાકને પોતાની સહી કર્યા વગર પોતાના પ્રશ્નો મોકલી આપવાની ટેવ છે; તેઓ બ્હીતા હોય છે કે કદાચ હું પ્રશ્ન પૂછનારા-ઓનાં નામ પ્રગટ કરી દઈશ! તમે ખાતરી રાખજો કે હું તેમનાં નામ પ્રગટ નહિ કરું. જો હું કદાચ કોઈ અણ-ગમતી ટીકા કરીશ, તોપણ કોઈ જાણશે નહિ કે તે ટીકા કોના પર કરવામાં આવી હતી! (હસાહસ)

એક બીજી વસ્તુ પણ છે. તમારામાંના કેટલાક ફ્રેન્ચમાં સવાલો પૂછવાની તકલીફ લેતા નથી. મેં તમને ખુલ્લી નોટિસ આપી નથી કે હું માત્ર ફ્રેન્ચ ભાષામાં લખાયેલા પ્રશ્નોનો જ જવાબ આપીશ, એટલે મેં એક-બે સવાલોનો અનુવાદ આ ક્ષણે કરી લીધો છે. પણ ભવિષ્યમાં, જો તમે સવાલોના જવાબો હું આપું એવી અપેક્ષા રાખતા હો, તો તે ફ્રેન્ચમાં જ હોવા જોઈએ. તમારી ભાષામાં ઘણી ભૂલો હશે, તોપણ તેની હરકત નહિ; હું તે સુધારી લઈશ!

આ અંગ્રેજીમાં પૂછાયેલો એક પ્રશ્ન છે, જેનો ટૂંકો જવાબ આપવાનો છે. મને પૂછવામાં આવ્યું છે કે.

"આધ્યાત્મિક જીવન માટે તૈયારી કરવામાં કયો પાયાનો સદ્‌ગુણ કેળવેલો જોઈએ?"

આ મેં ઘણી વાર કહ્યું છે, પણ તેની પુનરુક્તિ કરવાની આ તક છે. તે સદ્‌ગુણ તે દિલની સચ્ચાઈ છે.

દિલની સચ્ચાઈ સમગ્ર અને પરિપૂર્ણ હોવી જોઈએ, કારણ કે આધ્યાત્મિક માર્ગમાં એકલી દિલની સચ્ચાઈ જ તમારું રક્ષણ છે. જો તમે સાચા દિલના નહિ હો, તે બીજી જ ક્ષણે તમે જરૂર પડી જવાના અને તમારું માથું ફોડી નાખવાના. અનેક પ્રકારની શક્તિઓ, સંકલ્પો, અસરો, તત્ત્વો આ દિલની સચ્ચાઈમાં નાનામાં નાની તિરાડને શોધી કાઢવા તૈયાર જ રહેતાં હોય છે. તેઓ તરત જ તે તિરાડ દ્વારા અંદર ઘૂસી જાય છે અને તમને ગૂંચવાડામાં મૂકી દેવાનો પ્રારંભ કરે છે.

એટલે કોઈ પણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં, એ વાતની બને તેટલી પાકી ખાતરી કરી લો કે તમે માત્ર સાચા દિલના છો એટલું જ નહિ, પણ હજુ વધારે સાચા દિલના બનવાનો તમારો આશય છે.

કારણ કે તે જ માત્ર એક તમારું રક્ષણ છે.

આ પ્રાથમિક સદ્‌ગુણને કેળવવાનો પ્રયત્ન સામૂહિક બની શકે?

જરૂર બની શકે. દીક્ષા-શાળાઓમાં, પ્રાચીન સમયમાં, તેમ કરવાનો જ પ્રયત્ન થતો હતો. હજી પણ ગૂઢ સમાજોમાં અથવા નાનકડાં જૂથોમાં, સમૂહ એટલા પૂરતા પ્રમાણમાં સંયુક્ત હોય છે કે તે પૂરતો પરિપૂર્ણ પ્રયત્ન કરીને,

વ્યક્તિને બદલે, જૂથનું સુંદર પરિણામ પ્રાપ્ત કરી શકે.

પણ સ્વાભાવિક રીતે જ, તેથી સમસ્યા ભયંકર રીતે જટિલ બની જાય છે. જ્યારે જ્યારે તેઓ મળતા હોય છે, ત્યારે ત્યારે તે લોકો એક સામૂહિક એકમ સર્જવાનો પ્રયત્ન કરતા હોય છે. પણ કોઈ પણ સદ્‌ગુણનો સામૂહિક સાક્ષાત્કાર કરવો હોય — સામૂહિક રીતે એને સિદ્ધ કરવો હોય, તો ભીષણ પ્રયાસની જરૂર છે. છતાં પણ તે અશક્ય નથી.

(મૌન)

મને એક બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, જે જરાક વધારે સૂક્ષ્મ છે. પણ મને લાગે છે કે જે ખાસ રસપ્રદ છે. કોઈકે પૂછ્યું છે કે ભગવાન સાથે એકતા પ્રાપ્ત કરવા માટે, સંકલ્પમાં ભગવત્‌પ્રાપ્તિ માટેની સાચી ઉત્કટતા કેવી હોવી જોઈએ? પછી તે ભાઈ કહે છે કે "મારામાં મને અભીપ્સાના એ ભિન્ન-ભિન્ન પ્રકારો જણાયા છે — ખાસ કરીને ભગવાન માટેની અભીપ્સાની ઉત્કટતામાં. આ બે ગતિઓમાંની એકમાં, એક પ્રકારની તીવ્ર વ્યથા હોય છે, જ્યારે બીજીમાં ચિંતા હોય છે, પણ સાથે-સાથે ખૂબ આનંદ પણ હોય છે.

આ અવલોકન તદ્દન સાચું છે.

પ્રશ્ન આમ છે :

"ક્યારે આ ઉત્કટતામાં વ્યથાનું સંમિશ્રણ અનુભવાય છે, અને ક્યારે એ ઉત્કટતામાં આનંદનો સમાવેશ થતો હોય છે?"

તમારામાંના ઘણાકને અથવા કેટલાકને આવો અનુભવ થયો છે કે નહિ, તે હું જાણતી નથી; પણ તે તદ્દન વાસ્તવિક હોય છે, તદ્દન સ્વયંભૂ હોય છે. તેનો જવાબ બહુ સરળ છે.

જ્યારે ચૈત્યિક ચેતનાની હાજરી અભીપ્સા સાથે સંયુક્ત બને છે, ત્યારે તરત જ તે ઉત્કટતા બીજા પ્રકારની બની જાય છે — જાણે કે તેમાં અનિર્વચનીય આનંદનું સ્વારસ્ય પૂરેપૂરું ભરાઈ ન ગયું હોય. આ આનંદ બીજી દરેક વસ્તુમાં રહેલો દેખાય છે. અભીપ્સાનું બાહ્ય રૂપ ગમે તે હોય, તેને ગમે તેટલી મુશ્કેલીઓ અને અવરોધો નડતાં હોય, પણ આ આનંદ, દરેક વસ્તુમાં સમાવિષ્ટ હોય તેમ, હાજર હોય છે જ; તે તમને બધા અવરોધોની પાર લઈ જાય છે.

ચૈત્યિક હાજરીની એ અચૂક નિશાની છે. તેનો અર્થ એ છે કે તમે તમારી ચૈત્યિક ચેતના સાથે ઓછો-વત્તો, ઓછો-વત્તો સતત, સંબંધ સાધ્યો છે; પણ

તે ક્ષણે ચૈત્યિક ચેતના — ચૈત્યિક અસ્તિત્વ તમારી અભીપ્સાને સભર ભરી દેતું હોય છે, તેમાં સત્ય વસ્તુઓ મૂકી આપતું હોય છે. તેનો અનુવાદ આનંદમાં થતો હોય છે.

ચૈત્યિક અસ્તિત્વ હાજર ન હોય, ત્યારે અભીપ્સા અસ્તિત્વના ભિન્ન-ભિન્ન ભાગોમાંથી આવે — મુખ્યત્વે મનમાંથી, મુખ્યત્વે પ્રાણિકમાંથી, અથવા મુખ્યત્વે શારીરિકમાંથી પણ, અથવા તે ત્રણેયમાંથી એકી-સાથે આવે, અનેક પ્રકારનાં સંમિશ્રણોમાંથી પણ આવે. પણ સામાન્ય રીતે, અભીપ્સા હોવા માટે પ્રાણિક હાજર હોવું જ જોઈએ. પ્રાણિક ઉત્કટતા આપે છે. પણ ઘણી-ખરી મુશ્કેલીઓનું, અવરોધોનું વિરોધોનું તે આસન-સ્થાન છે; એટલે અભીપ્સાની ઉત્કટતા તથા મુશ્કેલીની ઉત્કટતા વચ્ચેનું ઘર્ષણ વ્યથાને પેદા કરે છે.

પણ તેટલા માટે અભીપ્સા અટકાવી દેવાની નથી.

તમારે વ્યથાના કારણને જાણવું જોઈએ, સમજવું જોઈએ. પછી જો તમે તમારી અભીપ્સામાં એક વધારે તત્ત્વને — ભગવાનની કૃપામાં વિશ્વાસને, ભગવાનના પ્રત્યુત્તરમાં વિશ્વાસને ઉમેરી શકો, તો તે બધી વ્યથાને દૂર કરી શકે છે, પછી તમે કોઈ પણ પ્રકારના વિક્ષેપ અથવા ભય સિવાય અભીપ્સા સેવી શકો છો.

આ આપણને એક બીજી વસ્તુ પ્રત્યે લઈ જાય છે, જે એક નિશ્ચિત સવાલ નથી, પણ સમજૂતી માટે, ટીકા માટે, વિષયના વિકાસ માટે વિનંતી છે. તે કૃપા વિષે છે.

મેં ક્યાંક કહ્યું છે અથવા તો લખ્યું છે કે ભગવાનની કૃપામાં તમને ખૂબ શ્રદ્ધા અને વિશ્વાસ હોય, જીવનના બધા સંયોગોમાં હરેક ક્ષણે તમે તે કૃપાને કાર્ય કરતી અનુભવી શકો તેવી ખૂબ શક્તિ તમારામાં હોય, પણ તે કૃપાના કાર્યની અદ્‌ભુત વિપુલતાને અને જે રીતે તે કૃપાનું કાર્ય ચોક્કસતાપૂર્વક સિદ્ધ થાય છે તેને સમજવામાં કદી સફળ નહિ થઈ શકો. તે કૃપા કેટલા પ્રમાણમાં બધું જ કરી રહી છે, દરેક વસ્તુની પીઠમાં રહેલી છે, દરેક વસ્તુને સંગઠિત કરે છે — દોરે છે, જેથી ભગવાનનો સાક્ષાત્કાર બને તેટલો ઝડપી, પરિપૂર્ણ, સમગ્ર અને સંવાદમય બને — ખાસ કરીને જગતના સંજોગોને લક્ષમાં લેતાં — તે તમે કદી નહિ સમજી શકો.

જે ક્ષણે તમે ભગવાનની કૃપા સાથે સંપર્કમાં આવો છો, ત્યારે સમયમાં એવી એક પણ ક્ષણ નથી હોતી, અવકાશમાં એક પણ બિંદુ નથી હોતું, કે જે ભગવાનની કૃપાના આ સતત કાર્યને, સતત દરમિયાનગીરીને આંખો અંજાઈ

જાય તેવી રીતે, ન બતાવે.

એક વાર તમે તે કૃપાને જુઓ, તો તમને લાગશે કે હું તેને માટે સાચે જ યોગ્ય નથી. હું તે કૃપાને કદી ભૂલી જઈ શકું તેમ નથી, હવે મને કોઈ ભય રહ્યો નથી, વ્યથા — પશ્ચાત્તાપ — પીછેહઠ રહ્યાં નથી, દુઃખ પણ રહ્યું નથી. જો સાધક આ કૃપા સાથે મિલન — એકતા પ્રાપ્ત કરે, જો તે કૃપાને તે સર્વત્ર જુએ, તો તે આનંદપૂર્ણ, સર્વશક્તિપૂર્ણ અનંત સુખપૂર્ણ જીવન જીવવાની શરૂઆત કરે.

ભગવાનના કાર્યમાં તે સૌથી શ્રેષ્ઠ ભાગીદારી ગણાય.

*

વાર્તાલાપ — ૩૨

૮ ઑગસ્ટ ૧૯૫૬

મધુર માતાજી, શ્રી અરવિંદ લખે છે કે "અંદર એક ચૈત્યિક અગ્નિને પ્રજ્વલિત કરવો જોઈએ, જેમાં દરેક વસ્તુની — તેના પર ભગવાનનું નામ લખીને, આહુતિ અપાવી જોઈએ."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૫૫)

ચૈત્યિક અગ્નિ હમેશાં પ્રજ્વલિત જ નથી હોતો?

તે હમેશાં પ્રજ્વલિત હોતો નથી.

તો તેને કેવી રીતે પ્રજ્વલિત કરવો?

અભીપ્સા વડે.

પ્રગતિ માટેના સંકલ્પ વડે, પરિપૂર્ણતા માટેના આવેગ વડે.

સર્વથી વધારે, પ્રગતિ માટેનો સંકલ્પ, આત્મ-વિશુદ્ધિ માટેનો સંકલ્પ તે અગ્નિને પ્રજ્વલિત કરતો હોય છે. જ્યારે બલવાન સંકલ્પવાળા માણસો તે સંકલ્પને આધ્યાત્મિક પ્રગતિ પ્રત્યે વાળે છે, આત્મ-વિશુદ્ધિ પ્રત્યે વાળે છે, ત્યારે તેમનામાં આપોઆપ તે અગ્નિ પ્રજ્વલિત બને છે.

જ્યારે જેને દૂર કરવાની ઇચ્છા છે તે દરેક ખામીને, જેને સિદ્ધ કરવાની ઇચ્છા છે તે દરેક પ્રગતિને તે અગ્નિમાં હોમવામાં આવે છે, ત્યારે તે અગ્નિ એક નવીન ઉત્કટતાથી જલતો હોય છે. આ રૂપક નથી, આ સૂક્ષ્મ શારીરિકમાં એક હકીકત છે. માણસ તે જ્વાલાની ઉષ્માને અનુભવી શકે છે, પોતાના સૂક્ષ્મ શારીરિકમાં તે જ્વાલાની જ્યોતને જોઈ શકે છે. જ્યારે માણસ પોતાની પ્રગતિમાં અવરોધ નાખતી, સ્વભાવની ખામીને આ અગ્નિમાં હોમે છે, ત્યારે તે ખામી બળી જાય છે અને જ્વાલા વધારે ઉત્કટ બને છે.

"કાર્યોમાં સાકાર બનેલી ભક્તિ માત્ર પોતાના માર્ગને વિશાળ, પરિપૂર્ણ

અને સક્રિય બનાવે છે એટલું જ નહિ, પણ તે એકદમ જગતનાં કાર્યોના કઠિનતર માર્ગમાં આનંદનું અને પ્રેમનું દિવ્ય રીતે આવેગમય તત્ત્વ લઈ આવે છે, જે તત્ત્વ શરૂઆતમાં ઘણી વાર ગેરહાજર હોય છે, જે શરૂઆતમાં માત્ર તપસ્યામય આધ્યાત્મિક સંકલ્પ જ સીધા ચઢાવ ઉપર, સંઘર્ષમય, ઉદાત્તીકરણ કરતા તનાવમાં, આરોહણ કરતો હોય છે, અને જ્યારે હજી હૃદય નિદ્રાવસ્થામાં હોય છે અથવા મૌનમાં બદ્ધ હોય છે. જો દિવ્ય પ્રેમની ભાવના પ્રવેશી શકે, તો માર્ગની કઠિનતા ઓછી થઈ જાય છે, તનાવ હળવો બને છે, મુશ્કેલીના અને સંઘર્ષના હાર્દમાં પણ મધુરતા અને આનંદ આવી જાય છે."

(એજન, પૃષ્ઠ ૧૫૪ — ૫૫)

માણસ જ્યારે મુશ્કેલીમાં હોય, ત્યારે તે મધુરતાને અને આનંદને કેવી રીતે અનુભવી શકે?

જ્યારે મુશ્કેલી અહંતામય અને અંગત હોય છે, ત્યારે જો સાધક તેનું બલિદાન કરી વિશુદ્ધિના અગ્નિમાં તેનો હોમ કરે, તો તરત જ તે પ્રગતિના આનંદને અનુભવે છે. જો તે દિલની સચ્ચાઈપૂર્વક તેમ કરે, તો તરત જ આનંદ ફૂટી નીકળે છે.

નિરાશ થવાને બદલે, શોક કરવાને બદલે, સ્પષ્ટ રીતે આ જ વસ્તુ કરાવી જોઈએ. જો માણસ તેનો હોમ કરી દે અને દિલની સચ્ચાઈપૂર્વક રૂપાંતર તથા વિશુદ્ધિ માટેની અભીપ્સા સેવે, તો તરત જ હૃદયને ઊંડાણોમાંથી ફૂટી આવતા આનંદને તે અનુભવે છે. મુશ્કેલી જ્યારે ખૂબ શોકમય હોય, ત્યારે પણ આમ કરવાથી ખૂબ સફળતા મળે છે. તેને ભાન થાય છે કે શોક ગમે તેટલો ઉત્કટ હોય, પણ તેની પીઠમાં દિવ્ય આનંદ રહેલો છે.

(મૌન)

આટલું પર્યાપ્ત છે?

(શ્રી માતાજી લેખિત પ્રશ્નોનું પેકેટ બતાવે છે) મારો પોર્ટફોલિયો વધારે ને વધારે જાડો બનતો જાય છે! હું જવાબ આપી શકું તેના કરતાં વધારે પ્રશ્નો મારી પાસે આવે છે. હું પ્રથમ એક વ્યવહારુ પ્રશ્નનો જવાબ આપીશ, કારણ કે તે જલ્દી પતી જશે. વળી તે પ્રશ્ન એવો છે કે જે મને વારંવાર પૂછવામાં આવતો હોય છે; કદાચ મેં અનેક વાર તેનો જવાબ આપી દીધો પણ છે. પણ છતાં, તે

પુનરુક્તિ માટે યોગ્ય છે.

> **"સચેતન ગૂઢવાદી શક્તિઓ સિવાય, સંકટમાં અથવા મુશ્કેલીમાં આવી પડેલા, દૂર રહેતા, કોઈ માણસને મદદ પહોંચાડી શકાય અથવા તો તેનું રક્ષણ કરી શકાય? જો તેમ બની શકતું હોય, તો તેની વ્યવહારુ પ્રક્રિયા કયી છે?"**

પછી એક પેટા-પ્રશ્ન છેઃ

> **તેમાં વિચાર શો ભાગ ભજવી શકે?**

આપણે ગૂઢવાદી પ્રક્રિયાઓ વિષે જરા પણ કહેવા નથી માગતા, જોકે — સાચું કહીએ તો — અદૃશ્ય જગતમાં જે કાંઈ બનતું હોય છે તે સઘળું, વ્યાખ્યા અનુસાર, ગૂઢવાદી જ છે. પણ વ્યવહારુ રીતે, બે પ્રક્રિયાઓ છે, જે એક-બીજાને પ્રતિષેધ નથી કરતી, પણ પરસ્પર-પૂરક છે, પણ માણસની પોતાની પસંદગી અનુસાર, જેનો ભિન્ન રીતે ઉપયોગ કરી શકાય છે.

એ વાત સ્પષ્ટ છે કે એક પદ્ધતિમાં વિચાર પોતાનો ભાગ ભજવતો હોય છે — ખૂબ મહત્ત્વનો ભાગ. મેં તમને અનેક વાર કહ્યું છે કે જો માણસ સ્પષ્ટ રીતે શક્તિપૂર્વક વિચાર કરે; તો તે એક માનસિક રચના કરતો હોય છે. દરેક માનસિક રચના તેની રચના કરનાર વ્યક્તિથી એક સ્વતંત્ર તત્ત્વ હોય છે; તેને પોતાનું જીવન હોય છે, તે માનસિક જગતમાં પોતાને સાકાર કરવાનું વલણ ધરાવતી હોય છે. હું એમ કહેવા નથી માગતી કે તમે સ્થૂલ આંખો વડે તમારી રચનાને જુઓ છો, પણ તે માનસિક જગતમાં અસ્તિત્વ ધરાવતી હોય છે, તેને અમુક ખાસ સ્વતંત્ર અસ્તિત્વ હોય છે. જો તમે અમુક નિશ્ચિત લક્ષ્યપૂર્વક તે રચના કરી હોય છે, તો તે રચનાનું સમગ્ર જીવન તે લક્ષ્યને સિદ્ધ કરવાનું વલણ ધરાવશે. એટલે જો તમારે દૂર રહેલા કોઈ માણસને મદદ પહોંચાડવી હોય, તો તમારે જે જાતની મદદ તેને પહોંચાડવી હોય, તેની તથા તમે જે પરિણામ લાવવા માગતા હો તેની રચના સ્પષ્ટતાપૂર્વક, ચોક્કસતાપૂર્વક, ખૂબ બળપૂર્વક કરવી જોઈશે. તેની અસર થશે. હું એમ નથી કહેતી કે તેની અસર સર્વ-શક્તિમાન થશે, કારણ કે માનસિક જગતમાં આવી અસંખ્ય રચનાઓ સભર ભરેલી હોય છે, અને તે એક-બીજા સાથે સંઘર્ષમાં આવતી હોય છે, પરસ્પર

વિરોધ કરતી હોય છે. એટલે જે રચના સૌથી વધારે બળવાન અને ખંત-યુક્ત હશે, તે સફળ થશે.

કયી વસ્તુ રચનાને બળ અને ખંત આપે છે? તે લાગણી અને સંકલ્પ છે. જો તમને તમારી માનસિક રચનામાં લાગણીનો, પ્રેમનો, કોમળતાનો, સ્નેહનો, સંકલ્પની ઉત્કટતાનો, ક્રિયાશીલતાનો ઉમેરો કરતાં આવડતું હશે, તો તે સફળ બને તે વધારે સંભવ હશે. તે પહેલી પદ્ધતિ છે. જે લોકોને વિચાર કેમ કરવો તે આવડતું હોય છે, અને તેથી વધારે જેમને પ્રેમ કેમ કરવો તે આવડતું હોય છે, તે બધા લોકો તે પદ્ધતિને અજમાવી શકે છે. પણ મેં કહ્યું તેમ, શક્તિ મર્યાદિત છે અને માનસિક જગતમાં જબરી હરીફાઈ ચાલતી હોય છે.

એટલે માણસમાં ભલે બિલ્કુલ જ્ઞાન ન હોય, પણ જો તેનામાં ભગવાનની કૃપામાં વિશ્વાસ હોય, જો તેને શ્રદ્ધા હોય કે "જગતમાં ભગવાનની કૃપા જેવી કોઈક ચીજ છે; તે ચીજ પ્રાર્થનાનો, અભીપ્સાનો, આવાહનનો પ્રત્યુત્તર આપી શકે તેમ છે." તો માનસિક રચના કર્યા પછી, જો તે માણસ તે રચના ભગવાનની કૃપાને સમર્પિત કરે અને તે કૃપામાં વિશ્વાસ રાખે, તેને દરમિયાનગીરી કરવાની વિજ્ઞપ્તિ કરે, તો જરૂર તેને સફળ થવાની ઊજળી તક છે.

પ્રયત્ન કરો, અને તમે ચોક્કસ પરિણામ જોઈ શકશો.

પણ માતાજી જ્યારે માણસ ભગવાનની કૃપાને દરમિયાનગીરી કરવા માટે સાચા દિલથી પ્રાર્થના કરે છે, ત્યારે શું તે અમુક પરિણામ પ્રાપ્ત કરવાની અપેક્ષા નથી રાખતો હોતો?

મને માફ કરો. તેનો આધાર પ્રાર્થનાના પ્રકાર પર છે. જો માણસ માત્ર કૃપાને અથવા ભગવાનને બોલાવે, પોતાની જાતને ભગવાનના હાથમાં સોંપી દે, તો તે અમુક પરિણામની અપેક્ષા રાખતો હોતો નથી. અમુક પરિણામની અપેક્ષા રાખવા માટે, માણસે પોતાની પ્રાર્થનાની રચના કરવી જોઈએ, અમુક વસ્તુની માગણી કરવી જોઈએ. જો તમારામાં ભગવાનની કૃપા માટે માત્ર મહાન અભીપ્સા હોય, તમે તેને બોલાવો, આજીજી કરો, પણ અમુક ચોક્કસ પરિણામની માગણી ન કરો, તો પછી તે કૃપા, પોતાની પસંદગી અનુસાર, તમારે માટે કાંઈક કરશે, તમે પસંદગી કરતા હોતા નથી.

તે વધારે સારું છે, નહિ વારુ?

આહ, તે તદ્દન જુદો સવાલ છે.

તે તેની ગુણવત્તામાં કદાચ વધારે સારું છે. પણ છતાંયે, જો માણસ અમુક ચોક્કસ વસ્તુ માગતો હોય, તો તે માગણી સ્પષ્ટ રીતે કરવી તે વધારે સારું છે. જો કૃપાને બોલાવવા માટે અમુક ખાસ કારણ હોય, તો તેને ચોક્કસ અને સ્પષ્ટ રીતે રજૂ કરવું તે વધારે સારું છે.

અલબત્ત, જો માણસ સંપૂર્ણ સમર્પણની સ્થિતિમાં હોય, જો તેણે પરિપૂર્ણ રીતે આત્મ-નિવેદન કર્યું હોય, અને કૃપાને જેમ કરવું હોય તેમ કરવા દેવામાં તે સંમત હોય, તો તે તો બહુ સારી વાત છે. પણ તેમ કર્યા પછી તેણે એવો સવાલ ન ઉઠાવવો જોઈએ કે ભગવાનની કૃપા શું કરી રહી છે? તેણે કૃપાને એમ ન કહેવું જોઈએ કે આ વસ્તુ પ્રાપ્ત કરવા માટે મેં સમર્પણ કર્યું હતું. કારણ કે જો માણસમાં કોઈક વસ્તુ મેળવવાનો વિચાર ખરેખર હોય, તો દિલની પૂર્ણ સચ્ચાઈથી તેણે તે રજૂ કરવો એ વધારે સારું છે. પછી તે કરવું કે ન કરવું તે કૃપાને પસંદગી કરવાની રહે છે. પણ છતાં તે માણસે તો પોતાને જોઈતી વસ્તુનો વિચાર રજૂ કર્યો જ હતો. તેમાં કોઈ હાનિ નથી.

જ્યારે માણસની વિનંતીનો સ્વીકાર થતો નથી અને તે માણસ બળવો પોકારે છે, ત્યારે તે ખરાબ હોય છે. ત્યારે સ્વાભાવિક રીતે જ તે ખરાબ બની જાય છે. તે ક્ષણે તે માણસે સમજી લેવું જોઈએ કે "મારી ઇચ્છા અથવા અભીપ્સા પ્રકાશમય નહિ હોય, મેં જે વસ્તુની માગણી કરી હતી તે મારા ભલા માટે નહિ હોય." ત્યારે તેણે ડાહ્યા બનવું જોઈએ અને કહેવું જોઈએ કે ઠીક; ભલા ભગવાન, તારા સંકલ્પ મુજબ બધું થાઓ. પણ જ્યાં સુધી માણસમાં દર્શન અને આંતર પસંદગી હોય, ત્યાં સુધી માગણીને રજૂ કરવામાં કશી હાનિ નથી. તે એક ખૂબ સ્વાભાવિક ગતિ છે.

દા. ત. જો માણસે મૂર્ખાઈ કરી હોય, કોઈ ભૂલ કરી હોય, અને જો એ ફરી કોઈ દિવસ ન કરવાની ઇચ્છા દિલની સચ્ચાઇપૂર્વક, સાચી રીતે રાખતો હોય, તો તેની માગણી કરવામાં હું કશી હાનિ જોતી નથી. હકીકતમાં, જો તે દિલની સચ્ચાઈપૂર્વક, સાચી આંતર દિલની સચ્ચાઈપૂર્વક અમુક વસ્તુની માગણી કરે, તો તે સ્વીકારાય એવી મોટી તક છે.

તમારે એમ ન માનવું જોઈએ કે ભગવાન તમારો વિરોધ કરવા માગે છે. તે તેમ કરવા જરા પણ ઉત્સુક નથી! તમારે માટે શું વધારે સારું છે તે તમારા કરતાં ભગવાન વધારે સારી રીતે જોઈ શકતા હોય છે; પણ જ્યારે તે તદ્દન અનિવાર્ય હોય છે, ત્યારે જ ભગવાન તમારી અભીપ્સાનો વિરોધ કરતા હોય છે. નહિ

તો, તમે જે માગે તે આપવા તે હમેશાં તૈયાર હોય છે.

બસ!

(મૌન)

અહીં ત્રણ વાક્યો છે, જેમના પર મારે ટીકા કરવી અથવા જેમને મારે સમજાવવાં એમ માગણી કરવામાં આવી છે. છેલ્લું વાક્ય આપણે હમણાં જ જે કહી ગયા તેના અનુસંધાનમાં છે. હું ત્યાંથી શરૂઆત કરીશઃ

"જો માણસે આ કૃપા સાથે મિલન પ્રાપ્ત કર્યું હોય, જો તે કૃપાને સર્વત્ર જોઈ શકતો હોય, તો તે આનંદપૂર્ણ, સર્વ-શક્તિપૂર્ણ, અનંત સુખમય જીવન જીવવાનો પ્રારંભ કરી શકે.

ભગવાનના કાર્યમાં તે સૌથી શ્રેષ્ઠ ભાગીદારી ગણાય."

(૧ ઑગસ્ટ ૧૯૫૬નો વાર્તાલાપ)

પહેલી શરત પૂરી કરવી તે બહુ સહેલું નથી. તે સચેતન વૃદ્ધિ, સતત અવલોકન અને જીવનમાં સતત થતા અનુભવને અંતે પરિણામરૂપે આવતું હોય છે.

મેં આ વાત તમને અનેક વાર કહી છે. જ્યારે તમે અમુક સંજોગોમાં હો છો અને અમુક ઘટનાઓ બનતી હોય છે, ત્યારે એ ઘટનાઓ ઘણી વાર તમારી કામનાનો અથવા તમને જે શ્રેષ્ઠ લાગતું હોય તેનો વિરોધ કરતી હોય છે. ઘણી વાર તમે તે બાબત પશ્ચાત્તાપ કરતા હો છો અને તમારી જાતને કહેતા હો છો કે આહ, જો આથી ઊલટું જ બન્યું હોત, તે કેવું સારું થાત; આમ કે તેમ થયું હોત તો કેવું સારું થાત? આમ તમે નાની તેમજ મોટી વસ્તુઓ વિષે પણ કહેતા હો છો. પછી વર્ષો વીતી જાય છે, ઘટનાઓ બનતી ચાલે છે, તમે પ્રગતિ કરો છો, વધારે સચેતન બનો છો, વધારે સારી રીતે સમજવા શક્તિમાન બનો છો. પછી જ્યારે તમે ભૂતકાળ પર નજર નાખો છો, ત્યારે પ્રથમ તમને આશ્ચર્ય થતું હોય છે અને પછી તમે સ્મિત કરતા હો છો, અને તમને લાગે છે કે જે સંયોગો મને તે વખતે સંકટમય અને પ્રતિકૂળ જણાતા હતા, તે જ મારી જરૂરી પ્રગતિ માટે સારામાં સારા હતા. જો તમે જરા પણ ડાહ્યા હો, તો તમે તમારી જાતને કહો છો કે સાચે જ, ભગવાનની કૃપા અનંત છે.

જ્યારે આમ અનેક વાર તમારી બાબતમાં બને છે, ત્યારે તમને સમજાતું જાય છે કે માણસ અંધ હોવા છતાં, છેતરપિંડી કરે તેવા આભાસો બનવા

છતાં, કૃપા સર્વત્ર કાર્ય કરી રહેલી છે, એટલે તે ક્ષણે જગત જે સ્થિતિમાં છે તેમાં જે કાંઈ બન્યું હતું તે સર્વ-શ્રેષ્ઠ હતું. આપણી દૃષ્ટિ સીમિત છે, અથવા આપણી પસંદગીઓથી આપણે અંધ બની ગયા હોઈએ છીએ; તેથી વસ્તુઓ આ પ્રકારની છે અવો વિવેક આપણે કરી શકતા હોતા નથી.

પણ જ્યારે માણસ તે જોઈ શકવાની શરૂઆત કરે છે, ત્યારે તે અવર્ણનીય આશ્ચર્યની સ્થિતિમાં પ્રવેશે છે. કારણ કે દેખાવોની પીઠમાં માણસ આ અનંત, અદ્‌ભુત, સર્વ-શક્તિમાન કૃપાને જુએ છે, કે જે કૃપા સઘળું જાણે છે, સર્વને સંગઠિત કરે છે, સર્વને વ્યવસ્થિત કરે છે, અને — આપણે જાણતા હોઈએ કે ન જાણતા હોઈએ, આપણને ગમતું હોય કે ન ગમતું હોય પણ — જે આપણને પરમ લક્ષ્ય પ્રત્યે — ભગવાન સાથે મિલન પ્રત્યે, ભગવાનની સભાનતા પ્રત્યે, તેમની સાથે એકતા પ્રત્યે દોરી જાય છે.

ત્યારે માણસ, કૃપાનાં કાર્યમાં અને હાજરીમાં, આનંદપૂર્ણ, આશ્ચર્યપૂર્ણ સંપૂર્ણ જીવન જીવે છે, તેને પોતામાં અદ્‌ભુત બળની પ્રતીતિ થાય છે, અને સાથે-સાથે એવો શાન્ત, પરિપૂર્ણ, વિશ્વાસ તેમનામાં પ્રગટે છે કે જેને કોઈ પણ વસ્તુ ડગાવી શકતી નથી.

જ્યારે માણસ આ પરિપૂર્ણ સ્વીકારની અને ચીટકી રહેવાની સ્થિતિમાં હોય છે, ત્યારે તેટલા પ્રમાણમાં, તે ભગવાનના કાર્ય પ્રત્યે જગત જે પ્રતિરોધ કરતું હોય છે તેમાં ઘટાડો કરે છે. પરિણામે, ભગવાનના કાર્યમાં તેનાથી બની શકે તેટલી શ્રેષ્ઠ ભાગીદારી તે પ્રાપ્ત કરતો હોય છે. તે સમજતો હોય છે કે ભગવાન શું માગે છે; અને પોતાની સર્વ ચેતનાથી તે ભગવાનના સંકલ્પને ચીટકી રહે છે.

*

વાર્તાલાપ — ૩૩

૧૫ ઑગસ્ટ ૧૯૫૬

"અહીં આપણામાં ગૂઢ ચૈત્યિક અસ્તિત્વનો ઉદય ખૂબ મહત્ત્વનો બની રહે છે. કારણ કે માત્ર આ અંતરતમ અસ્તિત્વ જ પોતાની સાથે કાર્યમાં આત્માની પૂર્ણ શક્તિને લઈ આવે છે; જે પ્રતીકમાં જીવ હોય છે. જ્યારે આધ્યાત્મિક ચેતના અપૂર્ણ હોય છે, ત્યારે પણ ચૈત્યિક અસ્તિત્વ જ પ્રતીકની શાશ્વત તાજગીને, દિલની સચ્ચાઈને, અને સૌંદર્યને ખાતરી-પૂર્વક લાવી આપે છે, અને તેને દૂષિત તથા દૂષિત બનાવનાર જાદુ અથવા મૃતરૂપ બનતાં અટકાવે છે. માત્ર તે જ કાર્યમાં તેની શક્તિને, તેના પૂરા અર્થ સાથે, જાળવી રાખી શકે છે. આપણા અસ્તિત્વના બીજા ભાગો — મન, પ્રાણ, શારીરિક ચેતના, કરણ બનવા માટે, અવિદ્યાના ખૂબ કાબૂ હેઠળ હોય છે; તેઓ ભૂલ વગરનો આવેગ અથવા માર્ગ-દર્શક જરા પણ બની શકતાં નથી. આ શક્તિઓનો મોટા ભાગનો હેતુ અને કાર્ય હમેશાં જૂના નિયમને ચીટકી રહે છે. તે છેતરનારી, ટેવ પડી ગયેલી પ્રકૃતિની નિકૃષ્ટ ગતિઓને ચીટકી રહે છે. તેઓ તે અવાજોને તથા બળોને, જે આપણને મહત્તર અસ્તિત્વ અને વિશાળતર પ્રકૃતિ બનવા માટે બોલાવે છે અને વેગ આપે છે, તેને મળવા માટે રાજી નથી હોતા, ભય અને બળવાખોર વૃત્તિ સેવે છે, અને જેમનામાં અવરોધ કરતો તમોગુણ હોય છે. મોટે ભાગે તે અવરોધ કરતાં હોય છે અથવા થોડા સમય માટે સંમતિ આપે છે — ઓળખાણ રાખે છે, કારણ કે જો તેઓ તે અવાજને અનુસરે, તો પણ — સભાનતાપૂર્વક નહિ તો, ટેવને કારણે — તેઓ આધ્યાત્મિક કાર્યમાં પોતાની ભૌતિક અશક્તિઓ અને ભૂલો ઘુસાડી દેવાનું વલણ ધરાવે છે. દરેક ક્ષણે તેઓ ચૈત્યિક અથવા આધ્યાત્મિક અસરનો અહંતાપૂર્ણ લાભ ઉઠાવવાનું વલણ ધરાવે છે, નિમ્ન પ્રકારના જીવનહેતુ માટે આપણામાં આવેલાં શક્તિ-આનંદનો, અથવા પ્રકાશનો ઉપયોગ કરતાં હોય છે. પછી જ્યારે સાધક પરાત્પર, વૈશ્વિક, અથવા અંતર્યામી, દિવ્ય પ્રેમ પ્રત્યે ખુલ્લો થયો હોય છે, ત્યારે પણ જો તે પ્રેમને તે જીવનમાં રેલાવવા પ્રયત્ન કરે છે, ત્યારે તે આ નિમ્નતર પ્રકૃતિ-શક્તિઓનાં અવરોધકારી અને વિકૃત

બનાવનાર બળોને મળતો હોય છે. તેઓ સાધકને પતનના ખાડાઓ પ્રત્યે ખેંચી જાય છે, તે ઉચ્ચતર ઉત્કટતામાં પોતાનાં ન્યૂનતા-કારક તત્ત્વોને રેલાવે છે, અવતરણ કરતી શક્તિને પોતાની ખાતર, પોતાના હેતુઓની ખાતર પકડમાં લેવા પ્રયત્ન કરે છે, અને તે શક્તિને, પોતાની કામના અને અહંતા માટે, કરણ બનાવવાના હેતુથી તેને દૂષિત કરે છે. સત્યમય અને પ્રકાશમય, નવીન સ્વર્ગની અને નવીન પૃથ્વીની રચના કરનાર દિવ્ય પ્રેમને બદલે, તેઓ તે પ્રેમને કેદી બનાવે છે, જૂની પૃથ્વીના કાદવને સોનેરી ઓપ આપવા માટે તે પ્રેમનો ઉદાત્ત તેજોમય બળ તરીકે ઉપયોગ કરે છે; અને લાગણીમય પ્રાણિક કલ્પનાનાં તથા માનસિક આદર્શમય ભ્રાંતિનાં જૂનાં, મલીન, અસત્ય આકાશોને, પોતાના ગુલાબ તથા સ્ફટિક-મણિ વડે, રંગી દે છે. જો તે મિથ્યાકરણને છૂટ આપવામાં આવે, તો ઉચ્ચતર પ્રકાશ, શક્તિ, અને આનંદ પાછાં ચાલ્યાં જાય છે, નિમ્નતર સ્તર પર પાછું પતન થાય છે, સાક્ષાત્કાર અસલામત બની અધવચે એક પ્રકારના સંમિશ્રણરૂપે બંધાઈ જાય છે અથવા સત્ય આનંદરૂપ નહિ એવા એક નિમ્ન ઉદાત્તીકરણ વડે આચ્છાદિત થઈ જાય છે. આ કારણે, સમગ્ર સૃષ્ટિના હૃદયમાં રહેલો અને સૌથી વધારે ઉદ્ધાર કરવાની શક્તિવાળો, સર્જનાત્મક પ્રેમ હજી સુધી પૃથ્વીના જીવનમાં ઓછામાં ઓછો આગળ આવેલો દેખાય છે, સફળતાપૂર્વક ઝાઝો ઉદ્ધાર કરી શક્યો નથી, ઓછામાં ઓછું સર્જન કરી શક્યો છે. માનવ-સ્વભાવ, તેની વિશુદ્ધિમાં, તે પ્રેમને ઝીલી શક્યો નથી, કારણ કે સર્વ દિવ્ય શક્તિઓમાં પ્રેમ સૌથી વધારે શક્તિશાળી, વિશુદ્ધ, વિરલ, અને ઉત્કટ છે. તે પ્રેમનો જે થોડો-ઘણો ભાગ પકડી શકાયો છે, તે પ્રાણિક ઉત્કટતાના રૂપમાં દૂષિત થઈ ગયો છે, અરક્ષિત, ધાર્મિક લાગણીવેડાના રૂપમાં દૂષિત થઈ ગયો છે, ગુલાબી રંગીન બનતા ઇન્દ્રિય-ભોગ્ય ગૂઢવાદના રૂપમાં અથવા કામમય મલિન પ્રાણિક આવેગના રૂપમાં દૂષિત થઈ ગયો છે. આ કારણોને લઈને જે ગૂઢવાદી જ્વાળા પોતાની યજ્ઞમય જીભો વડે જગતનું પુનર્નિર્માણ કરી શકે તેમ છે તે જ્વાળાને પોતામાં રાખવા માટે માણસ અશક્તિમાન બની ગયો છે. જે અંતરતમ ચૈત્યિક અસ્તિત્વ પોતાની પૂર્ણ શક્તિ સાથે પ્રગટ થાય, તો તે યાત્રીના યજ્ઞને આ અવરોધોથી પાર લઈ જાય. દરેક ક્ષણે તે ચૈત્યિક મનના અને પ્રાણનાં જુઠાણાને પકડી પાડે છે, ખુલ્લાં પાડે છે, ફજેટી દે છે, દિવ્ય પ્રેમના અને આનંદના સત્યને પકડે છે,

મનની આતુરતાના ઉશ્કેરાટથી તે સત્યને જુદું પાડે છે, અને ગેર-માર્ગે દોરી જનાર પ્રાણિકની શક્તિના અંધ ઉત્સાહથી તે સત્યને અલગ પાડે છે. પણ જે જે વસ્તુઓ મનમાં, પ્રાણિકમાં, અને શારીરિક અસ્તિત્વમાં સત્ય હોય છે, તેમને એ મુક્ત કરે છે અને યાત્રામાં પોતાની સાથે લઈ જાય છે; છેવટે તે બધી વસ્તુઓ નવીન ભાવનાથી યુક્ત અને ઉદાત્ત પ્રતીકથી યુક્ત ઊંચાઈઓ પર ખડી રહે છે.

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૫૫ — ૫૭)

જે બધા લોકોના મસ્તિષ્કમાં સઘળા પ્રશ્નો હોય છે પણ જેઓ તે પૂછવાની હિંમત કરતા હોતા નથી, તે બધા પ્રશ્નોનો આ સર્વથી વધારે શક્તિશાળી, પરિપૂર્ણ, અને સાચો જવાબ છે.

ઘણા લોકોને માર્ગમાં મળતા સંરક્ષણ વિષે, માર્ગની સલામતી વિષે શંકા હોય છે. કારણ કે બીજા લોકો માર્ગ ચૂકી જતા હોય છે. પોતાની અહંતામાં, તે લોકો ભયથી ધ્રૂજતા હોય છે. મેં તમને આજે સાંજે વાત કરી તે પ્રમાણે તેઓ પોતાની જાતને પૂછતા નથી કે આ નાની-મોટી મુશ્કેલીઓનાં કારણો શાં છે, કે જે મુશ્કેલીઓ પૂરતા પ્રમાણમાં વિશુદ્ધ અને સાચા દિલના બનવાની દરકાર રાખ્યા સિવાય આ યોગ-માર્ગનું અનુસરણ કરનાર લોકો પર આવી પડતી હોય છે?

અનિવાર્ય વિશુદ્ધિ ન લાવનાર માણસોને કોઈ સંરક્ષણ કે કૃપા બચાવી શકતાં નથી.

હું આ ઉમેરવા માગું છું. ભય એ સૌથી મહાન અશુદ્ધિ છે, જે પૃથ્વી પર ભગવાનના કાર્યનો વિનાશ કરવા માગનાર, અદિવ્ય બળોમાંથી આવતી હોય છે. યોગ કરવા માગનાર માણસોની પ્રથમ ફરજ એ છે કે તેમણે પોતાના સઘળા બળ-પૂર્વક, દિલની સર્વ સચ્ચાઈ વડે, યથાશક્ય સર્વ સહિષ્ણુતા વડે, પોતાની ચેતનામાંથી ભયના પડછાયાને પણ દૂર કરી દેવો જોઈએ. યોગ-માર્ગ પર ચાલવા માટે, માણસે હિંમતવાન બનવું જોઈએ, જરા પણ ક્ષુદ્ર, નાનકડા, નિર્બળ, દુષ્ટ ભયને તાબે ન થવું જોઈએ.

યોગ-માર્ગ પર ચાલવા માટે, અડગ હિંમત, દિલની પરિપૂર્ણ સચ્ચાઈ, સાચા દિલનું આત્મ-સમર્પણ, જેમાં સાધક ગણતરી કે સોદો ન કરે, કાંઈક મેળવવા ખાતર સમર્પણ ન કરે, સંરક્ષણનો વિચાર રાખીને ભગવાનમાં વિશ્વાસ ન મૂકે, સાબિતીઓ માગે તેવી શ્રદ્ધા ન રાખે — આ બધી વસ્તુઓ અનિવાર્ય છે.

માત્ર આ વસ્તુઓ જ જોખમથી તમારું રક્ષણ આપી શકે તેમ છે.

(મૌન)

તમારે કાંઈક પૂછવું છે? હા, પૂછો.

મધુર માતાજી, દર્શન-દિવસો પર માણસને જુદું જ વાતાવરણ કેમ અનુભવાતું હોય છે?[૧] તે દિવસો પર માણસે શું કરવું જોઈએ?

જુદું જ? તમે આ સવાલ પૂછો છો! તે દિવસો પર, અંધકારમય અને વિદેશી તત્ત્વોનું આક્રમણ થતું હોય છે. તેઓ કદાચ સદ્‌ભાવપૂર્વક આવતા હોય; પણ તે પરિપૂર્ણ અજ્ઞાન સાથે આવતાં હોય છે અને વાતાવરણમાં બધે જ તેને ફેંકતાં હોય છે. તેથી જો માણસ આસપાસ બનતી વસ્તુઓ પ્રત્યે જરા પણ ખુલ્લો હોય, તો આ વૃદ્ધિ પામેલા અજ્ઞાનના ભાર તળે તે ચગદાઈ ગયો હોવાનો અનુભવ કરતો હોય છે.

હું એમ કહેવા નથી માગતી કે અહીં અજ્ઞાન નથી! પણ તેનું માપ જુદું હોય છે. અહીં સતત, રાતે અને દિવસે, દૃશ્ય રીતે, અદૃશ્ય રીતે, ચેતના સાથે કામ લેવાતું હોય છે. માણસ ઇચ્છે કે ન ઇચ્છે, પણ તે માણસમાં પ્રવેશતું હોય છે, અને થોડા સમય પછી તે કાર્ય કરતું હોય છે.

જ્યારે થોડા માણસો આવે છે, ત્યારે કોઈક વસ્તુમાં ફેરફાર થાય છે; પણ તેથી દુઃખકારક અનુભવ થતો હોતો નથી. પણ જ્યારે માણસો આટલી બધી મોટી સંખ્યામાં ધસારો કરે છે, ત્યારે સમગ્ર સ્તર તરત જ નીચે આવી જાય છે. ત્યારે જો માણસ પોતામાં અંતર્મુખ બનવા અસમર્થ હોય, પોતાના મસ્તિષ્કને આ ડૂબાડી દેતાં જળની ઉપર — અજ્ઞાનના ઢસડી જતા પૂરની ઉપર, રાખી ન શકે, તો તેને બેચેની અનુભવાય છે.

ના, માતાજી, તે આનંદનું વાતાવરણ હોય છે!

---

૧. દર્શન-દિવસો પર, મુલાકાતીઓને તથા શિષ્યોને પંક્તિઓમાં, એક પછી બીજો એમ, શ્રી માતાજી આગળથી (અને પહેલાં શ્રી અરવિંદ આગળથી પણ) પસાર થવા દેવામાં આવતા હતા, જેથી તેઓ સીધી રીતે તેમની પાસેથી આધ્યાત્મિક મદદ પ્રાપ્ત કરી શકે. વર્ષના ચાર દર્શન-દિનોમાંનો એક ૧૫ મી ઑગસ્ટ, શ્રી અરવિંદનો જન્મદિન છે. ૧૯૫૬ના વર્ષમાં ખાસ કરીને ઘણા મુલાકાતીઓ હાજર રહ્યા હતા.

તમને તે આનંદનું વાતાવરણ લાગે છે?

હા, માતાજી.

તો હે મારા બાળક, તે તદ્દન અંગત વસ્તુ છે. તમારે તે અનુભવ જાળવી રાખવો જોઈએ.

તે આનંદ એટલા માટે અનુભવાય છે, કારણ કે તે દિવસે તમારામાં સ્મૃતિઓ જાગ્રત થતી હોય છે, અમુક એકાગ્રતા આવતી હોય છે. કદાચ તમે જે આનંદ કહો છો, તે પ્રાણિક સુખની લાગણી પણ હોય, નહિ વારુ? તે એક પ્રકારનો ઉશ્કેરાટ નથી હોતો? તમને ક્યારે આ આનંદ અનુભવાય છે?

આજે દર્શન પછી.

હું ધારું છું કે જે લોકો પોતાના જન્મ-દિવસે વધારે અભિમુખ બનતા હોય છે અથવા પોતાની અભિમુખતાને જાગ્રત કરવા માટે જેમને અમુક ઘટનાનું સ્મરણ કરવું પડતું હોય છે, તેમને આવો જ અનુભવ થતો હોય છે.

જ્યારે શ્રી અરવિંદ દર્શન આપતા હતા, ત્યારે — તે પહેલાં હમેશાં અમુક શક્તિઓની અથવા અમુક સાક્ષાત્કારની એકાગ્રતા થતી હતી, જે શક્તિઓ અથ વા સાક્ષાત્કાર તે બીજા લોકોને આપવા માગતા હતા. પણ ત્યારે મુલાકાતીઓની સંખ્યા બહુ જૂજ હતી. તેનું સંગઠન બીજી જ રીતે કરવામાં આવતું હતું; તે જરૂરી તૈયારીનો એક ભાગ હતો.

પણ આ ખાસ એકાગ્રતા હવે ખાસ દર્શન-દિવસો પર નહિ, પણ બીજા સમયોએ થતી હોય છે. ઘણી વાર તે બીજા સંજોગોમાં થતી હોય છે. તે ગતિ બહુ ઝડપી બનાવાઈ છે, આગેકૂચ ઝડપી બની છે, ક્રમિક અવસ્થાઓ એક-પછી-બીજી વધારે ઝડપથી આવતી હોય છે. કદાચ તેને અનુસરવાનું કામ વધારે કઠિન છે. જો માણસ સાવધાન ન રહે, તો તે વધારે ઝડપથી પાછો પડી જાય છે; તેને એમ લાગતું હોય છે કે હું મોડો પડ્યો, અથવા મને ત્યજી દેવામાં આવ્યો. વસ્તુઓમાં ઝડપથી પરિવર્તન થાય છે.

મારે કહેવું જોઈએ કે આ દર્શન-દિવસો પર થતો માણસોનો ધસારો આશ્રમમાં કોઈ પ્રગતિ લાવવાનું કામ નથી કરતો; ઊલ્ટું તે અહીંના લોકોને બહિર્મુખ બનાવે છે. આ દિવસોનો ઉપયોગ અમે જરાક જુદી રીતે કરીએ

છીએ. તેમાં આગળ ધપવાનો, વિશાળતર ક્ષેત્રનું સર્જન કરવાનો, દૂર-દૂરનાં બિંદુઓને પહોંચવાનો હેતુ હોય છે. પણ એકાગ્રતા ઘટી છે. મોટી સંખ્યામાં આવતાં ટોળાંઓએ અગવડ ઊભી કરી છે. શરૂઆતમાં હતું તેના કરતાં લોકો હવે ખૂબ મોટી સંખ્યામાં અહીં આવવા લાગ્યા છે. શરૂઆતમાં આવું મોટું ટોળું અહીં આવતું નહિ, અને તેમની ગુણવત્તા પણ વધારે સારી હતી.

એટલે તમે જે આનંદ વિષે વાત કરતા હતા, તે એક પ્રકારનો ઉશ્કેરાટ હોય અથવા વધારે ઉત્કટ અથવા વધારે સક્રિય જીવનની લાગણી હોય; પણ તે વાસ્તવિક રીતે મહત્તર હાજરી નથી. કદાચ માણસ પોતાની જાતને વધારે અભિમુખતાની સ્થિતિમાં મૂકતો હોય, પણ તેમાં ભગવાનની હાજરીની ઉત્કટતા નથી; મને તેમ દેખાતું નથી.

એટલે આનંદનું કારણ તમારે તમારા પોતામાં શોધી કાઢવું જોઈએ, અને તેને ટકાવી રાખવાનો ઉપાય શોધી લેવો જોઈએ.

પણ માતાજી, આપ જે સંદેશ દરેક દર્શનદિન પર આપો છે, તેની અર્થવત્તા શી છે? દા. ત. આજે આપે અતિ-માનસિક આવિર્ભાવના પ્રતીકરૂપ પુષ્પનું ચિત્ર આપ્યું.[૧]

હા, મેં તમને હમણાં જ કહ્યું તેમ, આ પુષ્પના ચિત્રની હજારો નકલો આખી દુનિયામાં વહેંચવામાં આવી છે. તે વસ્તુનું એક બાહ્યીકરણ છે, તે અસરને — સંદેશને પ્રસારિત કરવાનો એક પ્રકાર છે. દર્શન પરના સંદેશમાં જે કાંઈ કહેવામાં આવ્યું હોય છે, તેનું પહેલાં અધ્યયન કરવામાં આવતું હોય છે, તેની કસોટી કરવામાં આવતી હોય છે, તેની સાબિતી સિદ્ધ કરવામાં આવતી હોય છે. પછી દર્શન-દિવસે તે સંદેશ આપવામાં આવતો હોય છે. પ્રથમ તેનો પ્રયોગ કરવામાં આવે છે, અને પછી જ તેની જાહેરાત કરવામાં આવે છે. પ્રથમ ગતિ વ્યક્તિનો વિકાસ છે, દર્શન-સમયે તેને બધે પ્રસારિત કરવામાં આવે છે.

શ્રી અરવિંદ હમેશાં બે ગતિ વિશે વાત કરતા હતા — પ્રથમ વ્યક્તિગત રીતે લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વ્યક્તિનું નિર્માણ, અને બીજી ગતિ — જગતની તૈયારી. કારણ કે વ્યક્તિની પ્રગતિ સમગ્રની સ્થિતિ વડે વિલંબમાં પડતી નથી અથવા તો તેને મદદ મળતી હોતી નથી; પણ આ વસ્તુ તે બેની વચ્ચે અમુક

૧. હેમાન્થસ પુષ્પ, જે દડા જેવું હોય છે, અને જેમાં સેંકડો રાતાં અને સોનેરી કેસરો હોય છે.

સમતુલા સ્થાપી આપે છે. વ્યક્તિની ગતિ હમેશાં ખૂબ વધારે ઝડપી હોય છે, વધારે ભેદક હોય છે; તે વધારે ઝડપથી, વધારે ઊંડી રીતે આગળ વધતી હોય છે. સામૂહિક ગતિ એક એવો પાયો રચે છે, કે જે એકી-સાથે નિયમન પણ કરે છે અને ટેકો પણ આપે છે. આ બે ગતિઓ વચ્ચે સમતુલાની જરૂર હોય છે. એટલે વ્યક્તિ જેમ વધારે ઝડપથી પ્રગતિ કરે, તેમ સામૂહિક પાયાને વધારે વિસ્તારવો અને વધારે મજબૂત બનાવવો એ જરૂરી છે.

માતાજી, આ પંદરમી ઑગસ્ટના દિનને કોઈ ગૂઢવાદી અથવા સરળ અર્થવત્તા છે? કારણ કે ઈતિહાસમાં મહત્ત્વની ઘટનાઓ આ દિવસે બની હતી.

તમે ચોક્કસ રીતે શું કહેવા માગો છો? ૧૫મી ઑગસ્ટ એ શ્રી અરવિંદનો જન્મ-દિવસ છે. એટલે ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં પણ, તે તારીખનું ખૂબ મહત્ત્વ છે. એટલે?

૧૫ ઑગસ્ટે બીજી મહત્ત્વની ઘટનાઓ બની હતી?

શું, ભારતની આઝાદી? ૧૫ મી ઑગસ્ટે ભારત સ્વતંત્ર બન્યું તેથી તમે આ પ્રશ્ન કરો છો? એટલે તે શા માટે બન્યું તે તમને કહેવાની જરૂર છે; તમે જાતે તે નહિ શોધી કાઢી શકો, નહિ વારુ? તે તમને કહેવાની જરૂર છે, નહિ વારુ! મને લાગે છે કે શ્રી અરવિંદે તે દિવસે આપેલા તેમના સંદેશમાં તે લખ્યું હતું, નહિ વારુ?[૧]

(મૌન)

હા, બરાબર તેમ જ છે...

આજે મારા હાથમાં એક અભિનંદન-કાર્ડ આવ્યું, જેને લોકો પૂજાને દિવસે, અથવા નૂતન-વર્ષને દિવસે; અથવા બીજા એવા ઉત્સવને દિવસે મોકલતા હોય છે. મને તે કાર્ડના ચોક્કસ શબ્દો યાદ નથી, પણ તેમાં લખ્યું હતું કે આપણા

૧. શ્રી અરવિંદે ૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ ના દિવસે જે સંદેશ આપ્યો હતો, તેનો ઉલ્લેખ શ્રી માતાજી અહીં કરે છે.

રાષ્ટ્રની આ આઝાદીના દિને તમને અભિનંદન. તે એવા માણસે લખ્યું હતું કે જેણે ઘણા લાંબા સમય પહેલાં પોતાને શ્રી અરવિંદના શિષ્ય તરીકે જાહેર કર્યો હતો. મને તે એક એવી અતિશયતા લાગે છે, કે જે માત્ર માનવની મૂર્ખાઈ જ કરી શકે. જો તેણે એમ લખ્યું હોત કે "શ્રી અરવિંદના આ સ્મૃતિ-યોગ્ય જન્મ-દિને અને તેના સ્વાભાવિક પરિણામ-રૂપ દેશની આઝાદીના જન્મદિને", તો તે તદ્દન બરાબર ગણાત. પણ મહત્ત્વની વાત ભૂલી જવામાં આવી હતી. અને આનુષંગિક વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આઝાદી તો માત્ર શ્રી અરવિંદના જન્મ-દિનનું સ્વાભાવિક પરિણામ હતું; આઝાદી તે દિનના પરિણામરૂપે આવવાની જ હતી; તેમાં મીન-મેખનો ફેરફાર થઈ શકે તેમ ન હતું.

પણ લોકો હમેશાં તે રીતે — ખોટી રીતે જ વિચાર કરતા હોય છે. તેઓ કાર્યને કારણ માની લેતા હોય છે; તેઓ કારણને ભૂલી જતા હોય છે અને પરિણામને મહત્ત્વ આપતા હોય છે.

તેથી જગત પગ અદ્ધર હવામાં રાખીને પોતાના મસ્તક પર ચાલતું હોય છે; તેનું બીજું કોઈ જ કારણ નથી.

(મૌન)

આજે મારી પાસે ખૂબ પ્રશ્નો આવ્યા છે. એક પ્રશ્ન મને હમણાં વધારામાં મળ્યો. આ પ્રશ્ન કદાચ જગત માટે સૌથી વધારે મુશ્કેલ સમસ્યા ઊભી કરે છે. આ દર્શન-પ્રસંગે મારે તે સમસ્યા ઉપસ્થિત કરવી તે મને યોગ્ય લાગતું નથી. છતાં પણ તે ખૂબ રસપ્રદ છે. તેનો ખૂબ સંતોષકારક ઉત્તર મળવો જોઈએ, કારણ કે છેલ્લા દ્વારને ખોલી નાખવાની તે ચાવીરૂપ છે.

વિશ્વના અસ્તિત્વની સમસ્યાના ઉકેલ માટે માણસ આગળ બે શક્ય વલણો છે. વ્યવહારુ દૃષ્ટિબિંદુથી એમ કહી શકાય કે વિશ્વ અત્યારે છે તેવું — તે અસ્તિત્વ ધરાવે છે, એટલે તે છે તેવું તેને સ્વીકારી લેવું તે સૌથી વધારે ડહાપણ-ભરેલું વલણ છે; જો તે વિશ્વથી તેને સંતોષ ન થતો હોય, તો માણસે તેને વધારે સારું બનાવવા માટે કોશિશ કરવી જોઈએ. માણસ આવું વ્યવહારુ વલણ અપનાવે, તો પણ સમસ્યા તો ઊભી જ રહે છે. વિશ્વને વધારે સારું કેવી રીતે બનાવવું? એટલે જેનો ઉકેલ લાવવો શક્ય નથી તેવી સમસ્યા વળી પાછી આવીને ખડી થાય છે. વસ્તુસ્થિતિ આ છે.

ભગવાનનો સંકલ્પ અને તેને અભિવ્યક્ત કરનાર કૃપા સર્વ-શક્તિમાન

છે. ભગવાનના તે સંકલ્પને અને કૃપાને જે વસ્તુ અભિવ્યક્ત ન કરતી હોય, તે વિશ્વમાં વિદ્યમાન હોઈ જ ન શકે. આ તાર્કિક વલણ, જેનું વર્ણન 'વુ વી'[૧] નામના નાનકડા પુસ્તકમાં આવે છે, જેનું વાચન હું શુક્રવારે તમારી સમક્ષ કરતી હતી — તે પરિપૂર્ણ શાન્તિનું, સંપૂર્ણ સમર્પણનું, સર્વ અંગત પ્રયત્નોને અને અંગત સંકલ્પને બાજુ પર મૂકી દેવાનું વલણ, ભગવાનના સંકલ્પને પોતાની જાત સમર્પિત કરી દેવાનું વલણ, ભગવાનના સંકલ્પને પોતાના દ્વારા કાર્ય કરવા દેવાનું વલણ, તે પુસ્તકમાં વર્ણવાયું છે.

યાદ રાખો, આ બિલકુલ સહેલું નથી, તે દેખાય છે તેટલું સહેલું નથી. પણ જો માણસ દિલની સચ્ચાઈપૂર્વક તે વલણ અપનાવે, તો ચોક્કસ તરત જ તે પરિપૂર્ણ શાન્તિને પ્રાપ્ત કરે, વિશુદ્ધ આનંદને પ્રાપ્ત કરે; તમારા જીવનમાં ગમે તેવી ઘટનાઓ બનતી હોય, પણ તે તમારામાં બિલકુલ વિક્ષેપ પેદા નહિ કરે. વ્યક્તિગત ઉદ્ધાર માટે હમેશાં આ વલણની ભલામણ કરવામાં આવી છે. મારે ઉમેરવું જોઈએ કે આ સુંદર રીતે લખાયેલા સુંદર પુસ્તકમાં લેખક — ઋષિસમર્પણની સ્થિતિને શાન્ત, ભૂરા, વિશાલ, સમુદ્ર સાથે સરખાવે છે, જે સમુદ્ર ગહન શક્તિ વડે સંચાલિત થતો હોવાને કારણે, તેમાં યોગ્ય ક્ષણે ભરતી આવે છે અને યોગ્ય ક્ષણે તેમાં ઓટ આવે છે. સાચે જ આ એક આદર્શ વર્ણન છે. પણ વ્યવહારુ અને જરાક વિષયગત મન તમને તરત જ કહે છે કે "ઠીક; પણ સમુદ્રમાં તોફાનો પણ આવતાં હોય છે, ભીષણ ઝંઝાવાતો ઊઠતા હોય છે, ભરતીનાં મોજાં ઊછળતાં હોય છે, દ્વીપોને તે ગળી જતાં હોય છે. એટલે તે ભગવાનની કદાચ બીજી બાજુ હોઈ શકે, પણ તે શાન્તિને લઈ આવતું હોતું નથી, લેખકે વર્ણવી છે તે રીતે તો નહિ જ. આવા સંજોગોમાં શાન્તિમાં રહેવા માટે ચેતનાની બીજી સ્થિતિમાં માણસે રહેવું પડે. માણસે પોતાની જાતની સરખામણી સમુદ્ર સાથે ન કરવી જોઈએ!" એટલે તે જ સમસ્યા ફરી પાછી આવીને ખડી રહે છે.

શ્રી અરવિંદે પોતાના 'દિવ્ય જીવન' નામના ગ્રંથમાં આ બધાનું અધ્યયન કર્યું છે અને તે આપણને કહે છે કે પ્રગતિશીલ ઉત્ક્રાન્તિનાં ચિહ્નો ચોક્કસ આપણી નજરે પડે છે. ઉત્ક્રાન્તિને સ્વાભાવિક રીતે જ એક લક્ષ્ય હોય છે. જો તે પ્રગતિ-શીલ ઉત્ક્રાન્તિ હોય, તો એમ માની શકાય કે બધું જ ભગવાનની કૃપાની અને તેમના સંકલ્પની અભિવ્યક્તિ હોય છે, પણ છતાં બધું હોવું જોઈએ

૧. 'વુ વી' નવલકથા લાઓત્સેના તત્ત્વચિંતન પર આધારિત છે. હેન્રી બોહેલ તેના લેખક છે. (લાયબ્રેરી ફ્રિશબાયર, ૩૩ ટુ ડે સીન, પેરિસ).

તેમ હોતું નથી. દરેક વસ્તુ ભગવાનના સંકલ્પ અનુસાર જ બનતી હોય છે, પણ દરેક વસ્તુ જેમ હોવી જોઈએ તેમ હોતી નથી; નહિ તો વસ્તુઓમાં ગતિ જ ન થાય.

એટલે ફરી પાછી તે જ સમસ્યા આવીને ખડી રહે છે.

મને જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, તે આ છે :

"હવે અતિ-મનસ્નો આવિર્ભાવ પૃથ્વી પર થઈ ચૂક્યો છે; એટલે સ્વભાવિક રીતે જ એમ માની શકાય કે ભગવાનની કૃપા સર્વ-શક્તિમાન છે. આ વાત સત્ય છે?"

ભગવાનની કૃપા હમેશાં સર્વ-શક્તિમાન છે જ.

પણ છતાં જગત જેવું અત્યારે છે તેની સરખામણી આપણી કલ્પનાના જગત સાથે જો આપણે કરીએ, અને જો આપણે અજ્ઞાનમય ચેતનામાંથી વધારે દિવ્ય ચેતનામાં પ્રવેશ કરીએ, તો — જો ભગવાનની કૃપા સર્વ-શક્તિમાન હોય તો — તે જગત હમેશાં બહુ સારું નથી કેમ જણાતું?

જે હોવું જોઈએ તેની દર્શના તે સિદ્ધ થાય તે પહેલાં, ઘણા લાંબા સમય પહેલાં, થતી હોય છે. તે સમગ્ર સમસ્યાને પેદા કરે છે. માણસ સાક્ષાત્કારને આગળ, ઊર્ધ્વમાં જોતો હોય છે — હવે પછીના પગલારૂપે નહિ, પણ એક દિવસે જે થવાનો છે તે રૂપે. ત્યારે માણસ પોતાની જાતને કહેતો હોય છે કે અત્યારે જે સિદ્ધ થયો છે તેના કરતાં આ ખ્યાલ વધારે દિવ્ય છે; એટલે જો કૃપા સર્વ-શક્તિમાન હોય, તો તે હમણાં જ સિદ્ધ થવો જોઈએ. માનવનું મન જે રીતે આ સમસ્યાને જુએ, તે રીતે અત્યારે હું તેને જોઉં છું, તેથી તમે બધા મને સમજી શકો.

પણ માણસ સર્વ-શક્તિમાન કૃપા શેને કહેતો હોય છે? સામાન્ય મન તો એમ જ માનતું હોય છે કે પોતે જેને સિદ્ધ કરવા માગતી હોય તે વસ્તુને કૃપા તરત જ સિદ્ધ કરી શકે છે, તેવા ખ્યાલો વિશે હું વાત કરવા નથી માગતી. તે ખ્યાલને બાલિશ ગણીને આપણે બાજુએ મૂકી દેવો જોઈએ. પણ એમ કબૂલ રાખીએ કે અમુક માણસમાં ગહનતર, ઉચ્ચતર દર્શના છે, આદર્શ જગતનું આંતર દર્શન છે, જેમાં આપણને આઘાત આપે તેવી બધી વસ્તુઓ અદૃશ્ય બની જાય; તો તે માણસની સમક્ષ સાચી રીતે એવી સમસ્યા ઉપસ્થિત થઈ ગણાય કે જેનો ઉકેલ લાવી શકાય તેમ નથી.

આ વસ્તુ સામાન્ય માનવોમાં વધારે સરળ અને બાલિશ રૂપ ધારણ કરે છે કાં તો ભગવાનનો સંકલ્પ એક એવી વસ્તુ છે કે જેનો આપણે વિચાર જ ન કરી શકીએ — આમ માનવું એ આશ્ચર્ય-જનક નથી જ! — , જો અત્યારે વસ્તુઓ જેવી છે તેવી ચાલુ રાખવા માગતો હોય, તો તે રાક્ષસી ગણાય; અથવા તો કૃપા સર્વશક્તિમાન નથી.

હું તમને પાંજરા સામે લાલબત્તી ધરવા માટે આ બધું કહી રહી છું. આપણા વિરોધીની આ મોટી દલીલ છે. મનને ધૂંધળું કરી મૂકવા માટે અને બળવો પોકારવા માટે તે આ દલીલ આપતો હોય છે. પણ એક પાંજરા તરીકે તે સારી રીતે વિચારી કઢાયેલી દલીલ છે.

પછી બીજા લોકો આવીને કહે છે કે "તમે અજ્ઞાનમાં છો, એટલા માટે તમને એમ દેખાય છે, તમારી ચેતનામાં પરિવર્તન કરો, અને તમે જુદી રીતે જોઈ શકશો." આ વાત તદ્દન સાચી છે. હું તમને કહી રહી હતી, અને હું તેની પુનરુક્તિ કરું છું કે જો તમે અજ્ઞાનમાંથી બહાર આવી શકો અને જરા પણ દિવ્ય વાસ્તવિકતા સાથે મિલનને પ્રાપ્ત કરો, તો તમને એક એવું આનંદપૂર્ણ જીવવાનું મળે, જેમાં દરેક વસ્તુ અદ્‌ભુત અને ભવ્ય જણાય અને જેમાં દરેક વસ્તુમાં કૃપા પ્રગટ થતી હોય. જો તમે તે સ્થિતિમાં સતત રહી શકો — જે વસ્તુ સહેલી તો નથી જ — , તો તમે તમારે માટે તે સમસ્યાનો ઉકેલ લાવી દીધો ગણાય. પણ તે તમને જગતમાંથી બહાર ખેંચી જાય છે, જગતના જીવનમાં ભાગ લેવા દેતી નથી, અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જો દરેક વસ્તુનું પરિવર્તન તે રીતે કરવાનું હોય, તો જગતનાં બધાં તત્ત્વોનું તેવું રૂપાંતર કરવામાં શાશ્વતી પણ ઓછી પડે.

ફરી પાછી તે જ સમસ્યા આવીને ખડી રહે છે. તમે ગમે તે રીતે તે સમસ્યા પ્રત્યે અભિગમ કરો, પણ તે સમસ્યા હમેશાં આવીને પાછી ખડી થવાની જ.

તેનો ઉકેલ છે.

તે બાબત વિચાર કરો. બીજી કોઈ વાર આપણે તેને વિશે વાત કરીશું. તમે પ્રયાસ કરો એમ હું માગું છું. તેથી ફાયદો થશે, કારણ કે માનવની ચેતનામાં આ સંઘર્ષ સતત આવતો રહેતો હોય છે. સઘન કાર્યના વિરોધનો તે સંઘર્ષ પાયો છે, કારણ કે તે સંઘર્ષ લોકોના મનમાં — આ ક્ષેત્રમાં ખૂબ પ્રકાશને પ્રાપ્ત થયેલા લોકોના મનમાં પણ — હમેશાં આધ્યાત્મિક જીવન વચ્ચે અને ભૌતિક સૃષ્ટિના વિનાશ વચ્ચે ગૂંચવાડો પેદા કરે છે, કારણ કે તેઓ માત્ર તેને જ છટકી જવાનું એક-માત્ર સાધન માનતા હોય છે. તેઓ એમ વિચારતા હોય છે કે ભૌતિક

વાસ્તવિકતામાંથી આપણે છટકી જઈએ, એટલે આ સમસ્યામાંથી પણ આપણે છટકી જઈ શકીશું. તેઓ એમ માનતા હોય છે કે જ્યાં તે સમસ્યા ખડી જ ન રહે તેવી સ્થિતિને પ્રાપ્ત કરવા માટે માણસે જીવનમાંથી બહાર ચાલ્યા જવું જોઈએ.

તેનો ઉકેલ છે.

પણ તેની ચર્ચા આપણે બીજે કોઈ સમયે કરીશું.

જ્યારે માતાજી, આ વર્ગ પૂરો થયા પછી, પાછાં આશ્રમમાં આવ્યાં, ત્યારે તેમણે આ ટીકા કરી હતીઃ

આજ સાંજે વર્ગ માં મેં બે વાર તે ઉકેલ આપ્યો — પણ તે મૌન-પૂર્વક.

આ ઉકેલને ૧૫મી ઑગસ્ટ સાથે કશો સંબંધ છે ખરો? કેથોલિક દેવળમાંના દેહ-ધારણના ઉત્સવ વચ્ચે અને શ્રી અરવિંદના જન્મ-દિનની તારીખ વચ્ચે કોઈ સંબંધ છે ખરો?

હા. તેમણે પોતે જ તે વાત કહી છે. કુમારિકા મેરીનું દેહધારણ તે પદાર્થ-તત્ત્વનું દિવ્યીકરણ છે. છેલ્લા અવતારનું લક્ષ્ય પણ એ જ છે.

*

પરિશિષ્ટ

૧૫ ઑગસ્ટ ૧૯૪૭[1]

૧૯૪૭ની પંદરમી ઑગસ્ટ એ સ્વતંત્ર ભારતનો જન્મદિન છે. તેને માટે હવે નવા યુગનો પ્રારંભ થાય છે અને જૂનો યુગ પૂરો થાય છે. પણ આપણે તેને, આપણાં જીવન અને કૃત્યો દ્વારા, એક મુક્ત રાષ્ટ્ર તરીકે, તે તારીખને સમગ્ર જગત માટે, માનવ-જાતિના રાજકારણી, સામાજિક, સાંસ્કૃતિક, અને આધ્યાત્મિક ભાવિ માટે એક નવા યુગને ખોલી આપનાર, મહત્ત્વની તારીખ બનાવી શકીએ.

૧૫મી ઑગસ્ટ એ મારો પણ જન્મ-દિન છે. તેથી સ્વાભાવિક રીતે જ, તે તારીખે આવી વિશાળ અર્થવત્તા પ્રાપ્ત કરી એ મને સંતોષ આપનારી ઘટના છે. આ બંને ઘટનાઓ એક જ તારીખે બની તે એક અકસ્માત નથી, પણ જે પગલાં વડે મેં મારા જીવનની શરૂઆત કરી હતી તેને દોરવણી આપનાર, ભગવાનના સંકલ્પે તેના પર સીલ મારીને સંમતિ આપી છે. મારા જીવનનો તે પ્રારંભ-સમય આ રીતે પરિપૂર્ણ બન્યો છે. સાચે જ, આજે જે વિશ્વ-ગતિઓને હું મારા જીવન-કાળ દરમિયાન સિદ્ધ બનેલી જોવાની આશા રાખતો હતો, તે સમયે જે ગતિઓ અવ્યવહારુ સ્વપ્નો જેવી લાગતી હતી, તે આ રીતે સિદ્ધ થઈ તે હું જોઈ રહ્યો છું. આ બધી ગતિઓમાં સ્વતંત્ર ભારત મહાન ભાગ ભજવી શકે અને આગેવાનીભર્યું સ્થાન લઈ શકે.

આમાંનું પ્રથમ સ્વપ્ન હતું ક્રાન્તિકારી ચળવળનું, જે સ્વતંત્ર અને સંયુક્ત ભારતનું સર્જન કરી શકે. આજે ભારત સ્વતંત્ર છે, પણ તેણે એકતા પ્રાપ્ત કરી નથી. એક વાર એમ લાગતું હતું કે સ્વતંત્રતા પ્રાપ્ત કરતાં જ ભારત ફરી પાછું, બ્રિટિશ વિજય પહેલાં હતું તેમ, ભિન્ન-ભિન્ન રાજ્યોની અંધાધૂંધીમાં હડસેલાઈ જશે. પણ સદ્‌ભાગ્યે હવે એવો સંભવ જણાય છે કે તે જોખમ દૂર થઈ જશે, અને જો કે પરિપૂર્ણ નહિ, પણ વિશાળ અને શક્તિશાળી એકતા સ્થપાશે. વળી કોન્સ્ટીટયુઅન્ટ એસેમ્બ્લીની ડહાપણભરેલી, કડક નીતિને લીધે પછાત વર્ગોની સમસ્યા પણ, કોઈ ભેદ કે ફૂટફાટ વગર, ઊકલી જશે. પણ

૧. ૧૯૪૭ ના ઑગસ્ટની ૧૪ મી તારીખે, ભારતની આઝાદીની આગલી સાંજે, ત્રિચિનોપોલીના ઑલ ઇન્ડિયા રેડિયો પરથી આ સંદેશ વાયુ — પ્રવચનરૂપે જાહેર થયો હતો.

હિંદુ-મુસ્લિમના જૂના જાતીય ભેદે દેશના સ્થાયી રાજકારણી વિચ્છેદનું કઠોર રૂપ પકડ્યું છે. એવી આશા રાખીએ કે આ નિશ્ચિત હકીકતનો સદાને માટે નિશ્ચિત હકીકત-રૂપે સ્વીકાર કરવામાં નહિ આવે; તેને માત્ર એક અલ્પકાલીન પગલાં તરીકે સ્વીકારવામાં આવશે. જો તે ભેદ ચાલુ રહે, તો ભારત ગંભીર રીતે નબળું પડી જાય, અપંગ બની જાય, આંતર-વિગ્રહ હમેશાં શક્ય બની રહે, નવીન આક્રમણની અને વિદેશી વિજયની પણ સંભાવના રહે. ભારતના આંતર વિકાસ અને સમૃદ્ધિમાં અવરોધ આવે, રાષ્ટ્રોમાં ભારતનું સ્થાન નબળું બની જાય, તેનું ભાવિ બગડી જાય અથવા નિષ્ફળ બની જાય. માટે ભારતના ભાગલા જવા જ જોઈએ; તેને ચલાવી શકાય નહિ. આપણે આશા રાખીએ કે શાન્તિની અને સુમેળની જરૂરિયાતને કારણે, ભેગા મળીને થતા કાર્ય વડે અને તે માટે જરૂરી સાધનોના સર્જન વડે, સ્વાભાવિક રીતે જ તે ભાગલા દૂર થઈ જશે. આમ, ગમે તે રૂપમાં, આખરે એકતા સ્થપાશે — પછી તે એક યા બીજા રૂપમાં ભલે હોય. તે નિશ્ચિત રૂપનું વ્યાવહારિક મહત્વ ભલે હોય, પણ પાયાનું મહત્વ નથી. પણ ગમે તે ઉપાયે, ગમે તે રીતે, ભાગલા તો જવા જ જોઈએ, એકતા આવવી જ જોઈએ — તે આવશે જ, કારણ કે ભારતના ભાવિની મહત્તા માટે એકતા આવશ્યક છે.

મારું બીજું સ્વપ્ન હતું — એશિયાના લોકોનું પુનરૂત્થાન અને તેમની સ્વતંત્રતા; અને તે લોકો માનવ સંસ્કૃતિની પ્રગતિમાં મહાન ભાગ ભજવે. એશિયા જાગ્રત થયું છે. તે ખંડના મોટા ભાગો હવે સ્વતંત્ર બન્યા છે અથવા સ્વતંત્રતાના માર્ગે છે. તેના બીજા પરતંત્ર અથવા આંશિક રીતે પરતંત્ર ભાગો સ્વતંત્રતા માટેના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા છે. હવે થોડું જ કરવાનું બાકી છે, અને આજે અથવા આવતી કાલે તે કરાશે. તેમાં ભારતે ભાગ ભજવવાનો છે; તે ભાગ લેવાની તેણે શક્તિ-પૂર્વક અને આવડતપૂર્વક શરૂઆત કરી દીધી છે, જે ભારતની શક્યતાઓને અને રાષ્ટ્રોની સમિતિમાં તે જે ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરશે તે બતાવી આપે છે.

મારું ત્રીજું સ્વપ્ન હતું — જગતની એકતા. તેના બાહ્ય પાયા ઉપર માનવ-જાતિ માટે વધારે સુંદર, વધારે તેજોમય, વધારે ઉદાત્ત જીવનનું નિર્માણ થઈ શકે. માનવ-જાતિની એકતાનું કામ ચાલી રહ્યું છે, તેની અપૂર્ણ શરૂઆતનું સંગઠન થવા લાગ્યું છે; પણ હજી તેને મહાન મુશ્કેલીઓનો સામનો કરવાનો રહે છે. પણ ગતિનો વેગ દેખાઈ આવે તેવો છે; તેમાં જરૂર વૃદ્ધિ થવાની અને તે વિજય પ્રાપ્ત કરવાનો જ. આ બાબતમાં પણ ભારતે આગળ પડતો

ભાગ લેવાની શરૂઆત કરી દીધી છે. જો ભારત વિશાળતર મુત્સદ્દીગીરીને વિકસાવશે, આધુનિક હકીકતો અને તરતની શક્યતાઓ વડે તે મુત્સદ્દીગીરીને મર્યાદિત નહિ થવા દે, પણ ભાવિ પર દૃષ્ટિ રાખીને તેને વધારે નજીક લાવશે, તો ભારતની હાજરીને કારણે, વિકાસ ધીમો અને બીકણ નહિ બને, પણ હિંમતવાન અને ઝડપી બનશે. જે થઈ રહ્યું છે તેમાં સંકટ આવે, અવરોધ આવે, તેનો નાશ પણ કરાય; પણ છતાંયે આખરી પરિણામ નિશ્ચિત છે. કારણ કે એકતા એ પ્રકૃતિની જરૂરિયાત છે, અનિવાર્ય ગતિ છે. રાષ્ટ્રો માટે પણ તેની જરૂરિયાત સ્પષ્ટ દેખાય છે, કારણ કે એકતા સિવાય નાનાં રાષ્ટ્રોની સ્વતંત્રતા ગમે તે ક્ષણે જોખમમાં મૂકાય, અને વિશાળ, શક્તિશાળી રાષ્ટ્રોની સલામતી અને જીવન પણ જોખમાય. એટલે એકતા બધા લોકોના હિતમાં છે. માત્ર માનવીય નિર્બળતા અને મુર્ખાઈ-ભરેલી સ્વાર્થમયતા જ તેને અટકાવી શકે. પણ તે પ્રકૃતિની જરૂરિયાત સામે તથા ભગવાનના સંકલ્પ સામે સદાને માટે ન ટકી શકે. પણ માત્ર બાહ્ય પાયો જ પર્યાપ્ત નથી. આંતર-રાષ્ટ્રીય ભાવના અને દૃષ્ટિબિંદુમાં વૃદ્ધિ થવી જોઈએ; આંતર-રાષ્ટ્રીય રચનાઓ અને સંસ્થાઓ પણ ઊભી થવી જોઈએ; દા. ત. બે રાજ્યોની અથવા અનેક રાજ્યોની નાગરિકતા, સંકલ્પપૂર્વકનો વિનિમય, અથવા સંસ્કૃતિઓનો સ્વેચ્છામય સમન્વય. રાષ્ટ્રવાદ પરિપૂર્ણ બનશે, તે પોતાનું લડાયકપણું ત્યજી દેશે, આ વસ્તુઓને તે આત્મ-સંરક્ષણથી તથા દૃષ્ટિબિંદુની સમગ્રતાથી વિરોધી નહિ ગણે. માનવ-જાતિ ઉપર એકતાની એક નવીન ભાવના પકડ જમાવશે.

મારું અન્ય સ્વપ્ન — ભારતે જગતને જે આધ્યાત્મિક દેણ આપવાની છે તેનો તો પ્રારંભ થઈ ચૂક્યો છે. ભારતની આધ્યાત્મિકતા યુરોપમાં અને અમેરિકામાં, વધતા જતા પ્રમાણમાં, પ્રવેશ કરી રહી છે. તેની ગતિમાં વૃદ્ધિ થશે. અત્યારનાં સંકટોમાં વધારે ને વધારે માણસો આધ્યાત્મિકતા પ્રત્યે આશાપૂર્ણ મીટ માંડી રહ્યા છે. વધારે ને વધારે માણસો ભારતના ઉપદેશોનો આશ્રય લે છે એટલું જ નહિ, પણ તેની ચૈત્યિક અને આધ્યાત્મિક સાધનાઓનો પણ આશ્રય લઈ રહ્યા છે.

મારું છેલ્લું સ્વપ્ન હતું — ઉત્ક્રાન્તિમાં એક આગળનું પગલું, જે માણસને ઉચ્ચતર અને વિશાળતર ચેતનામાં આરોહણ કરાવે; અને માણસે જ્યારથી પ્રથમ વિચારવાની શરૂઆત કરી અને વ્યક્તિગત પરિપૂર્ણતા અને પરિપૂર્ણ સમાજ માટેનાં સ્વપ્ન સેવવા માંડ્યાં ત્યારથી જે સમસ્યાઓ તેને સતાવી રહી છે તેમના ઉકેલનો તે પ્રારંભ કરાવે. અત્યાર સુધી તો આ આદર્શ એક અંગત આશા

અને વિચાર રહ્યાં છે, જેણે ભારતના તથા પશ્ચિમના માનવીઓના મન ઉપર પકડ જમાવવાની શરૂઆત કરી દીધી છે. બીજા પ્રયાસોનાં ક્ષેત્રો કરતાં, આ ક્ષેત્રમાં માર્ગમાં આવતી મુશ્કેલીઓ વધારે ભીષણ છે. પણ મુશ્કેલીઓ, તેમના પર વિજય પ્રાપ્ત કરવા માટે, આવતી હોય છે. જો ભગવાનનો સંકલ્પ હશે, તો તે મુશ્કેલીઓ પર વિજય પ્રાપ્ત થશે જ. આત્માની અને આંતર ચેતનાની વૃદ્ધિ દ્વારા ઉત્ક્રાન્તિએ આગળ વધવાનું છે. એટલે જો ઉત્ક્રાન્તિ થવાની હોય, તો તેનો આવેગ ભારતમાંથી આવવો જોઈએ; તેની ક્ષેત્રમર્યાદા ભલે વૈશ્વિક હોય, પણ ભારતે તેની કેન્દ્રીય ગતિનો પ્રારંભ કરવાનો છે.

ભારતની સ્વતંત્રતાની તારીખમાં હું આ વસ્તુઓનો સમાવેશ કરું છું. આ આશા કેવી રીતે અને કેટલા પ્રમાણમાં ફળીભૂત થશે તેનો આધાર નવીન અને સ્વતંત્ર ભારત પર રહેશે.

(શ્રી અરવિંદ, ઑન હિમસેલ્ફ, ગ્રંથ ૨૬, પૃષ્ઠ ૪૦૪ – ૪૦૬)

*

વાર્તાલાપ — ૩૪

૨૨ ઑગસ્ટ ૧૯૫૬

મધુર માતાજી, શ્રી અરવિંદ મુક્ત મનનું સ્વર્ગ શેને કહે છે?

મુક્ત મનનું સ્વર્ગ? તે એક તત્ત્વચિંતનીય શબ્દ-ગુચ્છ છે. જ્યારે મન મુક્ત થાય છે, ત્યારે તે સ્વર્ગીય ઊંચાઈઓ પર આરોહણ કરે છે. શ્રી અરવિંદ મનના આ ઉચ્ચતર પ્રદેશોને પૃથ્વીની ઉપર રહેલા આકાશ સાથે સરખાવે છે. સામાન્ય મન સાથેની સરખામણીમાં તે સ્વર્ગીય હોય છે.

બસ, એટલું જ?

(મૌન)

કોઈકે મને સમાધિ વિષે પ્રશ્ન પૂછ્યો છે. જ્યારે માણસ સમાધિની સ્થિતિમાં પ્રવેશે છે, ત્યારે વ્યુત્થાન-દશામાં તેની સચેતન સ્મૃતિ હોતી નથી.

સમાધિની સ્થિતિ શું પ્રગતિની નિશાની છે?

પ્રાચીન સમયમાં સમાધિને ખૂબ ઉચ્ચ સ્થિતિ ગણવામાં આવતી હતી. તેને મહાન સાક્ષાત્કારની નિશાની માનવામાં આવતી હતી, અને યોગ-સાધના કરવા માગનાર લોકો તે પ્રકારની સ્થિતિને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા હતા. એ સ્થિતિ વિશે અનેક પ્રકારની અદ્‌ભુત વાતો કહેવામાં આવી છે. તમે જે ઇચ્છો તે તેને વિશે કહી શકો, કારણ કે તમે ચોક્કસપણે વ્યુત્થાન-દશામાં આવ્યા પછી તેનું કશું જ યાદ રાખી શકતા હોતા નથી! તેમાં પ્રવેશ કરેલા લોકો તે સ્થિતિમાં પોતાને શું બન્યું તે વિષે કાંઈ જ કહી શકતા હોતા નથી. એટલે માણસ પોતાને ગમે તે વાત સમાધિ વિશે કરી શકે.

આનુષંગિક રીતે હું તમને કહી શકું કે કહેવાતા સર્વ પ્રકારના આધ્યાત્મિક સાહિત્યમાં મેં સમાધિ વિશે અદ્‌ભુત વાતો વાંચી છે, અને બન્યું એમ કે મને કદી પણ તેની અનુભૂતિ થઈ નથી. એટલે મેં જાણ્યું ન હતું કે આ સ્થિતિ નિકૃષ્ટતાની નિશાની છે કે કેમ. જ્યારે હું અહીં આવી, ત્યારે શ્રી અરવિંદને મેં જે પ્રશ્નો પૂછ્યા તે આમ હતા, "જેની યાદ પાછળથી આવી શકતી નથી તે

સમાધિ-સ્થિતિ વિશે તમે શું ધારો છો? માણસ આનંદપૂર્ણ સ્થિતિમાં પ્રવેશે છે, પણ જ્યારે તે વ્યુત્થાન-દશામાં આવે છે, ત્યારે તે સમાધિમાં શું બન્યું હતું તે તે જાણતો હોતો નથી." પછી તેમણે મારી સામે જોયું, મારા કહેવાના ભાવાર્થને તેમણે જોઈ લીધો, અને મને કહ્યું, "શું? હા, જ્યારે તમે સમાધિમાં પ્રવેશો છો, ત્યારે તમે તમારા સચેતન અસ્તિત્વથી બહાર જતા હો છો, અને તમારા અસ્તિત્વના એવા એક ભાગમાં પ્રવેશતા હો છો, કે જે તદ્દન અચેતન હોય છે અથવા તમે એવા પ્રદેશમાં જાઓ છો, જ્યાં તમારામાં સુસંગત ચેતના નથી હોતી — તમે તમારી ચેતનાના ક્ષેત્રથી પર જાઓ છો, અને એવા પ્રદેશમાં પ્રવેશતા હો છો, કે જે સચેતન નથી હોતો. તમે બિન-અંગત સ્થિતિમાં હો છો, અર્થાત્ અચેતન સ્થિતિમાં હો છો, અને સ્વાભાવિક રીતે જ તમને કશું યાદ હોતું નથી, કારણ કે તમે કોઈ પણ વસ્તુથી સભાન ન હતા[૧]." આથી મને ખાતરી થઈ ગઈ, અને હું બોલી કે ઠીક, પણ તે સ્થિતિ મને કદી પણ આવી નથી. તેમણે જવાબ આપ્યો કે મને પણ તે સ્થિતિ કદી આવી નથી! (હસાહસ)

ત્યારથી જ્યારે લોકો મારી આગળ સમાધિ વિશે વાત કરે છે, ત્યારે હું તેમને કહું છું કે, "ઠીક, તમે તમારી આંતર વ્યક્તિતાનો વિકાસ સાધવા પ્રયત્ન કરો, અને તમે પરિપૂર્ણ ચેતના સાથે તે ક્ષેત્રોમાં પ્રવેશ કરી શકશો અને ઉચ્ચતમ પ્રદેશો સાથે સંબંધનો આનંદ પ્રાપ્ત કરી શકશો, પણ તેમાં તમારી ચેતના ગુમાવાઈ ગઈ નહિ હોય, અને તમે કોઈ અનુભૂતિને બદલે શૂન્ય લઈને પાછા જાગ્રત્-સ્થિતિમાં આવશો."

જે ભાઈએ મને પૂછ્યું છે કે સમાધિ એ પ્રગતિની નિશાની છે, તેને મારો આ જવાબ છે. જ્યારે જરા પણ અચેતનતા નથી હોતી, જ્યારે સમાધિમાં ગયા વગર માણસ તે જ પ્રદેશોમાં જઈ શકે છે, ત્યારે તે પ્રગતિની નિશાની છે.

પણ શબ્દોમાં ગૂંચવાડો હોય છે.

૧. જ્યારે ૧૯૬૨માં આ વાર્તાલાપ પ્રથમ પ્રસિદ્ધ થયો હતો, ત્યારે માતાજીએ નીચેની ટીકા ઉમેરી હતીઃ "એવા પણ કેટલાક લોકો હોય છે, જે પોતે સચેતન રહી શકે તેવા પ્રદેશોમાં પ્રવેશે છે. પણ તે સચેતન સ્થિતિ વચ્ચે અને સામાન્ય જાગ્રત્ સ્થિતિ વચ્ચે એક ખાડો હોય છે. તેમની જાગ્રત-સ્થિતિ અને ગહનતર સ્થિતિ વચ્ચેના ગાળામાં તેમનું વ્યક્તિત્વ રહેલું હોતું નથી. એટલે જાગ્રત્-સ્થિતિમાં આવતાં તે ભૂલી જતા હોય છે. ત્યાંની ચેતનાને તેઓ અહીંની ચેતનામાં પાછી લાવી શકતા નથી, કારણ કે તે બેની વચ્ચે એક ખાડો હોય છે. એવી ગૂઢવાદી સાધના હોય છે, જેના વડે માણસ વચગાળાનાં ક્ષેત્રોની રચના કરી શકે, અને વસ્તુઓને યાદ કરી શકે."

જ્યારે તમે તમારા અસ્તિત્વના અમુક ભાગને છોડી દેતા હો છો — દા.ત. જ્યારે તમે તદ્દન સચેતનતાપૂર્વક પ્રાણિક જગતમાં પ્રવેશ કરો છો, ત્યારે તમારું શરીર એક પ્રકારની મૂર્ચ્છામાં પ્રવેશી શકે, પણ તે સમાધિ નથી. કદાચ તેને આળસ્યમય, મૂર્ચ્છિત સ્થિતિ કહી શકાય. જ્યારે તે સ્થિતિ બહુ છેલ્લી અવસ્થાને પહોંચે છે, ત્યારે તે મૂર્ચ્છા હોય છે, કારણ કે શરીરને સંચાલિત કરનારો, અસ્તિત્વનો ભાગ શરીરમાંથી બહાર ગયો હોય છે; એટલે શરીર મૃતપ્રાય બની જાય છે, તેનું જીવન ખૂબ ન્યૂન થઈ ગયું હોય છે, તેનાં કાર્યો બંધ પડી ગયાં હોય છે. હૃદય ધીમું પડી જાય છે, તેનો અનુભવ ભાગ્યે જ કરી શકાતો હોય છે, શ્વાસોચ્છવાસ ભાગ્યે જ જોઈ શકાય છે. આ સાચી સમાધિ છે. પણ તે બધા સમય દરમિયાન, તમે પ્રાણિક જગતથી તદ્દન સભાન હો છો. બહુ સહેલી નહિ અને જોખમ વગરની પણ નહિ એવી અમુક સાધનાથી તમે એમ પણ કરી શકો છો કે જે થોડીક શક્તિ તમે શરીરમાં મૂકી રાખી હોય તેના વડે શરીર આપોઆપ પોતાની ગતિ ચાલુ રાખે છે — જ્યારે માણસનું સમગ્ર બાહ્યીકરણ થયું હોય, ત્યારે પણ. આ રીતે, લગભગ પૂર્ણ સમાધિની સ્થિતિમાં પણ માણસ બોલી શકે, બાહ્યીકરણ કરાયેલો અસ્તિત્વનો જે ભાગ તે જોતો હોય અને કરતો હોય, તેનું વર્ણન પણ કરી શકે. તેમ થવા માટે, માણસે માર્ગમાં સારી એવી પ્રગતિ કરી હોવી જોઈએ.

કેટલીક એવી સ્વયંભૂ અને અસ્વૈચ્છિક સ્થિતિઓ છે, જે તદ્દન આ પ્રકારની નથી હોતી, પણ તેને ખૂબ મળતી હોય છે. તે ઊંઘમાં ચાલવાની સ્થિતિઓ છે. અર્થાત્, જ્યારે તમે ઘસઘસાટ ઊંઘી ગયા હો, અને પ્રાણિક તમારા શરીરમાંથી બહાર ચાલ્યું ગયું હોય, ત્યારે બહાર ગયેલા પ્રાણિક ભાગના સંકલ્પનું અને કાર્યનું પાલન શરીર આપોઆપ કરતું હોય છે. આ સ્થિતિ સંકલ્પમય કાર્યનું અને નિયમિત, પ્રગતિશીલ સાધનાનું પરિણામ નથી હોતું; એટલે આ સ્થિતિ ઇષ્ટ નથી, કારણ કે તે અસ્તિત્વમાં ગેર-વ્યવસ્થાઓ પેદા કરે. પણ મેં હમણાં જ જે કહ્યું તેનું તે દૃષ્ટાંત છે, કે જ્યારે શરીર પોણા ભાગમાં ઊંઘી ગયું હોય છે, ત્યારે બહાર ગયેલા ભાગની આજ્ઞાનું તે પાલન કરતું હોય છે; અને તે બહાર ગયેલો ભાગ પરિપૂર્ણ રીતે જાગ્રત અને સચેતન હોય છે. આ સાચી સમાધિ છે.

મેં તમને અનેક વાર કહ્યું છે કે જ્યારે માણસે આ ગૂઢવાદી સાધના કરી હોય છે, ત્યારે તે પોતાના ભૌતિક શરીરનો ત્યાગ કરી શકે છે, પ્રાણિકમાં બહાર જઈ શકે છે, તદ્દન અચેતન રીતે ગતિ કરી શકે છે, આ પ્રાણિક જગતમાં તદ્દન

સચેતન રીતે કાર્ય કરી શકે છે. પછી પ્રાણિક અસ્તિત્વને ઊંઘતું છોડીને, માણસ માનસિક રીતે માનસિક જગતમાં તદ્દન સચેતનતા-પૂર્વક બહાર જઈ શકે છે, કાર્ય કરી શકે છે, અને માનસિક જગતમાં જીવી શકે છે, કારણ કે માનસિક જગત માનસિક અસ્તિત્વ સાથે સંબંધમાં હોય છે — જેવી રીતે શારીરિક અસ્તિત્વ શારીરિક જગત સાથે સંબંધમાં હોય છે તેમ. આમ પ્રગતિશીલ રીતે, નિયમપૂર્વકની સાધના વડે, આગળ ને આગળ જઈ શકાય છે. આ રીતે તાલીમ પામેલી એક સ્ત્રીને હું ઓળખતી હતી. તેનામાં ખૂબ નોંધપાત્ર અંગત શક્તિઓ હતી. તે પોતાના અસ્તિત્વની સર્વ સ્થિતિઓમાં સભાન હતી. તે બાર વખત શરીરમાંથી બહાર જઈ શકતી હતી, અર્થાત્ ક્રમિક બાર શરીરોમાંથી, અને આખરે વ્યક્તિગત ચેતનાને શિખરે પહોંચી શકતી હતી, જેને અરૂપનો ઉંબરો કહી શકાય. તે બધું જ યાદ રાખી શકતી હતી, અને દરેક વસ્તુનું વીગતવાર વર્ણન કરતી. તે એક અંગ્રેજ સ્ત્રી હતી. અંગ્રેજીમાં લખાયેલા તેના એક પુસ્તકનો મેં અનુવાદ પણ કર્યો હતો, જેમાં તે બધા પ્રદેશોમાં તેણે જે જે જોયું હતું અને કર્યું હતું તેનું વર્ણન છે.

પોતાના અસ્તિત્વ પર ખૂબ પ્રભુત્વ મેળવ્યું હોવાની તે સ્પષ્ટ નિશાની છે, અને સચેતન વિકાસની પરાકાષ્ઠાને પ્રાપ્ત કર્યાની નિશાની છે. પોતાની ચેતનામાંથી બહાર જઈને અચેતનતાની સ્થિતિમાં પ્રવેશ કરવો, તે તેનાથી તદ્દન ઊલટી વસ્તુ છે, વિરુદ્ધની વસ્તુ છે.

(મૌન)

તે મને એક ભલામણ અને સલાહ તરફ દોરી જાય છે.

આપણે સિન્થેસિસ ઑફ યોગમાં તથા 'દિવ્ય જીવન'ના તાજેતરમાં અભ્યાસ કરેલા કેટલાક ફકરાઓમાં વાંચ્યું છે, જેમાં શ્રી અરવિંદ સાધના કરનારાઓ તથા તેમની ચેતના માટે કેટલીક વાર ખૂબ — વધારે બળવાન, કમનસીબ પરિણામો લાવનાર, અનુભૂતિઓ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરનાર લોકોને વીગતો, સમજૂતીઓ, અને સલાહ આપે છે. આ વિષય ઉપર મેં એક ટીકા કરી હતી, જે સમજાવવાનું મને કહેવામાં આવ્યું છે. મેં કહ્યું હતું કે —

"માણસે હમેશાં પોતાની અનુભૂતિ કરતાં વધારે મહાન હોવું જોઈએ."

મારો કહેવાનો ભાવાર્થ આ હતો :

અનુભૂતિનો પ્રકાર, બળ, અને આશ્ચર્ય ગમે તેટલાં મહાન હોય, પણ તેમણે તમારા પર એવો પ્રભાવ ન પાડવો જોઈએ કે તે તમારા સમગ્ર અસ્તિત્વનું નિયમન કરે, તમે તમારી સમતુલા ગુમાવી બેસો, તર્કયુક્ત અને શાંત વલણ સાથેનો સંપર્ક તમે ગુમાવી બેસો. અર્થાત્ જ્યારે તમે તમારા કરતાં વધારે બળવાન શક્તિ કે ચેતના સાથે સંપર્ક સાધો, ત્યારે તે શક્તિના અથવા ચેતનાના પ્રભાવ હેઠળ ખૂબ આવી જવાને બદલે, તમારે તમારી જાતને યાદ અપાવવી જોઈએ કે હજારો અનુભૂતિઓમાંની આ એક છે; તેથી તેનો પ્રકાર પરમ નથી, તે સાપેક્ષ છે. તે અનુભૂતિ ગમે તેટલી સુંદર હોય, પણ તમે તેના કરતાં વધારે સુંદર અનુભૂતિઓ પ્રાપ્ત કરી શકો તેમ છો, તમારે તેમને પ્રાપ્ત કરવી જોઈએ. તે અનુભૂતિ ગમે તેટલી અપવાદરૂપ હોય, પણ તેના કરતાં વધારે આશ્ચર્યકારક બીજી અનુભૂતિઓ છે. તે અનુભૂતિ ગમે તેટલી ઉચ્ચ હોય, પણ ભાવિમાં તમે તેનાથી પણ વધારે ઉચ્ચ અનુભૂતિઓને હમેશાં પ્રાપ્ત કરી શકો છો. એટલે મગજ ગુમાવ્યા સિવાય, માણસે તે અનુભૂતિને વિકાસની શૃંખલામાં યથાયોગ્ય સ્થાને મૂકવી જોઈએ, અને સામાન્ય જીવન સાથેની સાપેક્ષતાની ભાવના ગુમાવાઈ ન જાય તેવી આરોગ્યપ્રદ, શારીરિક સમતુલા જાળવી રાખવી જોઈએ. આમ કરવાથી, કોઈ જોખમ આવતું નથી.

સાધનો? જે માણસને આ કરતાં આવડી ગયું હશે, તેને હમેશાં તે સહેલું લાગશે. પણ જેને તે આવડી ગયું હોતું નથી, તેને તે જરાક મુશ્કેલીભરેલું લાગશે.

સાધન છે.

પરમાત્માની અભિવ્યક્તિરૂપ કૃપા પ્રત્યે કરાયેલા, સમગ્ર આત્મ-સમર્પણનો વિચાર તમારા મનમાંથી કદી પણ દૂર થઈ જવો ન જોઈએ. જ્યારે માણસ સર્વ સૃષ્ટિથી પર એવા પરમાત્માને સમર્પણ કરે છે, તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકે છે; અનુભૂતિમાંથી કોઈ અંગત લાભ ઉઠાવવાની વૃત્તિને બદલે, અનુભૂતિનું તે ભગવાનની કૃપાને સમર્પણ કરે છે, અને જાણે છે કે "તેમાંથી જ આ અનુભૂતિ આવેલી છે, તેને જ અનુભૂતિનું પરિણામ સમર્પિત કરી દેવાવું જોઈએ" ત્યારે તે તદ્દન સલામત બની જાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો, મહત્ત્વાકાંક્ષા, મિથ્યાભિમાન, અભિમાન આદિ ન રહેવાં જોઈએ. સાચા દિલનું આત્મ-સમર્પણ, સાચા દિલની નમ્રતા આવે, એટલે સર્વ સંકટોમાં તે સાધકને આશ્રયસ્થાન મળી જાય છે. આને હું પોતાની અનુભૂતિ કરતાં પોતે વધારે મહાન બને — એમ કહું છું.

હવે કોઈને પ્રશ્ન પૂછવાનો છે?

(મૌન)

(જીવડાંનું જૂથ દેખાય છે) આ આપણને ઊંચાઈઓ પરથી નીચે લાવે છે! (હસતાં-હસતાં) મને લાગે છે કે દીવો હોલવી નાખવો તે ડહાપણભરેલું કામ ગણાય, જેથી આ જીવડાં જતાં રહે. તમે ઊંઘી તો નહિ જાઓ ને?

થોડાક સમય પહેલાં મને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, જેનો મેં હજી સુધી જવાબ આપ્યો નથી. તે પ્રશ્ન આમ છે. મેં ક્યાંક લખ્યું છે કે —

"દરેક પ્રાણીનું પરમ તત્ત્વ તે ભગવાનની સાથેનો તેનો અસાધારણ સંબંધ છે, અને આવિર્ભાવમાં ભગવાનને વ્યક્ત કરવાની તેની અસાધારણ રીત છે."

આને ભારતમાં અસ્તિત્વનું સત્ય કહેવામાં આવે છે અથવા અસ્તિત્વનો ધર્મ કહેવામાં આવે છે. તે તેના વ્યક્તિત્વનું કેન્દ્ર અને કારણ છે.

દરેક જણ પોતામાં પોતાના સત્યનું વહન કરતો હોય છે, જે સત્ય અસાધારણ, ખાસ તેનું પોતાનું, અને જેને તેણે પોતાના જીવનમાં અભિવ્યક્ત કરવું જોઈએ તેવું હોય છે. આ સત્ય શું છે? મને તે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.

"અસ્તિત્વનું આ સત્ય શું છે, અને કેવી રીતે બાહ્ય, શારીરિક જીવનમાં તેને અભિવ્યક્ત કરવામાં આવે છે?"

તે આ રીતે અભિવ્યક્ત કરવામાં આવે છે : દરેક વ્યક્તિને પોતાના ઉદ્‌ગમ-સ્થાન રૂપ પરમાત્મા સાથે સીધો અને અસાધારણ સંબંધ હોય છે. તે પરમાત્મા સર્વ સૃષ્ટિથી પર છે. આ અસાધારણ સંબંધને, પરમાત્મા સાથેના સંબંધમાં અસાધારણ રીતે, જીવનમાં અભિવ્યક્ત કરવો જોઈએ. એટલે દરેક જણ સીધી રીતે, ખાસ અંગત રીતે, ભગવાન સાથે સંબંધમાં હોય છે; તે સંબંધ અસાધારણ અને અંગત હોય છે. એટલે જ્યારે તમે અભિમુખ સ્થિતિમાં હો છો; ત્યારે તમે તે સંબંધની પરિપૂર્ણતાને પ્રાપ્ત કરી શકો છો; તે ભાગીદારી કે અંશ કે પુનરુક્તિ નથી હોતો, પણ દરેક જણ ભગવાન સાથે જે સંબંધને પ્રાપ્ત કરી શકે તેવો અસાધારણ અને અંગત સંબંધ હોય છે. એટલે માનસ-શાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી

જોતાં, ભગવાન સાથેના તે સંબંધમાં માત્ર તે માણસ એકલો જ હોય છે.

પરમાત્મા સાથે માણસ માત્ર એકલો જ હોય છે[૧].

ભગવાન સાથેના તે સંબંધ સમાન બીજા કોઈનો સંબંધ નહિ હોય, તે બીજાના સંબંધ સાથે તદ્દન સમાન નહિ હોય. બે સંબંધો એક સમાન હોતા નથી, એટલે તમારી પાસેથી કોઈ પણ વસ્તુ પાછી ખેંચી લઈને તે બીજાને આપી શકાતી નથી. જો સુષ્ટિમાંથી આ સંબંધ અદૃશ્ય થઈ જાય, તો તે સાચેસાચ અદૃશ્ય થઈ જાય, જે શક્ય નથી.

આનો અર્થ એ થયો કે જો માણસ પોતાના અસ્તિત્વના સત્યમાં જીવે, તો તે સૃષ્ટિનો એક અનિવાર્ય ભાગ બની જાય છે. સ્વાભાવિક રીતે જ, મારો કહેવાનો અર્થ એવો નથી કે માણસ પોતે જેવો હોવો જોઈએ એમ માનતો હોય, તે પ્રમાણે તેણે જીવવું. હું એમ કહેવા માગું છું કે જો માણસ પોતાના અસ્તિત્ત્વના સત્યને જીવે, વિકાસ દ્વારા જો તે પોતાના અસ્તિત્ત્વના સત્ય સાથે સંપર્કમાં પ્રવેશી શકે, તો તે તરત જ ભગવાન સાથે અસાધારણ અને અંગત સંબંધમાં આવી જાય છે, જે સંબંધની સમાન બીજા કોઈનો સંબંધ હોતો નથી.

સ્વાભાવિક રીતે જ, તે તમારા અસ્તિત્વનું સત્ય હોવાને કારણે, તમારે તેને જ તમારા જીવનમાં અભિવ્યક્ત કરવાનું છે.

*

૧. આ વાક્ય માતાજીએ ૧૯૬૨ના મે માસની ૧૩ મી તારીખે ઉમેર્યું હતું.

વાર્તાલાપ — ૩૫

૨૯ ઑગસ્ટ ૧૯૫૬

હું માનું છું કે તમારામાંના ઘણાખરા દર શુક્રવારે 'વુ વી'ના વાચનને સાંભળવા માટે આવતા હો છો. જો તમે તે ધ્યાનપૂર્વક સાંભળ્યું હશે, તો તમને યાદ આવશે કે તેમાં કહેવાયેલી કેટલીક વસ્તુઓ સ્વયંભૂ હોય છે, અને સત્ય જીવન જીવવાનો સાચો પ્રકાર સ્વયંભૂ રીતે જીવવાનો છે.

જેને લાઓત્સે સ્વયંભૂ કહે છે તે આ છેઃ માનસિક પ્રાણિક, કે શારીરિક — અંગત સંકલ્પ વડે સંચાલિત થવાને બદલે, માણસે સર્વ બાહ્ય પ્રયાસ બંધ કરી દેવા જોઈએ, અને ચીની લોકો જેને ટૅઓ કહે છે, જે પરમાત્મા અથવા બધી વસ્તુઓનું ઉદ્‌ગમસ્થાન, પરમ તત્ત્વ, સર્જનાત્મક સત્ય, ખરેખર ભગવાન વિષેના માનવના સર્વ શક્ય ખ્યાલો છે, અને જે પ્રાપ્ત કરવાનું લક્ષ્ય છે, તેના વડે દોરવાવું જોઈએ, સંચાલિત થવું જોઈએ.

સ્વયંભૂ હોવું એટલે વિચાર ન કરવો, સંગઠિત ન કરવું, અંગત સંકલ્પ વડે સાક્ષાત્કાર કરવાનો નિર્ણય કે પ્રયત્ન ન કરવો.

સાચી સ્વયંભૂતા શું છે તે સમજવા માટે હું તમને બે દાખલા આપીશ. એક વિશે તો તમે બધા જ નિઃશંકપણે જાણો છો. ૧૯૧૪માં જ્યારે શ્રી અરવિંદે 'આર્ય'[૧] લખવાની શરૂઆત કરી ત્યારની એ વાત છે. તે જે લખતા હતા, તે માનસિક જ્ઞાન કે માનસિક સર્જન ન હતું. તેઓ પોતાના મનને શાન્ત કરી દેતા, અને ટાઈપરાઈટર આગળ બેસતા. ઊર્ધ્વ ભૂમિકાઓમાંથી જે લખવાનું હતું, તે તૈયાર-રૂપમાં નીચે આવતું. તેમને તો માત્ર ટાઇપ-રાઈટર ઉપર પોતાની આંગળીઓ ચલાવવાની હતી, અને તે લખાઈ જતું. આ માનસિક મૌનની સ્થિતિમાં, ઊર્ધ્વમાંથી જ્ઞાન અને તેની અભિવ્યક્તિ 'આર્ય'માં તેમણે જે કાંઈ લખ્યું હતું તેમાંથી પસાર થયું હતું. દર-મહિને 'આર્ય' માસિકમાં ૬૪ છપાયેલાં

૧. (૧૯૧૪ — ૧૯૨૦) છ વર્ષના ગાળામાં, 'આર્ય'માં શ્રી અરવિંદે પોતાના મુખ્ય ગ્રન્થો પ્રસિદ્ધ કર્યા હતા : The Life Divine (દિવ્ય જીવન), ધ સિન્થેસિસ ઑફ યોગ, માનવ યુગ-ચક્ર (મૂળ — સામાજિક વિકાસનું માનસશાસ્ત્ર), માનવ-એકતાનો આદર્શ, ગીતા પર નિબંધો, વેદનું રહસ્ય, ભાવિ કવિતા, ભારતીય સંસ્કૃતિના પાયા (મૂળ — બીજાં શીર્ષકો હેઠળ અનેક લેખમાળાઓ.)

પૃષ્ઠ આવતાં. તેથી જ તેઓ તે કામ કરી શક્યા હતા. જો તે માનસિક રચનાનું કામ હોત, તો તે તદ્દન અશક્ય બની ગયું હોત.

એ સાચી માનસિક સ્વયંભૂતા છે.

જો માણસ આને જરાક આગળ લઈ જાય, તો પોતે શું કહેવું અથવા લખવું તેનો વિચાર કરવાની કે યોજના ઘડવાની તેને કદી જરૂર ન પડે. માણસે માત્ર પોતાના મનને શાન્ત બનાવી શકવું જોઈએ, ઉચ્ચતર ચેતના પ્રત્યે તેને પાત્રની માફક અભિમુખ કરવું જોઈએ, અને માનસિક શાન્તિમાં ઊર્ધ્વમાંથી જે કાંઈ આવે તેને સ્વીકારીને અભિવ્યક્ત કરવું જોઈએ. તે સાચી સ્વયંભૂતા કહેવાય.

સ્વાભાવિક રીતે જ, આ બહુ સહેલું નથી, તેને માટે તૈયારી કરવી પડે છે.

જો માણસ કાર્યના પ્રદેશમાં નીચે આવે, તો તે તેના કરતાં પણ વધારે કઠિન છે, કારણ કે સામાન્ય રીતે જો માણસ અમુક તર્ક અનુસાર, કાર્ય કરવા માગતો હોય, તો તેણે પોતે શું કરવા માગે છે તેનો પહેલાં વિચાર કરી લેવો જોઈએ અને તે માટે યોજના ઘડી કાઢવી જોઈએ. નહિ તો, તે માણસ અનેક કામનાઓ તથા આવેગો વડે આમથી તેમ ફેંકાશે, જે સ્થિતિ 'વુ વી' માં વર્ણવાઈ છે તે પ્રેરણાથી ખૂબ-ખૂબ દૂર હશે. ત્યારે માત્ર નિમ્ન પ્રકૃતિઓની ગતિઓ જ તમને કાર્ય કરવા માટે ધકેલતી હશે. એટલે જ્યાં સુધી આ કથામાં વર્ણવાયેલી, તે ચીની ઋષિની જ્ઞાનની અને વિરક્તિની સ્થિતિને માણસ પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી માણસે પોતાનાં દૈનિક કાર્યોમાં સ્વયંભૂ ન થવું તે વધારે સારું છે; કારણ કે તેમાં તે માણસ ખૂબ અવ્યવસ્થિત આવેગોનું તથા અસરોનું રમકડું બની જાય એવું જોખમ છે.

પણ માણસ એક વાર યોગમાં પ્રવેશ કરે, યોગ કરવા માગે, તો તેણે પોતાની માનસિક રચનાઓનું રમકડું ન બનવું એ આવશ્યક છે. જો માણસ પોતાના અનુભવો પર આધાર રાખવા માગતો હોય, તો તેણે ખૂબ સંભાળ લેવી જોઈએ કે જે અનુભવો પોતે માગતો હોય તે અનુભવોના ખ્યાલની રચના તેણે પોતામાં ન કરવી જોઈએ, પોતે જે રૂપ જોવાની આશા રાખે છે તેની રચના તેણે પોતામાં ન કરવી જોઈએ. કારણ કે મેં તમને ઘણી વાર કહ્યું છે તેમ માનસિક રચના એ એક વાસ્તવિક રચના છે, સાચું સર્જન છે; તમારા વિચાર વડે તમે એવાં રૂપોનું સર્જન કરતા હો છો કે જે અમુક પ્રમાણમાં તમારાથી સ્વતંત્ર હોય છે, જાણે તે બહારથી આવતાં હોય તેમ તમારી પાસે પાછાં આવતાં હોય છે, અને પોતે અનુભૂતિઓ છે — એવી છાપ તમારા મગજ પર પાડતાં હોય છે. પણ સંકલ્પાયેલા, શોધાયેલા, અપેક્ષા રખાયેલા, આ અનુભવો સ્વયંભૂ

અનુભવો નથી હોતા. કેટલીક વાર તે જોખમ-કારક ભ્રમણાઓ હોય છે.

એટલે જ્યારે તમે માનસિક સાધનાનું અનુસરણ કરો; ત્યારે તમારે ખાસ કાળજી લેવી જોઈએ કે તમે અમુક અનુભવોની કલ્પના તો નથી કરતા અથવા માગણી તો નથી કરતા, કારણ કે એથી તમે આ અનુભવોની ભ્રાન્તિનું સર્જન કરો છો. યોગના પ્રદેશમાં, આ ખૂબ કડક અને કઠોર સ્વયંભૂતા તદ્દન અનિવાર્ય છે.

તેને માટે, સ્વાભાવિક રીતે જ, માણસમાં મહત્ત્વાકાંક્ષા, કોઈ કામના, અથવા વધારે પડતી કલ્પના ન હોવી જોઈએ. જેને હું આધ્યાત્મિક મોજમજાહ અથવા અદ્‌ભુત વસ્તુઓ માટેનો રસ કહું છું તે તેણે કાળજીપૂર્વક દૂર કરી દેવાં જોઈએ, જેથી તે ભયરહિત બનીને પ્રગતિ કરી શકે.

આ પ્રાથમિક સમજૂતી પછી, મેં જે લખ્યું હતું તેનું હું વાચન કરીશ, કે જેના પર મને ટીકા કરવાનું કહેવામાં આવ્યું છે. આ સૂત્રો કદાચ સમજૂતી માગી લે તેવાં છે. જેને વિષે મેં તમને હમણાં જ વાત કરી તે પુસ્તકના વાચનથી પ્રેરિત થઈને તે મેં લખ્યું હતું; પણ તે બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે પ્રમાણમાં મારી અંગત અનુભૂતિની અભિવ્યક્તિ છે :

"દિવ્ય બનવા માટે માણસે સ્વયંભૂ હોવું જોઈએ."

આ વાત તમને મેં હમણાં જ સમજાવી છે. પછી પ્રશ્ન એ ઊઠે છે કે સ્વયંભૂ કેવી રીતે બનવું?

"માણસે સ્વયંભૂ બનવા માટે પરિપૂર્ણ રીતે સરળ હોવું જોઈએ."

પરિપૂર્ણ રીતે સરળ કેવી રીતે બનવું?

"પરિપૂર્ણ રીતે સરળ બનવા માણસે તદ્દન સાચા દિલના બનવું જોઈએ."

અને હવે તદ્દન સાચા દિલના બનવું, તેનો શો અર્થ છે?

તદ્દન સાચા દિલના બનવું એટલે પોતામાં કોઈ ભેદ ન હોવો, પોતાના અસ્તિત્વમાં કોઈ વિરોધ ન હોવો."

જો તમારામાં માત્ર ભિન્ન-ભિન્ન જ નહિ, પણ પરસ્પર-વિરોધી ટુકડા હોય, તો આ ટુકડાઓ જરૂર તમારા અસ્તિત્વમાં ભેદનું સર્જન કરે છે. દા. ત. તમારામાંનો એક ભાગ દિવ્ય જીવન માટે, ભગવાનને જાણવા માટે, તેમની સાથે મિલન કરવા માટે સમગ્રતાપૂર્વક ભગવાનને જીવવા માટે અભીપ્સા સેવતો હોય, અને તમારામાંનો બીજો ભાગ "જરૂરિયાતો" ના નામે આસક્તિઓ અને કામનાઓ સેવતો હોય; તે ભાગ આ વસ્તુઓ શોધે એટલું જ નહિ, પણ જ્યારે તે વસ્તુઓ તેને પ્રાપ્ત થાય ત્યારે તે વિક્ષુબ્ધ બની જતો હોય. બીજા પ્રકારના વિરોધો પણ હોય છે; પણ આ વિરોધ બહુ બળવાન, દેખાઈ આવે તેવો છે. બીજા પ્રકારના વિરોધો હોય છે, દા. ત. સંપૂર્ણ રીતે ભગવાનને સમર્પણ કરવાની ઇચ્છા, તેમના સંકલ્પને તથા દોરવણીને પરિપૂર્ણ રીતે આત્મ-સમર્પણ કરવાની ઇચ્છા; અને સાથે-સાથે યોગના માર્ગમાં આવતી સામાન્ય અનુભૂતિ, જે ભગવાનને સાચા દિલથી સમર્પણ કરવા માણસ પ્રયત્ન કરે છે ત્યારે આવતી હોય છે, ત્યારે તેને એમ લાગતું હોય છે કે હું પોતે કાંઈ જ નથી, હું કાંઈ જ કરી શકતો નથી, ભગવાનથી બહાર મારું અસ્તિત્વ જ નથી, અર્થાત્ જો ભગવાન ન હોય, તો માણસ કશું જ ન કરી શકે, તે કશું જ ન હોઈ શકે. પરિપૂર્ણ આત્મ-સમર્પણમાં આ અનુભૂતિ એક મદદ-રૂપે આવતી હોય છે, પણ અસ્તિત્વનો બીજો ભાગ તે અનુભૂતિ સામે ભયંકર બળવો પોકારતો હોય છે કે "મને માફ કરો! હું અસ્તિત્વમાં હોવાનો આગ્રહ સેવું છું, હું કાંઈક બનવાનો આગ્રહ સેવું છું, હું જાતે જ અમુક વસ્તુઓ કરવાનો આગ્રહ સેવું છું, મને વ્યક્તિત્વ હોય એમ હું ઇચ્છું છું." સ્વાભાવિક રીતે જ, પ્રથમ વસ્તુએ જે બધું કર્યું હતું, તેને આ બીજી વસ્તુ ન-કર્યું કરી નાખે છે.

આ કિસ્સાઓ અપવાદ-રૂપ નથી. આમ ઘણી વાર બનતું હોય છે. અસ્તિત્વમાં આવા વિરોધોના અસંખ્ય દાખલાઓ હું તમને આપી શકું તેમ છું. જ્યારે એક ભાગ પ્રગતિમાં એક ડગલું આગળ વધવા માગતો હોય છે, ત્યારે બીજો ભાગ આવીને તે બધાનો વિનાશ કરી મૂકે છે. તેથી જ્યારે તમને એમ જણાય કે મારા અસ્તિત્વમાંનો અમુક ભાગ મને ઊલટી દિશામાં ખેંચી રહ્યો છે, ત્યારે તમારે દિલની પૂરી સચ્ચાઈથી કાર્ય કરવું જોઈએ, તે ભાગને કાળજી-પૂર્વક ઉપાડીને — માણસ જેમ બાળકને કેળવણી આપે તેમ, તેને કેન્દ્રસ્થ ભાગ સાથે સંવાદિતામાં સ્થાપવો જોઈએ. તે દિલની સચ્ચાઈનું કાર્ય છે, જે અનિવાર્ય છે.

જ્યારે અસ્તિત્વના બધા સંકલ્પોમાં એકતા હોય છે, સંમતિ હોય છે, સંવાદિતા હોય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ તમારું અસ્તિત્વ સરળ, ચોખ્ખા

હૃદયનું અને પોતાના કાર્યમાં તથા વલણોમાં એક-સરખું બની શકે. જ્યારે તમારું સમગ્ર અસ્તિત્વ એક કેન્દ્રસ્થ ગતિની આસપાસ એકત્રિત બનેલું હોય છે, ત્યારે તમે સ્વયંભૂ બની શકો. જો તમારામાં અમુક ભાગ ભગવાન પ્રત્યે વળેલો હોય અને તેમની પ્રેરણાની અને આવેગની રાહ જોતો હોય, અને સાથે-સાથે બીજો ભાગ પોતાના હેતુઓની શોધમાં હોય અને પોતાની કામનાઓને સિદ્ધ કરવા કાર્ય કરતો હોય, ત્યારે તમે ક્યાં ઊભા રહ્યા છો તેની ખબર તમને પડતી નથી, કારણ કે એક ભાગ જે કાંઈ કરવા માગતો હોય, તેને વિરોધ કરીને બીજો ભાગ તે કાર્યનો વિનાશ કરી નાખે છે.

'વુ વી' માં જે કહેવામાં આવ્યું છે તેની સાથે સંવાદિતામાં હોવા માટે, જે જરૂરી કાર્ય છે તેને બહુ સ્પષ્ટતા-પૂર્વક જોયા પછી, તમને એવી ભલામણ કરવામાં આવે છે કે આ કાર્યની સિદ્ધિમાં બહુ બળજબરી ન કરશો, વધારે પડતો ઉત્સાહ ન રાખશો, કારણ કે વધારે પડતો ઉત્સાહ દિવ્ય ચેતના વ્યક્તિ દ્વારા પોતાની જાતને અભિવ્યક્ત કરી શકે તે માટે જરૂરી શાન્તિનો નાશ કરી નાખે છે. આનો સારાંશ આ છે :

સમતુલા અનિવાર્ય છે, વિરોધી અતિશયતાઓને કાળજી-પૂર્વક દૂર કરવાનો માર્ગ અનિવાર્ય છે. વધારે પડતી ઉતાવળ જોખમકારક છે. અધીરાઈ પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે. વળી જડતા તમારા પગને થંભાવી દે છે.

એટલે બધી વસ્તુઓ માટે, બુધ્ધે કહેલો મધ્યમ-માર્ગ શ્રેષ્ઠ છે.

(મૌન)

અહીં બે પ્રશ્નો આવ્યા છે, જે આના પૂરક છે. પહેલો પ્રશ્ન આ છે :

"જ્યારે તમે મુશ્કેલીમાં હો, ત્યારે તમારી જાતને વિશાળ બનાવો. આપના તે શબ્દોનો શો અર્થ છે?"

અલબત્ત, હું યોગના માર્ગમાં આવતી મુશ્કેલીઓની વાત કરું છું. તે છે અસમજ, મર્યાદાઓ, અવરોધો, જે તમને પ્રગતિ કરતાં અટકાવે છે. જ્યારે હું કહું છું કે તમારી જાતને વિશાળ બનાવો, ત્યારે તેનો અર્થ એ છે કે તમારી ચેતનાને વિશાળ બનાવો.

મુશ્કેલીઓ હમેશાં અહંતામાંથી પેદા થતી હોય છે, અર્થાત્ સંજોગો — ઘટનાઓ આસપાસના માણસો — અને તમારા જીવનની સ્થિતિ પ્રત્યે વત્તા-

ઓછા પ્રમાણમાં અહંતાપૂર્ણ અંગત પ્રતિકાર્યમાંથી મુશ્કેલીઓ પેદા થતી હોય છે. અમુક પ્રકારના કોચલામાં ભરાઈ ગયા હોવાની લાગણીમાંથી પણ મુશ્કેલીઓ આવતી હોય છે; તે તમારી ચેતનાને ઉચ્ચતર અને વિશાળતર વાસ્તવિકતાઓ સાથે સંયુક્ત થવામાંથી રોકતી હોય છે.

માણસ એમ વિચાર કરી શકે કે મારે વિશાળ બનવું છે, વૈશ્વિક બનવું છે; સર્વ વસ્તુઓ ભગવાનની અભિવ્યક્તિ છે; માણસમાં અહંતા ન હોવી જોઈએ. પણ તે કોઈ ઉપાય નથી, કારણ કે ઘણી વાર પોતાને શું કરવું જોઈએ તે માણસ જાણતો હોય છે, અને છતાં એક યા તો બીજા કારણે તે તેમ કરતો નથી.

પણ જ્યારે તમારે માર્ગમાં આવતાં વ્યથાનો, દુઃખનો, બળવાનો, પીડાનો, અથવા અસહાયતાની લાગણીનો સામનો કરવાનો હોય છે — કે જે બધી મુશ્કેલીઓ છે એમ કહી શકાય, ત્યારે જો શારીરિક રીતે તમારી શારીરિક ચેતનામાં તમારી જાતને વિશાળ કરવાની — વિકસિત થવાની લાગણી અનુભવો — જેમ કપડાની ગડીઓ થતી હોય છે તેમ બધું બંધ થઈ ગયું હોય એવી લાગણી તમે અનુભવો — જાણે કે તે કપડાની ગડીઓ તમને પકડી રહી છે, ગૂંગળાવી રહી છે, તમને પીડા આપી રહી છે, તમારી ગતિને અટકાવી રહી છે, ત્યારે ખૂબ મજબૂત રીતે પૅક કરાયેલા પાર્સલની પેઠે, તમે ધીમે-ધીમે બધી ગડીઓ ઉકેલી નાખો છો, અને તમારી જાતને કોઈક કપડાની પેઠે, કાગળની પેઠે, વિસ્તૃત કરો છો, તે રીતે તમારે ચત્તા-પાટ સૂઈ રહેવું જોઈએ, તમારી જાતને બને તેટલી ખૂબ વિશાળ બનાવવી જોઈએ, તમારે જાતને યથાશક્ય વિસ્તૃત કરવી જોઈએ, તમારી જાતને ખુલ્લી બનાવવી જોઈએ, પ્રકાશ તરફ મોં રાખીને પરિપૂર્ણ નિષ્ક્રિયતાના વલણમાં તમારી જાતને લંબાવવી જોઈએ, તમારી મુશ્કેલીનો વિચાર ન આવવા દેવો જોઈએ, તેને તમારી જાતમાં પૂરી દેવી જોઈએ; અને તેથી ઊલટું, તમારે તમારી જાતને યથાશક્ય ખુલ્લી બનાવવી જોઈએ, ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશ સમક્ષ તમારી મુશ્કેલીને તમારે મૂકી આપવી જોઈએ. જો બધાં ક્ષેત્રોમાં તમે આમ કરી શકો, જો તમે માનસિક રીતે તેમ કરવામાં સફળ ન નીવડો, કારણ કે તે કેટલીક વાર કઠિન હોય છે, પણ જો તમે શારીરિક રીતે, લગભગ ભૌતિક રીતે આમ કરી રહ્યા છો એવી કલ્પના કરો, તો આ વિશાળતા અને વિસ્તૃતીકરણની ક્રિયા કર્યા પછી તમને જણાશે કે પોણા ભાગ કરતાં વધારે ભાગની મુશ્કેલી ચાલી ગઈ છે. પછી પ્રકાશ પ્રત્યે તમે જરાક વધારે અભિમુખ બનો, અને મુશ્કેલીનો બાકીનો ચોથો ભાગ અદૃશ્ય થઈ જશે.

મુશ્કેલી સાથે પોતાના વિચાર વડે સંઘર્ષ કરવો તેના કરતાં આ વધારે

સહેલું છે, કારણ કે જો તમે તમારી જાત સાથે ચર્ચા ચલાવશો, તો તમને માલૂમ પડશે કે તેની તરફેણમાં અને વિરુદ્ધ બહુ ખાતરી-યુકત દલીલો છે, જેમાંથી ઉચ્ચતર પ્રકાશ સિવાય બહાર નીકળવું એ લગભગ અશક્ય છે. આમાં તમારે મુશ્કેલી સાથે ઝઘડવાનું નથી, તમારી જાતને ખાતરી કરાવી આપવાનો પ્રયત્ન કરવાનો નથી; જેમ માણસ સૂર્ય-પ્રકાશમાં રેતી ઉપર લાંબો થઈને સૂઈ જાય છે, તેમ પ્રકાશમાં તમારે માત્ર લંબાવાનું છે. પછી તમે તે પ્રકાશને પોતાનું કાર્ય કરવા દઈ શકશો. બસ.

(મૌન)

બીજો પ્રશ્ન આમ છે :

"પોતાની જાતને ભૂલી જવાનો સૌથી સહેલો માર્ગ કયો છે?"

સ્વાભાવિક રીતે જ, તેનો આધાર વ્યક્તિ પર રહેલો છે. દરેક જણને પોતાની જાતને ભૂલી જવાનો પોતાનો ખાસ માર્ગ હોય છે, જે તેને માટે શ્રેષ્ઠ છે. પણ એક સામાન્ય પદ્ધતિ છે, જે અનેક રૂપોમાં લાગુ કરી શકાય; બીજા કશાકમાં પોતાની જાતને રોકવી. પોતાની જાતમાં રોકવાને બદલે, માણસ બીજા કોઈ સાથે કાર્યમાં ગુંથાય, અનેક માણસો સાથે કાર્યમાં પરોવાય, કોઈ કાર્યમાં અથવા એકાગ્રતા માગી લે તેવી કોઈ રસપ્રદ પ્રવૃત્તિમાં ગુંથાય.

તે એક જ વસ્તુ છે. પોતાની જાત પર બેવડા વળવાને બદલે, પોતાની વાત પર ચિંતન કરવાને બદલે, પોતાની જાતને લાડ લડાવવાને બદલે — જાણે કે તે જાત જગતમાં સૌથી વધારે મૂલ્યવાન ન હોય તેમ, જો માણસ પોતાની જાતને વિકસિત કરે અને બીજા કોઈ કાર્યમાં પરોવાય, તો પોતાની જાતને ભૂલી જવા માટે તે સૌથી વધારે સરળ અને ઝડપી માર્ગ છે.

બીજા માર્ગો છે, પણ આ બધા કરી શકે તેમ છે. હે મારાં બાળકો, આપણે ત્યાં આવીને અટકીશું.

જો તમારે આ વિષય પર કે બીજા વિષય પર કાંઈ કહેવાનું ન હોય, તો હવે આપણે મૌન સેવીશું.

*

વાર્તાલાપ — ૩૬

૫ સપ્ટેમ્બર ૧૯૫૬

"પ્રાણના પાયામાં અંધકારમય જડતાનું તત્ત્વ છે, બધા જ લોકો શરીર વડે, તેની જરૂરિયાત વડે, અને કામનાઓ વડે ક્ષુદ્ર મનમાં, ક્ષુદ્ર કામનાઓમાં અને લાગણીઓમાં બંધાયેલા પડ્યા છે. તે નાનકડી નાચીજ ક્રિયાઓનું, જરૂરિયાતોનું, ચિંતાઓનું, વ્યાપારોનું, દુઃખોનું અને સુખોનું નિરર્થક પુનરુચ્ચારણ હોય છે, જે પોતાથી પર કોઈ પણ વસ્તુ પ્રત્યે દોરી જતાં હોતાં નથી, જેના પર કારણ અને લક્ષ્ય નહિ જાણતા અજ્ઞાનની છાપ હોય છે. આ જડ, શારીરિક મન પોતાના નાનકડા પૃથ્વીના દેવો કરતાં બીજાં કોઈ ભગવાનમાં માનતું નથી. કદાચ તે વધારે મહાન એશ-આરામની, સગવડની, વ્યવસ્થાની, સુખની અભીપ્સા સેવે છે, પણ તે કોઈ ઉદાત્ત તત્ત્વની, આધ્યાત્મિક મુક્તિની માગણી કરતું હોતું નથી. કેન્દ્રમાં પ્રાણનો એક વધારે બળવાન સંકલ્પ છે, જેનામાં વધારે વેગ હોય છે, પણ તે એક અંધ બની ગયેલો રાક્ષસ છે, વિકૃત સત્ત્વ છે, જે જીવનને સંઘર્ષમય અને દુઃખી ગૂંચવાડામય બનાવતા તત્ત્વોમાં રાચે છે. તે માનવી અથવા રાક્ષસી કામનાનું સત્ત્વ છે, જે આંજી નાખે તેવા રંગને, અવ્યવસ્થિત કવિતાને, બળજબરીપૂર્ણ કરુણ કથનીને, અથવા શુભ-અશુભના, હર્ષ-શોકના, પ્રકાશ-અંધકારના, મગજમાં ચઢી જાય તેવા આનંદના અને કટુવ્યથાના સંમિશ્રિત પ્રવાહને ચીટકી રહે છે. તે આ વસ્તુઓને ચાહે છે, તેમની વધારે ને વધારે માગણી કરે છે, અથવા જ્યારે, તે તેમની સામે વેદના-પૂર્ણ ચીસો પાડે છે ત્યારે પણ બીજી કોઈ વસ્તુમાં આનંદ લઈ શકતો નથી. ઉચ્ચતર વસ્તુઓને તે ધિક્કારે છે, તેમની સામે બળવો પોકારે છે. અને ગુસ્સામાં આવી જઈને જીવનને વિશુદ્ધ બનાવી શકે. તેજોમય અને સુખી બનાવી શકે તે ઉશ્કેરણી કરનાર સંમિશ્રણને — સુરાને તેના હોઠ પરથી ઝુંટવીને તેથી વધારે દિવ્ય શક્તિને પગ તળે કચડી નાખે છે, તેને ચીરી નાંખે છે, તેને ક્રોસ પર ચઢાવે છે. પ્રાણનો એક બીજો સંકલ્પ હોય છે, જે મનને ઉન્નત બનાવે તેવા આદર્શને અનુસરવા માટે તૈયાર હોય છે, અને જે કાંઈક સંવાદિતા — સૌન્દર્ય — પ્રકાશ અને

જીવનમાં વધારે ઉદાત્ત વ્યવસ્થા સ્થાપે તેવી મનની દેણ વડે આકર્ષાય છે. પણ પ્રાણિક પ્રકૃતિનો આ વધારે નાનો ભાગ છે. વધારે બળ-જબરીવાળા અથવા અંધકારમય, જડ સાથીદારો તેને સહેલાઈથી અભિભૂત કરી શકે છે. જ્યાં સુધી મન કરતાં ઉચ્ચતર વસ્તુનું આહ્વાન તેનો પરાભવ ન કરે —ધર્મ મોટે ભાગે એમ જ કરતો હોય છે, અને આપણી અસ્પષ્ટ પ્રાણિક પ્રકૃતિને વધારે સારી રીતે સમજાય તેવી સ્થિતિઓ પ્રત્યેની માગણી ઓછી ન કરે, ત્યાં સુધી આ નિમ્ન પ્રાણ જલ્દીથી ઉચ્ચતર વસ્તુના આહ્વાન તરફ લક્ષ્ય આપતો હોતો નથી. આધ્યાત્મિક સાધક પોતામાં આ બધાં બળોથી સભાન બનતો હોય છે, તેમની પકડમાંથી મુક્ત બનવા માટે તેને સતત યુદ્ધ કરવું પડતું હોય છે, અને આસપાસના માનવ-અસ્તિત્વ ઉપર જેમ તેણે પ્રભુત્વ સ્થાપ્યું છે તેમ, પોતામાં લાંબા સમયથી સ્થપાયેલા પ્રભુત્વને સાધકે ફજેટી દેવાનું હોય છે. આ મુશ્કેલી મોટી છે, કારણ કે આ બળોની પકડ બહુ મજબૂત હોય છે, દેખીતી રીતે અજેય હોય છે, જેથી માનવની પ્રકૃતિની સરખામણી કૂતરાની પૂંછડી સાથે કરનાર સૂત્રનો સાધક તિરસ્કાર કરે તે યોગ્ય જ છે. તે માનવની પ્રકૃતિ કદી સીધી બનતી હોતી નથી —ગમે તેટલું નીતિનું, ધર્મનું, તર્કનું, અથવા બીજા કોઈ ઉદ્ધારક પ્રયાસનું બળ હોય તોપણ. તે આખરે પ્રકૃતિના વાંકા વળાંક પ્રત્યે પાછી આવીને ઊભી રહે છે. ખૂબ ઉશ્કેરાયેલી પ્રાણ શક્તિની પકડ એટલી મજબૂત હોય છે, તેની ભૂલોનું અને કામોનું જોખમ એટલું બધું મોટું હોય છે, તેના આક્રમણનો રોષ ઠેઠ સ્વર્ગના દરવાજા સુધી એવી સૂક્ષ્મ રીતે આગ્રહી હોય છે, તેના અવરોધો એટલા બધા કંટાળા-જનક હોય છે કે સંત અથવા યોગી પણ પોતાની મુક્ત વિશુદ્ધિ બાબત અથવા તેનાં છળ-કપટ અથવા બળજબરી સામે તેણે જે તાલીમપૂર્ણ આત્મ-પ્રભુત્વ મેળવ્યું હોય તે બાબત તે સંત કે યોગી ચોક્કસ ખાતરી રાખી શકતો નથી.”

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૬૦ — ૬૧)

(લાંબા સમયના મૌન પછી) મને એમ લાગે છે કે જ્યારે તમે વસ્તુઓને આ રીતે જોવાની શરૂઆત કરો છો, જ્યારે તે તમને અહીં વર્ણવ્યા પ્રમાણે દેખાય છે, ત્યારે તમે ઉકેલની બહુ જ નજીક આવી પહોંચ્યા હો છો.

તેમાં વધારેમાં વધારે ખરાબ વસ્તુ એ હોય છે કે માત્ર ભૌતિક વાસ્તવિકતા

જ વાસ્તવિકતા દેખાય છે અને બાકીનું બધું ગૌણ દેખાય છે. અને ભૌતિક ચેતનાના જીવનને નિયમિત કરવાના, દોરવણી આપવાના, વ્યવસ્થિત કરવાના અને બીજા સર્વને ન્યૂન બનાવી મૂકવાના અધિકારને એટલો બધો પ્રમાણભૂત માનવામાં આવે છે કે જો કોઈ માણસ એ પવિત્ર અધિકારને પડકારે, તો તેને અર્ધપાગલ અથવા ખૂબ જોખમ-કારક માનવામાં આવે છે. મને લાગે છે કે ભૌતિક જીવનને આ પ્રકારનું માનવા માટે માણસે ખૂબ આગળ જવું પડશે. શ્રી અરવિંદે અહીં તેનું વર્ણન કર્યું છે. મને ખાતરી થઈ ગઈ છે કે જો માણસને તેવું લાગે, તે ભૌતિક જીવનને તે પ્રકારે જુએ, તો તે ઉપાયની ખૂબ-ખૂબ નજીક આવી ગયેલો ગણાય.

જે સંસ્કારી લોકોને ઉચ્ચતર વાસ્તવિકતા સાથે, દિવ્ય ચેતનાના અમુક ભાગ સાથે સંપર્ક થયો હોય, તે લોકો જ પાર્થિવ અસ્તિત્વને એ પ્રકારે અનુભવે. જ્યારે માણસ બાહ્યતર ચેતનાની આ બધી નબળાઈઓથી, મૂર્ખાઈઓથી, કહેવાતા ભૌતિક જ્ઞાનનાં, શારીરિક નિયમોનાં, શરીરની જરૂરિયાતોનાં અસત્યોથી પરિપૂર્ણ રીતે સચેતન બને, જ્યારે આ બધાં ખૂબ અસત્ય, મૂર્ખ, ભ્રાન્તિમય, અસ્પષ્ટ છે એમ તેને સમજાય, ત્યારે તે ઉકેલની ખૂબ-ખૂબ નજીક આવી ગયો છે એમ ગણાય.

જ્યારે હું આ વાંચતી હતી, ત્યારે મારા મન પર આવી છાપ પડી હતી. મારી આસપાસ સામાન્ય લોકોનું જે વાતાવરણ છે તેની સરખામણીમાં મને એવી લાગણી થઈ કે વસ્તુઓને આ પ્રકારે જોવા માટે માણસે ખૂબ ઉચ્ચ શિખર પર આરોહણ કરેલું હોવું જોઈએ, તે મુક્તિના દરવાજા આગળ આવી ગયેલો હોવો જોઈએ. મને તે લાગણી બહુ બળ-પૂર્વક થઈ હતી. એટલે હું તમને આ કહેવા માગતી હતી.

જો તમે ફરી આ ફકરાને વાંચીને તેની વાસ્તવિકતાની, કેવળ સત્યતાની ખાતરી પ્રાપ્ત કરી શકો, તો તે એક મહાન પગલું કહેવાય.

(મૌન)

હવે કોઈને પ્રશ્નો પૂછવાના નથી? કેટલાક મારી પાસે છે (માતાજી પ્રશ્નોનું એક પેકેટ બતાવે છે), પણ તે પ્રશ્નો બીજા જગતના છે.

થોડાક સમય પહેલાં મને કોઈકે આ પ્રશ્ન પૂછ્યો હતો :

"પૃથ્વી પર અતિ-મનસ્‌ની શી અસર પડશે?"

તેની પ્રથમ અસર, ઘણે ભાગે, પૃથ્વી પર વસ્તુઓને આ રીતે પ્રગટ કરવાની પડશે; મેં જે ફકરો વાંચ્યો તેમાં વર્ણવાયું છે તે રીતે તે જણાશે.

પછીના બીજા પ્રશ્નનો જવાબ તો મેં ક્યારનોયે આપી દીધો છે કે અતિ-માનસિક આવિર્ભાવની અસરો દરેક જણ જોઈ શકે, અનુભવી શકે તે પહેલાં કદાચ હજારો વર્ષ વીતી જશે. પણ મને એમ લાગે છે કે માનવ-ચેતના બધું ટૂંકા ગાળામાં માગે છે, તેનામાં ધીરજ હોતી નથી, એટલે આ વિચારો તેને વિક્ષિપ્ત કરી દેશે. એટલે મને પૂછવામાં આવ્યું છે :

> **"અતિ-મનસ્ ભૌતિક પ્રકૃતિમાં સંડોવાયેલું છે. એટલે તેને બાહ્ય ચેતનામાં પ્રગટ થતાં અને જોઈ શકાય તેવાં પરિણામો લાવતાં હજી ઘણી વાર લાગશે?"**

તેનો આધાર માણસ ચેતનાની જે સ્થિતિમાંથી આનો જવાબ આપે છે તેના પર છે. મને લાગે છે કે માનવ-ચેતના માટે તેમ બનતાં ઘણી વાર લાગશે. બીજા પ્રકારની ચેતના માટે તે, સાપેક્ષ રીતે, બહુ ઝડપી હશે. અને તેથી પણ બીજા પ્રકારની ચેતના માટે, તે વસ્તુ સિદ્ધ થઈ ચૂકી છે. પણ આ વસ્તુથી સભાન બનવા માટે માણસે સામાન્ય શારીરિક ચેતનાથી બીજા પ્રકારની ચેતનાની સ્થિતિમાં પ્રવેશવું જોઈએ.

મેં જે ભાગ તમને વાંચી સંભળાવ્યો હતો તે 'ધ સિન્થેસિસ ઑફ યોગ'ના પુસ્તકમાં શ્રી અરવિંદે સાચા મન વિષે, સાચા પ્રાણ વિષે, સાચા શારીરિક અથવા સૂક્ષ્મ શારીરિક વિષે વાત કરી છે. તેમણે કહ્યું છે કે સામાન્ય મન — પ્રાણિક — અને શારીરિકની સાથે તે રહેતાં હોય છે; અમુક સ્થિતિઓમાં માણસ તેમની સાથે, સંપર્કમાં પ્રવેશી શકે, અને ત્યારે તે માણસને 'સાચી રીતે શું છે' અને વસ્તુઓના આભાસો વચ્ચેનો તફાવત સમજાય છે.

વિકસિત ચેતના માટે, અતિ-મનસ્ સૂક્ષ્મ શારીરિકના પ્રદેશમાં ક્યાંક સિદ્ધ થઈ ચૂક્યું છે. તે જોઈ શકાય તેવું, સઘન છે, અને રૂપોમાં અને કાર્યોમાં પોતાની જાતને અભિવ્યક્ત કરી રહ્યું છે. જ્યારે માણસ આ પ્રદેશ સાથે સંવાદિતામાં હોય છે, જ્યારે તે ત્યાં જીવતો હોય છે, ત્યારે તેને એવો બળવાન અનુભવ થાય છે કે બધા લોકો આ જગતને જોઈ શકે તે માટે તેને સંઘટ્ટ બનાવવાની જરૂર છે. ત્યારે આંતર દર્શનાનો વિકાસ કરવો એ રસપ્રદ બની રહે છે, જે દર્શના તમને અતિ-મનસ્ સાથે સંપર્કમાં મૂકી આપશે, કે જે અતિ-માનસિક સત્ય આવિર્ભાવ

પામી ચૂક્યું છે, અને તમારે માટે જે આવૃત્ત છે, કારણ કે તેની સાથે સંબંધમાં પ્રવેશવા માટે તમારી પાસે યોગ્ય કારણો નથી.

શક્ય છે કે લોકો પોતાનાં સ્વપ્નોથી સચેતન છે, તેમને નવીન પ્રકારનાં સ્વપ્ન આવશે, જે તેમને તે જગત સાથે સંપર્કમાં મૂકી આપશે, કારણ કે પોતામાં તે જગત સાથે સુસંગત કરણોવાળા લોકોના સૂક્ષ્મ શારીરિકને તે જગત સુલભ છે. જો માણસ તેની અસરો ઝીલવા માટે અને તેમને પોતાની ચેતનામાં દાખલ કરવા માટે તૈયાર હોય, તો આ શારીરિકની સૂક્ષ્મ અસર બહારના પદાર્થ-તત્ત્વ પર પડે છે. બસ.

જો હવે કોઈને પ્રશ્ન ન પૂછવો હોય, તો આપણે મૌન સેવીશું.

ત્યાં કોઈને પૂછવું છે? (માતાજી એક શિષ્ય તરફ જુએ છે.) ઓહ, તે પૂછવા માટે તલપાપડ થઈ ગયા છે!

માતાજી, તે બધું સિદ્ધ કર્યા પછી પણ, ઉકેલ શોધવા માટે માણસે નિમ્નતર મન તરફ પાછા જવું પડે છે.

સમજ્યા પછી માણસ જૂના, ભૂલ-ભરેલા માર્ગોમાં પાછો પડે છે? કેવી કરુણતા!

અને રોજ રોજ.

રોજ રોજ? તો તે વધારે કરુણતા કહેવાય! તેનો તમે શો ઉપાય સૂચવો છો?

હું આપને તે જ પૂછી રહ્યો છું.

ઓહ! તમે મને પૂછી રહ્યા છો! મને એમ લાગે છે કે જ્યારે માણસે વસ્તુઓને આ રીતે જોઈ છે, ત્યારે જો તેનામાં પૂરતી સમજદારી હોય, તો વસ્તુઓ જેવી છે તેવી તેમને તે ન સ્વીકારી શકે. જો માણસ એમ સમજે કે આ બધું ખૂબ પતનકારક છે અને છતાં પણ જો તે તેને સ્વીકારવાનું ચાલુ રાખે, તો તે ખરેખર બેસમજ હોવો જોઈએ.

મેં એક વસ્તુ હમેશાં જોઈ છે, અને મને હમેશાં તેથી આશ્ચર્ય થયું છે. પોતાની ચેતનામાંથી, માણસ જે વસ્તુઓને અસ્વીકાર્ય ગણતો હોય તે વસ્તુઓને

દૂર કરવી તે મને હમેશાં તદ્દન સામાન્ય, સહેલું, પ્રાથમિક લાગ્યું છે. જે ક્ષણે માણસ સમજે, વસ્તુઓ જેવી છે તેવી તેમને જુએ તો તેમને પછી તે માગે નહિ — એ મને તદ્દન સરળ, છોકરાં પણ સમજી શકે એવું સરળ લાગ્યું છે. પણ લગભગ બધા કિસ્સાઓમાં મેં જોયું છે કે જ્યારે વસ્તુઓ સાચી રીતે કેવી છે તે હું કોઈકને કહું છું, જ્યારે હું તે માણસને તેની સ્થિતિનું, તેની ગતિના પ્રકારનું અને તે ગતિની પીઠમાં શું રહ્યું છે તેનું સાચું ચિત્ર રજૂ કરું છું, જ્યારે હું તેને બળ-પૂર્વક અભિવ્યક્ત કરું છું કે જેથી હું જેને સામાન્ય ગણું છું તેવું પ્રતિકાર્ય તેનામાં તરત પેદા થાય, અને તે કહે કે જો તે આ પ્રકારનું હોય, તો મારે તે ન જોઈએ, ત્યારે હું દર-વખતે મારી સમક્ષ કોઈ ભાંગી પડતી વસ્તુને કહેતી સાંભળું છું કે ઓહ, તમે અમને પ્રોત્સાહન નથી આપતાં, અને મારે કબૂલ કરવું જોઈએ કે હું તદ્દન અસહાય બની જતી હોઉં છું. એટલે જોવું એ જ માત્ર બસ નથી! અમુક વસ્તુઓ ન કરવી જોઈએ — એમ જાણવું એ જ માત્ર બસ નથી! તેણે તમને એવો આવેગ, ક્રિયાશીલ બલ આપવાં જોઈએ કે જેથી તમે તે ભૂલને એવી રીતે ઇન્કાર કરી શકો કે જેથી તે ફરી મ્હોં બતાવે નહિ!

પણ ભૂલ છે એમ જાણ્યા છતાં તે ભૂલમાં પાછું પડવું એ મને બહુ વિચિત્ર લાગે છે! માનવી ગણતરી મુજબ, પૃથ્વી પર મને આવ્યાને ઘણો સમય વીતી ગયો, પણ મને તે વસ્તુ સમજાઈ નથી. મને તે અશક્ય લાગે છે. માણસ અજ્ઞાન હોય — જગતમાં અજ્ઞાન તો છે જ —, ત્યાં સુધી તેનામાં ખોટા વિચારો, ખોટા આવેગો, આંતર અને બાહ્ય જૂઠાણું, વરવી અને અધમ વસ્તુઓ આવે અને તેમને તે આચરે એ સમજી શકાય તેવી વાત છે, કારણ કે તેને તે વસ્તુઓ કરવાની ટેવ પડી ગયેલી હોય છે. પણ જે ક્ષણે માણસ વસ્તુ છે એવી તેને જુએ, તો પછી તે ફરી તેને કેવી રીતે કરી શકે? તે મને સમજાતું નથી!

તે પછી માણસ શેનો બને છે? ચીંથરાંનો? જેલીનો? મને તે સમજાતું નથી. શું તેનામાં સંકલ્પ નથી, પ્રેરક બળ નથી, કશું જ નથી? શું તેનામાં આંતર ક્રિયાશીલતા નથી?

અમે કૃપાનો ગેરલાભ ઉઠાવીએ છીએ!

એહ, જોલી-ફિશ (એક પ્રકારની માછલી)ની પેઠે!

પણ કૃપા તો છે જ, હમેશાં છે જ. તમે તેની મદદ માગો તેની જ રાહ જોતી હોય છે. માણસ તે કૃપાને કાર્ય કરવા દેતો નથી.

ઓહ, હું આ કામ નહિ કરી શકું — એ લાગણી જ કૃપાને કાર્ય કરતાં અટકાવે છે.

'હું નહિ કરી શકું' એ વિચારને તમે કેવી રીતે સ્વીકારી શકો? તમે ન જાણો — એ બને; પણ એક વાર તમે જાણો, પછી બધું પતી જાય છે.

*

વાર્તાલાપ — ૩૭

૧૨ સપ્ટેમ્બર ૧૯૫૬

મધુર માતાજી, આપ જે કહો છો તેને અમે આચરણમાં ન મૂકતા હોઈએ, તો અમને પ્રશ્નો પૂછવાનો અધિકાર છે?

તમને હમેશાં ગમે તે કરવાનો અધિકાર છે! (હસાહસ) તમે તમને ગમે તેવા પ્રશ્નો પૂછી શકો છો. આચરણ? પાયાની રીતે, તે દરેક જણની પસંદગીની વાત છે, નહિ વારુ? તેણે પસંદ કરવાનું છે કે મારે તે આચરવું કે નહિ, તે ઉપયોગી છે કે નહિ. તે એવી વસ્તુ છે કે તેને બળ-જબરીથી કોઈના પર લાદી શકાય નહિ. તે મુક્ત રીતે કરાવું જોઈએ. પણ પ્રશ્નો તો હમેશાં પૂછી શકાય.

હું એક પ્રશ્ન પૂછું છું: લોકો શા માટે આચરણ કરતા નથી? તેનું કારણ તમે જાણો છો? (માતાજી વારા-ફરતી તે સવાલ પૂછે છે.) તમે? તમે? આહ, તમે તેનું કારણ જાણો છો?

કારણ કે તે માણસ કદાચ આળસુ હોય છે.

તે એક મુખ્ય કારણ છે. માણસ સુંદર કારણો આપીને પોતાની આળસને સંતાડતો હોય છે. કોઈક કહે છે કે હું આચરણમાં મૂકી શકતો નથી, હું જાણતો નથી. બીજો કહે છે કે મેં પ્રયત્ન કર્યો છે, પણ મને તેમાં સફળતા મળી નથી. ત્રીજો કહે છે કે ક્યાંથી શરૂઆત કરવી તે હું જાણતો નથી! આવાં ગમે તે કારણો આપવામાં આવે છે, નહિ વારુ? જે કારણ તમારા મગજમાં પહેલું આવે તે આપવામાં આવતું હોય છે. અથવા માણસ આચરણ કરતો નથી, કારણ કે તે માટે પ્રયત્ન કરવો તે તેને નકામો લાગતો હોય છે; તે આળસનો જ એક ભાગ છે, કારણ કે તેમાં ખૂબ પ્રયત્ન કરવો પડતો હોય છે! પણ પ્રયત્ન કર્યા સિવાય તો માણસ જીવી પણ ન શકે! પ્રયત્ન કર્યા સિવાય, માણસ પોતાના પગ પર ઊભો પણ ન રહી શકે, ચાલી પણ ન શકે, ખાઈ પણ ન શકે.

મને લાગે છે કે માણસ આચરણ નથી કરતો, કારણ કે તેનામાં એવી સઘન વાસ્તવિકતા નથી હોતી કે જે જીવનની બીજી વસ્તુઓ પર પ્રભાવ પાડે,

કારણ પ્રયત્ન જેટલું પરિણામ તેમાં મળતું દેખાતું હોતું નથી. પણ આ પ્રકારનો પ્રયત્ન તો માત્ર શરૂઆત છે. તેમાં પ્રવેશ કર્યા પછી માણસને જુદું જ દેખાય છે.

(બાળક તરફ વળીને) તમે આચરણમાં ન મૂકતા હો, છતાં પણ તમારો પ્રશ્ન પૂછો.

મધુર માતાજી, મારે કોઈ પ્રશ્ન પૂછવાનો નથી.

ઓહ, તમારો સવાલ માત્ર આ જ હતો! તમે એમ કહેવા માગતા હતા કે કહેલી વસ્તુને આચરણમાં ન મૂકાય, તો પ્રશ્નો પૂછવા એ પ્રામાણિક કહેવાય? બરાબર ને?

હા, માતાજી.

હા.

(એક શિષ્ય) અમુક વસ્તુ કરવા માટે અમારા પર ફરજ પડવી જોઈએ. એવી અમને ટેવ પડી ગઈ છે. નાનપણથી અમને કાર્યો કરવા માટે ફરજ પાડવામાં આવતી હતી. અહીં તો તેથી તદ્દન ઊલટી વાત છે.

ફરજ પાડવામાં આવતી હતી? ઓહ, તો પછી ફરજ પાડવામાં ન આવે, તો માણસ કશું જ કરતો નથી? બળજબરીથી કરાવાતી વસ્તુનું કશું મૂલ્ય નથી.

બસ, પતી ગયું? હવે તમારે કોઈ પ્રશ્ન નથી? મારી પાસે ઘણો પ્રશ્નો છે; પણ તે કાં તો ખાસ છે અથવા તે બહુ સર્વ-સાધારણ છે! અથવા તે તે ચોક્કસ-પણે તેવા લોકો માટે જ રસપ્રદ છે, જેઓ આચરણમાં મૂકવા ઉત્સુક હોય.

તમે શું સાંભળવાની ઇચ્છા રાખો છો? (મૌન) કાંઈ જ નહિ. ભલે, તે બહુ સારી વાત છે. હું કાંઈ જ નહિ કહું.

(એક બાળક) અમારામાં પ્રગતિ કરવા માટે સંકલ્પને જાગ્રત કરે તેવું કાંઈક.

(ધ્યાન)

*

વાર્તાલાપ — ૩૮

૧૯ સપ્ટેમ્બર ૧૯૫૬

મધુર માતાજી, મને આ બરાબર સમજાયું નથી : "સંકલ્પ, શક્તિ, બળ એ પ્રાણશક્તિનો સાહજિક પદાર્થ છે. તેમાં પ્રાણ જ્ઞાનની અને પ્રેમની સર્વોપરિતાનો અસ્વીકાર કરે છે તે માટેનું પ્રમાણ રહેલું છે, કારણ કે પ્રાણ ખૂબ વધારે વિચાર-હીન જક્કી, અને જોખમી વસ્તુના સંતોષ પ્રત્યે વેગ રાખતો હોય છે, જે ભગવાન પ્રત્યે પોતાની હિંમત-પૂર્ણ અને ઉત્કટ રીતે સાહસ પણ ખેડી શકે છે. પ્રેમ અને જ્ઞાન જ ભગવાનની બાજુઓ નથી; તેમની શક્તિની બાજુ પણ છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૬૩ — ૬૪)

આમાં તમને શું નથી સમજાયું?

શ્રી અરવિંદ કહે છે કે પ્રાણિક અસ્તિત્વ એ મોટામાં મોટો અવરોધ છે. કારણ કે તે અસંસ્કારી છે; જો તે પ્રેમને અને જ્ઞાનને સંપૂર્ણ સમર્પણ કરે, તો જ તેનું રૂપાંતર થવાની શક્યતા છે. પણ તેનો મુખ્ય ગુણ શક્તિ હોવાને કારણે તે અસ્તિત્વના બીજા ભાગોને તાબે થવા રાજી હોતો નથી. આ તેની તાબે ન થવાની બાબતને પ્રમાણિત ઠેરવે છે, કારણ કે તેના તે ગુણો તાત્ત્વિક રીતે બીજા ગુણો જેટલાં ઉચ્ચ છે. તેથી પ્રાણમાં એવી જ શક્તિઓ નથી હોતી, કારણ કે તે વિકસિત થયો હોતો નથી, તેણે સમર્પણ કર્યું હોતું નથી. આથી તકલીફ ઊભી થાય છે. તે તાબે થતો નથી, કારણ કે તેનામાં આ શક્તિ છે; અને તે શક્તિનો ઉપયોગ થઈ શકતો નથી, કારણ કે તેણે સમર્પણ કર્યું હોતું નથી. એટલે તેમાંથી બહાર કેવી રીતે આવવું? જો પ્રાણિક સમર્પિત થયું હોય, તો તે એક ખૂબ બળવાન મદદ છે, બહુ જ ઉપયોગી છે, તે પ્રગતિને ખૂબ ઝડપથી આગળ વધારે. પણ પોતાની શક્તિને કારણે, તે બીજી વસ્તુઓને તાબે થવાનો ઇન્કાર કરે છે. તે તાબે થતો નથી, એટલે તેની શક્તિનો ઉપયોગ કરી શકાતો નથી. તો પછી શું કરવું જોઈએ? શ્રી અરવિંદ તે સમસ્યાનું કથન, કરે છે; તેઓ પાછળથી તેનો ઉકેલ આપવાના છે. જો આપણે આગળ વાંચવાનું ચાલુ રાખીએ, તો થોડીક વાર પછી તે સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો તે કહેવાના

છે. પણ પ્રથમ તેઓ તેનું કથન કરે છે, જેથી આપણને સર્વ સ્થિતિ સમજાઈ જાય.

જો પ્રાણિક નિશ્ચિત ગુણો વગરનું, સામાન્ય સત્ત્વ હોત, તો તેને સમર્પણ કરવામાં મુશ્કેલી ન નડત; પણ તે તદ્દન બિન-ઉપયોગી થઈ પડત. પણ ઊલટું, પ્રાણિક તો સર્વ શક્તિનો એક પ્રકારનો દુર્ગ છે. પણ મોટે ભાગે તે શક્તિ બીજે વહી જતી હોય છે, તે ભગવાનની સેવામાં અર્પિત નથી, તે તો માત્ર પ્રાણિકના પોતાના સંતોષ માટે વપરાતી હોય છે, જ્યાં સુધી પ્રાણિક તે પ્રકારનું હોય, ત્યાં સુધી તેનો ઉપયોગ ન થઈ શકે.

પ્રાણે એમ સમજવું જોઈએ કે જ્યાં સુધી મારામાં રહેલી શક્તિ પૃથ્વી પર સાક્ષાત્કારની દિવ્ય યોજના સાથે પરિપૂર્ણ સંવાદિતામાં ન પ્રવેશે, ત્યાં સુધી તે ઉપયોગી ન બની શકે. જો પ્રાણ તે સમજે, તો તે શાન્ત થઈ જાય, અસ્તિત્વની સમગ્રતામાં સામેલ થઈ જાય, અને પછી તે સર્વ બળને અને મહત્ત્વને પ્રાપ્ત કરે. નહિ તો, તેનો ઉપયોગ ન થઈ શકે. સામાન્ય રીતે, તેની બધી ક્રિયાઓ હમેશાં વસ્તુઓને ગૂંચવી દેતી હોય છે, તેમની સરળતાને દૂર કરી દેતી હોય છે, તેમની વિશુદ્ધિને — સૌન્દર્યને — અસરકારકતાને ઘણી વાર દૂર કરી દેતી હોય છે, કારણ કે પ્રાણનું કાર્ય અંધ, અજ્ઞાનમય, અને ખૂબ અહંતા-પૂર્ણ હોય છે.

મધુર માતાજી, શું દિવ્ય ભૂમિકા એ ચૈત્યિક અસ્તિત્વની ભૂમિકા છે?

દિવ્ય ભૂમિકા ચૈત્યિક અસ્તિત્વની ભૂમિકા કરતાં વધારે ઉચ્ચ છે. ચૈત્યિક અસ્તિત્વ ભગવાનનું વાહન છે, ભગવાન તેમાં રહેલા છે, તેમનું તે નિવાસ-સ્થાન છે; પણ ભગવાન તેના કરતાં વધારે ઉચ્ચ છે. કારણ કે ચૈત્યિક અસ્તિત્વ એ દિવ્ય આવિર્ભાવની માત્ર એક બાજુ છે.

શું અતિ-મનસ્ પણ ચૈત્યિક અસ્તિત્વ નથી?

અતિ-મનસ્ ચૈત્યિક અસ્તિત્વ કરતાં પણ ખૂબ-ખૂબ ઉચ્ચતર છે.

જે દિવ્ય તત્ત્વ વિશ્વમાં હવે ભાગ ભજવવા આવી રહ્યું છે, તેને શ્રી અરવિંદ અતિ-મનસ્ કહે છે. તેઓ તેને અતિ-મનસ્ કહે છે, કારણ કે તે મન પછી આવે છે, અર્થાત્ તે પરમ દિવ્ય તત્ત્વનો નવીન આવિર્ભાવ છે. ભગવાન ચૈત્યિક સાથે સંબંધિત છે, એટલે તે પણ ચૈત્યિક સાથે સંબંધિત છે. અર્થાત્ ચૈત્યિક

બાહ્ય રીતે ભગવાનને પ્રગટ કરનાર સર્વ વસ્તુઓનું ઘર છે, નિવાસ-સ્થાન છે, મંદિર છે, વાહન છે. પણ તે એક તત્ત્વ તરીકે જ દિવ્ય છે, તેની સમગ્રતામાં નહિ. ભગવાન સાથે સરખાવતાં, ચૈત્યિક ભગવાનના બાહ્ય આવિર્ભાવનો એક પ્રકાર — પાર્થિવ પ્રકાર છે.

બસ; હવે કાંઈ પૂછવાનું નથી?

જે શારીરિક ચેતના બધો વખત આપણને બંધાયેલા રાખે છે. શારીરિક સંજોગો સાથે ગુંથાયેલા રાખે છે, તેમાંથી બહાર કેવી રીતે આવવું?

તેને માટે અનેક માર્ગો છે.

તેને માટે બૌદ્ધિક માર્ગો છે, લાગણીમય — કલામય માર્ગો છે, આધ્યાત્મિક માર્ગો છે. સામાન્ય રીતે જે માર્ગ તે વ્યક્તિને સહેલામાં સહેલો લાગે, તે તેણે અપનાવવો જોઈએ, કારણ કે જો માણસ એકદમ સૌથી વધારે કઠિન માર્ગને અપનાવે, તો તે કશું જ પ્રાપ્ત ન કરી શકે. અહીં આપણે શ્રી અરવિંદે 'ધ સિન્થેસિસ ઑફ યોગ'માં જે વસ્તુ કહી છે ત્યાં જ આવીને ઊભા રહીએ છીએ : તે જ્ઞાનમાર્ગ, ભક્તિ-માર્ગ, અથવા કર્મ-માર્ગ છે. પણ કર્મ-માર્ગ તમને ચોક્કસપણે શારીરિક જીવનમાં રાખતા હોય છે, તેમાં તમને મુક્તિ શોધાવતો હોય છે. આ માર્ગ સૌથી વધારે અસરકારક છે, પણ તે સૌથી વધારે કઠિન પણ છે.

મોટા ભાગના સાધકો માટે, ધ્યાનનો, એકાગ્રતાનો, શારીરિક જીવનના ત્યાગનો, શારીરિક ક્રિયાઓના ત્યાગનો માર્ગ કર્મ-માર્ગ કરતાં ચોક્કસ વધારે સહેલો હોય છે. પણ તેમની શારીરિક ચેતના જેવી હતી તેવી જ રહે છે, તેને તેઓ પરિવર્તિત કરતા હોતા નથી. જો માણસ સાધુ કે તપસ્વી જેવો ન બને, સર્વ ક્રિયાશીલ જીવનનો ત્યાગ ન કરે, સતત એકાગ્રતામાં કે ધ્યાનમાં ન રહે, તો તે કશું જ પ્રાપ્ત કરી શકતો નથી. અર્થાત્ અસ્તિત્વના સમગ્ર ભાગનું તેમાં રૂપાંતર થતું હોતું નથી. તેનું રૂપાંતર કરવાનો તેમનો ઉકેલ હોતો નથી; તેમનો ઉકેલ તો શરીરનો જેમ બને તેમ જલ્દી ત્યાગ કરવાનો હોય છે. પ્રાચીન કાળમાં યોગનો આવો ખ્યાલ હતો, કારણ કે તેમ કરવું એ વધારે સહેલું છે. પણ આપણે આ વસ્તુ માગતા નથી.

આપણે તો શારીરિક ચેતનાનું રૂપાંતર માગીએ છીએ, તેનો ઇન્કાર નહિ.

એટલે, આ બાબતમાં, શ્રી અરવિંદે ભગવાનને સમર્પણ કરી દેવું તેને

સૌથી વધારે સીધા અને સમગ્ર માર્ગ તરીકે ભલામણ કરી છે. તે સમર્પણ પ્રગતિશીલ રીતે વધારે ને વધારે સંપૂર્ણ બનવું જોઈએ, જેમાં શારીરિક ચેતનાનો અને શારીરિક ક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે. જો માણસ આમાં સફળ બને, તો શારીરિક અવરોધ બનવાને બદલે, મદદ-રૂપ બની જાય.

આ વાક્યનો શો અર્થ છે : "આત્માના આંતર બળમાંથી જીવનના મુખ સામે સીધું જુઓ, અને સંજોગોના સ્વામી બનો."

જે પદ્ધતિ સમગ્ર શારીરિક ચેતનાનો અને શારીરિક ઘટનાઓનો ત્યાગ કરવાનું કહે છે, તેનાથી આ તદ્દન વિરુદ્ધની પદ્ધતિ છે. "જીવનના મુખ સામે જુઓ" એટલે જીવનથી વિમુખ ન બનો! જીવન જેવું છે તેવા જીવનનો સામનો કરો, તેમાંથી ભાગી ન જાઓ, આંતર ચૈત્યિક શક્તિને મદદ માટે બોલાવો. તે ચૈત્યિક શક્તિને શ્રી અરવિંદ "આત્માનું આંતર બલ" કહે છે. આ ચૈત્યિક ચેતનાની મદદ વડે સંજોગોથી ઊર્ધ્વમાં ચાલ્યા જાઓ, તેમના સ્વામી બનો. જે કાંઈ આવી પડે તેને તાબે થવાને બદલે, તેનાં પરિણામોથી દુઃખી થવાને બદલે, માણસ સંજોગોથી પર થઈ જાય છે; સંજોગોને તે પસાર થઈ જવા દે છે — તમને સ્પર્શ ન કરી શકે, તમારી ચેતનામાં વિકૃતિ ન લાવે એવી વસ્તુઓની પેઠે. એ વાક્યનો એ અર્થ છે.

એમ કહેવામાં આવે છે કે દિવ્ય પ્રેમથી સચેતન બનવા માટે બીજા બધા પ્રેમનો ત્યાગ કરવાની જરૂર છે. જે જક્કીપણે આપણને ચીટકી રહે છે અને સહેલાઈથી આપણને છોડી જતો નથી, તે બીજા પ્રેમનો ત્યાગ કરવાનો શ્રેષ્ઠ માર્ગ શો છે?

તેમાંથી પસાર થવાનો. આહ!

તેમાંથી પસાર થવું, તે પ્રેમની પીઠમાં રહેલી વસ્તુને જોવી, બાહ્ય દેખાવ આગળ અટકી ન જવું, બાહ્ય રૂપથી સંતોષ ન માનવો, આ પ્રેમની પીઠમાં રહેલા તત્ત્વને શોધવું, પોતામાં પેદા થયેલી લાગણીનું ઉદ્‌ભવ-સ્થાન જ્યાં સુધી ન જડે ત્યાં સુધી સંતોષ ન માનવો. પછી બાહ્ય રૂપ આપોઆપ ભાંગીને ભુક્કા થઈ જશે, અને તમે દિવ્ય પ્રેમના સંપર્કમાં આવશો, જે પ્રેમ સર્વ વસ્તુઓની પીઠમાં રહેલો છે.

આ શ્રેષ્ઠ માર્ગ છે.

બીજી વસ્તુને પ્રાપ્ત કરવા માટે એક વસ્તુનો ત્યાગ કરવો એ બહુ કઠિન છે. તે લગભગ અશક્ય છે. કારણ કે માનવ પ્રકૃતિ એટલી બધી મર્યાદિત છે, વિરોધોથી એટલી બધી સભર ભરેલી છે, પોતાની ગતિમાં તે એટલી બધી અંગત છે કે જો માણસ માનવો જેમ માનવ પ્રેમમાં અનુભવે છે તેવા નિમ્નતર પ્રેમનો ત્યાગ કરવા માગતો હોય, જો તેનો ત્યાગ કરવા તે આંતર પ્રયત્ન કરે, તો તે પ્રેમ અનુભવવાની સમગ્ર શક્તિને જ ગુમાવી બેસે, પત્થર જેવો બની જાય પછી પોતામાં ફરી પ્રેમ ઝીલવાની અને તેને પ્રગટ કરવાની શક્તિ આવે તે પહેલાં તેને વર્ષો સુધી, સદીઓ સુધી રાહ જોવી પડે.

એટલે શ્રેષ્ઠ માર્ગ એ છે કે ગમે તે રૂપમાં પ્રેમ આવે, ત્યારે માણસે પ્રયત્ન કરવો, તેના બાહ્ય આભાસને ભેદીને પીઠમાં રહેલા દિવ્ય તત્ત્વને શોધી કાઢવું, જે તત્ત્વ તે પ્રેમને અસ્તિત્વ આપી રહ્યું હોય છે. સ્વાભાવિક રીતે જ, એમાં બંધનો, અને મુશ્કેલીઓ રહેલાં જ છે; પણ તે વધારે અસરકારક છે. અર્થાત્ માણસ ખોટી રીતે પ્રેમ કરે છે, માટે પ્રેમ જ ન કરવો — તેને બદલે તેણે ખોટી રીતે પ્રેમ કરવાનું બંધ કરવું જોઈએ અને સાચી રીતે પ્રેમ કરવાની ઇચ્છા રાખવી જોઈએ.

દા. ત. માબાપનો બાળકો પ્રત્યે પ્રેમ, બાળકોનો માતા-પિતા પ્રત્યે પ્રેમ, ભાઇઓનો અને બહેનોનો પ્રેમ, મિત્રોનો અને પ્રેમીઓનો પ્રેમ — માનવો વચ્ચે સર્વ રૂપોમાં પ્રગટ થતો પ્રેમ અજ્ઞાનથી, સ્વાર્થમયતાથી, માનવની સામાન્ય બીજી ન્યૂનતાઓથી દૂષિત થયેલો હોય છે. એટલે પ્રેમ કરવો તદ્દન બંધ કરી દેવાને બદલે — જે કરવું તેને શ્રી અરવિંદ બહુ કઠિન કહે છે — , જેથી હૃદય તદ્દન શુષ્ક બની જાય અને કશો હેતુ સરે નહિ, તેના કરતાં માણસે વધારે સારી રીતે પ્રેમ કરતાં શીખવું જોઈએ. ભક્તિ-પૂર્વક, આત્મ-સમર્પણપૂર્વક, નિઃસ્વાર્થ રીતે માણસે પ્રેમ કરતાં શીખવું જોઈએ. તેણે પ્રેમની સામે નહિ, પણ તેનાં વિકૃત રૂપો સામે ઝઘડવું જોઈએ. એકાધિકાર, આસક્તિ, માલિકીની ભાવના, અદેખાઈ વગેરે નિમ્ન પ્રેમમાં આવતી વસ્તુઓ સાથે માણસે ઝઘડવું જોઈએ. પ્રેમમાં માણસે પ્રભુત્વની, પોતાની ઇચ્છા સામા પક્ષ પર લાદવાની, પોતાની કામનાઓ — તરંગો બીજા પર લાદવાની ઇચ્છાનો ત્યાગ કરવો જોઈએ. લેવાની નહિ, પણ આપવાની ઇચ્છા રાખવી જોઈએ. બીજાના પ્રત્યુત્તર માટે આગ્રહ રાખવાને બદલે, માણસે માત્ર પોતામાં રહેલા પ્રેમથી સંતોષ માનવો જોઈએ. પોતાનો અંગત હેતુ, સુખ, કામના સિદ્ધ કરવાની ઇચ્છાને બદલે પોતાનો પ્રેમ

આપવામાં સંતોષ માનવો જોઈએ, કોઈ પ્રત્યુત્તરની માગણી ન કરવી જોઈએ. માત્ર પ્રેમ કર્યાથી જ સુખી બનવું જોઈએ, તેથી વધારે કાંઈ જ નહિ.

જો તમે તે કરો, તો તમે મહાન પગલું આગળ ભર્યું ગણાય. આ વલણ દ્વારા તમે ધીમે ધીમે તે લાગણીમાં આગળ વધી શકો, અને એક દિવસ સાક્ષાત્કાર કરી શકો કે પ્રેમ એ કોઈ અંગત વસ્તુ નથી, તે એક વૈશ્વિક દિવ્ય અનુભૂતિ છે, જે તમારી મારફતે ઓછા-વત્તા પ્રમાણમાં સુંદર રીતે વ્યક્ત થાય છે, પણ જે તેના સત્વમાં કોઈક દિવ્ય વસ્તુ છે.

પ્રથમ પગલું છે — સ્વાર્થી ન બનવું તે. દરેક જણને તે જ વાત લાગુ પડે છે, માત્ર યોગ કરવા માગતા લોકોને જ નહિ, પણ સામાન્ય જીવનમાં પણ. જો માણસ પ્રેમ કેવી રીતે કરવો તે જાણવા માગતો હોય, તો તેણે પ્રથમ પોતાને જ સ્વાર્થમયતાપૂર્વક ન ચાહવું જોઈએ. તેણે સામા પક્ષ પાસેથી કશી અપેક્ષા રાખ્યા સિવાય પ્રેમીને પોતાની જાત આપી દેવી જોઈએ. આ શિસ્ત પોતાની જાતની પાર જવા માટે અને તદ્દન સ્થૂલ નહિ એવા પ્રકારનું જીવન જીવવા માટે પ્રાથમિક છે.

યોગ માટે આપણે બીજા કાંઈકનો ઉમેરો કરીએ. મેં શરૂઆતમાં કહ્યું તેમ, પ્રેમના આ મર્યાદિત અને માનવી રૂપને ભેદીને પાર જવાનો સંકલ્પ હોવો જોઈએ. અને તેની પીઠમાં રહેલા, દિવ્ય પ્રેમના તત્ત્વને શોધી કાઢવું જોઈએ. તો પછી તેને જરૂર પરિણામ પ્રાપ્ત થવાનું. પોતાના હૃદયને શુષ્ક બનાવી દેવા કરતાં આ વધારે સારું છે. કદાચ તે જરાક વધારે કઠિન છે, પણ તે દરેક રીતે વધારે સારું છે, કારણ કે અહંતાપૂર્ણ રીતે બીજાઓને દુઃખી કરવાને બદલે, આમ કરવાથી માણસ તેમને તેમની ગતિમાં શાન્ત રહેવા દે છે. તે બીજાઓ પર પોતાનો સંકલ્પ લાદવાને બદલે, પોતાની જાતનું રૂપાંતર કરવા પ્રયત્ન કરે છે. આ વસ્તુ સામાન્ય જીવનમાં પણ કોઈક ઉચ્ચતર અને વધારે સંવાદમય વસ્તુ પ્રત્યેનું પગલું છે.

*

વાર્તાલાપ — ૩૯

૨૬ સપ્ટેમ્બર ૧૯૫૬

"અત્યારે જીવનનાં બધાં અથવા ઘણાંખરાં કાર્યો કામનાના તત્ત્વ વડે દૂષિત દેખાય છે. નીતિમય અથવા ધાર્મિક કાર્યો પણ, ઉચ્ચ આદર્શવાદ — માનવસેવા — આત્મબલિદાન — ત્યાગનાં કાર્યો પણ કામનાના તંતુઓ વડે વીંધાયેલાં છે. આ કામનાનું તત્ત્વ અહંતાનું વિભાજક તત્ત્વ છે, તેની બધી વૃતિઓ વિભાજક આત્મ-સ્થાપના માટે હોય છે. ખુલ્લી રીતે અથવા વત્તાઓછા તેજોમય અંચળા હેઠળ, કામનાનું તત્ત્વ પોતાની વૃદ્ધિ માટે, માલિકી માટે, ઉપભોગ માટે, વિજય માટે, સામ્રાજ્ય માટે હમેશાં આગળ ધપી રહ્યું હોય છે."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૬૪)

મધુર માતાજી, કામનાનું તત્ત્વ (આત્મા) એ શું છે?

તે તમને જીવવાનો, કાર્ય કરવાનો, ગતિ કરવાનો વેગ આપે છે.

આત્મા શબ્દ માટે ફ્રેન્ચમાં 'આમે' — શબ્દ છે, જે 'વેગ આપવો, પ્રેરવું, એ અર્થવાળા ધાતુમાંથી બનેલો છે. તે શરીરને જીવન આપે છે. જો તમારામાં તે ન હોય, તો તમે જડ પદાર્થ-તત્ત્વ બની જાઓ — પત્થર કે છોડ પેઠે, તદ્દન જડ નહિ, પણ વનસ્પતિ પેઠે.

કેટલાક લોકો કહે છે કે કામનાઓ સિવાય અર્થાત્ કામનાના આ આત્મા સિવાય, કશી જ પ્રગતિ ન થઈ શકી હોત. સામાન્ય જીવનમાં તે ખૂબ ઉપયોગી વસ્તુ છે, પણ માણસ જ્યારે યોગ કરવાનો, ભગવાનને ખોળી કાઢવાનો નિર્ણય કરે છે, ત્યારે તે જરાક ભાર-રૂપ બની જાય છે.

(મૌન)

હવે કાંઈ પૂછવાનું રહે છે?

જ્યારે અમે વહેંચણી[1] માટે આપની પાસે આવીએ છીએ, ત્યારે કેટલીક વાર અમને એમ લાગે છે કે અમે મુક્ત અને આનંદમય છીએ, પણ કેટલીક વાર અમને કશું જ લાગતું હોતું નથી, અમે ખાલીખમ હોઈએ છીએ. આ શું સૂચવે છે?

જ્યારે માણસ આનંદ અનુભવે છે, ત્યારે તેનો અર્થ છે કે તે ખુલ્લો છે અને શક્તિને ઝીલે છે. જ્યારે માણસને કશું જ ન અનુભવાતું હોય, ત્યારે તેનો અર્થ એ છે કે તે બંધ છે, પૂરાઈ ગયેલો છે.

પણ તમને શું ખુલ્લા કરતું હોય છે અને બંધ કરી દેતું હોય છે? દરેક જણ માટે તે ભિન્ન ભિન્ન હોય છે. તેનો આધાર ઘણી વસ્તુઓ પર હોય છે. તમે તમારા પોતામાં એ જોયું નથી કે તે બાહ્ય સંજોગો પર આધાર રાખે છે કે તમારી અંદરની કોઈક વસ્તુ પર? નહીં?

હા.

હા. વાહ, સરસ!

કેટલીક વાર માણસને વધારે સજીવ, વધારે શક્તિપૂર્ણ, અને વધારે આનંદ-પૂર્ણ બનાવનાર, ઘણાં ભિન્ન-ભિન્ન કારણો હોય છે, સામાન્ય જીવનમાં કેટલાક લોકો એવા હોય છે કે જે પોતાના બંધારણને કારણે પ્રકૃતિ સાથે અમુક સંવાદિતામાં હોય છે — જાણે કે તે પ્રકૃતિની છંદોમયતા સાથે જ શ્વાસોચ્છવાસ ન લેતા હોય. આ લોકો હમેશાં આનંદી, સુખી હોય છે. તેઓ જે કાંઈ કરે છે, તેમાં સફળ થતા હોય છે. તેઓ ઘણી મુશ્કેલીઓને અને સંકટોને દૂર રાખતા હોય છે. તેઓ જીવનની અને પ્રકૃતિની છંદોમયતા સાથે સંવાદિતામાં હોય છે. વળી એવા દિવસો પણ આવે છે, જ્યારે માણસ કાર્ય કરી રહેલી દિવ્ય ચેતના સાથે, ભગવાનની કૃપા સાથે સંપર્કમાં હોય છે. ત્યારે દરેક વસ્તુ ભગવાનની હાજરી વડે રંગાઈ ગયેલી હોય છે, અને જે વસ્તુઓ તમને મોટે ભાગે નીરસ અને સુસ્ત લાગતી હતી, તે મનોહર, આનંદ-દાયક, આકર્ષક, બોધપ્રદ બની જાય છે; દરેક વસ્તુ જીવતી લાગે છે, આકંપનો છોડતી

૧. ૧૯૫૮ સુધી ક્રીડાંગણ ઉપર (વર્ગના દિવસો સિવાય) દરેક સાંજે, માતાજી મગફળી અને મીઠાઈ વહેંચતાં હતાં. બધા શિષ્યો પંક્તિમાં, એક પછી એક, તેમની પાસે જતા, જેથી તેમને સીધી રીતે આધ્યાત્મિક મદદ મળે.

લાગે છે, આશાસ્પદ અને શક્તિ-પૂર્ણ લાગે છે. એટલે, જ્યારે માણસ તેના પ્રત્યે ખુલ્લો બને છે, ત્યારે પોતે વધારે શક્તિશાળી, વધારે મુક્ત, વધારે સુખી, શક્તિ-પૂર્ણ બન્યો હોય એમ તેને લાગે છે; દરેક વસ્તુ તેને અર્થપૂર્ણ લાગે છે. વસ્તુઓ છે તેવી શા માટે છે, તે તે માણસ સમજે છે, અને તે સામાન્ય ગતિમાં ભાગીદાર બને છે.

બીજા કેટલાક સમયો આવે છે, જ્યારે એક યા બીજા કારણે માણસને એમ લાગે છે કે હું ધૂંધળો બની ગયો છું, પૂરાઈ ગયો છું, છિદ્રના ઊંડાણમાં ભરાઈ ગયો છું. ત્યારે તેને બધી વસ્તુઓ નીરસ લાગે છે. મૂલ્ય વગરની, સ્વાદ વગરની લાગે છે. તે કાષ્ઠના ચાલતા ઠૂંઠાની પેઠે ગતિ કરતો હોય છે.

જો માણસ સચેતનતા-પૂર્વક પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે પોતાની જાતને જોડી શકે, તો તે હમેશાં અભિમુખતાની, આંતર આનંદની, શક્તિની, પ્રગતિની, ભગવાનની હાજરી સાથે સંપર્કની સ્થિતિમાં રહી શકે. જ્યારે માણસ પરમાત્મા સાથે સંબંધમાં હોય છે, ત્યારે તે સર્વત્ર, સર્વ વસ્તુઓમાં તેમને જોઈ શકે છે, અને બધી વસ્તુઓ તેમના સાચા અર્થને ધારણ કરે છે.

તેનો આધાર શેના પર છે? આંતર છંદોમયતા પર; કદાચ કૃપા પર; ગમે તેમ પણ, તમારાથી પર એવી કોઈક વસ્તુ પ્રત્યે અભિમુખતા પર.

માતાજી, જ્યારે સારી રીતે વિકાસ પામેલો જીવ દેહ ધારણ કરે છે, ત્યારે આ કામનાના આત્માનું રૂપાંતર કરવામાં તેને ઓછી મુશ્કેલી પડે છે?

તેનો અર્થ શો છે?

મહાન આધ્યાત્મિક વિભૂતિઓને મુશ્કેલીઓ ઓછી હોય છે ખરી?

એવું કહી ન શકાય.

સિદ્ધાંત-રૂપે એમ કહેવાય છે, પણ હકીકતમાં, વ્યક્તિતાનું નિર્માણ જેમ જેમ સારું થતું જાય છે, તેમ તેમ કામનાનો આ જૂઠો આત્મા વધારે બળવાન બન તો હોય છે. જે લોકોનું વ્યક્તિત્વ સારી રીતે રચાયેલું, સંગઠિત બનેલું હોય છે અને સ્વતંત્ર હોય છે, જે પરિસ્થિતિ પર આધાર રાખતું નથી, તેમને ભગવાનની હાજરી સાથે સંપર્કમાં આવવામાં ઘણી વધારે મુશ્કેલી આવે છે, કારણ કે તેમનું અસ્તિત્વ સુ-સંગઠિત હોય છે — જે મોટે ભાગે સ્વ-પર્યાપ્ત હોય છે. ખૂબ

જીવંત, પૂર્ણ રીતે સિદ્ધ બનેલી વ્યક્તિના વિચારો બદલવા એ હમેશાં ખૂબ મુશ્કેલ હોય છે; જ્યારે બીજા લોકોમાં — તેમના વિચારોમાં સહેલાઈથી ફેરફાર કરી શકાય છે — દા.ત. સદ્‌ભાવનાવાળો માણસ, જે હજી સર્વ પ્રકારની અસર પ્રત્યે ખુલ્લો છે. જ્યારે માણસનું નિર્માણ બળવાન રીતે થયું હોય છે, તેને પોતાના વ્યક્તિત્વની ભાવના હોય છે, પોતાના અસ્તિત્વનું ભાન હોય છે, ત્યારે તેને એમ માનવું એ ખૂબ મુશ્કેલ લાગે છે કે હું કાંઈ જ નથી, હું તો માત્ર ભગવાનની શક્તિનું કરણ છું. પણ જેને પોતાને વિષે અસ્પષ્ટ — ધૂંધળી લાગણી હોય છે (અભિનય), પણ ચોક્કસ નહિ, જેને કોઈ નિશ્ચિત મર્યાદાઓ નથી, સુ-ગઠિત વ્યક્તિત્વ નથી, તે વધારે સહેલાઈથી સમજી શકે છે કે હું પોતે-જાતે કાંઈ જ નથી; કોઈ બીજી જ શક્તિ મારી પાસે કાર્ય કરાવી રહી છે. એટલે તમે એમ ન કહી શકો કે સારી રીતે વિકાસ પામેલા જીવાત્માને ઓછી મુશ્કેલીઓ હોય છે. તેનો આધાર વ્યક્તિ પર રહેલો છે.

મને લાગે છે કે તમે એવો અર્થ કરવા માગો છો કે જો માણસ પોતાના સત્ય આત્મા સાથે સંપર્કમાં હોય, તો કામનાના આત્માને દૂર રાખવો એ તેને સરખામણીમાં સહેલું પડે છે. પણ તે જુદી જ પરિસ્થિતિ ગણાય. પ્રથમ તમે તમારા ચૈત્યિક અસ્તિત્વને શોધી કાઢ્યું હોવું જોઈએ અને તેની સાથે તાદાત્મ્ય કરેલું હોવું જોઈએ; પછી જ તમે કામનાના આત્માને તેની મૂર્ખતાની ખાતરી કરાવી શકો.

(લાંબા વખત સુધી મૌન)

(એક બાળકને) તમારે કાંઈ પૂછવું છે?

માતાજી, મારે નથી પૂછવું. પણ કોઈકે આ પ્રશ્ન પૂછ્યો છેઃ "સાધનાની અત્યારની સ્થિતિમાં આપની સાથેના સંપર્કની શી ઉપયોગિતા છે? આપની સાથેનો અંગત સંપર્ક અમને કેટલા પ્રમાણમાં મદદ કરે છે?"

'અંગત સંપર્ક'નો શો અર્થ છે? મને જોવી, મારી સાથે વાત કરવી, શું? વ્યક્તિગત રીતે, સામૂહિક રીતે, કેવી રીતે?

વ્યક્તિગત રીતે?

ઓહ! (હસતાં હસતાં) મુલાકાતો લેવી તે!

તમે તેને જવાબ આપી શકો કે તેનો આધાર માણસ મુલાકાતોનો શો ઉપયોગ કરે છે તેના પર છે.

તે પ્રશ્નનો જવાબ આપવો એ બહુ કઠિન છે, કારણ કે તે તદ્દન અંગત પ્રશ્ન છે. તેનો આધાર તે ક્ષણ પર, તે વખતની તે માણસની સ્થિતિ પર, અને — સૌથી વધારે તો — એ માણસ તે સંપર્કનો સારી રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે, તેના પર રહેલો છે.

જો માણસ આંતર રીતે ખુલ્લો હોય, અભિમુખ હોય, તો તે પોતાની પૂર્ણ પ્રગતિ માટે જરૂરી સર્વ વસ્તુ પોતાના સૂક્ષ્મ શારીરિકમાં પ્રાપ્ત કરે છે. વસ્તુઓના ક્રમમાં, બાહ્ય સંપર્ક શિખર-રૂપે, મદદ-રૂપે થવો જોઈએ, જેથી શરીર — ભૌતિક શારીરિક ચેતના અને શરીર આંતર અસ્તિત્વની ગતિને અનુસરી શકે.

પણ જો તમે એમ માનો કે આ સંપર્ક તમારામાં આંતર અભિમુખતા સ્થાપી આપશે, તો તમારી ભૂલ થાય છે; તો તે સંપર્ક બહુ ઉપયોગી નહિ બને. દા. ત. જે લોકો તદ્દન બંધ છે, અંદર કાંઈ પણ ઝીલી શકતા નથી, શક્તિઓ પ્રત્યે ખુલ્લા નથી, જેઓ એમ કલ્પના કરે છે કે "અમે માતાજી સાથે અડધો કલાક કે કલાક બેસવાના છીએ, વાતો કરવાના છીએ, અને તેથી અમને અમારું રૂપાંતર કરવામાં ખૂબ મદદ મળી રહેશે," તો તઓ બહુ મોટી ભૂલ કરી રહ્યા છે. પણ જો તે લોકો અંદર ખુલ્લા હોય, જો તેઓ શક્તિના સંપર્કમાં આવે, અને પોતાનું રૂપાંતર કરવા માટે પ્રયાસ કરે, તો અમુક ખાસ ક્ષણે, કદાચ વાતચીત અથવા ભૌતિક સંપર્ક — હાજરી તેમને વધારે સમગ્ર પ્રગતિમાં મદદ કરે.

માણસ ખૂબ સહેલાઈથી ખૂબ નિકટતામાં રહેતો હોય, દૈનિક જીવનમાં ખૂબ નજીક રહેલો દેખાતો હોય, અને છતાં તેને તેમાંથી કશું જ પ્રાપ્ત ન થાય — કમથી કમ, ક્રિયાશીલ ચેતનામાં. કદાચ બહુ ધીમું અને ગહન કાર્ય થતું રહેતું હોય... પણ મને એમ લાગે છે કે તે તો ગમે તે વ્યક્તિ બાબત બનતું રહે. જો માણસ એક યા બીજા કારણે મારી નજીક હોય, પણ તેનો વિચાર બીજે ભટકતો હોય, કામનાઓ બીજે હોય, મનના વ્યાપારો બીજે હોય, તો તે તદ્દન નકામું છે, તેથી કશો ફાયદો થતો હોતો નથી.

મહત્ત્વનો મુદ્દો એ છે કે આંતર સંપર્ક સ્થાપવો જોઈએ. પછી અમુક કિસ્સાઓમાં — ઘણી વાર તો નહિ, તેનો આધાર વ્યક્તિ પર છે — હાજરી કાંઈક ઉમેરી આપતી હોય છે, વધારે સઘન અને નિશ્ચિત સાક્ષાત્કાર લાવી આપે

છે. પણ જો અંદર કાંઈ જ ન હોય, તો તે તદ્દન નકામું છે. એટલે સામાન્ય નિયમ ન બનાવી શકાય. તેનો આધાર તે વ્યક્તિ પર અને તે વખતની સ્થિતિ પર રહેલો છે.

(મૌન)

બહારથી શરૂઆત કરીને અંદર પહોંચવું — એવું માનવાની ભૂલ સામાન્ય હોય છે. તે તેમ નથી હોતું. અંદર શરૂઆત કરવી અને અંદર તૈયારી થઈ જાય પછી બહાર પહોંચવું — એ સાચી રીત છે.

માતાજી, જ્યારે અમે આપની પાસે આવીએ છીએ, ત્યારે પ્રયત્નપૂર્વક અમે સારા વિચારો રાખીને આવીએ છીએ; પણ ઘણી વાર તેથી ઊલ્ટું, જ બનતું હોય છે. દિવસ દરમિયાન આવેલા ખરાબ આવેગો, ખરાબ વિચારો જ આવી જતા હોય છે.

કદાચ તેનું કારણ એ પણ હોય કે તમે તે વિચારોને તથા આવેગોને દૂર કાઢી મૂકી શકો.

જો તે વિચારો અને આવેગો આવે, તો માણસ તેમને સમર્પિત કરી દઈને તેમનાથી મુક્ત થવાની માગણી કરી શકે.

કદાચ તે કારણ છે. કદાચ ચેતના વિશુદ્ધિ માટે માગણીકાર્ય કરી રહી છે. વસ્તુઓને સંતાડી રાખવી અને પાછળ હડસેલી મૂકવી, અને પોતે પોતાની આગળ પડદો મૂક્યો છે એટલે તે વસ્તુઓ છે જ નહિ એમ કલ્પી લેવું કશા જ કામનું નથી — શરત એટલી કે તે માણસે અસ્તિત્વની તે ખરાબ ટેવોને ફગાવી દેવાનો નિર્ણય કરવો જોઈએ. જો તમે બધી ખરાબ ગતિઓને સપાટી પર આવવા દઈને તેમને પોતાની જાતને બતાવવા દો, તેમને સમર્પિત કરી દો, કહો કે હું આ પ્રકારનો માણસ છું, અને તે જ સમયે તમને જુદા પ્રકારના માણસ બનવાની અભીપ્સા હોય, તો મિલનની તે ક્ષણ ખૂબ જ ઉપયોગી બની જાય છે. તે ટેવોને દૂર કરવા માટેની જરૂરી મદદ તમે થોડી જ સેકન્ડોમાં પ્રાપ્ત કરી શકો છો. પણ જો તમે એક નાનકડા સંતની પેઠે આવો, અને કશું જ મેળવ્યા સિવાય, સંતોષ માનીને ચાલ્યા જાઓ, તો તે જરા પણ ઉપયોગી નથી.

ચેતના આપોઆપ એ પ્રમાણે કાર્ય કરે છે; જ્યાં કોઈ પ્રકાશનું કિરણ ન હતું ત્યાં પ્રકાશ લાવનાર કિરણ જેવી તે ચેતના હોય છે. જરૂર છે માત્ર એવી

સ્થિતિમાં હોવાની કે જેમાં માણસ તે ખરાબ ટેવને અથવા વસ્તુને છોડી દેવા માગતો હોય, તેને ચીટકી રહેવા નહિ. જો સાચા દિલથી તે તેને પોતામાંથી બહાર ફેંકી દેવા, અદૃશ્ય બનાવી દેવા માગતો હોય, તો તે મુલાકાત ખૂબ જ ઉપયોગી છે.

(મૌન)

સાચે જ હું પોતે એક પ્રશ્ન પૂછવા માગું છું. તમે જ્યારે મારી પાસે આવો છો, ત્યારે શા માટે પ્રયત્નપૂર્વક સારા વિચારો લઈને આવવા માગો છો? તેનું કારણ શું?

આપની સામે ખરાબ ગતિઓ હોવી એ ખૂબ વરવું છે! (હસાહસ)

જો તમે તેમને રાખવા માગતા હો, તો સાચે જ ખૂબ વરવું છે, પણ જો તમે તેમને ફગાવી દેવા માગતા હો, તો તેમને ફગાવી દેવાની એ એક તક છે, કારણ કે મારી સમક્ષ તે ખરાબ ગતિઓ જેવી હોય છે તેવી જ દેખાય છે. પણ જ્યારે તે ગતિઓ મારાથી દૂર હોય છે, ત્યારે તે અનેક પ્રકારના તેજસ્વી પ્રકાશોથી રંગીન બની જતી હોય છે, જેથી તમે તેમને સારી માની લો. જો ગતિ મલિન હોય અને તમે તેને મારા વાતાવરણમાં જુઓ, તો તે બરાબર જેવી છે તેવી જ તમને દેખાય છે. ત્યારે તેને ફજેટી દેવાનો સમય આવી ગયો છે એમ માનવું.

(મૌન)

પોતાની પાસે જે શ્રેષ્ઠ વસ્તુ હોય તેનું સમર્પણ કરવું તે ખૂબ સુંદર છે, તેનું ખૂબ મૂલ્ય અંકાય છે. પણ પોતામાં જે ખરાબમાં ખરાબ વસ્તુ હોય તેને સમર્પિત કરવી તે વધારે ઉપયોગી છે; કદાચ આ વસ્તુના સમર્પણનું પહેલા કરતાં પણ વધારે મૂલ્ય અંકાય છે — શરત માત્ર એટલી કે તેનાથી મુક્ત બનવા માટે અને પછી તેને ફરી ન સ્વીકારવા માટે, તે સમર્પિત કરવામાં આવે!

*

વાર્તાલાપ — ૪૦

૩ ઑક્ટોબર ૧૯૫૬

મારી પાસે પ્રશ્નોનો ઢગ આવી પડ્યો છે! પણ તેમનો જવાબ આપતા પહેલાં, હું તમને કાંઈક સમજાવવા માગું છું.

તમે અનેક પ્રસંગોએ જોયું હશે કે હું તમારી સાથે હમેશાં એક જ પ્રકારે વાર્તાલાપ નથી કરતી. તમને એ ભેદ માલૂમ પડ્યો છે કે નહિ, તે હું નથી જાણતી, પણ મને તો તે ભેદ બહુ મોટો લાગે છે. મેં કાંઈક વાંચ્યું હોય તેને કારણે અથવા બીજા કોઈ કારણે — કેટલીક વાર પ્રશ્નને અનુસરીને, પણ ભાગ્યે જ, — એમ બનતું હોય છે કે મને કોઈક અનુભૂતિ થતી હોય છે, પણ હકીકતમાં તે ચેતનાની અમુક સ્થિતિમાં પ્રવેશ હોય છે, અને તે ચેતનાની સ્થિતિમાં આવી ગયા પછી હું તેને વર્ણવતી હોઉં છું. તે સ્થિતિમાં જે કહેવાતું હોય છે તે મનમાંથી પસાર થઈને, મનનો માત્ર શબ્દોના ભંડાર-રૂપે ઉપયોગ કરતું હોય છે. એમ કહી શકાય કે જે ચેતના, શક્તિ પોતાની જાતને અભિવ્યક્ત કરતી હોય છે, તે વ્યક્તિગત મનમાંથી પસાર થાય છે — અને, એક પ્રકારની સમાન સંબંધિતા વડે અભિવ્યક્તિ માટે જરૂરી શબ્દોને આકર્ષતી હોય છે. તે સાચો ઉપદેશ છે, જે પુસ્તકોમાં ભાગ્યે જ જોવામાં આવે છે. તે પુસ્તકોમાં હોય; પણ તે બોધને શોધી કાઢવા માટે માણસે પોતે ચેતનાની તે સ્થિતિમાં હોવું જોઈએ. પણ બોલાયેલા શબ્દ સાથે ધ્વનિનું આકંપન, અનુભૂતિના અમુક અંશને શ્રોતાઓમાં સંક્રાન્ત કરે છે, જે ભાવનાપ્રધાન લોકો માટે ચેપી બની જઈ શકે.

બીજા કિસ્સામાં, પૂછાયેલો પ્રશ્ન અથવા પસંદ કરાયેલો વિષય મન વડે ઉચ્ચતર ચેતના આગળ લઈ જવાનો હોય છે. પછી મનને જવાબ મળે છે, અને તે શબ્દ દ્વારા શ્રોતાઓમાં તે જવાબને સંક્રાંત કરે છે. બધા બોધોમાં — ઉપદેશોમાં મોટે ભાગે આ જ બનતું હોય છે — શરત માત્ર એટલી કે બોધ કરનાર વ્યક્તિમાં પ્રશ્નને ઉચ્ચતર ચેતના પ્રત્યે મોકલી આપવાની આવડત હોવી જોઈએ, જે મોટે ભાગે નથી હોતી.

મારે કહેવું જોઈએ કે આ બીજી પદ્ધતિમાં મને બહુ રસ નથી. ઘણી

વાર, જ્યારે પ્રશ્ન અથવા વિષય મને ચેતનાની તે રસપ્રદ સ્થિતિમાં પ્રવેશવાની શક્યતા આપતો નથી, ત્યારે હું બોલવા કરતાં મૌન રહેવાનું હજાર-ગણું વધારે પસંદ કરું છું. માત્ર ફરજ બજાવવા ખાતર, ત્યારે હું બોલતી હોઉં છું. હું તમને આ પહેલેથી જણાવી દઉં છું, કારણ કે ઘણી વાર મેં વાર્તાલાપને અટકાવી દીધો છે અને ઓચિંતું ધ્યાન શરૂ કરાવ્યું છે. આ પ્રકારના પ્રશ્નો કે વિષયોની બાબતમાં તેમ બન્યું હતું. પણ કોઈકે મને આ તફાવત સમજાવવાનું કહ્યું હતું. એટલે આજે સાંજે હું આ કહી રહી છું.

(મૌન)

તે સિવાય, મારી પાસે કેટલાક વ્યવહારુ પ્રશ્નો છે. એ પ્રશ્નોના સંબંધમાં મેં એવું કાંઈક જોયું, કે જેને વિષે હું તમને કહેવાની છું. ઓહ! તે પ્રતીકો સાથે કોઈ દર્શન ન હતું. ખૂબ રસ પડે તેવા કશાની આશા ન રાખતા. મને જે પૂછવામાં આવ્યું હતું, તેને હું મારા શબ્દોમાં ફરી મૂકું છું; સવાલના આ મૂળ શબ્દો નથી :

અતિ-મનસ્‌ની હાજરી સાચી રીતે કેવો તફાવત ઊભો કરી શકે છે? સમસ્યાઓના પ્રવાહને તે કેવી રીતે બદલી નાખે છે? આ આવિર્ભાવને ધ્યાનમાં રાખીને જીવનનો ફરી કેવી રીતે વિચાર થવો જોઈએ?

મને વ્યવહારમય દૃષ્ટાંતો આપવાનું કહેવામાં આવ્યું છે. તેનો શો અર્થ છે તે હું બરાબર જાણતી નથી. પણ તે ગમે તે હોય, પણ ગણિતશાસ્ત્રીય મનોદશામાં મેં જે જોયું તે આ રહ્યું. ગણિતશાસ્ત્રીય ભાષા સાથે મને પરિચય નથી, પણ હું આને સમસ્યા પ્રત્યે ગણિતશાસ્ત્રીય રીતે જોવાનો એક પ્રકાર કહું છું.

હું ધારું છું કે તમે ગણિતશાસ્ત્રનું એટલું — પૂરતું અધ્યયન તો કર્યું છે, જેથી તમે જાણી શકો કે પાયામાં અમુક પસંદ કરાયેલાં તત્ત્વોને લેવા વડે જે સંયોગીકરણો થાય છે, તે બહુ જટિલ હોય છે. મારી જાતને સ્પષ્ટ બનાવવા માટે હું એક દાખલો આપીશ, કારણ કે તમને શીખવવામાં જે પરિભાષાનો ઉપયોગ થાય છે તે હું વાપરી શકું તેમ નથી. દા. ત. કક્કાવારીના અક્ષરો. કક્કાવારીમાં અમુક સંખ્યાના અક્ષરો હોય છે. આ બધા અક્ષરો લેવાથી સર્વ શક્ય સંયોગીકરણોની સંખ્યાને જો તમે જાણવા અથવા ગણવા માગતા હો — તે અક્ષરોને કેવી રીતે અને કેટલા પ્રકારોમાં સંગઠિત કરી શકાય, તો તમને

માલૂમ પડશે કે તે સંખ્યા કલ્પી ન શકાય તેટલી મોટી છે. ઠીક. પણ જો તમે ભૌતિક જગતને લો અને સૌથી વધારે સૂક્ષ્મ તત્ત્વને પહોંચો — તમે જાણો છો કે વૈજ્ઞાનિકો તદ્દન અદૃશ્ય અને અસંખ્ય વસ્તુઓ સુધી પહોંચી ગયા છે, જો તમે તે તત્ત્વને પાયા-રૂપે લો અને ભૌતિક જગતને સમગ્ર રૂપે લો, અને આ બધાં તત્ત્વો વડે સર્વ શક્ય સંયોગીકરણો કરતાં-કરતાં, કોઈ પણ સંયોગીકરણની પુન-રુક્તિ કર્યા સિવાય, ક્રીડા કરતી એક ચેતનાને અથવા સંકલ્પને કલ્પો, તો તમારી બુદ્ધિ બહેર મારી જાય. ગણિતશાસ્ત્રમાં તમને કહેવામાં આવ્યું છે કે તત્ત્વોની સંખ્યા સાન્ત છે, અને તેથી સંયોગીકરણોની સંખ્યા પણ સાન્ત છે. પણ એ તો કેવળ સૈદ્ધાંતિક વાત થઈ, કારણ કે જો તમે આચરણમાં આવો, અને આ બધાં સંયોગીકરણોને એક પછી બીજું — એમ અનુસરવાનું હોય, અને તે સંયોગીકરણો એટલા વેગથી ગતિ કરતાં હોય કે તેમને જોઈ જ ન શકાય, તો એ વાત સ્પષ્ટ છે કે આ સંયોગીકરણો કરવામાં અનંત સમય વીતી જાય, અર્થાત્ એ સંયોગીકરણોની સંખ્યા એટલી બધી મોટી હોય કે તેને કોઈ મર્યાદા — વ્યવહારુ મર્યાદા ન મૂકી શકાય. સિદ્ધાંત આપણે માટે રસપ્રદ નથી, પણ વ્યવહારમાં તે આમ છે.

ધારી લો કે હું જે કહું છું તે સાચું છે — સાચે જ એક ચેતના અને સંકલ્પ અનિશ્ચિત સમય સુધી, એક પછી બીજું — એ ક્રમમાં, એક કે બે વખત પણ પુનરુક્તિ કર્યા સિવાય, આ સંયોગીકરણોને પ્રગટ કરી રહી છે, તો આપણે એવા તારણ પર આવવું પડે કે વિશ્વ શાશ્વતીની પ્રત્યેક ક્ષણે નવીન છે. જો વિશ્વ શાશ્વતીની પ્રત્યેક ક્ષણે નવીન હોય, તો આપણે કબૂલવું પડશે કે કશું જ અશક્ય નથી. એટલું જ નહિ, એમ કહી શકાય કે પણ આપણે જેને તર્ક કહીએ છીએ તે સત્ય જ હોય એવું નથી, અને તે તર્ક એમ કહી શકાય કે — સર્જનહારની કલ્પના અમર્યાદિત છે.

એટલે જો એક યા બીજા કારણે — જે કારણ વ્યક્ત કરવું કઠિન છે — એક સંયોગીકરણ તેની નિકટના બીજા સંયોગીકરણની પછી ન આવે, પણ પરમ શક્તિ વડે પસંદ કરાયેલા બીજા સંયોગીકરણની પછી આવે, તો આપણી બધી જ ભૌતિક ખાતરીઓ અને આપણો બધો બાહ્ય તર્ક ભાંગી પડે.

સમસ્યા તમે ધારો છો તેના કરતાં બહુ જટિલ છે. તે એક ભૂમિકા પર, એક જ ક્ષેત્રમાં નથી અર્થાત્ વસ્તુઓની સપાટી પર નથી. અર્થાત્ તત્ત્વોની અનંત સંખ્યા શાશ્વતીમાં નવીન સંયોગીકરણોની શક્યતા ઊભી કરે છે. વળી તેમાં ઊંડાણ પણ છે — અર્થાત્ બીજાં માપો પણ છે. સૃષ્ટિ માત્ર સપાટીનાં સંયોગીકરણો વડે બનેલી નથી, પણ આ સપાટીની નીચેનાં ઊંડાણોનાં

સંયોગીકરણો વડે બનેલી છે, જેમને માનસ-શાસ્ત્રીય તત્ત્વો કહેવામાં આવે છે. પણ અત્યારે હું કેવળ ગણિતશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ લઈ રહી છું — જોકે હું ગણિતશાસ્ત્રની પરિભાષામાં બોલતી નથી, પણ છતાંયે તે ગણિતશાસ્ત્રીય વિચાર છે. અહીં આપણે સમસ્યા પ્રત્યે આવી ગયા છીએ.

જ્યારે દરેક વખતે સમગ્ર સંયોગીકરણોમાં એક નવીન તત્ત્વ ઉમેરાય છે, ત્યારે તે તેમની મર્યાદાને ચીરી નાખે છે. જૂની મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે, અને જૂની શક્યતાઓમાં અનંતગણી નવીન શક્યતાઓનો ઉમેરો થાય છે. એટલે તમે એવું જગત જુઓ છો કે જેમાં પ્રાચીન જ્ઞાન અનુસાર, બાર ઊંડાણો અથવા ક્રમિક માપો હતાં. એ બાર માપોમાં ઓચિંતાં નવીન માપો આવી પડે છે. એટલે પછી જૂની ફોર્મ્યુલાઓ તરત પરિવર્તિત થઈ જાય છે, અને જૂના પ્રગટીકરણની સમગ્ર શક્યતામાં નવીન શક્યતાઓનો ઉમેરો થાય છે; અને આ નવીન તર્કની આગળ પહેલાનાં સર્વ તર્ક અતાર્કિક બની જાય છે.

માનવ મને વિશ્વની જે કલ્પના કરી છે તેની વાત હું નથી કરતી, કારણ કે તેથી તો વિશ્વને બાર માપોમાં જ ન્યૂન બતાવી દેવાય. હું એવાં સમગ્ર સાંયોગીકરણોની વાત કરું છું જે ક્રમિક રીતે એક વ્યવસ્થામાં અને પસંદગી-પૂર્વક કરાતાં હોય છે. અને જે માનવ ચેતનાની પકડમાંથી છટકી જાય છે, પણ થોડાક પ્રમાણમાં માનવ જેમને અનુરૂપ બન્યો છે, અને સદીઓના અધ્યયન પછી માનવે એવું કાંઈક શોધી કાઢ્યું છે કે જેના પર તે ટિંગાઈ શકે — આધાર રાખી શકે. આધુનિક વૈજ્ઞાનિક શોધ પત્થર-યુગના દર્શન કરતાં વૈશ્વિક વાસ્તવિકતાની વધારે નજીક આવી પહોંચી છે. એ વાત નિઃશંક છે — પણ એવું કાંઈક આવી રહ્યું છે, જે પહેલાં કરતાં ખૂબ વધારે આગળ વધી જશે, બધી વસ્તુઓને ઊંધી-ચત્તી કરી મૂકશે, જૂના અધ્યયનથી ખૂબ આગળ ધપી ગયું હશે.

આ પરિવર્તનમાંથી, વૈશ્વિક તત્ત્વના રૂપાંતરમાંથી — જે દર્શનમાં એક પ્રકારની અંધાધૂંધી ચોક્કસ લાવી દેશે — એક નવીન જ્ઞાન પ્રગટ થશે. નવીન આવિર્ભાવનું આ ખૂબ સામાન્ય રૂપમાં પરિણામ છે.[૧]

૧. ૧૯૬૨માં જ્યારે આ વાર્તાલાપ પહેલી વાર પ્રસિદ્ધ કરવામાં આવ્યો, ત્યારે માતાજીએ નવીન તત્ત્વ વિષે આ ટીકા ઉમેરી હતી : "આ પહેલાં ન હતી એવી નવીન વસ્તુઓનો સવાલ નથી; માત્ર એટલું જ કે તે વિશ્વમાં આવિર્ભત થઈ ન હતી. જો તે પહેલાં સમાવિષ્ટ ન હોત, તો તે આવિર્ભૂત થઈ શકી જ ન હોત! એ વાત સ્પષ્ટ છે. જે વસ્તુ પરમાત્મામાં શાશ્વતીથી વિદ્યમાન ન હોય, તે પ્રગટ થઈ શકે જ નહિ; પણ આવિર્ભાવમાં તે નવીન છે. તત્ત્વ નવીન નથી, પણ નવીન રીતે તેને આવિર્ભૂત કરવામાં આવે છે, અનાવિર્ભૂતમાંથી તે નવીન રીતે બહાર આવી હોય છે. હવે એનો અર્થ શો છે? 'નવીન વસ્તુ' — એ શબ્દોનો કશો અર્થ નથી! આપણે માટે,

તદ્દન મર્યાદિત અને બાહ્ય દૃષ્ટિબિંદુથી હું હવે અમુક એવી વસ્તુઓ વિષે વાત કરીશ, કે જે મારી અનુભૂતિમાં નથી આવી, પણ જેમને વિષે મેં સાંભળ્યું છે. દા. ત. પ્રતિભાશાળી બાળકોની સંખ્યા વધી છે. હું એવા કોઈ બાળકને મળી નથી, એટલે તેમાં શું અસાધારણ અથવા અદ્‌ભુત પ્રતિભા શી છે તેને વિશે હું તમને કહી નહિ શકું. છતાં પણ એમ સાંભળવા મળ્યું છે કે સ્પષ્ટ રીતે એવી કેટલીક નવીન ટાઇપો છે, માનવ ચેતનાને આશ્ચર્યકારક લાગે છે. શું બની રહ્યું છે તે જાણવા માટે આપણે આવા દાખલાઓ જાણવા જોઈએ, એમ મને લાગે છે. એવી વસ્તુઓ અત્યારે બની રહી છે, જેમનું અવલોકન કરવાની આપણને ટેવ નથી. પણ એ સમજાવવાનો — તેમનો અર્થ શોધી કાઢવાનો સવાલ છે. મેં જે હમણાં કહી તે એક જ વાતની મને ખાતરી છે કે વિશ્વમાંનાં શક્ય સંયોગીકરણોની ગુણવત્તા, સંખ્યા, અને સ્વભાવ ઓચિંતાં એટલાં બધાં પરિવર્તિત થઈ જવાનાં છે કે શોધ કરનાર લોકોને તે ખૂબ ગૂંચવાડામાં મૂકી દે.

હવે આપણે જોઈશું.

(મૌન)

મેં જે તમને કહ્યું છે તેમાં હું એક વ્યવહારુ શબ્દ ઉમેરીશ. તે વીગતનું એક દૃષ્ટાંત છે. પણ મને પહેલાં પ્રકૃતિના નિયમો વિષે, કાર્યકારણના નિયમ વિષે, ભૌતિક જગતમાં અનિવાર્ય પરિણામો વિષે — ખાસ કરીને આરોગ્યના દૃષ્ટિબિંદુથી — પૂછવામાં આવ્યું હતું તેનો આ આડકતરો જવાબ હશે. દા. ત. જો માણસ અમુક સાવચેતીઓ ન રાખે, યોગ્ય ખોરાક ન લે, અમુક નિયમો ન પાળે, તો જરૂર તેનાં માઠાં પરિણામો આવે.

તે વાત સાચી છે. પણ મેં હમણાં જ જે કહ્યું તેના સંદર્ભમાં જો આને જોવામાં આવે કે બે વૈશ્વિક સંયોગીકરણો એક-સરખાં હોતાં નથી, તો પછી નિયમો કેવી રીતે સ્થાપી શકાય, અને આ નિયમોનું પરમ સત્ય શું છે તે કેવી રીતે નક્કી કરી શકાય?

જો તમે જરાક વધારે તર્કયુકત હો કે બે વસ્તુઓ, બે સંયોગીકરણો, બે વૈશ્વિક આવિર્ભાવો કદી તદ્દન સમાન હોતાં નથી, તો પછી કોઈ પણ વસ્તુનું પુનરાવર્તન કેવી રીતે બની શકે? તે માત્ર આભાસ હોઈ શકે, હકીકત નહિ. તમે દેખીતા સપાટીના નિયમોને દૂર તો ન જ મૂકી શકો, કારણ કે મન નિયમો બનાવે છે અને સપાટી મહેરબાનીની રાહે આ નિયમોને માન્ય રાખે છે, પણ

આવિર્ભાવમાં તે નવીન છે — એટલું જ."

તે માત્ર આભાસ હોય છે. પણ તે તમને આત્માની સર્જનાત્મક શક્તિથી, કૃપાની સાચી શક્તિથી વેગળા કરી દે છે, કારણ કે તમે સમજી શકશો કે તમારી અભીપ્સા વડે, તમારા વલણ વડે જો તમે નવીન ઉચ્ચતર તત્ત્વને વિદ્યમાન સંયોગીકરણોમાં દાખલ કરો — જે તત્ત્વને અત્યારે આપણે અતિ-માનસિક તત્ત્વ કહી શકીએ, તો તમે ઓચિંતા તેમના સ્વભાવને પરિવર્તિત કરી શકો, અને આ કહેવાતા જરૂરી અફર નિયમો અસંભવિતતાઓ બની જાય. અર્થાત્ તમે પોતે જ તમારા ખ્યાલ વડે, વલણ વડે, અમુક સ્વીકૃત સિદ્ધાંતો વડે, ચમત્કારની શક્યતાનાં દ્વાર બંધ કરી દો છો; વસ્તુઓ કેવી રીતે બને છે તે જાણ્યા પછી તે ચમત્કારો રહેતા નથી, પણ બાહ્ય ચેતના માટે તે ચમત્કારો લાગે છે. તમે પોતે જ યોગ્ય દેખાતા તર્ક વડે, તમારી જાતને કહો છો કે જો હું આમ કરું, તો ચોક્કસ આમ જ બને; અથવા જો હું આમ ન કરું, તો ચોક્કસ બીજું જ કાંઈક બને; આ રીતે તમે જ દ્વાર બંધ કરી દેતા હો છો. તમે જાણે તમારી વચ્ચે અને કૃપાના મુક્ત કાર્યની વચ્ચે લોખંડની દીવાલો ખડી કરતા હો છો.

એવી કલ્પના કેટલી સુંદર છે કે તાત્ત્વિક રીતે મુક્ત, વૈશ્વિક આવિર્ભાવની અધિષ્ઠાત્રી પરમાત્માની ચેતના પોતાની પસંદગીમાં કલ્પનાશીલ બની શકે છે, માનવતર્કથી અપ્રાપ્ય તર્ક વડે એક વસ્તુને બીજી જ કોઈ વસ્તુ પાછળ અ-ક્રમિક રીતે ગોઠવી શકે છે, પણ તે તર્ક બીજા પ્રકારનો, પહેલેથી ન જોઈ શકાય તેવો હોય છે!

પછી શક્યતાઓને, અનપેક્ષિત ઘટનાઓને, અદ્‌ભુત ચમત્કારોને કોઈ મર્યાદા નહિ રહે. આ સર્વ — સમ્રાટ, મુક્ત સંકલ્પ શાશ્વત કાલ માટે તત્ત્વો સાથે લીલા — ક્રીડા કરી રહ્યો છે, સતત નવીન જગત સર્જી રહ્યો છે, જેને પહેલાંના જગત સાથે કોઈ તાર્કિક સંબંધ નથી. આમ ખૂબ તેજોમય, આનંદપ્રદ વસ્તુઓની આશા રાખી શકાય.

તમને એમ નથી લાગતું કે તે મનોહર બને? જગત જેવું છે તેનાથી તો આપણે ખૂબ કંટાળી ગયા છીએ! તે જેવું હોવું જોઈએ તેવું શા માટે આપણે તેને ન બનવા દેવું?

હું તમને આ બધું એટલા માટે કહી રહી છું કે જેથી આવનારી શક્યતાઓના માર્ગમાં તમે બને તેટલા ઓછા અવરોધો ઊભા કરો. એ મારું નિગમન છે.

તમે મારી વાત સમજી શક્યા છો, કે નહિ, તે હું જાણતી નથી. પણ જરૂર એક દિવસ આવશે, જ્યારે તમે મારા કહેવાનો ભાવાર્થ સમજશો. બસ.

થોડાક સમય પછી, એક શુક્રવારના વર્ગમાં માતાજી પ્રતિભાશાળી બાળકો વિષે ફરી બોલ્યાં હતા.

તાજેતરમાં, બુધવારના એક વર્ગમાં, આપણે અદ્‌ભુત પ્રતિભાશાળી બાળકો વિષે વાત કરી હતી. કેટલાક લોકો કહે છે કે તેવાં બાળકોની સંખ્યા ખૂબ વધતી જાય છે. કેટલાક અમેરિકનો પણ કહે છે કે શ્રી અરવિંદના કાર્યનું તે પરિણામ છે. બીજા કેટલાક કહે છે કે તે ઍટમ-બોમ્બનું પરિણામ છે! પણ મોટી સંખ્યામાં પ્રતિભાશાળી બાળકો જન્મે છે એ હકીકત છે. મારી પાસે તેની સાબિતી નથી, એટલે હું તે વિષે બહુ બોલવા માગતી ન હતી. પણ બન્યું એવું કે આઠ વર્ષની ઉમ્મરના એક ફ્રેન્ચ બાળકે[1] લખેલા પુસ્તકને કોઈક મારી પાસે લઈ આવ્યું. સ્વાભાવિક રીતે જ કેટલાક લોકો આ શક્યતા વિષે શંકા ઊઠાવે છે, પણ પછીથી હું તમને સમજાવીશ કે આ વસ્તુ કેવી રીતે શક્ય છે.

આઠ વર્ષની ઉમ્મરના બાળક માટે તે પુસ્તક નોંધપાત્ર ગણાય. એનો અર્થ એવો નથી કે જો બાળકની, ઉમ્મર જાણી ન શકાઈ હોત તો પુસ્તક અદ્‌ભુત ગણાત. પણ તે પુસ્તકમાં કેટલાંક આશ્ચર્યકારક વાક્યો છે. મેં આ વાક્યો ટપકાવી લીધાં છે, તેમને હું તમારી સમક્ષ વાંચી બતાવીશ. (માતાજી પુસ્તકનાં પાનાં ઊથલાવે છે.)

"જો આપણે એક-બીજાને સાચી રીતે ચાહીએ, તે આપણને એક-બીજાથી સંતાડવાનું કશું જ ન રહે." આ વાક્ય ચોક્કસ સુંદર છે.

પછી તે પુસ્તકની લેખિકા એક ચાઠાંવાળા છોકરાને લખે છે — ચાઠાં શું છે એ તો તમે જાણો છો ને? — કે "તું સાચે જ બહુ સુંદર છે, તારાં ચાઠાં પણ સુંદર છે. આકાશનાં પંખીઓને આકર્ષવા માટે કોઈ દેવદૂતે તારા મુખ પર જાણે ઘઉંનાં બીજ ન વાવ્યાં હોય, તેવાં તે લાગે છે." આ સુંદર કવિતા છે.

છેલ્લે એક સાચે જ સુંદર વસ્તુ છે, જે હું તમને કહેવા માગું છું તેની સમજૂતીનાં દ્વાર ખોલી આપે છે. "હું માત્ર કાન છું, મુખ છું. કાન એવા શબ્દોના ઝંઝાવાતને સાંભળે છે, જેમને હું તમને સમજાવી શકતી નથી, જેમને કોઈક મહાન અવાજ મારી અંદર મૂકી આપે છે, અને મારું મુખ તેમનું ઉચ્ચારણ કરે છે; હું જે બોલું છું તે મારી અંદરના પ્રકાશના પ્રવાહની તુલનામાં કાંઈ જ નથી."

સ્પષ્ટ રીતે આ બહુ સુંદર છે.

---

૧. ૧૯૪૭માં જન્મેલો બાલક મિનુઝ્ર એટ, 'આર્બે મોન આમી' પુસ્તકનો લેખક.

તે લેખિકાનાં કાવ્યોમાં — તેણે કાવ્યો પણ લખ્યાં છે — આપણને મૅટરલિંકની સ્મૃતિઓ જણાય છે. દા.ત. કેટલાક લોકોએ એવું નિગમન તારવ્યું છે કે તે કાવ્યો તેણે લખેલાં ન હોવાં જોઈએ, કારણ કે આઠ વર્ષનું બાળક મૅટરલિંક ન વાંચી શકે; કોઈક બીજાએ તે કાવ્યો લખેલાં હોવાં જોઈએ. પણ હકીકતમાં તેમ માનવાને કોઈ કારણ નથી. પ્રકાશક કહે છે કે હું તે બાલિકાને બહુ સારી રીતે ઓળખું છું. હકીકતમાં પ્રકાશકે તે બાલિકાને દત્તક લીધી હતી, કારણ કે તેનો પિતા મરી ગયો હતો. પ્રકાશક ગેરંટી આપે છે કે આમાં કશી છેતરપીંડી નથી. આ ઘટનાને સમજાવવા માટે છેતરપીંડી માની લેવાની કશી જરૂર નથી.

પોતાના સર્જન-કાર્યમાં પ્રેરણા પામેલા અને ગંભીર લેખકો, જેમણે પોતાના સાહિત્યકાર્યને પોતાના અસ્તિત્વનું સમર્પણ કરી દીધું હતું; તેવા લેખકોમાં એક પ્રકારનું ખૂબ સુ-ઘટિત, સમન્વિત માનસિક તત્ત્વ હોય છે, જેને પોતાનું આગવું સ્વતંત્ર જીવન હોય છે, જે શરીરથી સ્વતંત્ર હોય છે. પરિણામે જ્યારે તેઓ મરી જાય છે, ત્યારે શરીર પૃથ્વીમાં પાછું મળી જાય છે, ત્યારે આ માનસિક રચના આપોઆપ સ્વતંત્ર રીતે વિદ્યમાન રહે છે. તે રચના અભિવ્યક્ત કરવા માટે નિર્માઈ હતી, એટલે ક્યાંક અભિવ્યક્ત થવા માટે તે માધ્યમ શોધતી હોય છે. જો કોઈ બાળકનું ખાસ અનુકૂળ સંજોગોમાં નિર્માણ થયું હોય — દા.ત. આ બાલિકાની માતા પોતે એક કવિયત્રી અને લેખિકા છે; કદાચ તે માતામાં એવી અભીપ્સા હશે કે મારું બાળક એક નોંધપાત્ર, અસાધારણ વ્યક્તિ બને — , તો આ પ્રકારનું તત્ત્વ જન્મ-સમયે તે બાળકમાં પ્રવેશ કરે અને પોતાને અભિવ્યક્ત કરવા માટે તેનો ઉપયોગ કરવા પ્રયત્ન કરે. પરિણામે બાળકના મનમાં પ્રૌઢતા પ્રગટે છે, જે ખૂબ અસાધારણ અને અપવાદ-રૂપ હોય છે, અને તેને આપણે વાંચી તે પ્રકારની વસ્તુઓ રચવામાં સમર્થ બનાવે છે.

જરા પણ અસંભવિત બન્યા સિવાય આપણે કહી શકીએ કે જો તે બાલિકાનાં કાવ્યોમાં કેટલીક વસ્તુઓ મેટરલિંકના જેવી છે, અથવા મેટરલિંકનાં પુસ્તકોનાં લક્ષણો તેમાં છે, અમુક શબ્દ-ગુચ્છો બરાબર તેના તે જ છે, તો આપણે સારી રીતે કલ્પના કરી શકીએ કે મેટરલિંકની માનસિક રચના આ બાલિકામાં સાકાર બની છે, અને તે પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે આ બાળક-માધ્યમનો ઉપયોગ કરે છે.

સંગીતકારોમાં તેવા દાખલાઓ છે. એવા પિયાનો વગાડનારાઓ છે, જેમણે પોતાના હાથને ખાસ તાલીમ આપી હોય છે, પોતાના હાથને તેમણે અદ્‌ભુત

રીતે સચેતન બનાવી દીધા હોય છે. પરિણામે તેમના ભૌતિક નહિ, પણ સૂક્ષ્મ-ભૌતિક અને પ્રાણિક હાથ મૃત્યુ પછી વિઘટન પામતા નથી. પિયાનો વગાડવા માટે કરણ તરીકે તે રહે છે અને પિયાનો વગાડનાર કોઈક સંગીતકારના હાથમાં સાકાર બનવા માટે હંમેશાં પ્રયત્ન કરતા હોય છે. મેં એવા કેટલાક પિયાનો વગાડનાર લોકોને જોયા છે. જેમને એમ લાગતું હોય છે કે પિયાનો વગાડતી વખતે કોઈક બીજા જ હાથ અમારા હાથમાં પ્રવેશ કરે છે અને અદ્‌ભુત સંગીત પેદા કરે છે — જે ઘટના અમે પોતે સમજી શકતા નથી.

લોકો માને છે તેમ, આ વસ્તુઓ અપવાદ-રૂપ નથી હોતી; ઘણી વાર તે બનતી હોય છે.

એક વાયોલિન વગાડનાર માણસમાં પણ મેં તેવું જ જોયું હતું, અને સેલો વગાડનારમાં પણ તેવું જ જોયું હતું. તે બંને પોતે બહુ અદ્‌ભુત વાદ્યકારો ન હતા. તેમાંનો એક તો હજી વાદ્ય વગાડવાની શરૂઆત જ કરતો હતો, બીજો સારો વાદ્યકાર હતો, પણ અદ્‌ભુત તો નહિ જ. પણ જે ક્ષણે તે અમુક સંગીતકારોની રચનાઓને વગાડવાની શરૂઆત કરતા, કે તરત જ જે તે સંગીતકારનું કોઈક તત્ત્વ તેમના હાથમાં પ્રવેશ કરતું, અને તેમના સંગીતને આશ્ચર્યકારક બનાવી દેતું.

એક સ્ત્રી હતી. જે સેલો વગાડતી હતી. જ્યારે તે બીથોવનના સંગીતને વાદ્ય પર વગાડતી, ત્યારે તરત જ તેનું મુખ બીથોવનના મુખ જેવું બની જતું, અને તેનું વાદ્ય ભવ્ય બની જતું. જો બીથોવનના મનનું કોઈક તત્ત્વ તેનામાં પ્રવેશ્યું ન હોત, તો તેનું સંગીત એટલું બધું અદ્‌ભુત ન બની શક્યું હોત.

માતાજી, વગાડનાર લોકો માટે આ અપવાદરૂપ શક્તિ નુકસાન-કારક નથી હોતી?

તે નુકસાનકારક હોય તેવું તમે શા માટે માનો છો? તે તો તેમને લાભકારી હોય છે!

પ્રગતિ કરવી, પોતે હતા તેના કરતાં અધિક બનવું એ હમેશાં સારું છે.

પણ બાળક માટે?

હું સમજતી નથી. બાળક માટે?

હા, આઠ વર્ષની ઉમ્મરે તે પરિપૂર્ણ રીતે પૌઢ — પરિપક્વ છે.

પણ બુદ્ધિને આંતરી જાય તેવી કોઈક વસ્તુની અભિવ્યક્તિ આઠ વર્ષની ઉમ્મરે હોવી એ કાંઈક આશ્ચર્યજનક છે જ! કયી રીતે તે તેને નુકસાનકારક હોય એમ તમે ધારો છો? હું તમારા પ્રશ્નને બરાબર સમજી શકતી નથી.

જ્યારે માણસ મોટો થાય છે, ત્યારે તે ઓછો સ્થિતિ-સ્થાપક બને છે.

ના. તમારા કહેવાનો અર્થ તો એ થયો કે આઠ વર્ષની ઉમ્મરે જે બાળક પ્રતિભા-શાળી હતું, તે મોટું થયા પછી પ્રતિભાશાળી રહેતું નથી. પણ જેમણે આવા કિસ્સાઓનું અધ્યયન કર્યું છે, તે લોકો ચોક્કસપણે કહે છે કે પ્રતિભાશાળી બાળકો પ્રૌઢવસ્થામાં પ્રતિભાશાળી પુરુષો કે સ્ત્રીઓ થતાં હોય છે, અર્થાત્ ઉમ્મર વધતાં તે અસાધારણ શક્તિ તેમનામાં વધારે દૃઢતાપૂર્વક સ્થાપિત થતી જાય છે.

પણ તે ખરાબ હોય તેમ હું માની શકતી નથી, તે સારું જ છે. કયી રીતે તે ખરાબ હોઈ શકે? તમે કહો છો તેનો તો અર્થ એવો થાય કે જો માણસમાં સુંદર જીવાત્મા હોય, તો તે ખરાબ વસ્તુ છે?

જ્યારે કોઈક ઉચ્ચતર સ્વભાવવાળી વસ્તુ તમારામાં પ્રવેશે છે, ત્યારે તે કૃપા છે, નહિ વારુ?

*

વાર્તાલાપ — ૪૧

૧૦ ઑક્ટોબર ૧૯૫૬

અનુવાદ-વર્ગમાં[૧] કેટલાક દિવસો પહેલાં, મને 'લાઈફ ડિવાઇન'માં એક ફકરો જડ્યો હતો, જે તમને આજે સાંજે રસપ્રદ થઈ પડશે એમ હું માનું છું. શ્રી અરવિંદ પ્રકૃતિની ગતિ વિષે વાત કરે છે. જડ દેખાતા પદાર્થ-તત્ત્વમાંથી પ્રાણ કેવી રીતે પ્રગટ્યો, પછી પ્રાણમાંથી મન કેવી રીતે પ્રગટ્યું, અને મનમાંથી અતિ-મનસ્ અથવા આધ્યાત્મિક જીવન કેવી રીતે પ્રગટ થશે, તેને તે સમજાવે છે, અને તેમાં જે સમય લાગે છે તેનો તે ટૂંકમાં ખ્યાલ આપે છે. હું આ ફકરો તમને વાંચી સંભળાવવાની છું અને પાછળથી તે આપણી અત્યારની સ્થિતિ સાથે શો સંબંધ ધરાવે છે તે કહેવાની છું.

> **"ઉત્ક્રાન્તિમય શક્તિની પ્રથમ, અસ્પષ્ટ, ભૌતિક ગતિ યુગોને આવરી લે એટલી ધીમી હોય છે. પ્રાણ-પ્રગતિની ગતિ ધીમી હોય છે, પણ તે વધારે ઝડપી પગલું ભરે છે, તે કરોડો — અબજો વર્ષમાં એકાગ્ર બનેલી હોય છે. મન સમયની આળસુ ગતિ પર વધારે દબાણ કરે છે અને સદીઓમાં લાંબાં પગલાં ભરે છે. પણ જ્યારે સચેતન આત્મા દરમિયાનગીરી કરે છે, ત્યારે ઉત્ક્રાન્તિ પરમ એકાગ્ર ગતિ ખૂબ ઝડપી થાય એ શક્ય બને છે."**
>
> (ધ લાઈફ ડિવાઈન, પૃષ્ઠ ૯૩૨)

મને અતિ-મનસ્‌ના કાર્ય વિશે પૂછવામાં આવ્યું હતું. એટલે હું તમને આ ફકરો વાંચી સંભળાવું છું. અતિ-મનસ્‌ના આવિર્ભાવને મનના આવિર્ભાવ સાથે મેં સરખાવ્યો હતો. સર્વ આધુનિક વૈજ્ઞાનિક સંશોધનો મુજબ, મનને પશુના મસ્તિષ્કમાંથી, વાનરના મસ્તિષ્કમાંથી પ્રથમ માનવ-મસ્તિષ્ક તરીકે ઉત્ક્રાન્ત થતાં લગભગ દશ લાખ વર્ષ લાગ્યાં હતાં. એટલે મેં તમને કહ્યું હતું કે અતિ-મનસ્ થોડાક માસમાં કે થોડાંક વર્ષોમાં આવે એવી અપેક્ષા માણસે ન રાખવી જોઈએ. તેને ચોક્કસ વધારે

૧. ૧૯૫૮ સુધી, અઠવાડિયામાં ત્રણ વાર, બીજા એક વર્ગમાં, માતાજી શ્રી અરવિંદનાં અમુક પુસ્તકોનો ફ્રેન્ચમાં અનુવાદ કરતાં હતાં : માનવ એકતાનો આદર્શ, માનવ યુગ-ચક્ર, 'દિવ્ય જીવન'નાં છેલ્લાં છ પ્રકરણો, અને 'ધ સિન્થેસિસ ઑફ યોગ'નો પ્રથમ ભાગ.

વાર લાગશે. કેટલાક લોકો એમ ધારતા હતા કે અતિ-માનવ બીજાં દશ લાખ વર્ષો પહેલાં પ્રગટ નહિ થાય એમ હું જાહેર કરવા માગતી હતી! આ ભૂલભરેલા ખ્યાલને હું સુધારવા માગું છું.

શ્રી અરવિંદે કહ્યું છે કે જેમ જેમ ચેતનાના ત્રાજવામાં વિકાસ આગળ ને આગળ વધે છે, તેમ તેમ ગતિ વધુ ને વધુ ઝડપી બનતી જાય છે, અને જ્યારે આત્મા અથવા અતિ-મનસ્ દરમિયાનગીરી કરે છે, ત્યારે ગતિ તેથી પણ વધારે ઝડપી બની શકે. એટલે આપણે એવી આશા રાખી શકીએ કે થોડીક સદીઓમાં પ્રથમ અતિ-માનવોની જાતિ દૃશ્ય બનશે.

પણ તે પણ કેટલાક લોકોને નિરાશાજનક લાગે છે, કારણ કે તે કથન શ્રી અરવિંદે હમેશાં જે વચન આપ્યું છે તેની વિરુદ્ધમાં જાય છે. શ્રી અરવિંદે વચન આપ્યું છે કે અતિ-માનસિક રૂપાંતર શક્ય બને તે માટેનો સમય આવી ગયો છે. પણ આપણે અતિ-માનસિક રૂપાંતર અને નવીન જાતિના ઉદય વચ્ચે ગૂંચવાડો ઊભો ન કરી દેવો જોઈએ.

શ્રી અરવિંદે જેને માટે વચન આપ્યું હતું અને જે વસ્તુમાં સ્વાભાવિક રીતે જ આપણને રસ છે તે આ છે કે એવો સમય આવી ગયો છે કે જ્યારે માનવ- જાતિના સંસ્કારી લોકોએ આધ્યાત્મિકીકરણ માટે જરૂરી શરતો પૂરી કરી હશે, તેઓ અતિ-માનસિક શક્તિની-ચેતનાની અને પ્રકાશની મદદ વડે પોતાનાં શરીરોનું રૂપાંતર સિદ્ધ કરી શકશે, જેથી તેઓ પશુ-માનવી નહિ રહે, પણ અતિ-માનવો બનશે.

શ્રી અરવિંદે તે વચન આપ્યું છે. તે જ્ઞાન તેમણે પૃથ્વી પર પ્રગટ થતી અતિ-માનસિક શક્તિમાંથી પ્રાપ્ત કર્યું હતું. હકીકતમાં, તે શક્તિએ શ્રી અરવિંદમાં ઘણા સમય પહેલાં અવતરણ કર્યું હતું, તેમણે તે શક્તિને ઓળખી હતી, અને તેની અસરો તેમણે જોઈ હતી.

હવે તે અતિ-મનસ્‌ની શક્તિ વૈશ્વિક રીતે, સર્વ-સામાન્ય રીતે આવિર્ભૂત થઈ છે, એટલે અલબત્ત રૂપાંતરની શક્યતા તે કરતાં પણ વધારે મહાન બની છે. એ વાતમાં શંકા નથી કે જે લોકોએ શરતો પૂરી કરી છે અથવા કરી રહ્યા છે, તેઓ આ રૂપાંતરના માર્ગે છે.

'ધ સિન્થેસિસ ઑફ યોગ'માં શ્રી અરવિંદે તે શરતો વિસ્તારપૂર્વક વર્ણવી છે. અને તેથી વધારે પ્રમાણમાં અતિ-માનસિક આવિર્ભાવ પર તેમના છેલ્લા લેખોમાં તેમણે વર્ણવી છે[૧]. એટલે હવે એ માત્ર સાક્ષાત્કારનો જ સવાલ છે.

૧. જુઓ 'ધ સુપ્રામેન્ટલ મૅનિફેસ્ટેશન અપોન અર્થ,' શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૧ — ૭૪.

હવે જો કોઈને આ વિષય પર મને પ્રશ્ન પૂછવો હોય, તો...

પહેલાં આ સાક્ષાત્કારોની પદ્ધતિ આપને સંપૂર્ણ સમર્પણ કરવાની હતી. હવે પણ તે જ પદ્ધતિ છે. એટલે આ નવીન શરતોમાં, આ સમર્પણ પહેલાં કરતાં વધારે કડક ન હોવું જોઈએ?

આજે જે મેં વાંચ્યું[1] તે શરૂઆત કરવા માટે સૌથી વધારે આવશ્યક શરત છે, કારણ કે તે સૌથી વધારે વૈશ્વિક છે.

---

૧. "પૂર્ણયોગ જીવનના મૂળ-તત્ત્વમાં જ રૂપાંતર વડે, નહિ કે ઘટનાઓમાં કરાયેલા બાહ્ય ફેરફાર વડે, તેનું દુઃખમય અને અજ્ઞાનમય જીવનમાંથી પ્રકૃતિની તેજોમય અને સંવાદમય ગતિમાં પરિવર્તન કરવા માગે છે. આ કેન્દ્રીય આંતરિક ક્રાન્તિ અને નવીન રચનાની સિદ્ધિ માટે ત્રણ અનિવાર્ય શરતો છે; તેમાંની કોઈ પણ એક સ્વ-પર્યાપ્ત નથી; પણ તેમની સંયુક્ત વિવિધ શક્તિ વડે ઊર્ધ્વીકરણ થઈ શકે, રૂપાંતર પરિપૂર્ણ રીતે સિદ્ધ કરી શકાય. કારણ કે જીવન જેવું અત્યારે છે તેવું કામનાની ગતિ છે, તેણે આપણામાં કામનાના આત્માનું કેન્દ્ર-રૂપે નિર્માણ કર્યું છે, જે કામનાનો આત્મા જીવનની બધી ગતિઓનું નિવેદન પોતાની જાત સમક્ષ કરે છે, અને તે ગતિઓમાં અજ્ઞાનમય, અર્ધ-પ્રકાશિત, પરાજિત પ્રયાસ પોતાના વ્યથાપૂર્ણ રંગને અને દુઃખને મૂકી આપે છે. દિવ્ય જીવન માટે, કામનાને પરિત્યાગ કરવો જોઈએ અને તેની જગ્યાએ વધારે વિશુદ્ધ અને દૃઢ હેતુ સ્થાપવો જોઈએ, કામનાના વ્યથિત આત્માનું વિઘટન થવું જોઈએ અને તેની જગ્યાએ આપણામાં નિગૂઢ સાચા પ્રાણિક અસ્તિત્વનો, શાન્તિનો, બળનો, અને સુખનો ઉદય થવો જોઈએ. જીવન, જેવું અત્યારે છે તેવું, આંશિક રીતે પ્રાણશક્તિના આવેગ વડે ધકેલાય છે, આંશિક રીતે અજ્ઞાનમય પ્રાણ-શક્તિના મોટે ભાગે દાસ-રૂપ, ઉત્તેજકરૂપ મન વડે ધકેલાય છે, જે મન તે આવેગનો બેચેન અને સ્વલ્પ-તેજોમય, સ્વલ્પ-સમર્થ માર્ગદર્શક અને સુધારક છે. દિવ્ય જીવન માટે મને તથા પ્રાણિક આવેગે માત્ર કરણો બની રહેવું જોઈએ — બીજું કાંઈ જ નહિ, અને તેમની જગ્યાએ આંતર ચૈત્યિક અસ્તિત્વે માર્ગના નેતા તરીકે, દિવ્ય દોરવણીના સૂચક તરીકે આવવું જોઈએ. છેલ્લે જીવન, જેવું છે તેવું, વિભાજક અહંકારના સંતોષ પ્રત્યે વળેલું છે. અહંકારે અદૃશ્ય બની જવું જોઈએ અને તેની જગ્યાએ સાચા આધ્યાત્મિક પુરુષે-કેન્દ્રીય અસ્તિત્વે આવવું જોઈએ, અને જીવને પોતે પાર્થિવ અસ્તિત્વમાં ભગવાનની પ્રાપ્તિ પ્રત્યે વળાંક લેવો જોઈએ. તેણે પોતામાં જાગ્રત થતી ભગવાનની શક્તિને અનુભવવી જોઈએ અને તેના હેતુનું આજ્ઞાધીન કરણ બનવું જોઈએ."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૬૬)

(થોડાક મૌન પછી) દરેક જણે પોતાના સ્વભાવ અનુસાર માર્ગનું અનુસરણ કરવું જોઈએ. એક માર્ગ કરતાં બીજા પોતાને અનુકૂળ માર્ગની પસંદગી હમેશાં હોય જ છે. આપણા તાજેતરના એક વર્ગમાં આપણે વાંચ્યું હતું તે મુજબ, કર્મ માર્ગને અનુસરનાર માણસ માટે એમ અનુભવવું ઘણું વધારે કઠિન છે કે માનવ વ્યક્તિત્વ છે જ નહિ અને માત્ર દિવ્ય શક્તિ જ કાર્ય કરી રહી છે. જ્ઞાનમાર્ગને અનુસરનાર માણસ માટે સરખામણીમાં તે વધારે સહેલું છે, તે તેને જલ્દી શોધી શકતો હોય છે. પ્રેમ-માર્ગને અનુસરનાર માણસ માટે તે પ્રાથમિક છે, કારણ કે તે આત્મ-સમર્પણ દ્વારા જ પ્રગતિ કરતો હોય છે. પણ કર્મમાર્ગને અનુસરનાર માણસ માટે તે વધારે કઠિન હોય છે, અને તેથી પોતામાં ફળ પ્રત્યે આ પરિપૂર્ણ અનાસક્તિ સર્જવા માટે, કર્તવ્ય સમજીને કાર્ય કરવા માટે, તેને શ્રેષ્ઠ રીતે કરવા માટે અને પરિણામો માટે આતુરતા ન સેવવા માટે, પોતાના સંકલ્પ કરતાં ઉચ્ચતર સંકલ્પ પર પરિણામ છોડી દેવા માટે, તેણે પ્રથમ પગલું એ લેવું જોઈએ કે જેને વિષે આપણે 'ધ સિન્થેસિસ ઑફ યોગ'માંના હમણાં વાંચેલા ફકરામાં જોયું છે.

માર્ગોના મહત્ત્વના ક્રમ વિષે સામાન્ય નિયમ ન બનાવી શકાય, તે કેવળ અંગત બાબત છે. એક સમય એવો આવે છે કે જ્યારે તે માણસ બરાબર સમજી જાય છે કે કોઈ બે માર્ગો એક-સરખા હોતા નથી — હોઈ પણ ન શકે, દરેક માણસ પોતાના માર્ગને અનુસરે છે, તે તેના અસ્તિત્વનું સત્ય છે. જો માણસ પૂરતી ઊંચાઈ પરથી જુએ, તો તેને પ્રગતિની ઝડપમાં તફાવત જણાય, પણ તે તફાવત હમેશાં બાહ્ય ચિહ્નો સાથે સુસંગત નથી હોતો. મજાકમાં એમ પણ કહી શકાય કે સૌથી વધારે ડાહ્યો માણસ હમેશાં સૌથી વધારે ઝડપભેર જાય છે, એવું નથી હોતું!

(મૌન)

મને લાગે છે કે સામાન્ય નિયમો બનાવી કાઢવા એ શક્ય નથી. ખરે જ; કૃપા બધા પર છે જ. તે કૃપા કાર્ય કરી શકે તે માટે શું જરૂરી છે? તે કહેવું બહુ કઠિન છે.

જો માણસ કૃપાને જોઈ શકે, અનુભવી શકે, તેના કાર્યમાં અનુભવી શકે, તેની હાજરીથી તથા ગતિથી સચેતન બની શકે, તો તેને ગતિનો, પ્રગતિનો, સાક્ષાત્કારનો આનંદ પ્રાપ્ત થાય. પણ આનો અર્થ એવો નથી કે જો માણસને તેવો આનંદ ન અનુભવાય, તો કૃપાનું કાર્ય થતું હોતું નથી, સાક્ષાત્કાર થતો

હોતો નથી.

આખરે, ભગવાનને અભિવ્યક્ત કરવા માટે, ભગવાનના સર્વ પ્રકારના ભાવો, આવિર્ભાવમાં અસ્તિત્વનાં સર્વ રૂપો જરૂરી છે. આ સમગ્ર આવિર્ભાવ વૃદ્ધિ પામતી, અનંત, સનાતન પરિપૂર્ણતા પ્રત્યે પ્રગતિ કરે છે, દરેક તત્ત્વ વ્યક્તિગત રીતે પ્રગતિ કરતું નથી, પણ તે બધું જ દિવ્ય સત્યની સમગ્ર અને સામૂહિક અભિવ્યક્તિ છે. ગઈ કાલના વિશ્વ કરતાં આવતી કાલનું વિશ્વ જરૂર વધારે દિવ્ય હોવાનું. ગઈ કાલનું વિશ્વ તેના આગલા દિવસના વિશ્વ કરતાં વધારે દિવ્ય હતું. એ રીતે કહી શકાય કે પોતાની અભિવ્યક્તિમાં ભગવાન વધુ ને વધુ પરિપૂર્ણ અને દિવ્ય આવિર્ભાવ પ્રત્યે પ્રગતિ કરી રહ્યા છે.

તો પછી દરેક તત્ત્વે, બને તેટલી પરિપૂર્ણતા-પૂર્વક પોતાના નિયમને અભિવ્યક્ત કરવો જોઈએ, સમગ્રમાં પોતે હોવું જોઈએ તેવું બનવું જોઈએ, જેથી કરવા યોગ્ય કાર્ય તે પોતાની સર્વ શક્તિપૂર્વક કરી શકે. દરેક સત્ત્વના આ સત્યની સચેતન, પ્રકાશ-પૂર્ણ, નિઃસ્વાર્થ શોધ એ પ્રથમ અને સૌથી વધારે મહત્ત્વની જરૂરિયાત છે.

*

વાર્તાલાપ — ૪૨

૧૭ ઑક્ટોબર ૧૯૫૬

શું આનંદ એ ઉચ્ચતમ સ્થિતિ છે? જો તેમ હોય, તો એમ કહી શકાય કે જ્યારે માણસ આનંદ ગુમાવે છે, ત્યારે તેની ચેતના નીચે ગયેલી હોય છે ?

શ્રી અરવિંદે કહ્યું છે કે વિશ્વનું નિર્માણ અસ્તિત્વના આનંદ પર થયેલું છે; આનંદ તેનું ઉદ્‌ગમ-સ્થાન છે, એટલે તે ચોક્કસ તેનું લક્ષ્ય પણ હોવું જોઈએ. એટલે એનો એ અર્થ થયો કે હકીકતમાં આનંદ એ ઉચ્ચતમ સ્થિતિ છે.

મારે એ કહેવાની જરૂર નથી કે આ આનંદ તે માણસો સામાન્ય માનવ ચેતનામાં માને છે તે આનંદ નથી. યોગનાં દૃષ્ટિબિંદુથી જે સ્થિતિઓને મોટે ભાગે ઉચ્ચતમ માનવામાં આવે છે તેમનાથી આ આનંદ ખરેખર પર છે, દા. ત. પરિપૂર્ણ શાન્તિની સ્થિતિ, પરિપૂર્ણ સમતાની સ્થિતિ, પરિપૂર્ણ અનાસક્તિની સ્થિતિ, અનંત અને સનાતન પરમાત્મા સાથે તાદાત્મ્યની સ્થિતિ, જે જરૂર તમને સર્વ પરિસ્થિતિઓથી પર મૂકી આપે છે. આ સ્થિતિને સમાંતર બીજી સ્થિતિ હોઈ શકે, જે પરિપૂર્ણ, સમગ્ર, વૈશ્વિક પ્રેમની સ્થિતિ છે, જે કરુણાનું અસલ સત્ત્વ છે, અને કૃપાની પરિપૂર્ણ અભિવ્યક્તિ છે. જે સર્વ ભૂલોનાં અને અજ્ઞાનનાં પરિણામોને ભૂંસી નાખે છે. આ બે સ્થિતિઓને હમેશાં ચેતનાના શિખર-રૂપ ગણવામાં આવી છે; ભગવાન સાથેની એકતામાં વ્યક્તિની ચેતના જેને પ્રાપ્ત કરી શકે તેની તે બે સ્થિતિઓને સરહદો — છેલ્લી હદ કહેવામાં આવી છે.

પણ તેમનાથી પણ પર કોઈક વસ્તુ રહેલી છે. તે પરિપૂર્ણ આનંદની સ્થિતિ છે. જે નિષ્ક્રિય નથી હોતો; તે પ્રગતિશીલ આવિર્ભાવમાં — પરમ ચેતનાના પ્રગટી કરણમાં રહેલો આનંદ છે.

મેં કહેલી બે સ્થિતિઓમાંની પ્રથમ સ્થિતિ હમેશાં જીવનના કાર્યના ત્યાગ પ્રત્યે દોરી જાય છે, લગભગ નિષ્ક્રિય સ્થિતિ પ્રત્યે — નિર્વાણ પ્રત્યે દોરી જાય છે. હકીકતમાં, નિર્વાણ શોધનારા બધા લોકો માટે તે સ્થિતિનું વિધાન કરવામાં આવેલું હોય છે. પણ હું જે તાત્ત્વિક રીતે દિવ્ય આનંદની સ્થિતિની વાત કરી

રહી છું, તે વિરોધની સર્વ શક્યતાથી પર છે, તે કાર્યથી દૂર ભાગી જતી નથી; ઊલટી તે સંપૂર્ણ કાર્ય પ્રત્યે દોરી જાય છે, તે સર્વ જ્ઞાનથી અને અજ્ઞાનનાં બંધનોથી મુક્ત છે.

જ્યારે માણસે કાંઈક પ્રગતિ કરી હોય છે, તેનામાં વધારે સમજ આવી હોય છે, વધારે સમગ્ર ખુલ્લાપણું આવ્યું હોય છે, દિવ્ય ચેતના સાથે વધારે સઘન એકતા આવી હોય છે, ત્યારે તે આ આનંદને પસાર થતો, જીવનને રંગી દેતો, જીવનને તેનો સાચો અર્થ અર્પતો અનુભવી શકે છે. પણ જ્યાં સુધી માણસ માનવીય ચેતનામાં છે, ત્યાં સુધી આ આનંદ સહેલાઈથી વિકૃત બની જતો હોય છે, અને એવી રીતે પરિવર્તિત થઈ જાય છે કે તેને ઓળખી શકાય નહિ. એટલે એમ ભાગ્યે જ કહી શકાય કે જ્યારે માણસ આનંદને ગુમાવે છે, ત્યારે તેની ચેતના નીચે પડે છે, કારણ કે હું એવા આનંદની વાત કરી રહી છું કે જે કદી ગુમાવી શકાય નહિ. જો માણસ મેં વર્ણવેલી બંને સ્થિતિઓથી પર પહોંચ્યો હોય, અર્થાત્ પરિપૂર્ણ અનાસક્તિની અને નિકટની એકતાની, પરિપૂર્ણ પ્રેમની અને કરુણાની સ્થિતિને પહોંચ્યો હોય અને દિવ્ય આનંદને પ્રાપ્ત કર્યો હોય, તો તે સ્થિતિમાંથી નીચે આવવું એ લગભગ અશક્ય છે. પણ યોગના માર્ગમાં, જો તમને દિવ્ય આનંદનો થોડોક પણ સ્પર્શ થયો હોય, અને જો તે આનંદ તમને છોડી જાય, તો તમને એમ લાગે કે હું શિખર પરથી નીચે અંધકારમય ખીણમાં ગબડી પડ્યો છું.

પણ અનાસક્તિ વગરનો આનંદ બહુ જોખમી દેણ બની શકે, કારણ કે તે સહેલાઈથી વિકૃત બને. એટલે અનાસક્તિ પ્રાપ્ત કર્યા પહેલાં આનંદને શોધવો એ ડહાપણભરેલું નથી. પ્રથમ તો માણસે સર્વ દ્વંદ્વોથી પર થઈ જવું જોઈએ — સુખ-દુઃખથી, વ્યથા-હર્ષથી, ઉત્સાહ-અવસાદથી પર થઈ જવું જોઈએ. જો તે બધાં દ્વંદ્વોથી પર થઈ ગયો હોય, તો તે ખૂબ સલામત રીતે આનંદ માટે અભીપ્સા કરી શકે.

પણ જ્યાં સુધી આ અનાસક્તિ સિદ્ધ ન થઈ હોય, ત્યાં સુધી માણસ બહુ સહેલાઈથી આ આનંદ વચ્ચે અને સામાન્ય માનવ સુખની ઉદાત્ત સ્થિતિ વચ્ચે ગૂંચવાડો ઊભો કરી દે. આ જરા પણ સાચી વસ્તુ ન કહેવાય, વસ્તુની વિકૃતિ પણ ન કહેવાય, કારણ કે તે બે વસ્તુઓનો સ્વભાવ તદ્દન ભિન્ન છે, લગભગ વિરુદ્ધનો છે, તમે એકમાંથી બીજામાં ન જઈ શકો. એટલે જો માણસે યોગ-માર્ગમાં સલામતી જોઈતી હોય, તો મને લાગે છે કે શાન્તિની, પરિપૂર્ણ શાન્તિની, પરિપૂર્ણ સમતાની, ચેતનાના વિસ્તૃતીકરણની, વિશાળતર સમજની,

અને સર્વ કામનાઓ — પસંદગીઓ — આસક્તિઓમાંથી મુક્તિની ખોજ કરવી એ ચોક્કસ, અનિવાર્ય, પ્રથમ, શરત છે.

તે બાહ્ય તેમજ આંતર સમતાની ગેરંટી છે.

પછી આ ખૂબ મજબૂત પાયા ઉપર, માણસ જે જોઈએ તેનું ચણતર કરી શકે છે. પણ પ્રથમ તો અડગ પાયાની જરૂર છે.

(મૌન)

કોઈકે મને પૂછ્યું છે કે મારા આ શબ્દોનો શું અર્થ છે :

'માણસે શાન્ત બનવું જોઈએ'

એ વાત સ્પષ્ટ છે કે જ્યારે હું કોઈને કહેતી હોઉં છું કે તમે શાન્ત બનો, ત્યારે વ્યક્તિ પરત્વે તેનો અર્થ ભિન્ન-ભિન્ન હોય છે. પણ પ્રથમ અનિવાર્ય શાન્તિ એ માનસિક શાન્તિ છે, કારણ કે મોટે ભાગે માણસમાં તે જ નથી હોતી. જ્યારે હું કોઈને કહેતી હોઉં છું કે શાન્ત બનો, ત્યારે મારો કહેવાનો અર્થ આ હોય છે કે ઉશ્કેરાટ-ભર્યા, બેચેનીવાળા, વિક્ષુબ્ધ વિચારો બંધ કરવાની કોશિશ કરો; તમારા મનને શાન્ત બનાવવાનો પ્રયાસ કરો; તમારી સર્વ પ્રકારની કલ્પનાઓમાં, અવલોકનોમાં, અને માનસિક રચનાઓમાં ભ્રમણ કરવામાંથી મનને અટકાવો.

યોગ્ય રીતે એક સવાલ પૂછી શકાય : તમે અમને શાન્ત થવાનું કહો છો; પણ શાન્ત બનવા માટે અમારે શું કરવું જોઈએ? ઓછા-વત્તા પ્રમાણમાં તેનો એક સરખો જ જવાબ છે. પ્રથમ તો તમને શાન્ત બનવાની જરૂર જણાવી જોઈએ, તમે તે વસ્તુ માગતા હોવા જોઈએ. પછી તમારે અભીપ્સા કરવી જોઈએ, અને પછી પ્રયત્ન કરવો જોઈએ! પ્રયત્ન કરવા માટે અસંખ્ય પદ્ધતિઓ છે, જેમનું વિધાન કરવામાં આવ્યું છે અને ઘણા લોકોએ તેમને અનુસરવાનો પ્રયત્ન કર્યો છે. આ પદ્ધતિઓ મોટે ભાગે લાંબી, પ્રયાસ માગી લે તેવી, કઠિન હોય છે. લક્ષ્ય પ્રાપ્ત કર્યા પહેલાં ઘણા લોકો નિરુત્સાહ બની જાય છે, કારણ કે જેમ જેમ તેઓ વધારે પ્રયત્ન કરતા જાય છે, તેમ તેમના વિચારો મસ્તિષ્કમાં વધારે ભ્રમણ કરવાની શરૂઆત કરે છે અને તેઓ બેચેન બનતા હોય છે.

દરેક જણ માટે જુદી પદ્ધતિ હોય છે, પણ પ્રથમ તો માણસને તેની જરૂર જણાવી જોઈએ; પછી કારણ ગમે તે હોય; કાં તો તે થાકી ગયો હોય,

અથવા તેના મગજ પર વધુ તનાવ પેદા થયો હોય, અથવા તે માણસ સાચી રીતે પોતે જેમાં છે, તે સ્થિતિમાંથી ઊર્ધ્વમાં જવા માગતો હોય. માણસે પ્રથમ તો આ શાન્તિ માટેની જરૂરિયાત સમજવી જોઈએ. પછી તે એક પછી એક — એમ બધી પદ્ધતિઓ અજમાવે. પરિણામ પ્રાપ્ત કરવા માટે જૂની અને નવી — બધી પદ્ધતિઓ અજમાવે.

હવે માણસને તરત જ ખ્યાલ આવે છે કે એક બીજા પ્રકારની શાન્તિ છે. જે બહુ જરૂરી અને ઉત્કટતા-પૂર્વક આવશ્યક છે; આ પ્રાણિક શાન્તિ છે, અર્થાત્ કામનાનો અભાવ છે. પૂરી રીતે વિકાસ ન પામેલા પ્રાણિકને જ્યારે શાન્ત થવાનું કહેવામાં આવે છે; ત્યારે તે કાં તો ઊંઘી જાય છે અથવા હડતાલ પાડે છે. તે કહે છે કે "ના, હું કાંઈ જ નહિ કરું, આગળ નહિ વધુ. જો તમે મને જરૂરી ઉશ્કેરાટ, ઉત્સાહ, કામના, આવેગ નહિ આપો, તો હું હાલવા-ચાલવાનું પસંદ નહિ કરું, હું કશું જ નહિ કરું." ત્યારે સમસ્યા વધારે નાજુક અને કઠિન બની જાય છે, કારણ કે ઉશ્કેરાટમાંથી જડતામાં પડવું એ પ્રગતિ નથી જ! માણસે કદી જડતાને, નિષ્ક્રિયતાને શાન્તિ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ.

શાન્તિ એ તો ખૂબ વિધેયાત્મક સ્થિતિ છે. તે સંઘર્ષથી વિરુદ્ધની સ્થિતિ નથી. તે સક્રિય શાન્તિ છે. તે ચેપી, શક્તિશાળી શાન્તિ છે, જે કાબૂમાં રાખે છે અને શાન્તિ અર્પે છે, જે દરેક વસ્તુને વ્યવસ્થિત કરે છે, સંગઠિત બનાવે છે. હું આ શાન્તિની વાત કરી રહી છું. હું જ્યારે કોઈને શાન્ત બનવાનું કહેતી હોઉં છું, ત્યારે મારા કહેવાનો ભાવાર્થ એ નથી કે જાઓ, ઊંઘી જાઓ, જડ અને નિષ્ક્રિય બની જાઓ, કશું જ કરશો નહિ. ના, ના, બિલકુલ નહિ! સાચી શાન્તિ એક મહાન શક્તિ છે, મહાન બળ છે. હકીકતમાં, સમસ્યાને બીજી બાજુએથી જોતાં, એમ કહી શકાય કે જે લોકો સાચી રીતે બળવાન, શક્તિશાળી હોય છે, તેઓ હમેશાં શાન્ત હોય છે. માત્ર નિર્બળ લોકો જ વિક્ષુબ્ધ બની જતા હોય છે. જ્યારે માણસ સાચી રીતે બળવાન બને છે, ત્યારે તે શાન્ત બનતો હોય છે; વિક્ષેપ કરવા માટે બહારથી ધસી આવતાં વિરોધી મોજાંઓનો સામનો કરવાની સહિષ્ણુતા તેનામાં આવી જાય છે. આ સાચી શાન્તિ હમેશાં શક્તિની નિશાની છે. બળવાન લોકો માટે શન્તિ એ તેમની માલિકીની વસ્તુ હોય છે.

શારીરિક ક્ષેત્રમાં પણ આ વાત સાચી છે. તમે સિંહ, વાઘ, હાથી જેવાં પ્રાણીઓનું અવલોકન કર્યું છે કે નહિ તેની મને ખબર નથી, પણ એ હકીકત છે કે જ્યારે તેઓ કાર્ય કરતાં હોતાં નથી, ત્યારે તેઓ પરિપૂર્ણ રીતે શાન્ત હોય છે.

તમારી સામે જોતો, બેઠેલો સિંહ તમને કહેતો હોય છે કે ઓહ, તમે કેટલા બધા ચંચળ છો! તે તમારી સામે ખૂબ શાન્તિપૂર્ણ, ડહાપણ-ભરી દૃષ્ટિથી જોતો હોય છે! તેની બધી શક્તિ, શારીરિક બળ એકત્રિત બની ગયાં હોય છે, અને કાર્ય માટે આજ્ઞા મળતાં તૈયાર હોય છે.

મેં એવા ઘણા લોકો જોયા છે, જેઓ ચપળતા સિવાય, અડધો કલાક પણ શાન્ત બેસી શકતા નથી. તેઓ કાં તો પગ, અથવા હાથ, અથવા માથું હલાવતા જ હોય છે, બધો વખત બેચેનીથી કંઈક ને કોઈક અંગ હલાવતા હોય છે, કારણ કે તેમનામાં શાન્ત રહેવાની શક્તિ કે બળ હોતાં નથી.

જ્યારે મરજી પડે ત્યારે શાન્ત રહેવાની આ શક્તિ, પોતાની શક્તિઓને એકત્રિત કરી લઈ પોતાને જરૂર લાગે ત્યાં તેમને ખર્ચવાની શક્તિ, પોતાનાં જરૂરી કાર્યોમાં તે શક્તિઓને વહેંચવાની તાકાત એ બળની નિશાની છે. તે શારીરિક, પ્રાણિક, અથવા માનસિક બળ હોઈ શકે. પણ જો તમે જરાક પણ વિક્ષુબ્ધ હો, તો ખાતરીપૂર્વક માનજો કે ક્યાંક નબળાઈ રહી છે. જો તમારી ચંચળતા સંપૂર્ણ હોય, તો તે સંપૂર્ણ નબળાઈ છે.

એટલે જો હું કોઈને શાન્ત થવાનું કહેતી હોઉં, તો હું તેને અનેક પ્રકારની વસ્તુઓ કહેતી હોઉં છું, તેનો આધાર તે વ્યક્તિ પર હોય છે. પણ સ્પષ્ટ રીતે, મોટે ભાગે તો તેનો અર્થ આ હોય છે કે તમારા મનને શાન્ત બનાવો, તમારા મનમાં બધો વખત ચંચલ ન રહો, ખૂબ-ખૂબ વિચારોને ન વલોવો, તમારી જાતને શાન્ત કરો.

ઘણા ખરા લોકો માટે, અનુભૂતિ ત્યારે જ હોય છે કે જ્યારે તેઓ પોતાની જાતને તે સમજાવી શકે. અમુક શક્તિ સાથે સંપર્ક, ચેતનાનું વિસ્તૃતીકરણ, ભગવાનની અમુક બાજુ સાથે વ્યવહાર, અસ્તિત્વનું ખૂલી જવું, અવરોધનું તૂટી જવું, એક સ્થિતિથી પાર જવું, નવીન દ્વારો ખોલવાં — આ બધા અનુભવોને જો માણસ પોતાની જાતને શબ્દોમાં સમજાવી શકતો હોતો નથી, અને તેમને નિશ્ચિત વિચારોમાં ભૌતિક રૂપ આપી શકતો હોતો નથી, તો તે અનુભવો જાણે થયા જ ન હોય એમ લાગે છે! અભિવ્યક્તિ — અનુવાદ માટેની આ જરૂરિયાતને કારણે, અનુભવનો ઘણો મોટો ભાગ તે વ્યક્તિની ચેતના પર કાર્ય કરવાની શક્તિ ગુમાવી બેસે છે. તે કેવી રીતે બને કે તમને એક નિશ્ચિત, નિર્ણાયક અનુભવ થાય, દા. ત. તમે તમારા ચૈત્યિક અસ્તિત્વનું દ્વાર ખોલી નાખ્યું હોય, તમે તેની સાથે સંબંધમાં આવ્યા હો, તમે તેનો અર્થ સમજ્યા હો, અને પછી તે અનુભવ તમારામાં કેમ રહેતો નથી? તેનું કારણ એ છે કે તે અનુભવને તમારી

જાત આગળ અભિવ્યક્ત કરવાની પૂરતી શક્તિ તમારામાં નથી. જ્યારે તમે અનુભવનું વર્ણન કરી શકો, ત્યારે તમારે માટે તે અનુભવની શરૂઆત થતી હોય છે. જ્યારે તમે તે અનુભવને વર્ણવી શકવા શક્તિમાન બનો છો, ત્યારે બાહ્ય તેમજ આંતર રૂપાંતર માટે કાર્ય કરવાની ઉત્કટતાનો અને શક્તિનો મોટો ભાગ અદૃશ્ય થઈ ગયો હોય છે. ત્યાં એમ કહી શકાય કે અભિવ્યક્તિ, સમજૂતી એ હમેશાં નીચે ઊતરવાની બાબત છે. અનુભૂતિ પોતે બહુ ઊંચા સ્તર પર હોય છે.

*

વાર્તાલાપ — ૪૩

૨૪ ઑક્ટોબર ૧૯૫૬

મારી પાસે એક એવી વસ્તુ છે કે જે કદાચ આપણને બહુ દૂર નહિ લઈ જાય, તો પણ સુંદર ફેરફાર આપશે. છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી આપણો વિષય હતો — પ્રગતિ, કેવી રીતે પ્રગતિ કરવી, પ્રગતિમાં શા અવરોધો આવે છે, અતિ-માનસિક શક્તિનો ઉપયોગ કેવી રીતે કરવો વગેરે. આ વિષય તો ચાલુ જ છે, મારી પાસે પ્રશ્નોનું પૅકેટ આવ્યું છે! પણ આજે આપણે વિષય બદલીશું.

કોઈકે મને મૃત્યુ વિષે પ્રશ્ન પૂછ્યો છે : મરણ પછી શું બને છે, અને માણસ કેવી રીતે નવીન દેહ ધારણ કરે છે?

કહેવાની જરૂર નથી કે આ પ્રશ્નના ઉત્તરમાં ગ્રંથો લખી શકાય. બે કિસ્સાઓ એક સરખા હોતા નથી. જેમ પૃથ્વી પર માણસ ભૌતિક શરીરમાં હોય છે, ત્યારે દરેક વસ્તુ શક્ય છે, તેમ મૃત્યુ પછીના જીવનમાં પણ દરેક વસ્તુ શક્ય છે. જ્યારે બધાં કથનોનું સાધારણીકરણ કરવામાં આવે છે, ત્યારે તે ચૂસ્ત બની જતાં હોય છે. તેમ છતાં, તે સમસ્યાનો કંઈક વીગતવાર વિચાર થઈ શકે; કેટલીક વાર તેમાં રસપ્રદ શોધો થાય છે.

પ્રશ્ન આ છેઃ

> **"જ્યારે કોઈ ખાસ વિકાસ પામેલો જીવાત્મા દેહનો ત્યાગ કરે છે, ત્યારે તે પોતાની સાથે સૂક્ષ્મ શારીરિક-કોષને પોતાની સાથે લઈ જાય છે? જ્યારે તે બીજો દેહ ધારણ કરે છે, ત્યારે તે કેવી રીતે નવીન શરીરમાં તે સૂક્ષ્મ શારીરિક-કોષને દાખલ કરે છે?"**

આનો જવાબ આપવા માટે, મેં કહ્યું તેમ, ગ્રંથો લખવા પડે અથવા કલાકો સુધી ભાષણ કરવું પડે. કારણ કે સાચું કહીએ તો, બે કિસ્સા એક-સરખા હોતા નથી — સમાનતાઓ હોય છે, વર્ગીકરણો કરી શકાય છે, પણ તે બધું મરજી મુજબ થતું હોય છે. હું નીચેની વસ્તુ તમારી સમક્ષ વાંચી બતાવવા માગતી હતી, કારણ કે તે ખૂબ ગમ્મત પડે એવું છે; ઓહ! હું ગંભીર બનવા નથી માગતી! તે

ખૂબ રસપ્રદ છે.

"પ્રાચીન ભારતીય પરંપરા મુજબ, (છાંદોગ્ય અને બૃહદારણ્યક) ઉપનિષદોમાં જેમનો ઉલ્લેખ આવે છે તે રાજર્ષિ પ્રવહણના ગૂઢ જ્ઞાન સંબંધમાં આ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે :"

"એમ કહેવામાં આવ્યું છે કે મૃત્યુ પછી, જેણે સુકૃત્યો કરેલાં છે એવો જીવાત્મા પિતૃયાનને માર્ગે જાય છે, તે ધૂમ, રાત્રિ વગેરે બને છે, પિતૃલોકને પ્રાપ્ત કરે છે, અને આખરે ચંદ્રલોકમાં જાય છે. આમાંથી બ્રહ્મસૂત્ર એવું નિગમન તારવે છે કે જીવાત્મા પોતાની સાથે સૂક્ષ્મ શારીરિક તત્ત્વો પણ લઈ જાય છે, જેમની જરૂર હવે પછી થનારા જન્મમાં પડવાની છે."

એટલે પ્રશ્ન એ છે કે

"શું આ બરાબર છે? ત્યારે સૂક્ષ્મ શારીરિક પૂરતા પ્રમાણમાં સચેતન હોય છે?"

પ્રશ્નો આપણે બાજુએ રાખીશું. હું આગળ ચલાવું છું :

"પછી ઉપનિષદો ઉમેરે છે કે સુકૃત્યોને ખતમ કરી દીધા પછી, જીવાત્મા ચંદ્રલોકનો ત્યાગ કરીને આકાશમાં પહોંચે છે, પછી વાયુમાં, પછી વાદળાંમાં, આ બધી વસ્તુઓના સ્વભાવને તે ગ્રહણ કરે છે, અને પછી વૃષ્ટિ-રૂપે આ પૃથ્વી પર પડે છે, બીજમાં પ્રવેશ કરે છે, પિતાના શરીરમાં અન્નરૂપે પ્રવેશે છે, અને છેવટે બાળકના દેહનું નિર્માણ કરે છે."

આ જરાક જટિલ પ્રક્રિયા છે, નહિ વારુ? (હસાહસ) પણ મને તેમાં બહુ ગમ્મત પડી. હવે પ્રશ્ન. (હસતાં હસતાં)

"આ અનિશ્ચિત અને જોખમભરેલી પ્રક્રિયાને અનુસરવું એ શું જરૂરી છે? જીવાત્મા સીધેસીધો — શરીરને સર્વ માનસિક — પ્રાણિક — અને સૂક્ષ્મ શારીરિક તત્ત્વો વડે, જેમને તેણે પોતાની આસપાસ સંગઠિત કર્યા હોય છે અને જે હવે પછીના જન્મ માટે જરૂરી છે તેમના વડે, દેહને અનુપ્રાણિત નથી કરતો? શું તે જીવાત્મા સૂક્ષ્મ શારીરિક જગતનાં તત્ત્વો ગ્રહણ નથી કરતો? જો જીવાત્મા તેમ કરતો હોય, તો તે તત્ત્વો કેવી રીતે આનુવંશિક લક્ષણો સાથે સુસંવાદી બને છે? સૌથી અગત્યનો પ્રશ્ન છે કે જીવાત્માએ શું પિતાના શરીર મારફતે પસાર થવું જ પડે છે?"

આપણે અહીં આવીને ઊભા રહ્યા!

હું માત્ર એટલું જ કહી શકું કે કેટલીક વાર વસ્તુઓ એ રીતે બને એ શક્ય છે. હું આશા રાખું છું કે જે માણસે આ વર્ણન કર્યું છે, તેણે આ પ્રકારની ઘટના જોઈ હશે. હું આશા રાખું છું કે એ તેની ગૂઢવાદી કલ્પનાની માત્ર માનસિક રચના નહિ હોય. તે કેટલીક વ્યવહારુ સમસ્યાઓ ખડી કરે છે! પણ છતાં, કશું જ અશક્ય નથી. માત્ર જીવાત્મા વૃષ્ટિમાં પ્રવેશ કરે, પછી બીજમાં પ્રવેશ કરે, પછી છોડ-રૂપે ઊગે, પછી પિતાના જઠરમાં અન્નરૂપે પ્રવેશ કરે — ઓછાવત્તા પ્રમાણમાં રાંધવામાં આવેલા અન્ન-રૂપે — , અને છેલ્લે બાળકના ગર્ભમાં પ્રવેશ કરે — આ બધું કલ્પવું એ કઠિન છે. હું એમ નથી કહેતી કે તે અશક્ય છે, પણ તે ખૂબ-ખૂબ જટિલ છે!

હું અસંખ્ય, વિકસિત જીવાત્માઓના દેહ-ધારણ સમયે, જન્મતી વખત અથવા જન્મ્યા પછી, હાજર રહી છું. મેં કહ્યું તેમ, કિસ્સાઓ તદ્દન ભિન્ન-ભિન્ન પ્રકારના હોય છે. તેમનો આધાર ભૌતિક પરિસ્થિતિઓ કરતાં વધારે માનસ-શાસ્ત્રીય પરિસ્થિતિઓ પર રહે છે. તેનો આધાર પુનર્જન્મ લેવા માગનાર જીવાત્માના વિકાસની સ્થિતિ પર રહે છે — અહીં આપણે જીવાત્માનો અર્થ 'ચૈત્યિક અસ્તિત્વ' કરીએ છીએ, તેનો આધાર તે ચૈત્યિક અસ્તિત્વના વિકાસની સ્થિતિ પર, જે પરિસ્થિતિમાં તે દેહ ધારણ કરવા માગે છે તેના પર, તેને જે જીવનકાર્ય હવે કરવાનું છે તેના પર — જે વસ્તુ ભિન્ન-ભિન્ન શરતો રજૂ કરતી હોય છે — રહે છે. તેનો ખૂબ મોટો આધાર માતા-પિતાની ચેતનાની સ્થિતિ પર રહે છે. કારણ કે હેતુપૂર્વક ગર્ભ ધારણ કરવો, તેમાં સચેતન અભીપ્સા રાખવી, અદૃશ્ય જગતને આહ્વાન કરવું, આધ્યાત્મિક ઉત્કટતા રાખવી — એમાં અને અકસ્માત-રૂપે ગર્ભ ધારણ કરવો, જરા પણ

ઇચ્છા ન હોય અને છતાંય ગર્ભ ધારણ કરવો — એમાં ખૂબ-ખૂબ તફાવત છે. હું એમ કહેવા નથી માગતી કે બીજી બાબતમાં અવતાર ન હોઈ શકે, પણ મોટે ભાગે તે પાછળથી થતો હોય છે, ગર્ભ-ધારણ કરતી વખતે નહિ.

બાળકની રચના માટે, તે મહાન તફાવત પેદા કરે છે.

જો અવતાર ગર્ભ-ધારણ સમયે થાય, તો જે ચેતના અવતરવાની છે તે જન્મનાર બાળકની સમગ્ર રચનાનું નિયમન કરે છે — દોરવણી આપે છે; તત્ત્વોની પસંદગી, પદાર્થ-તત્ત્વનું આકર્ષણ, શક્તિઓની પસંદગી, આત્મસાત્ કરાતા દ્રવ્યનું પદાર્થતત્ત્વ — આ બધાની પસંદગી તે ચેતના કરતી હોય છે. આને પરિણામે, સ્વાભાવિક રીતે જ શરીરની રચના માટે ખાસ પરિસ્થિતિઓ સર્જાય છે, જે શરીર સારી રીતે વિકસ્યું હોય, ઉત્ક્રાન્ત થયું હોય, જન્મ પહેલાં સંવાદમય બન્યું હોય. મારે કહેવું જોઈએ કે આ ખૂબ જ અપવાદ-રૂપ હોય છે; પણ છતાં તે જરૂર બને છે.

વધારે ઘણી વખત એવા કિસ્સા બન્યા છે, જેમાં જન્મ વખતે અર્થાત્ સ્વતંત્રતા પ્રાપ્ત કરતી વખતે, જ્યારે બાળક બને તેટલું રુદન કરીને પોતાનાં ફેફસાંનો વિકાસ કરવાની શરૂઆત કરે છે, ત્યારે ઘણી વાર જીવનમાંથી આવતું આ પ્રકારનું આહ્વાન અવતરણને વધારે સહેલું અને વધારે અસરકારક બનાવે છે.

કેટલીક વાર દિવસો અને કેટલીક વાર મહિનાઓ વીતી જાય છે, તૈયારી બહુ ધીમે ધીમે થતી હોય છે, અને પ્રવેશ બહુ ધીરે ધીરે, તદ્દન સૂક્ષ્મ અને અદૃશ્ય રીતે થતો હોય છે.

કેટલીક વાર તે ખૂબ પાછળથી આવે છે, જ્યારે બાળક પોતે જરાક સચેતન બને છે, અને ખૂબ ઊર્ધ્વની કોઈક વસ્તુ સાથે સૂક્ષ્મ પણ ખૂબ વાસ્તવિક સંબંધ અનુભવે છે — જેને તે પોતાના પર દબાણ કરતી અસર તરીકે અનુભવે છે; ત્યારે તેને — જેને પોતે જાણતું નથી અને સમજતું નથી તેવા કશાક સાથે સંપર્કમાં આવવાની જરૂરિયાત લાગે છે, પણ જેને તે માત્ર સહેજ અનુભવી શકે છે. બાળકની આ અભીપ્સા ચૈત્યિકને આકર્ષે છે અને બાળકમાં તેનું અવતરણ કરાવે છે.

અહીં હું તમને થોડોક સાધારણ દાખલો આપું છું; બીજા ઘણા દાખલા છે; આ અસંખ્ય, ભિન્ન-ભિન્ન પ્રકારે બની શકે. મેં જે જોયા હતા, તે ખૂબ અનેકવાર બનતા કિસ્સાઓ મેં વર્ણવ્યા છે.

એટલે દેહ ધારણ કરવા માગતો જીવાત્મા પૃથ્વીની ખૂબ નજીક, ઉચ્ચતર

મનના પ્રદેશમાં કેટલીક વાર રહે છે; તેણે પોતાનું ભાવિ ઘર પસંદ કરી લીધું હોય છે. અથવા તે પ્રાણિકમાં વધારે નીચે આવે છે અને ત્યાંથી વધારે સીધું કાર્ય કરે છે. અથવા તે સૂક્ષ્મ શારીરિકમાં પ્રવેશ કરી શકે છે, અને ખૂબ ઝીણવટ-પૂર્વક પોતાના ભાવિ દેહનું નિયમન કરી શકે છે.

હવે બીજો પ્રશ્ન વિદાય બાબતનો.

તેનો આધાર પણ વિકાસની માત્રા પર છે, મૃત્યુની પરિસ્થિતિઓ પર, અને સૌથી વધારે અસ્તિત્વના એકીકરણ પર, અને દેહત્યાગ કરતી વખતે જીવાત્માના વલણ પર છે. પૂર્ણ રીતે વિકાસ પામેલાં પ્રાણીઓ માટે અહીં પ્રશ્ન હતો, અર્થાત્ પૂર્ણ રીતે વિકાસ પામેલાં ચૈત્યિક અસ્તિત્વો માટે છે કે જેણે યોગ કરવા માટે ભૌતિક શરીરમાં તેની હાજરીનો લાભ ઉઠાવ્યો છે, કારણ કે ત્યારે પરિસ્થિતિઓ જુદા પ્રકારની હોય છે. પણ વધારે સામાન્ય રીતે, મેં તમને ઘણી વાર કહ્યું છે કે અસ્તિત્વના બાહ્ય આવરણ બાબત, બધું જ મૃત્યુ-સમયના તેના વલણ પર આધાર રાખે છે, અને તે વલણનો આધાર ચોક્કસ તેના આંતર વિકાસ પર અને એકીકરણ પર છે.

જો આપણે શ્રેષ્ઠ દાખલો લઈએ, એવા માણસનો કે જેણે પોતામાં રહેલા ભગવાનની હાજરીની આસપાસ પોતાના અસ્તિત્વનું એકીકરણ કરેલું છે, જે માત્ર એક સંકલ્પ, એક ચેતના બની ગયો છે, તેણે પોતાના કેન્દ્રીય ચૈત્યિક અસ્તિત્વની આસપાસ પરિપૂર્ણ રીતે વિકસિત અને સંગઠિત મન એકત્રિત કર્યું હશે; સર્વસમર્પણ કરેલું અને સહકાર આપતું પ્રાણિક એકત્રિત કર્યું હશે; અને આજ્ઞાંકિત, નમ્ર, અને ચપળ શારીરિક અસ્તિત્વ એકત્રિત કર્યું હશે. આ શારીરિક અસ્તિત્વને પૂર્ણ વિકસિત હોવાને કારણે, સૂક્ષ્મ શરીર હશે જેને શ્રી અરવિંદ 'સત્ય શારીરિક' કહે છે — , જે અનંતગણી રીતે શરીરની મર્યાદાઓને વટાવી જશે, અને જેનામાં એટલી બધી ચપળતા, સ્થિતિ-સ્થાપકતા, અને સમતુલા હશે કે જેથી તે અસ્તિત્વના આંતર ભાગોને ચીટકી રહી શકશે અને આત્માની ગતિઓને અનુસરી શકશે — હું આરોહણમાં કહેવા માગતી નથી, પણ શરીરની બહારની મુસાફરીઓમાં. જીવાત્મા શું કરશે, ક્યાં જશે તેનો આધાર શરીર છોડતા પહેલાં તેણે જે નિર્ણય કર્યો હશે તેના પર છે. તેના શારીરિક જીવનમાં પૂર્ણ રીતે સંગઠિત અને એકત્રિત કરાયેલા અસ્તિત્વને પોતાની આસપાસ રાખવાની આ શક્તિ તેને મરજી મુજબ કાર્ય કરવાની — સાચી રીતે પસંદગી કરવાની છૂટ આપશે. આ પણ એક શક્યતાઓના એક તદ્દન ભિન્ન ક્ષેત્રની વાત છે — સચેતનપણે એક શરીરમાંથી બીજા શરીરમાં સીધી રીતે જવાની.

એવા દાખલાઓ છે, જેમાં આ રીતે પૂર્ણ સચેતન અને વિકસિત પ્રાણીઓમાંના એકે બીજા પ્રાણીને ધીમે ધીમે તૈયાર કર્યું છે, તેને પોતાને ઝીલીને આત્મસાત્ કરવા સમર્થ બનાવ્યું છે; શરીરનો ત્યાગ કરતી વખતે પોતાનું કાર્ય અટકી ન પડે તેટલા માટે તે બીજા ચૈત્યિક અસ્તિત્વ પાસે જાય છે, તેમાં વિલીન બની જાય છે, બીજા શારીરિક દેહમાં તેની સાથે સંયુક્ત થાય છે. આ કિસ્સો ખૂબ ખૂબ વિરલ, છેલ્લી હદનો હોય છે, પણ પરંપરાગત ગૂઢવાદી જ્ઞાનનો તે એક ભાગ છે. બીજા છેડાના દાખલામાં, જીવાત્મા પોતાના શારીરિક અનુભવને પૂરો કરી લઈને, તેને આરામ-પૂર્વક આત્મસાત્ કરવા માગે છે અને પાછળથી બીજું શારીરિક અસ્તિત્વ તૈયાર કરવા માગે છે — કેટલીક વાર બહુ સમય પછી. એટલે ઘણી શક્યતાઓમાં આમ બનતું હોય છે. સૂક્ષ્મ શારીરિકમાં, પ્રાણિકમાં, માનસિકમાં — દરેક ક્ષેત્રમાં તે સુસંગત અસ્તિત્વોને છોડતો જાય છે, તે બધાંની વચ્ચે એક સાંકળતી કડી છોડતો જાય છે, પણ દરેક અસ્તિત્વ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખતું હોય છે, અને પોતે ચૈત્યિકના જગતમાં — પ્રદેશમાં, તેની વાસ્તવિકતામાં જતો હોય છે, અને ત્યાં આત્મસાત્-કરવા માટે આનંદ-પૂર્ણ આરામમાં પ્રવેશતો હોય છે — ત્યાં સુધી કે જ્યારે આગળ (ઉપનિષદોમાં) વર્ણવ્યા પ્રમાણે તે પોતાનાં સુકૃત્યોને ભોગવી નાખે છે — ખતમ કરી નાખે છે, તેમને પચાવી દે છે, અને નવીન અનુભવ કરવા માટે તૈયાર બને છે. પછી જો તેનું કાર્ય બરાબર કરવામાં આવ્યું હોય, જ્યારે ભિન્ન-ભિન્ન પ્રદેશોમાં તેણે છોડી રાખેલા, પોતાના અસ્તિત્વના ભાગો અથવા કોશોએ ત્યાં પોતાનું કાર્ય પૂરું કર્યું હોય છે, ત્યારે એક પછી એક, પહેલાંના જન્મના જે ભાગોમાં તે રહ્યો હતો તે બધાને તે ધારણ કરે છે, અને તે જ્ઞાનની તથા અનુભવની સમૃદ્ધિને સાથે લઈને તે નવીન દેહમાં પ્રવેશવાની તૈયારી કરે છે. આ સેંકડો — હજારો વર્ષો પછી બને, કારણ કે તે પ્રદેશોમાં જે સર્વ સંગઠિત કરવામાં આવ્યું હોય છે તે વિઘટનને — મૃત્યુને આધીન નથી હોતું, જ્યારે પ્રાણિક અસ્તિત્વ પરિપૂર્ણ રીતે સંવાદમય અને સંગઠિત બને છે, ત્યારે તે અમર બને છે, દિવ્ય બને છે. મન માટે પણ તે જ વાત છે. સૂક્ષ્મ શારીરિકમાં પણ, પૂર્ણ-વિકસિત અને આધ્યાત્મિક શક્તિઓથી સભર ભરેલાં સત્ત્વો મૃત્યુ પછી વિઘટિત થતાં નથી. તે કાર્ય કરવાનું ચાલુ રાખે, અથવા જળ જેવાં, વૃક્ષોના રસ જેવાં પ્રકૃતિનાં અમુક તત્ત્વોમાં લાભદાયી આરામ કરે — અથવા અહીં વર્ણવાયું છે તેમ (હસતાં — હસતાં) વાદળોમાં આરામ કરે. પણ તે સક્રિય રહી શકે, અને શારીરિક પ્રકૃતિનાં વધારે ભૌતિક

તત્ત્વો પર કાર્ય કરી શકે.

મેં તમને અહીં કેટલાક દાખલા આપ્યા છે. હું કલાકો સુધી આ વિષય પર બોલી શકું અને બીજા નવા દાખલા આપી શકું! પણ એ વ્યાપક રીતે વિષયને આવરી લે છે, અને કલ્પના માટે દ્વાર ખોલી આપે છે.

અહીં આવીને આપણે અટકીશું.

*

વાર્તાલાપ — ૪૪

૩૧ ઓક્ટોબર ૧૯૫૬

માતાજી, કોઈકે મને આપનું એક વાક્ય સમજાવવા માટે આપને વિનંતી કરવા કહ્યું છે. આપે ક્યાંક કહ્યું છે કે ભગવાનના પ્રેમનો ભાર ઝીલી શકે તે પહેલાં માણસે દિવ્ય બનવું જોઈએ. તે વાક્ય 'ડાયરી'માં છે.

ઓહ! તમે જરાક મુક્ત રીતે તેનું પુનરુચ્ચારણ કરો છો!

ઠીક, તે ભાઈ શું જાણવા માગે છે?

તે જાણવા માગે છે કે ભગવાનનો પ્રેમ પૃથ્વી પર પ્રસરે ત્યાર પહેલાં શું માણસે દિવ્ય બનવું જોઈએ?

મને લાગે છે કે પ્રશ્નનો ભાવાર્થ એ નથી. તમારા કહેવાનો ભાવાર્થ એ છે કે જ્યાં સુધી માણસ દિવ્ય ન બને, ત્યાં સુધી ભગવાનનો પ્રેમ આવિર્ભૂત ન થઈ શકે. તમારો કહેવાનો ભાવાર્થ એ છે?

તે અમે સમજીએ છીએ.

ઓહ, તમે તેને તે રીતે સમજો છો! પણ મને લાગે છે કે ભાવાર્થ એ નથી.

પ્રથમ તો આપણે, જો હોય તો, ઐતિહાસિક હકીકત લેવા માગીએ છીએ. અર્થાત્ વિભાગીકરણની શક્તિઓના કાર્ય દ્વારા, ચેતના અચેતન બની, અને જેવું છે તેવું પદાર્થ-તત્ત્વ સર્જાયું — એવા સંપૂર્ણ અચેતનતાના પાયા પર કે ઉદ્ગમ-સ્થાન અને જે સર્જાયું હતું તેની વચ્ચે કોઈ સંપર્ક શક્ય લાગતો ન હતો. આ પરિપૂર્ણ અચેતનતાને કારણે સીધું અવતરણ જરૂરી બન્યું, વચગાળાના પ્રદેશોમાંથી પસાર થયા સિવાય દિવ્ય ચેતનાને પ્રેમના સ્વરૂપમાં અવતરણ કરવાની જરૂર પડી. પદાર્થ-તત્ત્વમાં, તેને ભેદીને, તેની રચનામાં એક નવીન તત્ત્વ ઉમેરીને, તે દિવ્ય પ્રેમના અવતરણે આપણે માટે ધીમું આરોહણ શક્ય

બનાવ્યું — અચેતનતામાંથી ચેતનામાં, અંધકારમાંથી પ્રકાશમાં. એટલે એમ ન કહી શકાય કે સર્જન જ્યારે દિવ્ય બને, ત્યારે જ પ્રેમ આવિર્ભૂત થઈ શકે; ઊલટું પ્રેમના આવિર્ભાવના કારણે, સર્જન ફરીથી દિવ્ય બની શકે.

મેં ત્યાં જે કહ્યું હતું તેને આની સાથે સંબંધ નથી.

હું સામાન્ય જગતની વાત કરતી ન હતી, પણ ખાસ કરીને માનવ ચેતનાની વાત કરતી હતી. હું તે હકીકતનો ઉલ્લેખ કરી રહી હતી કે જે દિવ્ય પ્રેમ સર્વ વસ્તુઓને અનુપ્રાણિત કરી રહ્યો છે, સર્વમાં સભર રહેલો છે, સર્વને ટકાવી રહ્યો છે, અને પરમાત્મા પ્રત્યે પ્રગતિ કરાવી રહ્યો છે — આરોહણ કરાવી રહ્યો છે, તે પ્રેમનો અનુભવ માનવ ચેતનાને થતો હોતો નથી; જો તે થોડાઘણા પ્રમાણમાં માનવ પ્રાણીને જણાય, તો તે તેને સહન કરવો મુશ્કેલ લાગે છે, તે પોતામાં સમાવી શકતો નથી, કારણ કે એની વિશુદ્ધ શક્તિ, વિશુદ્ધ ઉત્કટતા માનવ સ્વભાવ માટે સહન કરવી એ અઘરી છે. જ્યારે તે દિવ્ય પ્રેમ હળવો બને છે, વિકૃત બને છે, અસ્પષ્ટ બને છે, ત્યારે જ માનવ સ્વભાવ તેને સ્વીકારી શકે છે. જ્યારે તે પ્રેમ પોતાના સાચા સ્વભાવને છોડી દે છે, તાત્ત્વિક ગુણવત્તાને છોડી દે છે, ત્યારે જ માનવ તેનો સ્વીકાર કરે છે, અને (સ્મિત કરતાં) તેને મંજૂરી આપે છે, અને તેની પ્રશંસા કરે છે. એનો અર્થ એ થયો કે માનવ ચેતના તેને સ્વીકારે તે માટે તે દિવ્ય પ્રેમે વિકૃત બની જવું પડે છે. તેને પ્રચુરતામાં અને વિશુદ્ધિમાં, સ્વીકારવા માટે, સહન કરવા માટે, અને ઝીલવા માટે માનવ-ચેતનાએ દિવ્ય બનવું જોઈએ.

મારો કહેવાનો ભાવાર્થ આ હતો, બીજો કોઈ નહિ. જો માનવ દિવ્ય ઊંચાઈઓ પર આરોહણ ન કરે, તો તે દિવ્ય પ્રેમને સ્વીકારવા માટે, તેનું મૂલ્યાંકન કરવા માટે, તેને જાણવા માટે અસમર્થ છે. માણસ સ્વીકારી શકે તે માટે પ્રેમે દિવ્ય મટી જવું જોઈએ.

પણ આ ઘટના બાહ્ય, ઉપરછલ્લી ચેતના માટે છે. તે ઘટના કૃપાના રૂપમાં સર્વત્ર કાર્ય કરી રહેલા પ્રેમને અટકાવી શકતી નથી; તે કૃપાને અજ્ઞાત રીતે અને સતત કાર્ય કરતી અટકાવી શકતી નથી. જ્યારે માણસ જાણતો હોતો નથી, ત્યારે કૃપા વધારેમાં વધારે સારી રીતે કાર્ય કરે છે, કારણ કે માનવની સમજ ક્યારનીયે વિકૃત બની ગઈ હોય છે.

તે વાક્યનો એ અર્થ છે, બીજો કશો નહિ. હું વૈશ્વિક ઘટના વિશે વાત કરતી ન હતી.

માતાજી, આપે એક બુધવારે કહ્યું હતું કે જ્યારે આપ અનુભવનું વર્ણન કરી શકો છો, ત્યારે તેની શરૂઆત થતી હોય છે. જ્યારે આપ તેનું વર્ણન કરી શકો છો, ત્યારે આંતર તથા બાહ્ય રૂપાંતર માટેના કાર્યની શક્તિ અને જ્ઞાન ક્યારનાંય ચાલ્યાં ગયાં હોય છે."

(૧૭ ઑક્ટોબર પરનો વાર્તાલાપ)

એટલે પછી?

તો પછી તે અનુભવ બાબત શું કરવું જોઈએ? જો અનુભવને અભિવ્યક્ત કરવાની શક્તિ હોય નહિ અને અનુભવ આવે, તો શું બને?

ત્યાં હું એમ કહેવા માગતી હતી કે અનુભવ પહેલાં થાય છે, અને મનમાં તમે તેની રચના કરો છો તેના કરતાં તે ઘણો વધારે અધિક હોય છે. તેની માનસિક રચના થાય ત્યાર પહેલાં — ખૂબ પહેલાં અનુભવ આવતો હોય છે. અનુભવમાં પરિપૂર્ણતા, શક્તિ, સ્વભાવ પર સીધું કાર્ય કરવાનું બળ હોય છે, જે તાત્કાલિક, તરત જ આવતું હોય છે. આપણે દાખલો લઈએ. અમુક સંજોગોમાં અથવા અપવાદ-રૂપ કૃપા વડે, તમે ઓચિંતા અતિ-માન સિક પ્રકાશના, શક્તિના, અથવા ચેતનાના સંપર્કમાં મૂકાઓ છો. તમારા બંધ કોચલામાં ઓચિંતું ખુલ્લાપણું આવતું હોય છે; તમને સત્યથી દૂર રાખનાર આવરણમાં એક ચીરાડ પડતી હોય છે, અને સંપર્ક સ્થાપિત થયો હોય છે. તરત જ તે પ્રકાશ, તે શક્તિ, તે ચેતના તમારાં શારીરિક કોશાણુઓ પર પણ કાર્ય કરે છે; તે મનમાં, પ્રાણિકમાં, શરીરમાં કાર્ય કરે છે, આકંપનોમાં ફેરફાર કરે છે, પદાર્થ-તત્ત્વને સંગઠિત કરે છે, અને પોતાનું રૂપાંતરનું કાર્ય શરૂ કરે છે. તમને આ ઓચિંતા સંપર્કનો અને કાર્યનો આવેગ અનુભવાય છે. તમારે માટે તે એક અવર્ણનીય, અભિવ્યક્ત ન કરી શકાય તેવી સ્થિતિ છે, જે તમને પકડમાં લે છે; તમને તેનો કોઈ સ્પષ્ટ, નિશ્ચિત વિચાર હોતો નથી. તમને એમ લાગે છે કે કાંઈક થઈ રહ્યું છે. તે તમને આશ્ચર્ય-જનક કે ખૂબ મહાન લાગે, પણ તમે તેને અભિવ્યક્ત કરી શકતા હોતા નથી, સમજી શકતા હોતા નથી. તે તાત્ત્વિક, પૂર્ણ શક્તિવાળો અનુભવ છે.

ધીમે ધીમે, જેમ જેમ એ કાર્ય લાંબા સમય સુધી ચાલે છે અને બાહ્ય અસ્તિત્વ આ કાર્યનું આત્મસાત્-કરણ કરવા માંડે છે, તેમ તેમ પ્રથમ માનસિક

ચેતનામાં અવલોકન કરવાની શક્તિ જાગ્રત થાય છે, એક પ્રકારનું વિષયીકરણ થાય છે. મનમાં રહેલું કાંઈક તેનું અવલોકન કરે છે અને પોતાની રીતે તેનો અનુવાદ કરે છે. આને તમે સમજ કહેતા હો છો, અને આ તમારા પર (સ્મિત કરતાં કરતાં) એવી છાપ મૂકે છે કે મને અનુભવ થાય છે. પણ મૂળ અનુભવની સરખામણીમાં તે ખૂબ ન્યૂન બની ગયો હોય છે; તમારાં માનસિક, પ્રાણિક, અને શારીરિક માપોને માટે તે પ્રતિકૂળ હોય છે; અર્થાત્ તે સંકોચાઈ ગયેલો, કઠિન બની ગયેલો હોય છે. તમને સાથે-સાથે એવી છાપ પેદા થાય છે કે એ અનુભવ વધારે ને વધારે સ્પષ્ટ બનતો જાય છે, અર્થાત્ તે તમારી સમજ પ્રમાણે મર્યાદિત થઈ ગયેલો હોય છે.

આ ઘટના શ્રેષ્ઠ કિસ્સાઓમાં પણ બનતી હોય છે. હું એવા દાખલાઓ વિષે વાત નથી કરતી, જ્યાં અનુભવની આ શક્તિ તમારા અસ્તિત્વની અચેતનતા વડે ચૂસી લેવામાં આવી હોય, અને વધુ ને વધુ અચેતન ગતિ વડે અભિવ્યક્ત થઈ હોય. હું તે કિસ્સા વિષે વાત કરી રહી છું, જેમાં તમારું મન સ્પષ્ટ છે, તમારી અભીપ્સા સ્પષ્ટ છે, અને તમે માર્ગ પર ખૂબ પ્રગતિ સાધી હોય. જ્યારે તમારા મનનું રૂપાંતર શરૂ થઈ ચૂક્યું હોય, જ્યારે તેને પ્રકાશ ઝીલવાની ટેવ પડી ગઈ હોય, જ્યારે પ્રકાશ તમારા મનને જોઈ શકતો હોય, તમારું મન તે પ્રકાશ ચૂસી લેવા માટે પૂરતું અભિમુખ હોય, ત્યારે જે ક્ષણે તમારું મન તે અનુભવને માનવ ચેતના સમજી શકે તે રીતે અભિવ્યક્ત કરવા — સમજાવવા માગે — હું સામાન્ય ચેતનાની વાત નથી કરતી, પણ પ્રકાશિત માનવ ચેતનાને સમજાવવા લાગે, કે તરત જ તે અનુભવને ન્યૂન કરી દે છે, મર્યાદિત કરી દે છે, મોળો બનાવી મૂકે છે; નિર્બળ બનાવી દે છે, અસ્પષ્ટ કરી મૂકે છે — કબૂલ કરી લઈએ કે તમારું મન તે અનુભવને અસત્ય ન બનાવી મૂકે એવું સ્પષ્ટ હોય તોપણ. જો અસ્તિત્વમાં ક્યાંય પણ, મનમાં કે પ્રાણિકમાં થોડીક પણ દિલની અ-સચ્ચાઈ નભાવી લેવામાં આવી હશે, તો અભિવ્યક્તિ તદ્દન ખોટી અને વિકૃત બની જાય છે. પણ હું તો શ્રેષ્ઠ દાખલાઓની વાત કરી રહી છું, જેમાં અસ્તિત્વમાં દિલની સચ્ચાઈ છે, અસ્તિત્વ કાબૂમાં છે, તે ખૂબ અનુકૂળ રીતે કાર્ય કરી રહેલું છે; તોપણ માનવ મન સમજી શકે તેવી રચના — અભિવ્યક્તિ ચોક્કસ, અનિવાર્ય રીતે, એક મર્યાદા ઊભી કરે છે, અનુભવના કાર્યની શક્તિને ન્યૂન બનાવી દે છે. જ્યારે તમે તમારી જાતને સ્પષ્ટતાપૂર્વક, સચેતનતા-પૂર્વક કહી શકો કે "આ, તે, અને બીજું બન્યું હતું," જ્યારે તમે તે અનુભવને સમજી શકાય તે રીતે વર્ણવી શકો, ત્યારે તેણે કાર્યની અમુક શક્તિ,

ઉત્કટતા, તે અનુભવનું સત્ય ગુમાવી દીધાં હોય છે. પણ તેનો અર્થ એ નથી કે ઉત્કટતા, કાર્યની શક્તિ, ત્યાં ન હતાં, તે તો હતાં જ. શ્રેષ્ઠ કિસ્સાઓમાં, તમે તે અનુભવને સમજી શકાય તેવું રૂપ આપો ત્યાર પહેલાં, તે અનુભવની પૂરી અસર નીપજી ચૂકી હોય છે.

હું અહીં શ્રેષ્ઠ કિસ્સાઓની વાત કરી રહી છું. હું એવા અસંખ્ય કિસ્સાઓની વાત નથી કરતી, જેમાં લોકોને અનુભવ થવા લાગે છે, અને જેમનું મન કુતૂહલ-પૂર્ણ બની જાય છે, જાગીને કહે છે કે ઓહ, શું બની રહ્યું છે? ત્યારે તો બધું જ અદૃશ્ય થઈ જાય છે. કદાચ, તેવો માણસ તેવા કોઈક અનુભવની વિકૃત પૂંછડીને પકડે, કે જે અનુભવે પોતાની સર્વ શક્તિને અને વાસ્તવિકતાને ગુમાવી દીધી છે. તમારે પ્રથમ આ કરવાનું છે — તમારું મન જરા પણ હલ-ચલ ન કરવું જોઈએ. સૌથી મહત્ત્વની વસ્તુ આ છે કે "બિલકુલ હલ-ચલ ન કરો. જાણવાની ઇચ્છા ન કરો અને તે વસ્તુને પૂર્ણ રીતે વિકસિત થવા દો; તમે રાહ જુઓ. બહુ જલ્દી, બહુ મોડો નહિ — તમારો વારો આવશે." અનુભવની રચના મનમાં કર્યા સિવાય — કરવાની ઇચ્છા રાખ્યા સિવાય, તે અનુભવ કલાકો સુધી, દિવસો સુધી જીવી શકાય છે. જ્યારે માણસ તેમ કરે છે, ત્યારે તેને તે અનુભવનો પૂરો લાભ મળે છે. પછી તે કાર્ય કરે છે, સ્વભાવને વલોવી નાખે છે, કોષાણુઓનું રૂપાંતર કરે છે, રૂપાંતરનું સાચું કાર્ય શરૂ કરે છે. પણ જ્યારે તમે જોવાની, સમજવાની, રચના કરવાની શરૂઆત કરો છો, ત્યારે તે અનુભવ ભૂતકાળનો બની જાય છે.

અહીં આવીને આપણે અટકીશું.

*

વાર્તાલાપ — ૪૫

૭ નવેમ્બર ૧૯૫૬

"અનંત અને સનાતન પરમાત્માની શક્તિ આપણામાં અવતરણ કરે છે, કાર્ય કરે છે, આપણી અત્યારની માનસ-શાસ્ત્રીય રચનાઓને ભાંગી નાખે છે, દરેક ભીંતને તોડી નાખે છે, આપણને વિશાળ બનાવે છે, મુક્ત કરે છે. તે ચેતનાને શરીરની જેલમાંથી મુક્ત કરે છે. તે સમાધિમાં અથવા નિદ્રામાં અથવા જાગ્રત-અવસ્થામાં પણ બહાર જઈ શકે છે, આ જગતના બીજા પ્રદેશોમાં અથવા બીજાં જગતોમાં પ્રવેશ કરી શકે છે. ત્યાં કાર્ય કરી શકે છે અથવા અનુભવને પોતાની સાથે પાછો લાવી શકે છે. તે વિસ્તૃત બને છે, શરીરને તે માત્ર પોતાનો એક નાનકડો ભાગ હોય તેમ અનુભવે છે, પહેલાં જેમાં પોતાને સમાવતું હતું તેને તે પોતામાં સમાવવાની શરૂઆત કરે છે. તે પરમ શક્તિ વૈશ્વિક ચેતનાને પ્રાપ્ત કરે છે, અને પોતાની જાતને વિશ્વમાં વિસ્તારી શકે છે. તે આંતરિક રીતે, સીધી રીતે જાણવાની શરૂઆત કરે છે, માત્ર બાહ્ય અવલોકન વડે અને જગતમાં ક્રીડા કરતાં બળો સાથે સંપર્ક સાધી શકે છે, તે બળોની ગતિને અનુભવી શકે છે, તેમની કામગીરીમાં વિવેક કરી શકે છે, અને તરત જ તેમના ઉપર કાર્ય કરી શકે છે —જેવી રીતે વૈજ્ઞાનિક શારીરિક-ભૌતિક બળો ઉપર કાર્ય કરે છે તેમ, આપણાં મન — પ્રાણ — શરીરમાં તે બળોના કાર્યને તથા પરિણામોને સ્વીકારી શકે છે, તેમનો ઇન્કાર કરી શકે છે, તેમાં ફેરફાર કરી શકે છે, તેમને નવું રૂપ આપી શકે છે, પ્રકૃતિની જૂની નાનકડી કામગીરીની જગ્યાએ મહાન, નવીન બળો અને ગતિઓ સર્જી શકે છે. આપણે વૈશ્વિક મનની શક્તિઓના કાર્યને જોઈ શકવાની શરૂઆત કરીએ છીએ અને તે કાર્ય વડે આપણા વિચારો કેવી રીતે સર્જાય છે તે જાણી શકીએ છીએ."

(ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૭૨ — ૭૩)

મધુર માતાજી, વૈશ્વિક મનની શક્તિઓ કેવી રીતે આપણા વિચારોનું સર્જન કરે છે?

કારણ કે વૈશ્વિક મનનાં બળો આપણા મસ્તિષ્કમાં પ્રવેશ કરે છે. આપણે બળોમાં સ્નાન કરી રહ્યા હોઈએ છીએ; આપણને તેનું ભાન હોતું નથી. આપણે કોઈ કોથળામાં પૂરાયેલા, બીજાઓથી સ્વતંત્ર નથી. સર્વ બળો, સર્વ આકંપનો, સર્વ ગતિઓ આપણામાં પ્રવેશ કરે છે, આપણામાંથી પસાર થાય છે. તેથી આપણી અમુક માનસિક શક્તિ રોકાઈ રહેલી હોય છે, અર્થાત્ સર્જનાત્મક માનસિક શક્તિ વડે ઉપયોગ કરવા માટે તૈયાર પડી હોય છે. આ બળો મુક્ત હોય છે. બહારથી આવતો કોઈ વિચાર કે શક્તિ કે ગતિ આપણી ચેતનામાં પ્રવેશે છે, કે તરત જ આપણે તેને સઘન રૂપ, તર્કયુક્ત દેખાવ, અને અનેક પ્રકારની નિશ્ચિત વીગતો આપીએ છીએ. પણ હકીકતમાં, તે બધું એવા પ્રદેશમાંથી આવતું હોય છે કે જેનાથી આપણે ભાગ્યે જ સચેતન હોઈએ.

આ અવાર-નવાર બનતો, કોઈ ખાસ દાખલો નથી. સતત આમ બનતું હોય છે. જો અમુક વિચાર-રચના સાથે, બળનો એક પ્રવાહ એક માણસમાંથી બીજામાં પસાર થતો હોય છે, દરેક જણમાં તે પ્રકાશનું કે શક્તિનું એક પ્રકારનું કેન્દ્ર રચે છે, જે મૂળના પ્રવાહની ઓછીવત્તી વિશુદ્ધ, ઓછીવત્તી સ્પષ્ટ, ઓછીવત્તી સંમિશ્રિત છાપ રાખે છે; તેને આપણે "આપણો" વિચાર કહીએ છીએ.

પણ આપણો વિચાર તો કોઈક એવી ચીજ છે, કે જેનું ભાગ્યે જ અસ્તિત્વ છે એમ કહી શકાય. મોટે ભાગે આપણે એક જાહેર જગ્યામાં હોઈએ છીએ; ત્યાં દરેક પ્રકારનાં બળો આવતાં હોય છે, પસાર થતાં હોય છે, જતાં હોય છે, પ્રવેશતાં હોય છે, એકબીજા સાથે ધક્કેધક્કા કરતાં હોય છે — ઝઘડતાં હોય છે. જો તેમ હોવાને બદલે, આપણામાં એકાગ્ર ચેતના હોય, જે અભીપ્સામાં ઊર્ધ્વીકૃત બની હોય, કોઈક ઉચ્ચતર તત્ત્વ પ્રત્યે — માનવ મનની મર્યાદાઓથી પર — વળેલી હોય, ખુલ્લી હોય, તો તે ઉચ્ચતર વસ્તુને, વાસ્તવિકતામાં સર્વ સ્તરો મારફતે, નીચે લાવે છે, તે કાંઈક ઉચ્ચતર વસ્તુ આપણા સચેતન મસ્તિષ્ક સાથે સંપર્કમાં આવે છે અને ત્યાં એક રૂપ ધારણ કરે છે, જે વૈશ્વિક શક્તિનું અથવા આપણા મન કરતાં વધારે બળવાન અંગત મનનું સર્જન નથી હોતું, પણ તે આપણાથી ઊર્ધ્વમાં રહેલા પ્રકાશનું સીધું સર્જન અથવા અભિવ્યક્તિ હોય છે; જો આપણી અભીપ્સા અને આપણું ખુલ્લાપણું તેમ કરવા દે, તો તે પ્રકાશ ઉચ્ચતમ હોય છે. તેમ બને, તો જ માણસ કહી શકે કે આ "મારો" વિચાર છે. બાકીના બધા વિચારો તો માત્ર પસાર થતી એક લિપિ હોય છે. આપણે નોંધી લઈએ છીએ, શબ્દો દ્વારા તેમાં બળ પૂરીએ, છીએ — જે બળ તદ્દન વૈશ્વિક અને

સામૂહિક હોય છે, જે પ્રવેશ કરે છે, ચાલ્યું જાય છે, એક માણસ પાસેથી બીજા માણસમાં મુક્ત રીતે પ્રવેશ કરે છે — પસાર થાય છે.

પણ વૈશ્વિક મનમાં વિચાર કેવી રીતે રચાય છે?

વૈશ્વિક મનમાં?

આપ કહો છો કે વિચાર બહારથી આવે છે, નહિ વારુ?

વિચારોનું ઉદ્‌ગમ-સ્થાન મન કરતાં ઉચ્ચતર છે. સામાન્ય મન કરતાં ઉચ્ચતર, મનનો એક પ્રદેશ છે, જેમાં વિચારો, ટાઈપ-રૂપ વિચારો, સાચી રીતના મૂળના — અસલ વિચારો હોય છે. તે વિચારો અવતરણ કરે છે, અને તેમને માનસિક પદાર્થના વાઘા પહેરાવવામાં આવે છે. એટલે તેમને ઝીલતા મનની ગુણવત્તા અનુસાર, કાં તો તે પોતાના મૂળ ગુણોને તથા સ્વભાવને રાખે છે, અથવા તો તે વિકૃત, રંગીન, બની માનવની ચેતનામાં પરિવર્તિત બની જાય છે. પણ વિચાર મનથી ખૂબ પર છે, તેનું ઉદ્‌ગમ-સ્થાન મન કરતાં વધારે ઉચ્ચ છે. વૈશ્વિક તથા વૈયક્તિક દૃષ્ટિબિંદુથી જોતાં, કામગીરી એકસરખી જ હોય છે, વૈયક્તિક ગતિ વૈશ્વિક ગતિની પ્રતિનિધિરૂપ હોય છે. માત્રા — માપ જુદું હોય છે, પણ ઘટના એકસરખી જ છે. અલબત્ત, આપણે જેમને વિચારો સમજીએ છીએ તેવા વિચારો તે રહેતા હોતા નથી. તે વૈશ્વિક સિદ્ધાંતો છે, તેમના આધારે વિશ્વોનું નિર્માણ થતું હોય છે.

સનાતન સૃષ્ટિમાં, વિશ્વ એક વ્યક્તિ માત્ર છે, જે વ્યક્તિ રૂપ ધારણ કરે છે, જીવે છે, વિલીન થઈ જાય છે, અને બીજી વ્યક્તિ આકાર ધારણ કરે છે. તે એક જ વસ્તુ છે. આપણે માટે, વ્યક્તિ એ માણસ છે; વૈશ્વિક દૃષ્ટિબિંદુથી જોતાં, વ્યક્તિ એ વૈશ્વિક પુરુષ છે; અનેક વિશ્વમાં તે એક વિશ્વ છે.

*

વાર્તાલાપ —૪૬

૧૪ નવેમ્બર ૧૯૫૬

માતાજી 'ધ સિન્થેસિસ ઑફ યોગ' નો પહેલો ભાગ વાંચવાનું પૂરું કરે છે.

હવે આપણે વાંચવાનું પૂરું કર્યું છે. ઉપસંહારરૂપે, તમારે આ વિષય ઉપર કાંઈ પૂછવાનું છે? તમારી વિચારણાઓ શી છે? ટીકાઓ શી છે?

(મૌન)

ઠીક. આની તમારા પર શી અસર થઈ? તેથી તમને મદદ મળી? તમને એમ લાગ્યું કે — આ વસ્તુએ અમને માર્ગે ચઢાવ્યા છે, તેણે અમને સંશોધનની ચાવી આપી છે!

તમે કશો જ વિચાર કર્યો નથી? તમને કશો જ અનુભવ ન થયો? તમે તેને ધ્યાનપૂર્વક સાંભળ્યું હતું?

(લાંબા સમય સુધી મૌન)

હવે છેલ્લો પ્રશ્ન. જો તમે જવાબ નહિ આપો તો આપણે વધુ વાર્તાલાપ નહિ કરીએ. આણે તમારામાં યોગ કરવાની ઇચ્છા પેદા કરી કે નહિ?

(માતાજી ચારેય બાજુએ નજર ફેંકે છે.) તમે માથું હલાવીને હાજિયો ભણો છો. ઠીક, એ કંઈક સારું તો છે.

હા કે ના? થોડીક ઇચ્છા, વધારે, બિલ્કુલ નહિ? (એક બાળક તરફ વળીને) હવે તમારો બોલવાનો વારો આવ્યો. તે વાચનથી તમને યોગ કરવાની ઇચ્છા પેદા થઈ કે નહિ!

જ્યારે મેં કેટલાંક પ્રકરણો વાંચ્યાં અને તેમને સમજ્યાં, ત્યારે મને મહાન અભીપ્સાનો અનુભવ થયો, પણ બીજા સમયોએ...

શા માટે? તમે સમજી ન શક્યા તેથી, કે કોઈ પ્રત્યુત્તર ન મળ્યો તેથી?

કેટલીક વાર હું સમજી ન શક્યો તે કારણે, અને કેટલીક વાર હું બરાબર એકાગ્રતા કરી શક્યો ન હતો તે કારણે.

બીજા કોઈને કાંઈ કહેવું છે?

માતાજી, જ્યારે આપ વાંચો છો, ત્યારે અમને યોગ કરવાનું ખૂબ પ્રોત્સાહન મળે છે, પણ જ્યારે કોઈક તેમાં જરૂરી પ્રયાસનો વિચાર કરે છે, ત્યારે તેને પોતામાં ખૂબ વિશ્વાસ રહેતો હોતો નથી.

જ્યારે હું વાંચું છું, ત્યારે તે પ્રજ્વલિત થાય છે! ત્યારે તો મારે તેનું વાચન ઘણી વાર કરવું જોઈએ, જેથી તણખો ફરી પ્રજ્વલિત બને!

ઠીક, આવતી વખતે આપણે 'વિચારો અને દર્શનો' (Thoughts and glimpses) લઈશું.

બસ? આ વિષય પર કોઈને કાંઈ પૂછવું છે?

માતાજી, બીજાઓની નજરે સારા દેખાવાની કામનાને કેવી રીતે જીતી શકાય?

હે ભલા ભગવાન! બીજાઓની નજરે સારા દેખાવું, જાહેર જનતાની મંજૂરી પ્રાપ્ત કરવી?

પ્રથમ તો શ્રેષ્ઠ માર્ગ એ છે કે માણસે પોતાની જાતને પૂછવું કે શા માટે હું બીજાઓની સંમતિનું મૂલ્યાંકન આંકું છું? તેનું ખાસ કારણ શું છે? કારણ કે કારણો અનેક છે. જો તમારી અમુક કારકીર્દિ હોય, અને તમારી કારકીર્દિનો આધાર બીજા લોકોના સારા અભિપ્રાય પર હોય, તો તે ઉપયોગિતાવાદી કારણ ગણાય. જો તમારામાં થોડુંક અથવા વધારે મિથ્યાભિમાન હોય, અને તમને બીજાઓ તમારી પ્રશંસા કરે એ ગમતું હોય, તો તે બીજું કારણ છે. જો તમે બીજાઓને વધારે ડાહ્યા અથવા પ્રકાશયુક્ત માનતા હો, અને તેથી તેમના અભિપ્રાયની ખૂબ કિંમત આંકતા હો, તો તે ત્રીજું કારણ છે. બીજાં કારણો પણ હજી છે, પણ આ ત્રણ કારણો મુખ્ય છે : ઉપયોગિતા, મિથ્યાભિમાન — મોટે ભાગે આ કારણ સૌથી વધારે બળવાન હોય છે — અને પ્રગતિ માટેની ઇચ્છા.

સ્વાભાવિક રીતે જ; જ્યારે તે પ્રગતિ માટેનું કારણ હોય, ત્યારે વલણ તે જ પ્રકારનું નથી હોતું, કારણ કે બીજા પર સારી છાપ પાડવાને બદલે, પ્રથમ તો માણસે ખૂબ નમ્રતાપૂર્વક પોતે જે છાપ પેદા કરે છે તેને જાણવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી મળેલા બોધપાઠનો લાભ લઈ શકાય. તે વલણ બહુ વિરલ

હોય છે. હકીકતમાં, માણસ તદ્દન બિન-અનુભવી ન હોય, તો તે પોતાના કરતાં વધારે અનુભવી, વધારે જ્ઞાની, અને વધારે ડાહ્યા લોકોના અભિપ્રાયને જ મહત્વ આપતો હોય છે. તે પોતાની જાતને સુધારવાની સારામાં સારી પદ્ધતિ છે. આપણા જેવા અજ્ઞાની અને અંધ લોકોના અભિપ્રાયને, ગહનતર વાસ્તવિકતાના અને પ્રગતિ માટેના સંકલ્પના દૃષ્ટિબિંદુથી, વધારે મહત્ત્વ ન આપવું — તેવી સમજ તે શ્રેષ્ઠ પદ્ધતિમાં રહેલી છે.

છેવટે, જો માણસ સાચા દિલનો હોય, તો તેને પોતાના ગુરુની, શિક્ષકની, અથવા ખુદ ભગવાનની મંજૂરી સિવાય બીજા કોઈની મંજૂરીની ઇચ્છા હોતી નથી. લોકો પર સારી છાપ પાડવાની ઇચ્છારૂપ નબળાઈને પરિપૂર્ણ રીતે સુધારવા માટેના ઉપાય પ્રત્યે તે પ્રથમ પગલું છે. મેં જેની પ્રથમ વાત કરી તે ઉપયોગિતાના હેતુમાંથી તે ગતિ આવતી હોય, તો અહીં આપણે માટે તે પ્રશ્ન ઊભો થતો નથી, કારણ કે આપણી આજીવિકા અથવા આપણા વિકાસ માટે અહીં આપણે બીજાઓના અભિપ્રાય પર આધાર રાખવો પડતો નથી. એટલે ખૂબ સામાન્યપણે જોવામાં આવતી, જેને સુધારવી એ ખૂબ કઠિન છે એવી, ખૂબ નાનકડા, મૂર્ખતાભરેલા, મિથ્યાભિમાનની વાત રહે છે. મિથ્યાભિમાની માણસને પોતાની પ્રશંસા ગમતી હોય છે, અને પોતાની ટીકા થાય એ ગમતું હોતું નથી. એટલે શ્રેષ્ઠ માર્ગ આ છે કે તમારી પોતાની પ્રત્યે જોવું, તમે કેટલા બધા હાસ્યાસ્પદ, ક્ષુદ્ર, નાચીજ, મૂર્ખ દેખાઓ છો તે જોવું, તમારી જાત પ્રત્યે થોડુંક હસી લેવું, અને બીજાઓની પ્રશંસા વિના જ ચલાવી લેવાનો નિશ્ચય કરવો.

મારે એટલું જ કહેવાનું છે.

એ વાત સ્પષ્ટ છે કે જો એ યોગની અથવા યોગ-સાધનાની બાબત હોય, તો પ્રથમ અનિવાર્ય શરત એ છે કે બીજાઓ તમારી પ્રશંસા કરે, કિંમત આંકે તેવી મૂર્ખાઈ-ભરેલી ઇચ્છાને તમારે કાઢી નાખવી, તે યોગ-માર્ગમાં પ્રવેશ કરવા, કરી શકવા, માટેની તૈયારીમાં પ્રથમ પગલું છે. જ્યાં સુધી માણસને પ્રશંસાની જરૂર પડે છે, ત્યાં સુધી તે એક ગુલામ પ્રાણી છે; શોચનીય, નિર્બળ વ્યક્તિ છે.

બીજાઓ તમારે માટે સારો વિચાર કરે કે ખરાબ, પણ તેમના અભિપ્રાયની જરા પણ દરકાર ન કરવી એ વધારે સારું છે. તે સ્થિતિએ પહોંચ્યા પહેલાં, વધારે ઓછી હાસ્યાસ્પદ વસ્તુ આ છે કે તમે બીજાઓ પર કેવી છાપ પાડો છો તે જાણવા માટે તમારે બીજા લોકોને માત્ર દર્પણ-સમાન માની લેવા, જે દર્પણમાં

તમે તમારા પ્રતિબિંબને તમારી પોતાની ચેતના કરતાં વધારે તાદૃશતાપૂર્વક જોઈ શકો છો, કારણ કે તમારી ચેતના તમારી સર્વ નબળાઈઓને, અંધતાને, આવેગોને, અજ્ઞાનને દર-ગુજર કરતી હોય છે. તમારી જાતની સારી છાપ આપવા માટે, તમારી પોતાની ચેતના પાસે તદ્દન મનોહર, ખુશ કરે તેવી, માનસિક સમજૂતી હોય છે. પણ જ્યારે તમને તમારી સ્થિતિ વિશે વધારે વિશ્વસનીય માહિતી મળવાની તક સાંપડે, ત્યારે બીજાઓના અભિપ્રાય વિષે પ્રશ્ન ન પૂછવો એ વધારે સારું છે, પણ માત્ર ગુરુની દર્શનાને પૂછી લેવું, તેમનો અભિપ્રાય પ્રમાણભૂત ગણવો. જો તમે પ્રગતિ કરવા માગતા હો, તો આ સૌથી વધારે ખાતરીવાળો માર્ગ છે.

હવે કાંઈ પૂછવું છે?

માતાજી, મારે એક સવાલ પૂછવો હતો. આપણી પોતાની ગતિઓ પર કાબૂ અને આપણી આસપાસના વિશાળ જીવન પર કાબૂ—આ બે એક-બીજા પર આધાર રાખે છે કે બંને એક-બીજાથી સ્વતંત્ર છે?

આત્મ-સંયમ અને તમારી આસપાસની વસ્તુઓ પર કાબૂ? તેનો આધાર તમારા દૃષ્ટિબિંદુ પર છે. દા. ત. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ આસપાસની પરિસ્થિતિ પર અમુક કાબૂ રાખતો હોય છે, પણ મોટે ભાગે તેનામાં આત્મ-સંયમ નથી હોતો! (હસાહસ) તમે ચોક્કસ રીતે શું જાણવા માગો છો?

"આસપાસના વિશાળ જીવન પર કાબૂનો"[૧] અર્થ સમજવાનો.

ઓહ! એ તો પુસ્તકમાંનો એક શબ્દ-ગુચ્છ છે!

એ તદ્દન સ્પષ્ટ વાત છે કે પ્રથમ તો માણસે આત્મ-સંયમથી શરૂઆત કરવી જોઈએ; તે સિવાય આસપાસની વસ્તુઓ પર તેની કશી અસર પડે નહિ; માત્ર ગૂંચવાડામાં જ વધારો થાય.

૧. "આપણા વિભક્ત અસ્તિત્વના આ રીતે કરાયેલા એકત્રીકરણ વડે, યોગમાં દિવ્ય શક્તિ પોતાના લક્ષ્ય પ્રત્યે આગળ વધશે, કારણ કે મુક્તિ, પરિપૂર્ણતા, પ્રભુત્વ આ એકત્રીકરણ પર આધાર રાખે છે. સપાટી પરનું નાનકડું મોજું પોતાની ગતિ પર કાબૂ રાખી શકતું નથી, તો પછી પોતાની આસપાસના વિશાળ જીવન પર તેને સાચો કાબૂ હોય જ ક્યાંથી?" (ધ સિન્થેસિસ ઑફ યોગ, પૃષ્ઠ ૧૭૨)

દા.ત. વિવેકાનંદ પોતાના ગુસ્સા પર કાબૂ રાખી શકતા નહિ, પણ પોતાની આસપાસના જીવન પર તેમનો કાબૂ મહાન હતો.

આ વાત હું પહેલી વાર સાંભળું છું. તેમને પોતાના ગુસ્સા પર કાબૂ ન હતો! તમને આ વાત કોણે કરી?

તે તેમના જીવન-ચરિત્રમાં છે.

તે વાત તેમણે પોતે કહી છે? આ વાત પ્રમાણ-ભૂત છે?

(બીજો શિષ્ય) હા, કેટલીક વાર તે ગુસ્સે થઈ જતા.

તે પોતે તે વાત જાણતા હતા?

હા, તે જાણતા હતા.

ગમે તેમ, પણ આસપાસની વસ્તુઓ પર તેમનો મહાન કાબૂ ન હતો; તેમનો પ્રભાવ ખૂબ પડતો હતો; પણ તે તદ્દન જુદી જ વાત છે. જો માણસ આંતર પદાર્થ-તત્ત્વ પર કાબૂ ન રાખી શકતો હોય, તો તે બાહ્ય પદાર્થ-તત્ત્વ પર કાબૂ ન રાખી શકે, કારણ કે તે બંને એક જ પદાર્થ-તત્ત્વ છે. પણ તેમનો બીજાઓ પર ખૂબ પ્રભાવ પડતો હતો. તે તદ્દન જુદી વસ્તુ છે. તે પ્રભુત્વ નથી, અસર — પ્રભાવ પડવાની વાત છે. અર્થાત્ વિવેકાનંદ બીજાઓમાં અમુક ગતિઓ જાગ્રત કરી શકતા હતા, પણ તેઓ તેમના પર કાબૂ રાખી શકતા ન હતા; જાગૃતિ વડે તે લોકોએ પોતે પોતાના પર કાબૂ રાખવાનો રહેતો, વિવેકાનંદને નહિ. તે ગમે તે માણસ હોય; એ એક સામાન્ય નિયમ છે.

વળી, તે એક બાળકને પણ આવડે તેવી તદ્દન સરળ વસ્તુ છે, કારણ કે પ્રભુત્વ એટલે અમુક આકંપનો સાથે કામ લેવાનું જ્ઞાન. જો તમને આ આકંપનો સાથે કામ લેતાં આવડે, તો તમે તેમના પર પ્રભુત્વ મેળવી શકો. પ્રયોગ કરવાનું શ્રેષ્ઠ ક્ષેત્ર તમારી પોતાની જાત છે. પ્રથમ તમે તમારામાં કાબૂ પ્રાપ્ત કરો; તે પ્રાપ્ત થયા પછી તેનાં આકંપનો તમે બીજાઓમાં સંક્રાન્ત કરી શકો છો; જેટલા પ્રમાણમાં તમે તે લોકો સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરી શકો, તેટલા પ્રમાણમાં તમે

તેમનામાં એ આકંપનને સર્જી શકો. જો તમે તમારામાં જ કોઈ આકંપન સાથે કામ ન લઈ શકો, જો તમને કામ લેવાની રીત — પદ્ધતિ આવડતી ન હોય, શું કરવું તે પણ જો તમે ન જાણતા હો, તો બીજાઓમાં તમે તે આકંપન સાથે કામ કેવી રીતે લઈ શકવાના હતા? શબ્દો દ્વારા તમે તે લોકોને પ્રોત્સાહન આપી શકો, તેમના પર અસર-પ્રભાવ પાડી શકો. આત્મ-સંયમ શીખવા માટે શું જરૂરી છે તે કહી શકો, પણ સીધી રીતે તમે તેમના પર કાબૂ સ્થાપી ન શકો.

કોઈ વસ્તુને, ગતિને કાબૂમાં લેવા માટે, પોતાની હાજરીથી, શબ્દો કે સમજૂતી વગર, ખરાબ આકંપનની જગ્યાએ સારા આંદોલનને માત્ર મૂકી આપવાનું હોય છે. આમાં પ્રભુત્વની શક્તિ રહેલી છે. તે બોલવામાં અને સમજાવવામાં રહેલી નથી. શબ્દો વડે, સમજૂતીઓ વડે, અમુક શક્તિના પ્રાદુર્ભાવ વડે પણ, તમે કોઈના પર અસર પાડી શકો, પણ તમે તેની ગતિને કાબૂમાં ન રાખી શકો. ગતિ પર કાબૂ રાખવો એટલે તે આકંપનનો વધારે બળવાન, સત્ય, બીજાં આકંપન વડે વિરોધ કરવો, જેથી તેના આકંપનને અટકાવી શકાય. હું તમને એક બહુ સહેલો દાખલો આપીશ. તમારી સમક્ષ બે માણસો વાદ-વિવાદ કરી રહ્યા છે. વાદ-વિવાદ કરતાં તે મારામારીની અણી પર આવી પહોંચે છે. તમે તેમને સમજાવો કે આમ કરવું તે યોગ્ય નથી, તમે તેમને અટકાવવા માટે સારાં એવાં કારણો આપો છો, અને તેઓ ઝઘડતા બંધ થઈ જાય છે. ત્યારે તમે તેમના પર અસર પાડી કહેવાય. પણ જો તમે માત્ર તેમની આગળ ઊભા રહો તેમની સામે જોયા કરો, અને એક પણ શબ્દ બોલ્યા વગર, સમજૂતી આપ્યા વગર, શાન્તિના આકંપનને બહાર મોકલો, તો તેમનું પહેલું આકંપન ટકી નહિ શકે, તે જાતે જ પડી ભાંગશે. આ પ્રભુત્વ છે.

અજ્ઞાનના ઇલાજને પણ આ જ વાત લાગુ પડે છે. જો અમુક વસ્તુ સમજાવવા માટે તમને શબ્દોની જરૂર પડે, તો તે સાચું જ્ઞાન નથી. મને સમજવા માટે હું તમને જે કાંઈ કહેતી હોઉં છું તે મારે કહેવું પડે, તો તે પ્રભુત્વ નથી; એ તો માત્ર હું તમારી બુદ્ધિ પર અસર પાડતી હોઉં છું, તમને સમજવામાં મદદ કરતી હોઉં છું, જાણવા માટે તમારામાં ઇચ્છા પેદા કરતી હોઉં છું, તમને શિસ્ત રાખતાં શિખવાડતી હોઉં છું. પણ જો માત્ર તમારી તરફ જોવા વડે જ, એક પણ શબ્દ બોલ્યા વગર, હું તમારામાં પ્રકાશને પ્રવેશાવી ન શકું — જે પ્રકાશ તમને સમજવાની શક્તિ આપે, તો મેં ગતિ ઉપર કે અજ્ઞાનની સ્થિતિ ઉપર પ્રભુત્વ મેળવ્યું ન કહેવાય. આ વાત તમને સમજાઈ?

એટલે હું તમને ખાતરી પૂર્વક કહી શકું કે જો વિવેકાનંદમાં ગુસ્સાની ગતિ

હતી કે જેને તે કાબૂમાં રાખી શકતા ન હતા, એ વાત ઐતિહાસિક રીતે સાચી હોય, જો તે શબ્દમાં કે કાર્યમાં ઘસડાઈ જતા હતા એ વાત સાચી હોય, તો તેમની આસપાસના લોકો પર કાબૂ રાખવા તે અશક્તિમાન હતા. તે તેમનામાં માત્ર સમાન આકંપનો જાગ્રત કરી શકતા હશે, અને આ બાબતમાં કદાચ તેમની નબળાઈને તે પ્રમાણિત કરી શકતા હશે. તે તેમને આ શબ્દો કહી શકતા હશે કે "સર્વથી મોટી વસ્તુ એ છે કે તમે ગુસ્સે ન થઈ જાઓ," પણ તેથી કાંઈ અર્થ સરે નહિ. સનાતન કાળથી કહેવાતું આવ્યું છે કે હું કહું છું તેમ કરો, હું કરું છું તેમ નહિ. પણ તેની કશી અસર પડતી હોતી નથી.

(મૌન)

માતાજી, આપણા વર્ગમાં આ સમસ્યા ઊભી થાય છે.

ઓહ! ઓહ! તમે તમારા વિદ્યાર્થીઓ સાથે ગુસ્સે થઈ જાઓ છો? (હસાહસ)

જો માણસમાં આત્મ-સંયમ ન હોય, તો વિદ્યાર્થીઓને કાબૂમાં રાખવા માટે અને શિસ્તપાલન, કરાવવા માટે, શું કરવું જોઈએ?

તો તે વિદ્યાર્થીઓને કાબૂમાં નહિ રાખી શકે! (હસાહસ)

પણ આપ વર્ણવો છો તેવો આત્મ-સંયમ પ્રાપ્ત કરવામાં તો આખું જીવન ચાલ્યું જાય!

ઓહ! કેવી કરુણતા! (હસાહસ)

ધારો કે તમારો એક વિદ્યાર્થી અશિસ્તબદ્ધ, ઉદ્ધત, બિન-આજ્ઞાકારી છે. તે વાતાવરણમાં અમુક આકંપનનું પ્રતિનિધિત્વ કરે છે, જે કમનસીબે બહુ ચેપી હોય છે. પણ જો તમારા પોતામાં તેથી વિરુદ્ધનું આકંપન નહિ હોય — શિસ્તનું, વ્યવસ્થાનું, નમ્રતાનું, અડગ શાન્તિનું, તો પછી તમે તે વિદ્યાર્થી પર અસર પાડવાની આશા કેવી રીતે રાખી શકો? તમે તેને કહેશો કે આમ ન કરવું જોઈએ. તેથી કાં તો પરિસ્થિતિ વધારે વણસશે અથવા તો તે તમારી મજાક ઉડાવશે!

મોટે ભાગે....

જો અકસ્માત્ તમારામાં જ કાબૂ નહિ હોય, અને તમે ગુસ્સે થઈ જશો, તો પછી પતી ગયું! પછી તમે કદી તમારા વિદ્યાર્થીઓ ઉપર સત્તા નહિ ચલાવી શકો.

જે શિક્ષકો પરિપૂર્ણ રીતે શાન્ત નથી, જેમનામાં કદી નિષ્ફળ ન જાય એવી સહિષ્ણુતા નથી, કશાથી વિક્ષિપ્ત ન બને તેવી શાન્તિ નથી, જેમનામાં આત્મગૌરવ નથી, તેઓ કદી સફળ શિક્ષકો ન બની શકે. સારા શિક્ષક બનવા માટે માણસે સંત અને વીર હોવું જોઈએ. સારા શિક્ષક બનવા માટે માણસે મહાન યોગી હોવું જોઈએ. વિદ્યાર્થીઓ પાસેથી પરિપૂર્ણ વલણની અપેક્ષા રાખવા માટે શિક્ષકમાં પરિપૂર્ણ વલણ હોવું જોઈએ. તમે પોતે જે કરતા હોતા નથી તે કરવા માટે તમે બીજાઓને ન કહી શકો. આ એક નિયમ છે. જે છે અને જે હોવું જોઈએ — તે બે વચ્ચેનો તફાવત જુઓ, અને તમે વર્ગમાં તમારી નિષ્ફળતાનું માપ કાઢી શકશો.

હું તમને આટલું જ કહી શકું.

પ્રસંગ ઉપસ્થિત થયો છે, એટલે હું ઉમેરીશ. અહીં આપણે વિદ્યાર્થીઓ જ્યારે મોટા થાય છે અને જ્યારે તેમણે કંઇક જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે, ત્યારે તેમને બીજાઓને શીખવવાનું કહીએ છીએ. કેટલાક લોકો તેનું કારણ સમજે છે. પણ બીજા લોકો એમ માનતા હોય છે કે એક યા બીજી રીતે સેવા આપવી એ સારું છે, આપણને શિક્ષકોની જરૂર છે, શિક્ષકો મળે તો આપણે રાજી થઈએ. પણ હું તમને કહું છું કે — કારણ કે તે એક હકીકત છે — હું અહીં કેળવાયેલા માણસને બીજાઓને શીખવવાનું કહેતાં જોઈ લઉં છું કે તેને માટે પોતાની જાતને શિસ્ત-બદ્ધ કરવાનો એ શ્રેષ્ઠ માર્ગ છે કે નહિ, જો તે શિક્ષકનું કામ ન કરે અને આ રીતે પોતાની જાતને ખૂબ કડક રીતે શિસ્ત-બદ્ધ કરવાની તક પ્રાપ્ત ન કરે, તો તે કદી આંતર પરિપૂર્ણતાને પ્રાપ્ત નહિ કરી શકે. જે લોકો અહીં શિક્ષકો તરીકે સફળ બને છે — હું બાહ્ય, ઉપરચોટિયા, કૃત્રિમ સફળતાની વાત નથી કરતી, પણ સાચી રીતે સારા શિક્ષકો બનવાની વાત કરું છું —, તેનો અર્થ એ છે કે તેઓ બિન-અંગતતાની આંતર પ્રગતિ કરવા માટે સમર્થ છે, તેમની અહંતાને દૂર કરવા સમર્થ છે, તેમની ગતિઓ પર કાબૂ રાખવા સમર્થ છે, સ્પષ્ટ રીતે જોવા માટે સમર્થ છે, બીજાઓને સમજી શકવા સમર્થ છે, કદી નિષ્ફળ ન જાય એવી સહિષ્ણુતા રાખવા સમર્થ છે.

જો તમે આ શિસ્તમાંથી પસાર થાઓ અને સફળ નીવડો, તો તમે અહીં

આવીને તમારો સમય બગાડ્યો નહિ ગણાય.

જે લોકોને શિક્ષકો બનવાનું કહેવામાં આવે છે, તેમણે આ ભાવના-પૂર્વક તે કાર્યને સ્વીકારવું જોઈએ. ભલા હોવું, કાંઈક સેવા કરવી, અને ઉપયોગી થવું તે બહુ સારું છે. પણ તે કદાચ આ સમસ્યાની સૌથી ઓછી મહત્ત્વની બાજુ છે. ખૂબ વધારે મહત્ત્વની વાત તો એ છે કે તમારા પર તે કૃપા ઊતરી છે, જેથી તમે આત્મ-સંયમ, વિષયની અને બીજા લોકોની સમજ પ્રાપ્ત કરી શકો, જે જો તમને આ તક આપવામાં ન આવી હોત, તો તમે પ્રાપ્ત ન કરી શક્યા હોત.

આટલા બધાં વર્ષોથી તમે શિક્ષકનું કામ કરો છો, અને જો તમે તેમાંથી આ લાભ ન મેળવ્યો હોય, તો તેનો અર્થ એ થયો કે તમે તમારો અર્ધો સમય બગાડ્યો છે.

(મૌન)

બસ? તમને ખાતરી થઈ ગઈ? તમે આ રીતે કાર્ય કરવા મંડી પડશો!

(બીજો શિષ્ય) માતાજી, આપે જે કહ્યું છે તે દરેક શિક્ષકને,તેના આંતર વલણને લાગુ પડે છે.

હા.

પણ શાળાના બાહ્ય સંગઠન બાબત, આપ તે કેવી રીતે કરાય એમ માગો છો? કારણ કે અત્યારે શિક્ષકોમાં તે બાબત બહુ વાદ-વિવાદ ચાલી રહ્યો છે.

વાદ-વિવાદ, કજિયા! હું આશા રાખું છું કે તે ખૂબ નહિ હોય!

ચર્ચાઓ. (હસાહસ)

હું તે સંગઠન કેવી રીતે થાય એમ માગું છું?

હું તમને સામાન્યરૂપે કહીશ, પણ સંગઠનની વિગતો... તમારી સમસ્યા શી છે?

અત્યાર સુધી આપે યુનિવર્સિટી[1] વિષે જે કાંઈ કહ્યું છે તેમાં સામાન્ય વિચારો આપવામાં આવ્યા છે, પણ વિગતોનું શું?

હા...

તેમાં ઘણા મતભેદો છે. એટલે અમે કયા માર્ગને અનુસરીએ એમ આપ ઇચ્છો છો?

મને માફ કરો. પ્રથમ તમારે મને કહેવું જોઈએ કે કયા દૃષ્ટિબિંદુથી સંગઠન બહુ અનિશ્ચિત છે, નહિ વારુ? જો તે અભ્યાસક્રમો વિષે હોય, તો તે તો ખૂબ ભારે વિષય છે, જેનું સમાધાન એમ તરત ન થઈ શકે. જો તે શીખવવાની પદ્ધતિ બાબત હોય, તો તે તદ્દન અંગત બાબત છે — શિક્ષક માટે તેમજ વિદ્યાર્થી માટે. સામાન્ય યોજના સહેલી છે, અર્થાત્ તે બહુ સ્પષ્ટતા-પૂર્વક આપવામાં આવી છે. પણ જે બાબત ચર્ચા ચાલી રહી છે અને ભિન્ન-ભિન્ન અભિપ્રાયો આપવામાં આવે છે તેનો જ્યાં સુધી તમે દાખલો ન આપો.....

દા. ત. માતાજી, આપણે એક મુદ્દો લઈએ. આપે કહ્યું છે કે વિદ્યાર્થીઓને પૂરી સ્વતંત્રતા અપાવી જોઈએ. કેટલાક લોકો તેનો અર્થ એવો કરે છે કે મુકરર કરેલા, નિશ્ચિત વર્ગો ન હોવા જોઈએ, વિદ્યાર્થીને મરજી મુજબ કરવા દેવું જોઈએ, તેને વર્ગમાં આવવું હોય તો આવે અને ન આવવું હોય તો ન આવે વગેરે. એટલે વર્ગમાં નિશ્ચિત કલાકો ન હોવા જોઈએ. પરિણામે સંગઠન બહુ જટિલ બની જાય. વર્ગોને કેવી રીતે ગોઠવવા?

તદ્દન અશક્ય! પણ મેં ક્યારે કહ્યું હતું કે આવવા માટે અથવા વર્ગમાં ન આવવા માટે વિદ્યાર્થીને છૂટો-દોર આપી દેવો જોઈએ?

મને માફ કરો. તમારે વસ્તુઓને ગૂંચવી ન દેવી જોઈએ. મેં કહ્યું છે અને ફરી વાર કહું છું કે જો વિદ્યાર્થીને અમુક વિષય પ્રત્યે અણગમો હોય, દા. ત. સાહિત્ય અને કવિતા માટે તેનામાં શક્તિ હોય અને ગણિત માટે અણગમો અથવા ઉપેક્ષા હોય, જો તે મને કહે કે ગણિતના અભ્યાસક્રમને અનુસરવાનું હું

૧. આશ્રમની શાળાનું મૂળ નામ "શ્રી અરવિંદ આંતર રાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્ર" હતું. પાછળથી તેનું નામ "શ્રી અરવિંદ આંતર રાષ્ટ્રીય કેળવણી-કેન્દ્ર" રાખવામાં આવ્યું હતું.

પસંદ નથી કરતો, તો હું તેને એમ ન કહી શકું કે ના, તારે તે વર્ગમાં જવું જ પડશે. પણ જો વિદ્યાર્થીએ એક વર્ગને અનુસરવાનો નિશ્ચય કરી લીધો હોય, તો તદ્દન પ્રાથમિક શિસ્ત અનુસાર, તેણે નિયમિત રીતે તે વર્ગમાં જવું જ જોઈએ અને ત્યાં યોગ્ય વર્તન રાખવું જોઈએ; નહિ તો તે શાળામાં જવા માટે જ તદ્દન નાલાયક છે. મેં વર્ગ-સમય દરમિયાન વિદ્યાર્થી બહાર રખડે તે વાતને પ્રોત્સાહન આપ્યું જ નથી, તે એક દિવસ હાજર રહે અને બીજે દિવસે ગેરહાજર રહે તે ન ચાલે. જો તે આ તદ્દન પ્રાથમિક શિસ્તને વશ ન વર્તે, તો તે કદી પોતાની જાત પર થોડોક કાબૂ પણ પ્રાપ્ત નહિ કરી શકે; તે હમેશાં પોતાના આવેગોનો અને કલ્પનાઓનો ગુલામ બની રહેશે.

જો તમે જ્ઞાનની અમુક શાખાનું અધ્યયન કરવા ન માગતા હો, તો તે બરાબર છે, તેમ કરવાની તમને કોઈ ફરજ ન પાડી શકે. પણ જો તમે અમુક વસ્તુ કરવાનો નિશ્ચય કરો — જીવનમાં પણ — , તો તે તમારે કરવી જ જોઈએ — પ્રામાણિક રીતે, શિસ્તબદ્ધ રીતે, નિયમિત રીતે, પદ્ધતિપૂર્વક કરવી જ જોઈએ, અપ્તરંગો સિવાય કરવી જોઈએ. કોઈપણ વિદ્યાર્થી પોતાના આવેગોનું અને કલ્પનાઓનું રમકડું બને તેવી છૂટ મેં કદી આપી નથી. હું તેવી છૂટ કદી આપવાની નથી, કારણ કે પછી તો તે માનવ જ રહેતો નથી, પશુ બની જાય છે. એટલે આ એક પ્રશ્ન અહીં પતી જાય છે. — ચર્ચા સિવાય.

હવે બીજી કોઈ સમસ્યા?

તે આવતે વખતે! (હસાહસ)

બરાબર, તે આવતે વખતે વિચારીશું. અહીં આપણે અટકીશું.

*

વાર્તાલાપ — ૪૭

૨૧ નવેમ્બર ૧૯૫૬

માતાજી 'વિચારો અને દર્શના' (Thoughts and glimpses) નામની પુસ્તિકા વહેંચે છે. પછી એક પુસ્તિકામાં નજર ફેરવે છે

અસ્તિત્વના પાંચ પ્રકારો અથવા સ્થિતિઓ વિષે પાંચ ફકરા છે, અને તે જ વસ્તુ સર્વ ભિન્ન-ભિન્ન પ્રદેશોમાં આવતી હોય છે.

"જ્યારે આપણે જાણવાની ક્રિયાઓથી પર જઈશું, ત્યારે આપણને જ્ઞાન પ્રાપ્ત થશે. અત્યાર સુધી તર્ક-બુદ્ધિ મદદગાર હતી, હવે તે અવરોધરૂપ બની જાય છે."

(શ્રી અરવિંદ, થોટ્સ એન્ડ ગ્લિમ્પ્સીસ, શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૭)

આ માણસમાં રહેલા માનસિક અસ્તિત્વ વિષે છે, અર્થાત્ તેની માનસિક ક્રિયાઓ વિષે છે. શ્રી અરવિંદ 'જાણવાની ક્રિયાઓ' અને 'જ્ઞાન' વચ્ચે વિરોધ બતાવે છે.

ખરી રીતે મારે તમને પૂછવું જોઈએ કે 'જાણવાની ક્રિયાઓ' શબ્દનો શ્રી અરવિંદ શો અર્થ કરે છે, અને જ્ઞાન સાથે તેનો શા માટે વિરોધ બતાવે છે તે તમે જાણો છો? કારણ કે જો હું તમને આ બધું સમજાવું અને તમે કશો જ પ્રયત્ન ન કરો, તો તે ચમચા વડે દૂધ પીવડાવવા જેવું થાય (હસે છે), તમે ન રાંધો અને તમને રાંધીને ખવડાવવા જેવું થાય! પરિણામ એ આવે કે અડધા કલાક પછી અથવા એક દિવસમાં મારું કહેલું બધું જ તમે ભૂલી જાઓ અને તેની તમારા પર કશી અસર ન રહે. હું ઇચ્છું છું કે કોઈક મને પોતે "જાણવાની ક્રિયાઓ" નો શો અર્થ સમજે છે તે કહે (એક બાળકને) ચાલો, તમે મને કહો.

તે બાહ્ય અભ્યાસ-અધ્યયન વડે મેળવાયેલું જ્ઞાન છે.

તે બરાબર છે. સર્વ બાહ્ય ઘટનાઓ તથા માનસિક ક્રિયા વડે બાહ્ય ક્ષેત્રોમાં મેળવાતું જ્ઞાન છે — વિજ્ઞાનના, કલાના, તત્ત્વચિંતનના, સાહિત્યના વિષયોનું મેળવાતું જ્ઞાન છે; માનવ-મને જીવનના અને વસ્તુઓના બાહ્ય અધ્યયન વડે મેળવેલું જ્ઞાન છે; પુસ્તકો દ્વારા, પ્રકૃતિના સીધા અધ્યયન વડે, તર્ક વડે, નિગમન વડે, પૃથક્કરણ વડે, માનવ-મનની ચિંતન-ક્રિયાઓ વડે મેળવાયેલું જ્ઞાન છે.

શ્રી અરવિંદ તર્ક-બુદ્ધિને માનવ-મનની ક્રિયાઓમાં શિખર પૂર મૂકે છે. તે આપણને કહે છે કે મનનો — તર્કબુદ્ધિનો વિકાસ બહુ ખાતરી ભરેલો માર્ગ-દર્શક છે, સ્વામી છે, જે તમને માર્ગભ્રષ્ટ થતાં અટકાવે છે, ખોટો માર્ગ લેતાં અટકાવે છે, તમારી સામાન્ય બુદ્ધિને ગુમાવી દેતાં અટકાવે છે. તર્ક-બુદ્ધિને તે માનસિક ક્રિયાનો નિર્ણાયક બનાવે છે. તે માર્ગ-દર્શન આપે છે, કાબૂ રાખે છે. જ્યાં સુધી તમારે માનસિક ક્રિયાઓ સાથે — ખૂબ ચિંતનાત્મક પણે — કામ પાડવાનું રહે છે, ત્યાં સુધી તર્ક-બુદ્ધિએ તમને દોરવણી આપવી જોઈએ, સાચા માર્ગથી ભ્રષ્ટ થતાં તમને અટકાવવા જોઈએ, ઓછાવત્તી વિચિત્ર અને બિન-આરોગ્યપ્રદ કલ્પનાઓમાં પ્રવેશતાં અટકાવવા જોઈએ.

પણ જો તમારે સાચું જ્ઞાન, અર્થાત્ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, જે કેવળ તાદાત્મ્ય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે, તો તમારે આ તર્ક-બુદ્ધિથી પર જવું જોઈએ, મન કરતાં ઉચ્ચતર પ્રદેશમાં પ્રવેશ કરવો જોઈએ, જ્યાં માણસ અધિ-મનસ્‌ના અથવા તો અતિ-મનસ્‌ના પ્રકાશ સાથે સીધા સંપર્કમાં આવતો હોય છે. શ્રી અરવિંદ કહે છે કે જ્યાં સુધી તમે માનસિક ક્ષેત્રમાં હો છો, ત્યાં સુધી તર્કબુદ્ધિ તમને મદદ કરે છે, તે તમારો ભોમિયો છે. પણ જો તમારે તાદાત્મ્ય દ્વારા સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, તો તર્ક-બુદ્ધિ મર્યાદા, અવરોધ બને છે. તેનો અર્થ એવો નથી કે તમારે તર્ક-બુદ્ધિને ગુમાવી દેવી! પણ તમારે તેને આરોહણની ગતિની તાબેદાર બનાવવી જોઈએ. શ્રી અરવિંદ તમને તર્ક-બુદ્ધિહીન બનવાનું નથી કહેતા; તે કહે છે કે તમારે તર્ક-બુદ્ધિથી પર, ઉચ્ચતર સત્યમાં અને પ્રકાશમાં જવું જોઈએ.

શ્રી અરવિંદના આ કથનમાં રસપ્રદ વસ્તુ આ છે કે શ્રી અરવિંદ માનસિક અસ્તિત્વ વિષે, માણસની બૌદ્ધિક ક્રિયા વિષે જે કથન કરે છે, તેને તે પ્રાણિક ક્રિયાને, કર્મની અને સાક્ષાત્કારની શક્તિને પણ લાગુ પાડે છે. તે માનસિક ક્રિયાને માનવ-જીવનના પાયા તરીકે લે છે, કારણ કે તે માનવનો ખાસ અધિકાર છે; જીવનની પ્રક્રિયામાં, માનવ અસ્તિત્વની પ્રક્રિયામાં, માનવ સાક્ષાત્કારની પ્રક્રિયામાં, વિચારની સામાન્ય રીતે પ્રથમ જરૂર છે. માનવ વિચાર કરતું પ્રાણી

છે. એટલે પ્રથમ તે વિચાર પ્રાપ્ત કરે છે, પછી તે વિચારને માણસ શક્તિ અર્પે છે — પ્રાણિક શક્તિ કર્મ માટેની શક્તિ; પછી તે વિચારને માણસ સંકલ્પના રૂપમાં પરિવર્તિત કરે છે. એ સંકલ્પને પછી માણસ સિદ્ધ કરવાની વસ્તુ પર એકાગ્ર કરે છે. વિચારમાં પ્રાણિક શક્તિનો અને પ્રયાસનો ઉમેરો થતાં, તે કાર્ય માટેનું ઉચ્ચાલન-બિંદુ બને છે.

પણ અહીં શ્રી અરવિંદ 'સંકલ્પ' શબ્દ વાપરતા નથી, 'સંકલ્પાતી ક્રિયાઓ' શબ્દ વાપરે છે.

"જ્યારે આપણે સંકલ્પોથી પર જઈએ છીએ ત્યારે આપણને શક્તિ પ્રાપ્ત થાય છે. પહેલાં પ્રયાસ મદદગાર હતો, હવે તે અવરોધ બની જાય છે.

(થોટ્સ એન્ડ ગ્લિમ્પ્સીસ, શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૭)

પછી શ્રી અરવિંદ આ સંકલ્પોની અર્થાત્ ઉપરચેટિયા સંકલ્પોની વાત ચાલુ રાખે છે. તે ઘણી વાર પરસ્પર-વિરોધી હોય છે, તેમને સ્થિર પાયો હોતો નથી, કારણ કે તેમના પાયામાં 'જાણવાની ક્રિયા' હોય છે, જ્ઞાન નહિ — સાચા સંકલ્પ સાથેનું જ્ઞાન નહિ. આ સંકલ્પાતી ક્રિયાઓ ખંડિત, પસાર થઈ જતી, ઘણી વાર પરસ્પર વિરોધી હોય છે; એ જ વસ્તુ વ્યક્તિ-જીવનને તથા સામૂહિક જીવનને અસંગતતા, ગરબડ — ગોટાળો, ગૂંચવાડો આપતી હોય છે. "સંકલ્પ" શબ્દ માત્ર ગહનતર અસ્તિત્વમાંથી, ઉચ્ચતર વાસ્તવિકતામાંથી આવતી વસ્તુને સૂચવવા માટે જ વપરાય છે. તે સંકલ્પ કાર્યમાં સાચા જ્ઞાનને અભિવ્યક્ત કરે છે, જેનો વિરોધ શ્રી અરવિંદે "જાણવાની ક્રિયાઓ" સાથે કર્યો છે. જ્યારે સાચા જ્ઞાનને અભિવ્યક્ત કરતો આ સંકલ્પ કાર્યમાં પ્રગટ થાય છે, ત્યારે તે ગહન સીધી શક્તિની દરમિયાનગીરી દ્વારા પ્રગટ થાય છે, જેમાં કશો પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી. તેથી શ્રી અરવિંદ અહીં કહે છે કે જ્યાં સુધી માણસ સંકલ્પોથી' ની અવસ્થાથી પર જતો નથી, અર્થાત્ જ્યાં સુધી કાર્યનો હેતુ માત્ર માનસિક ક્રિયાનું પરિણામ નહિ, પણ સત્ય જ્ઞાનનું પરિણામ હોતો નથી, ત્યાં સુધી કાર્ય માટે સાચી શક્તિ આવી શકતી નથી.

બાહ્ય અસ્તિત્વમાં કાર્ય કરતું સાચું જ્ઞાન સાચી શક્તિને આપે છે.

એક જાણીતી લોકોક્તિ "જ્યાં સંકલ્પ છે, ત્યાં સિદ્ધિનો માર્ગ નીકળે છે" નો સાચો અર્થ આપણને અહીં મળે છે, જો કે તે લોકોક્તિને તાત્ત્વિક રીતે સમજવામાં આવતી હોતી નથી, પણ જેમાં સત્ય રહેલું છે. સંકલ્પ હોવો એટલે

શક્તિ હોવી. સ્પષ્ટ છે કે આ વાત 'સંકલ્પાતી ક્રિયાઓ'ને લાગુ પડતી નથી. અર્થાત્ ઓછા-વત્તા પ્રમાણમાં અસંગત રીતે અભિવ્યક્ત કરાતી કામનાઓને પણ તે સાચા જ્ઞાનને અભિવ્યક્ત કરતા સાચા સંકલ્પને લાગુ પડે છે. સાચા સંકલ્પની સાથે સત્યની શક્તિ હોય છે. જે સત્ય અજેય શક્તિ આપતું હોય છે. જ્યારે માણસ "સંકલ્પાતી વસ્તુઓ" ને જીવનમાં લાગુ કરવા અભિવ્યક્ત કરતો હોય છે, તેમને અસરકારક બનાવવા માગતો હોય છે, ત્યારે તે પ્રયત્ન દ્વારા પ્રગતિ કરતો હોય છે, માગણીઓને પ્રાપ્ત કરવા માટે જીવન પર તે માણસ "સંકલ્પાતી ક્રિયાઓ"ને લાદતો હોય છે; તેમ કરવામાં માણસને પ્રયાસ કરવો પડે છે. પણ જ્યારે તે "સંકલ્પાતી ક્રિયાઓ" રહેતી નથી, જ્યારે સત્ય જ્ઞાનને અભિવ્યક્ત કરતો સાચો સંકલ્પ હોય છે, ત્યારે પ્રયાસની જરૂર નથી રહેતી, કારણ કે શક્તિ સર્વશક્તિમાન હોય છે.

હવે હમણાં મેં જે કહ્યું તેના પર તમે પ્રશ્નો પૂછો એમ હું ઇચ્છું છું. કોઈ પ્રશ્ન નથી?

માતાજી, જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ પગલું કયું છે?

પ્રથમ પગલું? "જાણવાની ક્રિયાઓ" ખૂબ મૂલ્યવાન છે એ ભ્રમણાને કાઢી નાખવી તે; અર્થાત્ માનવી જ્ઞાન અને માનસિક ક્રિયા બહુ મૂલ્યવાન છે. એમ ન માનવું તે; તેમને સઘન અને ખૂબ મૂલ્ય છે એ ભ્રાન્તિને દૂર કરવી તે પ્રથમ પગલું છે.

તમને માલૂમ પડશે કે કદાચ આ વસ્તુ કરવી એ ખૂબ, સૌથી વધારે કઠિન છે, કારણ કે જ્યારે તમે વિજ્ઞાનનું, વિજ્ઞાનની બધી શાખાઓનું, તત્ત્વ ચિંતનનું, અને એવી સર્વ ક્રિયાઓનું અધ્યયન કરતા હો છો — વધારે ગંભીરતાપૂર્વક અને ઊંડાણથી અધ્યયન કરો છો, ત્યારે તમને આ જ્ઞાનની સાપેક્ષતાનું બહુ સહેલાઈ-પૂર્વક ભાન થાય છે. પણ જ્યારે તમે એક પગલું નીચે ઊતરીને, નીચેના માનસિક સ્તર પર આવીને, જીવનની ભિન્ન-ભિન્ન સમસ્યાઓ તરફ જુઓ છો દા. ત. આ કે પેલી બાબતમાં શું કરવું જોઈએ, અમુક વસ્તુ સિદ્ધ કરવા માટે કયી સ્થિતિઓ અનુકૂળ છે, કોઈક વ્યવહારુ ચાતુરી શીખવા માગતા હો, જીવનની જરૂરિયાતો — આજીવિકાની પરિસ્થિતિઓ, આરોગ્ય વિષે જાણવા માગતાં હો, ત્યારે તમને માલૂમ પડશે કે એક તાર્કિક પ્રાણી અથવા તેવો બનનાર કોઈક માણસ પોતાને માટે અમુક વિચારોનું માળખું ઘડે

છે — જે સાચી રીતે "જાણવાની ક્રિયાઓ" હોય છે. તે એમ વિચારે છે કે આ વસ્તુ આવી અસર નીપજાવશે, અથવા આ વસ્તુ મેળવવા માટે પેલું બીજું કામ કરવું જોઈએ, વગેરે. ત્યારે તમારી સમગ્ર માનસિક રચના અવલોકનોની, અધ્યયનોની, પ્રયોગોની બનેલી હોય છે. જેમ જેમ તમે ઉમ્મરમાં મોટા થતા જાઓ છો, તેમ તેમ પ્રયોગોની, અધ્યયનનાં અને અવલોકનનાં પરિણામોની સંખ્યા વધતી જાય છે. તમે એક પ્રકારની માનસિક રચનામાં જીવતા હો છો. જ્યાં સુધી તમે ખૂબ બુદ્ધિશાળી ન હો, ઉચ્ચતર જગતો પ્રત્યે ખુલ્લા ન હો, ત્યાં સુધી તમને તમારા અવલોકનોના સાચા મૂલ્ય વિષે પાકી ખાતરી હોય છે, જે ખાતરી સાહજિક, સ્વયંભૂ, અને અડગ હોય છે. તમે વિચાર કરતા હોતા નથી. અને એ ખાતરી જાતે જ એક ટેવ-રૂપે આપોઆપ કાર્ય કરવા માંડે છે કે આ વસ્તુ અનિવાર્ય રીતે અમુક ખાસ પરિણામ લાવશે. જ્યારે આમ ઘણી વાર બને છે, ત્યારે તમને તે બે ગતિઓને જોડી દેવાની ટેવ પડી જાય છે, અને તમારામાં એવી લાગણી પેદા થાય છે કે મારે વિષે અને મારા જીવન વિષે આ "જાણવાની ક્રિયાઓ"નું, મારા વિચારોનું ખૂબ મૂલ્ય છે. તે જ્ઞાનની સાપેક્ષતા વિષે, ભ્રાન્તિરૂપ અનિશ્ચિતતા વિષે, પછી તમને સમજવું એ અનંતગણું કઠિન બની જાય છે. જો તમે આધ્યાત્મિક પ્રગતિ અને સાધના માટે સંકલ્પ સેવો, આ વસ્તુઓ પ્રત્યે ઊંડી વિવેચનાત્મક દૃષ્ટિ ફેંકો, તમે તમારી જાતને જે ફાંસલામાં મૂકી દીધી છે તે હકીકત જુઓ, જે આપોઆપ, તમારી દરમિયાનગીરીની જરૂરિયાત સિવાય, અવચેતનાના ટેકા વડે, કાર્ય કરે છે. તમે તે જાણતા હોતા નથી. તમારા અસ્તિત્વમાં પડી ગયેલી ટેવ મુજબ તે કાર્ય — કારણને એક પછી બીજું એમ આપોઆપ, સ્વયં-સંચાલિત યંત્રની પેઠે, આવવા દે છે.

જો તમારે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, તો પ્રથમ અનિવાર્ય પગલું એ છે કે તમારે એ વસ્તુઓની પ્રમાણભૂતતામાં ન માનવું જોઈએ. જો તમે તમારી જાતનું નિરીક્ષણ કરશો, તો તમને માલૂમ પડશે કે મારામાં આ મારાં અવલોકનોની અને નિગમનોની પ્રમાણભૂતતામાં ખૂબ-ખૂબ માન્યતા છે. તે અનેક પ્રકારના વિચારો દ્વારા પોતાની જાતને અભિવ્યક્ત કરતી હોય છે, જે વિચારો તમને તાર્કિક રીતે તદ્દન સ્પષ્ટ લાગતા હોય છે, પણ જે તમને જ્ઞાન — તાદાત્મ્ય દ્વારા થતા જ્ઞાનને પ્રાપ્ત કરતાં અટકાવતા હોય છે. દા. ત. જો જેને તરતાં આવડતું નથી તેવો માણસ જલમાં ઝંપલાવે, તો તે ડૂબી જાય છે; પવન ખૂબ ફેંકાતો હોય ત્યારે વસ્તુઓ અસ્ત-વ્યસ્ત થઈ જાય છે, જ્યારે વરસાદ પડે છે ત્યારે તમે ભીંજાઈ જાઓ છો, વગેરે. આવા દાખલા હરક્ષણે બનતા હોય છે. આ

તમને એટલું બધું સ્પષ્ટ લાગતું હોય છે કે જ્યારે તમને એમ કહેવામાં આવે કે "ના, આ તો સાપેક્ષ જ્ઞાન છે; આ આમ બને છે, પણ વસ્તુઓ ભિન્ન પ્રકારે બની શકે," ત્યારે તમને તેમ કહેનાર માણસ પાગલ લાગે છે. તમે કહેતા હો છો કે "પણ આ વસ્તુઓ સઘન છે. આ એવી વસ્તુઓ છે કે જેમને આપણે જોઈ શકીએ છીએ, સ્પર્શી શકીએ છીએ, અનુભવી શકીએ છીએ. હર-ક્ષણે આ સાબિતીઓ આપણી ઇન્દ્રિયો આપણને આપતી હોય છે. જો આપણે તે સાબિતીઓને ન માનીએ, તો આપણે આડ-માર્ગે ચાલ્યા જઈએ, અતાર્કિક પ્રદેશમાં પ્રવેશીએ."

જો તમને શ્રી અરવિંદે જે કહ્યું છે તે યાદ હશે, તો તમે સમજી શકશો કે જ્ઞાન પ્રાપ્ત કરવાની પહેલી શરત એ છે કે તમારે તર્ક-બુદ્ધિથી પર જવું જોઈએ. તેથી તેઓ કહે છે કે તર્ક-બુદ્ધિ મદદગાર હતી — હા, માનવ-જાતિની બાલ્યાવસ્થામાં વ્યક્તિની વૃદ્ધિના સમગ્ર સમય દરમિયાન, તર્ક-બુદ્ધિ મદદગાર હતી; પણ જો તમારે માનવ વ્યક્તિથી, સામાન્ય માનવ સ્થિતિથી પર જવું હોય, તો તમારે તર્ક-બુદ્ધિથી પર જવું પડશે; તમે જે વસ્તુઓને સ્પષ્ટ અને અ-ચર્ચાસ્પદ માનતા હતા, તે તમને તદ્દન સાપેક્ષ લાગવી જોઈએ; દરેક જણના અનુભવમાં જે વસ્તુઓ સમાન અથવા એક-સરખી લાગતી હતી, તે, ઉચ્ચતર ચેતના વડે ઊર્ધ્વમાંથી જોતાં, તદ્દન વિષયીગત અને સાપેક્ષ લાગે છે, તે વ્યક્તિની ચેતના અને જરૂરિયાત અનુસાર માત્ર વ્યક્તિની રચનાઓ લાગે છે; તે વસ્તુઓમાં તદ્દન સાપેક્ષ વાસ્તવિકતા છે. તમે ઉચ્ચતર સ્તર પર આરોહણ કરો છો કે તરત જ અદૃશ્ય થઈ જતી હોય છે.

એટલે હવે જો તમે આ જ્ઞાન વડે તમારા વિચારની સ્થિતિ તરફ જુઓ, તો તમને લાગશે કે એ પ્રથમ પગલું ભરવું તે પણ બહુ સહેલું તો નથી જ.

દાખલાઓ આપી શકાય, પણ તે બહુ ઉપરચોટિયા અને ખંડિત હોય છે, તેમનું મૂલ્ય તદ્દન સાપેક્ષ હોય છે, દા. ત. મેં તમને અનેક વાર જગતમાં દાક્તરી જ્ઞાનનો દાખલો આપ્યો છે. જો તમે અનેક વર્ષ સુધી જીવ્યા હો, તો તમને માલૂમ પડશે કે અમુક સમયે, અમુક વસ્તુઓ ખૂબ ખાતરી-પૂર્વક, ખૂબ સત્તા-પૂર્વક ખરાબ ગણાતી હતી, પણ પરમ જ્ઞાનના પાયા પર ખાતરી-પૂર્વકના અવલોકન વડે, જે વસ્તુઓ ખૂબ અસર-કારક મનાતી હતી, તેમનાં જ પરિણામો તદ્દન વિરુદ્ધનાં આવ્યાં છે. ઘણી વાર મેં એક જોયેલો દાખલો હું આપું છું — ખાસ કરીને અમુક આહારોની, ફળોની, વનસ્પતિઓની શરીર પર થતી અસર વિષે. દાક્તરી ઇતિહાસમાં — ૫૦-૬૦ વર્ષ પહેલાં, જ્યારે

તમે માંદા પડતા, ત્યારે ડૉક્ટર ખૂબ ગંભીરતા-પૂર્વક એ આહારોને, ફળોને, વનસ્પતિઓને બિલ્કુલ ન અડવાની સલાહ આપતા અને કહેતા કે એમ નહિ કરો, તો તમે વધારે માંદા થશો. હું તે વસ્તુઓની યાદી આપી શકું તેમ છું, પણ તે બહુ રસપ્રદ નથી. ૫૦-૬૦ વર્ષ બાદ, તે જ ડૉક્ટર નહિ તો બીજો કોઈ ડૉક્ટર તેટલી જ ગંભીરતા-પૂર્વક, તેટલી જ ખાતરી-પૂર્વક તમને કહેશે કે જો તમારે સાજા થવું હોય, તો તે જ વસ્તુઓ તમારે ખાવી જોઈએ! એટલે જો તમે વસ્તુઓનું બારીક અવલોકન કર્યું હશે, તમારું મન જો થોડુંક વિવેચનાત્મક હશે. તો તમે તમારી જાતને કહી શકશો કે ઓહ! આ બધી વસ્તુઓનો આધાર માણસો પર અથવા સમય પર હોવો જોઈએ. ૪૦-૫૦ વર્ષ પર, ફ્રાન્સમાં મારો એક ડૉક્ટરમિત્ર મને કહેતો હતો કે જ્યારે કોઈ ઉપાય ફેશનમાં હોય, ત્યારે તમારે તે દવા લેવી, તેથી તમે સાજા થઈ જશો!

લાગણીની એવી એક સુંદર સ્થિતિ હોય છે, જ્યારે તમે આ વસ્તુઓની અસાધારણ સાપેક્ષતાને સમજી શકો છો, જ્યારે એમ કહેવું કે "આ પ્રમાણે જ છે અથવા આ વસ્તુનું આ જ ખાસ પરિણામ આવે છે" એ તમને નરી મૂર્ખતા ભાસે છે. પણ તે સ્થિતિએ પહોંચતાં પહેલાં, માણસે જરાક વિચાર કરીને કહેવું જોઈએ કે જ્યાં સુધી અમુક વસ્તુ ફેશનમાં છે, ત્યાં સુધી અમે તેને માનીશું.

બસ. હવે કાંઈ પૂછવું છે?

માતાજી, આ પ્રશ્ન એટલા માટે ઉદ્ભવે છે કે શાળામાં અભ્યાસ કરતાં અમને કેટલીક વાર ખૂબ કંટાળો આવતો હોય છે, અને અમે અમારી જાતને પૂછીએ છીએ કે આ બધાનો શો ઉપયોગ? એટલે અમારે કયું વલણ રાખીને અભ્યાસ કરવો જોઈએ?

મેં હમેશાં કહ્યું છે કે વ્યાયામ સ્નાયુઓ પર જે અસર પેદા કરે છે, તેના જેવી જ અસર અભ્યાસ મગજ પર કરે છે. દા. ત. માનસિક ક્રિયાને ચપળ બનાવવા માટે, તેને બળવાન અને સમૃદ્ધ બનાવવા માટે, અને તેને સમજની સૂક્ષ્મતા અર્પવા માટે, માનસિક વ્યાયામની ખૂબ જરૂર છે. માનસિક વ્યાયામ વગર તે વસ્તુઓ તમારામાં નહિ આવે. દા. ત. ઘણા લાંબા સમયથી હું જોતી આવી છું કે જો કમનસીબે હું તમારી સમક્ષ તત્વજ્ઞાનની પરિભાષામાં કશાકનું વાચન કરતી હોઉં અથવા તત્વજ્ઞાનનાં દૃષ્ટિબિંદુથી કાંઈક બોલતી હોઉં, તો તમે સમજી શકતા હોતા નથી. તેનું કારણ એ છે કે તમે ચિંતન કરવાનો વ્યાયામ બિલ્કુલ

કર્યો હોતો નથી. એનો અર્થ એવો નથી કે તમે બુદ્ધિશાળી નથી, તમારામાં સમજવાની શક્તિ નથી; પણ તેનું કારણ એ છે કે તમે યોગ્ય વ્યાયામ કર્યો હોતો નથી. હું તમને તે જ વાત બીજી રીતે કહી શકું; કે તમે તે ભાષા શીખ્યા નથી. શબ્દો તે જ વપરાયા હોય છે, પણ તે જરાક ભિન્ન પરસ્પર — સંબંધમાં, જુદા શબ્દ-વળાંકો સાથે, વસ્તુઓ પ્રત્યે જુદા માનસિક વલણ સાથે. જો તમે તેની સાથે સુસંગત એવો વ્યાયામ ન કર્યો હોય, તો તમે તે જુદું વલણ તમારામાં ન લાવી શકો. તમે આ દૃષ્ટાંતને ખૂબ સહેલાઈથી સમજી શકો છો, કારણ કે તમે બહુ સારી રીતે જાણો છો કે જો તમે તાલીમ ન લીધી હોય, તો તમે કદી આ વ્યાયામની કસરતો કરી શકતા હોતા નથી. તમારામાં ખાસ શક્તિઓ હોય, તમારામાં આવડતની ખાસ દેણ હોય, પણ જો તમે તાલીમ ન લો અને તેની પ્રેકટીસ ન કરો, તો તમે તે કસરતો ન કરી શકો. તમારી ચપળતા માગી લેતી કસરતોનો વિચાર કરો. જો તમને પહેલે જ દિવસે તે કસરતો કરવાનું કહેવામાં આવે, તો તમે તે નથી કરી શકતા, તે તમારે માટે કરવી અશક્ય છે. તે વાત તમે સારી રીતે જાણો છો. જો તમને કોઈક એકદમ કહે કે આહ, હવે આ કસરત કરો, અમુક પ્રકારનો હવામાં અદ્ધર કૂદકો મારો, તો તમે કહેશો કે આ માણસ તદ્દન અ-તર્કયુક્ત છે, મારે માટે તેમ કરવું અશક્ય છે! આમાં પણ એ જ વાત છે. જો હું અમુક પુસ્તકો લઈને તમારી આગળ વાચન કરું, તો તે તમે સમજી નહિ શકો, કારણ કે તમે તત્ત્વચિંતનીય માનસિક વ્યાયામની તદ્દન ઉપેક્ષા કરી છે. જો કોઈએ ગણિત-શાસ્ત્રનો અભ્યાસ ન કર્યો હોય અને તેને ગણિત-શાસ્ત્રીય તર્કને અનુસરવાનું કહેવામાં આવે, તો તે માણસ તે ન કરી શકે. આનો અર્થ એ થયો કે જો તમારે તમારા અસ્તિત્વની ગહનતર વાસ્તવિકતાને પરિપૂર્ણ રીતે, સમગ્રતાપૂર્વક અભિવ્યક્ત કરવી હોય, અને જો તમારા અસ્તિત્વના સર્વ ભાગો યોગ્ય વ્યાયામ દ્વારા પૂર્ણ રીતે વિકાસ પામ્યા હોય, તો તમે વધારે સમૃદ્ધ, પરિપૂર્ણ, વિવિધ રીતે તે વાસ્તવિકતાને અભિવ્યક્ત કરી શકશો.

હું ધારું છું કે આ મેં તમને પહેલાં એક વાર સમજાવ્યું છે. જો અત્યાર સુધી જેને સાચું આધ્યાત્મિક જીવન માનવામાં આવતું હતું, અર્થાત્ પરમાત્માની દિવ્ય વાસ્તવિકતા સાથે એકતા સાધવા માટે સર્વ શારીરિક ક્રિયાઓનો ત્યાગ કરવાની વાત હોત, જીવનનો અને તેની બાહ્ય અભિવ્યક્તિનો ત્યાગ કરીને નિર્વાણમાં જતા રહેવાની વાત હોત, એવા તાદાત્મ્યમાં ચાલ્યા જવાની વાત હોત કે જેને જગતમાં પછી અભિવ્યક્ત કરવાનું રહેતું જ નથી, જે તમને જગતમાંથી પછી તદ્દન બહાર લઈ જાય છે, તો એ સ્પષ્ટ છે કે આ શારીરિક, પ્રાણિક, ઇન્દ્રિયો

સંબંધી, માનસિક વ્યાયામ તદ્દન નિરુપયોગી ગણાત. તે લોકો આ પ્રકારના વ્યાયામને તદ્દન સમયનો બગાડ, નિરર્થક ગણતા. પણ આપણે તો તેથી વિરુદ્ધની વસ્તુનો સાક્ષાત્કાર કરવા માગીએ છીએ, પરમ વાસ્તવિકતા સાથે તાદાત્મ્ય સિદ્ધ કર્યા પછી આપણે તેને જીવનમાં નીચે ઉતારવા માગીએ છીએ, અને જગતનું રૂપાંતર કરવા માગીએ છીએ. એટલે જો આપણે આ વાસ્તવિકતાને સંસ્કારી, સમૃદ્ધ, વિકસિત, પરિપૂર્ણ રીતે સચેતન કરણો આપીએ, તો રૂપાંતરનું કાર્ય વધારે અસરકારક બને.

તેથી જ્યારે તમે જરાક ચપળ હો છો, પેલાં નાનાં છોકરાં કરે છે તેમ તમે કરતા હો છો (હસતાં-હસતાં), ત્યારે તે છોકરાંની પેઠે તમને કહેવામાં આવે કે સ્થિર બેસો, ધ્યાનમાં પ્રવેશ કરો અથવા તેમ કરવાનો ઢોંગ કરો, તમને એમ કહેવામાં આવતું હોતું નથી કે તમે સતત ધ્યાનમાં જ રહો, જગતમાં સર્વ વસ્તુઓ પ્રત્યે તદ્દન ઉદાસીન રહો, તમારે માત્ર ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો વિચાર જ કરવાનો છે. તેને બદલે તમને એમ કહેવામાં આવે છે કે "ના, વિકસિત, સચેતન પ્રાણીઓ બનવાનો પ્રયાસ કરો, જે પ્રાણીઓ વસ્તુઓને જાણે છે, નીરોગી છે, બળવાન છે, જેમનાં શરીર ચપળ છે — અપવાદરૂપ ક્રિયાઓ કરવા સમર્થ છે, જેમનામાં બળવાન સંકલ્પ છે અને સમૃદ્ધ, ચપળ મન છે. ભાવિ પેઢીઓ માટે આવા લોકો ઉપયોગી નીવડશે.

તેથી બાહ્ય દેખાવો પરથી વસ્તુઓનો નિર્ણય બાંધવાની ટેવવાળા, પોતે શું કહી રહ્યા છે તે નહિ જાણનારા, લોકો કહેતા હોય છે કે આશ્રમમાં આધ્યાત્મિક જીવન છે જ નહિ, આશ્રમના લોકો તો તદ્દન ભૌતિક જીવન જીવે છે. આમ બનતું હોય છે! પણ તેથી તે લોકોને જ ગેરફાયદો થતો હોય છે, આપણને કોઈ ગેર-લાભ નથી, આપણે માટે તો બધું જ બરાબર છે.

હવે કોઈ પ્રશ્નો પૂછવા છે? કોઈને કાંઈ જ કહેવાનું નથી ને?

*

વાર્તાલાપ —૪૮

૨૮ નવેમ્બર ૧૯૫૬

"જ્યારે આપણે જાણવાની ક્રિયાઓથી પર જઈએ છીએ, ત્યારે આપણને જ્ઞાન પ્રાપ્ત થશે. તર્ક-બુદ્ધિ મદગાર હતી; હવે તર્ક-બુદ્ધિ અવરોધરૂપ છે.

"જ્યારે આપણે સંકલ્પાયેલી વસ્તુઓથી પર જઈએ છીએ, ત્યારે આપણને શક્તિ પ્રાપ્ત થશે. પ્રયાસ મદદ-રૂપ હતો; હવે પ્રયાસ અવરોધ-રૂપ છે.

"જ્યારે આપણે સુખો ભોગવવાથી પર જઈએ છીએ, ત્યારે આપણને આનંદ પ્રાપ્ત થશે. કામના મદદ-રૂપ હતી; હવે કામના અવરોધ-રૂપ છે.

"જ્યારે આપણે વ્યક્તિકરણથી પર જઈએ છીએ, ત્યારે આપણે સાચી વ્યક્તિઓ બનીશું. અહંતા મદદરૂપ હતી; હવે અહંતા અવરોધ-રૂપ છે.

"જ્યારે આપણે માનવતાથી પર જઈએ છીએ, ત્યારે આપણે માનવ બનીએ છીએ. પશુ મદદ-રૂપ હતો; હવે પશુ અવરોધ-રૂપ છે."

(થૉટ્સ એન્ડ ગ્લીમ્પ્સીસ, શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૭)

અસ્તિત્વની સર્વ ક્રિયાઓમાં અથવા બાજુઓમાં એક જ તત્ત્વ અભિવ્યક્ત થાય છે. એ સ્પષ્ટ છે કે મૂળની અચેતનતાની સ્થિતિમાંથી બહાર આવવા માટે કામના અનિવાર્ય હતી, કારણ કે કામના સિવાય ક્રિયા પ્રત્યે જાગૃતિ આવી ન હોત. પણ એક વાર તમે ચેતનામાં જન્મો છો, પછી અચેતનતામાંથી બહાર આવવા મદદ કરનારી, તે જ કામના તમને પદાર્થ-તત્ત્વના પાશોમાંથી તમારી જાતને મુક્ત કરવામાં અવરોધ કરે છે અને ઉચ્ચતર ચેતનામાં આરોહણ કરવા દેતી નથી.

અહંકાર માટે પણ તેમ જ છે. ઉચ્ચતર ભૂમિકામાં જવા માટે, પ્રથમ તો માણસે હોવું જોઈએ. હોવા માટે તેણે સચેતન, વિભક્ત, વ્યક્તિ બનવું જોઈએ. સચેતન, ભિન્ન વ્યક્તિ બનવા માટે, અહંકાર અનિવાર્ય છે; નહિ તો માણસ

આપણી આસપાસ રહેલી વસ્તુઓમાં સંમિશ્રિત બનેલો પડ્યો રહે. પણ એક વાર વ્યક્તિતાની રચના થઈ જાય, અને પછી જો તે માણસે ઉચ્ચતર સ્તર પર આરોહણ કરવું હોય અને આધ્યાત્મિક જીવન જીવવું હોય, માણસે જો માત્ર ઉચ્ચતર પ્રકારનો માનવ બનવું હોય, તો અહંકારની મર્યાદાઓ એ સૌથી ખરાબમાં ખરાબ અવરોધો છે; સાચી ચેતનામાં પ્રવેશવા માટે અહંકારથી પર જવું જ પડશે.

માનવના સામાન્ય પ્રાથમિક જીવન માટે, સાચે જ પશુ-સ્વભાવના, ખાસ કરીને શરીરના ગુણો અનિવાર્ય હતા; નહિ તો માણસ અસ્તિત્વમાં જ ન રહી શકે. પણ જ્યારે માનવ સચેતન, માનસિક પ્રાણી બને છે, ત્યારે પશુ જેવાં ઉદ્‌ગમ-સ્થાન સાથે બાંધી રાખનાર બધી વસ્તુઓ પ્રગતિમાં અને અસ્તિત્વની મુક્તિમાં વિઘ્ન-રૂપ બને છે.

એટલે, દરેક જણ માટે — સિવાય કે જે લોકો મુક્ત જન્મ્યા છે, અને આ તો બહુ જ વિરલ હોય છે — આ તર્કબુદ્ધિની, પ્રયાસની, કામનાની, વ્યક્તિતાની અને જીવનના સામાન્ય પ્રકાર સાથે સુસંગત, નક્કર, શારીરિક સમતુલાની સ્થિતિ શરૂઆતમાં અનિવાર્ય છે. જ્યારે તે સચેતન પ્રાણી બને છે, ત્યારે આધ્યાત્મિક પ્રાણી બનવા માટે માણસે તે બધાનો ત્યાગ કરવો પડે છે.

હવે કોઈને આ વિષય પર પ્રશ્ન પૂછવો છે?

મધુર માતાજી, પોતે સચેતન છે —એમ માણસ ક્યારે કહી શકે?

તે એક હમેશાં સાપેક્ષ પ્રશ્ન છે. માણસ કદી પણ અચેતન હોતો નથી, તેમ કદી પણ પૂર્ણ રીતે સચેતન હોતો નથી. તે એક પ્રગતિશીલ સ્થિતિ છે.

પણ એક એવો સમય આવે છે, જ્યારે તદ્દન અજ્ઞાન ચેતના અને આવેગ વડે પ્રેરિત થઈને આપોઆપ વસ્તુઓ કરવાને બદલે, માણસ પોતામાં થઈ રહેલી વસ્તુઓનું અવલોકન કરે છે, પોતાની ગતિઓનું અધ્યયન કરે છે; તેમનાં કારણોને ખોળી કાઢે છે, અને સાથે-સાથે અંદર થતી વસ્તુઓ ઉપર કાબૂ રાખવાની શરૂઆત કરે છે, અને પછી બહારથી આપણામાં આવતી અને આપણી પાસે કાર્ય કરાવતી અસરો પર કાબૂ રાખવાની શરૂઆત કરે છે — જે શરૂઆતમાં તદ્દન અચેતનતાપૂર્વક, અનૈચ્છિક રીતે થતું હોય છે, પણ ધીમે ધીમે વધારે ને વધારે સચેતનતા-પૂર્વક થવા લાગે છે, અને પછી સંકલ્પ જાગ્રત થાય

છે અને પ્રતિકાર્ય કરે છે, ત્યારે સચેતન સંકલ્પ જાગ્રત થાય છે, જે પ્રતિકાર્ય કરવા શક્તિમાન હોય છે, અને ત્યારે માણસ કહી શકે કે હું સચેતન બન્યો છું. આનો અર્થ એવો નથી કે તે પરિપૂર્ણ અને સમગ્ર ચેતના છે; તેનો અર્થ એવો છે કે તે શરૂઆત છે. દા. ત. જ્યારે માણસ પોતાના અસ્તિત્વમાં સર્વ પ્રતિકાર્યોને જોઈ શકે છે, તેમના ઉપર અમુક કાબૂ સ્થાપી શકે છે, કેટલાંકને ક્રીડા કરવાની રજા આપે છે, બીજાંને અટકાવી દે છે, જેને પોતે મંજૂરી ન આપે તેમને ફગાવી દે છે.

વળી, તમે જેને સિદ્ધ કરવા માગો છો તેવા લક્ષ્યથી, હેતુથી, અથવા આદર્શથી તમારે અંદર સચેતન બનવું જોઈએ; તે શા માટે અને કેવી રીતે જીવવું તે જાણ્યા સિવાય તમને જીવવા પ્રેરે એવી વૃત્તિથી તદ્દન ભિન્ન વસ્તુ છે. ત્યારે તમે કહી શકો કે હું સચેતન છું પણ તેનો અર્થ એવો નથી કે તમે પરિપૂર્ણ રીતે સચેતન છો. વળી, આ પરિપૂર્ણતા એવી તો પ્રગતિશીલ હોય છે કે કોઈ પણ માણસ એમ ન કહી શકે કે હું પરિપૂર્ણ રીતે સચેતન છું. તે પરિપૂર્ણ રીતે સચેતન બનવાના માર્ગ પર છે, પણ હજી પરિપૂર્ણ રીતે સચેતન બન્યો નથી.

મધુર માતાજી, એ કયા પ્રકારની સ્થિતિ છે કે જેમાં માણસ સર્વ સુખોપભોગોથી પર બની ગયો હોય છે?

તે એક કામના-રહિત સ્થિતિ છે, જેમાં માણસ આનંદમાં જીવે છે —શ્રી અરવિંદ પાછળથી તેને સમજાવે છે. તે આનંદને કોઈ કારણ હોતું નથી, તે આંતર કે બાહ્ય સંયોગો પર આધાર રાખતો નથી; તે નિત્ય સ્થિતિ છે, જીવનના સંયોગોથી સ્વતંત્ર છે, કારણ-રહિત છે. માણસ આનંદમાં છે, કારણ કે તે આનંદમાં છે. તેનું કારણ એ છે કે તે માણસ દિવ્ય વાસ્તવિકતાથી સચેતન બને છે.

પણ નિષ્કામ બન્યા સિવાય, તે આનંદ અનુભવાતો નથી. જો માણસમાં કામનાઓ હોય, તો તે સુખોપભોગો અનુભવી શકે, પણ તે આનંદ નથી. આનંદનો સ્વભાવ તદ્દન ભિન્ન હોય છે; જ્યારે કામનાઓને તદ્દન દૂર કરી દેવામાં આવે, ત્યારે જ તે આનંદ અસ્તિત્વમાં પ્રગટ થાય છે. માણસમાં જ્યાં સુધી કામના છે, ત્યાં સુધી તે આનંદ અનુભવી શકતો નથી. આનંદની શક્તિ અવતરણ કરે, તોપણ કામનાઓની હાજરીથી તે તરત અસત્ય બની જાય.

(મૌન)

(માતાજી એક કાગળના ગૂંચળાને ખોલે છે.) અહીં ગઈ વખતે આપણે જેને વિષે વાત કરી હતી તે અંગત પ્રયાસ સંબંધી પ્રશ્ન છે.

પ્રશ્ન આ રહ્યો :

"આંતર જીવનમાં, એવા સમયના ગાળા કેમ આવે છે, જ્યારે માણસ સચેતન પ્રયાસ કરી શકતો હોતો નથી? જો તે બળજબરીથી પ્રયાસ લાદે, તો તેની પ્રકૃતિના કેટલાક ભાગો તેની સામે બળવો પોકારે છે, અથવા અસ્તિત્વમાંનું સર્વ કાંઈ પત્થર જેવું જડ બની જાય છે. પછી પ્રયાસ ભૂતકાળની ગતિઓની યાંત્રિક પુનરાવૃત્તિ બની જાય છે. એવે સમયે શું કરવું જોઈએ?"

આ અવલોકન બહુ સારી રીતે કરવામાં આવ્યું છે.

અહીં પ્રયાસનો પ્રકાર જણાવવામાં નથી આવ્યો, કારણ કે તે એવા એક પ્રકારનો પ્રયાસ છે જેનું પરિણામ અહીં વર્ણવાયું છે તેવું આવે છે તે પરિણામ કાં તો બળવો હોય છે અથવા જડતા હોય છે. જે જડતા તદ્દન અભાન હોય છે, પ્રયાસને કશો પ્રત્યુત્તર આપતી નથી, જ્યારે પ્રયાસ કેવળ માનસિક અને મરજી પ્રમાણે કરવામાં આવ્યો હોય છે, અર્થાત્ જ્યારે તે અસ્તિત્વના બીજા ભાગોની સ્થિતિને ગણતરીમાં લેતો હોતો નથી, ત્યારે આમ બને છે. તે પ્રયાસને પોતાનો આગવો વિચાર હોય છે, પોતાનો આગવો સંકલ્પ હોય છે, અસ્તિત્વના બીજા ભાગોને ગણતરીમાં લીધા સિવાય તે પોતાના સંકલ્પને સમગ્ર અસ્તિત્વ પર લાદે છે. આને પરિણામે બળવો અથવા જડતા ઉદ્ભવે છે. ત્યારે એક જ વસ્તુ કરવાની હોય છે — મનને શાન્ત રાખવું. તે એવો સમય છે કે જ્યારે આત્મ-સમર્પણ કરવું જોઈએ, શાન્તિમય, વિશ્વાસ-પૂર્ણ આત્મ-સમર્પણ. જો ભગવાનના સંકલ્પને પરિપૂર્ણ આત્મ-સમર્પણની આ ગતિ કરવામાં આવે, તો પ્રયાસમાંથી પેદા થતો સર્વ તનાવ — જે પ્રયાસને આપણે જરાક વહેલો — સમય પહેલાંનો અને વિચાર કર્યા વગરનો કહી શકીએ — જતો રહે છે. અસ્તિત્વમાં એક પ્રકારનો આરામ સ્થપાય છે. આ માનસિક પ્રયાસ વડે જે પ્રગતિ સધાતી ન હતી, તે, વિશ્વાસ-પૂર્ણ આરામ વડે અને ભગવાનના સંકલ્પને કરેલા આત્મ-સમર્પણ વડે, આપોઆપ સધાય છે.

પછી આ પ્રશ્ન આવે છે :

"બીજા સમયોમાં, માણસને એમ લાગતું હોય છે કે હું પ્રયાસ કરતો નથી, પણ તેને ચેતનાની માત્ર હાજરી અનુભવાય છે, જેને લઈને દૈનિક જીવનના ઘણા સંજોગોમાં પ્રગતિનો ઉપાય જડી જાય છે. તો પછી આશ્ચર્ય થાય છે કે પ્રયાસ શી ચીજ છે અને તેનું મૂલ્ય શું છે? આપણે જેને પ્રયાસ કહીએ છીએ, તે શું વધારે પડતી માનસિક ગતિ નથી?"

મેં તે જ વાત હમણાં સમજાવી છે, જે બતાવી આપે છે કે આ અવલોકન તદ્દન બરાબર છે.

તે મનનો યથેચ્છ નિર્ણય છે. યથેચ્છ હોવાને કારણે, તે વસ્તુઓના સત્ય સાથે સુસંગત નથી. તેથી સ્વાભાવિક રીતે જ, તે આવાં ખોટાં પ્રતિકાર્યો ઊભાં કરે છે. એનો અર્થ એવો નથી કે પ્રયાસ કરવો જ ન જોઈએ, પણ પ્રયાસ પણ સ્વયંભૂ હોવો જોઈએ. મેં તમને એક વાર કહ્યું હતું કે ધ્યાન માટે તમે પ્રયાસ કરો તે ધ્યાન કરતાં જે ધ્યાન તમારી પર પકડ જમાવે તે ધ્યાન વધારે સારું છે. અસ્તિત્વમાં સંકલ્પનો તે પ્રકારનો તનાવ પણ સ્વયંભૂ હોવો જોઈએ, વત્તા-ઓછા ક-વખતના માનસિક નિર્ણયનું પરિણામ નહિ.

(મૌન)

બીજા કોઈ પ્રશ્ન? નથી? કોઈને કાંઈ પૂછવાનું નથી?

માતાજી, જ્યારે માણસને મનથી પર જવું હોય છે, ત્યારે જો માણસ પોતાના મનને કાર્ય કરવા દે (મૂળમાં ભૂલ છે[1]) અને ઊર્ધ્વમાંથી જો અસર તરત ન આવે, તો તે દરમિયાન માણસે શું કરવું? માણસ મૂર્ખ જેવો બની જાય છે. (હસાહસ)

તમે ચોક્કસપણે શું કહેવા માગો છો? હું સમજી શકતી નથી.

જો માણસ મનને કાર્ય કરવામાં છુટું મૂકી દે...

---

૧. અહીં મૂળમાં બાળકે બોલવામાં ભૂલ કરી હતી. પછીની દશ પંક્તિઓના પાઠમાં પણ થોડાક ફેરફારો કરવામાં આવ્યા છે, જેથી ફ્રેન્ચમાંથી કરાયેલો અનુવાદ યોગ્ય શબ્દોમાં મૂકી શકાય. (અનુવાદકની નોંધ.)

જો માણસ મનને કાર્ય કરવા દે તો? શા માટે? હું તમારા પ્રશ્નને સમજી શકતી નથી. શરૂઆતમાં તમે કહ્યું કે "જ્યારે માણસ મનથી પર ગયો હોય?"

મનથી પર જવા માટે...

ઓહ! મનથી પર જવા માટે. મનને કાર્ય કરવા દેવું? હા, તે સિદ્ધાંત છે. કામનાઓથી પર જવા માટે, કામનાઓને પહેલાં સિદ્ધ કરી લેવી જોઈએ, અને...

(એક બાળક) મધુર માતાજી, તેણે કહ્યું કે મનને કાર્ય કરવા દેવું

કાર્ય કરવા દેવું? પણ માણસ મનને કાર્ય કરવા દઈ શકે નહિ. તે બરાબર અંગ્રેજી નથી.

મનના કાર્યને બંધ કરી દેવા માટે

આહ! હવે બરાબર છે! તમારે તે રીતે બોલવું જોઈતું હતું. તમે એમ કહેવા માગો છો ને કે મનને કાર્ય કરતું બંધ કરવા માટે? તેમ કરવાનો માર્ગ શો છે?

હું પૂછું છું કે....

સ્વાભાવિક રીતે જ! પણ તે ખૂબ કઠિન છે. એટલે તમે શું પૂછી રહ્યા છો?

જ્યારે માણસ તર્ક-બુદ્ધિને અટકાવી દે છે, ત્યારે જો ઊર્ધ્વમાંથી કશુંક એકદમ નીચે ન આવે, તો તે ગાળામાં કેટલીક વાર....

માણસ મૂર્ખની પેઠે વર્તતો હોય છે! (હસાહસ) તો પછી તે સ્થિતિથી પર ગયા પહેલાં તર્કબુદ્ધિને અટકાવી ન દેવી એ વધારે સારું છે!

હું એમ કહેવા માગું છું કે જીવન અત્યારે જેવું છે તે સ્થિતિમાં, એ શક્ય છે કે....

અતાર્કિક હોવું તે? કમનસીબે તે ઘણી વાર બનતું હોય છે!

તર્ક-બુદ્ધિનો અનાદર કરવો એ શક્ય છે? જ્યારે તમે માનસિક ક્રિયાથી પર જાઓ, ત્યારે જ તે શક્ય છે. જ્યારે તમે સંપૂર્ણ આત્મ-સમર્પણ કર્યું હોય, ત્યારે જ તે શક્ય છે. જ્યારે તમારામાં કોઈ પણ કામના રહી ન હોય, ત્યારે જ તે શક્ય છે. જ્યાં સુધી તમારામાં કામનાઓ છે, અહંતા છે, તમારો પોતાનો સંકલ્પ છે, ત્યાં સુધી તમે તર્ક-બુદ્ધિનો ત્યાગ ન કરી શકો, કારણ કે તેમ કરવાથી — મેં એક ક્ષણ પહેલાં જ કહ્યું તેમ — સમતુલા ગુમાવી બેસશો, પાગલ બની જશો. એટલે જ્યાં સુધી માણસ જે સ્થિતિમાં તર્કબુદ્ધિ ઉપયોગી છે તે સ્થિતિથી પર ન જાય, ત્યાં સુધી તર્કબુદ્ધિએ સ્વામિની બનીને રહેવું જોઈએ. જ્યાં સુધી અહંતા, કામનાઓ, આવેગો, પસંદગીઓ, આકર્ષણો, પ્રત્યાકર્ષણો વગેરે છે, ત્યાં સુધી તર્કબુદ્ધિ ખૂબ જ ઉપયોગી છે.

તર્કબુદ્ધિનો આશ્રય બિલ્કુલ ન લેવો પડે તે માટે એક બીજી પણ અનિવાર્ય શરત છે. તે એ કે વિરોધી બળો પ્રત્યે — તેમનાં સૂચનો પ્રત્યે અસ્તિત્વનો કોઈ પણ ભાગ — કોઈ પણ દ્વાર ખુલ્લું રાખવું ન જોઈએ. જો તમે વિરોધી સૂચનોને પ્રત્યુત્તર આપવાની ટેવમાંથી પરિપૂર્ણ રીતે મુક્ત નહિ થયા હો, અને છતાં જો તમે તર્ક-બુદ્ધિને તિલાંજલિ આપશો, તો તમે સામાન્ય બુદ્ધિને પણ તિલાંજલિ આપી દીધા બરાબર થશે. પછી તમે અસંગત રીતે કાર્ય કરવા માંડશો, જે આખરે તદ્દન સમતુલા-રહિત હશે. સૂચનોથી અને વિરોધી અસરોથી મુક્ત બનવા માટે, તમારે માત્ર ભગવાનની અસર હેઠળ જ આવવું પડશે.

હવે તમે સમસ્યાને સમજી શકશો; તે જરાક કઠિન છે. આનો અર્થ એ થયો કે જ્યાં સુધી તમે પરિપૂર્ણ રીતે પ્રકાશિત અને રૂપાંતર પામેલા અસ્તિત્વની હાજરીમાં ન હો, ત્યાં સુધી માણસોને તર્કયુક્ત રીતે વર્તવાની સલાહ આપવી એ વધારે સારું છે. તે કદાચ એક મર્યાદા છે — સાચે જ તે એક મોટી મર્યાદા છે —, પણ તે એક કાબૂ પણ છે, જે તમને અર્ધ-પાગલ બનતાં અટકાવે છે — જે અર્ધ-પાગલોની સંખ્યા જગતમાં ખૂબ મોટી છે.

તર્કબુદ્ધિ એક ખૂબ માનનીય વ્યક્તિ છે. સર્વ માનનીય વ્યક્તિઓની પેઠે, તેને પણ મર્યાદાઓ અને પૂર્વગ્રહો હોય છે, પણ તેથી કાંઈ તે ઉપયોગી મટી જતી નથી. તે તમને મૂર્ખ બનતાં અટકાવે છે. જો તમારામાં તર્ક-બુદ્ધિ ન હોત, તો તમે એવી ઘણી વસ્તુઓ કરત, કે જે તમને સીધા વિનાશ પ્રત્યે અને ખૂબ કમનસીબ પરિણામો પ્રત્યે દોરી જાત, કારણ કે જ્યાં સુધી તમે ઉચ્ચતર સ્તરોને પ્રાપ્ત કર્યા હોતાં નથી, ત્યાં સુધી તમારે માટે તર્ક-બુદ્ધિ એ વિવેક માટે સર્વોત્તમ

સાધન છે. જ્યારે માણસ તર્ક-બુદ્ધિની વાત સાંભળતો નથી, ત્યારે તે અનેક પ્રકારની વિચિત્રતાઓમાં ઘસડાઈ જાય છે. સ્વાભાવિક રીતે જ, તર્કબુદ્ધિ એ આદર્શ નથી, શિખર નથી; તે સારું જીવન જીવવા માટે એક પ્રકારનો કાબુ અને માર્ગ-દર્શક છે. તે તમને અતિશયતાઓ કરતાં અટકાવે છે, અતિતીવ્ર આવેગોમાંથી બચાવે છે, અને સૌથી વધારે તો આવેગમય કૃત્યો કરતાં અટકાવે છે, જે તમને ખાડા પ્રત્યે દોરી જાય. વસ્તુસ્થિતિ આ છે.

માણસને પોતા માટે પૂરી ખાતરી હોવી જોઈએ, તેણે અહંતાથી તદ્દન મુક્ત બનવું જોઈએ, અને ભગવાનના સંકલ્પને પરિપૂર્ણ સમર્પણ કરેલું હોવું જોઈએ; તો જ તે તર્ક-બુદ્ધિ વગર ચલાવી શકે.

કેટલીક વાર, સાચાં અને ખોટાં કારણો વચ્ચે વિવેક કરવો એ કઠિન હોય છે!

આહ! ના, તમે શબ્દોની રમત કરો છો. તમે જે શબ્દ (reason) વાપર્યો છે, તેનો અર્થ તદ્દન જુદો જ છે. તે બે તદ્દન ભિન્ન-ભિન્ન વસ્તુઓ છે. તર્ક-બુદ્ધિ એ વિવેક કરવાની શક્તિ છે, તમે એક યા બીજી વસ્તુ કરવા માટેનાં કારણોની વાત કરો છો. એ મને આપેલાં બહાનાં છે; પણ ત્યાં 'રીઝન' શબ્દનો અર્થ તદ્દન ભિન્ન છે. ઉચ્ચાર અને જોડણી એક જ હોવા છતાં, તે જુદો જ શબ્દ છે, તમે તેને તમારા શબ્દકોશમાં જોઈ લેજો; તે તમને 'રીઝન' શબ્દની બે જુદી જ વ્યાખ્યાઓ આપશે. પોતે જે કારણો અથવા બહાનાં અથવા સમજૂતીઓ આપે છે, તે અહંતાના રંગે રંગાયેલાં હોય છે; પોતે તર્ક-યુક્ત પ્રાણી છે — એમ પોતાની જાતને છેતરવા માટે તે કારણો અપાતાં હોય છે. સોમાંથી સાડી-નવાણું વખત, પોતે બહુ સારો માણસ છે, પોતે જે વિચારે છે તે બહુ સારો વિચાર છે, પોતે જે લાગણી અનુભવે છે તે બહુ સારી છે, પોતે બહુ સંતોષપ્રદ છે એવી છાપ ઊભી કરવા માટે — બનાવવા માટે આ કારણો આપવામાં આવતાં હોય છે. જ્યારે તમે કોઈ કાર્ય કરતા હો છો, ત્યારે તમે તમારી જાતને કહેતા હો છો કે "ચોક્કસ મેં આમ કર્યું, કારણ કે તે આમ હતું, તેનું સાચું કારણ આ હતું, મને એમ લાગ્યું, તેનું કારણ આ હતું; તે એક સુંદર કારણ છે." પણ તેને તર્કયુક્ત હોવા સાથે કશો જ સંબંધ નથી; તેથી ઊલટું જ હોય છે. પોતાની જાતને છેતરવાનો અને પ્રગતિ કરતાં અટકી જવાનો તે સુંદર ઉપાય છે. પોતાની દૃષ્ટિ સમક્ષ પોતાની જાતને સાચી ઠેરવવાનો માર્ગ છે.

વળી, આ કારણો તમને સફેદાથી ધોળતાં હોય છે અને બીજાઓને કાળા બનાવતાં હોય છે. તે તમારા અંતરાત્માને આરામમાં રાખવાનો એક ઉપાય છે, નહિ વારુ? તમને જે કાંઈ બને, તે સંજોગોનો દોષ હોય છે. તમે જો ભૂલ કરી હોય, તો તે ભૂલ બીજાઓએ કરી છે. જો તમારામાં ખરાબ પ્રતિકાર્ય ઉદ્‌ભવ્યું હોય, તો તેને માટે બીજા લોકો જવાબદાર છે, વગેરે. તમારા મનના નિર્ણયમાંથી તમે બરફ જેવા ધવલ બહાર આવતા હો છો.

બસ, પતી ગયું તે?

*

વાર્તાલાપ —૪૯

૫ ડિસેમ્બર ૧૯૫૬

આગળના પાંચ ફકરાઓમાં જે અભિવ્યક્ત કરવામાં આવ્યું હતું તેને સિદ્ધ કરવા માટે શું કરવું જોઈએ તે હવે આપણે વાંચીએ છીએઃ

"તર્કબુદ્ધિનું વ્યવસ્થિત આંતર-દર્શનામાં રૂપાંતર કરો. તું પ્રકાશ-રૂપ બની જા; આ તારું લક્ષ્ય છે.

"પ્રયાસનું આત્મ-બળના સમ અને સર્વ સત્તાધીશ પ્રવાહમાં રૂપાંતર કરો. તારી જાતને સચેતન શક્તિ બનાવ. આ તારું લક્ષ્ય છે.

"સુખોપભોગનું સમ અને નિર્હેતુક આનંદમાં રૂપાંતર કરો. તું આનંદરૂપ બની જા. આ તારું લક્ષ્ય છે.

"વિભક્ત વ્યક્તિતાનું વિશ્વ પુરુષમાં રૂપાંતર કરો. તું પૂર્ણ-રૂપે દિવ્ય બની જા. આ તારું લક્ષ્ય છે.

"પશુનું ટોળાને હાંકનારમાં રૂપાંતર કરો. તું કૃષ્ણ-રૂપ બની જા. આ તારું લક્ષ્ય છે."

(થોટ્સ એન્ડ ગ્લીમ્પ્સીસ, શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૭)

આ કરવું જોઈએ.

મને લાગે છે કે આને સમજૂતીઓની કોઈ જરૂર નથી, તે તદ્દન સ્પષ્ટ છે. તમારે કોઈ પ્રશ્નો પૂછવાના છે? હા? (એક બાળકને) તમારો પ્રશ્ન પૂછો.

અહીં લખ્યું છે કે સુખોપભોગનું સમ અને નિર્હેતુક આનંદમાં રૂપાંતર કરો. એનો શો અર્થ છે?

હા, એનો અર્થ એ છે કે તે આનંદને કોઈ કારણ નથી હોતું.

મોટે ભાગે માણસ ભૌતિક, માનસ-શાસ્ત્રીય, અથવા માનસિક વસ્તુઓમાંથી સુખ પ્રાપ્ત કરતો હોય છે. દા.ત. માનસિક વસ્તુ લઈએ તો, એક વાક્ય વાંચવાથી તમને ખૂબ આનંદ થાય છે, કારણ કે તે તમને પ્રકાશ આપે છે, નવી સમજ આપે છે. એટલે તે આનંદમાં કોઈ વિષય હોય છે, તમે વાક્ય વાંચો છો, તેથી તમને સુખ થાય છે. જો તમે તે વાક્ય ન વાંચ્યું હોત, તો તમને સુખ પ્રાપ્ત ન થાત. તે જ રીતે, જ્યારે તમે સુંદર સંગીત સાંભળો છો. અથવા જ્યારે તમે કોઈ મનોહર ભૂમિ-દૃશ્યનું સુંદર ચિત્ર જુઓ છો, ત્યારે તમને સુખ મળે છે. તે વસ્તુઓ સિવાય તમને સુખ ન મળ્યું હોત. તે વસ્તુઓ તમને સુખ લાવી આપતી હોય છે. તે સુખને કોઈક પદાર્થ, કોઈક કારણ હોય છે.

શ્રી અરવિંદ એમ કહે છે કે આ સુખોપભોગ, ઉચ્ચ કે નીચ — ગમે તે સ્તરનો હોય, પણ તેની જગ્યાએ આંતર આનંદ સ્થપાવો જોઈએ, જેનો અનુભવ સર્વ અસ્તિત્વને થવો જોઈએ, જે સતત — સમ હોવો જોઈએ, અર્થાત્ તેને કોઈ વિષયની કે કારણની જરૂર ન હોવી જોઈએ. તે આનંદનું કારણ દિવ્ય આનંદ સાથેનો સંપર્ક છે, જે સર્વત્ર સર્વ વસ્તુઓમાં છે એટલે એક વાર તમે આ વૈશ્વિક સનાતન આનંદના સંબંધમાં આવો, પછી તમારે સુખ-પ્રાપ્તિ માટે કોઈ બાહ્ય વિષયની કે કારણની જરૂર રહેતી નથી. તે નિર્વિષય હોય છે, તે સતત — સમ હોય છે. બાહ્ય સંજોગો ગમે તેવા હોય, તમે ગમે તે કાર્ય કરતા હો, તમે તે જ આનંદની સ્થિતિમાં રહો છો, કારણ કે આ આનંદ બાહ્ય વસ્તુઓ પર આધાર રાખતો હોતો નથી, તે તમારી આંતર સ્થિતિ પર આધાર રાખે છે. તમે તમારામાં આનંદનું ઉદ્‌ગમ-સ્થાન, ભગવાનની હાજરી, ભગવાન સાથે સંબંધ શોધી કાઢેલો હોય છે; એટલે પછી તમારે આનંદ પ્રાપ્ત કરવા માટે બીજુ કાંઈ જ કરવાનું રહેતું નથી. તે આનંદ નિષ્કારણ હોય છે, તે કદી બંધ પડતો નથી, તે એક નિત્ય સ્થિતિ છે.

(બાળકને) તમને સમજ પડી? બરાબર ન પડી? પડી? ઠીક!

મેં જે વાંચ્યું તેના પર બીજા કોઈને કોઈ પ્રશ્ન પૂછવો છે?

મધુર માતાજી, છેલ્લો ફકરોઃ "પશુનું ટોળાંને હાંકનારમાં રૂપાંતર કરો, તું કૃષ્ણ-રૂપ બની જા."

ઓહ, તે એક રૂપક છે.

શારીરિક અસ્તિત્વની બધી વૃત્તિઓ, શારીરિક અસ્તિત્વની બધી જરૂરિયાતો અને ટેવો, આવેગો, ગતિઓ, આહાર — નિદ્રા — ક્રિયા માટેની જરૂર, અસ્તિત્વનો સર્વ પશુ-ભાગ એ પશુ છે. પછી શ્રી અરવિંદ કૃષ્ણનું રૂપક આપે છે, જેમને તે ટોળાંના હાંકનાર કહે છે. એનો એ અર્થ છે કે શારીરિક અસ્તિત્વની સર્વ ક્રિયાઓનો અને જરૂરિયાતોનો દિવ્ય ચેતના કબજો લે છે, તેમનું નિયમન કરે છે, તેમને દોરવણી આપે છે, માનવમાં રહેલા શારીરિક પશુની સર્વ ગતિઓનું નિયમન કરે છે. શ્રી અરવિંદ અહીં ભારતીય પુરાણ-કથાનો ઉપયોગ કરે છે, કૃષ્ણને ભગવાન કહે છે, માણસની પશુ-વૃત્તિઓને તથા પશુ-જરૂરિયાતોને ધણ — ગાયોનાં ટોળાં કહે છે. એટલે તે ધણમાંનું એક પશુ બની જવાને બદલે, તમે તે ટોળાંની સર્વ ગતિઓના નેતા અને નિયામક બની જાઓ છો, તે ટોળાંને તમે તમારા પર પ્રભુત્વ ચલાવવા દેતા નથી. સામાન્ય જીવનમાં માણસ આ શારીરિક જીવનની ક્રિયાઓથી, જરૂરિયાતોથી, આહાર — નિદ્રા — ક્રિયા — આરામ વગેરેથી બંધાયેલો છે, જકડાયેલો છે. પશુની પેઠે, તે વસ્તુઓને તાબે થવાને બદલે, માણસ તે ટોળાંનો હાંકનાર બની જાય છે, જેને શ્રી અરવિંદ કૃષ્ણ કહે છે. અર્થાત્ ભગવાન અસ્તિત્વની સર્વ ગતિઓનો કબજો લે છે, અને તેમને દિવ્ય સત્ય અનુસાર દોરવણી આપે છે, તેમનું નિયમન કરે છે.

મધુર માતાજી, માણસ જ્યારે વિશ્વ-પુરુષ બની જાય છે, ત્યારે તેને અંગત વ્યક્તિત્વની જરૂર રહે છે ખરી?

જરૂર રહે છે? હું સમજી શકતી નથી.

તે અંગત વ્યક્તિત્વનો પછી શો ઉપયોગ?

પણ તે અંગત વ્યક્તિત્વનું વિશ્વ-વ્યક્તિત્વમાં રૂપાંતર થાય છે. લાખો — કરોડો વ્યક્તિઓમાંની એક નાનકડી વ્યક્તિ રહેવાને બદલે, વિભક્ત, એકાકી, નાનકડી વ્યક્તિ રહેવાને બદલે, તે વિશ્વ-વ્યક્તિત્વથી સચેતન બને છે, અને સ્વાભાવિક રીતે જ દિવ્ય બની જાય છે. તે રૂપાંતર છે. એક વસ્તુનું બીજીમાં રૂપાંતર થઈ જતું હોય છે.

શ્રી અરવિંદ એમ કહેવા નથી માગતા કે પછી તેને શરીર રહેતું નથી, તે શરીર વિષે વાત નથી કરતા; શ્રી અરવિંદ પ્રાણિક ચેતનાની, માનસ-શાસ્ત્રીય

ચેતનાની, વિભક્ત વ્યક્તિ હોવાના ભાનની વાત કરી રહ્યા છે. હે બાળક, તું વિચાર કર. તું અનેક વ્યક્તિઓમાંની એક વ્યક્તિ છે, નહિ વારુ? તેવું અનુભવવાને બદલે, તું એમ અનુભવે છે કે હું વિશ્વ-વ્યક્તિ છું. ભેદની અને વિભક્તતાની વાત અદૃશ્ય બની જાય છે, મર્યાદા દૂર થઈ જાય છે. પણ તમે તમારા શરીરમાં રહો છો, તમારા શરીરને ગુમાવી દેવાની તમારા પર ફરજ નથી પડતી, શરીર એક જુદી વસ્તુ છે.

છેલ્લા ફકરામાં શ્રી અરવિંદ શરીર વિષે જ વાત કરી રહ્યા છે. "પશુનું પશુઓનાં ટોળાંને હાંકનારમાં રૂપાંતર કરો." જ્યારે માણસ દિવ્ય ચેતના, દિવ્ય વ્યક્તિત્વ બની જાય છે, ત્યારે તે સર્વ શારીરિક ક્રિયાઓનો સ્વામી બની શકે છે, કારણ કે પોતે તેમનાથી અધિક છે, પોતે તે ક્રિયાઓ વડે બંધાયેલો નથી, પોતે તેમને કાબૂમાં રાખે છે — તેમનો સ્વામી બને છે, તેનામાં નાનકડી વિભક્ત વ્યક્તિતા કરતાં વધારે મહાન ચેતના હોય છે. થોડીક વધારે પ્રગતિ કરીને, તે શારીરિક ક્રિયાઓનો અને જરૂરિયાતોનો સ્વામી બની જાય છે. પણ આ બે ચેતનાઓ નથી હોતી, જે એક ઉપર બીજી લદાઈ હોય; એ તો એક ચેતનાનું બીજીમાં રૂપાંતર થયેલું હોય છે.

(બાળક પ્રત્યે જોઈને) મને દહેશત છે કે આ બાલિકા બિલ્કુલ સમજી નથી! તદ્દન ગૂંચવાઈ ગઈ હોય તેમ તે મારા તરફ જોઈ રહી છે!

તમને આશ્ચર્ય થાય છે કે આ શરીરમાં રહેવા છતાં, તમે જે છો તેનાથી ભિન્ન કેવી રીતે બની શકો? હા, તમે બની શકો! (હસતાં હસતાં) તે બની શકે તેવી વસ્તુ છે!

(મૌન)

(માતાજી કેટલાક લેખિત પ્રશ્નો તરફ જુએ છે) અહીં તમારા પ્રશ્નનો બરાબર પૂરક પ્રશ્ન છે. મને પૂછવામાં આવ્યું છે કે :

"વિશ્વ-વ્યક્તિનાં ખાસ લક્ષણો કયાં છે?"

ચેતનાનું આ રૂપાંતર તે એનું ખાસ લક્ષણ છે. વિભક્ત, એકાકી વ્યક્તિ તરીકે પોતાનો અનુભવ કરવાને બદલે, તે પોતાને વૈશ્વિક વ્યક્તિ હોવાનો અનુભવ કરે છે, જેમાં બીજી બધી વ્યક્તિઓનો સમાવેશ થયેલો હોય છે, તેમની સાથે સઘન તાદાત્મ્ય સિદ્ધ થયેલું હોય છે.

મને પૂછવામાં આવ્યું છે કે :

"એવી વિશ્વ-વ્યક્તિ કેવી રીતે બોલે છે, ક્રિયા કરે છે?"

બોલે છે? પ્રશ્ન યોગ્ય શબ્દોમાં રજૂ નથી થયો. જો તમે પૂછો કે તે કેવી રીતે બોલે છે? તો એવો જ જવાબ અપાય કે જેમ બીજાઓ બોલે છે, તેમ તે બોલે છે — તેના અવાજ વડે, જીભ વડે, મુખ વડે, શબ્દો દ્વારા! જો તમ એમ પૂછો કે તેના કથનનો પ્રકાર કેવો હોય છે? તો જવાબ આમ આપી શકાય કે જે ચેતનામાં જીવે છે તેને જો તે અભિવ્યક્ત કરે, તો તે વૈશ્વિક ચેતનાની સ્થિતિને અભિવ્યક્ત કરે છે; સામાન્ય માણસો કરતાં તે વસ્તુઓને ભિન્ન પ્રકારે જોતો હોવાને કારણે તે તેમને જુદી રીતે અભિવ્યક્ત કરે છે — પોતે જેમ જોતો હોય અને અનુભવતો હોય તેવી રીતે. ક્રિયા વિશે... જો તેના અસ્તિત્વના સર્વ ભાગો સંવાદમય હોય, તો તેની ક્રિયા ચેતનાની તે સ્થિતિને અભિવ્યક્ત કરશે.

કેટલાક લોકોના અસ્તિત્વના અમુક ભાગમાં ખૂબ નિર્ણયાત્મક અનુભૂતિઓ થઈ હોય છે, પણ તે અનુભૂતિઓ તેના અસ્તિત્વના બીજા ભાગોમાં તરત અનુવાદિત થઈ હોતી નથી. શક્ય છે કે સાધના દ્વારા, એકાગ્રતા દ્વારા, અથવા કૃપા દ્વારા, અમુક માણસને વિશ્વ-વ્યક્તિની ચેતના પ્રાપ્ત થાય, પણ છતાં શારીરિક રીતે તે તદ્દન સામાન્ય પ્રકારે કાર્ય કરવાનું ચાલુ રાખે, કારણ કે તેણે પોતાના સમગ્ર અસ્તિત્વને હજી એકત્રિત કર્યું નથી; તેના અસ્તિત્વનો એક ભાગ વૈશ્વિક રીતે સચેતન છે, પણ જ્યારે તે ખાવાની, ઊંઘવાની, ચાલવાની, કર્મ કરવાની શરૂઆત કરે છે, ત્યારે બીજાં માનવ-પ્રાણીઓ પેઠે જ તે ક્રિયાઓ કરતો હોય છે. એમ બને, એટલે ફરી આ એક તદ્દન અંગત પ્રશ્ન બની રહે છે, તેનો આધાર માણસ વિકાસની કયી અવસ્થામાં છે તેના પર રહે છે.

પણ જો તે માણસે પોતાના અસ્તિત્વને એકત્રિત કરવાની, કેન્દ્રીય સત્ય સાથે બધા ભાગોનું તાદાત્મ્ય સિદ્ધ કરવાની દરકાર કરી હશે, તો તે સંપૂર્ણ નિરહંકાર-પૂર્વક, બીજાઓની સમજ પૂર્વક — જે સમજ તેના બીજાઓ સાથે કરેલા તાદાત્મ્યમાંથી આવી હોય છે — કાર્ય કરશે, એક ઋષિની પેઠે કાર્ય કરશે. પણ તેનો આધાર તેણે પોતાના સમગ્ર અસ્તિત્વને કેન્દ્રીય ચેતના સાથે એકત્રિત કરવામાં લીધેલી કાળજી પર છે.

દા. ત. તદ્દન ભૌતિક આહાર — નિદ્રા જેવી વસ્તુઓ લો. શક્ય છે કે જો

તેણે પોતાના શરીરમાં નવીન ચેતનાનો પ્રવેશ કરાવવાની દરકાર નહિ લીધી હોય, તો આહાર — નિદ્રા વગેરે માટે તેની જરૂરિયાત પહેલાંના જેવી જ રહેશે, તે તેમના પર કાબૂ નહિ રાખી શકે. તેથી ઊલટું, જો તેણે પોતાના અસ્તિત્વને એકત્રિત કરવાની અને પોતાની ચેતનાને શરીરનાં તત્વોમાં પ્રવેશ કરાવવાની કાળજી લીધી હશે, તો તેની નિદ્રા સચેતન અને વૈશ્વિક પ્રકારની હશે; અહીં અથવા ગમે ત્યાં એક વ્યક્તિમાં કે બીજી વ્યક્તિમાં, જગતના ગમે તે ખૂણામાં જે કાંઈ બની રહ્યું હશે તેને તે મરજી મુજબ જાણી શકશે. તેની ચેતના વૈશ્વિક છે, એટલે સ્વાભાવિક રીતે જ તે જે વસ્તુઓને જાણવા માગતો હશે તેમના સંપર્કમાં તે પોતાની જાતને મૂકી શકશે. અચેતન, નિરુપયોગી, કેવળ ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં જ ઉપયોગી નિદ્રાને બદલે, તેની નિદ્રા ઉત્પાદક અને તદ્દન સચેતન હશે.

આહારની બાબતમાં પણ તેવું જ હશે. પોતાની જરૂરિયાતોનો ગુલામ બનવાને બદલે, જરૂરિયાતોથી અજ્ઞાન રહેવાને બદલે, તે શરીરની જરૂરિયાતોથી એકદમ, પરિપૂર્ણ રીતે સચેતન હશે, તે તેમનું નિયમન કરવાના ઉપાયોથી પણ સચેતન હશે. તે પોતાની જરૂરિયાત પર કાબૂ રાખશે, તેમનું નિયમન કરશે, પોતાને કરવાના કાર્યની જરૂરિયાત મુજબ તેમનું રૂપાંતર કરશે.

પણ આમાં મહાન આત્મ-પ્રભુત્વની અને સાક્ષાત્કારની જરૂર છે, જેને વિષે શ્રી અરવિંદ છેલ્લા ફકરામાં વાત કરે છે. નીચે રહેવાને બદલે, પ્રકૃતિના નિયમોને તાબે રહેવાને બદલે, તે નિયમોને વશવર્તી બનવાની તેના પર ફરજ પડે તેને બદલે — જે નિયમોનું પાલન ન કરવાથી માણસ સમતુલા ગુમાવી બેસે છે — , તે સ્વામી બની જાય છે, ઊર્ધ્વમાંથી તેમના પર દૃષ્ટિ નાખે છે, તે વસ્તુઓના સત્યને જાણે છે, તે સત્યને શરીર પર લાદે છે, અને તે શરીર કોઈ પણ મુશ્કેલી વગર તે સત્યને સ્વીકારે છે.

એ જ વિષય પર બીજો કોઈ પ્રશ્ન છે?

માતાજી, "વ્યવસ્થિત આંતર-દર્શના'નો શો અર્થ છે? ("તર્ક- બુદ્ધિનું વ્યવસ્થિત આંતર-દર્શનામાં રૂપાંતર કરો.")

વ્યવસ્થિત આંતર-દર્શના... શરૂઆતમાં, જ્યારે માણસ દર્શનાના પ્રદેશ સાથે સંપર્કમાં આવે છે, ત્યારે તે સંપર્ક અસ્થિર હોય છે. અવાર-નવાર, ઓછા-વત્તાં સમજાવી શકાય તેવાં સચેતન કારણોને લીધે, માણસને ઓચિંતી દર્શના આવતી

હોય છે અથવા દર્શનાનો આત્મા તેનો કબજો લેતો હોય છે. પણ તે પદ્ધતિ-પૂર્વક નથી હોતું, ઇચ્છા-પૂર્વક નથી બનતું હોતું, કેન્દ્રસ્થ સંકલ્પને આજ્ઞાધીન નથી હોતું, સંગઠિત નથી હોતું. પણ શ્રી અરવિંદ કહે છે કે જો સમગ્ર તર્ક-બુદ્ધિનું આંતર-દર્શનાના સ્વારસ્યમાં રૂપાંતર કરવામાં આવે, તો આંતર મનની સર્વ આંતર ગતિ આંતર-દર્શનાની ગતિ બની જાય છે, તર્કબુદ્ધિની પેઠે જ તે સંગઠિત બને છે, અર્થાત્ તે સ્વેચ્છા-પૂર્વક સક્રિય બને છે. સર્વ જરૂરિયાતોને પ્રત્યુત્તર આપે છે, અને પદ્ધતિ-સર અસ્તિત્વમાં દાખલ થાય છે. શા માટે અને કેવી રીતે તે આવે છે અને ચાલી જાય છે, તેવું પછી નથી રહેતું. તે તર્કબુદ્ધિના રૂપાંતરનું પરિણામ છે — જે તર્કબુદ્ધિ માનવી મનનો એક ઉચ્ચતર ભાગ છે, તેનું રૂપાંતર માનસિક પ્રકાશ કરતાં ઉચ્ચતર, એવા આંતર-દર્શનાના પ્રકાશમાં થઈ જાય છે. એટલે તે વ્યવસ્થિત, સંગઠિત બને છે; અસમન્વિત અને આવજા કરે તેવી નથી રહેતી.

*

વાર્તાલાપ —૫૦

૧૨ ડિસેમ્બર ૧૯૫૬

આપણે સીધા જ સૌથી મહાન મુશ્કેલીમાં ભૂસ્કો મારીએ છીએ! મને લાગે છે કે આ એક જ ફકરો આજ સાંજને માટે બસ થઈ રહેશેઃ

> **"અત્યારે હું જે કરી શકતો નથી તે હવે પછી હું જે કરીશ તેની નિશાની છે. અશક્યતાની લાગણી એ સર્વ શક્યતાઓનો પ્રારંભ છે. આ કાળગત વિશ્વ વિરોધ-રૂપ, અશક્યતારૂપ હતું; એટલે સનાતન પરમાત્માએ તેને પોતાના અસ્તિત્વમાંથી સર્જ્યું."**
>
> (થોટ્સ એન્ડ ગ્લીમ્પ્સીસ, શતાબ્દી-ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૮)

આ તમને વિરોધાત્મક લાગે છે તેનું કારણ તમે જાણો છો? તેનું કારણ એ છે કે શ્રી અરવિંદે વિચારને દોરવણી આપે તેવાં ચિહ્નો તેમાં મૂક્યાં નથી, એક પછી બીજું પગલું ભરીને, તે આપણને એક વિચારમાંથી બીજા વિચાર પ્રત્યે દોરી ગયા નથી. તે બીજી જ વસ્તુ છે; સરલતામાં તે તદ્દન પ્રાથમિક છે.

હું તમને માત્ર એક પ્રશ્ન પૂછવાની છું, પણ તેના જવાબની હું આશા રાખતી નથી. હું તમને એક બહુ સાદી વાત કહેવાની છું. તમને કોઈક વસ્તુ અશક્ય ક્યારે જણાય છે? જ્યારે તમે તેને કરવાનો પ્રયત્ન કરો છો ત્યારે. જો તમે તેને કરવાનો કદી પ્રયત્ન ન કર્યો હોત, તો તે તમને કદી અશક્ય ન જણાઈ હોત.

તમે કેવી રીતે તે વસ્તુને કરવાનો પ્રયત્ન કર્યો? કારણ કે તે તમારી ચેતનામાં ક્યાંક હતી. જો તે વસ્તુ તમારી ચેતનામાં ન હોત, તો તમે તેને કરવાનો પ્રયત્ન જ ન કર્યો હોત. તે વસ્તુ તમારી ચેતનામાં છે, તે જ સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે તે એવી કોઈક વસ્તુ છે, જેને તમે સિદ્ધ કરી શકવાના. જે તમારી ચેતનામાં નથી, તેને તમે સિદ્ધ કરી શકતા જ નથી. તે વાત તદ્દન સરળતાથી સમજાય એવી છે!

માત્ર તે જ વાત આ રીતે કહેવાને બદલે, શ્રી અરવિંદે એવી રીતે કહી છે કે જે તમારા વિચારને વેગ આપે. વિરોધોનો તે એક ગુણ છે; તે તમને વિચાર

કરવાની ફરજ પાડે છે.

મધુર માતાજી, તો પછી 'અશક્ય'નો શો અર્થ છે?

જગતમાં કશું જ અશક્ય નથી, સિવાય કે તે તમારી ચેતનાથી બહારની વસ્તુ હોય. જેમ જેમ તમારી ચેતનામાં વૃદ્ધિ થતી જાય છે, તમારી ચેતનામાં જે વસ્તુ આજે ન હોય તે અમુક સમય પછી આવે — કારણ કે ચેતના વધારે વિસ્તૃત બનતી જાય છે, તેમ તેમ તમને સમજાતું જાય છે કે શાશ્વતીમાં કશું જ અશક્ય નથી.

એક વાર મેં તમને આ વાત સમજાવી છે કે આ ક્ષણે, અમુક ક્ષણે, અમુક સંજોગોમાં અશક્યતાઓ હોય છે. પણ શાશ્વતીના દૃષ્ટિબિંદુથી — સનાતન કાળના દૃષ્ટિબિંદુથી જોતાં, કશું જ અશક્ય નથી. તેની સાબિતી એ છે કે દરેક વસ્તુ બનશે. અત્યારે સમજી શકાય કે ન સમજી શકાય તેવી બધી વસ્તુઓ શક્ય છે, એટલું જ નહિ, પણ તે સિદ્ધ પણ થશે. કારણ કે સનાતન, અનંત, પરમ, કેવલ પરમાત્મામાં — આપણે તેમને અનેક નામો આપીએ, પણ હકીકતમાં તે એક જ પરમાત્મા છે, અને તેમનામાં વર્તમાનમાં જે છે તે સર્વ વસ્તુઓ સમાયેલી છે એટલું જ નહિ, પણ સનાતન કાળ માટે, અનંત-રૂપે થનારી બધી વસ્તુઓ પણ સમાવિષ્ટ છે; તેથી કશું જ અશક્ય નથી. માત્ર દુન્યવી, વિષય-ગત પ્રાણી માટે એકી-વખતે સર્વ વસ્તુઓ શક્ય નથી; તેમને શક્ય બનાવવા માટે દેશની અને કાળની કલ્પના કરવી એ જરૂરી છે. પણ આવિર્ભાવની બહાર, સર્વ વસ્તુઓ વખતે, સનાતન કાળ માટે, શક્યતા-રૂપે શક્ય છે. તે સર્વ-રૂપ, મન-બુદ્ધિથી અગોચર, અનાવિર્ભૂત પરમાત્મા, તેમને સમજી શકાય તેટલા માટે, પોતાનો આવિર્ભાવ કરે છે.

શ્રી અરવિંદ આપણને તે જ વાત કહે છે. આ પ્રગટ થતું વિશ્વ, જે દેશકાળની બહાર એક જ જગ્યાએ એકીવખતે વિદ્યમાન નથી, જે દેશ-કાળમાં આવિર્ભાવ પામે છે — ક્રમપૂર્વક પ્રગટ થાય છે, તે વિશ્વ આવિર્ભાવથી પર રહેલા પરમાત્મા માટે સાચે જ એક અસંભવિતતા છે, વિરોધરૂપ છે — મહાન વિરોધરૂપ છે. તમને એમ નથી લાગતું? કાળ વડે સીમિત ચેતના માટે તે પરમાત્મા અગ્રાહ્ય છે, વિચારમાં પકડી ન શકાય તેવા છે; અને કાળ-બદ્ધ ચેતના વડે સમજી ન શકાય તેવા, તે પરમાત્મા માટે આ કાળ-બદ્ધ ચેતના સમજી ન શકાય તેવી છે! દેશ-કાળથી પર હોય એવી કોઈ વસ્તુનો ખ્યાલ

આપણે કરી શકતા નથી, કારણ કે આપણે પોતે જ દેશ-કાળમાં છીએ. જે "કાંઈક" — પરમાત્મા અભિવ્યક્ત ન કરી શકાય તેવા, એકી-વખતે સર્વરૂપ, સનાતન કાળ માટે કાલાતીત છે, તેમને થોડાક સમજી શકવા માટે આપણે પ્રયત્ન કરીએ છીએ. હા, આપણે પ્રયત્ન કરીએ છીએ, અનેક પ્રકારના શબ્દો વાપરીએ છીએ, પણ જ્યાં સુધી આપણે દેશ-કાળથી પર જતા નથી, ત્યાં સુધી આપણે તેમને સમજી શકતા નથી. તે સમસ્યાને ઊલટી રીતે મૂકીએ તો, કાલાતીત પરમાત્મા માટે, દેશ-કાળ વિરોધ-રૂપ છે, ન સમજી શકાય તેવા છે; તે છે જ નહિ, તે વિદ્યમાન જ નથી. શ્રી અરવિંદ કહે છે કે "આ કાળ-ગત વિશ્વ એક વિરોધ-રૂપ, અશક્યતા-રૂપ હતું, એટલે પોતાના અસ્તિત્વમાંથી સનાતન પરમાત્માએ વિશ્વને સર્જ્યું," અર્થાત્ પોતાના અનસ્તિત્વને અસ્તિત્વમાં પરિવર્તિત કર્યું — તેને સમજવા માટે જો તમે એ રમૂજ ભરેલી રીતે તે હકીકતને મૂકો તો! જ્યાં સુધી પરમાત્મા દેશ-કાળ બન્યા ન હતા, ત્યાં સુધી તે તેને જાણી શક્યા ન હતા!

પણ જો આપણે શરૂઆત પ્રત્યે પાછા જઈએ, તો તે ખૂબ વ્યવહારુ, સઘન, અને ખૂબ પ્રોત્સાહક બની રહે છે. કારણ કે આપણે આમ કહીએ છીએ કે કોઈક વસ્તુ અશક્ય છે તેવો વિચાર લાવવા માટે, તમારે તેને માટે પ્રયત્ન કરવો જોઈએ. દા. ત. જો અત્યારે તમને એમ લાગે કે હું જે કહી રહી છું તેને સમજવું અશક્ય છે (હસીને), તો તેનો અર્થ એ થયો કે તમે તેને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છો; જો તમે તેને સમજવા પ્રયત્ન કરો, તો તેનો અર્થ એ થયો કે તે તમારી ચેતનાની પહોંચમાં છે — નહિ તો, તમે તેને સમજવા માટે પ્રયત્ન કરો જ નહિ — , જેવી રીતે હું તમારી ચેતનામાં છું, મારા શબ્દો તમારી ચેતનામાં છે, શ્રી અરવિંદે જે લખ્યું છે તે તમારી ચેતનામાં છે; નહિ તો તમે તેની સાથે સંપર્કમાં જ ન આવી શકો. પણ આ ક્ષણે તે સમજવું અશક્ય છે; તેનું કારણ એ છે કે તમારા મસ્તિષ્કમાં થોડાક વધારે કોશાણુઓની જરૂર છે, બીજું કંઈ જ નહિ; તે વાત તો તદ્દન સરલ છે. જ્યારે ધ્યાન — એકાગ્રતા — અને પ્રયાસ દ્વારા આ કોશાણુઓ વિકસે છે, જ્યારે તમે ધ્યાન-પૂર્વક સાંભળો છો અને સમજવા માટે પ્રયાસ કરો છો, ત્યારે થોડાક કલાકો પછી, થોડાક દિવસો પછી, થોડાક મહિનાઓ પછી, તમારા મસ્તિષ્કમાં નવીન કોશાણુઓ રચાશે અને આ બધું તમને સ્વાભાવિક લાગશે, સમજાઈ જશે. ત્યારે તમે આ વસ્તુને પહેલાં કેમ સમજી શક્યા ન હતા તે બાબતે આશ્ચર્ય થશે, કે આ તો બહુ સરળ છે! પણ જ્યાં સુધી એ કોશાણુઓ રચાયા નથી, ત્યાં સુધી તમારું માથું દુખી જાય એટલા પ્રયાસો તમે ભલે કરો,

પણ તમે તેને સમજી નહિ શકો.

તે બહુ પ્રોત્સાહક છે, કારણ કે પાયાની રીતે એક જ વસ્તુ જરૂરી છે, અને તે સમજવાની ઇચ્છા અને થોડીક ધીરજ. અત્યારે જે તમને નથી સમજાતું, તે થોડાક સમય પછી તદ્દન સ્પષ્ટ બની જશે. ખ્યાલ રાખો કે સમજવાનો પ્રયત્ન કરીને દરરોજ, હર-ક્ષણે તમારે માથું દુખાડવાની જરૂર નથી! એક જ વસ્તુ પૂરતી છે; બને તેટલા ધ્યાન-પૂર્વક સાંભળવું, સમજવા માટેની અભીપ્સા, ઇચ્છા, સંકલ્પ હોવાં; પછી બધું સમજાઈ જશે. તે વસ્તુને પ્રવેશવા માટે તમે તમારી ચેતનામાં એક નાનકડું દ્વાર ખોલી નાખો, અને તમારી અભીપ્સા તે ખુલ્લાપણાને લઈ આવશે — એક છિદ્રની પેઠે. પછી તે વસ્તુને અંદર દાખલ થવા દો. પછી તે કાર્ય કરશે. તમારા મસ્તિષ્કમાં પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે જરૂરી તત્ત્વોનું તે વસ્તુ નિર્માણ કરશે. પછી તમારે તે બાબત વિચાર નહિ કરવો પડે. તમે બીજી કોઈક વસ્તુને સમજવાનો પ્રયત્ન કરો, કાર્ય કરો, અધ્યયન કરો, ચિંતન કરો, અનેક વસ્તુઓ વિષે વિચાર કરો; પછી થોડાક મહિનાઓ અથવા એકાદ વર્ષ પછી અથવા થોડાંક વર્ષો પછી, તમે પુસ્તક ઉઘાડીને આ વાક્ય ફરી એક વાર વાંચો અને તમને તે સ્ફટિક પેઠે સ્પષ્ટ સમજાઈ જશે! તેનું કારણ એટલું જ છે કે સમજવા માટે જરૂરી વસ્તુનું નિર્માણ તમારા મસ્તિષ્કમાં થઈ ગયું છે.

એટલે કોઈ દિવસ એમ કહેતા મારી પાસે ન આવશો કે મને આ વિષય નથી આવડતો, હું તત્ત્વજ્ઞાનને કદી સમજી શકવાનો નથી, અથવા મને ગણિત -શાસ્ત્રમાં કોઈ દિવસ ફાવટ આવવાની નથી. તેમ કરવું તે અજ્ઞાન છે, કેવળ અજ્ઞાન છે. જો તમે તમારા મસ્તિષ્કને વિસ્તૃત બનવાનો અને પોતાની જાતને પરિપૂર્ણ બનાવવાનો સમય આપો, તો એવું કાંઈ જ નથી કે જેને તમે ન સમજી શકો. તમે એક માનસિક રચનામાંથી બીજીમાં જઈ શકો છો, એક વિષયમાંથી બીજા વિષયના અધ્યયન સાથે તે સુસંગત હોય છે. અભ્યાસ કરવાનો દરેક વિષય એટલે એક ભાષા. એક ભાષામાંથી બીજી ભાષામાં જવાનું હોય છે; એક પછી બીજી વસ્તુનું નિર્માણ તમારે તમારામાં કરવું જોઈએ, અને તે વસ્તુનો અને બીજી વધારે વસ્તુઓનો પણ સમાવેશ સંવાદિતા-પૂર્વક તેમાં કરવો જોઈએ. જો તમે કાળજી રાખશો અને તેમાં તમારે માટે જરૂરી સમય આપશો, તો તમે સફળતાપૂર્વક તે વસ્તુ કરી શકશો. કારણ કે જ્ઞાનની શાખાઓની દરેક શાખા એક આંતર રચના સાથે સુસંગત હોય છે; તમે જો, જરૂરી કાળજી અને સમય લો, તો તમે તેવી અનેક આંતર રચનાઓ કરી શકો.

જેમને પાર ન કરી શકાય એવી મર્યાદાઓમાં હું માનતી જ નથી.

પણ હું માણસોની માનસિક રચનાઓ બહુ સ્પષ્ટ-પૂર્વક જોઈ શકું છું, અને જરૂરી પ્રયાસ ન કરવા માટેની આળસ પણ જોઈ શકું છું. આ આળસ અને આ મર્યાદાઓ રોગ જેવી વસ્તુઓ છે. પણ જો તમારા જ્ઞાનતંતુઓનું બંધારણ સાચે જ ખામીવાળું ન હોય, તેમાં કોઈક વસ્તુની ન્યૂનતા ન હોય, તો તે મટાડી શકાય તેવા રોગો છે. પણ જો તમારા નિર્માણ સમયે કોઈક વસ્તુ ભૂલાઈ ગઈ હોય, તો તે વધારે કઠિન બની જાય છે. તે વધારે કઠિન બની જાય છે, પણ અશક્ય નથી. કેટલાક લોકો એવા અપૂર્ણ, ખરાબ રીતે બનાવેલી વસ્તુ જેવા હોય છે; તાર્કિક રીતે એમ કહી શકાય કે તેઓ અસ્તિત્વમાંથી નાબૂદ થઈ જાય તો વધારે સારું થાય; પણ છતાં (હસતાં — હસતાં) તેવો રિવાજ નથી, વિચારોનો તે સામાન્ય માનવીય પ્રકાર નથી. પણ જો તમે સામાન્ય, આરોગ્યમય માણસ હો, અને જરૂરી તકલીફ લો અને પદ્ધતિને જાણો, તો વૃદ્ધિ માટેની તમારી શક્તિ અમર્યાદ હોય છે.

એક એવો વિચાર પ્રવર્તે છે કે દરેક માણસની અમુક ટાઈપ હોય છે. દા.ત. પાઈન-વૃક્ષ કદી ઓકનું ઝાડ ન બની શકે, નાળિયેરી કદી ઘઉંનો છોડ ન બની શકે. આ વાત તો સ્પષ્ટ છે. પણ તે જુદી વસ્તુ છે. તેનો અર્થ એ છે કે તમારા અસ્તિત્વનું સત્ય તમારા પડોશીના અસ્તિત્વના સત્ય કરતાં ભિન્ન છે. પણ તમારા અસ્તિત્વના સત્યમાં, તમારી રચના અનુસાર, તમારી પ્રગતિ અમર્યાદ છે. તેની મર્યાદા એ છે કે તમને ખાતરી થઈ ગઈ હોય છે, તમે ખાતરી બાંધી લીધી હોય છે કે મારી પ્રગતિને મર્યાદા છે. તે સાચી પ્રક્રિયા વિષે તમારું અજ્ઞાન સૂચવે છે. નહિ તો...

એવી કોઈ ચીજ નથી કે જે માણસ ન કરી શકે — જો તેને તે કેમ કરતાં આવડતું હોય તો.

(મૌન)

મારી પાસે એક વધારે બાલિશ પ્રશ્ન આવ્યો છે. કોઈકે પૂછ્યું છે કેઃ

"શા માટે અમુક લોકો બુદ્ધિશાળી હોય છે અને બીજા લોકા નહિ? શા માટે કેટલાક લોકો અમુક વસ્તુઓ કરી શકતા હોય છે, જ્યારે બીજાઓ નહિ?"

એ તો એમ પૂછવા જેવું છે કે બધા જ એક સરખા કેમ નથી? તેનો અર્થ તો એવો થાય કે જગતમાં એક જ વસ્તુ રહે, વારંવાર તેની જ પુનરુક્તિ થતી રહે — અનંત કાળ સુધી. એવા જગતમાં કાંઈ મજા ન આવે, તેની રચનાની મહેનત માથે પડે, એક જ વસ્તુ હોય, તો તેથી કંટાળી જવાય!

પણ એક વાર અનેકતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવે કે વિશ્વમાં બે વસ્તુઓ એક-સરખી ન હોઈ શકે, તો પછી તમે એમ કેવી રીતે પૂછી શકો કે શા માટે વસ્તુઓ તદ્દન એક-સરખી નથી? તેનું કારણ એ છે કે બે વસ્તુઓ કદી એક-સમાન નથી હોતી.

તેની પીઠમાં એક બીજી વસ્તુ પણ છે, જેનાથી માણસ સચેતન નથી હોતો, પણ જે ખૂબ સરળ અને બાલિશ છે. તે આ છેઃ અનંત વિવિધતા છે, જગતમાં કેટલાક લોકો એક પ્રકારના હોય છે, અને બીજા લોકો તેમનાથી ઊતરતી કોટિના હોય છે. તો પછી — આ પ્રશ્ન માણસ પોતાને પૂછતો નથી હોતો પણ તેના અસ્તિત્વનાં ઊંડાણોમાં આ અહંતા છૂપાઈને બેઠેલી હોય છે — હું શા માટે શ્રેષ્ઠ કોટિનો માનવી નહિ? આપણે ત્યાં આવીને ઊભા. તે લગભગ ફરિયાદ કર્યા બરાબર છે. તમે જો આ પ્રકારના પ્રશ્નોનો ધ્યાન-પૂર્વક વિચાર કરો કે "કેટલાક માણસો પાસે વધારે કેમ અને બીજાઓ પાસે ઓછું કેમ? કેટલાક માણસો ડાહ્યા શા માટે અને બીજાઓ મૂર્ખ શા માટે? કેટલાક બુદ્ધિશાળી શા માટે અને બીજાઓ બુદ્ધિ-હીન કેમ?" તો તમને જણાશે કે આ પ્રશ્નોની પાછળ એક જ અહંતા-પૂર્ણ ભાવ રહેલો હોય છે કે "મળી શકે એ બધું મને કેમ મળ્યું નથી? માણસ બની શકે તેવો હું કેમ નથી?" સ્વાભાવિક રીતે જ, માણસ આમ બોલતો હોતો નથી, કારણ કે તે હાસ્યાસ્પદ લાગે; પણ પીઠમાં આ ભાવ હાજર હોય છે.

મેં જે હમણાં કહ્યું તેમાં કોઈને કશું ઉમેરવું છે? તમને આ વાતમાં સમજ પડી? મેં જે કહ્યું તે બધામાં? કોઈને કાંઈ કહેવું નથી ને?

(એક શિક્ષક) અમારો દૈનિક કાર્યક્રમ અમને જરાક અશક્ય લાગે છે.

ઠીક, એકાદ-બે સદીઓ સુધી રાહ જુઓ, અને તે શક્ય લાગશે! (હસાહસ)

તમને કહેવામાં આવ્યું કે આજની અશક્યતાઓ એ આવતી કાલની શક્યતાઓ છે — પણ આ આવતી કાલો બહુ લાંબી હોય છે!

(મૌન)

ગઈ વખતે આપણે "સંકલ્પિત વસ્તુઓ" અને સંકલ્પ વચ્ચેના ભેદની ચર્ચા કરી હતી, તે બાબત મારી પાસે એક પ્રશ્ન આવ્યો છે. મેં તમને કહ્યું હતું કે જે ગતિઓ ઉચ્ચતર ચેતનામાંથી ઉદ્‌ભવતી નથી, અને નીચે અસ્તિત્વમાં આવીને કાર્યમાં પોતાની જાતને અભિવ્યક્ત કરતી નથી, પણ બહારના આવેગોમાંથી અથવા અસરોમાંથી જે ગતિઓ આવે છે તેમને શ્રી અરવિંદ 'સંકલ્પિત વસ્તુઓ' કહે છે. જે વ્યક્તિની ચેતનામાં અસ્તિત્વના સત્યમાંથી આવતા હુકમને અથવા આવેગને અભિવ્યક્ત કરે છે — તેના સાચા અસ્તિત્વમાંથી, સાચા આત્મામાંથી — તેને આપણે "સંકલ્પ" કહીએ છીએ. અસ્તિત્વમાં ઉદ્‌ભવતાં જે આવેગો, કાર્યો, ગતિઓ તે પ્રકારનાં નથી હોતાં, તેમને આપણે 'સંકલ્પાયેલી વસ્તુઓ' કહીએ છીએ. મેં તમને કહ્યું હતું કે જાણતાં કે અજાણતાં, બહારથી આવેલી અસરો વડે તમે સંચાલિત થતા હો છો — તમે તેમનાથી સચેતન નથી હોતા — અને તમારામાં સંકલ્પ જાગ્રત કરે છે કે અમુક વસ્તુ બનો અથવા અમુક વસ્તુ ન બનો.

મને પૂછવામાં આવ્યું છે કે :

"બહારથી આવતી આ અસરો કેવા પ્રકારની હોય છે? તેમની કાર્ય કરવાની રીત અમને સમજાવશો?"

સ્વાભાવિક રીતે જ, આ અસરો ખૂબ ભિન્ન-ભિન્ન પ્રકારની હોય છે. માનસ-શાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી અથવા માત્ર યાંત્રિક દૃષ્ટિબિંદુથી તેમનું અધ્યયન થઈ શકે; મોટે ભાગે યાંત્રિક ઘટના માનસ-શાસ્ત્રીય ઘટનાના પરિણામ-રૂપે બનતી હોય છે.

બહુ જ વિરલ લોકોમાં, શ્રેષ્ઠ લોકો બાબત, તેમના જીવનની ખૂબ વિરલ ક્ષણોમાં, અસ્તિત્વનો સંકલ્પ ગહન, આંતર, ઉચ્ચતર સત્યને અભિવ્યક્ત કરતો હોય છે.

(થોડીક વાર મૌન રહ્યા પછી શ્રી માતાજી બોલવાનું ચાલુ કરે છે): વ્યક્તિની ચેતના શરીરથી બહાર દૂર સુધી વિસ્તરે છે. સૂક્ષ્મ શારીરિક, પ્રાણિક અસ્તિત્વ સાથે સરખાવતાં, વધુ ભૌતિક હોય છે; અમુક સ્થિતિઓમાં તે દૃષ્ટિ-ગોચર થતું હોય છે, ઘણી વાર તે સ્થૂલ શરીરની દૃશ્ય મર્યાદાઓથી ઘણે દૂર

સુધી વિસ્તરતું હોય છે. આ સૂક્ષ્મ શારીરિક સક્રિય આકંપનોનું બનેલું હોય છે, તે બીજા લોકોનાં સૂક્ષ્મ શારીરિકનાં આકંપનો સાથે સંમિશ્રિત થતાં હોય છે અથવા તેમના સંપર્કમાં પ્રવેશતાં હોય છે. આ પારસ્પરિક સંપર્ક અસરોને પેદા કરે છે. સ્વાભાવિક રીતે જ, સૌથી વધારે બળવાન આકંપનો બીજા આકંપન પર પ્રભુત્વ જમાવે છે. દા.ત. મેં તમને ઘણી વખત કહ્યું છે તેમ, જો તમને એક વિચાર આવે, તે વિચાર પોતાની જાતને સૂક્ષ્મ આકંપનોના વાઘા પહેરાવે, પછી એક તત્ત્વ બનીને, પોતાની જાતને સિદ્ધ કરવા માટે, પૃથ્વીના વાયુ-મંડળમાં મુસાફરી કરે — ગતિ કરે તો એવાં અનેક આકંપનોના પારસ્પરિક આંતર-કાર્યને પરિણામે તે સરળપણે અને પદ્ધતિસર સિદ્ધ ન થાય.

તમે જેને તમારી જાત કહો છો, વ્યક્તિગત અસ્તિત્વ કહો છો — જે તમારી અત્યારની ચેતનાની મર્યાદાઓમાં પૂરાયેલું છે, તેને બહારથી આવતાં આકંપનો સૂચનો-રૂપે ભેદતાં હોય છે, અર્થાત્ — અમુક થોડાક અપવાદોને બાદ કરીએ તો પ્રથમ તેમનું કાર્ય માનસિક ક્ષેત્રમાં થાય છે, પછી તે પ્રાણિક બને છે, અને પછી શારીરિક બને છે. માટે એ વાતની સ્પષ્ટતા કરવી જોઈએ કે આ વાત વિશુદ્ધ મનની નથી, પણ શારીરિક મનની છે. કારણ કે શારીરિક ચેતનામાં પોતામાં માનસિક ક્રિયા, પ્રાણિક ક્રિયા, અને કેવળ ભૌતિક ક્રિયા ચાલતી રહેતી હોય છે; અને તમારી શારીરિક ચેતનામાં અને શારીરિક ક્રિયામાં જે બનતું હોય છે તે પ્રથમ માનસિક પ્રકારનાં આકંપનોના રૂપમાં અને પછી સૂચનોના રૂપમાં પ્રગટે છે. ઘણી વાર તો તમે સચેતન નથી હોતા ત્યારે આ સૂચનો તમારા અસ્તિત્વમાં પ્રવેશે છે. અંદર જઈને તેઓ અમુક પ્રકારનું પ્રતિકાર્ય પેદા કરે છે. પછી જાણે તે તમારા જ વિચારો — સંકલ્પો — આવેગો હોય તેમ તમારી ચેતનામાં કૂદીને પ્રગટ થાય છે; પણ તેમની ભેદનની પ્રક્રિયાથી તમે અચેતન હો છો તે કારણે એમ બનતું હોય છે.

આ સૂચનો અનેક, વિવિધ પ્રકારનાં, એક-બીજાથી ભિન્ન સ્વભાવનાં હોય છે. પણ તેમને ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય. પ્રથમ — તે સૂચનો સામાન્ય ચેતનાને માટે ભાગ્યે જ દૃષ્ટિ-ગોચર હોય છે. જેમણે ખૂબ અવલોકન કર્યું હોય, ખૂબ ચિંતન કર્યું હોય, પોતાના અસ્તિત્વનું ખૂબ ઊંડું અધ્યયન કર્યું હોય, તેમને જ તે જણાય છે. આમને આપણે સામૂહિક સૂચનો કહી શકીએ.

જ્યારે પ્રાણી પૃથ્વી પર જન્મે છે, ત્યારે તે અનિવાર્ય રીતે અમુક દેશમાં અને અમુક પરિસ્થિતિમાં જન્મતો હોય છે. પોતાનાં માતા-પિતાને કારણે, તે અમુક સામાજિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, ધાર્મિક સંજોગોના ચોકઠામાં જન્મતો હોય

છે; વિચારવાની, સમજવાની, લાગણી અનુભવવાની, ખ્યાલો બાંધવાની અમુક ટેવો લઈને તે જન્મતો હોય છે. આ અનેક પ્રકારની રચનાઓ પહેલાં માનસિક હોય છે, પછી તે પ્રાણિક ટેવો બની જાય છે, અને છેવટે અસ્તિત્વના ભૌતિક પ્રકારો બની જાય છે. વધારે સ્પષ્ટતા-પૂર્વક કહીએ તો, તમે અમુક સમાજમાં, ધર્મમાં, દેશમાં જન્મ્યા હો છો. એ સમાજને પોતાનો આગવો સામૂહિક ખ્યાલ હોય છે; તે રાષ્ટ્રને તેને પોતાનો આગવો સામૂહિક ખ્યાલ હોય છે. એ ધર્મને અમુક નિશ્ચિત, પોતાની આગવી રચના હોય છે. તમે તેમાં જન્મતા હો છો. સ્વાભાવિક રીતે જ, જ્યારે તમે નાની ઉમ્મરના હો છો, ત્યારે તમે તેનાથી તદ્દન અચેતન હો છો, પણ તે તમારા નિર્માણ પર કાર્ય કરે છે. તે નિર્માણ-રચના ખૂબ ધીમી હોય છે; કલાકોમાં — દિવસોમાં — અનુભૂતિઓમાં વિસ્તરતી જતી હોય છે; તે તમારી ચેતનાનું રૂપ ઘડે છે. તમે કોઈ કાચના પડ નીચે હો તેમ, તેની નીચે હો છો. તે રચના એક પ્રકારનું આચ્છાદન છે, તે તમારું રક્ષણ કરે છે; પણ બીજી રીતે તે તમને ખૂબ મર્યાદિત બનાવી દે છે. અચેતનપણે તમે આ બધાને અંદર ચૂસી લેતા હો છો, અને તે તમારી પોતાની રચનાનો અવચેતન પાયો ઘડે છે. જો તમે તેનાથી મુક્ત થવાની દરકાર ન કરો, તો એ અવચેતન પાયો તમારા જીવન-પર્યંત તમારા પર કાર્ય કરવાનો. તેમાંથી મુક્ત બનવા માટે, તમારે પ્રથમ તેનાથી સચેતન બનવું જોઈએ. તેનું પ્રથમ પગલું સૌથી વધારે કઠિન હોય છે, કારણ કે એ રચના ખૂબ સૂક્ષ્મ હતી, તે ત્યારે રચાઈ હતી કે જ્યારે તમે બીજા જગતમાંથી આ જગતમાં ઊંધે માથે — આવી પડ્યા હતા (હસીને), તે બધું તમારી ભાગીદારી સિવાય જ બન્યું હતું. તેથી તમને કદી એ વિચાર જ નથી આવતો કે આને વિષે જાણવાની જરૂર છે, તો પછી તેનાથી મુક્ત થવાનો વિચાર તો તમને આવે જ ક્યાંથી? એ નોંધપાત્ર હકીકત છે કે જ્યારે, એક યા બીજા કારણે, તમે આ સામૂહિક સૂચનની પકડથી સચેતન બનો છો, ત્યારે તમને ખબર પડે છે કે આનાથી મુક્ત બનવા માટે ખૂબ લાંબા સમયના ઉત્કટતા-પૂર્ણ પરિશ્રમની જરૂર છે. પણ સમસ્યાનો ત્યાં અંત આવતો નથી.

તમારી આસપાસ લોકો રહેતા હોય છે. તેમને પોત-પોતાની ભટકતી ઇચ્છાઓ, આવેગો, જે તેમની દ્વારા પ્રગટ થાય છે અને તેનાં અનેક કારણો હોય છે, પણ તે તેમની ચેતનામાં એક વ્યક્તિગત રૂપ ધારણ કરે છે. દા. ત. તેને વ્યવહારુ ભાષામાં કહીએ તો, તમારે પિતા, માતા, ભાઈઓ, બેનો, મિત્રો, સહચારીઓ છે. તે બધાંને પોત-પોતાની લાગણીઓ, સંકલ્પો હોય છે.

તમારા સંબંધીઓ તમારી પાસે કશાકની અપેક્ષા રાખતા હોય છે — જેવી રીતે તમે તેમની પાસેથી અપેક્ષા રાખતા હો છો તેમ. તે કશુંક તેઓ તમારી આગળ વ્યક્ત કરતા નથી, પણ તે ઓછાવત્તા પ્રમાણમાં તેમના અસ્તિત્વમાં સચેતન હોય છે અને તે રચનાઓ ઘડતું હોય છે. તે રચનાઓ, તેમની દરેકની વિચારની શક્તિ અનુસાર, તેમની પ્રાણિકતાના બળ અનુસાર, વત્તી-ઓછી શક્તિશાળી હોય છે. તેમનું તે બળ તમારાં બળ જેવું જ હોય છે. એટલે તેઓ જે માગે છે, જેની કામના કરે છે, તમારી પાસેથી આશા રાખે છે અથવા અપેક્ષા રાખે છે, તે બધું આ રીતે, વ્યક્ત નહિ કરાયેલાં સૂચનોના રૂપમાં તમારામાં પ્રવેશે છે, જેનો પ્રતિરોધ કર્યા સિવાય તમે સ્વીકાર કરો છો, અને જે ઓચિંતા તે જ પ્રકારની કામના, તે જ પ્રકારનો સંકલ્પ, તે જ પ્રકારનો આવેગ તમારામાં જાગ્રત કરે છે. આમ સવારથી રાત સુધી અને રાતથી સવાર સુધી બનતું જ રહે છે, કારણ કે જ્યારે તમે ઊંઘતા હો છો ત્યારે પણ આ વસ્તુઓ અટકતી હોતી નથી, પણ ઘણી વાર વધારે ઉત્કટ બનતી હોય છે, કારણ કે તમારી ચેતના જાગ્રત હોતી નથી અને તેથી નિરીક્ષણ કરીને તમારું રક્ષણ કરતી નથી.

આ સામાન્ય રીતે બનતું જ હોય છે. તે એટલું બધું સર્વ-સાધારણ હોય છે કે તે સ્વાભાવિક લાગે છે. તે એટલું બધું સ્વાભાવિક લાગે છે કે તેનાથી સચેતન બનવા માટે ખાસ પરિસ્થિતિઓની અને અસાધારણ સંજોગોની જરૂર પડે છે. તમારી ઇચ્છાઓની, પ્રત્યુત્તરોની, આવેગોની અસર પણ બીજાઓ પર પડતી હોય છે. આ બધાનું એક એવું સંમિશ્રણ બની જાય છે કે જેમાં બળવાન હોય તે ફાવી જાય છે.

સમસ્યા માત્ર આટલી જ હોત, તો તો તે ગૂંચવાડામાંથી માણસ બહાર આવી શકત. પણ એક જટિલતા ઊભી થાય છે. આ પાર્થિવ જગત પર પડોશી જગત સતત આક્રમણ કરતું હોય છે — પ્રાણિક જગત, પૃથ્વીના ચતુર્વિધ[1] વાયુ- મંડળથી પર રહેલો સૂક્ષ્મ પ્રદેશ; ચૈત્યિક બળોની, ચૈત્યિક ચેતનાની અસર હેઠળ ન આવેલું આ પ્રાણિક જગત, તાત્ત્વિક રીતે, અસદ્-ભાવનું, ગેર-વ્યવસ્થાનું, અ-સમતુલાનું, સર્વ અદિવ્ય વસ્તુઓનું જગત છે. આ પ્રાણિક જગત સતત શારીરિક જગતને ભેદતું હોય છે. તે શારીરિક જગત કરતાં ખૂબ વધારે સૂક્ષ્મ હોય છે. એટલે ખૂબ વિરલ લોકો જ તેને જોઈ શકતા હોય છે. તે જગતમાં અનેક પ્રકારનાં સત્ત્વો, તત્ત્વો, સંકલ્પો, વ્યક્તિતાઓ હોય છે, જેમને અનેક પ્રકારના આશયો હોય છે. જો તે સત્ત્વો નાનકડા પ્રકારનાં હોય, તો,

૧. પૃથ્વીના વાયુમંડળમાં ચાર તત્ત્વો છે — શારીરિક, પ્રાણિક, માનસિક અને ચૈત્યિક.

પોતાને ગમ્મત પડે તે માટે તે દરેક તકને ઝડપી લેતાં હોય છે. જો તે સત્વોમાં વધારે શક્તિ હોય, તો તે નુકસાન કરે છે, ગેર-વ્યવસ્થા ઊભી કરે છે. આ બીજા પ્રકારનાં સત્વોમાં ભેદનની અને સૂચનની ખૂબ શક્તિ હોય છે. જ્યાં જ્યાં જરાક પણ ખુલ્લાપણું હોય, સમાન સંબંધ હોય ત્યાં ત્યાં તે ઘૂસી જાય છે, કારણ કે તેમને માટે તે એક રમત — ક્રીડા હોય છે.

વળી, અમુક માનવીય પ્રાણિક આકંપનોની તેમને ખૂબ તૃષા — ભૂખ હોય છે, જેમનો સ્વાદ લેવાનું તેમને ખૂબ ગમતું હોય છે. એટલે તેઓ માણસમાં નુકસાનકારક ગતિઓ પેદા કરે છે, જેથી માણસ તે શક્તિઓને પ્રગટ કરે અને તે સત્ત્વો તેમનો સ્વાદ લઈને મરજી મુજબ મોજ માણે. ક્રોધની, હિંસાની, કામની, ઇચ્છાની જે ગતિઓને માટે તમે તમારામાંથી અમુક શક્તિઓને બહાર ફેંકતા હો છો, ઓચિંતા પ્રગટ કરતા હો છો, તે જ પ્રાણિક જગતનાં આ સત્ત્વોને ખૂબ ભાવતી હોય છે, તેમને મિષ્ટાન્ન માનીને તેઓ તે શક્તિઓને આરોગતાં હોય છે. તેમની યુક્તિઓ સરળ હોય છે. તેઓ તમારી પાસે એક નાનકડું સૂચન, એક નાનકડો આવેગ, એક નાનકડું આકંપન મોકલી આપે છે, જે તમારામાં ઊંડે-ઊંડે પ્રવેશી જાય છે, અને, ચેપ અથવા સહાનુભૂતિ દ્વારા, તમારામાં એક એવું આકંપન જગાડે છે જેથી તમે તેમને ખૂબ ભાવતી શક્તિને બહાર ફેંકો, અને જેને તે ચૂસી લે.

ત્યાં તે અસરને પકડી પાડવી એ જરાક વધારે સહેલું છે, કારણ કે જો તમે જરાક ધ્યાન આપો, તો તમારામાં ઓચિંતી જાગ્રત થયેલી કોઈક વસ્તુથી તમે સચેતન બની જાઓ છો. દા.ત. જેમને ગુસ્સો કરવાની ટેવ છે, તેઓ જો પોતાના ગુસ્સાને જરા પણ કાબૂમાં રાખવા પ્રયત્ન કરે, તો તેમને જણાશે કે બહારથી અથવા નીચેથી, મારામાં કશુંક ઓચિતું પ્રવેશ કરે છે, જે મારી ચેતનાનો કબજો લઈને મારામાં ક્રોધ ઉત્પન્ન કરે છે. હું એમ કહેવા નથી માગતી કે દરેક વસ્તુનો આ રીતે વિવેક કરી શકાય છે. હું તેવા લોકોની વાત કરું છું, જેમણે પોતાના અસ્તિત્વને સમજવાનો અને તેને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કર્યો છે. આ વિરોધી સૂચનોનો વિવેક કરવો એ એવાં સૂચનોનો વિવેક કરવા કરતાં વધારે સહેલું છે, કે જે સૂચનો સમાન સ્વભાવવાળા સત્ત્વના સંકલ્પને અથવા કામનાને તમે જે પ્રત્યુત્તર આપો તેમાંથી પ્રગટ થાય છે, અથવા તમને સ્પષ્ટ જાણ કર્યા સિવાય કોઈ બીજો માણસ તમારામાં કાર્ય કરે અને તેનાં સૂચનો તમારામાં આવે તે સૂચનો કરતાં, તે આકંપનો ખૂબ સમાન હોય છે, સ્વભાવમાં એક-સરખાં હોય છે, એટલે તે તમારામાંથી નથી પ્રગટ થતાં, પણ બહારથી આવે છે તેનો

ખ્યાલ આવવા માટે તમારે ખૂબ ધ્યાન-યુક્ત બનવાનું રહે છે, ખૂબ વિવેક રાખવાનો રહે છે. જો તમે જરા પણ દિલની સચ્ચાઈવાળા હો અને તમારી જાતનું ધ્યાન-પૂર્વક નિરીક્ષણ કરો, તો તમને જણાશે કે તમારા અસ્તિત્વમાંનો કોઈક ભાગ તે વિરોધી બળોને, તેમની અસરોને, તેમના આવેગને, સૂચનને પ્રત્યુત્તર આપતો હોય છે. તે વસ્તુ કેટલીક વાર ખૂબ સઘન હોય છે. તમારા અસ્તિત્વમાં પ્રવેશ કરીને તે ત્યાં સમાન આકંપનો જગાડે છે.

આ સમસ્યા છે.

તેનો ઉપાય? ઉપાય હમેશાં એક જ છે — સદ્‌ભાવ, દિલની સચ્ચાઈ, અંતર્દૃષ્ટિ, ધીરજ — થાકે નહિ તેવી ધીરજ, અને ખંત, જે તમને ખાતરી આપે છે કે જે વસ્તુ તમે આજે નથી કરી શકતા તે થોડાક સમય પછી કરવામાં તમે સફળ થશો, જે સફળતા મળતાં સુધી તમારી પાસે પ્રયત્ન કરાવ્યા જ કરે છે.

આ આપણને શ્રી અરવિંદના વાક્ય પ્રત્યે પાછા લઈ જાય છે. જો આ કાબૂ વખતે આજે તદ્દન અશક્ય લાગતો હોય, તો તેનો અર્થ એ છે કે થોડા સમય પછી તે શક્ય બનશે, તે વસ્તુ તમે સિદ્ધ કરી શકશો.

*

વાર્તાલાપ —૫૧

૧૯ ડિસેમ્બર ૧૯૫૬

"અશક્યતા એ મહત્તર, અસિદ્ધ શક્યતાઓનો સરવાળો છે. તે વિકસિત સ્થિતિને આચ્છાદિત કરે છે, પૂરી નહિ કરાયેલી યાત્રાને આચ્છાદિત કરે છે.

"જો તારે માનવ-જાતિની પ્રગતિ જોઈતી હોય, તો પૂર્વ-ગૃહીત વિચારોને ધક્કો મારીને બહાર ફેંકી દે. આ રીતે પ્રહાર કરાયેલો વિચાર જાગ્રત થાય છે અને સર્જનાત્મક બને છે. નહિ તો, તે યાંત્રિક પુનરુક્તિમાં આરામ કરે છે અને ભૂલથી તેને પોતાની સાચી ક્રિયા માની લે છે.

"પોતાની ધરી પર ગોળ-ગોળ ફર્યા કરવું એ જ માત્ર એક માનવ-આત્માની ગતિ નથી. તે અખૂટ પ્રકારના સૂર્યની આસપાસ પણ ચક્રાકાર ગતિ કરી શકે છે.

"પ્રથમ તારી જાતથી અંદર સચેતન બન, પછી વિચાર કર અને કાર્ય કર. સર્વ જીવંત વિચાર એ તૈયારી કરી રહેલું જગત છે. સર્વ સાચું કાર્ય એ પ્રગટ થયેલો વિચાર છે. ભૌતિક જગત અસ્તિત્વમાં છે, કારણ કે એક વિચારે દિવ્ય આત્મ-ચેતનામાં ક્રીડા કરવાની શરૂઆત કરી હતી.

"વિચાર અસ્તિત્વ માટે અનિવાર્ય નથી, તે અસ્તિત્વનું કારણ નથી, પણ તે ભાવ માટે (પ્રગટીકરણ માટે) એક સાધન છે. મારામાં હું જે જોઉં છું, તે હું બનું છું. વિચાર જે મને સૂચવે છે, તે હું કરી શકું છું. વિચાર મારામાં જે પ્રગટ કરે છે, તે હું બની શકું છું. માણસમાં આવી અડગ શ્રદ્ધા પોતામાં હોવી જોઈએ, કારણ કે તેનામાં ભગવાન રહેલા છે."

(થોટ્સ એન્ડ ગ્લીમ્પ્સીસ, શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૮).

"વિચાર જાગ્રત થાય છે અને સર્જનાત્મક બને છે" —એનો શો અર્થ છે?

ના, વાક્યની શરૂઆતમાં શ્રી અરવિંદ કહે છે; "આ પ્રમાણે પ્રહાર કરાયેલો વિચાર જાગ્રત બને છે." તેઓ એમ કહે છે કે પ્રગતિ કરવા માટે, માણસે જૂની રચનાઓને ભાંગી નાખવી જોઈએ, પૂર્વ-ગૃહીત સર્વ વિચારોને ભાંગીને હડસેલી દેવા જોઈએ. પૂર્વ-ગૃહીત વિચારો એ ટેવ-ગ્રસ્ત માનસિક રચનાઓ છે, જેમાં માણસ જીવે છે, જે નિશ્ચિત બની ગયા હોય છે, જે અક્કડ દુર્ગો બની ગયા હોય છે અને પ્રગતિ કરી શકતા નથી. કારણ કે તે નિશ્ચિત બની ગયેલા છે. નિશ્ચિત થઈ ગયેલી કોઈ પણ વસ્તુ પ્રગતિ કરી શકતી નથી. એટલે એવી સલાહ આપવામાં આવી છે કે બધા પૂર્વ વિચારોને, માનસિક રચનાઓને ભાંગી નાખો. નવીન, સક્રિય, સર્જનાત્મક વિચારોને જન્મ આપવાનો આ સાચો માર્ગ છે.

જરાક પાછળથી શ્રી અરવિંદ કહે છે કે તમારે પ્રથમ તમારી જાતથી સચેતન થવું જોઈએ, પછી વિચાર કરવો જોઈએ, અને પછી કાર્ય કરવું જોઈએ. સર્વ કાર્ય કરતાં પહેલાં અસ્તિત્વના આંતર સત્યનું દર્શન થવું જોઈએ. પ્રથમ સત્યનું દર્શન, પછી આ સત્યમાં વિચારનું મૂર્તીકરણ, અને પછી કાર્યને સર્જતો વિચાર, આ સામાન્ય પ્રક્રિયા છે.

શ્રી અરવિંદ સર્જનની આ પ્રક્રિયા બતાવે છે. ઉપનિષદોમાં કહ્યું છે કે વિચારે, ક્રીડા કરવાની શરૂઆત કરી, અર્થાત્ તે જાગ્રત થયો, સક્રિય બન્યો. વિચાર સક્રિય બન્યો, એટલે જગતનું સર્જન થયું.

ઉપસંહારમાં શ્રી અરવિંદ કહે છે કે વિચાર અસ્તિત્વ માટે અનિવાર્ય નથી, તે અસ્તિત્વનું કારણ નથી, પણ તે પ્રક્રિયા છે, પ્રગટીકરણ માટે સાધન છે, કારણ કે વિચાર એ નિશ્ચિત રચનાનું તત્ત્વ છે, જેનામાં રૂપોનું સર્જન કરવાની શક્તિ છે. દૃષ્ટાંત-રૂપે શ્રી અરવિંદ કહે છે કે માણસ જે વિચારે છે, તે, વિચારની હકીકતના પરિણામ-રૂપે, તે બની શકે છે. જે વિચારે છે, તે માણસ બની શકે છે — આ હકીકતનું જ્ઞાન અસ્તિત્વના વિકાસ માટે મહત્વની ચાવી છે — માત્ર અસ્તિત્વની શક્યતાઓના દૃષ્ટિબિંદુથી જ નહિ, પણ પોતે જે બન વા માગતો હોય તેની પસંદગીના અને કાબૂના દૃષ્ટિબિંદુથી પણ.

આ આપણને એક વસ્તુ સમજાવે છે કે આપણી અભીપ્સાનો, આપણા અસ્તિત્વના સત્યના સર્જનનો વિનાશ કરે તેવા કોઈ પણ વિચારને આપણે અંદર દાખલ થવા દેવો જોઈએ નહિ. આપણે જે નથી બનવું તેની રચના આપણા અસ્તિત્વમાં વિચાર-રૂપે ન થવા દેવી જોઈએ — એ ખૂબ મહત્ત્વનું છે. કારણ કે આ વસ્તુઓનો વિચાર કરવો એટલે તેમને સિદ્ધ કરવાની લગભગ શરૂઆત કરવી. દરેક દૃષ્ટિબિંદુથી જોતાં, આપણે જે નથી બનવું, આપણે જેને

દૂર કરી દેવાનું છે તેના પર એકાગ્રતા કરવી એ ખરાબ છે, કારણ કે જે વસ્તુ આપણે દૂર કરવા માગતા હોઈએ છીએ તેનો વિચાર તે વસ્તુને અસ્તિત્વમાં રહેવા માટે એક પ્રકારનો અધિકાર આપે છે. આ એક વસ્તુનું ખૂબ મહત્ત્વ સમજાવે છે કે વિનાશકારી સૂચનોને, અસદ્-ભાવના વિચારોને, ધિક્કારને, હિંસાને આપણે આપણામાં પ્રવેશવા ન દેવાં જોઈએ, કારણ કે તેમનો વિચાર કરવાથી તેમને સિદ્ધ થવાની શક્તિ પ્રાપ્ત થતી હોય છે. શ્રી અરવિંદ કહે છે કે વિચાર એ અસ્તિત્વનું કારણ નથી, પણ એક વચગાળાનું સાધન છે, જે જીવનને, સર્જનને રૂપ બક્ષે છે; જો માણસ સર્જનમાંથી ગેર-વ્યવસ્થાને, સર્વ દિવ્ય-વિરોધી વસ્તુઓને અદૃશ્ય કરી દેવા માગતો હોય, તો આ વિચાર-રૂપી કરણ પર કાબૂ એ ખૂબ મહત્ત્વની ચીજ છે.

આ તો માત્ર વિચારો જ છે — એ બહાના હેઠળ, માણસે પોતામાં ખરાબ વિચારોને પ્રવેશવા ન દેવા જોઈએ. તે તો વિનાશનાં હથિયારો છે. જો તેમને વિનાશ ન કરવા દેવો હોય, તો માણસે ખરાબ વિચારોને પોતામાં દાખલ ન થવા દેવા જોઈએ.

(મૌન)

કોઈને પ્રશ્નો પૂછવાના નથી ને? મારી પાસે એક પ્રશ્ન છે. હકીકતમાં, હું બે પ્રશ્નો લઈ આવી છું. (માતાજી એક કાગળ ઉઘાડીને વાંચે છે):

"પરિપૂર્ણ રીતે સાચા દિલના બનવું એ માનવ માટે શક્ય છે?"

તે પ્રશ્ન આગળ ચાલે છે :

"શું માનસિક દિલની સચ્ચાઈ, પ્રાણિક દિલની સચ્ચાઈ, શારીરિક દિલની સચ્ચાઈ હોય છે? તે દિલની સચ્ચાઈઓમાં શો તફાવત છે?"

સ્વાભાવિક રીતે જ, દિલની સચ્ચાઈનું તત્ત્વ બધે જ એક-સરખું છે, પણ તેનું કાર્ય, અસ્તિત્વની સ્થિતિઓ અનુસાર, ભિન્ન-ભિન્ન હોય છે. પહેલા પ્રશ્નનો જવાબ માત્ર આમ આપી શકાય કે ના, જો માણસ જેવો છે તેવો રહે, તો તે દિલની સચ્ચાઈને પ્રાપ્ત ન કરી શકે. પણ પરિપૂર્ણ રીતે તે સાચા દિલનો બની

શકે તે માટે, પોતાની જાતનું જરૂરી રૂપાંતર કરવું એ શક્ય છે.

શરૂઆતમાં જ કહેવું જોઈએ કે દિલની સચ્ચાઈ પ્રગતિશીલ છે. જેમ જેમ માણસ પ્રગતિ કરે છે અને વિકાસ સાધે છે, જેમ જેમ વિશ્વનું પ્રગટીકરણ થતું રહે છે, તેમ તેમ દિલની સચ્ચાઈએ પણ અનંત રીતે પોતાની જાતને પરિપૂર્ણ બનાવ્યા કરવી જોઈએ. તે વિકાસમાં દરેક વિરામ ચોક્કસ ગઈ કાલની દિલની સચ્ચાઈને આવતી કાલની દિલની અ-સચ્ચાઈમાં પરિવર્તિત કરે છે.

પરિપૂર્ણ દિલની સચ્ચાઈ લાવવા માટે એ અનિવાર્ય છે કે પોતામાં કોઈ પસંદગી, કામના, આકર્ષણ, અણગમો, સહાનુભૂતિ અથવા વિરોધી લાગણી, આસક્તિ કે પ્રત્યાકર્ષણ ન હોવાં જોઈએ. માણસને વસ્તુઓનું સમગ્ર, સમન્વિત દર્શન હોવું જોઈએ, જેમાં દરેક વસ્તુ પોતાને યોગ્ય સ્થાને હોય અને જેમાં માણસને બધી વસ્તુઓ પ્રત્યે એક જ પ્રકારનું વલણ હોય — સાચી દર્શનાનું વલણ. માણસ માટે આ કાર્યક્રમને સિદ્ધ કરવો એ ઘણું કઠિન છે. જો તેણે પોતાની જાતનું દિવ્યીકરણ કરવાનો નિર્ણય ન કર્યો હોય, તો પોતામાં રહેલાં એ દ્વંદ્વોથી મુક્ત થવું તેને માટે અશક્ય છે. જ્યાં સુધી તે વસ્તુઓ માણસમાં છે, ત્યાં સુધી તે પૂરેપૂરો સાચા દિલનો ન બની શકે. આપોઆપ જ માનસિક, પ્રાણિક, અને શારીરિક કામગીરી અસત્ય બની જાય છે. હું શારીરિક પર વધુ ભાર મૂકું છું, કારણ કે ઇન્દ્રિયોની કામગીરી પણ વિકૃત બની જાય છે; જ્યાં સુધી માણસમાં પસંદગી છે, ત્યાં સુધી તે વસ્તુઓને, તેમની વાસ્તવિકતામાં, જોઈ શકતો નથી, સાંભળી શકતો નથી, ચાખી શકતો નથી, સ્પર્શી શકતો નથી. જ્યાં સુધી તમને અમુક વસ્તુઓ ખુશ કરતી હોય અને અમુક વસ્તુઓ ના-ખુશ કરતી હોય, જ્યાં સુધી અમુક વસ્તુઓ તમને આકર્ષતી હોય અને બીજી વસ્તુઓ પ્રત્યાકર્ષણ કરતી હોય, ત્યાં સુધી તમે વસ્તુઓને, તેમની વાસ્તવિકતામાં, જોઈ શકતા નથી; તમે તેમને તમારા પ્રતિકાર્ય દ્વારા, તમારી પસંદગી અથવા પ્રત્યાકર્ષણ દ્વારા જોતા હો છો. જેવી રીતે ઇન્દ્રિય-સંસ્કારો, લાગણીઓ, અને વિચારો અવ્યવસ્થિત બની જાય છે, તેમ ઇન્દ્રિયોરૂપી કરણો પણ અવ્યવસ્થિત બની જાય છે. એટલે તમે જે જુઓ છો, અનુભવો છો, વિચારો છો તેમને વિષે ખાતરી હોવા માટે, તમારામાં પરિપૂર્ણ અનાસક્તિ હોવી જોઈએ. આ કામ સહેલું નથી એ વાત સ્પષ્ટ છે. પણ તે સિદ્ધ ન થાય, ત્યાં સુધી તમારું દર્શન તદ્દન સાચું, સાચા દિલનું નહિ બની શકે.

સ્વાભાવિક રીતે જ, આ શ્રેષ્ઠ આદર્શ છે. ઘણી ઘોર દિલની અ-સચ્ચાઈઓ હોય છે, જેમને દરેક જણ સમજે છે. તેમનું વિવરણ જરૂરી નથી. દા. ત. એક

વસ્તુ કહેવી અને વિચારમાં બીજી હોવી, તમે એક વસ્તુ કરો છો એવો ઢોંગ કરવો અને બીજી જ વસ્તુ કરવી, એવી ઇચ્છાને વ્યક્ત કરવી કે જે તમારી સાચી ઇચ્છા નથી. હકીકતથી તદ્દન જુદું જ કહેવું — એવા તદ્દન જણાઈ જાય એવા અસત્ય-કથનની વાત હું કરતી નથી. એવી મુત્સદ્દીગીરી કે જેમાં અમુક પરિણામ પ્રાપ્ત કરવા માટે અમુક વસ્તુઓ કરવામાં આવતી હોય છે, અમુક વસ્તુ કહેવી અને તે એવી અપેક્ષાપૂર્વક કે તેની અમુક અસર નીપજશે, તમારી જાતનો વિરોધ કરે એવું આ પ્રકારનું સંમિશ્રણ — આ એક પ્રકારની દિલની અ-સચ્ચાઈ છે, જેને દરેક જણ સહેલાઈથી ઓળખી શકે છે.

પણ બીજી દિલની અ-સચ્ચાઈઓ એવી સૂક્ષ્મ હોય છે કે જેમને પકડી પાડવી એ વધારે કઠિન છે. દા. ત. જેને માટે તમને સહાનુભૂતિ હશે, તેનું દર્શન તમારે માટે અનુકૂળ હશે. જેના તરફ તમને સહાનુભૂતિ નહિ હોય, અથવા અણગમો હશે, તમારામાં તેનું દર્શન પ્રતિકૂળ પેદા થશે. તેમાં પણ દિલની અ-સચ્ચાઈ દેખાઈ આવે તેવી હશે. પણ છતાં, તમે તમારી જાતને છેતરશો, અને તમારામાં દિલની અ-સચ્ચાઈને તમે નહિ જોઈ શકો. તેવી બાબતમાં, તમે માનસિક દિલની અ-સચ્ચાઈમાં તમારી ભાગીદારી નોંધાવતા હો છો. એ વાત સાચી છે કે અસ્તિત્વની સ્થિતિ અનુસાર અથવા અસ્તિત્વના અમુક ભાગોની સ્થિતિ અનુસાર, દિલની અ-સચ્ચાઈઓના પ્રકાર જરા ભિન્ન-ભિન્ન હોય છે. આ દિલની અ-સચ્ચાઈઓનુ ઉદ્‌ભવ-સ્થાન કામનામાંથી, અંગત સ્વાર્થ શોધવાની ગતિમાંથી પેદા થતું હોય છે — અહંતામાંથી, અહંતામાંથી પ્રગટતી સર્વ મર્યાદાઓના સંયોગીકરણમાંથી, કામનામાંથી પ્રગટ થતી સર્વ વિકૃતિઓમાંથી.

હકીકતમાં, જ્યાં સુધી અહંતા હોય છે, ત્યાં સુધી માણસ સાચા દિલનો થવા પ્રયત્ન કરતો હોય, પણ તે પરિપૂર્ણ રીતે સાચા દિલનો છે એમ ન કહી શકાય. માણસે અહંતાથી પર જવું જોઈએ, ભગવાનના સંકલ્પને સંપૂર્ણ સમર્પણ કરવું જોઈએ; ગણતરી કર્યા સિવાય, કશું જ બાકાત રાખ્યા સિવાય, સંપૂર્ણ આત્મ-સમર્પણ કરવું જોઈએ; પછી જ તે દિલની સચ્ચાઈને પ્રાપ્ત કરી શકે, તે પહેલાં હરગીઝ નહિ.

એનો અર્થ એવો નથી કે માણસે પોતે હોય તેના કરતાં વધારે સાચા દિલના બનવા પ્રયત્ન ન કરવો જોઈએ; તેણે પોતાની જાતને એમ ન કહેવું જોઈએ કે સાચા દિલના બનવા માટે, મારી અહંતા અદૃશ્ય થઈ જાય ત્યાં સુધી હું રાહ જોઈશ; કારણ કે તે જ શબ્દોને ઊલટાવી તેને એમ કહી શકાય કે જો તમે દિલની સચ્ચાઈ-પૂર્વક પ્રયાસ નહિ કરો, તો તમારી અહંતા કદી અદૃશ્ય

થવાની નથી. એટલે દિલની સચ્ચાઈ એ સર્વ સાચા સાક્ષાત્કારનો પાયો છે, સાધન છે, માર્ગ છે — અને લક્ષ્ય પણ છે. તે તમારામાં નહિ હોય, તો તમે અસંખ્ય ભૂલો કરવાના, અને તેને પરિણામે તમને અને બીજાઓને જે નુકસાન થયું હોય તેને દૂર કરવા માટે તમારે સતત પ્રયત્નો કરવા પડવાના.

વધુમાં, સાચા દિલના બનવામાં એક અદ્‌ભુત આનંદ રહેલો છે. દિલની સચ્ચાઈ વડે કરાયેલા દરેક કૃત્યમાં તેનું પારિતોષિક રહેલું હોય છે. વિશુદ્ધિની, ઊર્ધ્વમાં ઉડ્ડયનની, મુક્તિની લાગણી, અસત્યના જરા જેટલા પણ અણુને દૂર કર્યાનો સંતોષ — આ દિલની સચ્ચાઈનું પારિતોષિક છે.

દિલની સચ્ચાઈ એ સલામતી છે, સંરક્ષણ છે, માર્ગ-દર્શક છે, અને આખરે રૂપાંતર કરનારી શક્તિ છે.

*

વાર્તાલાપ —૫૨

૨૬ ડિસેમ્બર ૧૯૫૬

"માનવે અત્યાર સુધીમાં જે કર્યું છે તેનું પુનરાવર્તન કર્યા કરવું એ આપણું કામ નથી; આપણે નવીન સાક્ષાત્કારોને અને અચિંતિત પ્રભુત્વોને પ્રાપ્ત કરવાનાં છે. કાળ, આત્મા, અને જગત આપણને આપણાં ક્ષેત્ર તરીકે આપવામાં આવ્યાં છે; દર્શના, આશા અને સર્જનાત્મક કલ્પના આપણને પ્રોત્સાહન આપી રહ્યાં છે; સંકલ્પ, વિચાર અને પરિશ્રમ આપણાં સર્વ વસ્તુઓને સિદ્ધ કરી આપે એવાં સાધનો છે.

"એવી નવીન વસ્તુ કયી છે, જે આપણે હજી સિદ્ધ કરવાની છે? આપણે પ્રેમ સિદ્ધ કરવાનો છે, કારણ કે અત્યાર સુધી આપણે માત્ર ધિક્કારને અને પોતાની જાતને ખુશ કરવાનું જ સિદ્ધ કર્યું છે. આપણે જ્ઞાન સિદ્ધ કરવાનું છે, કારણ કે અત્યાર સુધી આપણે માત્ર ભૂલને, દર્શનને, અને ખ્યાલ બાંધવાની ક્રિયાને જ સિદ્ધ કર્યા છે. આપણે આનંદને સિદ્ધ કરવાનો છે, કારણ કે આપણે અત્યાર સુધી માત્ર સુખને, પીડાને, અને ઉદાસીનતાને જ સિદ્ધ કર્યા છે. આપણે શક્તિને સિદ્ધ કરવાની છે. કારણ કે અત્યાર સુધી આપણે નિર્બળતાને, પ્રયાસને, અને પરાજિત બનેલા વિજયને જ પ્રાપ્ત કર્યા છે. આપણે જીવનને સિદ્ધ કરવાનું છે, કારણ કે અત્યાર સુધી આપણે માત્ર જન્મને, વૃદ્ધિને, અને મૃત્યુને જ પ્રાપ્ત કર્યા છે. આપણે એકતાને સિધ્ધ કરવાની છે, કારણ કે આપણે અત્યાર સુધી માત્ર યુધ્ધને અને એકઠા થવાની ક્રિયાને જ પ્રાપ્ત કર્યા છે.

"એક શબ્દમાં કહીએ તો, આપણે ભગવાનને પ્રાપ્ત કરવાના છે, જેથી આપણે આપણી જાતનું દિવ્ય રૂપમાં પુનનિર્માણ કરી શકીએ."

(થોટ્સ એન્ડ ગ્લીમ્પ્સીસ, શતાબ્દી — ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૩૭૮ -૩૭૯)

શું આપણે માત્ર નિર્બળતાને, પ્રયાસને, અને પરાજિત બનેલા વિજયને જ પ્રાપ્ત કર્યા છે?

અત્યાર સુધી આપણે પ્રાપ્ત કરેલા વિજયોનાં પ્રતિકાર્ય આખરે પરાજયોમાં જ પરિણમ્યાં છે. કોઈ પણ વસ્તુ નિશ્ચિત રૂપમાં, પરિપૂર્ણ રીતે સિદ્ધ થઈ નથી. જ્યારે જ્યારે માણસને વિજય મેળવ્યો હોવાની લાગણી થાય છે, ત્યારે ત્યારે છેવટે તેને માલૂમ પડ્યું હોય છે કે તે વિજય અપૂર્ણ હતો, આંશિક હતો, ચાલ્યો જાય તેવો હતો. જો માણસ કાળજી-પૂર્વક પોતા તરફ જુએ, તો તેને હમેશાં આ હકીકત જણાઈ આવે. એવું નથી કે વસ્તુઓ પહેલાં હતી તેવી જ રહી છે; ના, કાંઈક તો બદલાયું છે, પણ દરેક વસ્તુમાં પરિપૂર્ણ પરિવર્તન નથી થયું.

શરીર પરના શારીરિક વિજયોમાં આ વાત તરત દેખાઈ આવે તેવી છે. ખૂબ ઉત્કટ પરિશ્રમ કર્યા પછી, માણસ એક નબળાઈ પર, મર્યાદા પર, ખરાબ ટેવ પર વિજય પ્રાપ્ત કરે છે; તે એમ માનતો હોય છે કે આ વિજય નિશ્ચિત પ્રકારનો છે; પણ તરત જ અથવા થોડાક સમય પછી તેને ભાન થાય છે કે કાંઈ જ નિશ્ચિત પ્રકારે સિદ્ધ થયું નથી, જે કરવામાં આવ્યું હતું તેને ફરી કરવાની જરૂર ઊભી થઈ છે. કારણ કે માત્ર ચેતનાનું આમૂળ પરિવર્તન, નવીન શક્તિની દરમિયાનગીરી, ચેતનાને ઊલટાવી નાખવાની ક્રિયા જ વિજયને પરિપૂર્ણ બનાવી શકે છે.

પ્રાચીન કેલ્ડિયાની પરંપરામાં, જ્યારે તરુણ દીક્ષિતોને એક ધવલ ઝભ્ભો આપવામાં આવતો — જે એક પ્રતીક હતું, ત્યારે તેમને કહેવામાં આવતું હતું કે એક પછી બીજો એમ, આ ઝભ્ભા પરના ડાઘાને દૂર કરવા પ્રયત્ન ન કરશો; આખા ઝભ્ભાને વિશુદ્ધ કરવાનો છે. તમારા દોષોને, એક પછી બીજો — એમ દૂર કરવા પ્રયત્ન ન કરશો, તમારી નબળાઈઓને એક પછી બીજી એમ દૂર કરવા પ્રયત્ન ન કરશો; તેમ કરવાથી તમે બહુ પ્રગતિ નહિ સાધી શકો. સમગ્ર ચેતનાને પરિવર્તિત કરવી જોઈએ, ચેતનાને તદ્દન ઊલટાવી નાખવી જોઈએ, વર્તમાન સ્થિતિમાંથી એવી એક ઉચ્ચતર સ્થિતિમાં આરોહણ કરવું જોઈએ, જ્યાંથી માણસ પોતે દૂર કરવા માગતો હોય, તે બધી નબળાઈઓને ફગાવી દઈ શકે, જ્યાંથી સિદ્ધ કરવાના કાર્યનું તે પરિપૂર્ણ દર્શન પ્રાપ્ત કરી શકે.

હું માનું છું કે શ્રી અરવિંદે આમ કહ્યું છે કે વસ્તુઓ એવી છે કે જ્યાં સુધી બધું જ કરવામાં નથી આવતું, ત્યાં સુધી કશું જ કાર્ય સિદ્ધ થતું હોતું નથી. એક ડગલું આગળ ભરાય એ પૂરતું નથી; પરિપૂર્ણ પરિવર્તન જરૂરી છે.

ઘણી વાર મેં પ્રયત્ન કરનાર લોકોને બોલતા સાંભળ્યા છે કે "હું પ્રયાસ તો કરું છું, પણ મારા પ્રયત્ન કરવાનો શો ફાયદો? જ્યારે જ્યારે મને એમ લાગે છે કે મેં કાંઈક પ્રાપ્ત કર્યું છે, ત્યારે ત્યારે મને લાગતું હોય છે કે તે ફરી

કરવાની જરૂર ઊભી થઈ છે." આમ બનવાનું કારણ એ છે કે સ્થિર ઊભા રહીને તેઓ આગળ ડગલું ભરવાનો પ્રયત્ન કરતા હોય છે; તેઓ પોતાની ચેતનાને પરિવર્તિત કર્યા સિવાય પ્રગતિ સાધવાનો પ્રયત્ન કરતા હોય છે. સમગ્ર દૃષ્ટિબિંદુને પલ્ટી નાખવાની જરૂર છે, પોતાના ચાલુ ચીલામાંથી સમગ્ર ચેતનાને બહાર આવવાની જરૂર છે, જેથી તે ઊર્ધ્વમાંથી વસ્તુઓને જોઈ શકે. આમ કરવાથી જ વિજયો પરાજયોમાં નહિ પલટાઈ જાય.

બીજુ કાંઈ પૂછવું છે?

માતાજી, પોતાની ચેતનામાં પરિવર્તન કેવી રીતે લાવવું?

સ્વાભાવિક રીતે જ, તેમ કરવાના ઘણા માર્ગો છે. પણ દરેક જણે પોતાને સુલભ માર્ગ વડે ચેતનાનું પરિવર્તન કરવું જોઈએ. તે માર્ગનું સૂચન આપોઆપ, કોઈક અચિંતિત અનુભૂતિ દ્વારા, આવતું હોય છે. દરેક જણ માટે તે સૂચન ભિન્ન-ભિન્ન હોય તેમ લાગે છે.

દા.ત. માણસને એવી સામાન્ય ચેતનાનું દર્શન થાય, જે ઉપરની સપાટી પર સમાંતર રીતે વિસ્તૃત થયેલી હોય છે, જે એવી ભૂમિકા પર કાર્ય કરતી હોય છે કે જે વસ્તુઓની સપાટી હોય છે, જ્યાં વસ્તુઓની, વ્યક્તિઓની, સંજોગોની ઉપર-છલ્લી, બાહ્ય બાજુ સાથે સંપર્ક સધાતો હોય છે; અને પછી ઓચિંતુ, એક યા બીજા કારણે — મેં કહ્યું તેમ, દરેક જણ માટે તે ભિન્ન-ભિન્ન હોય છે — , કાંઈક ઊર્ધ્વ ગતિ જેવું અનુભવાય છે; એક જ સ્તર પર, સમાંતર રીતે, જોવાને બદલે તમે ઓચિંતા તે વસ્તુઓ પર પ્રભુત્વ મેળવો છો, તેમને ઊર્ધ્વમાંથી જુઓ છો; તમારી તદ્દન નજીકની અનેક વસ્તુઓને જોવાને બદલે તમે તેમને તેમની સમગ્રતામાં જુઓ છો; જાણે કે કોઈક વસ્તુ તમને ઊર્ધ્વમાં ખેંચી જતી હોય અને પછી તમે પર્વતના શિખર પરથી અથવા વિમાનમાંથી નીચેની વસ્તુઓ જોતા હો, એવો અનુભવ થાય છે. દરેક વીગતને તેના સ્તર પર જોવાને બદલે, તમે ઊર્ધ્વમાંથી સમગ્રને એકતામાં, જુઓ છો.

આ અનુભૂતિ પ્રાપ્ત કરવાના અનેક માર્ગો છે, પણ મોટે ભાગે તે અકસ્માત રૂપે, એક સુંદર દિવસે, તમને પ્રાપ્ત થતી હોય છે.

અથવા માણસને આનાથી તદ્દન વિરુદ્ધની અનુભૂતિ પ્રાપ્ત થાય, જે સાચી રીતે તે જ પરિણામ પ્રાપ્ત કરાવે છે. માણસ ઓચિંતો એક ઊંડાણમાં ઝંપલાવે છે; પોતે જે વસ્તુ જોતો હતો તેનાથી તે દૂર ચાલ્યો જાય છે; તે વસ્તુ તેને

દૂરની, ઉપરછલ્લી, બિન-મહત્ત્વની લાગે છે; પોતે આંતર મૌનમાં, આંતર શાન્તિમાં, વસ્તુઓની આંતર દર્શનામાં પ્રવેશતો હોય એમ તેને લાગે છે — તે અનુભૂતિ બહુ ગહન હોય છે. તેમાં સંજોગોની અને વસ્તુઓની વધારે સઘન દર્શના હોય છે, જેમાં સર્વ મૂલ્યો બદલાઈ જાય છે. તે માણસને એક પ્રકારની એકતાનું ભાન થાય છે, ગહન તાદાત્મ્યનું ભાન થાય છે, જે અનેક વિવિધ આભાસો છતાં, એક હોય છે.

અથવા ઓચિંતું મર્યાદાનું ભાન અદૃશ્ય બની જાય છે, પોતે એક પ્રકારની અનાદિ, અનંત, અનિશ્ચિત, કાળની દર્શનામાં પ્રવેશ કરે છે, જે હમેશાં હતું અને હમેશાં રહેશે એવા કશાકની દર્શનામાં.

આ અનુભૂતિઓ ઓચિંતી, એક ઝબકારામાં, એક ક્ષણ માટે, તમારા જીવનમાં આવતી હોય છે. શા માટે અને કેવી રીતે તે આવે છે તે તમે જાણતા હોતા નથી. બીજા અસંખ્ય માર્ગો અને અનુભૂતિઓ છે. વ્યક્તિ પરત્વે તે ભિન્ન-ભિન્ન હોય છે. પણ આ અનુભૂતિ સાથે, એક ક્ષણમાં, માણસ વસ્તુની પૂંછડીને પકડી લેતો હોય છે. એટલે માણસે તે અનુભૂતિને યાદ રાખવી જોઈએ, તેને ફરી જીવવા પ્રયત્ન કરવો જોઈએ, તેના ઊંડાણમાં જવું જોઈએ, તેને પાછી બોલાવવી જોઈએ, તેને માટે અભીપ્સા સેવવી જોઈએ, એકાગ્રતા કરવી જોઈએ. આ પ્રારંભ-બિંદુ છે, દોરનાર તંતુનો છેડો છે, ક્યાંથી વસ્તુને પકડવી તેનું ચિહ્ન છે. જે લોકોનું નિર્માણ પોતાના આંતર અસ્તિત્વને શોધી કાઢવા માટે, પોતાના આંતર અસ્તિત્વના સત્યને શોધી કાઢવા માટે થયેલું હોય છે, તેમના જીવનમાં એક એવી ક્ષણ આવે છે કે જ્યારે તે પહેલાં હતા તેવા રહેતા હોતા નથી, તેવું તેમને વીજળીના ઝબકારાની પેઠે લાગે છે; પણ તે પૂરતું હોય છે. તે જે માર્ગ તે માણસે લેવાનો હોય છે તેને સૂચવે છે, માર્ગના દ્વારને ખોલી આપે છે. તમારે તે દ્વારમાંથી પસાર થવું જોઈએ, અને ખંતપૂર્વક, અડગ સ્થિરતા-પૂર્વક તે સ્થિતિને ફરી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ, જે તમને વધારે સાચી અને વધારે સમગ્ર વસ્તુ પ્રત્યે દોરી જશે.

તેને માટે ઘણી રીતો આપવામાં આવી છે, પણ તમને જે શીખવવામાં આવી છે, જેને વિશે તમે પુસ્તકોમાં વાંચ્યું છે, જેને વિશે તમે શિક્ષક પાસેથી સાંભળ્યું છે તેનું અસરકારક મૂલ્ય સ્વયંભૂ અનુભૂતિ જેટલું નથી હોતું, જે અનુભૂતિ કોઈ દેખીતા કારણ સિવાય આવી હોય છે, જે કેવળ આત્માની જાગૃતિનું વિકસવું હોય છે, જે તમારા ચૈત્યિક અસ્તિત્વ સાથે એક ક્ષણનો સંપર્ક હોય છે જે તમારે માટેનો શ્રેષ્ઠ માર્ગ તમને બતાડી દે છે, જે માર્ગ તદ્દન

તમારી પહોંચમાં હોય છે, જે માર્ગને પછી તમારે લક્ષ્ય-પ્રાપ્તિ માટે ખંતપૂર્વક અનુસરવાનો રહે છે, તે એક ક્ષણ તમને કેવી રીતે પ્રારંભ કરવો તે બતાવી દે છે. કેટલાકને સ્વપ્નમાં આ વસ્તુ મળે છે, કેટલાકને તે ગમે તે વિચિત્ર સમયે પ્રાપ્ત થાય છે. તે માણસ કાંઈક જુએ છે, જે તેનામાં આ નવીન ચેતના જાગ્રત કરે છે; તે કાંઈક સાંભળે છે, સુંદર પ્રકૃતિ-દૃશ્ય જૂએ છે, મધુર સંગીત સાંભળે છે, અથવા માત્ર કેટલાક શબ્દો પુસ્તકમાં વાંચે છે, કોઈક પ્રયાસમાં એકાગ્રતાની ઉત્કટતા અનુભવે છે — આમાંની ગમે તે વસ્તુ તેનામાં આ નવીન ચેતનાને જાગ્રત કરે છે. તેને પ્રાપ્ત કરવાનાં હજારો કારણો છે, હજારો રીતો છે. પણ હું ફરી વાર કહું છું કે જે લોકોને આ સાક્ષાત્કાર કરવાની ભવિતવ્યતા હોય છે, તેમને જીવનમાં, કમથી કમ એક વાર તો, આવી અનુભૂતિ થતી હોય છે. તે ખૂબ ક્ષણિક હોય, તે બહુ નાના હોય ત્યારે તે અનુભૂતિ આવી હોય, પણ કમથી કમ એક વાર તો જીવનમાં તેવા લોકોને સાચી ચેતના શું છે તેની અનુભૂતિ પ્રાપ્ત થાય છે. અનુસરવાના માર્ગનું તે શ્રેષ્ઠ સૂચન છે.

માણસ પોતામાં ખોજે, યાદ કરે, અવલોકન કરે; માણસે શું ચાલી રહ્યું છે તેને જોવું જોઈએ, તેના પર ધ્યાન આપવું જોઈએ. બસ, પછી બધું પતી જાય છે. કેટલીક વાર, જ્યારે માણસ કોઈ ઉદાર કૃત્યને જુએ છે, કાંઈક અપવાદ-રૂપ સાંભળે છે, કોઈ વીરતાનું, ઉદારતાનું, આત્માની મહત્તાનું કાર્ય જુએ છે, કોઈ ખાસ બુદ્ધિ શક્તિવાળા માણસને મળે છે, અપવાદ-રૂપ સુંદર કાર્ય કરનાર માણસને મળે છે, ત્યારે ઓચિંતો તેના અસ્તિત્વમાં એક પ્રકારનો ઉત્સાહ અથવા પ્રશંસા અથવા આભારની લાગણી જાગ્રત થાય છે, અને એવી સ્થિતિનું દ્વાર ખોલી નાખે છે, ચેતનાની નવી સ્થિતિનું, પ્રકાશનું, ઉષ્માનું, આનંદનું કે જેમને તેણે પહેલાં અનુભવ્યાં ન હતાં. તે પણ દોરવણી આપનાર તંતુને પકડવાની એક રીત છે. રીતો હજારો હોય છે; માણસે માત્ર જાગ્રત રહેવાની અને અવલોકન કરવાની જરૂર હોય છે.

પ્રથમ તો, તમને આ ચેતનાના પરિવર્તનની જરૂર લાગવી જોઈએ, એ વિચારનો તમારે સ્વીકાર કરવો જોઈએ કે આ માર્ગ એને લક્ષ્ય પ્રત્યે લઈ જશે; એક વાર તમે તે સિદ્ધાંતને સ્વીકારો, પછી તમારે સાવધાન રહેવું જોઈએ. અને તમને તે જડશે જ, પ્રાપ્ત થશે જ. તમને એક વાર તે માર્ગ જડે, એટલે પછી આનાકાની વગર તમારે તે માર્ગે આગળ વધવાનું જ રહે છે.

ખરેખર, પોતાનું નિરીક્ષણ કરવું, સતત બેદરકાર ન રહેવું, ઉપેક્ષા ન કરવી, સાવધાન રહેવું એ પ્રારંભ-બિંદુ છે.

હવે કોઈ પ્રશ્ન પૂછવો છે?

(મૌન)

મને આ એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. ઘણા લોકો પોતાની જાતને આ પ્રશ્ન પૂછતા હોય છે! જે લખેલું છે તે પ્રથમ હું તમારી સમક્ષ વાંચીશ, પછી હું તેના પર બોલીશ. આ પ્રશ્ન બહુ ખાતરી-યુક્ત છે!

"પસંદગીઓ ન હોવી — તેને અમે કેવી રીતે સમજી શકીએ? ગેર-વ્યવસ્થાને બદલે વ્યવસ્થાને, કચરાને બદલે સ્વચ્છતાને અમારે પસંદગી ન આપવી જોઈએ? પસંદગીઓ ન હોવી એટલે શું બધાની સાથે એક જ પ્રકારનો વ્યવહાર કરવો?"

મારો જવાબ આ છે : આ તો માત્ર શબ્દોની રમત છે! તમે જેને પસંદગી કહો છો તેને હું બુદ્ધિ-પૂર્વકની પસંદગી કહું છું. તમારે સતત વિવેક-યુકત પસંદ કરવાની સ્થિતિમાં રહેવું જોઈએ. જીવનની દરેક ક્ષણે તમારે પસંદગી કરવી જોઈએ — તમને નીચે ખેંચી લાવતી વસ્તુ અને તમને ઊર્ધ્વમાં લઈ જતી વસ્તુ વચ્ચે, પ્રગતિ કરાવનાર વસ્તુ અને અવનતિ કરાવનાર વસ્તુ વચ્ચે; પણ આને હું પૂર્વ-ગૃહીત પસંદગી નથી કહેતી. આને હું વિવેક-યુક્ત પસંદગી, પસંદ કરવાનું કાર્ય કહું છું. હરક્ષણે માણસને પસંદગી કરવી પડતી હોય છે, એ અનિવાર્ય છે, સ્વચ્છતા અને અસ્વચ્છતા વચ્ચે — નૈતિક કે ભૌતિક સ્વચ્છતા અને અસ્વછતા વચ્ચેની પસંદગી કરતાં આ વિવેક-યુક્ત પસંદગી અનેક-ગણી, અનંત-ગણી વધારે મહત્ત્વની છે. હર-ક્ષણે પસંદગી કરવાનું કાર્ય તમારી સમક્ષ આવતું હોય છે; તમે કાં તો એક પગલું નીચે ભરો છો અથવા એક પગલું ઉપર ચઢો છે. પસંદગીની આ સ્થિતિ સતત, નિત્ય હોવી જોઈએ, તમારે કદી ઊંઘી ન જવું જોઈએ. પણ આને હું પસંદગીઓ નથી કહેતી. પસંદગી એટલે શેનો સ્વીકાર ન કરવો તે શોધી કાઢવું તે. કોઈક વસ્તુ માટે તમને સહાનુભૂતિ અથવા અ-સહાનુભૂતિ હોય છે, આકર્ષણ અથવા પ્રત્યાકર્ષણ હોય છે; અને તમે આંધળી રીતે, કોઈ કારણ સિવાય, આ વસ્તુમાં આસક્ત બની જતા હો છો. અથવા જ્યારે તમારે કોઈ સમસ્યાનો ઉકેલ કરવાનો હોય છે, ત્યારે તમે એક ઉકેલ કરતાં બીજા પ્રકારના ઉકેલને પસંદ કરતા હો છે. પણ આ સાચી પસંદગી બિલ્કુલ

નથી. એમાં સૌથી વધારે સત્ય વસ્તુ ગણતરીમાં આવતી હોતી નથી, તેમાં તો માત્ર પસંદગીની જ વાત આવે છે. મારે મન, પસંદગીનો અર્થ બહુ સ્પષ્ટ છે. પસંદગી અંધ હોય છે, તે આવેગમય હોય છે, આસક્તિ હોય છે, અચેતન ગતિ હોય છે, જે મોટે ભાગે ખૂબ જક્કી હોય છે.

તમે અમુક સંજોગોમાં આવી પડ્યા છો. એક યા તો બીજી વસ્તુ બને. તમારામાં અભીપ્સા છે, તમે દોરવણી માગો છો; પણ તમારામાંની અમુક વસ્તુ અમુક પ્રકારનો જ જવાબ પસંદ કરતી હોય છે, અમુક પ્રકારનું સૂચન માગતી હોય છે, ઘટના અમુક પ્રકારે જ બને એમ ઇચ્છતી હોય છે. પણ આ વિવેકનું કાર્ય નથી. માત્ર પસંદગી જ છે. જ્યારે તમારી અભીપ્સાનો અથવા પ્રાર્થનાનો જવાબ તમારી કામના મુજબ નથી આવતો, ત્યારે આ પસંદગી તમને દુઃખી બનાવી દે છે, તે જવાબ સ્વીકારવો તમારે માટે અઘરો બની જાય છે. પણ જો તમારામાં પસંદગીઓ ન હોત, તો તમારી અભીપ્સાનો ગમે તે જવાબ આવ્યો હોત, પણ તમે તેને ચીટકી રહેત; આનંદ-પૂર્વક, સ્વયંભૂ રીતે, ઉત્સાહ-પૂર્વક ચીટકી રહેત. નહિ તો, તે આવેલા જવાબને સ્વીકારવા તમને પ્રયાસ કરવાની ફરજ પડે છે, તમારી અભીપ્સાના પ્રતિઉત્તર-રૂપે આવેલા નિર્ણયને સ્વીકારવા માટે તમારે ખૂબ પ્રયાસ કરવો પડે છે. વસ્તુઓ આમ બને અને એમ નહિ — એવી તમે ઇચ્છા કરતા હોય છો, કામના કરતા હો છો, પસંદગી કરતા હો છો, પણ તે વિવેક નથી. વિવેક હર-ક્ષણે આવતો હોય છે; દરેક મિનિટે વિવેક તમારી સમક્ષ આવીને ખડો થતો હોય છે. ઉપર ચઢવું કે નીચે પડવું, પ્રગતિ કરવી કે અવનતિ — આ વિવેક-યુક્ત પસંદગીનો પ્રશ્ન તમારી સામે હમેશાં ખડો જ હોય છે. પણ આ વિવેક એવું નથી સૂચવતો કે તમારે વસ્તુઓ આમ હોવી જોઈએ અને તેમ ન હોવી જોઈએ — એવી પસંદગી કરવી. તે હરક્ષણની હકીકત છે, તમે જે અપનાવો છો તે વલણ છે.

વિવેક એટલે નિર્ણય અને કાર્ય. પસંદગી એટલે કામના. વિવેક કરાય છે, કરાવો જોઈએ. જો તે સાચી રીતે વિવેક હોય, તો પરિણામોની દરકાર કર્યા સિવાય વિવેક કરાય છે. તમે તમારા આંતર સત્ય અનુસાર, તમારી ઉચ્ચતમ ચેતના અનુસાર વિવેક કરો છો. જે કાંઈ બને તેનાથી તમે વિક્ષુબ્ધ થતા નથી. તમે તમારો સાચો વિવેક કરી લીધો છે, પરિણામની દરકાર તમારે કરવાની હોતી નથી. તેથી ઊલટું, જો તમારામાં પસંદગીઓ હોય, તો તમે પસંદગી અનુસાર વિવેક કરશો, તે પસંદગી તમારા વિવેકને વિકૃત બનાવી દેશે. તેમાં ગણતરી હશે, સોદાગીરી હશે. તમે એવા વિચારથી કાર્ય કરશો કે અમુક વસ્તુ બનવી

જોઈએ, કારણ કે તમે તેને પસંદ કરો છો, નહિ કે તે સત્ય છે, કરવા યોગ્ય છે. પસંદગી પરિણામમાં આસક્તિ રાખે છે, પરિણામને નજરમાં રાખીને કાર્ય કરે છે, વસ્તુઓ અમુક પ્રકારે બને એવી ઇચ્છા રાખે છે, પોતાની ઇચ્છા બર આવે તે રીતે કાર્ય કરે છે. આને પરિણામે અનેક પ્રકારની વસ્તુઓ માટે દ્વાર ખૂલી જાય છે. વિવેક પરિણામથી સ્વતંત્ર હોય છે. હર-ક્ષણે તમારે વિવેક કરવો પડે છે, વિવેકની જરૂર પ્રતિક્ષણ ઊભી થતી હોય છે. જ્યાં સુધી વિવેકના સત્યમાં તમને રસ નથી, પણ પરિણામમાં રસ છે, ત્યાં સુધી તમે દિલની સચ્ચાઈ-પૂર્વક સાચો વિવેક કરી શકતા હોતા નથી. જો પરિણામને દૃષ્ટિમાં રાખીને તમે પસંદગી કરો, તો તે તમારી પસંદગીને અસત્ય ઠેરવે છે.

તેથી હું કહું છું કે આ શબ્દોની રમત છે, બે ભિન્ન-ભિન્ન વસ્તુઓને સંમિશ્રિત કરી દેવાની વાત છે. એટલે તમે જેમનો ઉકેલ ન આપી શકાય તેવા સવાલો પૂછો છો, કારણ કે તે સંમિશ્રણ હોય છે. પ્રશ્નમાં ગૂંચવાડો હોય છે.

બધાની સાથે એક-સરખો વર્તાવ રાખવાની વાત તો એથી પણ વધારે ખરાબ ગૂંચવાડો છે! જ્યારે માણસ એમ કહે છે કે ભગવાને બધા સાથે એક-સરખો વ્યવહાર રાખવો જોઈએ, ત્યારે જે પ્રકારનો ગૂંચવાડો આ કથનમાં છે, તે જ પ્રકારનો ગૂંચવાડો એ પ્રશ્નની વાતમાં પણ છે. તો તો પછી જગતમાં આવી વિવિધતા સર્જવાની તકલીફ લેવાની શી જરૂર હતી? બે વ્યક્તિઓ પણ એક-સરખી ન હોય એવી વિવિધતા સર્જવાની પછી શી જરૂર હતી? કારણ કે તે વિવિધતાના સિદ્ધાંતનો જ વિરોધ કરે છે.

વિશ્વમાં સર્વને માટે સમજનું, એકતાનું, પ્રેમનું, પરિપૂર્ણ કરુણાનું એક જ ગહન વલણ હોવાની તમારે અભીપ્સા રાખવી જોઈએ. પણ આ વલણ વ્યક્તિના સત્ય અનુસાર અને તેની જરૂરિયાત અનુસાર, દરેક જણને ભિન્ન-ભિન્ન રીતે લાગુ પડશે. હેતુ અથવા કાર્યનું ઉદ્‌ભવસ્થાન એક જ છે, પણ દરેક વ્યક્તિના ગહનતર સત્ય અનુસાર, તે વ્યક્તિ અનુસાર, કાર્ય તદ્દન પરસ્પર-વિરોધી લાગે તેવું અને ભિન્ન-ભિન્ન હોવાનું. તે માટે માણસમાં ઉચ્ચતમ વલણ હોવું જોઈએ, જે ખૂબ ગહન, ખૂબ તાત્ત્વિક રીતે સત્ય, બાહ્ય પરિસ્થિતિઓથી તદ્દન મુક્ત હોવું જોઈએ. ત્યારે જ માણસ હર-ક્ષણે માત્ર તાત્ત્વિક સત્યને જ નહિ, પણ કાર્યના સત્યને પણ જોઈ શકે છે. દરેક વ્યક્તિ-દીઠ તે ભિન્ન-ભિન્ન હોય છે. અને છતાં ચેતનાની સ્થિતિ અથવા લાગણી તાત્ત્વિક રીતે એક જ હોય છે.

પણ જ્યાં સુધી માણસ વસ્તુઓના તાત્ત્વિક ઊંડાણમાં પ્રવેશતો નથી અને ઉચ્ચતમ શિખરો પરથી વસ્તુઓને જોતો નથી, ત્યાં સુધી આ સમજી શકાતું

નથી. પછી પ્રકાશના એક કેન્દ્રમાંથી અથવા પૂરતી ઉચ્ચ અને ગહન ચેતના-માંથી વસ્તુઓને એકી-વખતે તેમના તત્ત્વમાં તેમજ તેમના આવિર્ભાવમાં જોઈ શકાય છે. જોકે ચેતનાનું કેન્દ્ર એક જ હોય છે, પણ કાર્ય, આવિર્ભાવ જેટલું જ, વિવિધ હશે. તે દિવ્ય સત્યના આવિર્ભાવમાં તેનો સાક્ષાત્કાર છે. નહિ તો, જગતની સર્વ વિવિધતાનો અંત આવી જશે, અને તેને તાત્ત્વિક અનાવિર્ભૂત એકતામાં પાછું મૂકવાનું બની જશે, કારણ કે માત્ર અનાવિર્ભાવમાં જ એક પરમ તત્ત્વ એક-રૂપે પ્રગટેલું હોય છે. પણ આવિર્ભાવમાં પ્રવેશતાંની સાથે જ, એક અનેક-રૂપે પ્રગટ થાય છે. અને અનેકતા અનેક પ્રકારનાં કાર્યો અને રીતો સૂચવે છે.

એટલે ઉપસંહાર કરીએ તો : પરિણામોની દરકાર રાખ્યા સિવાય વિવેક કરાવો જોઈએ. અને આવિર્ભાવમાં રહેલી વિવિધતાના સત્ય અનુસાર કાર્ય કરાવું જોઈએ.

બસ.

* * *

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૬

પણ જ્યારે તમારે માર્ગમાં આવતાં વ્યથાનો, દુઃખનો, બળવાનો, પીડાનો અથવા અસહાયતાની લાગણીનો સામનો કરવાનો હોય છે કે જે બધી મુશ્કેલીઓ છે એમ કહી શકાય, ત્યારે શારીરિક રીતે તમારી શારીરિક ચેતનામાં તમારી જાતને વિશાળ કરવાની, વિકસિત થવાની લાગણી અનુભવો. જેમ કપડાની ગડીઓ થતી હોય છે તેમ બધું બંધ થઈ ગયું હોય એવી લાગણી તમે અનુભવો – જાણે કે તે કપડાની ગડીઓ તમને પકડી રહી છે, ગૂંગળાવી રહી છે, તમને પીડા આપી રહી છે, તમારી ગતિને અટકાવી રહી છે, ત્યારે ખૂબ મજબૂત રીતે પેક કરાયેલા પાર્સલની પેઠે, તમે ધીમે-ધીમે બધી ગડીઓ ઉકેલી નાખો છો, અને તમારી જાતને કોઈક કપડાની પેઠે, કાગળની પેઠે, વિસ્તૃત કરો છો, તે રીતે તમારે ચત્તા-પાટ સૂઈ રહેવું જોઈએ, તમારી જાતને બને તેટલી ખૂબ વિશાળ બનાવવી જોઈએ, તમારી જાતને યથાશક્ય વિસ્તૃત કરવી જોઈએ, તમારી જાતને ખુલ્લી બનાવવી જોઈએ, પ્રકાશ તરફ મોં રાખીને પરિપૂર્ણ નિષ્ક્રિયતાના વલણમાં તમારી જાતને લંબાવવી જોઈએ, તમારી મુશ્કેલીનો વિચાર ન આવવા દેવો જોઈએ, તેને તમારી જાતમાં પૂરી દેવી જોઈએ; અને તેથી ઊલટું, તમારે તમારી જાતને યથાશક્ય ખુલ્લી બનાવવી જોઈએ, ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશ સમક્ષ તમારી મુશ્કેલીને તમારે મૂકી આપવી જોઈએ. જો બધાં ક્ષેત્રોમાં તમે આમ કરી શકો, જો તમે માનસિક રીતે તેમ કરવામાં સફળ ન નીવડો, કારણ કે તે કેટલીક વાર કઠિન હોય છે, પણ જો તમે શારીરિક રીતે, લગભગ ભૌતિક રીતે આમ કરી રહ્યા છો એવી કલ્પના કરો, તો આ વિશાળતા અને વિસ્તૃતીકરણની ક્રિયા કર્યા પછી તમને જણાશે કે પોણા ભાગ કરતાં વધારે ભાગની મુશ્કેલી ચાલી ગઈ છે. પછી પ્રકાશ પ્રત્યે તમે જરાક વધારે અભિમુખ બનો, અને મુશ્કેલીનો બાકીનો ચોથો અદૃશ્ય થઈ જશે.

શ્રી માતાજી